ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# પદ્મનંદી પંચવિંશતિ પ્રવચન

## (ભાગ–૨)

(શ્રીમદ્ પદ્મનંદી આચાર્યદેવ વિરચિત શ્રી પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથના ઉપાસક સંસ્કાર (શ્રાવકાચાર), આલોચના, દેશવ્રતોદ્યોતન, ઋષભજિન સ્તોત્ર, દાનોપદેશ અધિકારો પરના અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉપલબ્ધ પ્રવચનો)

પ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત ૨૦૭૫

વીર સંવત ૨૫૪૫

ઈ. સન ૨૦૧૯

**પ્રકાશન**
તા. ૭-૬-૨૦૧૯, જેઠ સુદ પાંચમ, શ્રુતપંચમી, પ્રથમ શ્રુતસ્કંધ ષટ્ખંડાગમની પૂર્ણાહુતિ દિન અને (શ્રી ૧૦૦૮ મહાવીરસ્વામી દિગંબર જિનમંદિર, લોણાવાલાનો પાંચમો વાર્ષિક પ્રતિષ્ઠા દિન)

**પ્રાપ્તિ સ્થાન**
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦.
વી. એલ. મહેતા માર્ગ, વિલે પાર્લા, મુંબઈ-૪૦૦૦૫૬
ફોન : (૦૨૨) ૨૬૧૩૦૮૨૦
www.vitragvani.com

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

શ્રીમદ્ ભગવત્ પદ્મનંદી આચાર્યદેવ એક મહાન સમર્થ યોગીરાજ વન જંગલમાં વિચરનાર અજોડ સંત હતા. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને નિર્વિકલ્પ આનંદમાં ઝુલનારા મહાન આચાર્ય ભગવંતને વિકલ્પાત્મક દશામાં જિનેન્દ્ર દર્શન, સ્તુતિ-સ્તોત્ર રચના, શાસ્ત્ર રચના ઈત્યાદિના ભાવ આવે છે. છઠ્ઠે ગુણસ્થાને વર્તતી વિકલ્પાત્મક દશા અધ્યાત્મના દષ્ટિકોણથી મલિન દશા છે, પરંતુ વિચારણીય વિષય એ છે કે જેમના વિકલ્પાત્મક અંશના નિમિત્તે મહાન પરમાગમોની રચના થાય અને તે પરમાગમના નિમિત્તે અનેક ભવ્ય જીવોનું આત્મ કલ્યાણ સધાયને શાશ્વત સુખની પ્રાપ્તિ થાય, તો તેમની અંતરંગ અખંડ અભેદ સ્વરૂપ સાથે તાદાત્મ્ય થઈને ચાલતી નિર્વિકલ્પ પરિણતિના દર્શનથી તથા તેમની સ્તુતિ વંદનાથી ભવ્ય જીવોનું આત્મ કલ્યાણ ન સધાય એમ કેમ બને? માટે સદાય વંદનીય એવા પ્રત્યેક આચાર્ય ભગવંત પૂજનીય છે.

શ્રી પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથના રચયિતા શ્રીમદ્ પદ્મનંદી આચાર્યદેવ છે. જિન શાસનની પરંપરા આચાર્ય પટ્ટાવલીમાં તેઓશ્રીનું અગ્રિમ સ્થાન રહ્યું છે. આચર્ય ભગવાને આ ગ્રંથમાં ૨૬ અધિકારો લખ્યા છે. પરંતુ નામ પદ્મનંદિ પંચવિંશતિ આપવામાં આવેલ છે. ગ્રંથમાં તેઓશ્રીએ સરળ તથા રોચક શૈલીમાં શ્રાવકોનું કર્તવ્ય આદિ વિષયને સ્પષ્ટ કર્યા છે. મોક્ષમાર્ગની પ્રત્યેક ભૂમિકામાં વર્તતા સાધક જીવોને તદ્ભૂમિકાને યોગ્ય કેવા વ્યવહારિક વિકલ્પ હોય છે તેનો નિર્દેશ શાસ્ત્રમાં જોવા મળે છે. જો તે ભૂમિકાને યોગ્ય વિકલ્પ ન હોય અને નિમ્ન પ્રકારના વિકલ્પ વર્તતા હોય તો ત્યાં તે ભૂમિકામાં નિશ્ચયનો કોઈ વિષય વિદ્યમાન છે એ તપાસ કરવાની રહેતી નથી. કારણ કે જેના વ્યવહારમાં ભૂલ છે તેને કોઈ નિશ્ચયની ભૂમિકા હોય એ હોઈ શકે નહિ.

મહાન આચાર્યોને તથા શ્રાવકોને મર્યાદિત વિકલ્પ કેવા હોય તેના નિરૂપણ ઉપરથી તેનાથી પણ નીચેની કોટિમાં વર્તતા મુમુક્ષુને તો અમુક પ્રકારના વિકલ્પો કે અભિપ્રાય હોય નહિ તે સમજી શકવા યોગ્ય છે. માટે પ્રત્યેક મુમુક્ષુનું કર્તવ્ય છે કે ગ્રંથનો વિષય વ્યવહારિક વિષય છે એમ સમજીને ગૌણ કરવા યોગ્ય નથી. પરંતુ જેટલો પ્રયોજનભૂત વિષય સ્વયંને લાગુ પડતો હોય તેટલો અંગીકાર કરી મોક્ષમાર્ગ પ્રાપ્ત કરવાની દિશામાં અગ્રેસર થવા યોગ્ય છે. બાકીનો ઉચ્ચ કોટિનો મોક્ષમાર્ગનો વિષય ભાવનાનો વિષય રહે છે.

દિગંબર ગ્રંથો વર્તમાન સમાજમાં ઉપલબ્ધ હતા. પરંતુ વર્તમાન હુંડાવસર્પિણી કાળના નામે પ્રસિદ્ધ કાળમાં તેનો ઉકેલ કરનાર કોઈ હતું નહિ. સર્વ જીવો સાંપ્રદાયિક બાહ્ય પ્રવૃત્તિમાં તથા રૂઢિગત ક્રિયાઓ કરીને ધર્મ કરીએ છીએ એવા મિથ્યા ભ્રમમાં રાચતા હતા. મિથ્યાત્વ

એ એક એવો અંધકાર છે કે જીવને અનંત કાળથી સાચી દિશા સૂઝી નથી અને માર્ગે ચડવાનું થયું નથી. પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતના ૬૦ નંબરના વચનામૃત અનુસાર જીવ ક્યાંકને ક્યાંક અટક્યો છે અને ફળસ્વરૂપે પરિભ્રમણ ચાલુ રહ્યું છે. અનેક વાર જિનેન્દ્ર ભગવાન, સાચા સંત મુનિ ભગવંત તથા સત્પુરુષોનો સમાગમ થયો છે પરંતુ આત્મહિત સધાયું નથી એ પણ એક નક્કર હકીકત છે.

ભલે પ્રવર્તમાન કાળ ગમે તેટલો હુંડાવસર્પિણી કાળ ગણાતો હોય અને ઘણા લાંબા કાળ પરાવર્તનમાં લાંબા સમયે આવતો હોય પરંતુ મિથ્યાત્વ અંધકારમાં સાચી દિશામાં પ્રયાણ કરવા માટે પૂજ્ય કહાન ગુરુદેવશ્રી—મહાન સંત મહાવિદેહથી ભરતમાં પધારીને અનેક ભવ્ય જીવોનું કલ્યાણ કર્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો સાતિશય યોગ આવા નિકૃષ્ટ કાળમાં થવો એ એક મહાન સૌભાગ્યની વાત છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા અને દીર્ઘકાલીન પ્રવચનગંગાના સ્તોત્રનું પાન કરવાનો અવસર આ કાળના મુમુક્ષુઓને પ્રાપ્ત થયું એ મહાન સૌભાગ્ય છે. અનંત કાળમાં અનેક કારણોને અવલંબીને જીવ પરિભ્રમણ ટાળી નથી શક્યો, પરંતુ પૂજ્ય ગુરુદેવશ્રીની સાતિશય દિવ્ય દેશના એવી છે કે જીવને ક્યાંય અટકવા ન દે અને પ્રત્યક્ષ વીતરાગ સ્વસંવેદજ્ઞાનની પ્રાપ્તિ કરાવી પૂર્ણ સર્વજ્ઞ વીતરાગદશા પર્યંત પહોંચાડી દે.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાનું રસપાન કરવું એ જીવનની એક આનંદાત્મક ઘડી છે. પૂજ્ય ગુરુદેવશ્રી કલ્યાણસ્વરૂપ અને મંગળસ્વરૂપ છે, તેઓશ્રીની વાણી પણ તેવી જ હોયને! શ્રુતપંચમી તથા શ્રી ૧૦૦૮ મહાવીરસ્વામી દિગંબર જિન મંદિર, લોણાવાલાના પવિત્ર વાર્ષિક પ્રતિષ્ઠા દિને પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથ ઉપરના પ્રવચનો પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ પુસ્તકમાં ઉપાસક સંસ્કાર (શ્રાવકાચાર), આલોચના, દેશવ્રતોદ્યોતન, ઋષભજિન સ્તોત્ર તથા દાનોપદેશ અધિકાર ઉપરના વિભિન્ન પ્રવચનો પ્રકાશિત કરવામાં આવેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીનો જેટલો મહિમા કરીએ તેટલો ઓછો છે. તેઓશ્રીની દિવ્ય દેશનાને ગ્રંથારૂઢ કરી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર અર્પિત કરીએ છીએ.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનું આ પ્રસંગે સ્મરણ કરીએ છીએ. તતપશ્ચાત્ દિવ્ય વીતરાગ વાણીને સી.ડી., ડીવીડી તથા વેબ સાઈટ (**www.vitragvani.com**)ના માધ્યમથી જન જન સુધી પહોંચાડવાના ઉમદા કાર્યનું સૌભાગ્ય શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા મુંબઈને સંપ્રાપ્ત થયું. આ જ પ્રવચનોને ગ્રંથારૂઢ કરવાનું પણ વિશેષ સૌભાગ્ય ટ્રસ્ટને પ્રાપ્ત થયું છે. તેથી આ પ્રસંગે પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથના વિભિન્ન સમયે થયેલા પ્રવચનો ઉપલબ્ધ છે તેમને એકત્રિત કરી પ્રસ્તુત પુસ્તકમાં પ્રકાશિત કરવામાં આવેલ છે. આ પુસ્તકમાં પ્રકાશિત થયેલ ઉપાસક સંસ્કાર (શ્રાવકાચાર), આલોચના, દેશવ્રતોદ્યોતન અધિકાર પરના પ્રવચનો 'એક મુમુક્ષુએ પ્રકાશિત કરેલ

શ્રાવક સાધના' પુસ્તકમાંથી લેવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમનો આભાર વ્યક્ત કરે છે.

બાકીના સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ ભરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય 'પૂજા ઈમ્પ્રેશન્સ', ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય વિભિન્ન મુમુક્ષુઓ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મ કલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલેપાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ ગયો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષિતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી  કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ‘જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.’

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્‌ગાર નીકળે છે : ‘શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.’ એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ ‘મોક્ષમાર્ગ પ્રકાશક’ ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સાચો ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ‘સ્ટાર ઑફ ઈન્ડિયા’ નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ‘હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.’ સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્‌ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી

તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ.) ૧૯૪૧ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતિ પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર થયો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષદેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!


તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

# અનુક્રમણિકા


| પ્રવચન નંબર | તારીખ | ગાથા | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|
| ૨૬[૧] | ૭.૯.૧૯૬૧ | શ્રાવકાચાર ગાથા-૧ થી ૭ | ૦૧ |
| ૨૭[૧] | ૮.૯.૧૯૬૧ | શ્રાવકાચાર ગાથા-૭ થી ૧૭ | ૨૧ |
| ૨૮[૧] | ૯.૯.૧૯૬૧ | શ્રાવકાચાર ગાથા-૧૬ થી ૨૦ | ૪૦ |
| ૨૯[૧] | ૧૦.૯.૧૯૬૧ | શ્રાવકાચાર ગાથા-૨૦ થી ૨૬ | ૫૭ |
| ૩૦[૧] | ૧૧.૯.૧૯૬૧ | શ્રાવકાચાર ગાથા-૨૭ થી ૩૩ | ૭૫ |
| ૧૫ | ૭.૯.૧૯૬૪ | શ્રાવકાચાર ગાથા-૨૯ થી ૩૬ | ૯૩ |
| ૧૬[૧] | ૮.૯.૧૯૬૪ | શ્રાવકાચાર ગાથા-૩૬ થી ૪૪ | ૧૦૯ |
| ૩૨[૧] | ૧૩.૯.૧૯૬૧ | શ્રાવકાચાર ગાથા-૪૩ થી ૬૨ | ૧૨૪ |
| ૩૩ | ૧૪.૯.૧૯૬૧ | (આલોચના) ગાથા-૧ થી ૩૩ | ૧૪૭ |
| ૩૪ | ૩.૯.૧૯૬૨ | (આલોચના) ગાથા-૧ થી ૩૩ | ૧૬૧ |
| ૩૫[૧] | ૨૨.૮.૧૯૬૫ | દેશવ્રત ઉદ્યોતન ગાથા-૧ થી ૩ | ૧૭૮ |
| ૩૬[૧] | ૨૪.૮.૧૯૬૫ | દેશવ્રત ઉદ્યોતન ગાથા-૩, ૪ | ૧૯૪ |
| ૩૭[૧] | ૨૫.૮.૧૯૬૫ | દેશવ્રત ઉદ્યોતન ગાથા-૫ થી ૯ | ૨૧૧ |
| ૩૮[૧] | ૨૬.૮.૧૯૬૫ | દેશવ્રત ઉદ્યોતન ગાથા-૧૦ થી ૧૨ | ૨૩૦ |
| ૩૯[૧] | ૨૭.૮.૧૯૬૫ | દેશવ્રત ઉદ્યોતન ગાથા-૧૩ થી ૧૮ | ૨૩૭ |
| ૪૦[૧] | ૨૮.૮.૧૯૬૫ | દેશવ્રત ઉદ્યોતન ગાથા-૧૮ થી ૨૩ | ૨૫૫ |
| ૪૧[૧] | ૨૯.૮.૧૯૬૫ | દેશવ્રત ઉદ્યોતન ગાથા-૨૩ થી ૨૭ | ૨૭૪ |
| ૪૨[૧] | ૩૦.૮.૧૯૬૫ | (આલોચના) ગાથા-૧ થી ૩૩ | ૨૯૧ |
| ૪૩ | ૧૭.૮.૧૯૬૬ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧, ૨ | ૩૦૯ |
| ૪૪ | ૧૮.૮.૧૯૬૬ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૩ થી ૧૧ | ૩૨૬ |
| ૪૫ | ૧૯.૮.૧૯૬૬ | ઋષભજિન સ્તોત્ર ગાથા-૧૨ થી ૧૯ | ૩૪૩ |
| ૪૭ | --- | શ્રાવકાચાર ગાથા-૧૭ | ૩૬૧ |
| ૪૮ | --- | દાનોપદેશ ગાથા-૧૩ થી ૧૫ | ૩૬૬ |


૧. શ્રાવકસાધના પુસ્તકમાંથી સાભાર પ્રાપ્ત




# શ્રીમદ્ ભગવત્પદ્મનંદી આચાર્યદેવ

ॐ

नमः श्री सिद्धेभ्यः

# પદ્મનંદી પંચવિંશતિ પ્રવચન

(ભાગ–૨)

(શ્રીમદ્ પદ્મનંદી આચાર્યદેવ વિરચિત શ્રી પદ્મનંદી પંચવિંશતિ ગ્રંથના ઉપાસક સંસ્કાર (શ્રાવકાચાર), આલોચના, દેશવ્રતોદ્યોતન, ઋષભજિન સ્તોત્ર, દાનોપદેશ અધિકારો પરના અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉપલબ્ધ પ્રવચનો)

## અધિકાર - ૬ : ઉપાસક સંસ્કાર

## શ્લોક–૧ થી ૭

## પ્રવચન નં. ૨૬

(વિક્રમ સંવત ૨૦૧૭, શ્રાવણ વદ ૧૩, ગુરૂવાર)

તા. ૭-૦૯-૧૯૬૧

આ એક 'પદ્મનંદિ પંચવિંશતિઃ' નામનું શાસ્ત્ર છે. અનેક સૈકા પહેલા આ 'પદ્મનંદિ આચાર્ય' જંગલમાં વનવાસી હતા, એમણે આ અધિકાર બનાવ્યા છવ્વીસ, એનું નામ પચ્ચીસ અપાણું છે. અધિકાર છવ્વીસ છે. એમાં આ છટ્ઠો અધિકાર છે. 'શ્રાવકાચાર' અથવા 'ઉપાસક સંસ્કાર'. શ્રાવકના આચાર કેવા હોય એટલે કે એને ઉપાસકપણે સંસ્કાર અંદર પર્યાયમાં કેવા હોય એનું આ વર્ણન કર્યું છે. પહેલી વાત યાદ કરી તીર્થંકર ભગવાન ઋષભદેવ પ્રભુ અને શ્રેયાંસકુમાર, જે આ ભરતક્ષેત્રને વિશે વ્રત અને દાનના તીર્થમાં પહેલા હતા એમને યાદ કરીને આ અધિકાર શરૂ કરે છે.

# શ્લોક-૧

**आद्यो जिनो नृपःश्रेयान् व्रतदानादिपुरुषौ।**
**एतदन्योऽन्यसंबन्धे धर्मस्थितिरभूदिह।।१।।**

**અર્થ :- આદિ જિનેન્દ્ર શ્રી ઋષભનાથ ઔર શ્રેયાંસ નામક રાજા યે દોનોં મહાત્મા વ્રતતીર્થ તથા દાનતીર્થકે પ્રવર્તાનેમેં આદિ પુરુષ હૈ ઔર ઇસ ભરતક્ષેત્રમેં ઇન દોનોંકે સંબંધસે હી ધર્મકી સ્થિતિ હુઈ હૈ. ૧.**

**'આદિ જિનેન્દ્ર...'** જુઓ! પદ્મનંદિ આચાર્ય પણ મંગલાચરણમાં પંચમ આરાના ભાવસંત મુનિ છે એ પણ શ્રાવકના સંસ્કારનું વર્ણન કરતા શ્રાવકનો ભાવ કેવો હોય એ બતાવતા પહેલા તીર્થંકરની સ્તુતિને યાદ કરે છે. **'આદિ જિનેન્દ્ર શ્રી ઋષભનાથ ઔર શ્રેયાંસ નામક રાજા યે દોનોં મહાત્મા...'** દોનોં મહાત્મા-બન્નેને મહાત્મા કીધા. **'વ્રતતીર્થ તથા દાનતીર્થકે પ્રવર્તાનેમેં આદિ પુરુષ હૈ...'** એ ધર્મમાં જરી દાન જોઈએ. **'ઔર ઇસ ભરતક્ષેત્રમેં ઇન દોનોંકે સંબંધસે હી ધર્મકી સ્થિતિ હુઈ હૈ.'** શું કહે છે ?

ઋષભદેવ ભગવાન આ ચોવીશીમાં પ્રથમ મુનિ થયા. આત્મદર્શન, આત્મજ્ઞાન અને આત્માનુચારિત્ર એની એકતારૂપે, મોક્ષમાર્ગની પ્રથમ દશા ચારિત્રની એમણે પ્રથમ આ ચોવીશીમાં પહેલી ગ્રહણ કરી. એટલે વ્રતના આદરનારમાં આદિ તીર્થંકર પહેલા છે અને એ ભગવાનને બાર મહિને આહાર મળ્યો. છ મહિનાના તો ઉપવાસ કર્યા હતા અને છ મહિના ભિક્ષા માટે ગયા પણ મુનિને કઈ વિધિએ (આહાર) દેવો એ વિધિ લોકને ખબર હતી નહિ, ભગવાને કહેલી હતી નહિ એથી છ મહિના સુધી એને દાન ન મળ્યું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છ મહિના (ન મળ્યો). એ તો છદ્મસ્થ છે, મુનિ તો ધ્યાનમાં રહે છે. ભિક્ષા માટે જતા હતા, ચાર જ્ઞાનના ધણી હતા. ચાર જ્ઞાનમાં કાંઈ ઉપયોગ મુકે કે આ વખતે મને આહાર મળશે કે નહિ મળે? એ માટે કાંઈ ચાર જ્ઞાન પ્રગટ્યા છે ? સમજાય છે કાંઈ ?

ભગવાનને દીક્ષા લેતી વખતે ચાર જ્ઞાન થયા. એ પહેલા ત્રણ જ્ઞાન તો લઈને માતાના ઉદરમાં આવ્યા હતા પણ કાંઈ ઉપયોગ એને માટે છે ? એક આવી પ્રગટ દશા થઈ ગઈ છે એ થઈ છે. પોતાના સંયમના આ ચાર પ્રકારની વિધિમાં જે મુનિને આહાર લેવાની

વૃત્તિ થઈ, જાય છે, મળતો નથી, પાછા ફરે છે. કોઈ એમાં તર્ક કરે કે, એ ચાર જ્ઞાનના ધણીને આમ કેમ ? ભાઈ ! એ સાધક જીવો પોતાના સ્વભાવને સાધવાની રમતમાં પડ્યા હોય છે. એ કોઈ અવધિની, મનઃપર્યયની લબ્ધિ થઈ હોય એને જોવા કાંઈ નવરા નથી. સ્વરૂપના સાધનમાં એ પડ્યા છે.

છ મહિના સુધી આહાર ન મળ્યો એટલે કે બાર મહિના સુધી આહાર (ન મળ્યો). છ મહિનાના ઉપવાસ ને છ મહિનાનો આ જાતનો આહારનો વિરહ પડ્યો, સંયોગ ન મળ્યો. કુદરતે મળવાનો ન હતો, હોં ! એ નહોતું સમજાવ્યું માટે નહિ, એ બધી વાતું વ્યવહારથી કરવામાં આવે. એ ભગવાનને શ્રેયાંસકુમારે આહાર આપ્યો. એને સ્વપ્ન આવ્યું કે, અરે..! ભરતક્ષેત્રમાં કલ્પવૃક્ષ સુકાય છે. એ શ્રેયાંસકુમાર પણ મોક્ષગામી છે, એ ભવમાં મોક્ષગામી છે અને આ ભગવાન પણ મોક્ષગામી છે. બન્ને ચરમશરીરી, જેને છેલ્લા શરીર છે.

આમ સ્વપ્ન આવ્યું. બે ભાઈઓ છે એમાં આ શ્રેયાંસ નાના ભાઈ (છે) એને સ્વપ્ન આવ્યું કે, ઓહો..! કલ્પવૃક્ષ સુકાય છે. કોઈ નિમિત્તજ્ઞાનીને પૂછ્યું, આ શું (થાય છે)? કોઈ આપને ઘરે મહામુનિ પધારવાના છે. આ કલ્પવૃક્ષ સુકાય છે. ભગવાન ઋષભદેવને બાર મહિનાથી આહારનો મેળ થતો નથી, આજ એ પધારે તો ના નહિ. એમ જ્યાં પોતે શ્રેયાંસકુમાર ને મોટાભાઈ બન્ને આવે છે, બહુ જ વિનયથી જાય છે, ભગવાનના દર્શન કરે છે. ભગવાન તો મૌન છે, આહારની વિધિ કઈ રીતે કરવી ખબર નહોતી. આમ ભગવાનને જોયા (ત્યાં) જાતિસ્મરણ થયું. આઠમા ભવે હું એની સ્ત્રી હતી, ભગવાનનો આત્મા મારા પતિ હતા. અમે બન્ને જણાએ આઠમે ભવે મુનિને આ વિધિએ આહાર આપ્યો હતો. એ વિધિ જાતિસ્મરણમાં (આવી). રાજકુમાર, સોનાની મણિરત્નની પૂતળી જોઈ લ્યો ! એવા તો પુણ્યવંત છે. ચરમ શરીર છે, બે ભાઈઓ છે એને પ્રમ તે પણ અજોડ પ્રેમ છે. નાનો ભાઈ આમ બોલાવે તો મોટાને એમ થાય કે, આહા..હા..! ધન્ય.. ધન્ય ! મારે ઘરે, મારે આંગણે કલ્પવૃક્ષ આવ્યા ને સફળ થયા. એમ બન્ને ભાઈને અનુમોદન (આવે છે) પણ આમના સંસ્કાર હતા ને એમને આહાર દેવાની વૃત્તિ થઈ, જાતિસ્મરણ થયું. અહો..! આઠમા ભવે અમે મુનિને આ અમુક વિધિથી આહાર વ્હોરાવ્યો હતો. ભાન થયું.

પધારો પ્રભુ ! આંગણામાં આવ્યા છે, ઘરે શેરડીનો રસ આવ્યો છે, રાજા છે ને ! શેરડી સમજાય છે ? ગન્ના. એનો રસ આવ્યો છે, કુદરતે આવ્યો છે, કાંઈ બનાવ્યા (નથી). અત્યારે આ વર્ષિતપમાં કોપી કરે છે, એક દિ' ખાવું ને એક દિ' ઉપવાસ આ શ્વેતાંબરમાં ચાલે છે અને બાર મહિને પછી એને શેરડીના રસ ૧૦૮ આટલી ટબુડી આપે. ભાઈ ! ભગવાનને ૧૦૮ ઘડા (આપ્યા), એ હશે કે નહિ ? શેરડીનો રસ વ્હોરાવ્યો. ભગવાન હાથમાં રસ (લે છે). બાર મહિને. અ..હો..! દાન, મહાદાન !! દેવોએ જેના દાનની પ્રશંસા કરી. ફૂલની જેમ આમ વર્ષા વરસી. રત્ન પરમાણુ થઈને, પરમાણુના સ્કંધ રત્ન થઈને વરસ્યા.

જેના ઘરના આંગણે રત્ન વરસ્યા અને દેવોએ ધન્ય દાન...! ધન્ય દાન...! અહો દાન...! એમ જેની પ્રશંસા કરી અને બન્ને ભાઈઓ આનંદ... આનંદ... આનંદ... આનંદ... ઓહો..હો..!

આ ચોવીશીમાં અમારે ત્યાં ત્રિલોકનાથ તીર્થંકરનું પહેલું પારણું (થયું), સફળ અમારો અવતાર. સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાની છે. સમજાય છે ? છતાં એવા પ્રમોદભાવ (આવે છે). આમ પરમાત્મા સાક્ષાત્ કેવળજ્ઞાન નથી પામ્યા પણ લેવાના છે, પ્રમોદ કરીને (કહે છે), પ્રભુ ! ધન્ય અવતાર અમારા, અમારે આંગણે કલ્પવૃક્ષ આવીને સફળ કર્યા. અમારા જીવનની આજ સફળ કોઈ ઘડી છે, એમ બન્ને ભાઈઓ આનંદમાં, આનંદમાં (આવી જાય છે). છે વિકલ્પ પણ પ્રમોદ અને વાત્સલ્યભાવ એટલો ઉછળ્યો છે.

આચાર્ય કહે છે કે, હું બન્નેને યાદ કરું છું. ઓ..હો..! જેણે વ્રત તીર્થ શરૂ કર્યું એટલે કે અંતરમાં દર્શન, જ્ઞાન ને ચારિત્રની દશા પ્રાપ્ત કરી અને પાંચ મહાવ્રતનો વ્યવહાર વિકલ્પ પણ જેને ભગવાનને હતો અને શ્રેયાંસકુમારે એને દાન આપ્યા. કહે છે, '**ચતુર્થકાલકી આદિમેં જિસસમય કર્મભૂમિકી પ્રવૃત્તિ થી ઉસસમય સબસે પહિલે વ્રતતીર્થકી પ્રવૃત્તિ શ્રી આદીશ્વર ભગવાનને કી હૈ...**' ભગવાન ત્રિલોકનાથે પહેલા ચારિત્ર અંગીકાર કર્યું. એ કર્મભૂમિની '**પ્રથમહી પ્રથમ ઇન્હોંને હી તપ આદિકો ધારણ કિયા હૈ...**' તપ એટલે મુનિ. '**ઉસી કાલમેં દાનતીર્થકી પ્રવૃત્તિ શ્રી શ્રેયાંસ રાજાને કી હૈ અર્થાત્ સબસે પહિલે શ્રી આદીશ્વર ભગવાનકો શ્રેયાંસ રાજાને હી દાન દિયા હૈ...**' આ ચોવીશીમાં પહેલું ન્યાંથી શરૂ થયું. વ્રત ચારિત્ર ધર્મ અને વ્રત વ્યવહાર અને આ દાનધર્મ. આ વ્યવહાર દાનધર્મની વાત ચાલે છે ને ?

'**ઇસલિયે યે દોનોં મહાત્મા વ્રતતીર્થ તથા દાનતીર્થકે પ્રવર્તાનેમેં આદિ પુરુષ હૈ...**' આ શ્રાવકના સંસ્કારમાં શ્રાવકોનો શું શું આચાર છે એનું વર્ણન કરતા બન્ને મહાત્માઓનું હું સ્મરણ કરું છું. '**ઇન દોનોંકે સંબંધસે હી ઇસ ભરતક્ષેત્રમેં ધર્મકી સ્થિતિ હુઈ હૈ.**' ધર્મની સ્થિતિ, ધર્મના થાંભલા એ વખતે રોપાણા, કહે છે. એક કોર ચારિત્રવ્રત ધર્મ અને એક કોર દાનધર્મ. દાનનો અધિકાર છે એમાં પણ ભાઈ ! આ પહેલું લીધું. આમાં પહેલો દાનનો અધિકાર છે ને ? આપણે વાંચ્યો ને ? ભાઈ ! (સંવત) ૨૦૧૫ની સાલમાં બપોરના, 'મુંબઈ' (વાંચેલો). એમાં પણ દાનને માટે પહેલી જ આ શૈલી કરી છે કે, આ ષભદેવ ભગવાન અને આ શ્રેયાંસકુમાર બન્નેને હું આ દાન અધિકાર શરૂ કરતા યાદ કરું છું. એ પણ મંગલાચરણમાં પહેલું મહાન માંગલિક છે.

# શ્લોક–૨

**'अब आचार्य धर्मके स्वरूपका वर्णन करते हैं.'** જુઓ ! શ્રાવકના સંસ્કાર બતાવવા પહેલા એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હોવું જોઈએ. અંશે એને ચારિત્ર હોવું જોઈએ. સમ્યગ્દર્શન ને જ્ઞાન વિના શ્રાવક આચાર ન હોય. ઉપાસકના સંસ્કાર સમ્યગ્દર્શન, જ્ઞાન વિના ન હોઈ. જો કે પહેલા અધિકારમાં આગળ પણ એમ આવ્યું છે કે એક સમ્યગ્દર્શન હોય તો એ પુરુષ પ્રશંસનીય છે. સમજાય છે કાંઈ ? પણ અહીં તો એ ઉપરાંત શ્રાવકના વ્રત ને આચરણના પંચમ ગુણસ્થાનનું વર્ણન કર્યું છે.

**सम्यग्दग्बोधचारित्रत्रितयं धर्म उच्यते।**
**मुक्तेः पन्था स एव स्यात्प्रमाणपरिनिष्ठितः।।२।।**

**अर्थ :– सम्यग्दर्शन, सम्यग्ज्ञान, सम्यक्चारित्र इन तीनोंके समुदायको धर्म कहते हैं तथा प्रमाणसे निश्चित यह धर्म ही मोक्षका मार्ग है. २.**

**'સમ્યગ્દર્શન,...'** આ જે આપણે ચાલે છે એ. ભગવાન આત્મા નિર્વિકલ્પ વસ્તુ છે એવી અંતરમાં ભાનમાં પ્રતીતિ (થવી) તેને સમ્યગ્દર્શન કહે છે. એ વિના શ્રાવકપણું હોય શકે નહિ. આ નિશ્ચય સમ્યગ્દર્શનની વાત છે. ઘણા એમ કહે કે, ભાઈ ! પેલું (ઘણું) ચાલ્યું છે, ચોથેથી બારમા સુધી વ્યવહાર સમકિત છે અને તેરમે નિશ્ચય છે ને ઘણું ઊંધુ ફરી ગયું છે. સમજાય છે કાંઈ ? આ બધી 'સમયસાર'ની વાત છે એ બધી ઊંચી ઊંચી કેવળીને માટે છે. એવી વાત (કરે છે). મગજ ફરી જાય (એવું કહે છે). કારણ કે, ભેદ છે ને ? મગજનો ભેદ છે. આ સમતુલ જ્યાં મગજ નથી ત્યાં આગળ આ વાત બેસે નહિ. મોક્ષમાર્ગ પણ બે છે, એક નહિ, એમ કહે છે. મારી પહેલી શ્રદ્ધા હતી એ સાચી હતી, આ વચ્ચે ગડબડ થઈ ગઈ. વસ્તુસ્થિતિ ફરી જાય છે ને, એકદમ ફરી ગઈ. એ હતું જ, વેગમાં જ હતું બધું. સમજાય છે કાંઈ ?

આ સમ્યગ્દર્શન જે કહ્યું એ નિશ્ચય સમ્યગ્દર્શન છે. ચોથા ને પાંચમા ગુણસ્થાનવાળા શ્રાવકને પણ સમ્યગ્દર્શન નિશ્ચય હોય છે. નિશ્ચય નામ સ્વ આશ્રય પર્યાયની નિર્વિકલ્પ પ્રતીતિ પ્રગટવી એને નિશ્ચય કહે છે અને એ સમ્યગ્દર્શન હોવા છતાં પૂર્ણતા પામીને સિદ્ધમાં રહે તો એ સમ્યગ્દર્શન રહે છે. સમજાય છે કાંઈ ? વ્યવહાર સમ્યગ્દર્શન કાંઈ ત્યાં રહેતું નથી. એ તો ઘણો અધિકાર લીધો પણ એ કહે, એ નહિ, 'ટોડરમલ' પણ નહિ, બધાને ઉડાવે છે હવે. કહે, 'ટોડરમલ' આમ કહે છે, તો કહે, નહિ. સમજાય છે કાંઈ ?

**'સમ્યગ્દર્શન,...'** આ શ્રાવકની વાત ચાલે છે. ગૃહસ્થાશ્રમમાં બાયડી, છોકરા, કુટુંબમાં રહ્યો છતાં. સમજાય છે કાંઈ ? એને આત્માનું (સમ્યગ્દર્શન હોય છે). અહીં સમુચ્ચય પહેલી વાત (કરી) છે પછી એના બે ભાગ પાડશે. **'સમ્યગ્દર્શન,...'**–સાચું સત્ સ્વરૂપનું ભાન અંતરમાં પ્રતીત થવું. **'સમ્યગ્જ્ઞાન,...'** આત્માનું સમ્યગ્જ્ઞાનનું જ્ઞાનથી શ્રુતનું–ભાવશ્રુતનું વેદન થવું. **'સમ્યક્ચારિત્ર...'** એ પૂર્વક સ્વરૂપમાં અંતર રમણતા, લીનતા, શાંતિ અને આનંદની જમવટ જામવી એને સમ્યક્ચારિત્ર કહે છે. **'ઇન તીનોંકે સમુદાયકો ધર્મ કહતે હૈં...'** **'त्रितयं धर्म उच्यते'** ત્રણેને ધર્મ કહે છે. ત્રણેના સમુદાયને ધર્મ કહે છે. એક એકને પણ સમ્યગ્દર્શન ધર્મ, સમ્યગ્જ્ઞાન ધર્મ, સમ્યક્ચારિત્ર ધર્મ (કહે છે). આ નિશ્ચયની વાત છે.

**'તથા પ્રમાણસે નિશ્ચિત યહ ધર્મહી મોક્ષકા માર્ગ હૈ.'** જુઓ ! **'स्यात्प्रमाणपरिनिष्ठितः'** પ્રમાણથી સિદ્ધ થયેલી વાત છે કે, **'નિશ્ચિત યહ ધર્મ હી...'** મોક્ષનો પંથ છે, બીજો કોઈ મોક્ષનો પંથ છે નહિ. પ્રમાણથી નક્કી થઈ ગયેલું છે. સમ્યગ્જ્ઞાનથી, કેવળજ્ઞાનથી નક્કી થયેલું (છે). ભગવાન આત્મા અનંત ગુણ સમાજ ધામ પ્રભુ, એના અભેદ સ્વરૂપની અંતરમાં. **'भूदत्थमस्सिदो खलु'** એક સ્વભાવી વસ્તુની અંતર્મુખ થઈને પ્રતીતિ, એનું જ્ઞાન અને એમાં રમણતા (થવી) એને ભગવાન મોક્ષનો પંથ કહે છે. કહો, આ મોક્ષનો પંથ છે કે જે વડે મોક્ષ થઈ જાય, પંથ પૂરો થતાં મોક્ષ થઈ જાય છે. હવે આચાર્ય કહે છે :

## શ્લોક–૩

**रत्नत्रयात्मके मार्गे संचरन्ति न ये जनाः।**
**तेषां मोक्षपदं दूरं भवेद्दीर्घतरोभवः।।३।।**

**અર્થ :– જો મનુષ્ય ઇસ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગમેં ગમન નહીં કરતે હૈં ઉનકો કદાપિ મોક્ષકી પ્રાપ્તિ નહીં હોતી ઔર ઉનકેલિયે સંસાર દીર્ઘતર હોજાતા હૈ અર્થાત્ ઉનકા સંસાર કભી ભી નહીં છૂટતા. ૩.**

**'જો મનુષ્ય ઇસ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગમેં ગમન નહીં કરતે હૈં...'** મોક્ષમાર્ગમાં (અર્થાત્) અંતરમાં દર્શન, જ્ઞાન સહિતની ચારિત્રની રમણતા કરતા નથી. **'ઉનકો કદાપિ મોક્ષકી પ્રાપ્તિ નહીં હોતી...'** સમજાય છે ? આ માર્ગ વિના કોઈ દિ' મોક્ષની પ્રાપ્તિ ત્રણકાળ, ત્રણલોકમાં કોઈને હોતી નથી. **'ઔર**

ઉનકે લિયે...' **'भवेद्दीर्घतरोभवः'** **'સંસાર દીર્ઘતર હો જાતા હૈ અર્થાત્ ઉનકા સંસાર કભી ભી નહીં છૂટતા.'** એનો અર્થ એ. **'भवेद्दीर्घतर'**, **'भवेद्दीर्घतरोभवः'**. ભવ નામ સંસાર એનો લાંબો છે. મોક્ષ નથી એટલે એને દીર્ઘતર સંસાર ઘણો લાંબો વિકટ છે. જે આ પંથમાં દર્શન, જ્ઞાન ને ચારિત્રમાં આવતા નથી એને સંસારનું રઝળવું, રખડવું અનંત કાળ એને પડેલો છે. કહો, સમજાય છે ? એ સામાન્ય વ્યાખ્યા કરી. આ તો સ્વરૂપ છે, એમ. હવે અહીં શ્રાવકનો અધિકાર લેવો છે એટલે બે ભાગ પાડે છે.

## શ્લોક–૪

**सम्पूर्णदेशभेदाभ्यां स च धर्मो द्विधा भवेत्।**
**आद्ये भेदे च निर्ग्रन्था द्वितीये गृहिणः स्थिताः।।४।।**

**અર્થ :– ઔર વહ રત્નત્રયાત્મકધર્મ સર્વદેશ તથા એકદેશકે ભેદસે દો પ્રકારકા હૈ ઉસમેં સર્વદેશ ધર્મકા તો નિર્ગ્રન્થ મુનિ પાલન કરતે હૈં ઔર એકદેશધર્મકા ગૃહસ્થ (શ્રાવક) પાલન કરતે હૈં. ૪.**

વસ્તુ તો બધી હોય છે. અહીં કાંઈ નિષેધ નથી કરતા કે, શ્રાવકપણું ન હોય ને મુનિપણું ન હોય, પણ હોય કોને એની ખબર વિના કહે પાધરું માની લે (અને કહે કે) ન્યાં તો પડિમાનો નિષેધ કરે છે ને વ્રતનો નિષેધ કરે છે. પણ કઈ રીતે ? સાંભળને! એ તો પડિમાને માનતા નથી, વ્રતોને માનતા નથી. ભાઈ ! બાપા ! વ્રત ને ચારિત્ર એ તો મહા અલૌકિક ધન છે. એ તો શાંતિનો મહા અખુટ ખજાનો (છે) પણ એ હોય કોને ? એની પહેલી મુખ્યપણે અહીં તો વાત ચાલે છે. પછી સમ્યગ્દર્શન ને જ્ઞાન પછી આ વસ્તુ, મુનિને ચારિત્ર દશા હોય, શ્રાવકને પંચમ ગુણસ્થાનને યોગ્ય શાંતિની સ્થિરતાનો અંશ જામ્યો હોય, એને બાર વ્રત આદિ શ્રાવકના સંસ્કાર પરિણામ હોય છે, નથી હોતા એમ નથી. બરાબર હોય છે પણ એ શ્રાવકની દશા આ પ્રગટે એને હોય ને ? કે, એની મેળાએ ? હજી દર્શનની શુદ્ધિની ખબર ન મળે. આત્મા શું ચીજ છે ? ક્યાં ઠરવું છે ? ક્યાં રહેવું છે ? અને ક્યા ધામમાં જવાથી મારી શાંતિ પ્રગટ થાય ? એ વસ્તુની જેને ખબર નથી અને એમ ને એમ વ્રત ને તપ ને ઉપરથી માની લે એ તો અનંત કાળથી માને છે (એમાં તો) પાપાનુબંધી પુણ્યબંધન થાય પણ મિથ્યાત્વની તીવ્ર ગાંઠ ગળ્યા વિના એને વ્રત ને નિયમ સાચા હોય શકે નહિ.

આચાર્ય કહે છે કે, આ મોક્ષપદ એનું કારણ જે આ પંથ એ ન સમજે, ન માને,

ન રમે, ન કરે (તો) એનો સંસાર દીર્ઘતર છે. એટલે કે એનો સંસાર અનંત છે, એ સંસાર છૂટતો નથી. સમજાય છે કાંઈ ? એટલે અહીં કહે છે કે, **'रत्नत्रयात्मकधर्म सर्वदेश...'** એ સર્વદેશ મુનિનો છે. નિર્ગ્રંથ પંથ... ઓહો..! સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત ચારિત્રની રમણતા એવી છઠ્ઠા, સાતમા ગુણસ્થાનની ભૂમિકા અને એની ભૂમિકાના પ્રમાણમાં નિર્ગ્રંથ સંતને પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણના વિકલ્પો બરાબર હોય છે, હોય છે. એમાં ભક્તિ હોય છે, ભગવાનની પૂજાના ભાવ હોય છે, વગેરે વગેરે એને એની ભૂમિકા પ્રમાણે નિર્ગ્રંથ દશામાં હોય છે. તેની દશા બાહ્ય તદ્દન દિગંબર નગ્ન થઈ જાય છે.

**'और वह रत्नत्रयात्मकधर्म सर्वदेश...'** પૂર્ણ. લ્યો ! અહીં તો સર્વદેશ લીધો. આમ તો પૂર્ણ તો ચૌદમે થઈ જાય છે પણ એ અપેક્ષાએ–ચોથા ને પાંચમાની અપેક્ષાએ સર્વદેશ, સર્વવિરતી ધર્મ છઠ્ઠે ગુણસ્થાને પ્રગટ થાય છે. એકદેશ–પંચમ ગુણસ્થાનમાં શ્રાવકની ભૂમિકામાં, એ રત્નત્રય દર્શન, જ્ઞાન તો બન્નેના સરખા બરાબર છે, ચારિત્રમાં બેમાં (ફેર છે). એકને એકદેશ (છે) અને એકને સર્વદેશ (ચારિત્ર છે). સમજાય છે કાંઈ ? ચારિત્રમાં એક ને એકદેશ સમ્યગ્દર્શન અને બીજાને સર્વદેશ સમ્યગ્દર્શન, એમ ન હોય.

સમ્યગ્દર્શન તો તિર્યંચને હોય એવું સિદ્ધને હોય. સમજાય છે કાંઈ ? એ શાસ્ત્રમાં આવ્યું છે, તિર્યંચને સમ્યગ્દર્શન છે એવું સિદ્ધને છે અને સિદ્ધને છે એવું એને (છે). ગણધર જેવી પ્રતીતિ. ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વના ધરનાર ગણધરદેવને જેવી આત્મપ્રતીતિનું ભાન (હોય) એવા પાંચમા ગુણસ્થાનવાળા કે ચોથા ગુણસ્થાનવાળા તિર્યંચ–પશુને પણ ગણધર જેવી પ્રતીતિ હોય છે. સમજાય છે કાંઈ ? ગુણસ્થાન જ્યાં અંતર દશા પ્રગટી (ત્યાં) એની (તિર્યંચની) પ્રતીતિ, ગણધર અને એની (તિર્યંચની) પ્રતીતિમાં શું ફેર છે ? ચારિત્રની રમણતાના ભાગલા પડે છે. એક–મુનિને સંતને છઠ્ઠા ગુણસ્થાનમાં વિશેષ રમણતા છે. ઓ..હો..! ત્રણ કષાયનો નાશ કર્યો. નિર્ગ્રંથ દૃષ્ટિ તો છે પણ નિર્ગ્રંથ દશા થઈ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એવું જે મુનિપણું એ તો પહેલામાં પહેલો ઊંચો ધર્મ છે.

'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' તો એમ કહે છે કે, સમ્યગ્દર્શન ને જ્ઞાન થયા પછી પહેલા મુનિપણાનો જ એને ઉપદેશ આપવો. સમજાય છે કાંઈ ? પણ પેલા (સમ્યગ્દર્શન, જ્ઞાન) બે હોય તો. અને મુનિપણું પાળવાની પછી એની તાકાત ને શક્તિ ન હોય તો નબળાઈના કારણે એને પાંચમા ગુણસ્થાનના વ્રત આદિની વાત એને પ્રરૂપે. મુનિપણું ન લઈ શકે ને એ સામર્થ્ય ન હોય તો. મુનિપણું એટલે એમ બહારથી લઈને બેસે કાંઈ બાપા ! એમ સમાધાન અંતરમાં થાશે કાંઈ ? અને એમ કાંઈ ફળ આવે ? લ્યો ! મુનિપણા લઈને બેસી ગયા, બહારથી નગ્ન (થઈ ગયા).

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈ પોતાના પરિણામમાં સહનશીલતા કેટલી આવી છે ને કેટલી આવવાની તૈયારીમાં મારું કામ કેટલું થશે, એમ બરાબર વિવેકથી જોઈને, જાણીને

એ જાતની વ્યવહારની ક્રિયામાં પણ ક્યાંય દખલ ન હોય અને નભાવ હોઈ શકે એટલા પુણ્ય, એવો સંયોગ એ બધું જોઈને એ મુનિપણું અંગીકાર કરે છે. એમ ને એમ મુનિપણું અંગીકાર કરતા નથી અને શ્રાવક પણ પોતાના પરિણામની યોગ્યતા જોઈને શ્રાવકપણું અંગીકાર કરે છે.

કહે છે, **'એકદેશકે ભેદસે દો પ્રકારકા હૈ. ઉસમેં સર્વદેશ ધર્મકા તો નિર્ગ્રન્થ મુનિ પાલન કરતે હૈં...'** વીતરાગ ત્રણ કષાયનો અભાવ જેને થયો છે. લ્યો ! એ વીતરાગમાં પણ વાંધો ઉઠ્યો. વીતરાગ, વીતરાગ હોય એને આ (હોય), હેઠે વીતરાગ ન હોય. અરે..! ચોથે ગુણસ્થાનથી વીતરાગ દૃષ્ટિ હોય, વીતરાગ સમકિત છે. સમ્યગ્દર્શન જ વીતરાગ છે. રાગની એકતા વિનાનું, સ્વભાવની એકતાની પ્રતીતનું સમ્યગ્દર્શન એ વીતરાગ દર્શન છે. અને સમ્યગ્જ્ઞાન શ્રુત–ભાવશ્રુત પણ વીતરાગ ભાવજ્ઞાન છે. સમજાય છે કાંઈ ? ભાવશ્રુત જ્ઞાન એ પણ વીતરાગ ભાવશ્રુત જ્ઞાન છે અને ચારિત્રની જેટલી એકાગ્રતા શુદ્ધિ (થઈ) એ પણ વીતરાગભાવ છે. પણ એ નીચલી ભૂમિકામાં શ્રાવકને બાર વ્રતનો વિકલ્પ, દાનનો ભાવ (વગેરે) ષટ્ બોલ કહેશે, ષટ્કર્મ એ શ્રાવકને આવ્યા વિના રહેતા નથી. ગૃહસ્થાશ્રમમાં ષટ્કર્મ, ષટ્કાર્ય છે. **'ઔર એકદેશધર્મકા ગૃહસ્થ (શ્રાવક) પાલન કરતે હૈં.'** મુનિ સર્વદેશ પાલન કરે છે અને શ્રાવક એકદેશ, એક અંશ એની દશા છે.

## શ્લોક–૫

**सम्प्रत्यपि प्रवर्तेत धर्मस्तेनैव वर्त्मना।**
**तेन ते अपि च गण्यन्ते गृहस्था धर्महेतवः।।५।।**

**અર્થ :– ઇસ કલિકાલમેં ભી ઉસધર્મકી ઉસીમાર્ગસે અર્થાત્ સર્વદેશ તથા એકદેશમાર્ગસે હી પ્રવૃત્તિ હૈ, ઇસ લિયે ઉસ ધર્મકે કારણ, ગૃહસ્થ ભી ગિનેજાતે હૈં. ૫.**

**'ઇસ કલિકાલમેં ભી ઉસ ધર્મકી ઉસી માર્ગસે અર્થાત્ સર્વદેશ તથા એકદેશમાર્ગસે હી પ્રવૃત્તિ હૈ, ઇસલિયે ઉસ ધર્મકે કારણ,...'** ધર્મનું કારણ, મુનિના ધર્મનું કારણ ને પોતાના ગૃહસ્થાશ્રમના ધર્મનું પણ કારણ. **'ગૃહસ્થ ભી ગિને જાતે હૈં.'** કહો, સમજાય છે ? ગૃહસ્થાશ્રમમાં પણ મુનિને આહારદાન આદિની સ્થિતિ કરે છે અને પોતાના ભાવનો ધર્મ પણ જાળવી રાખે છે. એટલે બન્નેનો આધાર ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને

કહેવામાં આવ્યો છે.

કોઈ કોઈનો આધાર નહિ ને ? નિમિત્તના વ્યવહારે એવી જાતનો વિકલ્પ હોય છે એટલે એને આધાર ગણવામાં આવે છે.

અહીં આગળ આવી ગયું હતું ને ? પેલામાં આવ્યું હતું. ગૃહસ્થ મુનિને આહાર આપે એથી કરીને શરીર ટકે. શરીરથી દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય ને દર્શન-જ્ઞાન-ચારિત્રથી મોક્ષ થાય. માટે શ્રાવકે મોક્ષ આપ્યો એમ અમે કહીએ છીએ. એમ વ્યવહારનયના ગ્રંથમાં અધિકાર આવે છે. આમાં જ આગળ આવે છે. સમજાય છે કાંઈ ? હવે એને એમ જ સમજી લે કે, અમે આહાર આપ્યો માટે મોક્ષ આપ્યો. કઈ અપેક્ષાથી (કહ્યું છે) ? શ્રાવકને આમ ભાવ આવે છે કે, ઓહો..! આ પેટમાં કોળિયા પડે છે એ કરતા મારે ઘરે સંત મુનિ પધારે અને એને માટે એક કોળિયો પણ જો પડે તો મારો આ દિવસ ને ધન્ય સફળ કહેવાય.

ભરત ચક્રવર્તી જેવા છ ખંડના સ્વામી, સોળ હજાર દેવ તો જેની તેનાત ને સેવામાં હોય. એવા પણ આમ ભિક્ષાનો કાળ હોય ત્યારે અહો..! પ્રભુ ! ધન્ય મુનિ ! ઉપરથી કોઈ મુનિ ક્યાંયથી આવે, એમ વિચાર કરતા બહાર ભા રહ્યા. એ તો બંગલા મોટા (હોય). ચક્રવર્તી એટલે ? દેવ જેની સેવા કરે, એ મણીરત્નના બંગલામાં, મણીરત્નની આમ ચાખડી પહેરી, સોનાની જનોઈ, આમ ભગવાન મુનિની વાટ જુએ છે. ઓ..હો..! આવા આહારના કાળ આવ્યા. હવે મુનિ કોઈ (પધારે)... ત્યાં ઉપરથી બે મુનિ પધારે છે. ઉપરથી ચાલ્યા જતાં મુનિ નીચે ઉતરે. ઓ..હો..! ધન્ય.. ધન્ય.. આજ ! પોતે આમ લઈને (જાય છે). આહારના કાળે એવો ભાવ ગૃહસ્થાશ્રમમાં ધર્મી મુનિ પ્રત્યેનો આવ્યા વિના રહે નહિ અને કરે એમ પણ વ્યવહારનયથી કહેવાય. એવો ભાવ એ કરે છે. મુનિને માટે એનું પરિણમન છે ને ? પરિણમન છે માટે કરે છે એમ કહેવાય. કર્તૃત્વબુદ્ધિ દૃષ્ટિમાં નથી. સમજાય છે કાંઈ ?

(અહીંયા) કહે છે, '**ઇસ કલિકાલમેં ભી ઉસધર્મકી ઉસી માર્ગસે અર્થાત્ સર્વદેશ તથા એકદેશ માર્ગસે હી પ્રવૃત્તિ હૈ, ઇસલિયે ઉસ ધર્મકે કારણ, ગૃહસ્થ ભી ગિને જાતે હૈં.**' ગૃહસ્થ પણ એમાં ગણવામાં આવે છે. ગૃહસ્થ ને શ્રાવકના બહુ વખાણ કર્યા છે પછીના (અધિકારમાં). શ્રાવક પણ વંદ્ય છે, એમ આવ્યું છે. પછી શ્લોક છે. સમજાય છે?

૨૨૬ પાનું. એ એમાં પણ શ્રાવકનો અધિકાર છે. '**श्रावकाः सम्मताः**' ૨૦મી ગાથા. શ્રાવકો સંમત છે. '**ઉત્તમ શ્રાવકોંકા ભવ્યજીવોંકોં અવશ્ય આદર સત્કાર કરના ચાહિયે.**' છે ભાઈ ? ૨૦મી ગાથા. ૨૧મી ગાથામાં એ છે '**स वन्द्यः सताम्**' એ શ્રાવક પણ વંદ્ય છે, વંદ્ય નામ સ્તુતિ કરવા લાયક છે. વંદ્ય શબ્દ પડ્યો છે. એ કઈ ગાથા ? ૨૧મી ગાથા. '**ઉન જિનમંદિર આદિ કાર્યોંકો કરતા હૈ વહ સજ્જનોંકા વંદ્ય હી**

**હૈ...'** **'જિનેન્દ્રભગવાનકી પ્રતિમામેં તથા જિનમંદિરોંમેં ભક્તિસહિત થે તથા ઉનકો ભક્તિપૂર્વક બનવાતે થે...'** **'આદિ કાર્યોંકો કરતા હૈ વહ સજ્જનોંકા વંદ્ય હી હૈ અર્થાત્ સમસ્ત ઉત્તમપુરુષ ઉસકી નિર્મલ હૃદયસે સ્તુતિ કરતે હૈં.'** વંદ્યનો અર્થ સ્તુતિ કરે છે. સમજાય છે ? એવા શ્રાવકો પોતે જિનમંદિર બનાવે, પ્રતિમા સ્થાપે, મંદિર કરે. કરે એટલે એ વ્યવહારમાં તો એમ જ આવે ને ? બાકી તો થવાનું હોય ત્યારે થાય. તેનો વિકલ્પ નિમિત્ત કહેવામાં આવે છે. પણ બનાવે એને કહે છે કે, ધન્ય છે, એ શ્રાવકને વંદ્ય કહીએ છીએ. 'પદ્મનંદિ' આચાર્ય પંચમ ગુણસ્થાનવાળા શ્રાવકને પણ કહે છે કે, સ્તુતિ કરવા લાયક છે. તું પણ સ્તુતિ ને સ્તવન કરવા લાયક છો, પ્રશંસા કરવા લાયક છે. ધન્ય તારો ધર્મ કે આ રીતે તું તારો ઉદ્ધાર કરે છો અને સાચા ધર્મના નિમિત્તમાં, નિમિત્તપણું તું થાય છે. કહો, સમજાણું કાંઈ ? છઠ્ઠો શ્લોક.

## શ્લોક–૬

**सम्प्रत्यत्र कलौ काले जिनगेहे मुनिस्थितिः।**
**धर्मश्च दानमित्येषां श्रावका मूलकारणम्।।६।।**

**અર્થ :– ઔર ઇસકાલમેં શ્રાવકગણ બડે બડે જિનમંદિર બનવાતે હૈં તથા આહાર દેકર મુનિયોંકે શરીર કી સ્થિતિ કરતે હૈં તથા સર્વદેશ ઔર એકદેશરૂપ ધર્મકી પ્રવૃત્તિ કરતે હૈં ઔર દાન દેતે હૈં, ઇસલિયે ઇનસબોંકે મૂલ કારણ શ્રાવક હી હૈ અતઃ શ્રાવકધર્મભી અત્યન્ત ઉત્કૃષ્ટ હૈ. ૬.**

મુનિ અને ગૃહસ્થાશ્રમના ધર્મને શ્રાવક મૂળ કારણ છે, એમ કહે છે. **'ઔર ઇસકાલમેં શ્રાવકગણ બડે બડે જિનમંદિર બનવાતે હૈં...'** છે ને ? **'जिनगेहे'** મંદિર બનાવે, પ્રતિમા સ્થાપે એ એનો પુણ્યભાવ છે, એ એનો શુભભાવ છે. અશુભથી વંચનાર્થે, અશુભને ટાળવા એમ વ્યવહારથી કહેવામાં આવે અને શુભના ભાવને ત્યાં એ કરે છે. ભગવાનની પૂજા (કરે), મંદિર બનાવે. સમજાય છે ? ઘણું ઘણું પેલામાં આવે છે ને પછી ? સર્વજ્ઞના કહેલા શાસ્ત્રોનું વ્યાખ્યાન કરે. સમજાય છે ? અને એ પુસ્તકો છાપે. એ કાંઈક છે ખરું અંદર. ક્યા શ્લોકમાં હશે ? શ્લોક. જ્ઞાનદાનની મહિમા. શ્રાવકની વાત ચાલે છે, હોં ! આ શ્રાવક.

**ज्ञानदानकी महिमाका वर्णन।**

**व्याख्या पुस्तकदानभुन्नतधियां पाठाय भव्यात्मनां**
**भक्तया यत्क्रियते श्रुताश्रयमिदं दानं तदाहुर्बुधाः।**
**सिद्धेऽस्मिञ्जननान्तरेषु कतिषु त्रैलोक्यलोकोत्सव**
**श्रीकारिप्रकटीकृताखिलजगत्कैवल्यभाजोजनाः ।।१०।।**

**'સર્વજ્ઞદેવસે કહે હુએ શાસ્ત્રકા ભક્તિપૂર્વક જો વ્યાખ્યાન કીયા જાતા હૈ...'** ભક્તિપૂર્વક શબ્દ પડ્યો છે, હોં ! દુનિયાના માન માટે, પૂજા માટે નથી. સર્વજ્ઞ પરમાત્માની વાણી, એનો ભાવ જેને અંતર બેઠો છે એ (તેનું વ્યાખ્યાન કરે છે). એ પછીના અધિકારમાં છે, બીજો અધિકાર. છે ને ? આના પછીનો અધિકાર છે, એની ૧૦મી ગાથા. [દેશવ્રત ઉદ્યોતન અધિકાર].

**'તથા વિશાલબુદ્ધિવાલે ભવ્યજીવોંકો પઢનેકે લિયે જો પુસ્તક દી જાતી હૈં...'** છે ને ? **'भुन्नतधियां पाठाय भव्यात्मनां'** એની બુદ્ધિ સારી છે એના ખ્યાલમાં છે કે આને પુસ્તક આદિ શાસ્ત્ર આપવાથી આનું જ્ઞાન સમ્યક્ બરાબર થશે. એવા જીવોને **'પઢનેકે લિયે પુસ્તક દી જાતી હૈં ઉસકો જ્ઞાનીપુરુષ શાસ્ત્ર (જ્ઞાન) દાન કહતે હૈં તથા ભવ્યોં કો ઇસ જ્ઞાનદાનકી પ્રાપ્તિ હોને પણ થોડે હી ભવોંમેં,...'** સમ્યગ્દર્શન, જ્ઞાનના ભાન સહિત છે ને ? એટલે દાન કરનાર આવા શાસ્ત્રનું, પુસ્તકનું વ્યાખ્યાન કરનાર એ થોડા ભવમાં, **'તીનોંલોકકે જીવોંકો ઉત્સવ તથા લક્ષ્મીકે કરનેવાલે ઔર સમસ્ત લોકકે પદાર્થોંકો હાથકી રેખાકે સમાન દેખનેવાલે, કેવલજ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ.'** વાત તો છે સ્વરૂપની એકાગ્રતાની ઘૂંટણમાં. એ વિકલ્પ આવ્યો છે શાસ્ત્ર આદિનો પણ એમાંથી જેટલી વૈરાગ્યતા અંદરમાં રમે છે એને કારણે અલ્પ કાળમાં એ મોક્ષ જશે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

વ્યવહારની વાત એવી છે કે, કથન એનું વ્યભિચાર છે. અન્યથા કથન કરે પણ એનો અર્થ આમ લેવાનો. અહો..! એને જ્ઞાન સ્વભાવ રુચ્યો છે ને ! એટલે બીજાને જ્ઞાન આપવું, બીજા સમજે, આમ કરે, શાસ્ત્રો બનાવું, શાસ્ત્ર રચું, શાસ્ત્ર બીજાને આપું એવું જ્ઞાનનું રાગ રહિતપણું જેટલું ઘુંટાય છે એ ખરું જ્ઞાનનું દાન છે અને રાગ આવ્યો એ વ્યવહાર દાન (છે) એમાં પુણ્યબંધન થાય છે. એ પુણ્ય બંધન પણ વ્યવહારે મોક્ષનું નિમિત્ત કારણ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ ?

**'જો ધર્માત્મા શ્રાવક શાસ્ત્રકા વ્યાખ્યાન કરતે હૈં...'** દેખો ! અહીંયા શ્રાવકની વાત કરી છે. **'જો ધર્માત્માશ્રાવક શાસ્ત્રકા વ્યાખ્યાન કરતે હૈં તથા પુસ્તક લિખકર તથા લિખવાકર દેતે હૈં ઔર પઢના પઢાના ઇત્યાદિ જ્ઞાનદાન મેં પ્રવૃત્ત હોતે**

**હૈં. ઉન શ્રાવકોંકો થોડેહી કાલમેં સમસ્ત લોકાલોકકો પ્રકાશ કરનેવાલે કેવળજ્ઞાનકી પ્રાપ્તિ હોતી હૈ...'** એ શ્રાવકને થોડા કાળમાં કેવળજ્ઞાન થાય છે. **'અપને હિતકે ચાહનેવાલે ભવ્યજીવોંકો યહ ઉત્તમ જ્ઞાનદાન અવશ્ય હી કરના ચાહિયે.'** આચાર્ય તો જંગલમાં રહીને કરુણાથી જેની જેની જેટલી હદની મર્યાદા (છે) એટલી બધી વાત કરી છે. એને પુણ્યનો ભાવ, અનુમોદનનો ભાવ, પ્રશંસાનો ભાવ હોય છે.

બધા દાનમાં જ્ઞાનદાન શ્રેષ્ઠ છે. સમજાય છે ? અભયદાન, ઔષધદાન, અન્નદાન, જ્ઞાનદાન એ ચારમાં જ્ઞાનદાન જન્મ-મરણના નાશનું કારણ છે. કહો, સમજાણું ? એને જ્ઞાનની સ્વભાવની ભક્તિ અંદરમાં જાગી છે એથી એ જ્ઞાનમાં આ જાતનું અનુમોદન ને સંમત થાય છે. એ ભાવ જેટલો અંદર શુદ્ધ થયો એ શુદ્ધતા આગળ વધીને કેવળજ્ઞાન જ પામશે. એને કેવળજ્ઞાન સિવાય બીજી દશા થશે નહિ. સ્વર્ગમાં એકાદ ભવ કરશે. આ લખ્યું, કહ્યું કે નહિ આ બધું ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... શ્રાવકનો અધિકાર છે. દેશવ્રતઉદ્યોતનનો એ અધિકાર છે આખો. શ્રાવકનો જ એ અધિકાર છે. ૨૭ ગાથા છે. આપણે આવી ગઈ છે, પહેલો અધિકાર આવી ગયો છે. આ દસ વર્ષે વંચાય છે. (સંવત) ૨૦૦૬ ની સાલમાં આ અધિકાર વંચાણો હતો અને અત્યારે બીજી કોઈ સ્થિતિ આદિનો ... અને લોકો વળી પાછા એમ કહેતા કે, વ્યવહાર કહે છે કે નહિ ? ભાઈ ! બધો વ્યવહાર છે ત્યાં. સમજાણું કાંઈ ? શ્રાવકના વ્રતની વાત કરતા નથી, મુનિના વ્રતની વાત કરતા નથી, ફલાણું કરતા નથી. પણ સાંભળને ! પ્રભુ !

દર્શન, જ્ઞાન થયા પછી આવા વ્રત ને મુનિના ચારિત્ર આદિ હોય શકે છે. માટે પહેલું વજન દર્શનનું અપાય છે અને એનો જ વધારે વારંવાર ભાવ કહેવામાં, ઘુંટવામાં આવે છે. કારણ કે, એનું મૂળીયું સાજુ કર્યા વિના આગળ કરવા જાશે એટલે બધું થોથે થોથા થાશે. પણ દર્શન અને જ્ઞાનની શુદ્ધિપૂર્વક શ્રાવકને બાર વ્રત, દાન, ભક્તિ, પૂજા વગેરે થયા વિના રહે નહિ. પ્રતિમા બનાવે, મંદિર બનાવે, પ્રભાવના કરે, રથયાત્રા કાઢે બધું હોય છે પણ એની મર્યાદામાં જ્ઞાનીની દૃષ્ટિ હોય છે. એ કાર્ય તો ત્યાં થવાના છે. મારો રાગ ફ ત નિમિત્ત કહેવામાં આવે છે અને એ રાગ મારા આની બાજુ નિમિત્ત છે ને એની કોર પણ નિમિત્ત છે. શું કહ્યું ? એ રાગ બહાર થવાની ક્રિયા હતી તેમાં નિમિત્ત થયો અને મારા સ્વભાવની સ્થિરતા કરું ને એમાં પણ એ રાગ નિમિત્ત છે. સમજાય છે કાંઈ ? એમ સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાની પોતાના આત્મામાં આ રીતે નજરું નાખે ને રહે છે. એ સહિતની આ બધી વાત છે. એ મૂળ વાત ભૂલીને બીજી વાત હોય (તો એ) '...' જેના મૂળ નથી એની શાખા છે. સમજાય છે કાંઈ ?

વળી, કહે છે, એ કાળમાં કીધું ને ? **'બડે બડે જિનમંદિર બનવાતે હૈં...'** લ્યો ! એ બડે બડે અર્થમાં છે, હોં! **'जिनगेहे'** છે ને ? આ જિનઘર બનાવે, પરમાત્મા મંદિર બનાવે. લોકોને પણ એમ (થાય), આહા..! પોતાના માટે કેવું ઘર મકાન નથી બનાવતા ? બે લાખ ને પાંચ લાખનું સારામાં સારું બનાવે. આમ રંગને આમ કોતરીને ફલાણું કરીને... અહીં સુધી કડ સુધી ફલાણી ને શું તમારે આવે છે ને કાંઈ ? કંદોરો કડ સુધી, ફલાણી જાતની લાદી શું ? લાદી નહિ, ટાઈલ્સ ટાઈલ્સ અહીં સુધી, ડીઝાઈન અહીં સુધી પછી આમ નાખવું, ઉપર આમ નાખવું, ચારે કોરમાં આમ નાખવું, બધી મંદિરની શોભાના વિકલ્પ આવે છે કે નહિ ઘરના ? મંદિર એટલે ત્યાં ઘર.

એમ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા સ્થાપના નિક્ષેપે જ્યાં બિરાજે, એ આગમ તો એને કહે કે, 'જિન પ્રતિમા જિન સારખી.' 'જિન પ્રતિમા જિન સારખી કહી આગમ માંહી.' આગમમાં પ્રતિમાને સાક્ષાત્ જાણે ભગવાન બિરાજતા હોય એવો એને પ્રેમ આવે છે. સંસારમાં કેમ આવે છે પ્રેમ! સ્ત્રીનો જ્યાં આમ ફોટો દેખે ત્યાં આમ ગલગલીયા અંદર થઈ જાય. યાદ કરે ત્યાં ગલગલીયા થાય.

એક ફેરી વાત કરીને? કો'કની સ્ત્રી મરી ગઈ. 'પોરબંદર'માં. જુવાન (હતી), નામ નહિ (આપીએ). ત્યાં પછી અમે જોવા ગયેલા એના ઉતારે... આ કોનો ફોટો છે ? કીધું, જૂની બાઈ મરી ગઈ એનો. ફોટો જુઓ તો મોટો આમ. જુની બાઈ મરી ગઈ એનો ફોટો. મોઢુ દેખીને રાજી થાય. તો ત્રણલોકના નાથ ચૈતન્ય પરમાત્મા જિનબિંબ વીતરાગી ચૈતન્યબિંબ છે, એવા બિંબને શ્રાવકો બનાવે ને પૂજા, ભક્તિ કરે એ એનામાં આવ્યા વિના રહે નહિ. આ બહાર આવે છે ને? પેલા કહે, વ્યવહારનો નિષેધ કરે છે. સાંભળને ! બાપા ! પણ હોય એનો નિષેધ કરે છે દૃષ્ટિમાં કે ન હોય એનો ? એના ભાવમાં આવે છે. ભગવાનની મહાપૂજા (કરે). શાસ્ત્રમાં ચાર પ્રકારની પૂજા છે. દેવો, ઇન્દ્રો પૂજા કરે, ચક્રવર્તી કરે, શેઠિયા મોટા કરે ને સાધારણ (નહિ), એવી મોટી પૂજા કે અબજો રૂપિયાના ખર્ચ (કરે). એક એક દિ'ના અબજો રૂપિયાના ખર્ચ ! ભક્તિનો ઉલ્લાસ આવે અને જેટલી એની દ્ધિઓ (હોય) એના પ્રમાણમાં કરે. એમ બે પાઠ આવે છે. પછી આવે છે, આમાં પણ આવે છે. જેવી એની દ્ધિ હોય એના પ્રમાણમાં કરે. એવો એનો રાગ ઘટે અને દાનનો ભાવ, પૂજાનો ભાવ એને આવ્યા વિના રહે નહિ. અને શક્તિ પ્રમાણે ન કરે, તો એમાં આવ્યું છે, દાન અધિકારમાં આવ્યું છે. કે, ધર્માત્મા નામ ધરાવે અને ધર્મના કાર્યમાં દાન આદિ રાગ ન ઘટાડે અને પુણ્યના કાર્ય એવા ન કરે (તો) માયાચારી છે. માયાચારી નામ ધરાવવું ધર્માત્માનું અને ધર્મના પ્રસંગમાં કાંઈ લક્ષ્મી દાન આદિ કરવાનો પ્રસંગ (આવે તો એમ કહે), એ અમારું કામ નહિ, એ અમારું કામ નહિ. છોકરાના લગન કરવા હોય તો પચાસ હજાર, લાખ ખર્ચી નાખવા. ભાઈ ! તારી પ્રીતિની દિશા ફરી નથી, હોં ! જેને ધર્મની પ્રીતિની

દિશા દશા છે એને ધર્મના સાધનોમાં પણ એવો પ્રીતિનો ભાવ આવ્યા વિના રહે નહિ.

તથા **'जिनगेहे मुनिरिस्थितिः'** એના અર્થ બે કર્યા છે. પેલામાં બીજે આવે એ તો જિનગૃહ ધર્મ બનાવે ત્યાં મુનિ આવીને રહે, ઇ અહીં અત્યારે વાત નથી. **'આહાર દેકર મુનિયોંકે શરીર કી સ્થિતિ કરતે હૈં...'** એમ વાત છે. ગૃહસ્થાશ્રમમાં શ્રાવક, જેને ધર્મ રુચ્યો છે એ ધર્મી દેખીને ધર્માત્મા પ્રત્યે પ્રેમ આવ્યા વિના રહેતો નથી. કહ્યું છે ને ? 'રત્નકરંડ શ્રાવકાચાર'માં, ન ધર્મો ધાર્મિકે બિના. ધર્મ કાંઈ ધાર્મિક જીવ વિના હોતો નથી. તો જેને ધર્મનો પ્રેમ છે એને ધાર્મિક જીવ પ્રત્યે પ્રેમ આવ્યા વિના રહેતો નથી. અને જો પ્રેમ નથી,... એ તો આપણે આવી ગયું આમાં, નહિ ? 'અષ્ટપાહુડ'માં. ધર્મ પ્રત્યે જેને પ્રેમ તેને ધર્મી જ્ઞાની પ્રત્યે પ્રેમ હોય છે. એને જ્ઞાની પ્રત્યે પ્રેમ ન હોય તો એને ધર્મ પ્રત્યે પ્રેમ છે નહિ. એવો ભાવ સંસારમાં ધર્મીને આવ્યા વિના રહેતો નથી.

અહીંયા કહે છે કે, ગૃહસ્થ **'જિનમંદિર બનવાતે હૈં...'** અહીં તકરાર કરે કે, લ્યો ! બનાવે છે ને ? બની શકે છે ને વ્યવહારથી ? અરે..! પ્રભુ ! સાંભળને, બાપા ! વ્યવહારના વચનો એવા છે. બનાવે છે તેનો અર્થ–એનો ભાવ થયો ને ? કે, મારે જિન મંદિર બનાવવું છે. એટલે બનાવે છે એમ કહેવામાં આવે છે. ન્યાં તો એક એક રજકણની પર્યાય તે કાળે ક્રમમાં આવવાની, થવાની હોય તે થાય છે. સમજાય છે કાંઈ ? પણ આનો ભાવ હતો. અહો..! જિનમંદિર હોય, લોકો દેવદર્શન કરે ને આ પ્રમાણે ભક્તિનો લાભ થાય એવો એનો ભાવ હતો. એ બનાવે છે (એમ કહેવાય છે). નિમિત્ત થાય માટે બનાવે છે, એમ કહેવામાં આવે છે.

**'આહાર દેકર મુનિયોંકે શરીર કી સ્થિતિ કરતે હૈં...'** લ્યો ! શરીરનું વળી આહારથી સ્થિતિ નહિ... પેલા 'ઉપાદાન-નિમિત્ત' માં આવ્યું છે, દોહામાં આવ્યું છે કે નહિ ? પેલો કહે કે, ભાઈ ! નિમિત્ત, નિમિત્ત વિના, આહાર કર્યા વિના કોઈ જીવે છે ? પેલો નિમિત્ત કહે છે. આહાર, પાણી લીધા વિના તમે ઉપાદાન, ઉપાદાન કર્યા કરો છો પણ આહાર વિના કોઈ જીવે ? પેલો ઉપાદાન કહે ચાલ ભાઈ ! ચાલ. આહાર કરતા પણ મરી જાય છે. એની સ્થિતિ આહારને લઈને રહે છે ? સમજાય છે ? એ તો આયુષ્ય હોય એ પ્રમાણે રહે. પણ નિમિત્તના કથનો એવા છે કે, એની સ્થિતિની હદ ન જાણે તો નિમિત્તનો, ઉપાદાનનો ગોટો (વાળે). મોટો ગોટો વાળી ને વાસ્તવિક તત્ત્વની ભૂલ ખાય.

કહ્યું ને ? '....' વીતરાગ માર્ગના પંથને જો તારે પ્રવર્તાવવો હોય તો નિશ્ચય અને વ્યવહાર બન્નેને ચુકીશ નહિ. એટલે કે નિશ્ચય તત્ત્વ છે તેનો આશ્રય ચુકીશ નહિ અને વ્યવહારના ભંગ જે જે ગુણસ્થાને દયા, દાન કે ગુણસ્થાનની શ્રેણી છે એને કબુલ કરજે કે, આ છે. વ્યવહાર માર્ગ છે, તીર્થ છે, ગુણસ્થાન છે, ગુણસ્થાનની શ્રેણીની શુદ્ધતાના ભંગો પણ છે. એ જો ન માન તો તીર્થ ઉડી જાય છે અને નિશ્ચય ન માન તો આશ્રય કર્યા

વિના ધર્મ આવશે ક્યાંથી ? સમજાય છે કાંઈ ? એમાં અર્થના ગોટા. એટલી વાત કોઈ વિષમ વાતે પડી ગઈ છે ને...

અહીં કહે **'બનાવતે હૈં...'** લ્યો ! ભાઈ ! **'સ્થિતિ કરતે હૈં...'** **'મુનિયોંકે શરીર કી સ્થિતિ કરતે હૈં...'** ભાવ એનો શું છે ? કે, અહો..! એમના સંબંધમાં નિમિત્તરૂપે શરીર છે અને શરીરના નિર્વાહમાં આહાર-પાણી છે. એવી એ વિકલ્પની સ્થિતિને ગણી અને શ્રાવક મુનિની શરીરની સ્થિતિ રાખે છે, એમ કહેવામાં આવે છે. આ પદ્મનંદીઆચાર્ય સંત ભાવલિંગી મુનિ છે. વનવાસમાં રહેતા હતા ને છવ્વીસ અધિકાર આમ ભગવાનની સાથે વાતું કરીને બનાવ્યા છે. આહા..હા..! જેવા 'કુંદકુંદાચાર્ય' એવા 'પદ્મનંદિ આચાર્ય' જંગલમાં રહેનારા છે. એ કહે છે કે, ભાઈ ! એ તો પહેલું આમાં આવી જાય છે. જેવી ગાથા 'સમયસાર'ની છે ને ? 'ववहारोऽभूदत्थो' એ જ ગાથા આમાં છે. એ જ ગાથા એમાં છે. 'કુંદકુંદાચાર્ય'ના ઘણા ઘણા ભાવોની ગાથામાંથી બીજડા ઘણા ઘણા ગ્રંથોમાં આવે છે. વ્યવહાર તે અભૂતાર્થ છે. નિશ્ચયથી પોતાનું સ્વરૂપ નિશ્ચય દર્શન, જ્ઞાન, ચારિત્રની પરિણતિ તે એક જ ધર્મ છે, બીજો કોઈ ધર્મ નથી. પેલો આવી જાય છે. ધર્મામૃત છે ને? એમાં એ આવે છે.

અહીં કહે છે, **'મુનિયોંકે શરીર કી સ્થિતિ કરતે હૈં તથા સર્વદેશ ઔર એકદેશરૂપ ધર્મકી પ્રવૃત્તિ કરતે હૈં...'** શ્રાવક મુનિની વ્યવહારની ધર્મ પ્રવૃત્તિને પણ મદદ આપે, પોતાના પણ એકદેશ ધર્મની પ્રવૃત્તિ કરે. **'દાન દેતે હૈં...'** લ્યો ! **'धर्मश्च दानं'** છે ને ? દાન દે. મુનિને દાન, આહાર-પાણીના દાન, અભયદાન, ઔષધદાન વગેરે. જ્ઞાનદાન એ દાનનો ભાવ પણ શ્રાવકને શુભભાવ બરાબર આવે. પુણ્યભાવ સહિત એ પુણ્યાનુબંધી પુણ્ય છે. દર્શનશુદ્ધિમાં રાગનો નિષેધ વર્તતા છતાં એવી ભૂમિકાનો ભાગ આવ્યા વિના (રહેતો નથી). એનાથી એ પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે. એ પુણ્યો ભવિષ્યમાં અનુકૂળ સામગ્રી મળવામાં નિમિત્ત થશે. અંદરની સ્વરૂપની રમણતામાં શુદ્ધતા જેટલી પ્રગટી તે સાધન થશે. સમજાય છે કાંઈ ? બન્ને વાત છે. એક વાત આદરણીય છે અને એક છે તે વ્યવહારે જાણવા લાયક, આદરવા લાયક એનો અર્થ કે, છે એમ એને બરાબર જાણવું ને કબુલવું જોઈએ. કહો, સમજાય છે ?

**'जिनगेहे मुनिस्थितिः धर्मश्च दानमित्येषां श्रावका मूलकारणम्'** મુનિને ઘરે ક્યાં દાન દેવાની સ્થિતિનો પ્રસંગ છે. આ તો શ્રાવક જ હોય એ દાન, દયા, ભક્તિ, પૂજા, મંદિર એ સ્થિતિમાં મૂળ કારણ તો (શ્રાવક છે). લ્યો ! **'श्रावका मूलकारणम्'**. હવે કારણ-કાર્યની તકરાર કરે તો અહીં વાંધા ઉઠે. કઈ અપેક્ષાથી વાત ચાલે છે ? સૌનું મૂળ કારણ તો દ્રવ્ય જે છે, શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રનું મૂળ દ્રવ્ય કારણ છે અને એમાં રાગનો પ્રેમ અને ભક્તિ, દાન આદિ આવે એ વ્યવહાર કારણ, ઉપચાર કારણ કહેવામાં આવે છે.

અહીં કહે છે કે, મુનિ અને જિનપ્રતિમા, દેરાસર અને મુનિની સ્થિતિ અને દાન દેવાનું મૂળ કારણ તો શ્રાવક છે. એનું મૂળ કારણ (છે) એનો અર્થ કે, મુનિમાં એ કારણ છે નહિ. એની અપેક્ષાએ આ શ્રાવકને મૂળ કારણ કહેવામાં આવ્યા છે. સવારે બીજી વાત ચાલે છે અને આ બીજી વાત છે એમ નથી, હોં ! બન્નેની મેળવાળી છે. સવારની ત્યાં વાત આવે પણ એ વાતની સાથે આ સંધી છે. સ્વભાવને આશ્રયે દર્શન, જ્ઞાન અને ચારિત્રનો જેટલો અંશ પ્રગટ્યો એ જ વસ્તુની સ્થિતિ છે. પરમાર્થ ધર્મ એ છે, મોક્ષમાર્ગ એ જ છે પણ એમાં આવો વ્યવહાર મોક્ષમાર્ગનો પુણ્યબંધનો ભાવ આવ્યા વિના રહેતો નથી. આવ્યા વિના રહે તો વીતરાગ થઈ જાય અને કાં થઈ જાય અજ્ઞાની. સાધક છે. સાધક છે ને ? તો અંદર બાધકપણું આવો વ્યવહાર રાગ એ જાતનો જ આવે એને. બાયડી, છોકરાને પોષવાનો ભાવ છે એ કરતા મુનિને ને પ્રતિમા આદિને પોષવાનો ઘણો ભાવ હોય છે. કહો, સમજાણું ?

'**ઇસલિયે ઇન સબોંકે મૂલ કારણ શ્રાવક હી હૈ અતઃ શ્રાવકધર્મ ભી અત્યન્ત ઉત્કૃષ્ટ હૈ.**' છે ને ? તેથી શ્રાવક ધર્મને મોટો ઉત્કૃષ્ટ કહેવામાં આવ્યો છે. આમ ગણે તો કાંઈ ચોથા કરતા સારો પણ છઠ્ઠા કરતા ? એની અપેક્ષા લેવી જોઈએ ને ? અહીં કહે કે, અત્યંત ઉત્કૃષ્ટ છે. કોની અપેક્ષાએ ? છઠ્ઠાની અપેક્ષાએ ? મુનિની અપેક્ષાએ ? કે, ના, ના. એ ચોથા કરતા પાંચમામાં આ જાતની ભૂમિકા છે માટે એને અત્યંત ઉત્કૃષ્ટ કહેવામાં આવ્યો છે. એની નિંદા કરવામાં આવે કે, આ હલકો છે, એ કોઈ ઊંચાની અપેક્ષાએ, આ સારો કહે તો નીચાની અપેક્ષાએ. એમ સમજ્યા વિના એના અર્થ કરે તો એ અર્થ સરખા થાય નહિ.

## શ્લોક–૭

હવે આવ્યું લ્યો ! શ્રાવકના છ કર્તવ્ય આવ્યા. '**ષટ્ આવશ્યકર્મ.**' સમજાય છે ? 'નિયમસાર'માં તો આવશ્યક કર્મ જ્યાં કહેવામાં આવે ત્યાં તો નિશ્ચય–જરૂર કર્તવ્યયોગ્ય નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તેને ત્યાં આવશ્ય કર્મ કહે છે. સમજાય છે કાંઈ ? ત્યાં તો શુભભાવને પણ પરાધીન દશા કહીને એ આવશ્યક કર્મ કહેવામાં આવતું નથી, નિશ્ચયથી તો એમ છે. સમજાણું ?

પણ એ શ્રાવક પણ દર્શન, જ્ઞાન, ચારિત્રનો એક અંશ–ચારિત્ર પણ આરાધે છે, એ પણ રત્નત્રયને જ આરાધે છે. એને એના પ્રમાણમાં અગિયાર પડિમાઓ કે બાર વ્રત આદિ

ભાવ આવે, એવા શ્રાવકના કર્તવ્યને–આ ષટ્કર્મને વ્યવહારે આવશ્યકર્મ કરવા યોગ્ય છે, એમ કહેવામાં આવે છે. વ્યવહારે અવશ્ય કર્મ કરવા યોગ્ય છે, એમ કહેવામાં આવે છે. નિશ્ચયથી ત્યાં 'નિયમસાર' માં એમ કહે કે, આવશ્યકર્મ એટલે જેમાં પરાધીનપણું ન થાય તેને આવશ્યક કર્મ કહે છે. રાગ એ પરાધીન છે. પણ વ્યવહારે અશુભથી બચવા અને એ ભૂમિકાના શુભભાવને અવશ્ય કરવા લાયક છે તેમ કહેવામાં આવે છે. સમજાણું ?

**देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः।**
**दानं चेति गृहस्थानां षट् कर्माणि दिने दिने।।७।।**

**અર્થ :– જિનેન્દ્રદેવકી પૂજા ઔર નિર્ગ્રન્થગુરુઓંકી સેવા તથા સ્વાધ્યાય ઔર સંયમ તથા યોગ્યતાનુસાર તપ ઔર દાન યે છ(ષટ્) કર્મ શ્રાવકોંકો પ્રતિદિન કરને યોગ્ય હૈ. ૭.**

**'दिने दिने' 'જિનેન્દ્રદેવકી પૂજા...'** ગૃહસ્થાશ્રમમાં હંમેશા શ્રાવકને ભગવાનના દર્શન ને પૂજા હોય. **'दिने दिने'**. આમાં તો ક્રમ ન રહ્યો, એમ કોઈ કહે. અરે..! સાંભળ, પ્રભુ ! એ વ્યવહારના વચનોમાં, એ શ્રાવકના ધર્મમાં એવો ભાવ એના ક્રમમાં આવ્યા વિના રહે નહિ. છે ને આગળ એક ઠેકાણે ? સવારમાં ઉઠી દેવ, ગુરુના દર્શન કરવા. એ પછી બીજા કામ કરવા, એમ મુનિ કહે. બીજા કામ કરવાનું મુનિ કહે ? 'પદ્મનંદી'નો પાઠ તો એવો છે. વહેલા સવારમાં ઉઠી દેવ અરિહંતના દર્શન કરવા, ગુરુના દર્શન કરવા પછી શાસ્ત્ર ને શ્રવણ કરવું. પછી બીજા કામ કરવા, વેપાર-ધંધો કરવો. એમ છે–પ્રાતઃ ઉઠાય. આવે ને ! વ્યવહારના કથનો ન આવે ? એ તો પેલા તીવ્ર પાપના કર્તવ્ય કરવા પહેલા આ તારે જરૂરનું છે, એમ બતાવે છે. એ પાપકર્મ કરજે ને તને આદેશ આપીએ છીએ, એમ છે નહિ. અપેક્ષા સમજ્યા વિના શૈલી લે તો એ તો તકરાર તો અનાદિથી ચાલી આવે છે.

કહો, **'જિનેન્દ્રદેવની પૂજા...'** ભગવાનના દર્શન હંમેશા કરવા જોઈએ. પેલા કહે કે, એ તો પ્રતિમા છે. અત્યારે તો આ પંચમ કાળની વાત છે. અહીં કાંઈ સાક્ષાત્ ભગવાન નથી બિરાજતા. આ તો પ્રતિમાના દર્શનની વાત ચાલે છે. પ્રતિમાની પૂજા, એના દર્શન, હંમેશા શ્રાવકો દિને દિને કરે. કહો, સમજાણું કાંઈ ? જુઓ ! આવે છે કે નહિ આ ? પણ ન્યાં તો ... એ આગળ એક ગાથામાં છે. જે દેશમાં, જે કાળમાં, જે ધન સમ્યગ્દર્શનને નુકસાન કરે તે દેશને છોડી દેવો. અહીં આમાં આવે છે, ભાઈ ! આ પાઠમાં આવે છે, બધી ગાથા કાંઈ યાદ હોય ? સમજાય છે ને ? એ આવે છે. આમાં આવે છે, હોં ! 'પદ્મનંદિ'માં. છે કાંઈ યાદ ? કોણ જાણે યાદ શી રીતે રહે ? બધું કાંઈ યાદ રહે ? પાઠ છે. અહીં વચમાં ગાથા છે, આમાં તો નહિ હોય પણ. સમજાણું ? એ આમાં જ છે, લ્યો ! આ પાનું ફેરવ્યું ત્યાં નીકળ્યું. ક્યાં હશે કોણ જાણે કીધું આ. આ તમારો ઉત્તર

નીકળ્યો ફડાક, જુઓ ! ૨૬મી ગાથા. કોણ જાણે ક્યાં હશે ? કીધું. એની ૨૬મી ગાથા, આપણે ચાલે છે એની. ૨૦૨ પાનું. ૨૦૨ પાનું, ૨૬મી ગાથા.

**तं देशं तं नरं तत्स्वं तत्कर्माण्यपि नाश्रयेत्।**
**मलिनं दर्शनं येन येन च व्रतखण्डनम्।।२६।।**

**'સમ્યગ્દષ્ટિ શ્રાવક...'** છે ? **'એસે દેશકો...'** એવા દેશમા જ્યાં ભગવાનનો સંગ નથી, જ્યાં પ્રતિમાના દર્શન નથી, જ્યાં સત્ શ્રવણનો પ્રસંગ નથી. **'એસે પુરુષકો...'** એવા પુરુષને છોડી દે. જે પુરુષ આખો દિ' ઊંધાઈની પ્રરૂપણા કરતો હોય ને વાતો કરતો હોય અને કુસંગ, પુરુષને છોડી દે. **'ઔર એસે ધનકો...'** છોડી દે. જે ધનમાં આ ધન આ ને આ ધન આ એવું નુકસાન થઈ જાય, શ્રદ્ધાના વાંધા આવે એ ધનનું પણ લક્ષ છોડી દે. **'તથા એસી ક્રિયાકો કદાપિ આશ્રયણ નહીં કરતે, જહાંપર ઉનકા સમ્યગ્દર્શન મલિન હોવે તથા વ્રતોંકા ખંડન હોવે.'** એ કામ ન લે. આમ છે, ભાઈ ! વાત તો. ગામ છોડી દે. રળવા માટે નથી જાતો દેશ મુકીને પરદેશમાં ? કમાવા માટે જાય છે કે નહિ ? 'કુચામણ' થી ન્યાં 'કીશનગઢ' રળવા માટે જાય છે કે નહિ ? દેશ ફેરવીને બીજા દેશમાં.

એમ કહે છે કે, પોતાની શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ આદિ જળવાય નહિ અને નિમિત્તો બહુ એવા પ્રતિકૂળ હોય તો એની અંદરમાં એને છોડી દેવું. ઉપદેશનું શું વાક્ય આવે ? સમજાય છે કાંઈ ? એવા કુસંગ ને કુદેશમાં એણે રહેવું નહિ. તમે પૂછ્યું એનો ઉત્તર આવ્યો, ભાઈ ! બરાબર છે ને ? ન્યાં માથાફોડમાં કાંઈ ન મળે ને ન્યાં રહેવું. કહો, સમજાણું કાંઈ ? એ આમાં જ છે, હોં ! આ અધિકાર છે ને આ ? આનો જ અધિકાર છે, એ તપની વ્યાખ્યામાં છે. આ છ બોલ આવશે ને ? એનો વિસ્તાર કરે છે.

**'જિનેન્દ્રદેવકી પૂજા...'** સાચા વીતરાગ માર્ગની, વીતરાગબિંબ છે એના દર્શન, એવો ભાવ ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને આવ્યા વિના રહે નહિ. એની મર્યાદા જાણે, હોં ! એને પુણ્ય બંધનું કારણ જાણે. વ્યવહારે ધર્મ એને જાણે. વ્યવહારે ધર્મ એને જાણે, પરમાર્થ ધર્મ તો રાગ રહિત જેટલી મારી દશા એ મારો પરમાર્થ ધર્મ છે. સમજાય છે કાંઈ ? **'ઔર નિર્ગ્રન્થ ગુરુઓંકી સેવા...'** લ્યો ! મહા નિર્ગ્રંથ ચારિત્રવંત સંત વીતરાગી, જેને વીતરાગના ઘોલન ચાલે છે, અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેવાની તૈયારી છે. એવા **'નિર્ગ્રન્થ ગુરુઓંકી સેવા...'** દૃષ્ટિમાં નિર્ગ્રંથતા ને સ્થિરતામાં નિર્ગ્રંથતા પ્રગટી છે એવા સંતોની સેવા એ ગૃહસ્થ શ્રાવકનું દિન દિનનું કર્તવ્ય છે. કર્તવ્ય, વ્યવહારે કર્તવ્ય જ કહેવાય. સમજાય છે કાંઈ ? એ કરવા લાયક છે, એમ વ્યવહારે કહેવાય. વ્યવહાર ને નિશ્ચયના ઝઘડા મોટા. બાપુ ! વ્યવહારની મર્યાદા હોય, એમ વ્યવહારની વાતું આવ્યા વિના રહે નહિ.

ત્રીજી વાત. **'સ્વાધ્યાય...'** બેના અર્થ કરશે, હોં ! સ્વાધ્યાય, શ્રાવકોએ હંમેશા શાસ્ત્રનો

સ્વાધ્યાય (કરવો). આ કેટલાક અહીં આવે છે, એક પાનું ફેરવી જાય બે લીટી, દસ લીટી (વાંચી લે). એ સ્વાધ્યાય નહિ. સ્વાધ્યાય (તો) બરાબર શાંતિથી ઘડી, બે ઘડી શાસ્ત્ર સ્વાધ્યાય, દરરોજ કરે. શાસ્ત્રનો સ્વાધ્યાય દરરોજ કરે. એક દિ' કર્યો ને પછી મહિના સુધી કાંઈ નહિ (એમ નહિ). સમજાણું કાંઈ ? આજ પૂજા માટે આવ્યા હતા, કહેવડાવ્યું છે, ભાઈ ! કહેજો કે, હું આજ પૂજા કરવા આવ્યો છું. ત્યાં ગયા હતા ને આ બધા ?

અહીં તો કહે છે કે, બાપુ ! જેને શ્રદ્ધા, જ્ઞાન ને જેને ભગવાનનો પ્રેમ છે એને ભગવાનની વાણીનો સ્વાધ્યાય હંમેશા (હોય). ચોપડા જોવે છે કે નહિ સવાર-સાંજ ? સાંજે જોતો હશે. ચોપડા જોવે કે નહિ ? ખતવણી કેટલી ને આ આવ્યું કેટલું ને ગયું કેટલું ને ખતવ્યું કેટલું ને લખાણું કેટલું. એમાં શેરબજારમાં તો તમારે આમ ધમાલ ચાલતી હોય. કહે છે કે, દિવસે દિવસે સ્વાધ્યાય ખરી કાંઈ તારે ? વીતરાગની વાણીના શાસ્ત્રો, હોં ! વીતરાગ વાણી જેમાં નીકળતી હોય. વીતરાગનો બોધ જેમાં શબ્દે, શબ્દે ન્યાયે ન્યાય નીકળતો હોય એવા વીતરાગના શાસ્ત્રનો સ્વાધ્યાય ગૃહસ્થાશ્રમમાં હંમેશા કરે. દિને દિને સ્વાધ્યાય કરે તો તેનું શ્રાવકપણું યથાર્થ જળવાય અને વ્યવહાર એનો સ્વાધ્યાયનો આવે. એમ ન માને, ન આવે તો એની દૃષ્ટિ ખોટી ને વસ્તુની ખબર છે નહિ. (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)



# શ્લોક–૭ થી ૧૭
# પ્રવચન નં. ૨૭
## (વિક્રમ સંવત ૨૦૧૭, શ્રાવણ વદ ૧૪, શુક્રવાર)
## તા. ૦૮-૦૯-૧૯૬૧

'પદ્મનંદિ પંચવિંશતિઃ'નો છઠ્ઠો અધિકાર છે. 'ઉપાસક સંસ્કાર' શ્રાવકને આત્માના સમ્યગ્દર્શન અને જ્ઞાન સહિત વ્રત આદિના સંસ્કારનો ભાવ હોય છે અને ષટ્કર્મનો ભાવ પણ હંમેશા દિન દિન પ્રત્યે હોય છે. છે એ શુભભાવ પણ શુભભાવ, સમ્યક્દૃષ્ટિને આત્માની દૃષ્ટિ છે, આત્માનું ભાન છે છતાં સ્વરૂપનો નિર્વિકલ્પ ઉપયોગ જ્યારે ન હોય ત્યારે આવો દિન દિન પ્રત્યે ષટ્કર્મ છ પ્રકારના કાર્યો એને હોય છે. છ પ્રકારના કાર્ય કરે છે, એમ પણ કહેવામાં આવે છે.

**'જિનેન્દ્રદેવકી પૂજા...'** દિન દિન પ્રત્યે જિનેન્દ્ર દેવની પૂજા. કેમકે દિન દિન પ્રત્યે મોટા રાજા, મહારાજાની પણ પાપના ભાવથી સેવા તો કરે છે કે નહિ ? ત્યારે આ ગુલાંટ ખાઈને દૃષ્ટિ સમ્યક્ ચૈતન્યની હોવા છતાં તે પરમાત્માની પૂજા, ભક્તિ, સ્તોત્ર, સ્તવન દિન દિન પ્રત્યે શ્રાવકનું એ કર્તવ્ય છે. એ જો કર્તવ્ય ન હોય, તો તેની ભૂમિકા પાંચમા ગુણસ્થાનની છે તે ટકી શકતી નથી. સમજાય છે કાંઈ ? એવો વ્યવહારનો શુભભાવ ન હોય અને એકલો જ અશુભભાવ હોય તો એને પંચમ ગુણસ્થાનની ભૂમિકાની હદ છે એ ટકી શકે નહિ. કહે છે કે, જિનેન્દ્ર દેવની હંમેશા એને પૂજા હોય.

**'ઔર નિર્ગ્રંથગુરુઓંકી સેવા...'** આમ સંસારમાં પાપના ભાવથી એના કુટુંબીજનો આદિની સેવા કરે છે કે નહિ ? એથી એને–શ્રાવકને દિન દિન પ્રત્યે એવા સંતો, નિર્ગ્રંથ ગુરુઓની સેવા હંમેશા હોય છે. બે બોલ (થયા). એ છે શુભભાવ, પુણ્યબંધન પણ વ્યવહાર રત્નત્રયમાં એ ભાવ આવ્યા વિના રહેતો નથી.

**'સ્વાધ્યાય,...'** શાસ્ત્રનો સ્વાધ્યાય હંમેશા કરે. ચોપડા તપાસે ને હંમેશા ? ટપાલ લખવાનું, ચોપડા કરવાનું, આ તાર-ટપાલ નાખે છે ને કેટલી કરે છે તાર-ટપાલ ? ધમાલ હોય છે. સટોડિયાને તો બહુ હોય. મહિને ત્રણ ત્રણ હજારના તાર-ટપાલના પૈસા જોઈતા હતા. એ..ઇ..! અહીં કહે છે એને સ્વાધ્યાય, શાસ્ત્રનો સ્વાધ્યાય (અર્થાત્) વીતરાગી વાણી, જેમાં વીતરાગભાવ અને વ્યવહાર રાગભાવનું જેમાં વર્ણન છે એનો હંમેશા સ્વાધ્યાય કલાક બે કલાક પણ કર્યા વિના રહે નહિ. સમજાય છે ? કે, જેથી એનું લક્ષ વીતરાગની આજ્ઞા પ્રમાણે યથાર્થ રહ્યા કરે. હંમેશા સ્વાધ્યાય કરે. કેટલાકને તો સ્વાધ્યાય કરવાની નવરાશ

ન હોય.અહીં આવે તો સાંભળે, પછી થઈ રહ્યું, જાઓ !

**'સંયમ...'** યથાશકિત છ કાય જીવને દુઃખ દેવાનો ભાવ ન હોય, દયાનો ભાવ (હોય). અને મન અને પાંચ ઇન્દ્રિયોમાં કંઈક પણ અંશે પણ ઇન્દ્રિયોને ગોપવવી એવો દિન દિન પ્રત્યે શ્રાવકને સંયમભાવ હોય છે. પૂરો સંયમભાવ તો ચારિત્રમાં હોય છે પણ અંશે, 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' શાસ્ત્રમાં છે કે, જેટલા મુનિના આચરણની વાત અમે કરીએ છીએ એનો એકદેશ ભાગ શ્રાવકને હોય છે. 'અમૃતચંદ્રાચાર્ય' 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય', જે 'વ્યવહાર શ્રાવકાચાર'નો અધિકાર (લખ્યો છે) છતાં પહેલા સમ્યગ્દર્શન, જ્ઞાનની વાત કરી અને પછી ચારિત્રની વાતનું ઘણું વર્ણન કર્યું. કરીને કહ્યું કે, શ્રાવકને આ માહ્યલો એકદેશ ભાગ હોય છે. મુનિને સર્વદેશ હોય ને શ્રાવકને અંશ હોય છે. સંયમ પણ હંમેશા (હોય). એને ઇન્દ્રિયનું દમન, છ કાયના હિંસાના ભાવનો થોડો ત્યાગ એવો તો એને સંયમ દિન (દિન) પ્રત્યે હોય છે.

**'યોગ્યતાનુસાર તપ...'** પોતાની શકિત પ્રમાણે ઇચ્છાના નિરોધરૂપી તપ, એ પણ હંમેશા હોય છે. અને દિન દિન પ્રત્યે **'દાન...'** લ્યો ! આ આકરી વાત પાછી કરી. દરરોજ પાઠ છે ને ? ... વાત છે કે નહિ ? **'षट् कर्माणि दानं चेति गृहस्थानां दिने दिने'** દરરોજ એને કંઈ પણ દાનનો ભાવ આવ્યા વિના રહે નહિ. લક્ષ્મીની મમતા ઘટાડવાનો આહાર આદિ પાણી, ધર્માત્મા, સાધર્મી કે સંત મુનિ એને દેવામાં દાનનો ભાવ (આવે), લક્ષ્મીનો ઉપયોગ સદ્‌ઉપયોગ કરવો, એવો ભાવ એને દિન દિન પ્રત્યે આવે. કહો, સમજાણું કાંઈ ? પેલામાં તો કહે છે, 'નિયમસાર'માં ભાઈ! આવે છે ને ? આલોચનાના અધિકારમાં કે, યોગ્ય સ્થળે ધનના વ્યયનો અભાવ (જેને હોય) તેને કંજુસ ને લોભી કહીએ છીએ. સમજાય છે કાંઈ ? યોગ્ય સ્થળે. જ્યાં જ્યાં જેની યોગ્યતા ને જરૂરિયાત હોય એવે સ્થળે ધનનો વ્યય (ન કરે), એનો અભાવ (જેને હોય) એને અમે લોભી અને કંજુસી કહીએ છીએ. કહો, સમજાણું કાંઈ ?

કાલે ઘણું કહ્યું હતું, એક માયાચારી કહ્યું હતું. ધર્માત્મા નામ ધરાવે અને વિવાહ આદિના પ્રસંગની અંદરમાં લોભ કરે તો તો આ લોકમાં જ એની જરી નિંદા કે અપ્રશંસા થાય. સમજાય છે ? એ છે એની અંદર પાઠમાં. પણ જે ધર્મને માટે લોભ કરે છે, એ તો આ લોક ને પરલોકમાં બન્નેને બગાડે છે અને સમ્યગ્દર્શનને પણ એ બગાડે છે. કહો, સમજાય છે કાંઈ ? એ શ્રાવકના કર્તવ્યમાં એને હોય છે, હોતું નથી એમ નહિ પણ એની દશાની સ્થિતિને એ સમજે છે કે, આ એક પાપથી બચવાનો પ્રસંગ શુભભાવ મને હંમેશા આવો હોવો જોઈએ. કહો, સમજાણું કાંઈ ?

**'યે છે કર્મ શ્રાવકોંકો પ્રતિદિન કરને યોગ્ય હૈ.'** હંમેશા એ ષટ્કર્મ એને હોય છે. નામ ધરાવે શ્રાવક અને કહે અમારે કાંઈ જિનદર્શનની જરૂર નહિ, એ તો પુણ્યબંધનું

કારણ છે. કોણે ના પાડી ? ધંધાના, પાપના પરિણામ આખો દિ' કરે છો, એના કરતા આ શુભભાવ એને જિનદર્શનનો ભગવાનના દર્શનનો પ્રેમ ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ. એમ ગુરુ સેવા વગેરે છએ કર્મ એના હોય છે.

હવે એને સામાયિક કર્મ પણ અવશ્ય હંમેશાનું કરવું હોય છે એ જરી વર્ણવે છે. આનો છએનો વિસ્તાર હજી આગળ આવશે.

**સામાયિકનું લક્ષણ :** ગૃહસ્થાશ્રમમાં એને બે ઘડી નિવૃત્તિ લઈ આત્માનું ભાન હોય એ સામાયિક પણ હંમેશા પ્રયોગ કરે. સામાયિક, પૌષધ અને છેલ્લે ઘડીએ સંથારો. સંથારો શું કહે છે ? સમાધિ મરણ, સંલેખના. આત્માની શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ, એની સામાયિકનો પ્રયોગ, અજમાઈશ હંમેશા કરે કે હું કેટલો અંદરમાં એકાગ્ર રહી શકું છું. મારા ધ્યેયને પકડવામાં મને કેટલી વાર લાગે છે અને કેટલી વાર રહી શકું છું, એવો દિન દિન પ્રત્યે એને સામાયિકનો સવાર-સાંજ આદિ જ્યાં પ્રસંગ હોય એવો એનો પ્રયોગ કરે. પંદર દિવસે પૌષધ આદિનો વખત હોય ત્યારે બાર કલાક કે ચોવીસ કલાક ચૈતન્યના ધ્યેયના પ્રયોગને અજમાવવા એ જાતનો પૌષધ એને હોય છે. અને છેલ્લી ઘડીએ નિર્વિકલ્પ સમાધિ શુદ્ધ ચૈતન્યના સ્વભાવમાં આવી અને સ્થિરતા કરી અને દેહ છૂટે એવો ઉગ્ર પ્રયોગ છેલ્લી ઘડીએ હોય છે. શ્રાવકને આ ત્રણ પ્રયોગ હોય છે. સમજાય છે કાંઈ ?

સામાયિકનો નાનો પ્રયોગ છે, પૌષધનો મોટો છે, સમાધિમરણ(નો એનાથી મોટો પ્રયોગ છે). શ્રાવક પંચમ ગુણસ્થાનમાં ગૃહસ્થાશ્રમમાં રહ્યો છતાં છેલ્લી ઘડીએ પ્રયોગ અંદરમાં અજમાવે છે. અરે..! આ દેહ છૂટવાનો કાળ (આવ્યો છે). ભવની સંધિનો કાળ એ ભવના અભાવની દૃષ્ટિ અને સ્થિરતામાં જાય એને એક, બે ભવ કે અલ્પ ભવ જ રહે છે. ભવ પલટવાના કાળ. આ સામાયિકનો કાળ ને પૌષધનો કાળ જેણે સાધ્યો હોય એને સમાધિ વખતે આવો કાળ પ્રસંગ આવ્યા વિના રહે નહિ. હઠથી કરે એની અહીંયા વાત નથી, હોં ! આ મરે ત્યારે જુઓને ! પછી આ લંગોટી કઢાવી નાખે ને સાધુ કરાવી દે અને આ કરે,... એ તો એક વ્યવહારની વાત છે. અંદર પડ્યો હોય એને ખબર પણ ન હોય. દૃષ્ટિની ખબર ન મળે, જ્ઞાનનું ભાન ન મળે પછી આ એક જાતનો વ્યવહાર (કરે) એ અહીં વાત નથી.

અહીંયા તો ચૈતન્યની શ્રદ્ધાનો પ્રયોગ જેણે સાધ્યો છે, જ્ઞાયકમૂર્તિનો પ્રયોગ જેણે રુચિ ને ધ્યેયમાં લઈ લીધો છે. એ હંમેશા સામાયિકનો પ્રયોગ અંતર્મુખમાં જોઈને કરે છે. ન રહી શકે તો ત્યાં વિકલ્પમાં ભગવાનનું સ્મરણ, સ્વાધ્યાયના વિકલ્પમાં રહે એ શુભભાવને વ્યવહાર સામાયિક કહેવાય અને અંદરમાં એકાગ્ર જે થાય છે, જેટલો રાગ રહિત થઈને ધ્યેયને પકડીને સ્થિર થાય (છે) એને નિશ્ચય સામાયિક કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

# શ્લોક-૮

**समता सर्वभूतेषु संयमे शुभभावना।**
**आर्तरौद्रपरित्यागस्तद्धि सामायकंव्रतम्।।८।।**

**અર્થ :– સમસ્ત પ્રાણીયોંમેં સંયમભાવ રખના તથા સંયમધારણ કરનેમેં અચ્છી ભાવના રખના ઔર આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનકા ત્યાગ કરના ઇસીકા નામ સામાયિકવ્રત હૈ.**

આચાર્ય મહારાજ જંગલમાં રહેતા અરે..! કરુણાબુદ્ધિથી શ્રાવકને માટે શુભ આચાર ને ક્રિયા હોય, એનું આ વર્ણન કરે છે. **'સમસ્ત પ્રાણીયોંમેં સામ્યભાવ રખના...'** એ સામાયિકમાં નથી આવતું ? પેલા ૩૨ શ્લોકની સામાયિક આવે છે ને? ભાઈ ! એમાં શું આવે છે ? 'અમિતગતિઆચાર્ય' **'सर्व तत्त्वे सु मैत्री, तत्त्वे सु मैत्री, गुणे सु प्रमोदम्'** પહેલો શ્લોક છે. **'तत्त्वे सु मैत्री,'** બધા પ્રાણી પ્રત્યે તેને વેરબુદ્ધિ ન હોય, મૈત્રી હોય. શ્રાવકની દૃષ્ટિમાં અને એના ભાવમાં **'तत्त्वे सु मैत्री,'** એને બધા પ્રત્યે મૈત્રી–પ્રેમ હોય. **'गुणे सु प्रमोदम्'** અને પોતા કરતા જ્યાં ગુણમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ શાંતિમાં વૃદ્ધિ હોય એના પ્રત્યે એને પ્રમોદ આવે, એને પ્રમોદ આવે અને **'क्लेष्टे सु देवे सु कृपा परत्वम्'** જે કલેષ્ટ જે પ્રાણી દુઃખી, બહુ દુઃખી, બહુ દુઃખી (હોય) એવા દુઃખી, દરિદ્રીને દેખીને એના ઉપર કૃપાનો ભાવ આવે. સમજાય છે કાંઈ ?

માધ્યસ્થ વ્રતો. જે વિપરીત ભાવવાળા (હોય), જેને બહુ જ વિપરીત ભાવો, ઉલટો ભાવ (હોય), શ્રદ્ધા, જ્ઞાન અને વિરોધભાવમાં વિરોધી ઘણાં હોય એના પ્રત્યે પણ તેની માધ્યાસ્થ વૃત્તિ વર્તે છે. સમજાય છે કાંઈ ? મધ્યસ્થભાવો, વિપરીત વ્રતો. વિપરીત દૃષ્ટિ, કુદૃષ્ટિ, કુજ્ઞાન, કુઆચરણ, મહા લંપટી આદિ હોય એવા પ્રત્યે, દોષી પ્રત્યે પણ ધર્મી જીવને શાંતિ વર્તે. સમજાય છે ? એના ઉપર મધ્યસ્થપણું વર્તે. એમ નહિ કે, આમ તિરસ્કાર કે એવો ભાવ એને હોય નહિ. સમજાય છે ? પછી છે ને ત્રીજું પદ કાંઈ ? .... એમ છે કાંઈ. ... એ મને સદા મને હો એવું ચોથું પદ છે. કહો, સમજાણું કાંઈ ?

છે ને ૩૨ સામાયિકનું ? આ સામાયિકનો આ લોકોને પ્રયોગ ખરો પણ મૂળ વસ્તુની ખબર ન મળે. શ્વેતાંબરમાં સવાર-સાંજ સામાયિકનું બહુ પણ મૂળ હજી દેવ-ગુરુ-શાસ્ત્ર શું છે એ ખબર ન મળે અને આ દેવ-ગુરુ-શાસ્ત્ર વીતરાગી, વીતરાગી દૃષ્ટિ ને વીતરાગી ભાવ અંદરમાં જે કહ્યો એની ખબર ન મળે. સામાયિક કરી છે ને કેટલી ? થોથા, થોથા કરેલા થોથા. હંમેશા આનો પ્રયોગ કરો સામાયિક, હંમેશા કરો પડિકમણા. શેના પણ પડિકમણા ?

હજી મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરતા આવડ્યું નથી, વિપરીત અભિપ્રાય ને વિપરીત માન્યતાનું શલ્ય એના ત્યાગની ભાવનાની ખબર ન મળે એને અવ્રતનું પ્રતિક્રમણ ને પ્રમાદ, કષાયનું પ્રતિક્રમણ–પાછું હઠનું ક્યાંથી આવે ? મૂળ વસ્તુની જ જ્યાં ખબર નથી.

અહીં તો કહે છે કે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની જેને શ્રદ્ધામાં વ્યવહાર બરાબર છે અને નિશ્ચયમાં આત્માની શ્રદ્ધા પણ બરાબર થઈ છે. એ સમસ્ત પ્રાણીઓમાં સામ્યભાવ રાખે **'સંયમ ધારણ કરનેમેં અચ્છી ભાવના રખના...'** શુભભાવના એટલે અચ્છી. એની ભાવનામાં સંયમ ક્યારે વિશેષ લઉં, ચારિત્ર ક્યારે લઉં, એવી ભાવના એને હોય છે. સામાયિક અને પૌષધ મુનિપણાનો પ્રાપ્ત કરવાનો એક પ્રયોગ છે. અને ગૃહસ્થને એવો ભાવ ભાવે, અહો..! એ ચારિત્ર, એ સંયમ દશા, એ વનવાસ ! એવી ચારિત્ર દશા અમને ક્યારે હોય ? સંયમ ષટ્કર્મમાં તો થોડું આવ્યું હતું પણ આ સંયમની ભાવના એની વારંવાર હોય, એમાં એનો તીરસ્કાર હોય નહિ.

**'આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનકા ત્યાગ કરના ઇસીકા નામ સામાયિકવ્રત હૈ.'** એને ભગવાન સામાયિક વ્રત કહે (છે). આર્ત ને રૌદ્ર ધ્યાન નહિ. ધર્મધ્યાન ને શુકલધ્યાન હોય એવી દશાને અહીંયા સામાયિક કહેવામાં આવે છે.

હવે જરી આચાર્ય કહે છે કે, ગૃહસ્થાશ્રમમાં શ્રાવકને સાત વ્યસન ન હોય. નહિતર એ વ્યસની જીવને સમ્યગ્દર્શનના ઠેકાણા ન હોય અને એમાં સ્થિરતા ને સામાયિકના પ્રયોગ કરવાની ભાવનાનો યોગ પણ એને ઉત્પન્ન થાય નહિ.

## શ્લોક–૯

**सामायिकं न जायेत व्यसनम्लानचेतसः।**
**श्रावकेन ततः साक्षात्त्याज्यं व्यसनसप्तकम्।।९।।**

**અર્થ :– જિનમનુષ્યોંકા ચિત્ત વ્યસનોંસે મલિન હો રહા હૈ ઉનકે કદાપિ યહ સામાયિક વ્રત નહીં હો સકતા ઇસલિયે સામાયિકકે આકાંક્ષી શ્રાવકોંકો સાતો વ્યસનોંકા સર્વથા ત્યાગ કરદેના ચાહિયે. ૯.**

**'જિન મનુષ્યોંકા ચિત્ત વ્યસનોંસે મલિન હો રહા હૈ...'** વ્યસન એટલે જ પીડા. સાતે પ્રકારના વ્યસન એ આકુળતા મહા પાપ, મહા પાપ (છે). એવું મલિન જેનું ચિત્ત છે. **'ઉનકે કદાપિ યહ સામાયિક વ્રત નહીં હો સકતા...'** એને સામાયિક

પણ હોય શકે નહિ. **'ઇસલિયે સામાયિકકે આકાંક્ષી શ્રાવકોંકો... '** ધર્માત્માને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનની સામાયિક પ્રગટી છે અને સ્વરૂપની સ્થિરતાની સામાયિકનો પ્રયોગ કરનારને આવા સાત વ્યસનો સપનામાં પણ હોઈ શકે નહિ. સાત વ્યસનનો એને ત્યાગ હોય સમજાય છે ?

આ ત્યાગ તો વ્યવહારના વર્ણનમાં તો વર્ણન એમ જ આવે. પરમાર્થમાં એમ આવે કે, રાગનો ત્યાગ પણ આત્મા કરી શકતો નથી. એ તો વસ્તુની દૃષ્ટિ ને વસ્તુના ભાનમાં સ્થિરતા થતાં રાગ છૂટી જાય છે ત્યાં રાગનો ત્યાગ કર્તા આત્મા છે, એમ પણ વાત સાચી નથી. પણ અહીંયા તો વ્યવહારના કથનમાં સાત વ્યસનનો ત્યાગ રાગ મંદ પડતા એ ત્યાગ થઈ જાય છે. માટે કહે છે કે, સાત વ્યસનનો ત્યાગ શ્રાવક ને સામાયિક કરનારને હોય શકે છે. સમજાય છે કાંઈ ? **'સર્વથા ત્યાગ કર દેના ચાહિયે.'** સાત વ્યસનને સર્વથા છોડી દેવું જોઈએ.

## શ્લોક-૧૦

**द्यूतमांससुरावेश्याखेटचौर्यपराङ्गनाः ।**
**महापापानि सप्तैव व्यसनानि त्यजेद् बुधः ।।१०।।**

**અર્થ :- જૂવા, માંસ, મદ્ય, વેશ્યા, શિકાર, ચોરી, પરસ્ત્રી યે સાત વ્યસન સંસારમેં પ્રબલ પાપ હૈ ઇસલિયે વિદ્વાનોંકો ચાહિયે કિ વે ઇનકા સર્વથા ત્યાગ કરદેવેં. ૧૦.**

**'જૂવા,...'** એ જુગટુ ખેલવું, જુગટુ. એ શ્રાવકને હોઈ શકે નહિ. મોટા સટ્ટોડીયા ને જુઓને ! એ બધા સટ્ટા ને બટ્ટા, શું એ બધા જુગટા હશે કે નહિ ? શું હશે ? વેપાર એવો હોય એ બધી લાઈન જ આખી ફરી ગઈ છે. મોટા જુગટા ખેલ ખેલે. આમાં, આમાંથી આમ (કરે). એ બધા જુગટાનો ભાવ આકુળતા, આકુળતા તીવ્ર પાપનું કારણ છે. એવા ભાવ ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દૃષ્ટિને, શ્રાવકને પહેલે ચોટે એને હોઈ શકે નહિ. અહીં તો કહે છે કે, એ સાત વ્યસન હોય ત્યાં સુધી ધર્મને પાત્ર પણ નથી.

**'માંસ,...'** માંસનો ત્યાગ એને હોય છે. માંસ ન ખાય. માંસ શબ્દે આ બધું તેલ ને આવે છે ને ? શું કહેવાય ? માછલીને.... કોડલીવર (ઓઈલ) ને ફલાણું ને ઢીકણું એ ખોરાકમાં એને ન હોય. શ્રાવકને એ વ્યસનનો ત્યાગ તો પહેલેથી હોય છે. માંસ આદિનો

ત્યાગ (હોય). એના ખોરાકમાં એ પ્રકારના અગમ્ય ત્રસના શરીરનો ભાગ ક્યાંય દેખાય એ ખોરાક એને હોય શકે નહિ. **'મદ્ય,...'** દારૂ... દારૂ... દારૂ... સડો દારૂ એકલો, દારૂ ન હોય. સમજાય છે ? સાચા શ્રાવકને ધર્મીને (એ ન હોય). દારૂ પાય છે ને કેટલાક ? આ સ્ત્રીને સુવાવડનો પ્રસંગ હોય તો એને દારૂ પાય ને એ ઘેનમાં રહે. ધર્મી જીવને એ હોય શકે નહિ. દારૂનો ત્યાગ હોય. સડો એકલો જીવનો પોકાર છે, એકલી જીવાંત છે.

શાસ્ત્રકાર તો કહે છે, દારૂના એક બિંદુમાં કે મધના એક બિંદુમાં એટલા બધા જીવ છે કે સાત ગામના જીવ મારે એટલું એમાં પાપ છે. સમજાણું ? આ અત્તરના ધંધા નથી કરતા ? અત્તર... અત્તર. અત્તર કહે છે ને ? શું કહે છે ? અત્તરની શીશુ. એકલા ત્રસના માંસના બાટલા. એ વેપાર પણ શ્રાવકને ન હોય અને એનો ખોરાક પણ શ્રાવકને હોય શકે નહિ. આગળ આવશે. કાલ કહ્યું હતું ને ? ભાઈએ પૂછ્યું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. નિષેધ છે. અત્તર મહાપાપ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લગાના-ફગાના ન હોય. શ્રાવકને (ન હોય). એટલું મહાન પાપ છે. મધના એક બિંદુમાં મોટું પાપ લખ્યું છે. મધમાં ! આ તો દારૂ છે. સમજાય છે ? એટલો તો એને પહેલો વિચાર સમ્યગ્દર્શન, જ્ઞાન સહિતમાં આવા ભાવનો ત્યાગ જ હોય, એ વાત એને હોય નહિ. એ વ્યવહારની શોભા એ પ્રકારે એની હોય.

**'મદ્ય (દારૂ), વેશ્યા,...'** શ્રાવકને વેશ્યા ન હોય, વેશ્યાનો ત્યાગ હોય. **'શિકાર,...'** એ ન હોય, શિકાર કરવાનું, મારવાનું (ન હોય). **'ચોરી,...'** ન હોય. **'પરસ્ત્રી...'** ન હોય. **'યે સાત વ્યસન સંસારમેં પ્રબલ પાપ હૈ...'** **'महापापानि सप्तैव'** કહો, આચાર્ય મહારાજ જગતની કરુણામાં કહે છે કે, ભાઈ ! આવા સાત વ્યસનો હોય તો તને ધર્મ નહિ પરિણમે, આવા સાત વ્યસનમાં પડ્યો હોઈશ ત્યાં સુધી તને ધર્મની સૂઝ પડશે નહિ.

**'ઇસલિયે વિદ્વાનોંકો...'** **'बुधः'** શબ્દ છે ને ? **'बुधः'** મૂળ તો જ્ઞાની, **'बुधः'** એટલે જ્ઞાની. જ્ઞાની જીવોએ, ધર્માત્મા જીવોએ એ સાત વ્યસનનો ત્યાગ કરવો જોઈએ. વિશેષ (વર્ણન) કરે છે...

## શ્લોક-૧૧

**धर्मार्थिनोऽपि लोकस्य चेदस्ति व्यसनाश्रयः।**
**जायते न ततः सापि धर्मान्वेषणयोग्यता।।११।।**

**અર્થ :– જો પુરુષ ધર્મકી અભિલાષા કરનેવાલા હૈ યદિ ઉસકેં ભી યે વ્યસન હોવે તો ઉસપુરુષમેં ધર્મ ધારણકરનેકી યોગ્યતા કદાપિ નહીં હો સકતી અર્થાત્ વહ ધર્મકી પરીક્ષાકરનેકા પાત્રહી નહીં હો સકતા ઇસલિયે ધર્માર્થીપુરુષોંકો અવશ્ય હી વ્યસનોંકા ત્યાગ કર દેના ચાહિયે. ૧૧.**

ઇ ત્યાં છે, 'પુરુષાર્થસિદ્ધિ'માં પણ ''અમૃતચંદ્રાચાર્યે' લીધું છે. '**જો પુરુષ ધર્મકી અભિલાષા કરનેવાલા હૈ...**' આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની '**અભિલાષા કરનેવાલા હૈ યદિ ઉસકેં ભી યે વ્યસન હોવે...**' એને જો આ સાત વ્યસન હોય '**ઉસ પુરુષમેં ધર્મ ધારણ કરનેકી યોગ્યતા કદાપિ નહીં હો સકતી**' એને આ ધર્મ ધારણ કરવાની યોગ્યતા કદાપી હોય શકે નહિ. સાત વ્યસન તો મહાપાપ છે. સમજાય છે કાંઈ ? એના કરતા મિથ્યાત્વ મહાપાપ છે પણ એનો ત્યાગ તો પહેલા કીધો. સાત વ્યસન કરતા પણ મિથ્યાત્વનું પાપ અનંત ગણુ મહાન છે. બરાબર છે ?

'ટોડરમલે' લખ્યું છે, પહેલો વિપરીત અભિપ્રાય કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધા છોડવી અને સાચા સુદેવ, સુગુરુ, સુશાસ્ત્રની શ્રદ્ધા કરવી અને એ રાગમાં પણ ધર્મ માને તો એ પણ મિથ્યાત્વ છે. એમ એણે પહેલો તો યથાર્થ અભિપ્રાયને શુદ્ધ કરવો, નહિતર એ સાત વ્યસન કરતા પણ એ પાપ મારી નાખે એવું છે. લોકની લાજે નહિ, દુનિયાની શરમે નહિ. નીતિમાં નીપૂણ પુરુષો સત્યમાંથી એક પણ ડગલું આગળ ભરતા નથી. એમાં 'ટોડરમલ'માં છે. સમજાય છે કાંઈ ? મહાન પાપ છે. અને એ ત્યાગ કર્યા (પછી)–મિથ્યાત્વના ત્યાગ પછી સાત વ્યસનનું મોટું પાપ છે. સમજાય છે કાંઈ ?

અહીં તો કહે છે, '**યે વ્યસન હોવે તો ઉસ પુરુષમેં ધર્મ ધારણ કરનેકી યોગ્યતા કદાપિ નહીં હો સકતી...**' સમજાય છે કાંઈ ? એક જણો કહેતો હતો. આ 'મોક્ષમાર્ગપ્રકાશક' વાંચ્યું. સાધુ નામ ધરાવે. સ્થાનકવાસી હતા ને થઈ ગયા દેરાવાસી. પછી આ 'મોક્ષમાર્ગપ્રકાશક' વાંચ્યું, અહીંનું બધું વલણ વલણ ચાલે છે ને ? નિશ્ચયનું ને આ તે. પછી કહે કે, માંસ હોય કે દારૂ હોય એ ક્રિયા ક્યાં આત્મા કરે છે. નિશ્ચય હોય તો એને કાંઈ વ્યવહાર-વ્યવહાર નડતો નથી. અરે..! મરી જશે કીધું આ. નિશ્ચયનું જેને ભાન હોય તેને આવા વ્યસનો હોય શકે નહિ. ભાવ છે કે નહિ ? ક્રિયાની ક્યાં વાત છે અહીંયા ? એવા ભાવ મહાપાપ છે. નિશ્ચયનું જેને ભાન છે, એને પછી એવા વ્યવહારના ત્યાગની શું જરૂર છે ? હો કે ન હો એની સાથે સંબંધ નથી, એમ કહે છે.

એક સાધુ હતો. આમ તો સ્થાનકવાસી હતાં પણ થઈ ગયા દેરાવાસી, દેરાવાસી થયા ને પછી અહીંયા ચોમાસું રહ્યાં હતા. એમાં એક ફેરી 'મોક્ષમાર્ગપ્રકાશ' ને અહીંનું વાંચ્યું હતું. બસ ! નિશ્ચયવાળાને વ્યવહારનો ત્યાગ હોય કે ન હોય એની સાથે સંબંધ નથી.

એ તો માંસ પણ હોય ને ઈંડા પણ હોય ને દારૂ પણ હોય. આહા..હા..! મરી જઈશ. નિશ્ચયના ભાન વિના એકલા નિશ્ચયાભાસી એની યોગ્યતા ભૂમિકામાં....

અહીં તો કહે છે, સાત વ્યસનનો ભાવ હોય, પરસ્ત્રીનો ભાવ, વેશ્યાનો ભાવ, માંસનો-દારૂનો ભાવ એવા જીવને ધર્મને સમજવાની, ધારણ કરવાની (યોગ્યતા નથી). આકુળતા ઉગ્ર હોય ત્યાં ધર્મ ધારવાની ધીરજતા ક્યાંથી આવે ? માટે સમ્યગ્દર્શન પહેલા પણ સાત વ્યસનનો ત્યાગ તો એને હોવો જોઈએ. કહો, સમજાણું ?

**'વહ ધર્મકી પરીક્ષા કરનેકા પાત્રહી નહીં હો સકતા...'** સાત વ્યસનવાળો ધર્મની પરીક્ષા કરવાને પાત્ર–યોગ્ય જ નથી. **'ઇસલિયે ધર્માર્થી પુરુષોંકો અવશ્ય હી વ્યસનોંકા ત્યાગ કર દેના ચાહિયે.'** આચાર્ય એને વર્ણવે છે.

## શ્લોક–૧૨

**सप्तैव नरकाणि स्युस्तैरेकैकं निरूपितम्।**
**आकर्षयन्नृणामेतद्व्यसनं स्वसमृद्धये।।१२।।**

**અર્થ :– આચાર્ય કહતે હૈં કિ જિસપ્રકાર વ્યસન સાત હૈ ઉસીપ્રકાર નરક ભી સાત હી હૈ ઇસલિયે એસા માલૂમ હોતા હૈ કિ ઉન નરકોંને અપની અપની વૃદ્ધિકેલિયે મનુષ્યોંકો ખીંચકર નરકમેં લે જાનેકે લિયે એક એક વ્યસનકો નિયત કિયા હૈ. ૧૨.**

**'આચાર્ય કહતે હૈં કિ જિસપ્રકાર વ્યસન સાત હૈ ઉસીપ્રકાર નરક ભી સાત હી હૈ...'** કુદરતે જગતમાં નરકના સ્થળો પણ સાત છે. **'ઇસલિયે એસા માલૂમ હોતા હૈ...'** આચાર્ય જરી સંબંધ કરે છે કે, **'ઉન નરકોંને અપની અપની વૃદ્ધિકે લયે...'** નરકમાં જીવની વૃદ્ધિને કારણે, **'મનુષ્યોંકો ખીંચકર નરકમેં લે જાનેકે લિયે એક એક વ્યસનકો નિયત કિયા હૈ.'** એક એક વ્યસનનો સેવનાર એક એક નરકમાં જાય. એ સાતેય નરકનું પૂરું એ પાડશે. સાતેય નરકમાં એ સાત વ્યસન સેવનારા પૂરું પાડશે, નહિતર ત્યાં પૂરું થાશે નહિ. એટલે આચાર્ય કહે છે, સાતે વ્યસનના સેવનારા નરકમાં જાનારા છે. કહો, સમજાય છે કાંઈ ? એવા વ્યસનો એને હોય શકે નહિ. સમજાય છે કાંઈ ? આચાર્યે એનો મેળ કર્યો કે, જગતમાં સાત નરક કુદરતે છે. સાત વ્યસનો સેવનારને ત્યાં ખેંચીને નરકમાં લઈ જાય છે, માટે સાત નરક કુદરતે બનેલી છે. હવે બીજો દૃષ્ટાંત વિશેષ કહે છે.

# શ્લોક-૧૩

**धर्मशत्रुविनाशार्थं पापाख्यकुपतेरिह।**
**सप्ताङ्गंबलवद्राज्यं सप्तभिर्व्यसनैः कृतम्।।१३।।**

**અર્થ :– ઔર ભી આચાર્ય કહતે હૈં કિ ધર્મરૂપીવૈરીકે નાશકેલિયે પાપનામક દુષ્ટરાજાકા સાતવ્યસનોંસે રચા હુવા યહ સાત હૈં અંગ જિસકે એસા બલવાન્ રાજ્ય હૈ. ૧૩.**

**'ઔર ભી આચાર્ય કહતે હૈં કિ ધર્મરુપી વૈરીકે નાશકે લિયે...'** ધર્મરૂપી વેરીના નાશને માટે, **'પાપ નામક દુષ્ટરાજાકા સાત વ્યસનોંસે રચા હુવા યહ સાત હૈં અંગ જિસકે...'** પાપી રાજાના સાત અંગ છે. જેમ એને અંગ હોય છે ને ? આમ ઘોડા ને હાથી ને બધું સેના ને, એમ પાપી રાજાના આ સાત વ્યસન એક અંગ છે, એ પાપ ધર્મનો વેરી છે. ધર્મના નાશ કરવાને માટે સાત વ્યસનો છે. કહો, સમજાણું ? **'એસા બલવાન્ રાજ્ય હૈ.'** સાત વ્યસનનો સેવનાર એવો પાપી એ રાજા. એને સાત અંગનું રાજ ગણ્યું. એ ધર્મનો વેરી છે, ધર્મનો નાશ કરી નાખે છે. માટે ધર્માત્માને, ધર્મના અભિલાષીને એ સાત વ્યસન હોય શકે નહિ.

**'જિસપ્રકાર રાજા સપ્તાંગ સેનાસે શત્રુકા વિજય કરતા હૈ...'** દેવમાં પણ સાત સેના આવે છે. **'જિસપ્રકાર રાજા સપ્તાંગ સેનાસે...'** સપ્તાંગ સેનાસે–સાત અંગ. શત્રુકા નાશ કરતા હૈ. **'ઉસીપ્રકાર યહ પાપરૂપ રાજા ભી સપ્તવ્યસનરૂપી સપ્તાંગ સેનાસે ધર્મરૂપી શત્રુકો જીતતા હૈ...'** સાત વ્યસનનું પાપ ધર્મરૂપી શત્રુને હરાવી દે છે. **'ઇસલિયે જો પુરુષ ધર્મકી રક્ષા કરના ચાહતે હૈં ઉનકો ઇન સપ્ત વ્યસનોંકા સર્વથા ત્યાગ કર દેના ચાહિયે.'** કહો, સામાયિક લીધી, ષટ્કર્મ લીધા અને આ એક સાત વ્યસનનો ત્યાગ (કહ્યો). હવે એ ષટ્કર્મમાં એક એકને વિસ્તારે છે. જિનેન્દ્ર દેવની પૂજા શ્રાવકને હંમેશા હોય, એનો વિસ્તાર કરે છે.

# શ્લોક–૧૪

आचार्य छ आवश्यकोंकी महिमाका वर्णन करते हैं।

**प्रपश्यन्ति जिनं भक्त्या पूजयन्ति स्तुवन्ति ये।**
**ते च दृश्याश्च पूज्याश्च स्तुत्याश्च भुवनत्रये।।१४।।**

**અર્થ :– જો ભવ્યજીવ જિનેન્દ્રભગવાનકો ભક્તિપૂર્વક દેખતે હૈં તથા ઉનકી પૂજા સ્તુતિ કરતે હૈં વે ભવ્યજીવ તીનોં લોકમેં દર્શનીય તથા પૂજાકે યોગ્ય તથા સ્તુતિકે યોગ્ય હોતે હૈં અર્થાત્ સર્વલોક ઉનકો ભક્તિસે દેખતા હૈ તથા ઉનકી પૂજા સ્તુતિ કરતા હૈ. ૧૪.**

ઓહો...! જેને આત્માની અંતર ભક્તિ દૃષ્ટિ પ્રગટી છે એ જિનેન્દ્ર ત્રણલોકના નાથ પરમેશ્વર વીતરાગ દેવની પૂજા હંમેશા કરતો હોય છે. સમજાય છે ? કોઈ વાર-પરબારે જાય અને પછી ગણાવે કે, અમે ભગવાનની પૂજા કરનારા છીએ. કહો, સમજાણું કાંઈ ? **'જો ભવ્યજીવ જિનેન્દ્ર ભગવાનકો ભક્તિપૂર્વક દેખતે હૈં...' 'प्रपश्यन्ति जिनं भक्त्या'** સમજાય છે કાંઈ ? ઇ કેમ યાદ આવ્યા ? એણે પૂછ્યું હતું પરમ દિવસે કે, ભગવાનની ભક્તિ કરીએ ત્યારે તત્પર થયા વિના તો ભગવાનની ભક્તિ ન હોય, રાગમાં એકાકાર થયા વિના તો ન હોય. નિશ્ચય દૃષ્ટિવંતને આવી ભગવાનની ભક્તિ આવે ? અરે..! આવ્યા વિના રહે નહિ. છતાં રાગ અને સ્વભાવને એક માને નહિ. ભક્તિનો રાગ આવ્યા વિના રહે નહિ. દિન દિન પ્રત્યે ભગવાનની પૂજા (કરે) છતાં ધર્મીને તે રાગ અને સ્વભાવ બે ભિન્ન ભિન્ન ભાસમાં વર્તતા હોય છે, તો એ જિનેન્દ્ર ભગવાનની ભક્તિનું વાસ્તવિક વ્યવહાર કર્તવ્ય કહેવામાં આવે. નહિતર તો એકલો વ્યવહારાભાસ થઈ જાય છે, વ્યવહારાભાસ. એકલા રાગમાં લીનતા ને રાગની ક્રિયામાં એકાકાર (થાય છે). પણ હું એક એનો જાણનાર છું. શ્રદ્ધા જ્ઞાન સંપન્ન આત્મા છું, એમાં રાગનો ત્રિકાળ અભાવ છે. એ બેની વચ્ચેનો અભાવ એને દૃષ્ટિમાં ન રહે તો રાગમાં એકાકાર થાય તો એને વ્યવહાર ભક્તિ પણ ખરેખર કહેવામાં આવતી નથી. આ વાત છે.

**'ભવ્યજીવ જિનેન્દ્રભગવાનકો ભક્તિપૂર્વક દેખતે હૈં...'** આમ તો દેખે એમ નહિ. જય નારાયણ, જય ભગવાન એમ કરીને ભાગે (એમ નહિ). પ્રેમથી (દર્શન કરે), ઓહો..! ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ અક્રિયબિંબ જેની મૂર્તિ અક્રિયપણું લોકાલોકને જાણે જાણતી હોય એવી વીતરાગ મુદ્રાનું બિંબ દેખાય છે. એમ જે ભક્તિના પ્રેમથી ભગવાનને

ભાળે છે, કહે છે ઇ પૂજાને યોગ્ય થાય છે. એની સાથે શબ્દ લેવો. '**जिनेन्द्र भक्त प्रपश्यन्ति जिनं भक्त्या पूजयन्ति**' એ જગતમાં પૂજાય છે, એવા પુણ્ય બાંધશે. ઇન્દ્રો જેને પૂજશે. ઓહો..હો..! સમજાય છે કાંઈ ? જિનેન્દ્ર ભગવાનની ભક્તિથી જે પૂજા કરે એની ઇન્દ્રો પૂજા કરશે. એમ કરીને એનું ફળ પુણ્ય ને પુણ્યનું ફળ બતાવ્યું છે. સમજાણું કાંઈ ? એ પુણ્ય જ જાુદી જાતનું લોકોત્તર પુણ્ય હોય છે. સમજાણું ?

સો કળથી અનાજ ઉગે એમાં સો ભરોટા ગાડાના ખડ થાય. સમજાય છે ને ? આ અનાજ પાકે એટલે ખડ તો થાય ને ? ખડ. રાડા, રાડા. સમજાય છે ? ઘાસ, ઘાસ. ઘાસ તો થાય સો ગાડા. સો કળથી સો ખાંડી અનાજ પાકે ભેગુ આવું ઘાસ હોય જ. પછી ક્યાંક એવું હોય કે, ઘાસ એકલું થાય ને દાણા ન હોય. આ 'છપ્પનીયા'માં એકલું ઘાસ પા યું. 'છપ્પનીયા'માં પાંચ-પાંચ, છ-છ ઈંચ વરસાદ તો થઈ ગયો હતો, હોં ! બાટા થયા હતા, બાટા. બાટા એટલે થોડું થોડું ખડ. પણ અનાજ ન મળે. ક્યાંય એમ નહિ કે, ભાઈ ! આ અનાજ સો ખાંડી પા યું અને ઘાસનું એકેય તરણું થયું નહિ. એમ હોય શકે નહિ.

એમ જેને ભગવાન આત્માની પ્રતીત અને રુચિ થઈ છે એને ત્રિલોકનાથ ભગવાનની ભક્તિના જે પુણ્ય છે એને ઇન્દ્રો પૂજશે તેવું એ પુણ્ય બાંધશે. દુનિયા સાધારણ પૂજે ને સાધારણ જલસા કરે, એ વાત નહિ, એમ કહે છે અહીં તો. આનું પુણ્ય જ જાુદી જાતનું હોય છે. એ સમ્યગ્દૃષ્ટિનું જે પુણ્ય છે, એવે સ્થાને એ જન્મશે કે, દુનિયાના પૈસામાંથી વારસો મુંદિયા વેરો ને આ પૂછડા વેરો ને ઘર વેરો ને એ લેવું ન પડે એને. એવા સ્થાનમાં એ જન્મે, કુદરતે એવા પુણ્યને લઈને જ્યાં એ રાજકુમાર કે મોટા અબજોપતિમાં જન્મે. સમ્યગ્દૃષ્ટિ અહીંયા પુણ્ય બાંધીને ત્યાં આગળ (જન્મે કે) દરિયાની આસપાસમાં માછલા એવા પાકે કે કરોડો રૂપિયા ને અબજો રૂપિયાના મોતી પાકે. એ પુણ્ય લઈને જ ભેગો આવે. કાં આસપાસના પથ્થરના દળિયા નિલમણીના રત્નના પથરા થઈ જાય. પથરા જે પાકતા હોય (એમ) નિલમણી પાકે અંદર. એ રૈયત એમ કહેતી આવે કે, આ કોઈ પૂર્વનો પુણ્યવંત પ્રાણી બીજી જાતનો છે. અમારામાંથી ભાગ લેતો નથી અને અમારા કરતા પુણ્યના પ્રભાવ અને ફળ આવું કોઈ જુદી જાતનું છે. ધર્મી જીવ સમ્યગ્દૃષ્ટિને આવું પુણ્ય બંધાય છે. જેમાં પુણ્યનો આદર નથી ત્યાં પુણ્ય આવું બંધાય છે અને જ્યાં પુણ્યનો આદર છે ત્યાં એવા પુણ્ય બંધાતા નથી. 'ત્યાગે એને આગે ને માગે એને આઘે'.

અહીં એ વાત કહેવા માંગે છે કે, ઓહો..! વીતરાગની ભક્તિ શુભ વિકલ્પ ઉઠ્યો છે. પરમાત્માની ભક્તિ ત્યાં ઇન્દ્રો પણ કરે છે. આ 'અષ્ટાનિકા'માં જુઓને ! ત્યાં નંદિશ્વર દ્વિપમાં મણિરત્નની શાશ્વતી પ્રતિમાઓ છે, બાવન જિન મંદિર છે. ત્યાં જઈને ઇન્દ્રો એકાવતારી એક ભવે મોક્ષ જનારા અને એની ઇન્દ્રાણી શચી અને શચી પતિ બન્ને એક ભવે મોક્ષ (જનારા છે). એકાવતારી, એક ભવતારી. ત્યાં જઈને ભગવાનને આમ ખુશીથી (પૂજે છે).

ઓ..હો..! પણ ભગવાન તો સાક્ષાત્ મહાવિદેહમાં બિરાજે છે ને ! પણ એ પ્રસંગે ઇ જાય અને આ વખતે એવી અષ્ટાનિકામાં ભગવાનની ભક્તિ કરે, ઘુઘરા બાંધીને કરે, ઘુઘરા બાંધીને ! દેહની સ્થિતી તો દેહને કારણ થાય પણ એવો વાત્સલ્ય ભાવ ઉછળે છે. ઓ..હો..! પ્રભુ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તારો કુદરતની સાથે મેળ છે. તું જ્યાં અનાદિથી ચૈતન્યમૂર્તિ બિરાજે છે તો એની પ્રતિમાઓ પણ અનાદિથી બિરાજે છે. જેમ અનાદિથી ચૈતન્ય વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા મનુષ્ય દેહમાં બિરાજે છે. કોઈ દિ' અરિહંત સિવાયનો મનુષ્ય લોક હોય નહિ. તો ચૌદ બ્રહ્માંડની અંદર પણ જિન પ્રતિમાઓ અનાદિની આ ચંદ્ર-સૂર્યની પેઠે છે. એની ભક્તિ ઇન્દ્રો જઈને કરે છે. કહો, સમજાણું કાંઈ ?

કહે છે, ભગવાનની જે ભક્તિથી પૂજા કરશે, ભક્તિ કરશે તેને દુનિયા, દુનિયાના લોકો પૂજશે. '**તીનોં લોકમેં દર્શનીય...**' થશે. ભગવાનને દેખનારા ત્રણલોકમાં દર્શનીય થશે. '**भक्त्या पूजयन्ति स्तुवन्ति**' કહો, '**પૂજા સ્તુતિ કરતે હૈં વે ભવ્યજીવ તીનોંલોકમેં દર્શનીય તથા પૂજાકે યોગ્ય તથા સ્તુતિકે યોગ્ય હોતે હૈં...**' ત્રણલોક તેની પૂજા કરશે અને ત્રણલોક તેની સ્તુતિ કરશે. ઇચ્છા નથી એને પણ એવો ભાવ એમાં આવ્યા વિના રહે નહિ. તીર્થંકર ગોત્રનો બંધભાવ થાય, જેના ફળમાં ચૌદ બ્રહ્માંડમાં જરી ખળભળાટ થઈ જાય. એવી અત્યંત પ્રકૃતિ. પણ એ હોય કોને ? કે, જેને અંદરના રાગનો ભાગ આદરમાં નથી તેને. વ્યવહારે આદરણીય છે પણ પરમાર્થે આદરણીય નથી. એને એવી ભક્તિ, સ્તુતિ અને પૂજા હોય. દુનિયા એની ભક્તિ, પૂજા ને સ્તુતિ કરશે.

'**સર્વલોક ઉનકો ભક્તિસે દેખતા હૈ...**' ભગવાનને ભક્તિથી દેખ્યા. દુનિયા સર્વ લોક એને ભક્તિથી (જોશે). લોકોતર પુણ્ય છે ને ? આત્માના ભાન ભૂમિકામાં ભાવ પુણ્ય, સત્ પુણ્ય બાંધ્યું છે. આ ભાવ પુણ્ય કહેવાય. ભાવ એટલે સત્ પુણ્ય. કે, જે સત્‌ની શ્રદ્ધા-જ્ઞાનની ભૂમિકામાં સત્ ભાવ, વ્યવહારે આવો સત્ ભાવ આવ્યો કે દુનિયા એને ભક્તિપૂર્વક દેખશે. '**તથા ઉનકી પૂજા સ્તુતિ કરતા હૈ.**' હવે કહે છે.

## શ્લોક–૧૫

**ये जिनेन्द्रं न पश्यन्ति पूजयन्ति स्तुवन्ति न।**
**निष्फलं जीवितं तेषां तेषां धिक् च गृहाश्रमम्।।१५।।**

**અર્થ :– કિન્તુ જો મનુષ્ય જિનેન્દ્રભગવાનકો ભક્તિસે નહીં દેખતે હૈં ઔર ન ઉનકી ભક્તિપૂર્વક પૂજા સ્તુતિ હી કરતે હૈં ઉન મનુષ્યોંકા જીવન સંસાર મેં નિષ્ફલ હૈ તથા ઉનકે ગૃહસ્થાશ્રમકે લિયે ભી ધિક્કાર હૈ. ૧૫.**

ભાઈ ! આચાર્યને આવું ! એ તો વસ્તુનું સ્વરૂપ વર્ણવે છે. અરે..! પણ પરમાત્માની ભક્તિ અને તારા સ્તવન. **'કિન્તુ જો મનુષ્ય જિનેન્દ્રભગવાનકો ભક્તિસે નહીં દેખતે હૈં...'** ભગવાનની મૂર્તિ, પ્રતિમા. 'જિન પ્રતિમા, જિન સારખી, કહી આગમ માંહી' 'બનારસીદાસ' તો કહે છે. સમજાય છે ? 'જિન પ્રતિમા, જિન સારખી, અલ્પ ભવ સ્થિતી જાકી-સોહિ પ્રમાણે જિન પ્રતિમા, જિન સારખી.' 'સમયસાર નાટક'માં છે, 'સમયસાર નાટક' છે ને ? 'બનારસીદાસ' 'કહત બનારસી અલ્પ ભવ સ્થિતિ જાકી' એટલે કે દૃષ્ટિનું ભાન છે અને એને ભગવાન... 'કહત બનારસી અલ્પ ભવ સ્થિતિ જાકી, તોહિ પ્રમાણે જિન પ્રતિમા, જિન સારખી.' ભગવાન સાક્ષાત્ બિરાજે છે એવો એને આહ્‌લાદ ને ભક્તિ ને વાત્સલ્ય આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ ?

મૂર્તિ નહિ માનનારને માટે આ બહુ વિરુદ્ધ છે. પેલા કહે કે, અમે ભલે મૂર્તિ ન માનીએ. ક્યાં સ્તુતિ (કહી છે) ? 'કુંદકુંદાચાર્ય' મહારાજે તો વ્યવહાર સ્તુતિનો નિષેધ કર્યો છે. એક જિનેન્દ્રી હોય તેને આવો નિશ્ચય હોય એને સ્તુતિ કીધી છે. એ દાખલો આપે છે. માટે ભગવાનની મૂર્તિ ને પૂજા-બૂજાની વાત કાંઈ 'સમયસાર'માં લાગતી નથી. અરે..! સાંભળને ! એના ઘરની તને શી ખબર પડે. નિશ્ચયની વાત લેવા જાય તો એ લે અંદર. ભગવાનની મૂર્તિ ને પૂજા (નથી).

અમે આખું તત્ત્વાર્થસૂત્ર જોયું. એક જણો કહેતો હતો. સમજ્યા ને ? આ 'ઉમાસ્વામી'નું આખું તત્ત્વાર્થસૂત્ર જોયું પણ એમાં ક્યાંય મૂર્તિ નથી. પણ આ ચાર નિક્ષેપ નથી એમાં ? નામ, સ્થાપના, દ્રવ્ય ને ભાવ બધામાં ઉતાર્યા છે. સાતે તત્ત્વમાં, અરિહંતમાં, સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં અને સમ્યક્ચારિત્રમાં, બધામાં આમ ચાર નિક્ષેપ ઉતાર્યા છે. આખું તત્ત્વાર્થ સૂત્ર જોયું. આમ વાચાળ બોલે. એમાં ક્યાંય મૂર્તિ નથી, હોં ! આ તો કોણ જાણે લઈને ક્યાંથી પડ્યા છે. અહીં આ માનસ્તંભની મૂર્તિ દેખી ને. બહારથી આમ ચાલ્યા જતા હતા. અને કહે, આ મૂર્તિ-બુર્તી શાસ્ત્રમાં કાંઈ નથી, અમે શાસ્ત્રમાં બધું તત્ત્વાર્થસૂત્ર પણ આખું જોયું છે. બહુ સારું. આહા..હા..! અરે..! ભાઈ ! તને હજી વ્યવહાર શ્રદ્ધાના ઠેકાણા નથી એને નિશ્ચય શ્રદ્ધાની ભૂમિકામાં વાસ્તવિક પ્રતિમા, એના નય, વ્યવહાર નયનો વિષય નિક્ષેપ છે એ આવ્યા વિના રહેતો નથી. કહો, સમજાણું કાંઈ ?

કહે છે, **'જો મનુષ્ય જિનેન્દ્રભગવાનકો ભક્તિસે નહીં દેખતે હૈં ઔર ન ઉનકી ભક્તિપૂર્વક પૂજા સ્તુતિ હી કરતે હૈં...'** ભગવાન, મૂર્તિ બિરાજતા હોય અને એમ ને એમ પગે લાગ્યા વિના ચાલ્યો જાય તો એ અનાદર કરનાર, અશાતના કરનાર છે. સમજાય છે ? કે, અમે તો માનીએ છીએ, ચાર નિક્ષેપ માનીએ છીએ, નિક્ષેપ માનીએ પણ વંદન-બંદન નથી. એ નિક્ષેપને જ માનતો નથી. સમજાય છે કાંઈ ?

શાસ્ત્રમાં આવે છે કે, મહામુનિ આદિ ધ્યાનમાં હોય, ઉપરથી વિમાન નીકળ્યું હોય.

વંદન કર્યા વિના ચાલે તો વિમાન થંભી જાય. વિમાન થંભી જાય ! આ આનું એમ થયું હતું ને આમાં ? શું ? આ પાર્થનાથ ભગવાન, કમઠનું. પાર્થનાથ ભગવાન ધ્યાનમાં (બેઠા હતા) ને માથે, આમ જોયું, આ કોણ ? મારું વિમાન અટકાવ્યું. પેલો તો એમ જોવે કે, ઓહો..! વંદન યોગ્ય (મહામુનિ) નીચે બિરાજે છે એને ઓળંગીને જવાય નહિ એવો કુદરતનો નિયમ છે. એને વંદન અને ભક્તિ-પૂજા કર્યા વિના જવાય નહિ, એવો કુદરત સાથે એનો સંબંધ છે. એમ ન લેતા વિરોધ કર્યો. હેઠે ઉતરીને પાણી નાખ્યું ને પથ્થરા નાખ્યા ને અગ્નિ (કરી). ભડકા એને ઘરે. ભગવાન તો ધ્યાનમાં મસ્ત (રહ્યા). ધરણેન્દ્ર, પદ્માવતી (આવ્યા). એ તો એ જાતનો પુણ્યનો યોગ્ય હતો. કેવળજ્ઞાન પામવાના છે. એ કાંઈ એના પરિષહથી કાંઈ મરી જાય કે દેહ છૂટી જાય એવું હતું નહિ. ધરણેન્દ્ર આવ્યા. સમજાણું ? અને પદ્માવતી દેવી બન્નેએ આવીને ભગવાન ... એવી ભક્તિ ધરણેન્દ્રને ત્યાં ઉછળી. ક્યાં ધરણેન્દ્ર ભુવનપતિમાં અને ક્યાં ભગવાન અહીં ! પણ એવો ભક્તિનો ભાવ (આવ્યો). ક્યાંક પ્રતિકૂળતા થઈ ભગવાનને. આસન કંપ્યુ. કાંઈક ફેરફાર છે. આમ ઉપયોગ મુકે છે ઓહો..! પાર્શ્વનાથ ભગવાનને કમઠ ઉપસર્ગ આપે છે. .... એમાં ને એમાં ધ્યાન કરીને કેવળજ્ઞાન પામ્યા, ઉપસર્ગ છૂટી ગયો.

કહે છે, જે મનુષ્ય ભગવાન વીતરાગ ત્રિલોકનાથની ભક્તિ કરતા નથી, પૂજા કરતા નથી અને '**સ્તુતિ નહી કરતે હૈં ઉન મનુષ્યોંકા જીવન સંસાર મેં નિષ્ફલ હૈ તથા ઉનકે ગૃહસ્થાશ્રમકે લિયે ભી ધિક્કાર હૈ.**' આચાર્ય કહે, ધિક્કાર છે. આપ તો વીતરાગ છો ને ? હવે સાંભળ ને ! મુનિ, મહાત્મા, દિગંબર સંત, ભાવલિંગી વીતરાગ પદમાં બિરાજે છે. ઇ કહે છે, અરે..! ગૃહસ્થાશ્રમી ! ત્રિલોકના નાથની મૂર્તિને, પ્રતિમાને ઓળંગીને તું માનતો નથી, પગે લાગતો નથી, સ્તુતિ કરતો નથી, પૂજા કરતો નથી તારા ગૃહસ્થાશ્રમને (ધિક્કાર છે). આ બીજે ઠેકાણે દાન અધિકારમાં આવે છે. આમાં નહિ. સમજાણું ?

જે ગૃહસ્થાશ્રમમાં ભગવાનની ભક્તિ નથી, દાન નથી, દિન પ્રત્યે પૂજા નથી એવા ગૃહસ્થાશ્રમને ઊંડા પાણીમાં લઈને એને હોમી દે, અંજળી દઈ દે એવા ગૃહસ્થાશ્રમને. નરકને સ્થાનને માટે એવો ગૃહસ્થાશ્રમ ? જ્યાં ભગવાનની ભક્તિ નહિ, જ્યાં ધર્માત્માનો આદર નહિ, જ્યાં ધર્માત્મા આવે એનો આહાર-પાણીનો સત્કાર નહિ અને હંમેશા દાનઆદિનો ભાવ નથી એવા વિષમ જાળવાળુ ઘર ઊંડા પાણીમાં લઈને એને અંજળી આપી દે, કહે છે, 'પદ્મનંદિ આચાર્ય' કહે છે. સમજાણું કાંઈ ? 'દાન અધિકાર'માં ઘણું આવશે. 'દાન અધિકાર'માં આવે છે. એવા ગૃહસ્થાશ્રમને ઊંડા ગહન પાણીમાં બોળી દેજે. તારો ગૃહસ્થાશ્રમ નરકમાં લઈ જાય શું કામનો ? કહે છે. સમજાય છે કાંઈ ?

વ્યવહાર છે કે નહિ ? 'સોનગઢ'વાળા વ્યવહાર ઉડાવે છે. અરે..! સાંભળ તો ખરો ! વ્યવહારના સ્થાનમાં વ્યવહાર બરાબર છે. વ્યવહાર ન હોય, એમ હોઈ શકે નહિ. પણ એને પાપથી બચવા પૂરતો શુભભાવ લોકોત્તર બીજી જાતનો હોય છે પણ એનું ફળ અનુકૂળ સંયોગ

(છે). મહા ઇન્દ્રો પૂજા કરે એવો સંયોગ ફળે એટલી એની મર્યાદા છે અને એવી મર્યાદા એને આવ્યા વિના રહેતી નથી. વીતરાગપણું જ્યાં સુધી ન પ્રગટે ત્યાં સુધી ગૃહસ્થાશ્રમમાં ચારિત્ર પણ નથી અને ચારિત્ર વિના કેવળજ્ઞાન હોઈ શકે નહિ. ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન કોઈ દિ' હોય નહિ. ગૃહસ્થાશ્રમમાં રહ્યો પાંચમે ગુણસ્થાને કોઈને કેવળજ્ઞાન થાય (એમ) ત્રણકાળમાં (બને) નહિ.

'અષ્ટપાહુડ'માં કહ્યું છે ને ? આપણે આ અધિકાર ચાલે છે. ..... તીર્થંકરનો નિશ્ચય એ ભવમાં મોક્ષ છે. ખબર છે, ત્રણ જ્ઞાન લઈને આવ્યા છે. છતાં ચારિત્ર ધારણ કર્યા વિના એને કેવળજ્ઞાન થાય નહિ. સમજાય છે કાંઈ ? એને શ્રદ્ધા-જ્ઞાનમાં નથી આવ્યું પહેલેથી ? અરે..! હું તીર્થંકર છું. ચાર જ્ઞાનમાં ત્રણ જ્ઞાન તો લઈને આવ્યો છું. સો સો ઇન્દ્રો આમ પૂજા કરે છે પણ હું ચારિત્ર જ્યાં સુધી સ્વરૂપમાં રમણતા રાગનો અભાવ કરીને ન કરું ત્યાં સુધી મને કેવળ નહિ થાય. સમજાય છે કાંઈ ? એવું ચારિત્ર જ્યાં નથી એવા ગૃહસ્થાશ્રમમાં આવા શુભભાવની પ્રચૂરતા પુણ્યના ભાવની એને વ્યવહાર રત્નત્રયમાં હોય છે. પણ એને ધર્મી પુણ્ય બંધનનું કારણ જાણે છે. સમજાણું કાંઈ ?

**'ઉન મનુષ્યોંકા જીવન સંસાર મેં નિષ્ફલ હૈ...'** પેલું કાલે નહોતું કહ્યું જરી ? પોતાની દ્ધિ પ્રમાણે, બે પાઠ છે, આમાં. ભાઈ ! 'દાન અધિકાર'માં પણ છે અને આમાં છે. આના પછીના અધિકારમાં બે ઠેકાણે છે. વ્રતઉદ્યોતન છે ને ? પોતાની દ્ધિ પ્રમાણમાં જે પૈસો કે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ ધર્મના પ્રેમ માટે કરતો નથી તે માયાવી, કપટી, કુટીલ છે. ધર્માત્મા નામ ધરાવે અને એની શક્તિ પ્રમાણે, હોં ! હોય દસ લાખની મૂડી ને પચાસ ખર્ચે, દસ ખર્ચે અને નામ કઢાવે કે, ભારે ધર્મી, એમ નહિ. સમજાય છે ? આમાં છે. કાલે આવ્યું હતું કે નહિ ? યથા દ્ધિ. પાનું ૨૨૪માં છે, ૨૨૪. આ અધિકાર છે ને બીજો ? છે જુઓ ! ૧૭મી ગાથા

**'मत्वेदं गृहिणा यथर्द्धि विविधं दानं सदा दीयतां तत्संसारसरित्पतिप्रतरणे पोतायते निश्चितम्।'** છે ને ? ૧૭મી ગાથા. ૨૨૪ પાનું, સત્તરમીને હેઠે **'गृहिणा यथर्द्धि'** **'અત્યંતદુર્લભ ઇસ મનુષ્યભવકો પાકર ભી જો મનુષ્ય મોક્ષકે લિયે ઉદ્યમ નહીં કરતે હૈં તથા ઘર મેં હી પડે રહતે હૈં વે મનુષ્ય મૂઢબુદ્ધિ હૈં ઔર જિસ ઘરમેં દાન નહીં દિયા જાતા વહ ઘર અત્યંત કઠિન મોહ કા જાલ હૈ એસા ભલીભાંતિ સમઝકર અપને ધનકે અનુસાર...'** એ **'यथर्द्धि'**નો શબ્દ છે. સમજાય છે કાંઈ ? **'ધનકે અનુસાર ભવ્ય જીવોંકો નાનાપ્રકારકા દાન અવશ્ય કરના ચાહિયે ક્યોંકિ યહ ઉત્તમઆદિ પાત્રોમેં દિયા હુવા દાન હી સંસારરૂપી સમુદ્રસે પાર કરનેમેં જહાજકે સમાન હૈ.'** દૃષ્ટિ છે ને સામે ? એટલે નિમિત્તથી આરોપ કરીને સંસારને પાર કરવામાં એ નિમિત્ત રૂપે છે, એમ કહ્યું છે. સમજાણું ? બે ઠેકાણે છે, બીજે પણ ક્યાંક છે, ૧૨૫ પાનું છે. ૧૨૫. ૩૧મી, ૩૨મી ગાથા. ૩૧મી ગાથા. [દાનોપદેશનમ્ અધિકાર]

**'જો મનુષ્ય ધનકે હોતે ભી દાન દેનેમેં આલસ કરતા હૈ તથા અપને કો ધર્માત્મા કહતા હૈ...'** એવું આવ્યું. **'વહ મનુષ્ય માયાચારી હૈ...'** છે ? **'ઉસ મનુષ્યકે હૃદયમેં કપટ ભરા હુવા હૈ તથા ઉસકા વહ કપટ દૂસરે ભવમેં ઉસકે સમસ્ત સુખોં કા નાશ કરને વાલા હૈ.'**

**'જો મનુષ્ય ધર્માત્માપનેકે કારણ દાન આદિ નહીં દેતે હૈં તથા અપનેકો માયાસે ધર્માત્મા કહતે હૈ ઉન મનુષ્યોંકો તિર્યંચ ગતિમેં જાના પડતા હૈ તથા વહાંપર ઉનકો નાના પ્રકારકે ભૂખ પ્યાસ સંબંધી દુઃખ ભોગને પડતે હૈં ઇસલિયે મનુષ્યકો કદાપિ માયાચારી નહીં કરની ચાહિયે.'** પછી આવે છે **'यथर्द्धिः'**. જુઓ ! છેલ્લો શબ્દ છે.

**'सन्ततमणुव्रतिना यथर्द्धिः' 'ગૃહસ્થીયોંકો અપને ધનકે અનુસાર...'** છે ? ૩૨મી ગાથા. **'ગૃહસ્થીયોંકો અપને ધનકે અનુસાર એક ગ્રાસ અથવા આધા ગ્રાસ વા ચૌથાઈ ગ્રાસ અવશ્ય હી દાન દેના ચાહિયે...'** પોતાની શકિત પ્રમાણે જરૂર દેવું જોઈએ. **'ઇસ સંસારમેં ઉત્તમ પાત્રદાનકા કારણ ઇચ્છાનુસાર દ્રવ્ય કબ કિસકે હોગા.'** એમ કહે, હજાર મળે તો આમ થાવું, એમ કહે છે ને માણસ ? છે અર્થમાં જુઓ ! નીચે.

**'ઇચ્છાનુસાર દ્રવ્ય સંસારમેં કિસીકો નહીં મિલ સકતા ક્યોંકિ શતાધિપતિ હજારપતિ...'** હજારપતિની અત્યારે તો કાંઈ ગણતરી નથી. પહેલામાં હશે. અને હજારપતિ, લક્ષાધિપતિ, **'હજારપતિ લક્ષાધિપતિ, લક્ષાધિપતિ કરોડપતિ ઇત્યાદિ રીતિસે ઇચ્છાકી કહીં ભી સમાપ્તિ નહીં હોતી ઇસલિયે એસા નહીં સમઝના ચાહિયે કિ મૈં હજારપતિ હૂંગા તભી દાન દૂંગા અથવા મૈં લખપતિ હૂંગા તભી દાન દૂંગા કિન્તુ જિતના ધન પાસમેં હોવે ઉસીકે અનુસાર ગ્રાસ દો ગ્રાસ અવશ્ય દાન દેના ચાહિયે.'** જંગલમાં રહીને મુનિઓ પણ જગતની કરુણાના વ્યવહારની વિવેકતા એને બતાવે છે. કહો, સમજાણું કાંઈ ?

ચાલતો અધિકાર. **'ઉનકે ગૃહસ્થાશ્રમકે લિયે ભી ધિક્કાર હૈ.'** પંદરમી ગાથા. આવી ને ? હવે પેલું કાલ કીધું હતું એ આ ગાથા આવી.

## શ્લોક–૧૬-૧૭

**प्रातरुत्थाय कर्तव्यं देवतागुरुदर्शनम्।**
**भक्त्या तद्वन्दना कार्या धर्मश्रुतिरुपासकैः।।१६।।**

**पश्चादन्यानि कार्याणि कर्तव्यानि यतो बुधैः।**
**धर्मार्थकाममोक्षाणामादौ धर्मः प्रकीर्तितः।।१७।।**

**અર્થ :– ભવ્યજીવોંકો પ્રાતઃકાલ ઉઠકર જિનેન્દ્રદેવ તથા ગુરુકા દર્શન કરના ચાહિયે ઔર ભક્તિપૂર્વક ઉનકી વંદના-સ્તુતિ ભી કરની ચાહિયે ઔર ધર્મકા શ્રવણ ભી કરના ચાહિયે, ઇનકે પીછે અન્ય ગૃહ આદિ સંબંધી કાર્ય કરને યોગ્ય હૈ ક્યોંકિ ગણધર આદિ મહાપુરુષોંને ધર્મ અર્થ કામ મોક્ષ ઇન ચાર પુરુષાર્થોંમેં ધર્મકા હી સબસે પ્રથમ નિરૂપણ કિયા હૈ તથા ઉસીકો મુખ્ય માના હૈ. ૧૬-૧૭.**

શું કહે છે ? '**ભવ્યજીવોંકો પ્રાતઃકાલ ઉઠકર...**' સવારમાં ઉઠીને ભગવાનના પહેલા દર્શન કરવા. ઇ વળી ઉઠવું ને દર્શન કરવું, ભાઈ ! ક્રિયા તો થઈ શકતી નથી ને પરની ? અરે..! સાંભળને ! એવો ભાવ એને આવે ને બહારની ક્રિયા થવાની હોય તો થયા વિના રહે નહિ. ઘણો તો નિમિત્ત-નૈમિત્તક સંબંધ એવો જ હોય. ભગવાનની વંદના કર એ તો કોઈ વખતે શરીરની ક્રિયા પણ છતાં એ કાંઈ ભાવને લઈને ક્રિયા થાય છે, એમ છે નહિ. એમ કહે, લ્યો ! આમ કરીએ છીએ, આમ કરીએ. નિમિત્તવાળા એ વાંધા કાંઢે અરે..! વાંધા છોડી દેને.

'**ભવ્યજીવોંકો પ્રાતઃકાલ ઉઠકર જિનેન્દ્રદેવ તથા ગુરુકા દર્શન કરના ચાહિયે...**' સવારમાં ઉઠીને પહેલું આ કરવું. લ્યો ! '**ઔર ભક્તિપૂર્વક ઉનકી વંદના-સ્તુતિ ભી કરની ચાહિયે...**' છે ને ? '**भक्त्या तद्वन्दना कार्या**' આહા..હા..! જુઓ ! આ શ્રાવકના દિન દિન પ્રત્યેનું કર્તવ્યનું વર્ણન કરે છે. સમજાય છે કાંઈ ? આ દેવ પૂજાની વાત ચાલે છે ને ? તો દેવ પૂજાની અંદરમાં આ વાત છે. દિન દિન પ્રત્યે '**વંદના-સ્તુતિ ભી કરની ચાહિયે ઔર ધર્મકા શ્રવણ ભી કરના ચાહિયે...**' '**धर्मश्रुतिरुपासकैः**' હંમેશા ધર્મ શ્રવણ કરવો. લ્યો ! ઠીક ! આ દિન દિન પ્રત્યે કર્તવ્યમાં નાખ્યું છે. એને શાસ્ત્રનું શ્રવણ પણ હંમેશા (હોય). શ્રાવકને યથાર્થ કર્તવ્યમાં એ શ્રવણ કર્તવ્ય પણ ભેગું આવી જાય છે. ધર્મનું શ્રવણ હંમેશા કરવું. સ્વાધ્યાય હંમેશા ને ધર્મનું શ્રવણ હંમેશા. કહો, સમજાણું ?

'**ઇનકે પીછે અન્ય ગૃહ આદિ સંબંધી કાર્ય કરને યોગ્ય હૈ...**' પહેલું આ કર્યા પછી ગૃહસ્થાશ્રમના કાર્ય કરને યોગ્ય એટલે કાંઈ આચાર્ય કરવાનું કહે છે એમ સંમત નથી. પણ ત્યાં હેતુ એ કે પહેલું આ જોઈએ પછી તારે કરવાનો પ્રસંગ હોય તો તું કર. એ તો સમજાવવાને માટે વાત છે. મુનિ તો નવ નવ કોટીએ પાપના ત્યાગી છે. એ કાંઈ (એમ નથી કહેતા કે) તમારા પાપ પછી કરજે, આ પછી તું પાપ કરજે. વાંધા ઉઠાવે, અહીં

કહ્યું છે, જુઓ ! **'पश्चादन्यानि कार्याणि कर्तव्यानि'** એ તો એનું જ્ઞાન કરાવે છે કે પહેલું આ કરજે. કરવા યોગ્ય છે ક્યાં ? છોડી દેજે ને. એટલું છોડીને મુનિ થજે પણ ન થઈ શકે ને ગૃહસ્થાશ્રમની અંદર વાત છે. એટલે આ પહેલા દેવ-ગુરુ, દર્શન, શાસ્ત્ર ભક્તિ, શાસ્ત્ર શ્રવણ પહેલું હોવું જોઈએ, ઉઠીને તરત. પછી અન્ય ગૃહાદિ સંબંધી કાર્ય એટલે વેપાર-ધંધો આદિ પછી તને યોગ્ય હોય એ પ્રમાણે (કરજે) પણ પહેલું આ કરજે, એ વાત અહીં સ્થાપવી છે. દેવની પૂજામાં આ પહેલી વાત પદ્મનંદી આચાર્ય મહારાજ લે છે.

**'ક્યોંકિ ગણધર આદિ મહાપુરુષોંને...'** લ્યો ! ગણધર આદિ મહાપુરુષોએ. કીધું છે ને ? **'आदौ धर्मः प्रकीर्तितः'** **'ગણધર આદિ મહાપુરુષોંને...'** ધર્મ નામ પુણ્ય, અર્થ નામ લક્ષ્મી, કામ નામ ઇચ્છા, મોક્ષ નામ પુરુષાર્થ જે રાગ રહિતનો પૂર્ણ મોક્ષનો **'ઇન ચાર પુરુષાર્થોંમેં ધર્મકા હી સબસે પ્રથમ નિરૂપણ કિયા હૈ...'** વ્યવહારની વાત છે ને અહીંયા ? મોક્ષ તો થાય ત્યારે ખરો એને, પણ એ સ્વરૂપમાં લીન ન થાય એટલે એને શુભભાવ જ વધારે આવે છે. **'સબસે પ્રથમ નિરૂપણ કિયા હૈ...'** એની વ્યાખ્યા સમજવી, પહેલી સમ્યગ્દર્શન-જ્ઞાનની વ્યાખ્યા તો આવી ગઈ છે.

પહેલું સમ્યક્ 'રત્નકરંડ શ્રાવકાચાર' ઉપાડે તો પહેલું સમ્યગ્દર્શન-જ્ઞાન પછી આચાર્યનું વર્ણન. 'પુરુષાર્થસિદ્ધિ'માં ઉપાડ્યું પહેલું સમ્યગ્દર્શનથી. એ વાત તો ભૂલી ગયા ને ઉપરની રહી ગઈ એકલી. સમજાય છે ? અહીં ભગવાન 'પદ્મનંદિ આચાર્ય' પહેલું સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની સ્થિતિનું ભાન કરી અને પછી એનો વ્યવહાર કેવો હોય એની આ વાત કરે છે.

**'પ્રથમ નિરૂપણ કિયા હૈ તથા ઉસીકો મુખ્ય માના હૈ.'** આ તો વ્યવહાર શ્રાવકના ધર્મને 'પ્રવચનસાર'માં એમ પણ કહે છે કે, શ્રાવકનો મુખ્ય વ્યવહાર ધર્મ છે એ જ મોક્ષનું કારણ થાય છે, એનાથી મોક્ષ થશે, એમ કહે. કઈ અપેક્ષાએ ? એની દૃષ્ટિમાં છે કે, આ રાગ છૂટ્યો એટલી મારી દૃષ્ટિ ને સ્થિરતા ધર્મ છે, આ રાગ છોડીને મારે સ્થિરતા કરવાની છે. એથી એનાથી પછી પરંપરા થયું એમ કહીને એનાથી મોક્ષ થયું એમ ઉપચારથી કથન કર્યું છે. વાંધા ઉઠાવે તો કાંઈ ભાઈ ! મેળ ખાય એવો નથી. આચાર્ય જેવા કહે છે કે, ભાઈ ! પહેલા આ કામ કરજે પછી બીજા તારે કામ કરવાના હોય તો તું જાણ, એમ. તું જાણનો અર્થ તું જાણ પણ પહેલા આ કરજે, એમ અમે તને કહીએ છીએ. વ્યવહાર દેવ-ગુરુ શાસ્ત્રની ભક્તિ, પૂજા ને શ્રવણ. એ દેવની પૂજાની વાત કરી....

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

# શ્લોક–૧૬-૧૭ થી ૨૦

## પ્રવચન નં. ૨૮

## (વિક્રમ સંવત ૨૦૧૭, શ્રાવણ વદ ૧૫, શનિવાર)

## તા. ૦૯-૦૯-૧૯૬૧

વસ્તુ આત્મા નિર્લેપ શુદ્ધ અબંધ, અખંડ, આનંદકંદ છે. કાંઈ સંયોગ વિનાનો, વિકલ્પ નામ રાગ વિનાનો અને ગુણ-ગુણીના ભેદ પણ જેની ચીજમાં નથી. એવી અંતર્મુખ દૃષ્ટિ કરીને પ્રથમ સમ્યગ્દર્શન મહા ચીજ રત્ન સમાન એણે પ્રથમ પ્રગટ કરવું જોઈએ. અને પછી એણે શ્રાવકપણા માટે એણે પ્રયત્ન કરીને ચારિત્ર પણ અંશે શ્રાવકને હોય એ અંગીકાર કરવું જોઈએ. એવા શ્રાવકને ષટ્કર્મ દિન દિન પ્રત્યે હોય એનો અધિકાર ચાલે છે. સમજાય છે કાંઈ ?

શ્રાવકને દિન દિન પ્રત્યે ષટ્કર્મ હોય. પહેલી દેવ પૂજાની વાત થઈ. એ હંમેશા દિન દિન પ્રત્યે દેવની પૂજા કરે. ભાઈ ! કાલ એ વાત આવી હતી તમે તે દિ' નહોતા, તે દિ' નહોતા એટલે એ દિવસે નહોતા. અહીં કહે છે કે, ભગવાનની પૂજા દેવો પણ મહાપૂજન કરે છે અને મુનિઓ પણ ભગવાનની સ્તુતિ એવી કરે, એવી ભક્તિ કરે, શુભરાગ હોય ત્યારે એવી ભક્તિ પરમાત્માની આવ્યા વિના રહે નહિ. ધર્મી એને પુણ્ય બંધનનું કારણ જાણે. સમજાય છે કાંઈ ? પણ એવો ભાવ સમ્યગ્દૃષ્ટિ ધર્મીને વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા જૈન પરમેશ્વર એના પ્રત્યે વાત્સલ્યનો ભાવ આવ્યા વિના રહે નહિ. સમજાય છે કાંઈ ?

ષભદેવનું વર્ણન પહેલું આપણે કર્યું હતું એક ફેરી 'મુંબઈ' (સંવત) ૨૦૧૩ની સાલમાં બપોરે. ષભ સૂત્ર છે એ પોતે પદ્મનંદિ આચાર્યે બનાવ્યું છે. ભગવાન ! તારી ભક્તિની શું વાત કરીએ ! અમને તો એમ લાગે છે કે, ચંદ્રમાં અંદર જે દેવો છે એ જ્યારે આપની સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરની સ્તુતિ ને ભક્તિ એવી વિણા દ્વારા કરે છે, એના સ્તુતિ અને સ્તવનના રસીલા હરણો, હરણ સમજો છો ? મૃગ. એ હરણ ન્યાં સાંભળવા ચંદ્રમામાં ચોટ્યું છે, પ્રભુ ! એ હરણ સાંભળવા ત્યાં ગયું છે. એટલી ભક્તિ ! મુનિ પોતે પદ્મનંદિઆચાર્ય ભાવલિંગી સંત છે. આત્માના અમૃતના ઘુંટડા પીવે છે. ચારિત્રની દશા છે, ભાવલિંગ છે, બાહ્ય દ્રવ્યલિંગ નગ્ન દશા જેને હોય છે, બીજી દશા એને હોઈ શકતી નથી.

એવા મુનિ પણ એમ કહે છે કે, પ્રભુ તારી ભક્તિના ગાણા ચંદ્રમામાં દેવો ગાય એ વિણાની ... એના સ્તવન સાંભળવા હરણ ડીને ન્યાં ગયું લાગે છે. પેલું હરણનું ચિહ્ન

ચંદ્રમામાં દેખાય છે ને ? એમ કરીને ભ તો જ્યાં હોય ત્યાં પરમાત્માની ભક્તિને જ ભાળે છે. એવો ભાવ શ્રાવકને આવ્યા વિના રહેતો નથી અને એવો ભક્તિનો ભાવ ન આવે તો એને સમ્યગ્દર્શન ને જ્ઞાનના ઠેકાણા નથી. સમજાય છે કાંઈ ? અને છતાં સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટ થયું એને આવો ભાવ આવે એને સમ્યગ્દૃષ્ટિ સમજે કે પાપથી બચવાનો આ એક શુભભાવ (છે) અને ધર્મમાં નિમિત્ત તરીકે તેને કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? આ ભક્તિ કરે છે, લ્યો ! ભક્તિ છે કે નહિ શાસ્ત્રમાં ? વળી કેટલાક એમ કહે છે કે, ભગવાનની ભક્તિ કરે એને મિથ્યાત્વ લાગે, એમ 'સોનગઢ'વાળા કહે છે. પ્રભુ ! શું કહે છે તું ? આહા..હા..! ભાઈ ! ભગવાનની ભક્તિનો જે શુભરાગ (આવ્યો) એ મિથ્યાત્વ નથી, એ તો સમ્યગ્દૃષ્ટિને અને મુનિઓ 'કુંદકુંદાચાર્ય' જેવાને પણ ભગવાનની ભક્તિ (આવે છે). તીર્થ-જાત્રા માટે નીકળ્યા નહોતા ?

'કુંદકુંદાચાર્ય' મહારાજ પોતે (જ કહે છે), **'भूदत्थमस्सिदो खलु'** ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય ને એને આશ્રયે સમ્યગ્દર્શન ટકે ને એને આશ્રયે સ્થિરતા વધે. એમ કહેનાર પણ ભગવાનની જાત્રા માટે, ગીરનાર નેમિનાથ ભગવાનની જાત્રા માટે નીકળ્યા હતા. એ ભાવ શુભ છે, એ મિથ્યાત્વ નથી. તેમ તે સંવર ને નિર્જરાનું કારણ નથી. ફ ત એ શુભભાવમાં જો એમ માને કે મને આમાં સંવર-નિર્જરા થાય છે, તો તે દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ ? એ શુભભાવ તો મુનિને પણ હોય અને અહીં શ્રાવકને તો મુખ્ય હોય. અહીં છેલ્લું એ આવ્યું, જુઓ !

ધર્મ **'धर्मार्थकाममोक्षाणामादौ धर्मः प्रकीर्तितः'** ૧૭મી ગાથા. કહે છે કે, શ્રાવકોને માટે ભગવાને ધર્મ એટલે પુણ્ય–શુભભાવ વ્યવહારધર્મ, અર્થ નામ લક્ષ્મી, કામ નામ વિષય, મોક્ષ નામ અનાકુળ શાંતિનું સાધન, એમાં શ્રાવકને માટે ગણધરોએ પણ પુણ્યરૂપી વ્યવહાર ધર્મને મુખ્ય કહેવામાં આવ્યો છે. ભાઈ ! છે ને ? ૧૭મી ગાથા જુઓ ! **'ક્યોંકિ ગણધર આદિ મહાપુરુષોંને ધર્મ, અર્થ, કામ, મોક્ષ ઇન ચાર પુરુષાર્થોંમેં ધર્મકા હી સબસે પ્રથમ નિરૂપણ કિયા હૈ...'** એનો અર્થ – દૃષ્ટિમાં તો મુખ્ય દ્રવ્ય સ્વભાવ છે. આ તો વર્તનના અપેક્ષાની વાત ચાલે છે. સમજાય છે કાંઈ આમાં ? દૃષ્ટિની અપેક્ષાએ તો મુખ્ય તે નિશ્ચય, એમાં ત્રણકાળમાં સમકિતીને, શ્રાવકને કે મુનિને ફરે નહિ. નિશ્ચય તે મુખ્ય, એમ નહિ. તેમ પુણ્ય ધર્મ તે મુખ્ય, એમ નહિ પણ મુખ્ય તે નિશ્ચય. સમજાય છે કાંઈ ? નિશ્ચય તે મુખ્ય નહિ. નિશ્ચય તો આત્મા દ્રવ્ય છે, એની ગુણ–શક્તિઓ છે, એની પર્યાય છે એ બધું નિશ્ચય છે. કારણ કે, સ્વાશ્રયમાં રહેલી ચીજને નિશ્ચય કહેવામાં આવે છે અને પર રહેલી ચીજને વ્યવહાર કહેવામાં આવે છે.

હવે એની અંદર પણ જે દ્રવ્ય, ગુણ ને પર્યાય ભગવાન આત્મા પરમબ્રહ્મ સ્વરૂપ, એની શક્તિઓ–ગુણ અને એની દશા એ ત્રણમાં પણ મુખ્ય તો દ્રવ્ય છે. એ મુખ્ય દ્રવ્ય

તેને નિશ્ચય કહીને તેને આશ્રયે આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. તે મુખ્ય દૃષ્ટિ તો ત્રણકાળ, ત્રણલોકમાં સમકિતીની, શ્રાવકની કે મુનિની કોઈ દિ' ફરે નહિ. અને એ મુખ્ય દૃષ્ટિ ફરે અને મુખ્યતામાં પુણ્યનો ભાવ, પર્યાય ભાવ, ગુણ-ગુણી ભાવ એ મુખ્યતા જો આવી જાય (તો) મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આ તો અહીં મુખ્ય કીધું છે ને એ અપેક્ષાએ વાત ચાલે છે. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં મુખ્ય ચિદાનંદ ધ્રુવ જ્ઞાયક એનું મુખ્યપણું સમ્યગ્દૃષ્ટિને ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય ફરતું નથી. અને એ મુખ્યપણા વિનાની બીજી મુખ્યતા જો દૃષ્ટિમાં આવી જાય તો દૃષ્ટિ તેની સમ્યક્ ન રહેતા મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. સમજાય છે કાંઈ ?

અહીં જે કહ્યું છે કે, **'धर्मार्थकाममोक्षाणामादौ धर्मः प्रकीर्तितः'** એ તો અશુભભાવ ને શુભભાવ એવું જે વર્તન, એમાં વર્તનમાં એને શુભભાવની ધર્મની–વ્યવહાર ધર્મની મુખ્યતા કહેવામાં આવી છે. સમજ મેં આતા હૈ ? આ તો ગુજરાતી ચાલે છે. ગુજરાતી સમજાય એવી છે, ગુજરાતી થોડુંક સમજવું જોઈએ. 'કૈલાસચંદજી'એ પહેલા એક લેખ લખ્યો હતો, ભાઈ ! આપણે મહારાજ પાસે સાંભળવા જાવું હોય તો ગુજરાતી શીખીને જાવું. કારણ કે, એની ભાષા ગુજરાતી કાઠિયાવાડી છે. આપણે હિન્દી એની પાસે બોલાવવા (માગીએ પણ) જે એની ભાષામાં વાત આવે છે એ હિન્દીમાં આવતી નથી. 'કૈલાસચંદજી'એ લેખ લખ્યો હતો. સમજાય છે કાંઈ ?

અહીં કહે છે, શ્રાવક સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની ગૃહસ્થાશ્રમમાં રહેલો આરંભ પરિગ્રહમાં હજી ભાવવાળો જીવ છે. એણે પ્રાતઃકાળ ઉઠીને જિનેન્દ્રદેવના પહેલા દર્શન કરવા. ભાઈ ! પણ અમે સમ્યગ્દૃષ્ટિ નથી અમારે શું ? પણ જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય એને પણ આવો ભગવાનના દર્શન આદિનો ભાવ આવ્યા વિના રહે નહિ. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્રની ભક્તિ એને આવે પણ એ પુણ્યભાવનો ભાવ છે. એને આશ્રયે સંવર-નિર્જરા કે મોક્ષનો માર્ગ થતો નથી. છતાં તે આવ્યા વિના રહેતો નથી, છતાં તે મિથ્યાત્વ ભાવ નથી. ઘણા એ ઉડાવે છે, ન્યાં તો વ્યવહારને મિથ્યાત્વ કહે છે. અરે..! ભગવાન ! શું તું કહે છો આ ? કેટલાક (એમ કહે છે), એ તો વ્યવહારને મિથ્યાત્વ કહે છે. દાન દેવા, દાન કરવું, દયા પાળવી, ભક્તિ કરવી, પૂજા કરવી એ તો મિથ્યાત્વ કહે છે. અરે..! પ્રભુ ! શું કરે છો તું આ ? કોને આ આળ દે છે ને તારા આત્મામાં ક્યાં તારે કરવું છે શું ? સમજાય છે ? એમ ન હોય, ભાઈ !

મહામુનિ ગણધર જેવા ચાર જ્ઞાન ને ચૌદ પૂર્વ જેને અંતર્મુહૂર્તમાં પ્રગટ દશા થાય. એ ભગવાનની સ્તુતિ ને ભક્તિ કરે ને ભગવાનની વાણી સાંભળે છે. સમજાય છે કાંઈ ? ભગવાનનો આમ ધોધ છુટતો હોય દિવ્યધ્વનિ, પ્રભુ ! શું કહે છે ? જેને અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વની રચનાનું સામર્થ્ય છે અને રચ્યા છે. અંતર્મુહૂર્તમાં બાર અંગ રચ્યા અને દિક્ષીત

થઈને અંતર્મુહૂર્તમાં ચાર જ્ઞાન પ્રગટ થયા એ ભગવાનની દિવ્યધ્વનિ બાર અંગમાં શું બાકી રહ્યું હતું ? અરે..! એની ભક્તિ સર્વજ્ઞની વાણી પ્રત્યે ઉછળ્યા વિના રહે નહિ. અને છતાં તે ભગવાન પાસે સાંભળતા ઘડીકમાં સપ્તમ ગુણસ્થાન આવી જાય છે. ખ્યાલ પણ રહેતો નથી કે, ભગવાન શું કહે છે. વળી છઠ્ઠું આવી જાય છે, છઠ્ઠું આવે ત્યારે વિકલ્પ ઉઠીને સાંભળે છે ભગવાન આ કહે છે. વળી ક્ષણમાં સાતમું આવી જાય અપ્રમત્ત દશા.

મુનિની દશા જ એવી છઠ્ઠા ને સાતમાની ક્ષણે ક્ષણે પલટો ખાય અને એવી દશા સાતમીએ ન આવે તો એ મુનિપણું એને હોય શકે નહિ. એ સાતમું આવે ત્યારે વાતનું લક્ષ જાય છતાં તેના સ્વરૂપની દૃષ્ટિ છે, ચારિત્ર છે એ છઠ્ઠામાં લક્ષ આવ્યું ને સાતમાં ગયું છતાં એની સંધી બધી થઈ જાય. ભગવાનની વાણીએ શું આવ્યું એની સંધી એના ખ્યાલમાં આવી જાય. કારણ કે, પરમાત્માને સ્પર્શીને બહાર છઠ્ઠે નીકળ્યો ત્યારે સાતમામાં શું કહેવાણું હતું એ બધી સંધી એમાં આવી જાય, એને સંધી છૂટતી નથી. સમજાય છે કાંઈ ?

અહીં આચાર્ય કહે છે, ગૃહસ્થાશ્રમમાં રહેલ શ્રાવકે હંમેશા ભગવાનના દર્શન કરવા, ગુરુ દર્શન કરવા. જુઓ ! કરવા... કરવા... કરવા... એમ લખ્યું છે. વ્યવહારનયના કથનમાં શું આવે ? સમજાય છે કાંઈ ? એનો અર્થ કે, ધર્મીજીવને એવા દેવ ને ગુરુના દર્શનનો ભાવ દિન દિન પ્રત્યે આવ્યા વિના રહેતો નથી. એને વ્યવહારનયના કથનમાં એમ આવે કે એને કરવો. સમજાય છે કાંઈ ? ખરેખર તો એ કર્તૃત્વબુદ્ધિ પણ સમકિતીને હોતી નથી. કર્તૃત્વબુદ્ધિ હોતી નથી પણ એ આવે છે ને પરિણમે છે માટે કરે છે, એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? ભારે વાત ગડબડ.

કહે છે, અહો ! **'ભક્તિપૂર્વક ઉનકી વંદના-સ્તુતિ ભી કરની ચાહિયે...'** ભગવાન અને ગુરુની. **'ધર્મકા શ્રવણ ભી કરના ચાહિયે ઇનકે પીછે અન્ય ગૃહ આદિ સંબંધી કાર્ય કરને યોગ્ય હૈ...'** કરને યોગ્ય (કહ્યું પણ) એ તો કાલે વાત કરી હતી. પછી તું જાણ તારું પણ પહેલું તો આ કરજે. શાસ્ત્ર કથન આવે એ તો એમ જ આવે છે ને ? કરજે. સમજાય છે ? વ્યવહારથી કથન (આવે). કંજૂસનો એક અધિકાર 'કાર્તિકેયાનુપ્રેક્ષા' શાસ્ત્રમાં છે. ત્યાં તો એમ કહ્યું, 'સ્વામી કાર્તિકેય' મહા જુના, એ તો 'કુંદકુંદાચાર્ય' પહેલા થયાં, ૨૨૦૦ વર્ષ પહેલા. એમણે એક શ્લોક એવો અંદર મુક્યો છે. અરે..! કંજુસ ! આ તને લક્ષ્મી મળી એ ખાજે. દાન દેતા ન આવડે, બીજું કરતા ન આવડે પણ ખાજે તો તને એમ રહેશે કે, મેં કાંઈ સંકોચ ખાવામાં તો નથી કર્યો. ભાઈ ! સમજાય છે કાંઈ ?

મહામુનિ છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન જેને કોઈના આરંભનું અનુમોદન સંમત હોતું નથી પણ એમાં કહેવામાં આશય બીજો છે કે કાંઈ ખાજે તો ખરો. મરી જઈશ ને ભેગું

કર્યું. સમજાય છે ? માખીએ મધ કર્યું, આવે છે ને ? ભેગું કર્યું ન દાન દીધું, લુટનારે લુટી લીધું. હમણાં એક મોટું આવ્યું મધ... પેલા ખોખા લઈ ગયા તો ઉડી ગયા બધું લઈને, આવે છે ને ? એ સ્તુતિમાં આવે છે.

**'માખીઓએ મધ કીધું ન ખાધું ન દાન દીધું,**
**એ લુટનારે લુટી લીધું રે પામર પ્રાણી.'**

ઢગલા ભેગા કર્યા, કર્યા નથી, હોં ! એ તો થયા. પૂર્વના પુણ્યને લઈને થયા અને ભેગું કર્યું ને જો ખાઈશ નહિ ને, તને મરતા એમ થાશે કે, અરે..રે..! ખાધા પણ નહિ, પીધા પણ નહિ. 'સ્વામીકાર્તિકેય' મહાસમર્થ મુનિ ભાવલિંગી સંત (એમ કહે છે), જરી ખાય એટલો પણ જો રાગ મંદ કરશે ને તો મરતા એને યાદ આવશે કે, આપણે બીજું ન (કર્યું) પણ ખાધું-પીધું ને જરીક ઉડાવ્યું તો છે. એમ ને એમ કંજુસની પેઠે ખાધા-પીધાના ઠેકાણાં નહિ, ખાવાના ઠેકાણાં નહિ, પીવાના ઠેકાણાં નહિ. કંજુસ ને કંજુસ. કોઈને દીધા નહિ એ કરતા તો સારો છે, એમ તને લાગશે, એમ. કેટલા શુભભાવની કુણપ બતાવવા એવું કથન કર્યું છે. ઓહો..!

એક કોર 'સમયસાર' માં આચાર્ય કહે, કે, કુશીલ વ્યવહાર–પુણ્ય પરિણામ તે કુશીલ છે અને જે સંસારમાં દાખલ કરે તેને ધર્મી મન, વચન ને કાયાથી સંમત થાય નહિ. આહા..હા..! આવે છે ને ? 'સમયસાર' પુણ્ય-પાપ અધિકાર. ધર્મી મનથી, વચનથી, કાયાથી એ શુભભાવરૂપી પુણ્યને સારો છે, ઠીક છે, એમ કહીશ નહિ. સમજાય છે કાંઈ ? એમ પુણ્ય-પાપના અધિકારમાં વર્ણવ્યું. એના એ મુનિઓ પાછા ટાણાં આવે ત્યારે કહે. ઇ વ્યવહારે એ જાતનો રાગ ઘટાડવા માટે કથન આવે. નિશ્ચયમાં એનું અનુમોદન ને સંમત હોય શકે નહિ. સમજાણું કાંઈ ?

અહીં આચાર્ય મહારાજ કહે છે, ભાઈ ! સવારે ઉઠીને હંમેશા ભગવાનના દર્શન કરજે, હોં ! આવ્યું હતું કો'ક કે, આજ હું આવ્યો છું ન્યાં કહેજો મહારાજને. દેરાસરે આજ આવ્યો છું. એમ બધા અહીં વાત તમારી બધી લઈને આવે. કોણ હતું ? કો'ક હતું. અહીં કહે છે, ભગવાનના દર્શન, ગુરુના દર્શન ને શાસ્ત્રનું શ્રવણ સવારમાં શ્રાવકને પહેલું હોવું જોઈએ. પછી જગતના બીજા કામ વેપાર-ધંધાના હોય, એ પાઠ છે, હોં ! '**पश्चादन्यानि कार्याणि कर्तव्यानि**' પછી બીજા કામ કરવા પણ પહેલું કામ બીજું કરવું નહિ. એનો અર્થ આચાર્યોની શૈલી ઉપદેશની પદ્ધતિના ભાવમાં કે પહેલો આવો ભાવ શ્રાવકને આવ્યા વિના રહેતો નથી. અશુભથી બચવા ને શુભભાવમાં કષાયની મંદ થવામાં. સમજાય છે કાંઈ ?

પછી કહે છે, ગણધર આદિ મહાપુરુષોએ ધર્મ એટલે પુણ્ય. લક્ષ્મી અને ભોગ અને મોક્ષ, '**ઇન ચાર પુરુષાર્થોંમેં ધર્મકા હી સબસે પ્રથમ નિરુપણ કિયા હૈ તથા ઉસીકો મુખ્ય માના હૈ.**' કઈ અપેક્ષાએ ? આ મુખ્યપણું આવ્યું. પેલા પણે કહે કે,

સમ્યગ્દષ્ટિને મુખ્ય તે નિશ્ચય છે. ત્રિકાળ દ્રવ્યનો આશ્રય દૃષ્ટિમાંથી છૂટે તો તે સમ્યગ્દર્શન રહી શકતું નથી. અહીં કહે છે કે, વર્તનમાં અશુભ પરિણામની અપેક્ષાએ શ્રાવકને શુભ પરિણામ આચરણની અપેક્ષાએ મુખ્ય છે. આમ તો સ્થિરતા અને દૃષ્ટિ આત્માને આશ્રયે પડી છે એ તો છે જ. અશુભને ટાળવા તે શ્રાવકને શુભભાવ મુખ્ય હોય છે. કહો, સમજાણું કાંઈ ?

એ ૧૭મી ગાથા (પૂરી) થઈ. ઓહો..! 'સમંતભદ્ર' લ્યો ! આમ સ્વયંભૂ સ્તોત્ર બનાવ્યું છે. જુઓ ! આગમ, સ્તુતિને બહાને આગમ. સ્વયંભૂ સ્તોત્ર. 'સમતભદ્રાચાર્ય' ૨૪ તીર્થંકરનું. સ્તુતિને બહાને આગમ રચી લીધું છે. નિશ્ચય ને વ્યવહાર ને અભ્યંતર ને બાહ્ય ને કેટલું કેમ તત્ત્વ (એની) ઘણી અલૌકિક વાત. મહામુનિઓ પણ ભગવાનની સ્તુતિ ને ભક્તિ કરતા તો શ્રાવકની હદ તો ઘણી નીચી છે, એણે તો ખાસ ભગવાનના દર્શન આદિ પહેલું કર્તવ્ય તેનું એ છે. હવે બીજું કર્તવ્ય. ગુરુ સેવા. હવે બીજું કર્તવ્ય.

## શ્લોક–૧૮

**गुरोरेव प्रसादेन लभ्यते ज्ञानलोचनम्।**
**समस्तं दश्यते येन हस्तरेखेव निस्तुषम्।।१८।।**

**અર્થ :– જિસ કેવલજ્ઞાનરૂપી લોચનસે સમસ્ત પદાર્થ હાથકી રેખાકે સમાન પ્રકટ રીતિસે દેખનેમેં આતે હૈ એસા જ્ઞાનરૂપી નેત્ર નિર્ગ્રંથગુરુઓંકી કૃપાસેહી પ્રાપ્ત હોતા હૈ ઇસલિયે જ્ઞાનકે આકાંક્ષી મનુષ્યોંકો ભક્તિપૂર્વક ગુરુઓંકી સેવા, વંદના આદિ કરની ચાહિયે. ૧૮.**

કહે છે, '**જિસ કેવલજ્ઞાનરૂપી લોચનસે...**' ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા જેમની કેવળજ્ઞાનરૂપી આંખ ઉઘડી ગઈ, સર્વ ચક્ષુ ઉઘડી છે. એણે '**સમસ્ત પદાર્થ હાથકી રેખાકે સમાન...**' આમ રેખા જેમ દેખાય, એમ જગતના પદાર્થ ભગવાન ત્રિલોકનાથ જૈન પરમેશ્વરે કેવળજ્ઞાનમાં આદિ, મધ્ય અને અંત એટલે કે ભૂત, વર્તમાન અને ભવિષ્ય. ત્રણે કાળ જેણે હસ્તામલકવત્ જોઈ લીધા છે. '**રેખાકે સમાન પ્રકટ રીતિસે દેખનેમેં આતે હૈ...**' કહો, બરાબર હશે ? કે, આ ભગવાન કાંઈ નહિ ભાળતા હોય ? ભવિષ્યનું ભાળતા હશે ? ભવિષ્યની છેલ્લી પર્યાય, છેલ્લી સમજતે હૈં ? આખીરકી. કહો, અંતીમ કી પર્યાય દેખતે હૈં, ભગવાન ? ભગવાન અંતિમ પર્યાય દેખતે નહીં, તો ઇતની તો કમી હુઈ કિ

નહિ ભગવાન મેં ? ભૂતકાલકી પહલી પર્યાય કૌન-સી થી ? વહ તો ભગવાન ને નહીં દેખી. અરે..! સુન તો સહી હવે. આવા ગપ્પ, ગપોડા મારે છે.

ભગવાન અનાદિઅનંત જેટલી દ્રવ્યની પર્યાય છે, જેટલા સમય, જેટલી પર્યાય એ સબ ભગવાનને દેખી હૈ. પહેલી પર્યાય કે દિ' હતી તે પહેલી દેખે અને છેલ્લી પર્યાય કે દિ' હતી તે છેલ્લી દેખે. અનાદિઅનંત છે. છેલ્લીનો અંત નથી ને પહેલીની શરૂઆત નથી.

એવા કેવળજ્ઞાનમાં તર્ક કરવા માંડ્યા છે હવે કે કેવળજ્ઞાની દેખે ખરા પણ ભવિષ્યની પર્યાય ન દેખે, ભવિષ્યની કઈ ? છેલ્લી. પણ છેલ્લી પર્યાય કઈ હોય ? ત્યારે છેલ્લી પર્યાય તો દ્રવ્ય છેલ્લું થઈ ગયું ને ? દ્રવ્ય રહ્યું નહિ. દ્રવ્ય તો અનાદિઅનંત છે. વસ્તુ અનાદિઅનંત છે તેની પર્યાય પણ અનાદિઅનંત છે. જેવી આદિ ને અંત વિનાની છે, તેમ ભગવાને જોઈ છે. કોઈ બાકી રહી નથી. એવા ભગવાન અરિહંતને પણ જે ઓળખે નહિ.

કહે છે કે, એવા ભગવાને જે '**હાથકી રેખાકે સમાન પ્રકટ રીતિસે દેખનેમેં આતે હૈ એસા જ્ઞાનરૂપી નેત્ર નિર્ગ્રંથગુરુઓંકી કૃપાસેહી પ્રાપ્ત હોતા હૈ...**' કહો, સમજાય છે ? મુનિની મુખ્યતા લીધી છે ને ? મહા નિર્ગ્રંથ મુનિ, જેની દૃષ્ટિ નિર્ગ્રંથ વીતરાગી થઈ છે, જેના સ્વરૂપમાં સ્થિરતામાં આમ સાતમું ને છઠ્ઠું, સાતમું ઝૂલણે ઝૂલે છે. સાતમામાં આવતા જાણે મોક્ષ જ થઈ ગયો. હું અનુભવ કરું છું એ પણ જેને ભેદની ખબર નથી, આનંદમાં એ મુનિની દશા કહે છે કે, એવા '**નિર્ગ્રંથગુરુઓંકી કૃપાસેહી પ્રાપ્ત હોતા હૈ...**' એવા જ્ઞાનલોચન મહા નિર્ગ્રંથ સંતની કરુણાથી, એમના સંગથી, એમના પરિચયથી એ સમ્યગ્જ્ઞાનરૂપી લોચન પ્રગટ થાય છે. અહીં તો નિમિત્તથી કથન છે ને ? થાય છે તો એને પોતાથી. ત્યારે એવા નિર્ગ્રંથ ગુરુઓની સેવા અને એની ઉપસ્થિતિ એને હોય છે. ષટ્કર્મ વ્યવહારથી બતાવવું છે તો કઈ રીતે કહે ? કાંઈ પરથી જ્ઞાન થાતું નથી, થાય છે તો પોતાથી પણ એમણે જે કહ્યું એના શ્રવણમાં લક્ષ કર્યું અને સ્વભાવની એકતા થતાં જે જ્ઞાનની વિકારતા ટળીને નિર્વિકાર દશા પ્રગટી. એ '**ગુરુઓંકી કૃપાસેહી પ્રાપ્ત હોતા હૈ...**' પરદ્રવ્યથી, કૃપાથી તો કોઈ ચીજ મળતી નથી, કોઈ ચીજ કૃપા પણ કામ નથી આવતી અને કોઈના... શું કહેવાય ? શ્રાપ, શ્રાપ અને કૃપા કોઈનો કોઈને લાગે નહિ. સુન તો સહી, પ્રભુ !

'કુંદકુંદાચાર્ય' જેવાએ પાંચમી ગાથામાં 'સમયસાર'માં કહ્યું, ઓ..હો..! અમારા ગુરુએ અમારા ઉપર અનુગ્રહ કૃપા કરી અમને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો. સમજાય છે ? એવો ભક્તિનો પ્રહ્લાદ એ ગુરુ ઉપર એને આવ્યા વિના રહેતો નથી. એમ 'કુંદકુંદાચાર્યે' શરૂઆત કરી. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' કહેતા પહેલા પાંચમી ગાથામાં (કહ્યું)

**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**
**जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं।।५।।**

અરે..! જીવો ! અમારા ગુરુએ અને સર્વજ્ઞની પરંપરાથી અમારા ગુરુએ અમારા ઉપર બહુ મહેરબાની કરી અને અનુગ્રહ કરી, કૃપા કરીને અમને શુદ્ધ આત્માનો ઉપદેશ આપ્યો. એના નિમિત્તથી પ્રસાદથી અમને આ અનુભવ પ્રગટ થયો છે. સમજાય છે કાંઈ ? એનું બહુમાન એને આવ્યા વિના રહેતું નથી, થયું છે તો પોતાના ઉપાદાન, શુદ્ધ ઉપાદાનના આશ્રયે પણ એ વખતે આવા ઉપદેશ કથક એના હતા એના પ્રતાપે થાય એવું બહુમાન એને આવ્યા વિના રહે નહિ.

**'જ્ઞાનરૂપી નેત્ર નિર્ગ્રંથગુરુઓંકી કૃપાસે...'** 'શ્રીમદ્' કહે છે ને ?

**જિન પ્રવચન દુરગમ્યતા થાકે અતિ મતિમાન,**
**અવલંબન શ્રી સદ્ગુરુ સુગમ અને સુખખાણ.**

**'જિન પ્રવચન દુરગમ્યતા...'** એ પ્રવચનના કથનની પદ્ધતિ વ્યવહારની, નિશ્ચયની અસદ્ભુત વ્યવહાર, સદ્ભૂત વ્યવહાર કેટલા પડખાની વાત. નિમિત્તની, ઉપાદાનની એના પડખાના પાર (ન મળે), **'જિન પ્રવચન દુરગમ્યતા...'** **'થાકે અતિ-મતિ માન'** એકલો વિકલ્પ ને તર્કનો કરનાર સત્યને સમજ્યા વિના કરવા જાય તો થાકી જાય, આમાં કાંઈ પાર પમાતો નથી. સમજાય છે કાંઈ ? **'અવલંબન શ્રી સદ્ગુરુ'** સર્વજ્ઞ પરમાત્માના સંતો કે ધર્માત્મા એ પ્રવચનની દુર્ગમતાને સુગમ કરીને બતાવે છે. એવા જે સદ્ગુરુ એ જ એના સુગમ અને સુખખાણ (છે). જ્ઞાની વિના તેના પત્તા અંતરના મળતા નથી. એટલે **'નિર્ગ્રંથ ગુરુઓંકી કૃપાસેહી પ્રાપ્ત હોતા હૈ ઇસલિયે જ્ઞાનકે...'** સમજાણું ?

છે ને પાઠમાં છે ને ? **'गुरोरेव प्रसादेन'** પાઠમાં છે. **'प्रसादेन'** શું કરે ? ભાઈ ! તકરાર કરે તો પાર નહિ આવે, બાપા ! એ પ્રસાદ છે પણ ખરો અને પ્રસાદ નથી પણ ખરો. આહા..હા..! અરે..! પ્રભુ ! શાંત થા, શાંત થા. ઇ એમ ઝઘડે પાર ન આવે. આચાર્ય પોતે કહે છે, આગળ છેલ્લી ગાથાઓમાં આગળ કહેશે. જેટલા કર્મના કારણે વિકલ્પ આદિ ઉઠે ઇ મારા સ્વરૂપમાં છે જ નહિ. આમા ને આમાં છેલ્લી સ્તુતિ કરશે. પહેલો સરવાળો લીધો છે, સમ્યગ્દર્શન જ્ઞાનથી શ્રાવકનું ચારિત્ર ઉપાડ્યું છે, છેલ્લી પણ ગાથા એ લઈ લીધી. સમજાણું કાંઈ ?

છે ને છેલ્લું ? જુઓ ! કેટલી ગાથા છે ? એ ૬૧મી છે જુઓ ! ૬૧, ૬૧, ૬૨ ગાથ છે ને ? **'જ્ઞાની અપની આત્માકી ઇસપ્રકાર ભાવના કરતા હૈ.'** વચલો વ્યવહાર સમજાવ્યો. પહેલે સમ્યગ્દર્શન-જ્ઞાનથી શરૂ કર્યું છે અને પછી આ બતાવ્યું. જુઓ !

**कर्मभ्यः कर्मकार्येभ्यः पृथग्भूतं चिदात्मकम्।**
**आत्मानं भावयेन्नित्यं नित्यानन्दपदप्रदम्।।६१।।**

છે ? **'કર્મોંસે તથા કર્મોંકે કાર્યોંસે...'** એ સાંભળવાનો વિકલ્પ ઉઠે છે એ કર્મનું કાર્ય છે, એમ કહે છે. આહા..હા..! સમજાય છે ? **'સર્વથા ભિન્ન,...'** મારો આત્મા,

શ્રાવક એમ માને છે. એ કર્મ જડ અને તેનો ભાવકથી ઉત્પન્ન થયેલો વિકલ્પ અને વિકાર દયા, દાન, ભક્તિ, આ જુઓ ! ભક્તિ વર્ણવીને ઉથાપી પાછી. દૃષ્ટિમાં એ વિકલ્પનું કાર્ય એ મારું નથી. આહા..હા..! સંતોની શૈલી પણ જુદી જાતની. સમજાય છે કાંઈ ? **'ઔર ચિદાનંદચૈતન્યસ્વરૂપ, તથા અવિનાશી, ઔર આનંદ સ્વરૂપસ્થાનકો દેનેવાલે આત્માકા જ્ઞાનીકો સદા ચિંતવન કરના ચાહિયે.'** લ્યો ! અહીં કહે છે, ગુરુનો પ્રસાદ. અહીં કહે છે કે, સાંભળવાનો વિકલ્પ એ કર્મનું કાર્ય. સમજાય છે કાંઈ ? એ નિમિત્તથી ત્યાં વાત કરી છે, અહીં વાસ્તવિક નિશ્ચયનું સ્વરૂપ છે તે અહીં સમજાવ્યું છે. કર્મનું કાર્ય. વળી કહે કે, ષટ્કર્મમાં ગુરુ સેવા, જિનેન્દ્રની ભક્તિ કર. અહીં કહે છે કે, એ વિકલ્પ છે તે કર્મનું કાર્ય (છે), સ્વભાવનું કાર્ય નથી. આહા..હા..! ભારે વાત, ભાઈ ! એકના એક અધ્યયનમાં આ બે વાતું. ભાઈ ! બન્ને બરાબર છે, સાંભળ ત્યારે ને. બાપુ ! જે સ્થિતિએ વ્યવહારનયનું જ્યાં કથન હોય એને તે રીતે જાણવું જોઈએ અને જ્યાં નિશ્ચયનું સત્યાર્થ હોય, સત્યાર્થ (કથન) હોય તેને તેમ જાણવું જોઈએ.

અહીં કહે છે કે, **'નિર્ગ્રંથગુરુઓંકી કૃપાસેહી પ્રાપ્ત હોતા હૈ...'** ત્યાં કહે કે, એની કૃપા તો નહિ પણ વિકલ્પની કૃપાથી આત્મા પ્રાપ્ત થાતો નથી. સમજાય છે કાંઈ ? **'ઇસલિયે જ્ઞાનકે આકાંક્ષી મનુષ્યોંકો... '** જ્ઞાનના અભિલાષી આત્માઓને. **'ભક્તિપૂર્વક ગુરુઓંકી સેવા, વંદના આદિ કરની ચાહિયે.'** દ્વેષપૂર્વક નહિ, એમ. આમ તો કરી છે અનંતવાર. અહીં તો નિમિત્તનું બહુમાન સત્યાર્થના ભાનમાં રહીને, **'મનુષ્યોંકો ભક્તિપૂર્વક...'** શ્રાવકોંકો ગુરુકી, **'સેવા, વંદના આદિ...'** સ્તુતિ, ભક્તિ, **'કરની ચાહિયે.'** વ્યવહારના કથનો એની શૈલી સમજાવવા એ જ પ્રકારની વાત હોય છે. હવે ૧૯મી.

## શ્લોક-૧૯

**ये गुरुं नैव मन्यन्ते तदुपास्तिं न कुर्वते।**
**अंधकारो भवेत्तेषामुदितेऽपि दिवाकरे।।१९।।**

**અર્થ :- જો મનુષ્ય ગુરુઓંકો નહીં માનતે હૈં ઔર ઉનકી સેવા વંદના નહીં કરતે હૈં ઉન મનુષ્યોંકે લિયે સૂર્યકે ઉદય હોનેપર ભી અંધકાર હી હૈ. ૧૯.**

જુઓ ! મહા સંત છે. જગતની કરુણા માટે શ્રાવકનું વર્ણન 'ઉપાસક સંસ્કાર', શ્રાવકના સંસ્કાર, શ્રાવકનો આચાર, શ્રાવકનું અનુષ્ઠાન આવું એને ષટ્કર્મનું અનુષ્ઠાન હંમેશા હોય. હંમેશા ગુરુની સેવા કરે. સમજાય છે કાંઈ ? **'જો મનુષ્ય ગુરુઓંકો નહીં માનતે હૈં...'** મહા સંત પરિગ્રહ રહિત દિગંબર સંત મુનિ બાહ્ય ને અભ્યંતરમાં છઠ્ઠી ભૂમિકા. ત્રણ કષાયનો નાશ એવા ભાવસંત જે પંચ પરમેષ્ઠીમાં ભળ્યા છે, જેને ગણધરદેવ પણ નમસ્કાર કરે છે. સમજાય છે કાંઈ ?

ગણધર દેવ, ણમો લોએ સવ્વસાહૂણં. પાંચ પદનું સ્મરણ, ચૌદ પૂર્વની રચના કરવા પહેલા, બાર અંગની રચના કરવા પહેલા એ પાંચ નવકારને સ્મરે છે. કોણ ? ગણધરદેવ. ણમો લોએ સવ્વસાહૂણં. હે સંત ! તારા ચરણમાં (નમસ્કાર હો). ગણધર કહે છે, એ તીર્થંકરના વજીર, તીર્થંકર ધર્મરાજા એના દિવાન, એ ભવે મોક્ષ જનાર છદ્મસ્થ છે, રચના બાર અંગની કરે (ત્યારે બોલે છે), ણમો લોએ સવ્વ આઈરિયાણં. સવ્વ લોએ આવે કે નહિ એમાં ? પાંચેમાં આવે છે, 'ધવલ'માં આવે છે. ણમો અરિહંતાણં, એમાં પણ આવે છે. ણમો લોએ સવ્વ અરિહંતાણં 'ધવલ'માં આવે છે. ણમો લોએ સવ્વ સિદ્ધાણં, ણમો લોએ સવ્વ આઇરિયાણં, ણમો લોએ સવ્વ ઉવ્વજઝાયાણં, ણમો લોએ સવ્વ સાહૂણં. એ પાંચ પદમાં જે ભાવલિંગી સંત, જેને આત્માના અમૃતના ક્યારા ફાટ્યા છે અંદરથી, એને કહે છે એની કૃપા વિના સમ્યગ્જ્ઞાન થતું નથી. એને નથી માનતા, કેટલાક એમ કહે, બાહ્ય દ્રવ્યલિંગના પણ ઠેકાણાં નહિ ને વ્યવહારના પણ ઠેકાણ નહિ ને અમને ગુરુ માનતા નથી. પણ ગુરુ તે ગુરુપદે હોય એને માને કે ગુરુપદે ન હોય એને ? કાકાજીએ કહ્યું ત્યાં 'કિશનગઢ'માં ખબર છે ? કે, આમ છે તો મુનિભગત પણ આપનો કોઈ વિરોધ કરે તો અમે ના પાડીએ છીએ. .... એમના મકાનમાં. સમજાય છે કાંઈ ?

બાપુ ! આ તત્ત્વ જ કાંઈ જાત જુદી છે, એમ લોકો માની બેસે એને પ્રમાણે આ બાહ્ય લિંગ કર્યા ને આ વ્યવહારના પણ ઠેકાણા નહિ એને માટે આહાર-પાણી કરે, ચોકા બનાવે અને મુનિ માને એ તો ભ્રષ્ટ, ... ભ્રષ્ટ છે. વ્યવહારમાં ભ્રષ્ટ છે, નિશ્ચયમાં તો ભ્રષ્ટ છે જ, એની અહીં વાત નથી. ઓ..હો..! સાચા સંત મુનિ, આહા..હા..! ભાવલિંગ જે પરમેષ્ઠી પદમાં ભળ્યા, જેને ગણધરના નમસ્કાર પહોંચે જેના ચરણમાં એવા સંતને જે માનતા નથી.

**'ઉનકી સેવા, વંદના નહીં કરતે હૈં...'** એની સેવા ને વંદન, ભક્તિ કરતા નથી. **'ઉન મનુષ્યોંકે લિયે સૂર્યકે ઉદય હોનેપર ભી અંધકાર હી હૈ.'** સૂર્યનો ઉદય થયો છતાં એને માટે તો અંધકાર છે. એમ જ્ઞાની, સંત, ગુરુ, ધર્માત્મા ભાવલિંગી ચારિત્રવંત મળે અને સેવા ભક્તિ આદિ ન કરે તો તારે માટે તો ઉગ્યા સૂર્ય અંધારા માટે છે. તારે તો અંધારું કોઈ દિ' ટળે એવું નથી. કહો, સમજાય છે કાંઈ ? એવો ભાવ આવે એને. સમજાય છે ? **'જો મનુષ્ય પરિગ્રહ રહિત...'** પરિગ્રહનો વસ્ત્રનો એક ધાગો નહિ.

એકલી ક્રિયાની વાત નથી અંદર મમતા જ જ્યાં ટળી ગઈ છે.

**'પરિગ્રહરહિત તથા જ્ઞાન ધ્યાન તપમેં લીન ગુરુઓંકો નહીં માનતે હૈં...'** ચૈતન્યમૂર્તિ ભગવાન એના આનંદમાં ઝુલનારા સચ્ચિદાનંદ પ્રભુના અંતર ભ ત છે પ્રભુના– આત્માના એને **'નહીં માનતે હૈં તથા ઉનકી ઉપાસના ભક્તિ આદિ નહીં કરતે હૈં...'** હવે, એ બીજાની, પરદ્રવ્યની ઉપાસનાથી તો પુણ્યબંધ થાય, એમ વારંવાર 'મોક્ષપાહુડ'માં ને બધે તમે તો કહો છો. સ્વદ્રવ્યની ઉપાસનાથી સંવર, નિર્જરા ને મોક્ષ થાય. અરે..! સાંભળને ! બાપા ! સ્વદ્રવ્યની ઉપાસના પૂરી ન હોય ત્યારે આવા ગુરુની ઉપાસના આવ્યા વિના રહે નહિ. છતાં તેને ધર્મી પુણ્ય બંધનું કારણ જાણે. તેનાથી ધર્મની રાગ રહિત જેટલી પૃથક્ દશા સ્વરૂપની દૃષ્ટિપૂર્વક થઈ તેને સંવર-નિર્જરા જાણે છે. આને સંવર-નિર્જરા જાણે નહિ. વ્યવહારે કહે કે સંવર-નિર્જરાનું કારણ, અભૂતાર્થ દૃષ્ટિએ કહેવાય. ઓહો..હો..! સમજાય છે કાંઈ ?

શુદ્ધ સ્વભાવના આશ્રયે સંવર-નિર્જરા પ્રગટ્યા તે નિશ્ચય ને યથાર્થ. એમાં રાગની મંદતા આવી, ભક્તિ આદિનો, સેવા આદિનો શુભભાવ (આવે) એને પણ સંવરના કથન બે નયે ચાલે ત્યારે બે નયના કથનમાં આ પણ એક કથન ભેગું આવે. પણ ખરેખર સંવર તો એક જ પ્રકારે હોય, એ નિમિત્તથી સંવર હોતો નથી. પણ સંવરના કથન બે પ્રકારે ચાલે, એમ નિર્જરાના કથન બે પ્રકારે ચાલે. નિર્જરા બે પ્રકારે નહિ. શુભભાવ પણ સંવર ને નિર્જરાનું કારણ અને શુદ્ધભાવ પણ સંવર ને નિર્જરારૂપ, એમ નથી, એમ નથી. કથનની પદ્ધતિ આવે ત્યારે બે પ્રકારે કથન આવે. કથન નિરૂપણ બે પ્રકારે છે, વસ્તુ બે પ્રકારે નથી. સમજાય છે કાંઈ ? પુસ્તક-બુસ્તક નથી પદ્મનંદિ ? કહો, સમજાણું કાંઈ ?

**'તથા ઉનકી ઉપાસના ભક્તિ આદિ નહીં કરતે હૈં ઉનપુરુષોંકે અંતરંગમેં અજ્ઞાનરૂપી અંધકાર...'** એ પુરુષોને અજ્ઞાનરૂપી અંધકાર **'સદા વિદ્યમાન રહતા હૈ...'** ભાન સમ્યગ્જ્ઞાન પામવાનું જે નિમિત્ત એનું બહુમાન નથી, એનો બહુ આદર-સત્કાર નથી. અરે..! એને તો એમ કહે, 'આત્મસિદ્ધિ'માં તો એમ આવે છે ને ? 'તે તો પ્રભુએ આપ્યો'. હે પ્રભુ ! તમે આત્મા અમને આપ્યો, એમ બોલે અજ્ઞાનીઓ. સમજાય છે ? ભક્તિ ઉછાળા મારતા (એમ કહે). ઇ આપ્યો એટલે ? જે સ્વરૂપ જે રીતે આત્મા નિર્વિકલ્પ શુદ્ધ હતું તે અમને ખબર નહોતી એ આપે ખબર કરી એટલે આપે જ અમને આપ્યો, એમ ભક્તિવાળો ઉછળીને કીધા વિના રહે નહિ. સમજાય છે ? એમ આવે છે ને ઇ ?

**શું પ્રભુ ચરણ કને ધરું ? આત્માથી સૌ હીન;**
**તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.**

લ્યો ! સમજાય છે ? આત્માનું ભાન થઈ શિષ્ય ગુરુને કહે છે, 'શું પ્રભુ ચરણ કને ધરું ?' અને કઈ રીતે ભક્તિ અને પૂજા ક્યા પ્રકારે ગુરુ કરું ? તારા પ્રતાપથી

અમે સંસાર તરી ગયા, એમ આચાર્યો કહે. 'નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' 'ગોમ્મટસાર' માં કહે છે, ઓ..હો..! ગુરુ તારા ચરણકમળની સેવાથી સંસાર-સમુદ્ર તરી ગયા છીએ. કહો, આ કથન ? ભાઈ ! બાપુ ! જે રીતે વ્યવહારના કથન હોય એને સમજવા જોઈએ અને એક કોર કહે કે, ત્રણકાળ, ત્રણલોકમાં પરદ્રવ્ય આશ્રયનો વિકલ્પ જે ઉઠે છે એ પુણ્યબંધનનું જ કારણ છે, સંવર, નિર્જરા ને મોક્ષનું કારણ બિલકુલ નથી. આહા..હા..!

મુમુક્ષુ :– ડંકે કી ચોટ ઉપર.

ઉત્તર :– ડંકે કી ચોટ ઉપર. એક બાજું આમ કહે, કઈ રીતે આને મેળ કરવા ? મેળ જ છે બધો, સાંભળને ! કથનની પદ્ધતિ બે નયોની ચાલે છે. તેમાં એક નયનું વાસ્તવિક સ્વરૂપ યથાર્થ છે, બીજા નયનું કથન તે ઉપચારિક છે. એમ બેને સમજ્યા વિના એના મેળ ખાશે નહિ. કહો, સમજાણું ?

**'ઇસલિયે સૂર્યકે ઉદયહોનેપર ભી વે અન્ધેહી બને રહતે હૈં...'** ચૈતન્ય-સૂર્ય સ્વભાવ એવા ગુરુ મળ્યા ને જો એ જ્ઞાન ને ઉપાસના ને સેવા ન કરે (તો એ) છતે સૂર્યે આંધળો છે, એવી ભક્તિ શ્રાવકને આવ્યા વિના રહેતી નથી. કહો, સમજાણું કાંઈ ? જુઓને ! કેટલી ભક્તિ ! પેલું નથી આવતું ? શું ? એકીભાવ સ્તોત્ર. ઇ ને ? આ કોઢ... કોઢ. 'વાદિરાજ' મુનિને કોઢ હતો. શ્રાવક ભક્તિ દરરોજ કરે, જ્ઞાની હતો. કો'કે રાજાને કરી ચાડી કે, સાહેબ ! આ કોઢીયા એના ગુરુ એને અડીને તમારા ગામમાં ચેપ લગાડે છે. તમારી પાસે બેસે છે. એટલે રાજાએ પૂછ્યું, કેમ ? ભાઈ ! ના સાહેબ ! અમારા ગુરુ કોઢીયા હોય જ નહિ. એને એમ અરે..રે..! હે નાથ ! અત્યારે આ શું થાય ? અમારા ગુરુ કોઢીયા નથી. ત્યારે કહે, સવારે દર્શન કરવા આવીશ. પધારજો.

ઇ ન્યાં ગુરુ પાસે જાય છે. પ્રભુ ! આમ કીધું છે, હોં ! જૈનશાસનની સેવા પ્રતાપે... કુદરતે મેળ ખાવો છે ને ! મેળ ખાવો છે. એમાં સ્તુતિ ઉપાડી, સ્તુતિ ઉપાડી, એવી સ્તુતિ ઉપાડી 'વાદિરાજ' ! હે નાથ ! જે પેટમાં, માતાના પેટમાં તમે આવો ત્યારે એની નગરી સોનાની થાય અને અમારા હૃદયમાં આવો ને શરીર ન ફરી જાય તો ભગવાન શેના તમે ? સમજાય છે ? હે ત્રિલોકનાથ ! જ્યાં તારા માતાના પેટમાં આવવાના થાય એ પેટને તો દેવો સુધારે પણ એની નગરી સોનાની ગઢની બને, એમ પ્રભુ અમે પધરાવીએ અમારા હૃદયમાં અને આ શરીર કોઢવાળું રહે, એ બને નહિ. એ તો કુદરતે પુણ્યના કારણે, હોં ! એ કાંઈ વિકલ્પની સ્તુતિ કરી માટે થયું નથી. પણ પૂર્વના પુણ્યનો યોગ જ એવો કે, શરીરના પરમાણુંને પલટવાનો કાળ હતો.

આ એમાં પણ ગોટા વાળે કે, જાણે ભક્તિના ભાવથી આ થાય. અરે..! શું વિકલ્પથી થાતા હશે ? એક રજકણનો પલટો શું આત્માને આધીન છે ? પણ પૂર્વના પુણ્ય અને શાસનની મહિમા ને શોભા રહેવી છે તેથી આમ જ્યાં સ્તુતિ કરતા (કહે છે), પ્રભુ ! પણ

આ ન હોય, હોં ! સોનાના ગઢમાં તમે આવો. અરે..! માતાના પેટમાં રત્નના પટારા જેવામાં અને પ્રભુ ! અમે તમને અહીં પધરાવીએ, ફડાક પરમાણુનો સંક્રમણ થવા કાળ હતો તો પલટીને સોના જેવું થઈ ગયું. લ્યો ! એક જરી રાખ્યું પાછું, હોં ! પાછો પેલો ખોટો ન પડે, જે ચાડીઓ છે એ ખોટો ન પડે.

સવારે દર્શન કરવા આવ્યા, ઓ..હો..! શરીર તો બહુ મહા સુંદર છે. કોણે આવું (કહ્યું) ? ના, રાજન ! એ હતું તો એવું કોઢીયું. જુઓ ! આ એક નમુનો. આવું જ હતું શરીર. કોઢ બતાવ્યો થોડોક. પણ આ પ્રમાણે બની ગયું. શરીરની સ્થિતિ (થઈ ગઈ). માટે શ્રાવક પણ અમારો ભક્તિ કરનાર છે એ ખોટો ન પડ્યો અને પેલો પણ ખોટો ન પડે. એવા મેળ પૂર્વના શાતાના ઉદયને લઈને થઈ જાય, એ કર્તૃત્વબુદ્ધિથી થયું નથી. આહા..હા..! ભારે વાત, બેસે નહિ, હોં !

'માનતુંગ આચાર્ય' સ્તુતિ કરી, તાળા તુટી ગયા. સ્તુતિનો વિકલ્પ ન્યાં તાળા તોડતો હશે ? વિકલ્પ કર્તા ને તાળા તુટવા તે કર્તવ્ય હશે ? બેને કર્તા-કર્મનો સંબંધ હશે ? ત્રણકાળમાં નથી. પણ એવા કાળે પુણ્યનો સંચાર થઈને એ પ્રકારે પલટવાનો કાળ અને તાળા તુટવાનો, હોં ! એનો સમય હતો (તો) તુટી ગયું. બાપુ ! એમ છે વસ્તુની સ્થિતી તો. પછી ભક્તિવાળા તો અનેક પ્રકારે ભક્તિને મલાવે પણ એનો આ આશય રાખીને. આ આશય રાખ્યા વિના કર્તા, કર્મ માની લે (કે) અમારા ભાવથી આમ થયું, ભાવ (હોય ને) એવું ન થાય તો ? ન થાય તો શું કરવું ? સમજાય છે કાંઈ ? ભાઈ ! આવે છે ને બધું એ ? 'વાદિરાજ'નું આ એનું.

આ 'સીતાજી'નું લ્યોને ! 'સીતાજી'નું બ્રહ્મચર્ય. આહા..! ... રાડ નાખે બધા. 'લક્ષ્મણજી' અરે..! નાથ ! આ રહેવા દ્યો, હોં ! 'સીતાજી'ને માટે આ અગ્નિ... (રામ કહે છે), 'નહિ, એકવાર તો પરીક્ષા દેવી પડશે. પરીક્ષા દિધા વિના ઘરમાં નહિ રહે, ગામમાં કોલાહલ છે. રાજને કરવાની હજી વૃત્તિ તૂટી નથી માટે પ્રજાને પ્રતિકૂળ થઈને રહી શકશે નહિ.' પણ આ (અગ્નિપરીક્ષા ?) (સીતાજી કહે છે), હે અગ્નિ ! અગ્નિ સાંભળતી હશે ન્યાં ? જો બ્રહ્મચર્ય મારું પાકું હોય અને પરપુરુષને વિકલ્પમાં લીધો ન હોય (તો) બાળીશ નહિ, શાસનની નિંદા થશે. અને જો બીજા પુરુષને વિકલ્પમાં લીધો હોય તો બાળીને રાખ કરજે. એનો અર્થ, પોતાનું જોર છે ને પુરુષાર્થનું ! બ્રહ્મચર્યનું ! અને પુણ્યનો યોગ એવો કે, દેવ આવીને કર્યું. ત્યાં વિકલ્પને લઈને ન્યાં પાણી ફર્યાં ને અગ્નિ આવી થઈ. બાપા ! એ જડની પરિણતિનો કાળ છે. બેસે નહિ જગતને. આહા..હા..! સમજાય છે કાંઈ ? એને (એમ લાગે) જાણે આ બ્રહ્મચર્યને લઈને (થયું). અરે..! મરી ગયા કેટલાય બ્રહ્મચારી. મારી નાખ્યા શૂળે ચડાવીને. એ શું છે ? પુણ્યનો ઉદય નહોતો અને એ પરમાણું પલટવાનો પ્રસંગ નહોતો. કર્તાબુદ્ધિ ધર્મીની હોતી નથી. પણ એવા પ્રસંગમાં આવું બન્યું એટલે આનાથી

આ થયું, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. કહો, સમજાણું ?

**'અતઃ ભવ્યજીવોંકો ચાહિયે કિ વે અજ્ઞાનરૂપ અંધકારકે નાશ કરનેકે લિયે ગુરુઓંકી સેવા કરૈ.'** જુઓ ! અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરવા ગુરુની સેવા કરે. એક બાજુ કહે કે, અજ્ઞાનનો નાશ આત્માના દ્રવ્યના અવલંબન વિના ત્રણકાળમાં થાય નહિ. જુઓ ! આ કથનની પદ્ધતિ. અરે..! પ્રભુ ! બે નયની કથનની (પદ્ધતિ) જેમ છે તેમ નહિ જાણ (તો) એ તારા અંદરના ભ્રમણાના ડોળ નહિ નીકળે અને ભ્રમણા ટળ્યા વિના તને ધર્મ ત્રણકાળમાં ક્યાંય થાશે નહિ. એ ગુરુની વાત કરી.

## શ્લોક–૨૦

હવે સ્વાધ્યાય, સ્વાધ્યાય કરવાનો. હંમેશા શ્રાવક સ્વાધ્યાય કરે. એમ ને એમ આમ આમ કરીને બે પાના ફેરવી જાય, એમ નહિ. ઘણા અહીં આવે કે, અમારે નિયમ છે કે, સ્વાધ્યાય (કરવો) એટલે દસ લીટી (વાંચી) જાય, અમસ્તી આડાઅવળી. એમ ન હોય. સ્વાધ્યાય શાંત ચિત્તે, એકાન્તમાં, ... ન હોય તો શ્રવણમાં, સાધર્મી હોય તો સાથે, કાં નહિ તો એકલો. શાંતિ... સ્વાધ્યાયનો કાળ એક દિવસમાં દિન દિન પ્રત્યે શ્રાવક કાઢે. સમજાય છે કાંઈ ? પેલા ચોપડા કેમ ફેરવ્યા કરે છે આખો દિ' સંસારમાં ? એમ શાસ્ત્રના સ્વાધ્યાયનો વિકલ્પ દિન દિન પ્રત્યે શ્રાવકને આવ્યા વિના રહેતો નથી. છતાં સમજે છે કે, એ રાગની મંદતા ને પુણ્યનું કાર્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? કહે છે.

**ये पठन्ति न सच्छास्त्रं सद्‌गुरुप्रकटीकृतम्।**
**तेऽन्धाः सचक्षुषोऽपीह संभाव्यन्ते मनीषिभिः।।२०।।**

**અર્થ :– જો મનુષ્ય ઉત્તમ ઔર નિષ્કલંક ગુરુઓંસે પ્રકટ કિયે હુએ શાસ્ત્રકો નહીં પઢતે હૈં ઉન મનુષ્યોંકો વિદ્વાનપુરુષ નેત્રધારી હોનેપર ભી અન્ધેહી માનતે હૈં. ૨૦.**

કરુણાથી કેટલી ભાષા કરી છે ! આંધળા. અરે..! પ્રભુ ! પણ તમારે શું કામ છે ? બાપુ ! એવો વિકલ્પ આવે છે ને જગતની કરુણામાં (કહેવાય છે), અરે..! આંધળા છો ? બાપુ ! તમને જ્ઞાની મળ્યા ને તમે સત્‌શાસ્ત્રમાં સ્વાધ્યાયની પાછી વાત કરે છે. જુઓ ! **'જો મનુષ્ય ઉત્તમ ઔર નિષ્કલંક ગુરુઓંસે પ્રકટ કિયે હુયે શાસ્ત્રકો...'** જોયું ? શાસ્ત્રની વ્યાખ્યા બાંધી. મિથ્યાદષ્ટિએ કહેલા શાસ્ત્ર, અજ્ઞાનીએ કહેલા શાસ્ત્ર એ શાસ્ત્ર

હોઈ શકે જ નહિ. સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા દેવાધિદેવ એમણે કહેલા જે ભાવ એ પ્રમાણે જે સમજ્યા ગુરુ એમણે રચ્યા જે શાસ્ત્ર. લ્યો ! ક્યા શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો ?

જે મનુષ્ય '**पठन्ति न सच्छास्त्रं सद्‌गुरुप्रकटीकृतम्**' ધર્માત્માએ કહેલા, જ્ઞાનીએ કહેલા શાસ્ત્ર. આમ તો શાસ્ત્ર બધાય કહે છે. અમારા શાસ્ત્ર, અમારા શાસ્ત્ર. મિથ્યાદૃષ્ટિના કહેલા શાસ્ત્ર, શાસ્ત્ર જ નથી. એના અભિપ્રાયમાં જ્યાં ઊંધાઈ છે, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પણ જેને ખબર નથી, એના કથનમાં સાચું તત્ત્વ કોઈ દિ' આવી શકે નહિ. '**જો મનુષ્ય ઉત્તમ ઔર નિષ્કલંક ગુરુઓં...**' એનાથી પ્રગટ કરેલા. સમજાણું ? '**सच्छास्त्रं**' છે ને ? '**શાસ્ત્રકો નહીં પઢતે હૈં...**' એવા શાસ્ત્રનો અભ્યાસ, વાંચન, મનન, ધ્યાન, અનુપ્રેક્ષા, વારંવાર શાસ્ત્રનો કરતો નથી '**ઉન મનુષ્યોંકો વિદ્વાનપુરુષ નેત્રધારી હોનેપર ભી અંધે હી માનતે હૈં.**' આંધળા છે. પણ દુકાનના ચોપડા જોતો હોય તો ? આખો દિ' જોવે. આ આપણને સમજાય નહિ. શેનો પણ તારા વ્યવહારના પણ ઠેકાણાં ન મળે. કહો, સમજાણું કાંઈ ? શાસ્ત્રનો સ્વાધ્યાય દરરોજ ગૃહસ્થાશ્રમમાં કલાક, બે કલાક, ચાર કલાક એને બરાબર નિવૃત્તિ લઈને પ્રવચનનું શ્રવણ, વાંચન, મનન કરવું જોઈએ.

'**ઉત્તમ ઔર નિષ્કલંક ગુરુઓંસે પ્રકટ કિયે હુયે...**' જોયું ? '**શાસ્ત્રકો નહીં પઢતે હૈં ઉન મનુષ્યોંકો વિદ્વાનપુરુષ...**' '**तेऽन्धाः सचक्षुषोऽपीह संभाव्यन्ते मनीषिभिः**' '**मनीषिभिः**' એટલે વિદ્વાન, વિચારક. વિચારક જીવો જે શાસ્ત્રના સ્વાધ્યાય કરતા નથી એને વિચારક જીવો આંધળા કહે છે. છતી આંખે આંધળા. સર્વજ્ઞના કહેલા વાસ્તવિક શાસ્ત્ર શું છે ? સાચા સંતો મહા મુનિ દિગંબર મહા મુનિ જેવા ધર્મના સ્થંભ, ધર્મના આધાર 'કુંદકુંદાચાર્ય', 'ઉમાસ્વામી', 'પૂજ્યપાદસ્વામી', 'અમૃતચંદ્રાચાર્ય' મહાધર્મના સ્થંભ, એમણે કહેલા શાસ્ત્રોને જે કંઈ પઢતો નથી, વાંચતો નથી, વિચારતો નથી '**ઉન મનુષ્યોંકો વિદ્વાનપુરુષ નેત્રધારી...**' બહારની આંખો હોવા છતાં એ અંદરના આંધળા કીધા. આકરું કામ બહુ. મુનિ એવું કહે છે ? બાપુ ! કરુણાથી કહે છે, બાપા ! ભાઈ ! તારા અંદરના નેત્રો એ શાસ્ત્રના શ્રવણ, મનન ને સ્વાધ્યાય વિના નહિ ખુલે. તને અંદર શલ્ય ઘણા પ્રકારના રહી જશે અને શ્રાવક થયા પછી પણ શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતા જ્ઞાનની ઘણી નિર્મળતા થાય, માટે શાસ્ત્રનો સ્વાધ્યાય કર. ઓહો...!

એક કોર એ વાત કરી. સમજાય છે ? દિન દિન પ્રત્યે કર્તવ્ય. વળી એક બાજુ એમ કહે કે, આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદનો નિર્વિકલ્પ અનુભવનું વેદન થયું અને ભાન થયું એને બાર અંગને ભણવાની કંઈ અટક નથી. કારણ કે, બાર અંગનો સાર એવા ચૈતન્યનું અંતરમાં ભાન થયું છે એની ધારા વહે છે, એ પરમાર્થની વાત (છે). સમજાય છે કાંઈ ? બાર અંગમાં સ્થૂળ વિષય છે અને એ તો વિકલ્પ ઉઠે છે એ બાજુના ભણતરમાં. પણ

જેની ધારા અંતરમાં જ્ઞાનની ઉગ્રપણે વર્તે છે એ ભણો કે ન ભણો એના ઉપર એને બહુ પ્રતિબંધ નથી. અહીં વ્યવહારનયના કથનમાં સાધારણ શ્રાવકોને પણ સત્‌શાસ્ત્રનો અભ્યાસ હંમેશા હોવો જોઈએ. અરે..! બે કથન ક્યાંય મેળ ખાય નહિ. બધો મેળ ખાય પણ સાંભળ ત્યારે ને ? સમજાય છે કાંઈ ?

એક કોર સમ્યગ્દષ્ટિ ને જ્ઞાની થયો એટલે કહે શ્રુતકેવળી થયો. લે ! ક્યે પ્રકારે ? અને એક કોર કહે કે, બાર અંગનું જ્ઞાન હોય ત્યારે શ્રુતકેવળી કહેવાય. એ વ્યવહારથી શ્રુતકેવળીની વાત છે. નિશ્ચયથી જેમાંથી જ્ઞાનપ્રવાહ વહે એવા આત્માનું ભાન થયું એ અપેક્ષાએ તેને શ્રુતકેવળી (કહે છે). જે શ્રુતમાં કહેવું છે તે આત્માનું ભાન થઈ ગયું એટલે જૈન શાસનને દેખનારો થઈ ગયો કે, આખું જૈન શાસન કેવું છે એ એના સમ્યગ્દર્શન ને જ્ઞાનમાં, ભાનમાં આવી ગયું છે. **'સબ આગમ ભેદ સુ ઉર વસે'** સમ્યગ્જ્ઞાનીને બધા આગમના ભેદ હૃદયમાં વર્તે છે. કોઈનું અજાણપણું એને છે નહિ. **'બધા આગમ ભેદ સુ ઉર વસે.'** આ આગમમાં આમ કથન કઈ પદ્ધતિએ ? આમાં કઈ પદ્ધતિએ ? બધું જ્ઞાનીના હૃદયમાં એનું ભાન હોય છે. પણ છતાં તે શ્રાવકને,... આહા..હા..! આવા શાસ્ત્રનો સ્વાધ્યાય એને આવે, વિકલ્પ આવે અને એ જાતનો સ્વાધ્યાય હંમેશા કરે. ઇ જાણે કે, આમાં પુણ્યબંધનું કારણ છે. સ્વરૂપમાં જેટલો રાગરહિત સ્વભાવની ઘૂંટણ દશા એકાગ્ર થઈ તેનું નામ સંવર ને નિર્જરા. અને આવો ભાવ સ્વાધ્યાયનો એને આવે. કહો, સમજાય છે કાંઈ ?

**'વસ્તુકા સ્વરૂપ યથાર્થરીતિસે શાસ્ત્રસે જાના જાતા હૈ...'** વસ્તુનું બરાબર સ્વરૂપ તો શાસ્ત્રથી જાણવામાં આવે. **'કિન્તુ જો મનુષ્ય શાસ્ત્રકો ન તો દેખતે હૈ...'** સંભારે નહિ. ક્યાં પડ્યા ? રૂપિયા સંભારે દરરોજ. કેટલા રૂપિયા ? આ પોર તો સાત લાખ ગણ્યા હતા, સાત લાખ અને આ ઓણ એક લાખ વધ્યા લાગે છે, પચાસ હજારનો ખર્ચ થયો ને દોઢ લાખ પેદા થયા. નવ લાખ થયાં. એમ એને તરવરતું હોય એમાં, પેલી મૂઢતા તરવરતી હોય. શાસ્ત્રના સ્વાધ્યાય ને શાસ્ત્રનું વાંચન નથી કરતા, કહે છે **'જો મનુષ્ય શાસ્ત્રકો ન તો દેખતે હૈ ઔર ન વાંચતે હી હૈં...'** દેખે પણ નહિ, સામું જોવે નહિ. ચોપડા સામું જોવા જાય. વખત મળતો નથી, વખત મળતો નથી, મરવાનો પણ વખત નથી હમણાં, વળી એમ કહે. બાપા ! મરવાનું આવશે ત્યારે તો ચાલ્યો જઈશ ફટ દઈને. અત્યારે વખત નથી શું ? દેહની સ્થિતિ પૂરી (થવાનો) કાળ હશે (તો) ફડાક દઈને છૂટીને ચાલ્યો જાઈશ. ન્યાં રોક્યો રોકાશે નહિ, તારા ઇન્જેકશન તેને રાખી શકશે નહિ. મરવાનો (ટાઈમ) નથી, હમણાં તો મરવાની નવરાશ નથી એટલી મોસમ ચાલે છે. એમ કરીને આમ ફુલાય. આહા..હા..!

આમ તો સોનાના ઈંડા પાંચ પાંચ દરરોજ કુકડી જેમ આપે છે, એમ દુકાન આપે છે. એમ કુકડી પેલી કુકડી છે ને ? એમ દુકાન પાંચ સોનાના ઈંડા દરરોજ આપે છે.

એટલે કે હજાર હજાર, બબ્બે હજાર, ત્રણ ત્રણ હજારની પેદાશ. આહા..હા..! શું છે પણ ? એ નરકના ખીચડા બધા ભેગા કરવા છે. સમજાય છે કાંઈ ? મરે ત્યારે ન્યાં એની પાસે જઈને કહેજે... શ્વેતાંબરમાં એવો શાસ્ત્રમાં એક લેખ છે, ભેગા કરેલા ઢગલાંમાં... અરે..! લક્ષ્મી તારે માટે મેં દિવસ ગાળ્યા, હોં ! અને હવે અવસ્થા થઈ. હવે કાંઈ શરણ આપીશ ? રો એની પાસે જઈને ત્યાં. ભાઈ ! વાતું આવે ત્યારે તો ઘણી બધી આવે. ઢગલા કર્યા કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડ હવે ન્યાં પોકાર કર એની પાસે કે, આ તારા માટે કાળ ગાળ્યો, અરે..રે..! હવે કાંઈ શરણ ? હવે આ દુર્ગતિ જાતા કાંઈ તને ઘરણે મુકે ? ઘરણે કહે છે ? શું કહે છે ? ગીરો, આ તને ગીરો મુકીને કાંઈ, સમજાય છે કાંઈ ? ઘરેણું. અમારે અહીં ઘરેણે મુકે, એમ કહે છે. પૈસા હોય ને ક્યાંક મુકે. એમ ઘરેણે મુકાતું હશે કે નહિ ? છોકરાને પોકાર કરજો છોકરાને કે, આ મરી જાવ છું પણ હવે ચાલ્યો જાઉં છું. અરે..! આ તારા માટે તો બધા કાળ ગાળ્યા અને હવે કાંઈ નહિ ? પગ દાબીએ તમારા, લ્યો ! પણ પગ દાબીએ એમાં અંદર પીડા હોય રાડ નાખી જાય. તેં તારા શરણને જોયા નહિ, શાસ્ત્રને સંભાળ્યા નહિ, શાસ્ત્રના ધ્વનિ અંદર કાનમાં ગુંજ્યા નહિ. સમજાય છે ?

‘**ન તો દેખતે હૈ ઔર ન વાંચતે હી હૈં વે મનુષ્ય વસ્તુકે યથાર્થ સ્વરૂપકો ભી નહીં જાનતે હૈં...**’ શાસ્ત્ર વાંચ્યા વિના..., આંખો તો ઇ છે. ‘પ્રવચનસાર’માં કહ્યું છે ને ? ‘**આગમ ચક્ષુ.**’ ભગવાન ‘કુંદકુંદાચાર્ય’ કહે છે, મુનિઓની આંખો એ આગમ છે, આગમ એના દીવડા છે. આગમ આમ કહે છે, વ્યવહારથી આમ કહે છે, નિશ્ચયથી આમ કહે છે, પર્યાય આમ કહે છે, દ્રવ્ય આમ કહે છે. એવું જે જાણતો નથી ‘**ઇસલિયે નેત્રસહિત હોનેપર ભી વે અંધેહી હૈં અતઃ ભવ્યજીવોંકો શાસ્ત્રકા સ્વાધ્યાય તથા મનન અવશ્ય કરના ચાહિયે.**’

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

# શ્લોક–૨૦ થી ૨૬

## પ્રવચન નં. ૨૯

## (વિક્રમ સંવત ૨૦૧૭, ભાદરવા સુદ ૧, રવિવાર)

## તા. ૧૦-૦૯-૧૯૬૧

આ 'પદ્મનંદિ પંચવિંશતિઃ' નો છઠ્ઠો અધિકાર છે. આચાર્ય મહારાજ દિગંબર સંત વનવાસી મુનિ હતાં. એમણે આ અધિકાર છવ્વીસ બનાવ્યા, એમાં શ્રાવકના સંસ્કારનો અધિકાર બનાવ્યો. શ્રાવક એટલે ઉપાસક–ધર્મની સેવા કરનાર, આત્માની સેવા કરનાર કે પરમાત્માની સેવા કરનાર એવા ઉપાસક એટલે શ્રાવકો, એનું શું કર્તવ્ય છે એને શું એની સ્થિતીમાં હોવું જોઈએ એનું આ વર્ણન ભગવાન 'પદ્મનંદિઆચાર્ય' કરે છે.

પહેલી વાત તો કહી કે, પ્રથમ તો સમ્યગ્દર્શન દઢપૂર્વક આત્માનું ભાન એને હોવું જોઈએ. સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શનમાં કર્મ અને કર્મના નિમિત્તથી થતો વિકલ્પ નામ પુણ્ય-પાપનો રાગ એ પણ મારી ચીજમાં નથી અને એ મારું કર્તવ્ય ને કાર્ય પણ નથી, એવી આત્માના સ્વભાવમાં સન્મુખ થઈને એની સમ્યક્ પ્રતીતિ ને શ્રદ્ધા–દર્શન પ્રગટ કરવું જોઈએ. એ થયાં પછી શ્રાવકને ષટ્કર્મ હંમેશાના હોય છે. હંમેશાના. પહેલા તો જિનેન્દ્રની પૂજા. જૈન પરમેશ્વર સર્વજ્ઞ વીતરાગ ત્રિલોકનાથ દેવાધિદેવ સો ઇન્દ્રના પૂજનીક, એવા ભગવાનની, ભગવાનની ગેરહાજરીમાં એની પ્રતિમા અને દેવાલય એ પૂજનીક છે. એની પૂજા હંમેશા ગૃહસ્થોને દિન દિન પ્રત્યે હોવી જોઈએ. એ પહેલું એનું કર્તવ્ય છે. ભાઈ ! વાત બરાબર છે, કરવાનું નહિ. અહીં તો કરવાની વાત ચાલે છે. હા, પણ બરાબર છે, એમ કીધું ને ?

અહીં કહે છે, પ્રભુ! આવો મનુષ્ય દેહ મળ્યો અને એમાં જૈન સંપ્રદાય, અપૂર્વ શાસ્ત્ર જેને કાને પડ્યાં અને એને આ જાતના ગૃહસ્થાશ્રમમાં સર્વજ્ઞ પરમાત્માની પ્રતિમાની પૂજા દિન દિન પ્રત્યે હોય. કેટલાક તો દર્શન કરવા પણ ન જાય ગામમાં મંદિર હોય ને સામું પણ જોવે નહિ, વાર-પરબે કદાચિત્ ભગવાનને મોઢું દેખાડે. ભગવાનને મોઢું દેખાડે, ભગવાનને જોવા ન જાય. સમજાય છે કાંઈ ?

ભગવાન વીતરાગમૂર્તિ છે, ચિદાનંદ સ્વરૂપ નિર્વિકલ્પ, આમ આનંદમાં બિરાજમાન જાણે અક્રિય બિંબ છે. એવા જિન પ્રતિમા વીતરાગના દર્શન, એ પ્રતિમા વીતરાગનું પ્રતિબિંબ છે. એના હંમેશા શ્રાવકને દિન દિન પ્રત્યે દર્શન હોવા જોઈએ. છે એ શુભભાવ પણ દૃષ્ટિમાં

સ્વભાવનું ભાન હોવા છતાં એ વીતરાગ ન થાય ત્યાં સુધી શ્રાવકને તો એ મુખ્ય કર્તવ્ય છે. સમજાય છે કાંઈ ? મુખ્ય કર્તવ્ય છે, આવી ગયું ને એ કાલે ?

ધર્મ એટલે પુણ્યભાવ, શુભભાવ, દેવની સેવા, પૂજા એ એનું મુખ્ય કર્તવ્ય છે. ભારે વાત! મુખ્યમાં પાછું પેલી દૃષ્ટિની મુખ્યતા છોડીને નહિ, એ તો વાત કાલે ઘણી થઈ ગઈ છે. અહીં વ્યવહારમાં એને અશુભના પરિણામ સ્ત્રી, કુટુંબ આદિના પાપના ઘણાં આવે છે, એથી એને આ પૂજાના ભાવ, દિન દિન પ્રત્યે ભગવાનની પૂજાના આવે.

બીજી વાત. ગુરુની સેવા હંમેશા એને હોય. કહો, સમજાણું કાંઈ ? સંત સમાગમ કરવાની એને વૃત્તિ હોય. જેમ સંસારમાં સ્ત્રી, કુટુંબના મેળા કરીને બેસે છે ને ભેગા ? એમ શ્રાવકની દૃષ્ટિમાં સત્સમાગનો મેળો ને ભેટો કરવાનો એનો દિન દિન પ્રત્યે ભાવ હોય. સમજાય છે કાંઈ ? એ ભાવ ન આવે અને સત્સમાગમ ન કરે તો એના સત્ કર્તવ્યનું કાર્ય નથી, તો એને અંદર દર્શનની વિશુદ્ધિ પણ નથી. સમજાય છે કાંઈ ? એ ગુરુસેવા હંમેશા સત્સમાગમ (કરે). કાં પોતાના ગુણથી અધિક હોય એવા ધર્માત્મા સંત, શ્રાવક, સાધર્મી એના આગળ સમાગમ કરવા જાય, એવો શ્રાવકનો ભાવ થયા વિના રહે નહિ.

હવે, ચાલે છે સ્વાધ્યાય, ત્રીજો બોલ ચાલે છે ને ? સ્વાધ્યાય. કહે છે કે, ભગવાન સર્વજ્ઞ પરમાત્માના મુખમાંથી નિકળેલા ઉત્તમ અને નિષ્કલંક શાસ્ત્રોનો સ્વાધ્યાય શ્રાવકને દિન દિન પ્રત્યે હોવો જોઈએ. એને જો સ્વાધ્યાય ન હોય તો એને શાસ્ત્ર વિના સાચું જ્ઞાન શું ? સાચી શ્રદ્ધા શું ? તત્ત્વ શું ? એની એને ટકી શકે નહિ. છેલ્લો બોલ આવ્યો છે ને વીસમાં ? **'જો મનુષ્ય ઉત્તમ ઔર નિષ્કલંક ગુરુઓંસે પ્રકટકિયેહુએ શાસ્ત્રકો નહીં પઢતે હૈ (ઔર નહિ વાંચતે હૈ) ઉનમનુષ્યોંકો વિદ્વાનપુરુષ...'** એને આંધળા કહે છે. છતી આંખે આંધળા છે ઇ. અરે..! આવો મનુષ્ય દેહ પ્રાપ્ત (થયો) અને જૈન સંપ્રદાયમાં જન્મ અને શ્રાવક નામ ધરાવે અને શાસ્ત્રના સ્વાધ્યાયને ગુમ કરી દે, એમાં આ કાળે તો શાસ્ત્ર સ્વધ્યાય જ મોટી ચીજ છે. સમજાય છે કાંઈ ? કારણ કે, એમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, આત્મા નિર્વિકલ્પ સચ્ચિદાનંદ કોણ એનું સ્વરૂપ, પુણ્યનો ભાવ તે તે શ્રાવકને, સમકિતીને તેની હદ પ્રમાણે કેવો આવે એ બધું શાસ્ત્રથી જ્ઞાન થાય છે. એ શાસ્ત્રનો સ્વાધ્યાય કરતા નથી. કહે છે, **'सचक्षुषोऽपीह संभाव्यन्ते मनीषिभिः तेऽन्धाः'** એ છતી આંખે આંધળા છે. ભાઈ ! બહુ આ તો ભાઈ! મુનિને આટલું બધું કહેવાનું ?

એ તો કરુણાબુદ્ધિથી સ્વરૂપ કહે છે, ભાઈ! આવા જન્મ મળ્યા, આ દેહ ટળી જશે, હોં ! આંખુ-બાંખુ ફુટીને ચાલી જશે. આ પાંચ ઇન્દ્રિયના માણસના દેહના કાણા ને આ જે ફાંકા છૂટી જશે. ઇ નહિ રહે, આ તો સંયોગે ચીજ આવી છે. માટે જેને મનુષ્ય દેહમાં ચૈતન્યનું સાધન કરવું હોય એણે હંમેશા સ્વાધ્યાય કાયમ કલાક, બે કલાક આદિનો કરવો જોઈએ અને સ્વાધ્યાય જે દિ' ન થાય, તે દિ' મનને એને મહા દુઃખ લાગવું જોઈએ. અરે..રે..!

આ સ્વાધ્યાય (ન થયો). વીસ વર્ષનો દીકરો મરી જાય ને દુઃખ ન થાય... સમજાય છે ? એવું દુઃખ એને સ્વાધ્યાય વિનાનું થાય. મારા પ્રવૃત્તિની અંદર શાસ્ત્ર ને શ્રવણ ને મનન વિનાનો અરે..! આ કાળ ગયો. એમ જેને શાસ્ત્ર સ્વાધ્યાયની પ્રિતી ને રુચિ હોય. છે શુભરાગ, છે કષાયની મંદતા પણ એ ભાવ પુણ્યનો શાસ્ત્ર વાંચન, શ્રવણનો શ્રાવકને જરૂર આવે. માટે **'ભવ્યજીવોંકો શાસ્ત્રકા સ્વાધ્યાય તથા મનન અવશ્ય કરના ચાહિયે... '** ૨૧મી એ સ્વાધ્યાયની જ ગાથા છે.

## શ્લોક–૨૧

**मन्ये न प्रायशस्तेषां कर्णाश्च हृदयानि च।**
**यैरभ्यासे गुरोः शास्त्रं नश्रुतं नावधारितम्।।२१।।**

**અર્થ :– આચાર્ય કહતે હૈં જિનમનુષ્યોંને ગુરુકે પાસમેં રહકર ન તો શાસ્ત્રકો સુના હૈ તથા હૃદયમેં ધારણભી નહીં કિયા હૈ ઉનકે કાન તથા મન નહીં હૈં એસા પ્રાયઃકર હમ માનતે હૈં. ૨૧.**

**'આચાર્ય કહતે હૈં જિન મનુષ્યોંને ગુરુકે પાસમેં રહકર ન તો શાસ્ત્રકો સુના હૈ તથા હૃદયમેં ધારણ ભી નહીં કિયા હૈ...'** બે વાત લેવી છે. કાનથી શાસ્ત્રનું શ્રવણ કર્યું નથી અને શાસ્ત્રના કહેલા અભિપ્રાયને મનમાં ધાર્યો નથી, તેવા જીવતાને કહે છે કે, એ કાન અને મન વિનાના પ્રાયઃ અમે કહીએ છીએ. એ કાન વિનાનો છે, એ મન વિનાનો છે. આહા..હા..! શું થાય ? એને અંદરમાં, અંદરમાં ન લાગે. અરે..! આ તો વિજળીને ઝબકારે મોતી પોરીયો સો પોરીયો. વિજળીનો ઝબકારો આવ્યો હોય ને મોતી પોરવવામાં કેટલી એની સાવચેતી હોય ? આમ ઝબકારો આવે ને અંદર ઝટ પરોવી લઉં, નહિતર ચાલ્યો જશે ને અંધારામાં દિવાસળી કાંઈ છે નહિ. એમ ચૈતન્યને સમજવાનો, શ્રદ્ધવાનો, ઓળખવાનો, ઉદ્ધાર કરવાનો આ મનુષ્યનો દેહ વિજળીનો ઝબકારો છે. ભાઈ ! વિજળીનો ઝબકારો એક આવી ગયો છે વચમાં મનુષ્ય દેહ મળ્યો ઇ. જો આમાં આત્માનું કાર્ય–શ્રદ્ધા, જ્ઞાન આદિ શ્રાવકની દશા એ પણ પ્રગટ ન કરે તો કહે છે કે, એ મનુષ્ય દેહ ચાલ્યો જશે. તને ચોરાશીના અવતારમાં કોઈ શરણ છે નહિ. કોઈ હાલ નાખે એવું નથી ન્યાં તને, ન્યાં ક્યાંય માસીબા બેઠી નથી ત્યાં બોલાવીને કહે, આવ પોઢી જા. સમજાય છે કાંઈ ? કેટલાક, એમ કહે આપણે અહીં મરીને જઈએ ને અહીંથી ક્યાંક છુટીએ. ક્યાં જાવું છે તારે પણ ? ન્યાં જ્યાં જાઈશ ત્યાં તારે કર્મનો સંયોગ અને વિકારની દશા તો

તારી પાસે ભી છે. જાઈશ ક્યાં પણ તું ? ક્યાં જાવું છે તારે ? ભાઈ ! આહા..હા..! એને અંદરથી...

અહીં કહે છે, **'જિન મનુષ્યોંને ગુરુકે પાસમેં...'** છે ને ? એ અભ્યાસ એ ગુરુ. જુઓ ! એની પાસે લીધું. પોતાની મેળે સ્વછંદે વાંચે તેને સમજાશે નહિ. ગુરુ પાસે **'રહકર ન તો શાસ્ત્રકો સુના હૈ...'** શાસ્ત્રને સાંભળવાનો વખત લે. દરરોજની વાત છે, હોં ! દિન દિન પ્રત્યે. એક પંદર દિ' કાઢી નાખે ને પછી સાડા અગિયાર મહિના એમ ને એમ કાઢે (તો કહે છે), આંધળા છે, તને ભાન છે નહિ. ચાલો એક પંદર દિ' મોસમ લઈ આવીએ પર્યુષણના આઠ દિ'ની. આઠ દિ' હોય ને આઠ ? કે, દસ લક્ષણી. આઠ ને દસ દિ' જઈ આવે ત્યાં, ચલો આપણે સાંભળ્યું. એમ નહિ. ધર્માત્મા, સમ્યગ્દષ્ટિ, આત્માર્થી, આત્માના હિતના આકાંક્ષી એમણે શાસ્ત્રનો સ્વાધ્યાય દિન દિન પ્રત્યે કરવો જોઈએ. સમજાય છે ? અને હૃદયમાં ધારણ કરવું જોઈએ. હૃદયમાં એટલે શાસ્ત્રને શું કહેવું છે આ ?

સર્વજ્ઞ પરમાત્માની વાણી જે દિવ્યધ્વનિ એમાંથી નીકળેલા, રચાયેલા શાસ્ત્રો 'સમયસાર', 'પ્રવચનસાર', આ 'પદ્મનંદિ' વગેરે 'ષટ્ખંડાગમ' બધી ભગવાનની વાણી દિવ્યધ્વનિની પરંપરાએ આવેલી વાણી છે. એ વાણીમાં શું કહેવું છે ? દર્શનશુદ્ધિ શું ? સમ્યગ્જ્ઞાન શું ? વ્રતની સ્થિતીની મર્યાદા શ્રાવક અને મુનિને શું ? અને એને ભક્તિ કેવી હોય ? એવું બધું શાસ્ત્રમાં કહેલું હોય એને જો અભિપ્રાયમાં ન ધારે (તો) આચાર્ય કહે છે, **'ઉનકે કાન તથા મન નહીં હૈં...'** એને કાન ને મન જ નથી. **'એસા પ્રાયકર હમ માનતે હૈં.'** **'प्राय'** છે ને એમાં ? **'प्रायशस्तेषां'** એનું કરીને જોર આપ્યું છે. અરે..! પ્રભુ! આ નિમિત્ત પણે કાન મળ્યો, પાંચ ઇન્દ્રિયમાં છેલ્લાંમાં છેલ્લો કાન છે. સમજાય છે ? ચાર ઇન્દ્રિય પછી પાંચ ઇન્દ્રિયમાં કાન પછી મળે. એમા શ્રવણ, ચૈતન્ય, મનન આદિ શ્રવણ નથી કર્યું અને છેલ્લું પછી મળે–મન. એમાં જેણે શાસ્ત્રને ધાર્યા નથી, વાંચ્યાં નથી, અભિપ્રાય નક્કી કર્યો નથી, એને કાન અને મન નથી મળ્યાં, એમ કહેવામાં આવે છે. બરાબર છે?

**'કાન તથા મનકી પ્રાપ્તિકા સફલપના શાસ્ત્રકે સુનનેસે...'** હૈ. વિકથાઓ સાંભળે જગતની, આ સિનેમા જોવે ને વાર્તાઓ સાંભળે ને નોવેલો કથા વાંચે. નવરો થાય તો એ વાંચે, કાં સવારમાં દાતણ હાથમાં લઈને પેલા ચોપાનીયા વાંચે.

મુમુક્ષુ :– દુનિયા આગળ વધી છે કે નહિ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– શું ધૂળમાં પણ વધી નથી દુનિયા ક્યાંય, વસ્તુના ભાન વિના વધે ક્યાં ? નવરો થઈને ચોપાનીયા, એક હાથે આમ ચોપાનીયા, એક હાથે આ દાતણ કુચો ચાલતો હોય. એટલે શું કે એમાં બે કામ ભેગા થાય. દાતણ પણ થઈ જાય ને પેલું વાંચી લેવાય સવારમાં, (પછી) વખત રહે નહિ. શાસ્ત્ર શ્રવણ માટે એટલી પ્રિતી ને રુચિ જ્યાં સુધી એને ન આવે, ત્યાં સુધી કહે છે કે, તારા કાન અને હૃદય તને મળ્યા નથી.

કહો, સમજાણું કાંઈ ?

**'સુનનેસે ઔર ઉસકે અભિપ્રાયકો મનમેં ધારણ કરનેસે...'** જુઓ ! મન કીધું છે ને ? **'કાન તથા મનકી પ્રાપ્તિકા સફલપના શાસ્ત્રકે સુનનેસે ઔર ઉસકે અભિપ્રાય...'** શ્રદ્ધા, શું આશય બતાવે છે ? આશય શું ચીજ છે ? એ વાત જો શાસ્ત્ર સાંભળીને મનમાં ધારતો નથી. **'કિન્તુ જિન મનુષ્યોંને કાન પાકર શાસ્ત્રકા શ્રવણ નહીં કિયા હૈ તથા મન પાકર ઉસકા અભિપ્રાય ભી નહીં સમઝા હૈ ઉન મનુષ્યોંકે કાન તથા હૃદયકા પાના ન પાના સરીખા હી હૈ...'** ધૂળ તને કાન અને મન મળ્યા, એ નહિ મળ્યા જેવા છે. સમજાય છે કાંઈ ? પાંચ ઇન્દ્રિયમાં છેલ્લો કાન (મળે), જે શ્રવણમાં નિમિત્ત છે, જ્ઞાનમાં અને આ મન અભિપ્રાયને ધારવામાં. **'ઉન મનુષ્યોંકે કાન તથા હૃદયકા પાના ન પાના સરીખા હી હૈ ઇસલિયે વિદ્વાનોંકો...'** બુદ્ધિમાનકો, જ્ઞાનીકો, યથાર્થ **'વિદ્વાનોંકો શાસ્ત્રકા શ્રવણ તથા ઉસકા મનન અવશ્ય કરના ચાહિયે જિસસે ઉનકે કાન તથા હૃદય સફલ સમઝે જાવેં.'** પૈસા-પૈસાની અહીં વાત નથી, પૈસાનું હજી આગળ કહેશે વળી બીજે.

## શ્લોક–૨૨

**'અબ આચાર્ય સંયમ નામક આવશ્યકકા કથન કરતે હૈં.'** કહો, ત્રણ થઈ ગયા. હવે ચોથું. છ આવશ્યક છે ને હંમેશાના ? દેવ સેવા, ગુરુ ભક્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન એ ષટ્ કર્તવ્ય શ્રાવકોના ગૃહસ્થાશ્રમમાં રહેલા એને ઉપાસક અધ્યયનમાં સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ તિર્થંકરદેવે ફરમાવ્યાં છે. જૈન પરમેશ્વર જેની પૂર્ણ દ્ધિ જેને પ્રગટ પરમાત્મા થયા, જેને સો ઇન્દ્રો વંદે છે, એના મુખમાં ઉપાસક સંસ્કારમાં અથવા ઉપાસક સૂત્રમાં બાર અંગમાં ઉપાસક સૂત્ર છે, એમાં આ અધિકાર કહેલો એ આચાર્ય કહે છે, હું એમાં કહુ છું. સમજાય છે કાંઈ ?

**'અબ આચાર્ય સંયમ નામક આવશ્યકકા કથન કરતે હૈં.'** શ્રાવકને સંયમ હંમેશા જોઈએ. અમારે રળવું કે આ બાયડી-છોકરાનું પૂરું કરવું કે સંયમ પાળવો હંમેશા ? હંમેશા પાંચ ઇન્દ્રિયમાંથી કાંઈક દમન, મનમાંથી કાંઈ વલણ ઓછું રાગનું થવું અને છ કાયની હિંસામાંથી પણ કાંઈ વૃત્તિને પાછી વાળવી, એવું દિન દિન પ્રત્યે શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં હોવું જોઈએ.

**देशव्रतानुसारेण संयमोऽपि निषेव्यते।**
**गृहस्थैर्येन तेनैव जायते फलवद्‌तम्।।२२।।**

**અર્થ :– ધર્માત્માશ્રાવકોકો એકદેશવ્રતકે અનુસાર સંયમ ભી અવશ્ય પાલના ચાહિયે જિસસે ઉનકા કિયાહુઆ વ્રત ફલીભૂત હોવે. ૨૨.**

**'ધર્માત્મા શ્રાવકોંકો...'** ગૃહસ્થાશ્રમમાં રહ્યાં છતાં **'એકદેશવ્રતકે અનુસાર...'** એકદેશ વ્રત કે અનુસાર. બાર વ્રત, એકદેશવ્રત છે ને ? એને **'અનુસાર સંયમ ભી અવશ્ય પાલના ચાહિયે જિસસે ઉનકા કિયા હુઆ વ્રત ફલીભૂત હોવે.'** સંયમ વિના એ બાર વ્રતમાં લીધેલું સફળપણું થાય અને એવા ગૃહસ્થોને પૂજ્ય તરીકે કહ્યાં છે. સમજાય છે કાંઈ ? એવો ગૃહસ્થાશ્રમ પૂજ્ય છે. આવી દૃષ્ટિ, જ્ઞાન અને આવા વ્રત, આમાં છે આગળ પહેલામાં એ, આઠમે પાને છે, આઠમે. 'ધર્મોપદેશામૃત' છે ને ? એના આઠમે પાને છે.

૧૩ મી ગાથા છે. **'તથા જિસ ગૃહસ્થાશ્રમમેં જિનેન્દ્ર ભગવાનકી પૂજા ઉપાસના કી જાતી હૈ...'** ૧૩ મી ગાથાનો અર્થ છે ને ? ભાઈ ! **'તથા નિર્ગ્રંથ ગુરુઓંકી ભક્તિ સેવા આદિ કી જાતી હૈ ઔર જિસ ગૃહસ્થાશ્રમમેં ધર્માત્માપુરુષોંકા પરસ્પરમેં સ્નેહસે વર્તાવ હોતા હૈ...'** ગૃહસ્થાશ્રમમાં ધર્મીઓને વાત્સલ્યથી વર્તાવ થાય છે. ભાઈ ! એક બીજાને ધર્મનો સ્નેહ અને વાસ્તવિક અંદરમાં પ્રેમ અને વાત્સલ્ય વર્તે છે. જોયું ? **'ધર્માત્મા પુરુષોંકા પરસ્પરમેં સ્નેહસે વર્તાવ હોતા હૈ તથા મુનિ આદિ ઉત્તમાદિ પાત્રોંકો દાન દિયા જાતા હૈ...'** ધર્માત્મા આદિને દાન દેવામાં આવે છે. **'દુઃખી દરિદ્રિયોંકો જિસ ગૃહસ્થાશ્રમમેં કરુણાસે દાન દિયા જાતા હૈ...'** દુઃખી અને દયા કરવા લાયકને પણ કરુણાથી દાન આપવામાં આવે છે.

**'જહાંપર નિરન્તર જીવાદિ તત્ત્વોંકા અભ્યાસ હોતા રહતા હૈ...'** ગૃહસ્થાશ્રમમાં સર્વજ્ઞ ભગવાને કહેલા સાત તત્ત્વ અથવા નવ તત્ત્વનો નિરંતર અભ્યાસ કરતા રહે છે. **'અપને ૨ વ્રતોંમેં પ્રીતિ રહતી હૈ ઔર જિસ ગૃહસ્થાશ્રમમેં નિર્મલ સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોતી હૈ વહ ગૃહસ્થાશ્રમ વિદ્વાનોં કે દ્વારા પૂજનીક હોતા હૈ...'** જુઓ ! પાઠમાં છે, ભાઈ! **'यत्र पूज्यं' 'तत्वाभ्यासःस्वकीयव्रतरतिरमलं दर्शनं यत्र पूज्यं तद्गार्हस्थ्यं बुधानामितरदिह पुनर्दुःखदोमोहपाशः' 'पूज्यं'** વચમાં શબ્દ પડ્યો છે. **'पूज्यं'** ૧૩ મી ગાથા. ૧૩ મી, ૧૩ મી ગાથા નથી ? આઠમે પાને. આઠમે પાને ઉપર પહેલી લીટી, પહેલી, પહેલી લીટી, એમાં **'पूज्यं'** (છે).

**'ગૃહસ્થાશ્રમમેં નિર્મલ સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોતી હૈ વહ ગૃહસ્થાશ્રમ વિદ્વાનોં કે દ્વારા પૂજનીક હોતા હૈ કિન્તુ ઉસસે વિપરીત ઇસ સંસારમેં કેવલ દુઃખ કા દેનેવાલા હૈ તથા મોહ કા જાલ હૈ.'** નહિતર એ ગૃહસ્થાશ્રમ (જ્યાં) તત્ત્વના અભ્યાસ ન મળે, સમ્યગ્દર્શનની ખબર ન મળે, વ્રતના પાલન ન મળે, ગુરુની સેવા ન

મળે, શાસ્ત્ર અભ્યાસ ન મળે. એ તો મોહપાશથી બાંધેલો ભૂતડાએ બાંધ્યો છે એને. ચોરાશીના અવતારમાં જાળમાં બાંધીને જેલમાં નાખવામાં છે એને. એ ગૃહસ્થાશ્રમને કહે છે કે, પાણીમાં બોળી દે એકવાર અંજળી દઈને. આવું ગૃહસ્થાશ્રમ ધર્મ ને શ્રદ્ધા, જ્ઞાન ને વ્રતવાળુ ન હોય એ ગૃહસ્થાશ્રમને વખાણતા નથી અને આવો ગૃહસ્થાશ્રમ હોય તો પૂજ્ય છે. સમજાય છે કાંઈ ? એમ નહિ કે, ભાઈ! મુનિપણું થાય ત્યારે જ એની દશા હોય ને ગૃહસ્થાશ્રમમાં આવું ન હોય. ગૃહસ્થાશ્રમને આચાર્ય મહારાજ પોતે કહે છે કે, આવો ગૃહસ્થાશ્રમ એ પણ ધર્માત્માને, વિદ્વાનોને પૂજ્ય છે. ઘણો અધિકાર છે. શ્રાવકોની પ્રતિમા ને એમાં બહુ વર્ણવી છે. સમજાણું કાંઈ ?

**'ધર્માત્માશ્રાવકોંકો એકદેશવ્રતકે અનુસાર સંયમ ભી અવશ્ય પાલના ચાહિયે જિસસે ઉનકા કિયાહુઆ વ્રત ફલીભૂત હોવે.'**

**ભાવાર્થ :– 'જીવોંકી રક્ષા કરના...'** રક્ષાનો અર્થ કે બીજા પ્રાણીને ત્રસ આદિને ન મારવાનો ભાવ, દુઃખ ન દેવાનો ભાવ. રક્ષા કરી શકે છે કે ન કરી શકે એ અત્યારે પ્રશ્ન નથી. પણ બીજા જીવની દયા પાળવાનો ભાવ, અહિંસાનો ભાવ, શુભભાવ. **'ઔર મન તથા ઇન્દ્રિયોંકો વશમેં રખના...'** સંયમ છે ને ? સંયમ. પાંચ ઇન્દ્રિય અને મન ને છ કાયની દયાનો ભાવ. **'ઇસકા નામ સંયમ હૈ જબ તક યહ સંયમ ન કિયા જાવેગા તબ તક વ્રત કદાપિ ફલીભૂત નહીં હો સ તે...'** ત્યાં સુધી વ્રત એનું સાચું ફળે નહિ. **'ઇસલિયે આચાર્ય ઉપદેશ દેતે હૈં કિ એકદેશવ્રત કે અનુસાર (સમ્યગ્દષ્ટિકો) શ્રાવકકોંકો સંયમ અવશ્ય પાલના ચાહિયે જિસસે ઉનકા વ્રત ફલકા દેનેવાલા હોવે.'** જેથી એને સ્વર્ગ મળી અને પછી એકાવતારી થઈને મોક્ષને પામે. એવું ગૃહસ્થાશ્રમમાં રહેલું શ્રાવકપણું પણ આચાર્યો પ્રશંસનીય અને પૂજ્ય ગણવામાં આવે છે. એ સંયમની વાત વિશેષ કરે છે.

દિન દિન પ્રત્યેની વાત છે, હોં ! એક દિ' આમ કર્યું ને પાછુ બીજે (દિ' કાંઈ નહિ), એમ નહિ. આ દિન દિન પ્રત્યેની વાત છે. આ ભારે આકરુ, હોં ! ભાઈ ! હંમેશા ચોવીસ કલાકમાં વકિલાત કરવી કે આ તે છોકરાનું કરવું કે આ તે આ કરવું ? આચાર્ય તો કહે છે કે, દિન દિન પ્રત્યે કરવું, બાપુ! જો તારો કાંઈક ઉદ્ધાર કરવો હોય તો. અને બુડવું હોય મોહની પાશજાળમાં તો છે એ તો અનાદિકાળનું કરી રહ્યો (છો), એમાં કાંઈ નવાઈ નથી. મોહની જાળે તને બાંધ્યો ઝકડીને જાય નરક ને નિગોદમાં, કોઈ સામું જોનાર ત્યાં નથી. આવો મનુષ્ય દેહ પામીને ધર્માત્માઓએ બાર વ્રત આદિ લઈ અને એને નિર્મળ પાળવા અને આ મનુષ્ય દેહને સફળ કરવો.

# શ્લોક-૨૩

**त्याज्यं मांसंच मद्यंच मधूदुम्बरपञ्चकम्।**
**अष्टौ मूलगुणाःप्रोक्ताः गृहिणो दष्टिपूर्वकाः।।२३।।**

**અર્થ :– શ્રાવકોંકો મદ્ય, માંસ, મધુકા તથા પાંચ ઉદુમ્બરોંકા અવશ્ય ત્યાગ કરદેના ચાહિયે ઔર સમ્યગ્દર્શનપૂર્વક ઇન આઠોંકા ત્યાગહી ગૃહસ્થોંકે આઠ મૂલગુણ હૈં. ૨૩.**

જુઓ ! પહેલી વાત આવી. '**શ્રાવકોંકો...**' સમ્યગ્દષ્ટિપૂર્વક આત્માના ભાનની ભૂમિકા સહિત પાંચ પ્રકાર કે, '**મદ્ય,...**' મદ્ય. એ મદ્ય નામ દારૂ ન પીવો જોઈએ એણે. દારૂ ન હોય. સડો જેમાં થાય એ દારૂ હોય શકે નહિ. ત્રસની ઘણી જીવાત બુદ્ધિ બગડવામાં નિમિત્ત થાય. સમજાય છે કાંઈ ? દારૂનો ત્યાગ. કોઈપણ દારૂ એને હોય નહિ. '**માંસ,...**' કોઈપણ રીતે હોય નહિ. '**મધુ...**' વળી અત્યારે આ કૃત્રિમ મધ થાય એની પણ કોઈ વ્યાખ્યા માગે છે. પણ એ મધ જ સડો છે, કૃત્રિમ મધ પણ. આ માખી નાખીને નથી કરતા ? નવું બનાવે છે ને ? એ જોયું હતું ત્યાં. કેવું ? 'શ્રવણબેલગોલા'. 'શ્રવણબેલગોલા' ને ? આ પહેલું આવ્યું હતું ઇ. આ બાહુબલજીની પ્રતિમા, એ શું કહેવાય એને ? 'શ્રવણબેલગોલા'. એના પહેલા 'મૂડબિદ્રી'. 'મૂડબિદ્રી' માં અમે ઉતર્યા હતા ને ત્યાં એક હતું સામે. એક કોઈ ગૃહસ્થનું મકાન મોટું હતું. એમાં માખી નાખી હતી. એ મધુનો ત્યાગ.

આઠ મૂળગુણ તો શ્રાવકને પહેલા હોવા જોઈએ. મધ, બહુ પાપ. મધમાં એક બિંદુમાં ઘણું પાપ, આઠ ગામને મારવા જેટલું પાપ. કેટલાક તો રોટલીમાં મધ ખાય ને રોટલામાં ખાય ને. શું કહે છે ? રોટી કહે છે ને ? રોટી, રોટલા. એમાં એ ચડાવે. આહા..હા..! કહો, કેટલાક તો સાધુ નામ ધરાવીને પણ મધ ખાય, મધ અમારે નિષેધ નથી. અરે..! આ ચીજ એકલો સડો જીવનો. ખરેખર તો ગૃહસ્થાશ્રમમાં એને દવામાં પણ મધનો ઉપયોગ હોય શકે નહિ. સમજાય છે કાંઈ ? જેમાં ત્રસની ઘણી હિંસા (છે). એ માંસને ઠેકાણે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રાવકોને (એનો ત્યાગ હોય). ભાઈ! આ ભારે. પેલી નિશ્ચયની વાત એકલી હોય તો ઠીક પણ આ ત્યાગ કરવો આ આકરી (વાત છે). ભાઈ ! પેલી નહોતી આવતી પહેલી ? પૈસામાં જ્યાં આવતી ઇ વળી સવારની વાત સારી હતી.

મુમુક્ષુ : ....

ઉત્તર : દાન હમણાં આવશે, આ હમણાં આવશે, મૂંઝાવ નહિ. કોરડા પડશે એમાં તો. સમજાણું કાંઈ ?

શ્રાવકોને ગૃહસ્થાશ્રમમાં રહેલા ધર્મબુદ્ધિવંતને મધ, દારૂ, માંસ અને મધુ, '**તથા પાંચ ઉદુમ્બરોંકા અવશ્ય ત્યાગ કર દેના ચાહિએ...**' ફળ, ફળ. જેમાં ઉમ્બરના ફળ થાય છે ને ? એકલા ત્રસ. ઉમ્બરના ફળ થાય છે, ત્યાં જોયા હતા અમે. 'રાજકોટ' ઉતર્યા હતા ને ત્યાં ? 'રાજકોટ'. બહાર 'રાજકોટ'નું પેલું મકાન હતું ને ? ભાઈ ! કો'કનું નહિ ? 'રાઠોડ' નું કો'કનું હતું. ઉતર્યા હતા એ. ત્યાં આખા ઝાડ મોટા છે. અને બાકી ન્યાં નહિ ? આપણે પેલી તલાસરી, તલાસરી (સંવત) ૨૦૧૩ની સાલમાં ગયા હતા, બહાર જ્યાં જંગલ ગયા ત્યાં આવડા આવડા પડેલા. આ શું હશે આ ? એકલો જીવાત. ત્રસ... ત્રસ... ત્રસ... ઉમ્બરના ફળ થાય છે. એવા આ વડના ટેટા, આ પીપળયું પીપડની, એ શ્રાવકને હોય શકે નહિ. એનો ખોરાક (હોય નહિ). કેટલાક એના શાક કરે છે. જૈનના નામ ધરાવનાર પીપડીના શાક (કરે). અર..ર..! કાંઈ ખબર ન મળે અને પછી કરવા બેસે સામાયિક ને પોષા કરીને બેસે. ધૂળમાં પણ સામાયિક, પોષા નથી તારે. હજી ત્રસની હિંસા ને ત્રસના માંસના, ત્યાગના ઠેકાણા નથી ને સામાયિક ને પોષા આવ્યા ક્યાંથી ? આઠમ ને પાકીનો પોષો કરીને બેસે. ઘરે જાય ત્યાં શાક. શેનું ? કહે, પીપડીનું. આ તો અમારે બધો અનુભવ થઈ ગયેલો, હોં ! સમજાણું કાંઈ ?

એક ઘરે ગયા, ગામનું નામ ન આપીએ પણ એક ઘરે વ્હોરવા ગયા ત્યાં શાક પીપડીનું કર્યું. અર..ર..! આ ? આ તો ઘણા વર્ષની વાત છે, હોં ! ત્રીસ (વર્ષ પહેલાની). કહે છે કે, એવા શાકમાં એકલા ત્રસ, ત્રસ ને ત્રસ. એ એને ગૃહસ્થોને હોય શકે નહિ. '**અવશ્ય ત્યાગ કરદેના ચાહિયે...**' એમ લખ્યું છે, જુઓ ! સમજાણું ? '**ઔર સમ્યગ્દર્શનપૂર્વક ઇન આઠોંકા ત્યાગ હી ગૃહસ્થોંકે આઠ મૂલગુણ હૈં.**' આઠ મૂળગુણ એના. જેમ મુનિના આત્મભાન સહિત, ચારિત્ર અંતરના રમણતા સહિત જેમ અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો વ્યવહારના હોય છે, છે તો એ પુણ્યના વિકલ્પ, પણ મુનિ જેની દશા આત્મજ્ઞાન થયું અને ચારિત્રની રમળતા અંદર થઈ, બાહ્ય નગ્ન દશા થઈ, એને અઠ્યાવીસ મૂળગુણ આવ્યા વિના રહે નહિ. છે પુણ્ય બંધનું કારણ પણ એ વચમાં આવ્યા વિના રહે નહિ, જ્યાં સુધી પૂર્ણ ચારિત્ર ન પાળે ત્યાં સુધી. એમ ગૃહસ્થને આઠ મૂળગુણ આવ્યા વિના રહે નહિ, એમ નહિ કે, આ નિશ્ચય, નિશ્ચયમાં કાંઈ આપણે પરનું કરી શકીએ નહિ. પણ કરવાની ક્યાં વાત છે ? આવા ત્રસ જેમાં હોય એને ખાવાનો ભાવ, મારવાનો ભાવ, એ ભાવ સમ્યગ્દષ્ટિના શ્રાવક દશામાં ન હોય. સમજાય છે કાંઈ ? એ કહ્યું. પછી કહે છે કે,

# શ્લોક-૨૪

**अणुव्रतानि पञ्चैव त्रिःप्रकारं गुणव्रतम्।**
**शिक्षाव्रतानि चत्वारि द्वादशेति गृहिव्रते।।२४।।**

**અર્થ :- પાંચ પ્રકારકે અણુવ્રત તથા તીનપ્રકારકે ગુણવ્રત ઔર ચારપ્રકારકે શિક્ષાવ્રત યે બારહવ્રત ગૃહસ્થોંકે હૈં. ૨૪.**

ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકોને બાર વ્રત જરૂર હોવા જોઈએ. છે એ બાર વ્રતના વિકલ્પ પુણ્યબંધનું કારણ. જેટલે અંશે સ્વરૂપની દૃષ્ટિ થઈને સ્થિરતા થાય એટલે અંશે શ્રાવકનું પંચમ ગુણસ્થાન નિશ્ચયથી (છે) અને એને આવા બાર વ્રત આદિના ભાવ આવે એ રાગની મંદતાનો શુભભાવ આવ્યા વિના એને રહે નહિ. **'પાંચ પ્રકારકે અણુવ્રત તથા તીન પ્રકારકે ગુણવ્રત ઔર ચાર પ્રકારકે શિક્ષાવ્રત યે બારહ વ્રત ગૃહસ્થોંકે હૈં.'**

**'અહિંસા અણુવ્રત,...'** ત્રસ પ્રાણીને મારવાનો ભાવ, એનો એને ત્યાગ હોય છે, અહિંસામાં. કોઈ પણ ત્રસને બુદ્ધિપૂર્વક મારવા, આ ખ્યાલ આવે ત્રસને એનો એને ત્યાગ હોય. સમજાય છે કાંઈ ? જે વખતે જે વ્યવહારની વાત ચાલે (એમાં તો બધી વાત આવે). આમ તો કહે કે, રાગનો ત્યાગ આત્મા કરે તો મિથ્યાદૃષ્ટિ છે. એ બીજી વાત છે. એ તો દૃષ્ટિમાં રાગ છે, અહીંયા સ્થિરતાને હું છોડું તો પર્યાયબુદ્ધિ થઈ જાય છે, પણ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને આવા અણુવ્રતમાં બીજાને ન મારવાનો ભાવ એવો રાગ આવ્યા વિના રહેતો નથી. છતાં ખરેખર તેની કર્તૃત્વબુદ્ધિ ધર્મીની એમાં હોતી નથી. આહા..હા..! કર્તૃત્વબુદ્ધિ નથી ને કર્તવ્ય છે. વ્યવહારે કર્તવ્ય છે, નિશ્ચયમાં એ કરું એવી કર્તૃત્વબુદ્ધિ સમ્યગ્દૃષ્ટિને હોતી નથી. ભારે, ભાઈ ! તલવારની ધાર જેવી વાત છે.

આમ જો નિશ્ચયને ભૂલે તો વસ્તુ ચાલી જાય, વ્યવહાર ભૂમિકા પ્રમાણે એનો દયા, દાન આદિનો વિકલ્પ ન હોય, તો તીર્થનો નાશ થઈ જાય. તત્ત્વનો નાશ-સ્વભાવનો આશ્રય ન રહે તો તત્ત્વનો નાશ થઈ જાય છે. અને તીર્થ નામ ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાનના ભેદ પ્રમાણે નિર્મળતા જેટલી પ્રગટી એના પ્રમાણમાં એને રાગની મંદતાનો ભાવ ન હોય તો તેનો તીર્થનો નાશ થઈ જાય છે. સમજાય છે કાંઈ ? માટે બન્ને નયનું વાસ્તવિક તેને જ્ઞાન હોવું જોઈએ. એકનું આદરણીય ને બીજાનું જ્ઞાન (હોય). વ્યવહારે બીજાને આદરણીય પણ કહેવામાં આવે.

**'અહિંસાઅણુવ્રત, સત્યઅણુવ્રત,...'** સમ્યક્ સત્ પ્રગટ્યું છે અને આગળ વધ્યો

એટલે સત્યઅણુવ્રતનો ભાવ વિકલ્પરૂપે શ્રાવકને હોય છે. **'અચૌર્યઅણુવ્રત,...'** કોઈનું વગર આજ્ઞાએ લે નહિ, એક અંશે. **'બ્રહ્મચર્યઅણુવ્રત...'** પરસ્ત્રી આદિનો ત્યાગ, સ્વસ્ત્રી આદિની મર્યાદા. સમજાય છે કાંઈ ? પંચમ ગુણસ્થાન શ્રાવકની દશામાં આવો ભાવ ન હોય તો એ શ્રાવકપણું હોય શકે નહિ. **'પરિગ્રહપરિમાણ...'** પરિગ્રહની હદ કરે. ભલે ચક્રવર્તી હોય તોપણ એની હદ બાંધે. એટલું **'પાંચ અણુવ્રત, ઔર દિગ્વ્રત...'** દિશા. અમુક દિશામાં ન જાવું એ એક મમતાના અભાવ માટે ઇ જાતનું વ્રત પણ એને હોય.

**'દેશવ્રત...'** સમજાણું ? **'તથા અનર્થદંડવ્રત...'** અનર્થ છે ને આઠમું ? એ એને ન હોય. એટલે કે અનર્થદંડ ન હોય. એનો એને ત્યાગ હોય. વગર પ્રયોજને, વગર કારણે અનર્થના હથિયાર બનાવે અને પ્રાણી પ્રમાદથી તીવ્રથી મરી જાય એવા અનર્થદંડનો એને ત્યાગ હોય. **'યે તીન ગુણવ્રત, તથા દેશાવકાશિક,...'** હંમેશા દિન દિન પ્રત્યે મર્યાદા કરે, જાવજીવની મર્યાદા હોય કે, બે હજાર કે હજાર ગાવ ઉપરાંત ન જાવું. એ દરરોજમાં મર્યાદા કરે કે, આજ ચાર ગાવ ઉપર ન જાવું. એવી એક મર્યાદાનો વિકલ્પ ગૃહસ્થાશ્રમને મમતા ઘટાડવા આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ ? પણ એ સમ્યગ્દર્શનપૂર્વકની વાત છે, હોં ! એકલા એમ ને એમ લઈને બેસે ને અમારે વ્રત છે ને અમે સામાયિક (કરીએ છીએ), એ બધા એકડા વિનાના કોરે કાગળે મીંડા છે. ઓહો..હો..!

**'દેશાવકાશિક, સામાયિક,...'** હંમેશા સામાયિક એને હોય. બે ઘડી ચૈતન્યનું જે પ્રતીતમાં ભાન આવ્યું છે એનો અજમાઈશ કરે. બે ઘડી સામાયિકમાં ચૈતન્યના નિર્વિકલ્પ વસ્તુમાં કેટલો રહી શકું છું ? કેમ રહી શકું છું ? એવો હંમેશા બે ઘડીની સામાયિકમાં એ ચૈતન્યનો પ્રયોગ અજમાઈશ કરે. સમજાય છે કાંઈ ? એમ ને એમ આખો દિ' ચોવીસ કલાક આરંભ ને પરિગ્રહમાં પડ્યો હોય ને આ પ્રયોગ ન કરે, તો શ્રાવકપણું રહેતું નથી. સમજાય છે કાંઈ ?

**'પ્રોષધોપવાસ,...'** આઠમ, ચૌદશ એના ઉપવાસ કરીને પ્રોષધથી આત્માને પોષે. જેમ ચણો પાણીમાં નાખીને પોઢો થાય, એમ ચૈતન્યના ભાવપ્રાણની પુષ્ટિ થાય. પંદર દિને પ્રયોગ કરે આત્માનો કેટલો કાળ રહ્યો ? પેલો બે ઘડી હોય છે, પેલો ચોવીસ કલાક કે બાર કલાક આત્માનો પ્રયોગ કરે, પ્રોષધોપવાસ. **'વૈયાવૃત્ય...'** આ બારમું છે. અતિથીસંવિભાગ. મુનિની સેવા, મુનિ ધર્માત્માની સેવા અથવા એને આહાર, પાણી, દાનનું એ વ્રત છે. એને વૈયાવૃત્ય કહે છે. **'યે ચાર શિક્ષાવ્રત, ઇસપ્રકાર ઇન બારહ વ્રતોંકો ગૃહસ્થ પાલતે હૈં.'** જરૂર પાંચમાં ગુણસ્થાનમાં શ્રાવકને આવા બાર વ્રત આવ્યા વિના રહેતા નથી અને એ પાળે છે, એમ વ્યવહારનયથી કહેવામાં આવે છે. કહો, સમજાણું ? પછી તપ આવ્યો હવે, પાંચમો તપ. હવે દાન ચાલ્યું આવે છે, હોં ! હજી. પેલો દાન અધિકાર નહિ, હોં ! પેલો આખો દાન અધિકાર, એ નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, હા, એ સવાર જેવું જ છે આ. આવું હોય તો એને સવારનું ટકી શકે નહિતર સવારનું ટકી શકે નહિ. કહો, સમજાણું કાંઈ ? એમ કે ત્યાં સવારમાં એવું આવે છે પૈસા-બૈસા ખરચવાનું કાંઈ નહિ, છોકરા માટે રાખવા. અને અહીં જ્યારે આવે કે, પૈસાનું ખરચવાનું આવે. આહા..હા..! કહો, પેલા બાયડી-છોકરા જે સાપોલીયા છે એકલા, એને મમતામાં ખાય જાય એવા છે. એના માટે રાખું ને પોષણ કરું એવો ભાવ અને ધર્મને માટે કાંઈ રાગ ઘટાડીને દાન આદિ કરું એવા ભાવનો અભાવ. (એમ કહે), નિર્વિકલ્પ આત્મા છે. એવો વિકલ્પ ઉઠાવવો નહિ. કહે છે,... શિષ્યે પ્રશ્ન પણ કર્યો છે, મહારાજ! શાસ્ત્રને ભણવા આદિ તો એને તો બુદ્ધિને વ્યભિચારી કીધી છે, આમા પદ્મનંદિમાં. મહારાજ ! શાસ્ત્રનું પઠન-પાઠન કરવું એ બુદ્ધિને તો વ્યભિચારી કીધી છે અને એ શું કરવા તમે કહો છો ? બાપુ! વાત તારી સાચી. સ્વદ્રવ્યનો આશ્રય છોડીને જે બુદ્ધિ પરદ્રવ્યમાં જાય, આશ્રય કરે એ છે તો વ્યભિચારી પણ એ અશુભભાવનું વ્યભિચાર કરે એ કરતા શુભભાવ, અશુભ કરતા ઠીક છે. સમજાય છે કાંઈ ?

સ્ત્રીનો દાખલો આપ્યો છે ને ? દૃષ્ટિપૂર્વક, હોં ! એકલા બહારની વાત નથી આ. દૃષ્ટિપૂર્વિકા. સમજાણું કાંઈ ? સ્ત્રીનો દાખલો આપ્યો છે કે, સ્ત્રી જો ઘરમાં રહી શકે તો તો બરાબર છે પણ ન રહી શકે ને પારકે ઘરે જાય, મિત્રો અને સંબંધીઓમાં જાય અને વિષય ન લે તો એ પણ પ્રશંસનીય છે પણ બહાર જઈને કુશીલ સેવે, એ કરતા ગૃહસ્થાશ્રમમાં રહેલી સ્ત્રી પણ મિત્રના સંબંધમાં જાય તો પેલા કુશીલ કરતા પણ ઠીક છે. એમ પરદ્રવ્યમાં જાય એ બુદ્ધિ વ્યભિચારી તો છે, અશુભમાં આવે તો વ્યભિચારી અને શુભમાં આવે તોપણ વ્યભિચારી, પણ અશુભમાં તીવ્ર વ્યભિચારી પાપના પરિણામ કરતા દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને પૂજામાં જે વ્રતની વૃત્તિ જાય, એ છે તો નિશ્ચયથી વ્યભિચારી પણ વ્યવહારે તેને કુશીલ કહેવામાં આવતું નથી. પેલો તીવ્ર પાપના પરિણામ કરે તેને વ્યવહારે કુશીલ (કહેવાય), આ વ્યવહારે કુશીલ નથી, નિશ્ચયથી તો એ પણ કુશીલ છે. સમજાય છે કાંઈ ? પણ અંદરથી એ ભાવ આવ્યા વિના રહે નહિ. તેથી અહીં કહે છે,.. હવે તપની વ્યાખ્યા આવે છે. દાન વખતે આવે ત્યારે. આ પાંચમો બોલ છે. દેવ, ગુરુ, સજ્જાય, સંયમ અને આ પાંચમો તપ, પછી છઠ્ઠો દાન આવશે.

# શ્લોક–૨૫

**पर्वस्वथ यथाशक्ति भुक्तित्यागादिकं तपः।**
**वस्त्रपूतं पिबेत्तोयं रात्रिभोजनवर्जनम्।।२५।।**

**અર્થ :– અષ્ટમી-ચતુર્દશીકો શક્તિકે અનુસાર ઉપવાસ આદિ તપ, તથા છનેહુએ જલકા પાન, ઔર રાતકો ભોજનકા ત્યાગ ભી ગૃહસ્થોંકો અવશ્ય કરના ચાહિયે. ૨૫.**

ગૃહસ્થાશ્રમમાં ધર્મી શ્રાવકે **'અષ્ટમી-ચતુર્દશીકો શક્તિકે અનુસાર ઉપવાસ આદિ તપ,...'** કરવા. ચાર આહારનો રાગ ઘટાડવો. લ્યો ! એ ભાવ આવે એને. બાપુ! એ સમજે છે કે, આ વિકલ્પ છે, શુભ છે પણ આહાર કરવાનો જે સંસારને માટે વિષય પોષવા ને શરીરના પોષણ માટેનો રાગ એ તીવ્ર રાગ છે. એથી એ તીવ્ર રાગથી બચવા માટે આવો **'અષ્ટમી-ચતુર્દશીકો શક્તિકે અનુસાર ઉપવાસ આદિ તપ,...'** ઉણોદરી, ઉપવાસ એની શક્તિ પ્રમાણે હંમેશા તપ કરે. હંમેશા તપ કરે થોડો થોડો, પર્વ આદિમાં તો ઉપવાસ કરે.

**'તથા છનેહુએ જલકા પાન,...'** લ્યો ! ગળીને પાણી પીવે. આ ગરણા, ગરણાથી (પાણી પીવે). એમ ને એમ વગર ગળ્યા પાણી પીવે નહિ, કેમકે એમાં ત્રસની હિંસા થાય છે. ત્રસની હિંસામાં માંસનો દોષ લાગે છે, એથી ગળીને પાણી (પીવે). જુઓ ! છે ને પાઠ ? **'वस्त्रपूतं पिबेत्तोयं'** વસ્ત્રથી ગાળી, પાકા ગરણા હોય. અહીં તો શુભના ભાવમાં કેવી ચીજ હોય એ બતાવે છે ને ? ગરણુ કોણ કરી શકે છે ને લાવી શકે છે ? એ તો આવવાનું હોય ત્યારે આવે છે ને એ ક્રિયા થવાની (થવા કાળે થાય છે) પણ એના ભાવમાં વગર ગળેલું પાણી પીવાનો એને ત્યાગ હોય છે. સમજાય છે કાંઈ ? ગળેલું પાણી (પીવાના) ભાવમાં અશુભનો છેદ થાય છે.

**'છનેહુએ જલકા પાન, ઔર રાતકો ભોજનકા ત્યાગ...'** એ રાત્રીમાં ભોજનનો ત્યાગ. જીવની હિંસા રાત્રીએ ઘણી હોય. કવળમાં, કઢીમાં, ચામાં, દૂધમાં, રાબડીમાં જીણી જીવાત એવી પડે ત્રસ અને એ ત્રસનો ખોરાક. એટલે કહે છે કે, ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રાવકે દૃષ્ટિપૂર્વક આવો એને રાત્રિભોજનનો ત્યાગનો ભાવ હોય છે, રાત્રિભોજનનો ત્યાગ હોય છે. સમજાય છે કાંઈ ? કેટલાક તો આ નિશ્ચયની વાતું સાંભળીને જાય પેલા શું કહેવાય તમારે આ ? હોટલ, હોટલ. બટાટાના શાક અને બજારમાં ભા ભા ખાય.

ક્યાં તમે સાંભળ્યું નથી, આત્મા એ કરી શકતો નથી. બહુ સારુ. આહા..હા..! સમજાય છે ?

તમે મહારાજનો ઉપદેશ સાંભળ્યો નથી. એમ કહે. પણ આ બજારમાં ભા બટાટાના શાકને કરડે છો અંધારે, જૈનને લજાવો છો. જૈન નામ ધરાવાને લજાવો છો, લજ્જા (છે), તારાથી ધર્મ લાજે છે. સમજાય છે કાંઈ ? રાત્રિમાં ખાય, હોટલુંમાં જાય, સિનેમામાં જાય, મહા ત્રસની હિંસા કરે અને કહે કે, એ તો આપણે ક્યાં કરી શકીએ છીએ. અરે..! સાંભળ. પણ આ ભાવ તું કરે છે કોણ આ ? ખાવાનો ને મારવાનો ને આવા આલુ, આલુ સમજાય છે ને ? બટાટા બટાટા. આલુ સમજે કે નહિ ? આલુ કહે છે તમારે, અમારે અહીં બટાટા કહે છે, બટાટા બટાટા. એવા હિંસામાં ઘણા પ્રાણી જીવો હોય છે એવો (ખોરાક) એને હોય નહિ.

'**રાતકો ભોજનકા ત્યાગ...**' દૂધ ને પાણી પીવાય, ફલાણું નહિ. અરે..! એ પણ ન હોય, બાપુ! ચારે આહારનો ત્યાગ. એક પશુ જેવા, ચકલા જેવા આટલા જીવો એ રાતથી તે સવાર સુધી પાણીનું બિંદુ ન મળે એને. બરાબર હશે ? ભાઈ ! ચકલા પાણી પીતા હશે રાત્રે ? ચોવિહાર હશે ને એને ? અમારે તો પાણીયારું છે માટે પાણી પીવે એને ક્યાં પાણીયારું છે? આ વરસાદ તો આવતો હોય રાતે. એ ચકલા આટલા આટલા નાના ટેટા હોય. સાંજથી સવાર સુધી કુદરતના નિયમમાં એને એ ચીજ હોય નહિ. આહાર પણ નહિ ને પાણી પણ નહિ. તો મનુષ્યપણું મળ્યું અને આવા તીવ્ર પાપના કારણો, રાત્રિભોજનનો તો એને ત્યાગ જ હોવો જોઈએ. નહિતર તો એ માંસતુલ્ય ખોરાક કઢીમાં, પેલામાં ત્રસ પડે. આમ ખીચડી ને કઢી રાબડ કરીને ખાય એમાં પડે ત્રસ અંદર. એવા ખોરાક આત્માર્થીને, ભવભીરૂને, ભવના ભીરૂને–ચાર ગતિનો જેને ભય વર્તે છે, એવો ખોરાક રાત્રીનો હોય શકે નહિ. હંમેશાને માટે આ વાત છે, હોં ! આ હંમેશાની વાત છે. વાત આવી વળી. આ પાછા નિશ્ચયમાં કહે, પણ બન્ને હોય છે, સાંભળને ! વચમાં એ શ્રાવકને અને મુનિને યોગ્ય વ્યવહાર ન હોય તો તો એનું ભાન જ એને નથી, વસ્તુની ખબર જ નથી.

એટલે કહે છે, '**રાતકો ભોજનકા ત્યાગ ભી ગૃહસ્થોંકો અવશ્ય કરના ચાહિયે.**' જરૂર કરવો જોઈએ. એમાં રાગની મંદતા છે. દૃષ્ટિમાં તેનો રાગનો અભાવ છે. પર્યાયમાં રાગની મંદતાનો આવો ભાવ થયા વિના રહેતો નથી, તેને વ્યવહારે કરે છે તેમ કહેવામાં આવે છે. હવે, આચાર્યે તપમાં જરી બોલ એવો નાખ્યો... સમજાય છે ?

## શ્લોક–૨૬

**तं देशं तं नरं तत्स्वं तत्कर्माणि च नाश्रयेत्।**
**मलिनं दर्शनं येन येन च व्रतखण्डनम्।।२६।।**

**અર્થ :– સમ્યગ્દષ્ટિશ્રાવક એસે દેશકો તથા એસે પુરુષકો ઔર એસે ધનકો તથા એસી ક્રિયાકો કદાપિ આશ્રયણ નહીં કરતે જહાંપર ઉનકા સમ્યગ્દર્શન મલિન હોવે તથા વ્રતોંકા ખંડન હોવે. ૨૬.**

અરે..! સમ્યગ્દષ્ટિ અને શ્રાવક ગૃહસ્થાશ્રમમાં રહેનારા એને જેમાં સમ્યગ્દર્શનને હરકત આવે અને વ્રતમાં મલિનતાનું કારણ આવે, એવો સમ્યગ્દષ્ટિ શ્રાવક દેશનો ત્યાગ કરે, એવા દેશમાં રહે નહિ. આ વિલાયતમાં જાય ને પછી ત્યાં ખોરાક-બોરાકના ઠેકાણાં ન મળે, વાણિયા નામ ધરાવે, ગોટા વાળે, હોટલમાં ઈંડા ને ઢીકણાં ને ફીકણાં. એવો દેશ, શ્રાવકે એવા દેશનો ત્યાગ કરવો જોઈએ. લાખ, કરોડ રૂપિયા મળતા હોય પણ જેમાં એ માંસ ખાવાના પ્રકાર ને ઈંડાના પ્રકાર ને જે દેશમાં ઇ વિના રસોઈ થતી ન હોય. આવડતી ન હોય, પોતાને આવડતી ન હોય અને હોટલમાં જાય તો એ બધું એવું હોય. આચાર્ય મહારાજ કહે છે, સમ્યગ્દષ્ટિ અને શ્રાવકને તેવા દેશ જેમાંથી સમ્યગ્દર્શનને ધક્કો મલિન થાય કે વ્રતમાં સફળતા ન આવે ને વ્રત ખંડિત થાય એવા દેશમાં શ્રાવક રહે નહિ. સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ... એવા દેશમાં ઉપદેશ ...

ઉત્તર :– એનું એને શું કામ છે ? ન્યાં કોણ આ હજી સમજતા નથી એને એ ભાવ પણ શું હોય. એવા વિલાયતમાં ઉપદેશ કોણ સમજતો હતો વિલાયતમાં? એ બધી વાતું કરે કે, આ જૈનનું,... અહીં હજી એ જૈનદર્શન સર્વજ્ઞ વીતરાગે કહેલો માર્ગ જૈન જન્મથી વાડામાં નામ જૈને જન્મ્યા એને સમજવું કઠણ પડે છે. પેલાને ધૂળ સમજાય. માને એની મેળાએ, આપણા જૈનમાં દોરા આમ કરે છે, વિલાયતમાં આમ છે ને ઢીકણામાં આમ છે. સમજાણું કાંઈ ?

આચાર્ય મહારાજ... બાપુ! એ ધર્મ કોઈ એવી ચીજ છે કે, સાધારણ જનતાને એવા બિચારા જિંદગીમાં વીતરાગ શું ? પંચપરમેષ્ટી શું ? એમણે કહેલા છ દ્રવ્યો શું ? નવ તત્ત્વો જીવ ને અજીવ અને એની સાત પર્યાયો શું ? આ તો જન્મેલા જન્મથી જૈનો કહેવાય નામે એને પણ વાસ્તવિક દર્શનશુદ્ધિનું ઠેકાણું ન મળે અને દર્શનશુદ્ધિ કેમ થાય એ સાંભળવામાં મળે નહિ. એને ક્યાંથી લાવવા ન્યાં વ્રત ને નિયમ ને બાર વ્રતધારી ફલાણો ગોરો છે. ભાઈ ! તને વસ્તુની ખબર નથી, ભાઈ !

અહીં આચાર્ય કહે છે, '**સમ્યગ્દષ્ટિ શ્રાવક એસે દેશકો...**' કદાપિ આશ્રયણ નહિ કરતે. સમજાય છે ? પોતાના ધર્મની રક્ષા માટે દેશ છોડી દે. બીજું જશે, આવશે પણ ધર્મ ફરીને નહિ આવે, એ ખાતર એ દેશને છોડી દે. જુઓ ! એટલા તપમાં એ નાખ્યું છે. એટલી ઇચ્છા છોડી નાખે કે, નહિ. પણ અહીં બાર મહિને કરોડ પેદા થાય છે, ફલાણું આમ થાય છે ઢીકણું આ, જુઓને ! સમજાણું ? '**એસે પુરુષકો...**' છોડી દે. એ દેશને

છોડી દે સમ્યગ્દષ્ટિ શ્રાવક, પુરુષને છોડી દે. એવો કુસંગી પુરુષ હોય, ઊંધી વાત ને ઊંધી માન્યતા અને વ્યભિચારની વાતને એમાં જ્યાં કુશીલતામાં જ પોષણ કરતો હોય (એ) પુરુષનો સંગ છોડી દે. સમ્યગ્દષ્ટિ એનો સંગ કરે નહિ. સમજાય ? એટલી ઇચ્છા તોડી નાખે, એમ કહે છે અહીં તપમાં.

સમ્યગ્દષ્ટિ ધર્માત્મા કોઈ મળે એ સિવાય વિરોધ વાતના કહેનારા પુરુષો હોય એનાથી ગમે એટલો લાભ મળતો હોય કે, તમને પાંચ લાખ મહિને આપું અમારી નોકરી કરો ને ઊંધી વાતું આખો દિ' ખોસતો હોય. સમજાય છે કાંઈ ? તો કહે છે કે, સમ્યગ્દષ્ટિ શ્રાવક, એવા પુરુષ... છે ને ? **'तं देशं तं नरं'** એ મનુષ્યને છોડી દે. એટલે કે તેના સંગમાં રહેવાનો ભાવ છોડી દે, એ એને છોડી દે એમ કહેવામાં આવે. એવા પુરુષનો સંગ ન કરે, જેમાં મિથ્યાત્વ લાકડા આખો દિ' ફૂંક્યાં કરે, ઊંધી ઊંધી વાતું (કરે), વિજ્ઞાનમાં આમ છે ને ઢીંકણામાં આમ છે. જુઓને ! આ અત્યારે શું કહેવાય તમારું પેલું જાય છે ઇ ? ઊંચે. રોકેટ ને રોકેટે ચંદ્રમાં આમ કર્યું ને ઢીકણા આમ કર્યું. હવે સાંભળને ! શું કર્યું ?

સર્વજ્ઞ વીતરાગ સંતોએ જોએલો માર્ગ એ ત્રણકાળ, ત્રણલોકમાં ફરે એવો નથી. એવા ઊંધી વાતુંને સાંભળી સાંભળીને... અરે..! આપણા જૈનમાં આમ કહ્યું છે ને (આ આમ કહે છે). અરે..! જૈનમાં કહ્યું એ ત્રિકાળ સત્ય છે. તને શું ખબર. સંતો સર્વજ્ઞોએ કહેલું એમાં આવા ઊંધા લાકડા બતાવનારા મળે, કહે છે કે, એવા પુરુષને છોડી દેજે. એનો સંગ કરીશ નહિ, જો તારા આત્માનું હિત જાળવવું હોય તો. સમજાણું કાંઈ ?

આ વેષમાં રહેલા પણ એવા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનનારા અને એકાંત મિથ્યાત્વના સેવનારા એવાઓનો સંગ સમ્યગ્દષ્ટિ શ્રાવક કરે નહિ. એમ સાધુ નામ ધરાવનારા કુલિંગી અને આનું દ્રવ્યલિંગ હોય પણ જેની માન્યતા વિરુદ્ધ અને પ્રરૂપણા વિરુદ્ધ ને યુક્તિ એવી લગાવે દાખલા, દલીલ ને યુક્તિ ઊંધી માન્યતાવાળા, એનો સંગ શ્રાવક કોઈ દિ' કરે નહિ. એના પરિચયમાં માન મળે મોટું તોપણ જાય નહિ. કહો, સમજાય છે કાંઈ ? લ્યો ! ન્યાં માન મળે. આવો આવો ભાઈ. ઓ..હો..હો..! પેલાને (એમ થાય), આહા..! હજાર, પાંચસો માણસ બેઠું હોય એમાં માન મળે એને લઈને, લ્યો ! સમજાણું કાંઈ ? આચાર્ય મહારાજ, પદ્મનંદિ મુનિ, ભાવલિંગી સંત, શ્રાવકની દશાનું આવું વર્ણન કરે છે. તે દેશને છોડી દેજે કે જેમાં સમ્યગ્દર્શન અને પોતાને વ્રતમાં કંઈ વાંધા, ખંડન થાય એવા દેશ, એવા માણસને છોડી દેજે, એનો સંગ કરીશ નહિ.

હવે ત્રીજું આવ્યું. **'तत्स्वं'** એવા ધનને છોડી દેજે. લાખો, કરોડોની પેદાશ કરતો હોય ને હોય પરસ્ત્રી લંપટી. આટલા તમને આપું, આમ કરો, આટલા પૈસા તમને મળશે, આ માંસનો જરી ખોરાક તો કરો અથવા તમારે માંસ વેચવું તો પડશે. નહિતર એ ઘરાક પચાસ રતલનું લેવા આવે, જો એ માંસ નહિ હોય તો એકેય રકમનો માલ નહિ ખપે તમારો.

સમજાણું કાંઈ ? આ પરદેશમાં ધંધા કરે છે ને કેટલાક ? એમ ને એમ આખા ડબ્બા આવે છે ને ? ભાઈ ! માંસના ડબ્બા. કસાઈ જેવા ધંધા. ન્યાં રીવાજ એવા હોય બધા લેવા આવે પચાસ ચીજનો આંકડો. આટલી રકમું છે તો ત્યાં ભો રહે, નહિતર... એક આ નથી. એની માટે માંસના ડબ્બા રાખે, માંછલીના કોડલીવરના તેલ કહેવાય છે ને ? કોડલીવર. અને શું કહેવાય ? આ અળસીયાનું આ કરે છે ઇ, આપણે કરે છે નહિ ?...

અમે ન્યાં 'રાજકોટ'માં જોયેલું એકવાર. હું જંગલ જાતો હતો ત્યાં એનો માણસ પેલા થોરની અંદર અણસીયા કાઢતો હતો, અણસીયા, આટલો ડબ્બો હતો એનો માણસ એક રાખેલો દિવસનો રૂપિયો કે દોઢ રૂપિયો (આપે). એ અણસીયા કાઢતો હતો. કીધું, શું કરે છે આ ? બાવાજી ફલાણા, જે નામ દીધું એ, એ એના તરફથી આ શું કીધું ? બાદશાહી .... એ કરે છે રાખ, વીર્યવર્ધક. એ અણસીયા ભેગા કરીને એની રાખ કરે છે. વીર્યવર્ધક. સમજાય છે ? એટલા અણસિયા. કટકા કરતો હતો, કટકા કરી અને મોટું મોટું ન હાથ આવે તો કટકો કરીને નાખે, કટકો કરી નાખે. ડબ્બો ભરીને પછી રાખે. સમજાણું કાંઈ ? એવી લક્ષ્મી આ રીતે મળતી હોય તો એ છોડી દે. છોડી દે એને. લાખ, કરોડ દુનિયા ઇન્દ્રપદ મળતું હોય તો છોડી દે એને. પણ આમાં બહુ પેદાશ થાય છે તમને. રૂપિયા રોકવા પડશે પાંચ લાખ અને પેદા થશે મહિને પાંચ લાખ. સમજાય છે કાંઈ ?

ગૃહસ્થાશ્રમમાં રહેલા ધર્મી શ્રાવકો એવા ધંધા લક્ષ્મીના કરે નહિ. લક્ષ્મી મળે તો છોડી દે. આ અત્તરના ધંધા. અત્તર, અત્તર. એકલું પાપ. એક બિંદુમાં એકલા માંસનું પાપ. એમાં પેદાશ શું થાય ? આમાં બહુ ખપે છે, બાટલા બહુ ખપે છે ને પરદેશમાં જાય છે ને ઢીકણાંમાં જાય છે ને હોળીમાં જાઈશ તું પરદેશમાં, એમ કહે. તારા સ્વદેશને ચુકીને પરદેશમાં ચાલ્યો જઈશ. વિભાવમાં તીવ્રતામાં એકાકાર થાય એવું શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં હોય શકે નહિ. લ્યો ! આ મુનિ તો બધી વાતું ઘણી તપાસી ગયા હશે ? મુનિને ખબર હશે બધી ? નગ્ન દિગંબર થઈ ગયા એને ? હા, ભાઈ ! એને આખી દુનિયાની ખબર છે. કે, દુનિયા પોતાના વિભાવને પોષવા આવા તીવ્ર પાપ કરે છે એ શ્રાવકને હોય શકે નહિ. અબજો રૂપિયા મળશે બાર મહિનાની પેદાશના પણ આવો ધંધો કરો તો તમારો વેપાર સરખો ત્રણસો સાંઈઠ દિ' ચાલશે, નહિતર નહિ ચાલે.

એક જણો ત્યાં 'મુંબઈ'માં કહેતો હતો, વાણિયો, અમે એ અણસીયાનું ન રાખીએ તો એ ઘરાક જ ન ભો રહે. બધોય માલ ન લે. અરે..! હોળી મુકને પડતી હવે. તારે ઘરાક ન આવે તો આવા પેટ ભરવા ? સમજાય છે કાંઈ ? અથવા શ્રાવક અમલદાર અધિકાર હોય અને એને બોકડા લખવા પડતા હોય, બોકડા મારવાના રાજા તરફથી આવે કે આ બોકડા મારવા પડશે, ખાવાના ખોરાક આપવા પડશે, એવા વેપાર કે એવી નોકરી એ ધર્મી છોડી દે. સમજાય છે કાંઈ ? ખાવાને માટે આ અમલદાર અધિકારીઓ બધા

ભેગા થયા છે માટે બે બોકડા મોકલજો. આહા..હા..! શ્રાવકના એ કર્તવ્ય ન હોય, એ સહિ ન કરી દે. આખી દુનિયા ડોલાય જાય પણ એવા માંસના, બોકડાને કાપવાના ધંધા અને એની નોકરીયું, એવી નોકરી, પૈસા મળતા હોય તો એને છોડી દે. શ્રાવક ગૃહસ્થાશ્રમમાં એવા ધંધા કરે નહિ. કહો, સમજાણું કાંઈ ?

એવી ક્રિયાનો કદાપિ આશ્રય નહિ કરે. ક્રિયા, એમાં ન્યાં  ભા રહેવું પડે, સહિ કરવી પડે, ફલાણું કરવું પડે પાપમાં, ધંધા માંસના હોય, પેલો સીધો શિકાર (કરે) અને કસાઈ વેચે. આ તૈયાર કરેલા માંસ વેચે અને ખાનગી કહી દે કે, માંસ ઓછું થયું હોય તો જરીક લઈ આવજો બે ચાર બળદ-બળદ ન્યાંથી, માંસ વેચે. આ પૈસા, એવો ધંધો ને એવો વેપાર શ્રાવકને હોય શકે નહિ. આ રંગ થાય છે ને ? રંગ બાવળના. બાવળના રંગમાં કીડા (હોય). એમાં પૈસા કરોડો પેદા થાય. પણ એ બાવળના જે છાલુંને એને બોળે, સડા (કરે એમાં) ઇયળ આવડી આવડી પડે. ... ને પછી  બાર મહિને પચાસ લાખ ને કરોડ પેદા થાય. ભેગા કર્યા દસ કરોડ. ધૂળમાં પણ નથી મરી જઈશ, ચાલને. સમજાય છે કાંઈ ?

એવા ધંધા, જેમાં મહા ત્રસ મરતા હોય, ઇયળ, કીડા ખદબદતા હોય એની કરે ખેળું ને એમાં નાખે લુગડા ઉપર કેળ. આ ખેળ કરે છે ને ? ખેળ. ઘણો સડો હોય. એવી ખેળ પહેલી આવતી. હવે તો... કીડા. એક જણો કહેતો હતો, ખેળે તો આમ જીવડા આવડા આવડા. એ લુગડામાં, મીલમાં નાખે. ચોપડે તો લુગડું સરખું ચક ચક થાય. એવી એ લક્ષ્મીને શ્રાવક ગૃહસ્થાશ્રમમાં જતી કરે. એટલી ઇચ્છાનો તો નિરોધ કરે, હોય જ. નહિતર તેનું શ્રાવકપણું ગૃહસ્થાશ્રમમાં ધર્મીપણું રહેતું નથી અને એ ક્રિયા એવી ન કરે.

**'જહાંપર ઉનકા સમ્યગ્દર્શન મલિન હોવે તથા વ્રતોંકા ખંડન હોવે.'** એમાં એ રહી શકે નહિ. છોડી દે દેશને, પુરુષને, ધનને અને એવી ક્રિયાના આચરણ છોડે એને આત્માનું સમ્યગ્દર્શન ને વ્રત રહી શકે, નહિતર રહી શકે નહિ. વિશેષ કહેશે...

# શ્લોક–૨૭ થી ૩૩
# પ્રવચન નં. ૩૦
## (વિક્રમ સંવત ૨૦૧૭, ભાદરવા સુદ ૨, સોમવાર)
## તા. ૧૧-૦૯-૧૯૬૧

આ 'પદ્મનંદિ પંચવિંશતિઃ' છઠ્ઠો અધિકાર. સમ્યગ્દર્શન, જ્ઞાન સહિત શ્રાવકના સંસ્કાર રાગની મંદતાના રહે એને અહીંયા વ્યવહાર શ્રાવકનો અનુષ્ઠાન અથવા આચાર કહેવામાં આવે છે. એ શ્રાવકને હંમેશા દિન દિન પ્રત્યે છ પ્રકારના કર્તવ્ય કરવા જોઈએ એનો અધિકાર ચાલે છે.

પહેલા દેવની સેવાની વાત કરી, દેવ પૂજા. ગુરુની સેવા. એ ભક્તિમાં જે આવે છે દેવ-શાસ્ત્ર-ગુરુ તીન એ તો ભક્તિની અંદરની વાત આવે છે. આ તો એના કર્તવ્ય તરીકે એમાં પહેલા દેવની પૂજા, ગુરુની સેવા, શાસ્ત્ર સ્વાધ્યાય એ ત્રીજો, એમાં સ્વાધ્યાય કરવો. અને સ્વાધ્યાયમાંથી સમજીને યથાયોગ્ય દિન પ્રત્યે એણે સંયમ કરવો જોઈએ. પાંચ ઇન્દ્રિય મન અને છકાયની હિંસાની વૃત્તિ કંઈ ઘટાડવી જોઈએ. એના પછી તપ, એ તપ પછી દાન આવશે. કેમકે તપમાં એમ કહ્યું કે યથાયોગ્ય જેનાથી વ્રતને અને સમ્યગ્દર્શનને વિઘન આવે એવો દેશ, એ પુરુષ અને લક્ષ્મીને છોડે. પછી લક્ષ્મીના દાનનો અધિકાર આવશે. લક્ષ્મીનું દાન અથવા સાધુ, અર્જિકા આદિ સાધર્મીને દાનની વાત દિન પ્રત્યે કેમ હોય એ પછી (આવશે). જેણે અનીતિથી અને મહાન અન્યાયથી ધન આદિ પેદા કર્યું હોય એ વાત અહીં શ્રાવકના આચારમાં આવતી નથી. સમજાય છે કાંઈ ? તેથી પહેલી એ વાત કરીને પછી દાનની કહેશે.

એમાં એ કહ્યું કે, સમ્યગ્દષ્ટિ શ્રાવકને યથાયોગ્ય પોતાનું સમ્યગદર્શન અને ચારિત્ર એટલે વ્રતને વિઘન ન આવે એવી રીતે વર્તવું જોઈએ. એવા દેશને છોડવું, ધનને છોડવું અને એવા કુસંગ કોઈ આત્મા હોય, પુરુષ એને પણ છોડી દેવા. હવે જરી ભોગોપભોગની વાત (કરે છે). આ બધી તપની વ્યાખ્યામાં ઇચ્છાના ઘટાડવામાં આવે છે આ.

### શ્લોક–૨૭

**भोगोपभोगसंख्यानं विधेयं विधिवत्सदा।**
**व्रतशून्या न कर्तव्या काचित् कालकला बुधैः।।२७।।**

**અર્થ :– આચાર્ય ઉપદેશ દેતે હૈં કિ શ્રાવકોંકો ભોગોપભોગપરિમાણવ્રત સદા કરના ચાહિયે ઔર વિદ્વાનોંકો એકક્ષણ ભી બિના વ્રતકે નહીં રહના ચાહિયે. ૨૭.**

**'આચાર્ય ઉપદેશ દેતે હૈં કિ શ્રાવકોંકો ભોગોપભોગપરિમાણવ્રત...'** દરેક પદાર્થમાં જરી મમતા ઘટાડવામાં અમુક ચીજો મારે ખપે ને અમુક ન ખપે એવો વિવેક રાગમાં, મંદતાનો દિન પ્રત્યે ભોગ-ઉપભોગ પરિમાણના વ્રતનો એને હોય છે. જે તે ભરડે ને ખાય ને પ્રમાણ નહિ એવું શ્રાવકને હોય શકતું નથી. **'સદા કરના ચાહિયે ઔર વિદ્વાનોંકો એક ક્ષણ ભી બિના વ્રતકે નહીં રહના ચાહિયે.'** પોતાની નિર્વિકલ્પ શ્રદ્ધા, જેમાં આત્માનું ભાન (છે), આ એક વિકલ્પ ઉઠે છે એ પણ કર્મકૃત છે, ખરેખર મારું કૃત્ય છે નહિ. એવી ભાનની ભૂમિકામાં આવા વિકલ્પને કરતો એવા પોતાના વ્રતમાં બરાબર નિર્મળપણે રહે છે.

હવે કહે છે વિના વ્રત ન રહેવું એટલે કે પુરુષાર્થથી શ્રાવકની દશામાં એટલો તો એને પુરુષાર્થ પંચમ ગુણસ્થાનમાં હોય છે. એટલા એને નિયમની વૃત્તિઓ બરાબર દૃઢ રીતે પાળે છે. છતાં હવે કહે છે.

## શ્લોક–૨૮

**रत्नत्रयाश्रयः कार्यस्तथा भव्यैरतन्द्रितैः ।**
**जन्मान्तरेऽपि तच्छ्रद्धा यथा संवर्धते तराम्।।२८।।**

**અર્થ :– આલસ્યરહિત હોકર ભવ્યજીવોંકો ઉસીરીતિસે રત્નત્રયકા આશ્રય કરના ચાહિયે જિસસે દૂસરે દૂસરે જન્મોંમેં ભી ઉસકી શ્રદ્ધા બઢતીહી ચલી જાવે. ૨૮.**

શું કહે છે ? કે, **'આલસ્યરહિત હોકર ભવ્યજીવોંકો ઉસી રીતિસે રત્નત્રયકા આશ્રય કરના ચાહિયે...'** પહેલો તો સમ્યગ્દર્શનનો આશ્રય એવો કરવો પ્રયત્નથી, પુરુષાર્થથી પ્રમાદ છોડી, આળસ છોડી. જગતના અનુકૂળ, પ્રતિકૂળતાના નિમિત્તોના લક્ષને છોડી દઈ. સમજાય છે કાંઈ ? કે, જગતમાં આમ માનશું તો શું બોલશે ? આમ માનશું તો આપણા માનનારા ઘણા ઓછા થઈ જશે, આપણને અનુકૂળતામાં નહિ રહે, એમ એને અંદરમાં થવું ન જોઈએ. સમ્યગ્દર્શનનો આશ્રય તો એવો કરવો કે, **'આલસ્યરહિત હોકર ભવ્યજીવોંકો...'** સમ્યગ્દર્શનનો આશ્રય નિર્મળ બરાબર થઈ રહે એમ રહેવું જોઈએ. સમજાય

છે કાંઈ ?

સમ્યગ્દર્શન એટલે નિર્વિકલ્પ આત્મતત્ત્વની પ્રતીતિ. ત્રણકાળ, ત્રણલોકમાં કર્મ ને કર્મના કાર્યો વિકલ્પ કે હું એક છું કે અનેક છું એવા વિકલ્પ એ પણ મારી ચીજમાં નથી. એવી અંતરમાં સમ્યક્શ્રદ્ધા ને દઢતા અને તે મારા પુરુષાર્થથી જ આ કાર્ય થાય છે. કોઈ કર્મ મંદ પડે તો થાય ને આ થાય એમ એ માનતો નથી. એવા સમ્યગ્દર્શનનો આશ્રય આળસ રહિત કરવો જોઈએ અને જે સમ્યગ્દર્શનની નિર્મળતા જન્માન્તરે વધતી જાય. જન્માન્તરે એટલે કે મૃત્યુકાળમાં પણ એમાં શિથિલતા આવે નહિ અને એ સમ્યગ્દર્શન લઈ અને બીજા ભવમાં એની વૃદ્ધિ ને શુદ્ધિ થાય, એમ શ્રાવકે સમ્યગ્દર્શન માટે નિરઅતિચાર એનું પાલન કાયમ દિન પ્રત્યે હોવું જોઈએ.

તેમ સમ્યગ્જ્ઞાન. આળસ રહિત સમ્યગ્જ્ઞાનનું આરાધન, સેવન શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં દિન દિન પ્રત્યે હોવું જોઈએ. જેમાં એમાં શિથિલતા ન આવે કે, કંટાળી ગયા આ વાંચનમાં, શ્રવણમાં, આટલો સ્વાધ્યાય કરવો, એ સ્વાધ્યાય પછી આ લીધું છે ને ? સંયમ અને તપ, એમાં કંટાળો એને ન આવવો જોઈએ. આળસ રહિત સ્વાધ્યાય અને જ્ઞાનની નિર્મળતા એણે બરાબર કરવી જોઈએ. ત્રીજી. વ્રતનો આશ્રય પણ એટલો લે કે, જેમાં પોતાને શિથિલતા ન આવે અને વ્રત લઈને, મોટા વ્રત લઈને પછી અનાદર અને શિથિલતા અને બેદરકારી થાય એવું સમ્યગ્દષ્ટિ શ્રાવકને હોવું જોઈએ નહિ. સમજાય છે કાંઈ ?

એકદમ વગર વિચારે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોયા વિના, પોતાની શકિત જોયા વિના એકદમ ઝાઝા (વ્રત) લઈ લે (તો એ) શિથિલ થઈ જશે. એના ઉપર વ્રત અને ચારિત્રનો અંતર આદર રહેશે નહિ અને અનાદર ને અંદર તુચ્છતા લાગશે કે, અરે..રે..! આ ક્યાં લઈ પડ્યા. એવું શ્રાવકને, સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર આરાધક થવું હોય એને એવી શ્રદ્ધા, જ્ઞાન ને વ્રતનો નિયમ એને હોય કે, જે આળસ રહિત થઈને ત્રણેનો આશ્રય કરવો જોઈએ. **'જિસસે દૂસરે દૂસરે જન્મોંમેં ભી ઉસકી શ્રદ્ધા...'** નામ ભાવના. **'શ્રદ્ધા બઢતી હી ચલી જાવે.'** શિથિલતા આવે નહિ. સમજાય છે કાંઈ ?

કેટલાક તો એવા તપ કરીને બેસે, વ્રત લઈને બેસે પછી સૂઈને માંડ માંડ દિવસ કાઢે અને એમ ને એમ તૃષા એટલી લાગે, એટલું લાગે પણ કરી શકાય નહિ એને નિયમ પ્રમાણે પછી આમ પાણી છાંટે, છાશ છાંટે કે આ કરે ને આમ કરીને (દિવસ) ગાળે, એને વ્રત ને નિયમમાં આદર રહ્યો નથી. એની યોગ્યતા શકિત પ્રમાણે ભાવના વૃદ્ધિ કર્યે થાય. એણે એવા વ્રતનો આશ્રય અવલંબન લેવો જોઈએ. સમજાય છે કાંઈ ? ષોડશ કારણ ભાવના. એ ષોડશ કારણે તીર્થંકર ગોત્ર બંધાય એમાં બે બોલ લીધા છે. કે, સમ્યગ્દષ્ટિ યથાશકિત વ્રત અને તપને આદરે છે. શકિત ઉપરાંત મર્યાદા ઓળંગીને દુનિયામાં માન લેવા કે અનુકૂળ લેવા એ કરતા નથી. એવી રીતે એનો વિવેક હોવો જોઈએ. પછી તણાય જાય ને પછી

હાય..હાય..! આમ થઈ ગયું, આમ કરાય ગયું આ. સમજાય છે કાંઈ ?

ઇચ્છાને મંદ કરીને વ્રત આદિ એવું એને હોય કે, જેમાં ભાવનાની વૃદ્ધિગત જન્માંતર સુધી ચાલી જાય. મૃત્યુકાળ સુધી અને પછી જન્માંતરે પણ એની ભાવના ઓછી પડે નહિ. એવી રીતે દર્શન, જ્ઞાન અને વ્રતનો આશ્રય એણે લેવો જોઈએ. સમજાય છે કાંઈ ? આ શ્રાવકના સંસ્કારની વાત છે કે, જે સંસ્કાર એના વધતા જાય, એવી રીતે એનો આદર કરવો જોઈએ. કહો, '**ઉસકી શ્રદ્ધા...**' શ્રદ્ધા શબ્દે ભાવના. દર્શન છે એ તો બરાબર પાકુ (હોય) પણ એની ભાવનામાં શિથિલતા ન થાય એવી ભાવનાથી ત્રણેનો એણે આશ્રય કરવો જોઈએ.

## શ્લોક-૨૯

હવે કહે છે કે, એ તપમાં વિનય મુક્યો.

**विनयश्च यथायोग्यं कर्तव्यः परमेष्ठिषु।**
**द्रष्टिबोधचरित्रेषु तद्वत्सु समयाश्रितैः।।२९।।**

**અર્થ :- જો જિનેન્દ્રકે સિદ્ધાન્તકે અનુયાયી હૈં ઉન ભવ્યજીવોંકો યોગ્યતાનુસાર, જો ઉત્કૃષ્ટસ્થાનમેં રહનેવાલે હૈં એસે પરમેષ્ઠીયોંમેં વિનય અવશ્ય કરની ચાહિયે તથા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રમેં ઔર ઇનકે ધારણકરનેવાલે મહાત્માઓંમેં ભી અવશ્ય વિનય કરના ચાહિયે. ૨૯.**

'**જો જિનેન્દ્રકે સિદ્ધાન્તકે અનુયાયી હૈં...**' જિનેન્દ્ર સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમાત્માના સિદ્ધાંતનો જે અનુયાયી શ્રદ્ધા, જ્ઞાન ને વ્રતનો પાળનાર છે. '**ઉન ભવ્ય જીવોંકો યોગ્યતાનુસાર,...**' '**यथायोग्यं**' જેની જેટલી યોગ્યતા. એટલે અરિહંતનો વિનય, સિદ્ધનો વિનય, આચાર્યનો વિનય, ઉપાધ્યાયનો વિનય, સાધુનો વિનય, સમ્યગ્દષ્ટિનો વિનય, સમ્યગ્જ્ઞાનીનો વિનય, સમ્યક્ચારિત્રનો વિનય અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો વિનય. સમજાય છે કાંઈ ? પંચપરમેષ્ઠીનો યથાયોગ્ય જેને જેટલો હોય એ પ્રમાણે વિનય. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધરનારનો વિનય અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાયનો વિનય. સમજાણું કાંઈ ? ત્યાં એનો અનાદર આવી જાય કે એને બહુમાન ન રહે તો તો એ શ્રાવકપણું એને જળવાતું નથી.

'**જિનેન્દ્રકે સિદ્ધાન્તકે અનુયાયી હૈં...**' અહો..! પરમાત્માનો દાસ છે. સમ્યગ્દષ્ટિ પરમાત્મા ત્રિલોકનાથ જૈન પરમેશ્વર એનો દાસ છે. કેટલો એનો વિનય જોઈએ ! સમજાય

છે ? એની વાણી નીકળતી હોય ત્યાં પણ મશ્કરી ને ઠઠા ચાલે તો એ પરમેષ્ઠીનો વિનય નથી. અવિનય છે, અનાદર છે, અશાતના છે, ભવભીરૂપણું રહેતું નથી ને અનંતા ભવનું આવરણ ત્યાં પડે છે, આ એ વાત કરે છે. સમજાય છે કાંઈ ?

સર્વજ્ઞ ત્રિલોકનાથ જેની વાણી, સિદ્ધાંત એના અનુયાયી એટલે એની સાચી શ્રદ્ધા, જ્ઞાન ને આચરણ ને અનુષ્ઠાન અંશે કરનારા, અંશેની વાત છે ને શ્રાવકની ? એને '**ભવ્યજીવોંકો યોગ્યતાનુસાર, જો ઉત્કૃષ્ટ સ્થાનમેં રહનેવાલે હૈં...**' પાંચ પદ તો ઉત્કૃષ્ટ સ્થાન પરમેષ્ઠી છે. '**ઐસે પરમેષ્ઠીયોંમેં વિનય અવશ્ય કરની ચાહિયે...**' બહુ વિનય. ઓહો..! પરમાત્મા એની પ્રતિમા હોય તોપણ મંદિરમાં બહુ વિનયસર એનો વિનય હોવો જોઈએ. સમજાય છે કાંઈ ? મંદિરમાં ઠઠા, મશ્કરી, દાંત અને મેલ કાઢવા, આમ કરવું, ફલાણું કરવું એ જાતના શરીરમાંથી, પેલામાંથી (મેલ કાઢવા) એ ભગવાનની અશાતના છે. સમજાણું કાંઈ ? ત્રિલોકનાથ પરમાત્માની હાજરી હો કે એમની પ્રતિમાની હાજરી હો બહુ વિનયથી, બહુ માનથી, દાસાનુદાસપણે રહેતો (હોય). એ સભામાં પણ જાય છે તો રાજની જે મર્યાદા હોય તે એના દિવાન શું કહેવાય એ ? સમજાણું ? કોર્ટમાં, જળવાય રહેવી. તો એને બેસવા દે નહિતર બેસવા ન દે. એમ ભગવાનનું મંદિર સમવસરણ છે. સમજાય છે ? સાક્ષાત્ પરમાત્માની પ્રતિમા બિરાજે છે, એમ સાક્ષાત્ સમવસરણમાં... નીચે કહેશે.

'**જો મનુષ્ય જિનેન્દ્રસિદ્ધાંતકે ભ ત હૈં તથા ધર્માત્મા હૈં ઉનકો સમવસરણલક્ષ્મીકરયુ ત,...**' ભાવાર્થમાં. '**ચાર ઘાતિયાકર્મોંકો નાશકર કેવલજ્ઞાન આદિ અનન્ત ચતુષ્ટય કે ધારી, શ્રીઅર્હન્ત પરમેષ્ઠીમેં,...**' બહુ જ વિનય હોવો જોઈએ. ત્રિલોકનાથ પરમાત્મા જેની પાસે ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વના ધરનાર ગણધર, આમ હાથ જોડીને વિનય... વિનય... વિનય... વિનય... કરી રહ્યા છે. ધર્મ સભા સમવસરણની અંદર, ચાર ચાર જ્ઞાનના ધણી પ્રભુ ! આપની વાણી દિવ્ય અલૌકિક છે, આપના સિદ્ધાંતો, જગતના તારણહારને માટે આપની વાણી નીકળે છે. એમ ચાર જ્ઞાનના ધરનાર ગણધર, જેને એ ભવે મોક્ષ જવું છે, એ પણ આમ વિનય, વિનયથી સાંભળે છે, સમવસરણની અંદર.

'**તથા સમસ્ત કર્મોંકો નાશકર લોકકે શિખરપર બિરાજમાન ઔર અનન્ત જ્ઞાનાદિ આઠ ગુણોંકર સહિત સિદ્ધ પરમેષ્ઠીમેં,...**' પણ મહા વિનય હોવો જોઈએ. મહાન પરમાત્મા લોક શિખરે બિરાજે છે. અહો..! અનંત જ્ઞાન આદિ પૂર્ણ દશા જેને પરમાત્માને પ્રગટી છે એના પ્રત્યે શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં ભાનપૂર્વક એને વિનય હોવો જોઈએ. '**તથા દર્શનાચાર...**' આચારની વાત કરે છે. '**જ્ઞાનાચાર આદિ પાંચ આચારોંકો સ્વયં આચરણ કરનેવાલે (આચાર્ય) ઔર અન્યોકો ભી આચરણ કરાનેવાલે એસે આચાર્ય પરમેષ્ઠીમેં,...**' વિનય હોવો જોઈએ. આચાર્ય આચાર્યપણે હોય એની વાત છે

ને ? બરાબર વિનય (હોય). આચાર્ય એટલે પરમેષ્ઠી છે, ભગવાનના શાસનના અધિપતિ છે, નાયક છે.

'કુંદકુંદાચાર્ય' એ વખતે ભગવાનના વિરહથી ધ્યાનના વિચારમાં આવતા ભગવાનને વંદન અહીંયા કર્યું (અને) ત્યાં આગળ 'સત્ ધર્મ વૃદ્ધિ હજો' (એવી) ભગવાનના મુખમાંથી વાણી નીકળી. લોકો કહે, આ શું છે ? ભરતક્ષેત્રના જૈન શાસનના અધિપતિ આચાર્ય એમણે વંદન કર્યું એનો આ શબ્દ આવ્યો છે. ત્યાં સમવસરણમાં એમ થઈ ગયું. ઓહો..! ભરતક્ષેત્રના એક આચાર્ય ધર્મના સ્તંભ, ધર્મના અધિકારી એને ધર્મ સમજાવનારા એને માટે ભગવાનના મુખમાંથી સત્ ધર્મ વૃદ્ધિ હજો. (નીકળ્યું). સમજાય છે ?

અહીં પણ પોતે ધ્યાનમાં વિચારતા.. અરે..! સમવસરણ. આમ વિચારે છે અંદરમાં. ત્રણલોકના નાથનો ભરતક્ષેત્રમાં અમને વિરહ પડ્યો. ભગવાનના વિરહે ભરતક્ષેત્રમાં અમારો જન્મ. અરે..! પ્રભુ ! તારા વિરહ અમને એમ ખટક્યા. એમાંથી વિકલ્પમાં બહુમાન આવ્યું, ભગવાનના મુખમાંથી નીકળ્યું 'સત્ ધર્મ વૃદ્ધિ હજો'. સમજાય છે કાંઈ ? તો શ્રાવકે તો ઘણો જ વિનય (કરવો જોઈએ). ઘણી પદવી એની હેઠી છે. મુનિની પદવી તો ઘણી ઊંચી છે. જેને પોતે ગણધર નમસ્કાર કરે એ પણ આટલો વિનય કરે છે તો શ્રાવકે તો પંચ પરમેષ્ઠીમાં આચાર્ય આદિનો ઘણો વિનય હોવો જોઈએ. '**ગ્યારહઅંગ ચૌદહપૂર્વકે પઢને પઢાનેકે અધિકારી એસે ઉપાધ્યાય પરમેષ્ઠીમેં,...**' ઘણો વિનય જોઈએ. '**ઔર રત્નત્રયકો ધારણકર મોક્ષકે અભિલાષી ઐસે સાધુપરમેષ્ઠીમેં, અવશ્ય વિનય કરની ચાહિયે...**' છે ને એમાં ? ... પછી, પંચપરમેષ્ઠીની વ્યાખ્યા કરી.

હવે, '**द्रष्टिबोधचरित्रेषु तद्वत्सु समयाश्रितैः**' '**ઉસી પ્રકાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રત્નત્રયમેં તથા ઉસ રત્નત્રયકે ધારણ કરનેવાલોંમેં ભી અવશ્ય વિનય કરની ચાહિયે.**' યથાયોગ્ય સમ્યગ્દષ્ટિને સમ્યગ્દષ્ટિ પ્રમાણે, સમ્યગ્જ્ઞાનીની સમ્યગ્જ્ઞાની પ્રમાણે, સમ્યક્ચારિત્રની સમ્યક્ચારિત્ર પ્રમાણે અને ત્રણના ગુણની ગુણ પ્રમાણે. યથાયોગ્ય શ્રાવક ગૃહસ્થાશ્રમમાં એનો ઘણો વિનય કરે. એ તપમાં જાય છે, જુઓ ! એ. દિન દિન પ્રત્યેના કર્તવ્યમાં એટલું તો એને બહુમાનપણું વર્તે એ એનું તપનું દિનનું હંમેશાનું કર્તવ્ય છે. સમજાય છે ? તો સમ્યગ્દષ્ટિ, જ્ઞાની આદિ પ્રત્યે એને તો બહુ જ વાત્સલ્ય ને ઘણો જ પ્રેમ હોય. સમજાય છે કાંઈ ? કહેશે આગળ.

# શ્લોક–૩૦

વળી કહે છે, ૩૦ મી (ગાથા).

**दर्शनज्ञानचारित्रतपःप्रभृति सिध्यति।**
**विनयेनेति तं तेन मोक्षद्वारं प्रचक्षते।।३०।।**

**અર્થ :– વિનયસે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર તથા તપ આદિકી પ્રાપ્તિ હોતી હૈ ઇસલિયે ઉસ વિનયકો ગણધર આદિ મહાપુરુષ મોક્ષકા દ્વાર કહતે હૈં અતઃ મોક્ષકે અભિલાષી ભવ્યોંકો યહ વિનય અવશ્ય કરની ચાહિયે. ૩૦.**

**'વિનયસે સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોતી હૈ...'** લ્યો ! આત્માના વિનયથી પણ બહારના વિનયમાં એટલું નિર્માણપણું એને હોય છે તો સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય, વિનય વિના સમ્યગ્દર્શન (પ્રાપ્ત થાય નહિ). જુઓ ! વિનયને મોક્ષનું દ્વાર **'प्रचक्षते'**. ભગવાન ગણધરદેવ વિનયને મોક્ષનું દ્વાર કહે છે. મોક્ષનું બારણું ! મોક્ષમાં પ્રવેશ કરવાને માટે વિનય સાધન છે. પંચ પરમેષ્ઠીનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના ધરનારનો અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો જે વિનય તે મોક્ષનું દ્વાર છે. સમજાય છે કાંઈ ?

**'તથા તપ આદિકી પ્રાપ્તિ હોતી હૈ...'** સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વિનયથી, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ વિનયથી અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ વિનયથી થાય છે. કહો, સમજાણું કાંઈ ? અને તપ આદિની પ્રાપ્તિ. અરે..! લબ્ધિઓ અનેક પ્રકારની આદિ મહાન વિનય વડે થાય. સોળ પ્રકારના તીર્થંકર ગોત્ર બાંધે એમાં પણ એક વિનય લીધો છે. એવો વિકલ્પ એનો વર્તે છે, સમ્યગ્દૃષ્ટિ છે એવો વિનયનો ભાવ એને આવ્યો કે, જેમાં જેને તીર્થંકરગોત્રનો બંધ થઈ જાય છે. કહો, સમજાય છે ? પોતે વિનય કરે છે, ચૌદ બ્રહ્માંડના જીવો એનો વિનય કરશે. એવું તીર્થંકર પ્રકૃતિનું ઉપાર્જન ધર્મી જીવ વિનયના સ્થાનમાં (કરે છે). છે તો એ વિકલ્પ શુભભાવ... સમજાય છે કાંઈ ? પણ એ સમ્યગ્દૃષ્ટિને કે શ્રાવકને એવો વિનય આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ ?

**'ઇસલિયે ઉસ વિનયકો ગણધર આદિ મહાપુરુષ મોક્ષકા દ્વાર કહતે હૈં...'** લ્યો ! વિનયને મોક્ષનું બારણું (કહ્યું). **'અતઃ મોક્ષકે અભિલાષી ભવ્યોંકો...'** એમાં શું કેટલાક (કહે) ? જ્ઞાન તો અમારાથી થાય છે, જ્ઞાન કાંઈ પરથી તો થાતું નથી. તો પછી શું કરવા અમારે બહુ વિનય પરનો કરવો ? પરદ્રવ્ય તરફનો વિનય તો વિકલ્પ છે.

ભાઈ ! આ નિશ્ચય સાંભળ્યું ને કે આ આવા અંદર સુખા, લુખા, લુખા લહ થઈ ગયા. અંદરમાં જે એની યોગ્યતા જે એને પ્રમાણમાં વિનય ને વિકલ્પ ને શુભ જોઈએ એના ઠેકાણા નહિ અને નિશ્ચય, નિશ્ચયની વાતું કરે, એમ નિશ્ચય હોય શકે નહિ. સમજાય છે કાંઈ ?

જેને નિશ્ચયનું દૃષ્ટિ ને ભાન છે તેને નિશ્ચય પ્રાપ્ત રત્નત્રયમાં કે રત્નત્રયની એને બહુ વાત્સલ્યતા ને પ્રેમ ને વિનય ઉછળતો હોય છે. એવું શ્રાવકનું દિન દિન પ્રત્યેનું કર્તવ્ય છે. દિન દિન કર્તવ્યની વાત છે. હંમેશા. એક દિ' વિનય કર્યો ને બીજે દિ' (નહિ), એમ નથી. નિરંતર પંચપરમેષ્ઠી અને રત્નત્રયમાં એનો બહુમાન, બહુમાન, વિનય, વિનય વર્તે છે. સમજાય છે કાંઈ ?

સાધુ છઠ્ઠે ગુણસ્થાને હોય, શરીર સાધારણ હોય, પુણ્ય ઓછા હોય, ઇન્દ્ર આવીને નમન કરે. ઇન્દ્ર આવીને નમન કરે ! બાવળ નીચે બેઠો હોય. ઓહો..! ધન્ય સંત ! તારા સાધનના ભાવને અમે અનુમોદન કરીને વંદન કરીએ છીએ. આ છ ખંડના રાજ અને છન્નું હજાર સ્ત્રી અને આ સોનાની પાટ જેવું સુંદર શરીર એને અમે તુચ્છ ગણીએ છીએ. સમજાય છે કાંઈ ? અમને આ વૈભવ છે ને આને તો વૈભવ પણ નથી ને આને કાંઈ નથી. અરે..! સાંભળને ! એ ચૈતન્ય-વૈભવની દૃષ્ટિ, જ્ઞાન ને ચારિત્ર જેને અંતર વૈભવ પ્રગટ્યા એ મહા ચક્રવર્તી કરતા પણ અનંતગુણો ઊંચો છે. સર્વાર્થસિદ્ધના દેવથી અનંત ગુણો ઊંચો. ઓહો..હો..! પાંચમા ગુણસ્થાનવાળો શ્રાવક તો સર્વાર્થસિદ્ધના દેવ કરતા અનંતગુણો ઊંચો. ભાઈ ! સર્વાર્થસિદ્ધના દેવને ચોથું ગુણસ્થાન છે અને શ્રાવક સમ્યગ્દર્શન, જ્ઞાનપૂર્વકની અંદર, હોં ! વાતું અત્યારે એવી થઈ પડી છે. બહારના ત્યાગ ને બહાર ઉપરની મહિમા આડે મૂળ તત્ત્વની મૂળ ગાંઠ શું છે એ ચુકાય જાય છે. બહારમાં મોહમાં પડે પતંગિયા જેમ દિવામાં (પડે), એમ બાહ્ય ત્યાગ ને બહાર એની આ વાત નથી. વસ્તુના ભાનપૂર્વક સ્વનો અને પરની દશા કેટલા પ્રમાણમાં કેવી છે ? એનો વિવેક વર્તે છે જ્ઞાનમાં, પ્રતીત વર્તે છે આત્માની અને વર્તનમાં આવો વિનય ને વિવેક વર્તે છે. કહો, સમજાણું કાંઈ ?

**'વિનયકો ગણધર આદિ મહાપુરુષ મોક્ષકા દ્વાર કહતે હૈં અતઃ મોક્ષકે અભિલાષી ભવ્યોંકો યહ વિનય અવશ્ય કરની ચાહિયે.'** વિનય વિના એકેય સફળ થતું નથી. આ વિનયને તપમાં નાખ્યું, હોં ! ઇચ્છા એટલી નરમ, કોમળતા એને હોય છે કે, જેથી ગુણીનું બહુમાન એને રહ્યા કરે. એવો વિનય દિન દિન પ્રત્યે હોય છે. તો એનું શ્રાવકપણું ટકે નહિતર ટકતું નથી.

હવે છઠ્ઠો બોલ દાન. સમજાય છે ? આ રીતે જેણે લક્ષ્મીને ગેરવ્યાજબી રીતે નથી આવી, આવે છે તો પુણ્યથી કાંઈ એના પ્રયાસથી આવતી નથી પણ એમાં એવો દેશ કે આ લક્ષ્મી મફતની મળી જાય છે ને આમાં આ કાંઈક આટલું પાપ કરવું પડશે, અનાર્યનું કે ખરાબનું. માંસ વહેંચવાનું કે લંપટ્ટપણાનું... કરોડ, અબજ મળતા હોય તો જ્ઞાની તેને

લાત મારે પણ સામું જોતો નથી. અને નીતિસરથી મળેલી પૂર્વના પુણ્યને લઈને મળેલી લક્ષ્મી આદિ એનામાં દાનની વૃત્તિ શ્રાવકને કેવી હોય એનું છટ્ઠામાં વર્ણન કરે છે. એ દાન પણ દિન દિન પ્રત્યેની વાત છે. આ દિન દિન પ્રત્યે... આ પહેલું ચાલ્યું આવે છે ને ન્યાંથી ? જુઓને ! ક્યાં ? જુઓ ! કેટલામું ચાલ્યું આવે છે ? એ ૭મી ગાથાથી ચાલ્યું આવે છે, ૭મી ગાથા.

**देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः।**
**दानं चेतिगृहस्थानां षट्कर्माणि दिने दिने।।७।।**

દરરોજના એનામાં એટલી કુણપ વર્તતી હોય. સ્વાધ્યાય કરે છે, ગુરુસેવા કરે છે, ભગવાનની પૂજા કરે છે, સંયમ ઇન્દ્રિય દમન કંઈક કંઈક અંશે તો હંમેશા હોય છે ને એમાં આ તપનો વિનય આદિ ભાવ એનામાં દરરોજ એટલી કુણપ તો હોય છે. એવા જીવને દાનની, ભાવની વૃતિ (આવે છે). મુનિઓને માટે, ગૃહસ્થોને માટે, સાધર્મી જનોને માટે કે, દુઃખી પ્રાણીના કરુણાને માટે... સમજાય છે કાંઈ ? એવી દાનની વૃતિ એને દિન દિન પ્રત્યે હોય છે. ૩૦ થઈ ગાથા. હવે ૩૧ થી દાનનું શરૂ થાય છે.

## શ્લોક–૩૧

**सत्पात्रेषु यथाशक्ति दानं देयं गृहस्थितैः।**
**दानहीना भवेत्तेषां निष्फलैव गृहस्थता।।३१।।**

**અર્થ :– ધર્માત્મા ગૃહસ્થોંકો મુનિઆદિ ઉત્તમપાત્રોંમેં શકિતકે અનુકૂલ દાન ભી અવશ્ય દેના ચાહિયે ક્યોંકિ બિના દાનકે ગૃહસ્થોંકો ગૃહસ્થપના નિષ્ફલહી હૈ. ૩૧.**

**'ધર્માત્મા ગૃહસ્થોંકો મુનિઆદિ ઉત્તમપાત્રોંમેં...'** ધર્માત્મા મુનિ હોય સમ્યગ્દષ્ટિ જ્ઞાની ચારિત્રી કે શ્રાવક ધર્માત્મા હોય કે શ્રાવિકા હોય કે અર્જિકા હોય. સમજાય છે ? કે સમ્યગ્દષ્ટિ જ્ઞાની હોય, એવા **'ઉત્તમપાત્રોંમેં શકિતકે અનુકૂલ...'** પોતાની શકિત (પ્રમાણ), યથા પ્રમાણે દાન હંમેશા કરે છે, હંમેશા દાન કરે. આહારદાન.. એ નામ આવશે. ઔષધ એ પછીની ગાથામાં આવશે. સમજાણું ? અભય અને જ્ઞાનદાન હંમશા દિન દિન પ્રત્યે રાગનો ઘટાડો કરીને એ પ્રકારનું દાનનું કર્તવ્ય ગૃહસ્થોને હોય. લક્ષ્મી... એ આવ્યું હતું પહેલા, બતાવ્યું હતું, આટલી લક્ષ્મી મળશે તો કરીશ ને આટલીમાં મને ઓછું પડે છે, એમ નહિ. એક સો હોય તો સોમાંથી પચાસ, દસ (આપે). પચાસ તો કાંઈ આપે

એવો નથી. સમજાય છે કાંઈ ?

શાસ્ત્રમાં તો એવું આવે છે. ઓછામાં ઓછું એને પેદાશનો દસમો ભાગ તો દાનમાં આપવો જોઈએ, 'કાર્તિકેયાનુપ્રેક્ષા'ની ટીકામાં આવે છે. દસમો ભાગ. આ પેલામાં નથી કરતા તમારે શું આ ? ખોજામાં. જુઓને ! ખોજામાં સાંભળ્યું છે ને ? ભાઈ ! આગાખાન. રાત્રે દસમો ભાગ કાઢે. ખીચડી ને કઢી ને વહેંચે એનો ભાગ બધો આપે. કરોડો રૂપિયા, ધૂળમાં પણ એમાં લાભ એને નથી. અહીં તો ધર્માત્મા માટે ધર્મી જીવોએ એને સહાયક થવું, પ્રભાવનામાં વૃદ્ધિ થાય, શોભા થાય, એવા દાનમાં એણે મૂડીમાંથી દસમો ભાગ નથી કહેતા. પેદાશ થાય એમાંથી દસમો ભાગ એણે દરરોજ દિન પ્રત્યે કાઢવો જોઈએ. કહો, સમજાણું કાંઈ ? પણ આકરું પડે આ, હોં ! ભાઈ ! આદમીને જ હક હશે ? બાયુંને દીકરીઓ ને વહુ ને બહેનો ને ખરું કાંઈ કે નહિ ? કે, એ તો ધૂમાડા રાંધે ને એ ખાતા હશે ? બાયુંને કાંઈ હક ખરો કે નહિ આત્મા તરીકે ? એ તો રાંધે અને એને બોલવું હોય પણ પચાસ, પચાસ, સો તો ઘરે પૂછીને આવે પછી બોલી શકાય. નહિતર પેલો રાડ નાખે. કારણ કે, બીજો કાંઈ ... પોતે પણ ધર્મ કરવાનો જિજ્ઞાસુ બતાવે અને બીજા જો વળી પાંચ, પંદર દિ' આવીને ધર્મ કરી જાય તો વળી રળવામાં ખોટ પડશે. ધર્મને એ માનતો નથી, ધર્મને સાચો જ માનતો નથી. એ બીજા ધર્મ કરવા આવશે તો વળી ન્યાં દુકાનના ધંધેથી પાછા ઢીલા પડી જશે. મૂર્ખ છે. સમજાય છે કાંઈ ? એણે ધર્મની શ્રદ્ધા હું કરું, બીજા પાસે કરાવું ને કરતા હોય તો સંમત થાઉં એ ભાવ એની પાસે રહ્યો નથી, માટે તે ધર્મી કહેવાતો નથી.

અહીં કહે છે, **'सत्पात्रेषु यथाशक्ति'** પોતાના શકિતના પ્રમાણમાં. હંમેશા **'શકિતકે અનુકૂલ દાન ભી અવશ્ય દેના ચાહિયે. ક્યોંકિ બિના દાનકે ગૃહસ્થોંકા ગૃહસ્થપના નિષ્ફલ હી હૈ.'** એના ફળમાં કાંઈ ન મળે. ગૃહસ્થપણું આવ્યું અને દાનના ભાવ ન આવે અને દાન ન કરે, આહાર, ઔષધ વગેરે જેની યથાશકિત પ્રમાણે તો કહે છે કે, એના ગૃહસ્થાશ્રમ નિષ્ફળ છે. છોકરાના લગન કરવા હોય તો એમાં પચાસ હજાર, લાખ, બે લાખ ખર્ચી નાખે. મારવાડીમાં બહુ તોફાન છે. મારવાડાના છોકરાને મોટા ગૃહસ્થ હોય તો લાખ રૂપિયા. આની કોરનો લાખ ને આની કોરનો લાખ, કરોડપતિ, હોં ! બન્ને સામાસામા. લાખ ખર્ચે ને બધાને, પચાસ પોણોસો માણસ આવ્યું હોય એને સૌને રૂપાની ફલાણી, ઢીંકણી (આપે). એવું સાંભળ્યું હતું. સમજાણું ? ભાઈ ! હેરાન, હેરાન (થાય છે). અને અહીં જો ધર્મને માટે કાંઈ કાઢવું હોય તો વિચાર (કરે).

એ તો પહેલું એક ફેરી કહ્યું હતું, દાન અધિકારમાં છે. કે, સંસારના વિવાહના, અઘરણીના, અઘરણી કહે છે ને ? એના ખર્ચમાં જો લોભ કરે તો આ લોકમાં જ હીણપ દેખાશે પણ જો ધર્મને ખાતે, પંચ પરમેષ્ઠીને ખાતે અને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિને

ખાતે જો લોભ કરે તો આ લોક અને પરલોક બન્ને બગાડે છે. સમજાય છે કાંઈ ? આ શાસ્ત્ર તો બધું કહે છે ને ? એ તો મુનિ છે જંગલમાં રહેનારા 'પદ્મનંદિ'એ ઘણું બધું (લખ્યું છે). પચ્ચીસ-છવ્વીસ અધિકાર કર્યા છે. ઘણા અધિકાર, આ 'પદ્મનંદિ પંચવિંશતિઃ' મહાશાસ્ત્ર છે, હોં ! મહા મુનિઓ વ્યવહારને ટાણે વ્યવહાર પણ બરાબર બતાવે, નિશ્ચયને ટાણે નિશ્ચય પણ બરાબર બતાવે. જે જે જેની ભૂમિકા હોય તેમાં તેનો આવો વ્યવહાર હોય. મુનિઓ જંગલમાં રહ્યા.

એકકોર એમ કહે ભગવાન આત્મા હું એક છું એવો વિકલ્પ એ બંધનું કારણ છે. આ ગુણ-ગુણી અનેક છે, એવો વિકલ્પ બંધનું કારણ છે. દ્વૈતાદ્વૈતથી રહિત પ્રભુ એકાકાર નિર્વિકલ્પ અનુભવ વસ્તુ એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ ? એ નિશ્ચય અધિકારમાં આવે છે. આપણે પહેલા વંચાય ગયું છે. આમાં નિશ્ચય અધિકાર છે, જુઓ ! આ 'સમયસાર'માં અધિકાર છે ને ? **'ववहारोऽभूदत्थो'** એ બધા શબ્દે શબ્દ આમાં પડ્યા છે. 'કુંદકુંદાચાર્ય'ના 'સમયસાર'ના બીજડા ઘણા ઘણા આચાર્યોએ (વાવ્યા છે). વ્યવહાર તે અભૂતાર્થ. એક શુદ્ધનય ચૈતન્ય ભગવાન શુદ્ધ આનંદકંદ એને અવલંબે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ને મોક્ષ થાય છે, એ સિવાય ત્રણકાળ, ત્રણલોકમાં થતો નથી. એક કોર એમ બતાવે અને એ ભૂમિકાના પ્રમાણમાં એને વ્યવહાર કષાયની મંદતા કેવી હોય એ પણ જોર-શોરથી બતાવે. એ પણ જોર-શોરથી બતાવે, જુઓને ! બતાવે છે કે નહિ ? અરે..! તારું ગૃહસ્થ (જીવન) નિષ્ફળ છે. અરે..! ભગવાન ! પણ વળી એકકોર તમે નિશ્ચયની વાત (કરો). પણ વસ્તુ તો એમ જ છે, વસ્તુમાં બીજી ક્યાં ચીજ છે. આઠ કર્મ ને વિકારથી મુ તસ્વરૂપ છે આત્મા. ત્રણે કાળે મુ ત છે, એ જ્ઞાનમૂર્તિ છે એની પ્રતીત ને અનુભવ એ સમ્યગ્દર્શન છે, એ સિવાય સમ્યગ્દર્શન છે નહિ.

એવી દૃષ્ટિ થઈ છતાં તેની ભૂમિકા આગળ જેમ વધે, ચોથે ગુણસ્થાનમાં પણ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા, દાન આદિ ચોથે ગુણસ્થાને પણ હોય, વ્રત ન હોય ત્યાં અને શુદ્ધિની વૃદ્ધિમાં આગળ વધ્યો (તો) પડિમા, વ્રતો, નિયમો એના પ્રમાણમાં શુભરાગ એને હોય છે. છતાં એમ કહે નિશ્ચયની દૃષ્ટિમાં એ બંધનું કારણ છે. અડીશ નહિ, એમાં રમીશ નહિ. છતાં આવ્યા વિના રહેતું નથી. અરે..! ભારે આ જૈનનું. સમજાય છે ? વસ્તુનું સ્વરૂપ જ એવું છે. અહીં કહે છે જે કોઈ આ પ્રમાણે યથાશક્તિ દાન નથી દેતો તેનું ગૃહસ્થાશ્રમપણું મોહજાળ છે, નિષ્ફળ છે. કહો, સમજાણું ? એ કહેશે હવે એ ખુલાસો કરે છે.

# શ્લોક-૩૨

**दानं ये न प्रयच्छन्ति निर्ग्रन्थेषु चतुर्विधम्।**
**पाशा एव गृहास्तेषां बन्धनायैव निर्मिताः।।३२।।**

**અર્થ :- જો પુરુષ નિર્ગ્રંથ યતીશ્વરોંકો આહાર, ઔષધિ, અભય તથા શાસ્ત્ર ઇસપ્રકાર ચારપ્રકારકે દાનકો નહીં દેતે હૈં ઉનકેલિયે ઘર જાલકે સમાન કેવલ બાંધનેકેલિયેહી બનાયે ગયે હૈં એસા માલૂમ હોતા હૈ. ૩૨.**

ઓહો..! નિર્ગ્રંથ મુનિઓ વનમાં જેને એક વિકલ્પ પણ સ્વભાવમાં અડતો નથી. એવાને પણ આ વિકલ્પને કાળે આ (વિકલ્પ) આવ્યો તો આ શાસ્ત્રની રચના, પરમાણુની પર્યાયમાં તે પ્રકારે થવાની હતી, થઈ. જગતની કરુણાનો એ વિકલ્પ છે. ધર્મના લોભીઓને, જેને ધર્મની જિજ્ઞાસા છે એને બતાવવાને માટે આ વિકલ્પ ઉઠ્યો છે. સમજાય છે ? વિકલ્પ છૂટી જાય છે, ક્ષણે છૂટી જાય, ધ્યાનમાં આવી જાય. ક્યાં કહ્યું હતું ને કોને કહ્યું હતું ખબર નથી. વળી ક્ષણમાં મુનિની સાતમી ભૂમિકા. ભાવલિંગી સંત વળી બહાર આવે, વિકલ્પ ઉઠે અને એ ગાથાઓ લગતી હોય એની સાથે વળી બીજી ગાથાઓની સંધિ કરે. એવી ભૂમિકામાં ઝૂલતા સંતોએ આ અધિકાર વર્ણવ્યા છે અને તે કેવળજ્ઞાનીને અનુસારે વર્ણન કર્યું છે.

કહે છે, **'જો પુરુષ નિર્ગ્રંથ યતીશ્વરોંકો...'** ન્યાંથી શરૂ છે ને મૂળ તો ? **'निर्ग्रन्थेषु'** મહા નિર્ગ્રંથ જેની દશા છે. ઓહો..! રાગનો કણ ઉઠે છે એ પણ સ્વભાવમાં, આનંદમાં મને વિઘન કરનાર છે. અથવા જેને આ હેય છે ને આ ઉપાદેય છે એવો વિકલ્પ પણ જેની દૃષ્ટિમાં નિષેધ છે. સમજાય છે કાંઈ ? નિર્ગ્રંથ-જેની મિથ્યાત્વની ગાંઠ ગળી દૃષ્ટિ થઈ. ખરેખરમાં આ રાગ હેય છે, આ સ્વરૂપ ઉપાદેય છે, એવા ભેદનો ભાવ પણ જ્યાં આશ્રય કરવા લાયક નથી. આહા..હા..! સમજાય છે ? એવી દૃષ્ટિપૂર્વક જેને ગ્રંથી તૂટી છે અને જેને રાગાદિનો અભાવ થઈને નિર્ગ્રંથ ચારિત્ર દશા પ્રગટી છે.

એવા **'निर्ग्रन्थेषु चतुर्विधम्'** એને ચાર પ્રકારના, દાનની વાત છે, હોં ! પાઠમાં. પેટામાં બીજા ગૌણપણે શ્રાવક સાધર્મી આદિ જીવો આવી જાય છે. એવા **'નિર્ગ્રંથ યતિશ્વરોંકો આહાર,...'** નિર્દોષ આહાર, એને માટે બનાવેલો નહિ. (જે) બન્યો હોય, આવે, એવો આહાર, ... આહ્‌લાદ ખુશીથી આપે. પધારો.. પધારો.. અમારે ત્યાં, અમારે આંગણે કલ્પવૃક્ષ ફળ્યા એટલો આનંદ. કલ્પવૃક્ષ આત્મા તો તારું તારી પાસે છે. ખબર છે, ખબર છે. સમજાય

છે ? પણ વ્યવહારના વિનયની અંદર, ઓહો..! વેરી પણ ઘરે આવે તો એને માણસ આદર કરીને આહાર આદિ આપે છે. સજ્જન માણસના કર્તવ્ય શું છે ? વેરી હોય તોપણ એનો અનાદર કરે નહિ, ભૂખ્યો હોય અને આવ્યો. શેઠ ! હું ભૂખ્યો છું. જાણ્યું હોય કે, આ છોકરાનો મારનાર છે. સમજાય છે ? તો નિર્ગ્રંથ સંતો અને સાધર્મી જીવો એના પ્રત્યે તો પાત્રદાનમાં એનો ભાવ એવો હોય. આહાર નિર્દોષ એની સાથે પાણી પણ નિર્દોષ.

**'ઔષધિ,...'** નિર્દોષ ઔષધિ મુનિને. ... **'અભય (દાન)...'** મુનિને કોઈ મારતું હોય તો એ વખતે પણ એની રક્ષા કરવાનો એને ભાવ આવે. સમજાણું કાંઈ ? ગૃહસ્થને ભાવ આવે. 'આત્માનુશાસન'માં કહ્યું છે કે, મુનિ હોય અને સિંહ મારવા આવ્યો તો બેસી ન રહે. એના છોકરાને કાંઈક થાય ને શરીરને થાય તો વિકલ્પ આવે છે કે નહિ બચવાનો ને પાપનો ? મુનિ ધ્યાનમાં છે, સિંહ મારવા આવે છે, પેલો ભો થઈને બચાવવા માટે તલવાર પણ કાઢે. મારવા માટે નહિ, મુનિને બચાવવા, હેતુ બચાવવાનો છે. સમજાય છે કાંઈ ? એવું અભયદાન મુનિને ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રાવકને એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ ? જ્યાં સિંહ મરે તો નરકમાં જાય ને પેલો મરે તો સ્વર્ગમાં જાય. ભાઈ ! સિંહ મારવા આવ્યો મુનિને એ નરકમાં જાય, આની તલવાર વાગી એને. સિંહ ચાલ્યો જાત તો કાંઈ મારવા જાવું નહોતું એને, ફ ત આ બચાવવનો હેતુ, બચાવવાનો હેતુ છે. એવો ભાવ એને એ પ્રસંગમાં આવે. થવાનું હશે તે થાશે. બાપા ! એ તો એમ જ છે, સાંભળને ! અને ક્રમબદ્ધમાં થશે તે થાશે આપણે બેસી રહો. સાંભળને ! એ ક્રમબદ્ધમાં જ છે. એવા નિર્ગ્રંથના, મુનિના એવા યોગમાં સિંહ આદિ બીજાના ઉપદ્રવ હોય અને એને એ જાતના પ્રસંગમાં એવો ભાવ ન આવે (તો) એ વસ્તુને સમજતો નથી. નથી સમજતો ક્રમબદ્ધને અને નથી સમજતો થવાનું થાશે તેને. એને એ ભાવ ઉછળે છે અંદર. પોતાને ક્રમબદ્ધમાં નથી આવતું ? શરીરને કાંઈ થાય ને છોકરાને કોઈ મારે (તો બોલે), અરે..! ફટ દઈને અંદર લાકડી ઉપાડે, ગાય માથુ મારતી હોય કે.. એવો ભાવ એના નિયમમાં, નિયમ એટલે ક્રમમાં આવે છે એ ભૂમિકાના પ્રમાણમાં.

એમ સાધુ, અર્જિકા, શ્રાવક, શ્રાવિકા, જિન પ્રતિમા મંદિર. સમજાય છે ? એવા સ્થળોનો અવિનય થતો હોય, વિરોધ થતો હોય એની એને દાન એટલે કે એનો જેમ નિર્વાહ થાય એવું દાન આપે. એવો ગૃહસ્થાશ્રમના શ્રાવકનો એ વિનયનો ભાગ છે. સમજાણું કાંઈ ? અહા..! **'ઔષધિ, અભય...'** અભય, અભય, આ વળી, મુનિને અભય શું ? આ અભય. સમજાણું કાંઈ ? એમના શરીરને કંઈ વિઘન ન થાય. હેતુ તો વિઘન તો થવાનું હોય એ થાય એ પ્રશ્ન નથી અત્યારે, એને એવો રાગ આવે કે, આ મારે (છે), આહા..હા..! આ મુનિ ! હું અહીં ભો છું ને આ મારે ! જોયું કેમ જાય ? સમજાય છે કાંઈ ?

**'અભય (દાન) તથા શાસ્ત્ર (દાન)...'** આપે. મુનિને શાસ્ત્ર પુસ્તક જોતા હોય,

લખવા હોય તો એને આપે છે, વાંચો મહારાજ. એમ એવા શ્રાવક ગૃહસ્થાશ્રમમાં હોય, એને શાસ્ત્ર જોતા હોય, પુસ્તક જોતા હોય, દુઃખી પ્રાણી હોય એને (આપે). આગળ આવશે, હોં ! સમજાણું ? છે ને ? કરુણાબુદ્ધિથી આપે, એવું આવે છે, આ પછી આવે છે, હોં ! એ ૩૭ ગાથામાં આવે છે, ૩૭માં આવે.

**येषां जिनोपदेशेन कारुण्यामृतपूरिते।**
**चित्ते जीवदया नास्ति तेषां धर्मः कुतोभवेत्।।३७।।**

૩૭માં આવે છે, હોં ! દાન પૂરું થયા પછી. દાનને પૂરું કરી આ જાતનું દાન, ભાવ ધર્મનું શુભભાવનું દાન પછી આ ... છે ને ? **'येषां जिनोपदेशेन कारुण्यामृतपूरिते' 'જિનેન્દ્ર ભગવાનકે ઉપદેશસે કરુણાસે પૂરિત ભી જિન મનુષ્યોંકે ચિત્તોંમેં દયા નહીં હૈ ઉન મનુષ્યોંકે ધર્મ કદાપિ નહીં હો સકતા.'** બીજા પ્રાણીને આમ દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખી (દેખે એટલે) દયાનો ભાવ આવે અને એ વ્યવહારે અહિંસા કહેવામાં આવે છે. એવો ભાવ શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં હોય છે. સમજાણું કાંઈ ? વ્યવહાર અહિંસા. આહા..હા..!

જિનેન્દ્ર પ્રભુનો અનેકાંત માર્ગ, એ અનેકાંત એટલે આવું નિશ્ચયમાં હોય છતાં વ્યવહારમાં હોય, એમ અનેકાંત. અનેકાંત એટલે આમ વ્યવહારથી મોક્ષ થાય ને આનાથી મોક્ષ થાય, એમ અનેકાંત નથી. એકકોર કહે કે, આત્મા નિર્લેપ જ્ઞાતા-દૃષ્ટા (છે). જેવું સિદ્ધ સ્વરૂપ તેવો તું. તારા ને એમાં કાંઈ ફેર નથી, ફેર માન એટલી દૃષ્ટિ મિથ્યાત્વ છે. એક કોર કહે કે, એવા શ્રાવકની દશામાં રહેલાને આવું ભાન હોવા છતાં એને આવો ભાવ, મુનિને આહાર, ઔષધ, અભય કરવાનો (ભાવ) આવ્યા વિના રહે નહિ.

મુનિનો અધિકાર 'પ્રવચનસાર'માં છે ને ? 'કુંદકુંદાચાર્ય' મહારાજ 'પ્રવચનસાર'માં કહે છે, એક રોગી મુનિ છે અહીંયા, ઉલટી થાય છે. બીજો મુનિ એમ કહે કે, મને તો ધ્યાન (કરવું છે), મારે શું કામ છે. અરે..! તારે વૈયાવચ્ચનો કાળ છે, સાંભળને ! ભાઈ ! હા, હા ઘણા એમ કહે. એક વાત આવી હતી પેલા ગૃહસ્થાશ્રમની. વર્ષીતપ કરતી હતી વહુ, ઘરે સાસુ માંદી... માંદી... માંદી... ને એકકોર કોઈ કરનાર ન મળે. અને સવારમાં વ્યાખ્યાન દરરોજ (સાંભળવા જાય). અરે..! પણ વહુ તમે જાવ પણ મને આજ હખ નથી, આ મને બહુ દુઃખ થાય છે. (વહુ કહે), મારી સામાયિક જાય છે, મારે વ્યાખ્યાનનું ટાણુ જાય છે. બહુ તારા વ્યાખ્યાન સાંભળ્યા હવે. સમજાય છે કાંઈ ? જેને વ્યવહારના વિવેકની ખબરું ન મળે. પેલી સાસુ રાડો પાડે. ધર્મ કરવો કે તમારી વેઠુ કરવી ? એમ બોલે. વાત સાચી. આહા..! હવે તારા ધર્મ જોયા. આ ... નાખીને ચાલ્યા ને આ સાંભળવા, તારા ધર્મ એકેય થોથા છે, સાંભળને ! વ્યવહારના વિનયની વિવેકની પણ જેને ખબર નથી. પેલી રાડો પાડતી હોય.

'પ્રવચનસાર' તો કહે છે મુનિ આમ બેઠા ને રોગ ને ... આમ થતો હોય, બીજો મુનિને કહે છે કે, તારે કાળ શુભરાગનો છે. તારો કાળ, ક્રમમાં એ શુભરાગનું આવું નિમિત્ત કેમ સામે પડ્યું છે ? સમજાય છે કાંઈ ? તું ત્યાં હઠ કરીને એમ કહેવા જાય કે, નહિ... નહિ... નહિ... નહિ. તને વસ્તુનું ભાન જ નથી, તને વિવેકની ખબર નથી. છતાં જે છે તેમ છે, હોં ! એ ક્રમબદ્ધ જ છે. એ ક્રમબદ્ધમાં આ સામે આવીને ભો અને તું જ્ઞાનીને મુનિ તારા કેમ છે આ ? ક્રમબદ્ધમાં એવો રાગ આવ્યા વિના રહે જ નહિ. સમજાય છે કાંઈ ? ભારે માર્ગ વીતરાગનો. અલૌકિક પંથના માર્ગ, અલૌકિક, લૌકિક દૃષ્ટિએ તે પકડાય એવા નથી. બાહ્ય દૃષ્ટિએ પકડાય નહિ, બેસે નહિ, ઘડ બેસે નહિ. એક કોર આમ નિશ્ચયની વાતું ને એક કોર આમ વ્યવહાર. પરજીવની દયાથી, અમૃતથી ભરેલા. પરની દયા પાળી શકાતી નથી ને ? ભાઈ ! પરની દયા પાળી શકતો નથી ત્રણકાળ, ત્રણલોકમાં. સાંભળને ! એની સાથે એને પોતાને જ્યાં સુધી શરીરના રક્ષણ ને અનુકંપા, પોતાના રક્ષણનો ભાવ આવે છે એવો (ભાવ) બીજા જીવ દુઃખી આદિ ને દુઃખીને, એને કારણે નહિ, પણ પોતાના કાળે જ એવો ભાવ છે તેને શુભ ને કરુણાનો ભાવ આવ્યા વિના ન રહે. અને ન (આવે) તો એને વિવેકનું ભાન નથી. સમજાય છે કાંઈ ? શું કીધું ? ચાર... કીધું ને ?

**'ચાર પ્રકારકે દાનકો નહીં દેતે હૈં ઉનકે લિયે ઘર જાલકે સમાન કેવલ બાંધનેકે લિયે હી બનાયે ગયે હૈં...'** જેને સમ્યક્ ભાન નથી અને આવા વિવેકમાં, આવા કષાયની મંદતાના ઠેકાણા નથી, એ તો એનું ઘર જાળ સમાન બાંધ્યું છે, એને બાંધવામાં, કારણમાં છે. કહો, સમજાણું કાંઈ ? **'એસા માલૂમ હોતા હૈ.'** એનું ઘર જાળને માટે છે, એને બંધાવા માટે. આચાર્ય કહે છે કે, એમ અમને દેખાય છે.

એક કોર કોઈ નિશ્ચયની, 'સમયસાર'ની અગિયારમી ગાથા અને એક કોર આ. બન્ને ટાંગા મેળવાળા છે. સાંભળને ! નિશ્ચય ને વ્યવહારનું બન્ને પ્રમાણજ્ઞાનને માટે આવું જ સ્વરૂપ એનું હોય છે. આઘુ-પાછું માન તો તારા દૃષ્ટિના પણ ઠેકાણા નથી ને વર્તનના પણ ઠેકાણા નથી. કહો, સમજાણું કાંઈ ?

**'જિસ ઘરમેં યતીશ્વરોંકા આવાગમન બના રહતા હૈ...'** ધર્મીજનો આદિ. **'વે ઘર તથા ઉન ઘરોંમેં રહનેવાલે શ્રાવક ધન્ય ગિને જાતે હૈં કિન્તુ જો મનુષ્ય યતીશ્વરોંકો દાન નહીં દેતે ઇસીલિયે જિનકે ઘરમેં યતીશ્વર નહીં આતે વે ઘર નહીં હૈં...'** એ ઘર નહિ. **'કિન્તુ મનુષ્યોંકે ફાસનેકે લિયે જાલ હૈં...'** મનુષ્યોને પકડવાની જાળ છે, કહે છે. પંખીઓને પકડે છે ને ? આ શું કહેવાય એને આ ? જાળ, જાળ. આ પારધી. એમ આ ગૃહસ્થાશ્રમની જાળ પાથરી છે એણે. જેને ઘરે સંતો, ધર્માત્મા, સાધર્મી એના પગલા નહિ, ચરણ નહિ, આવાગમન નહિ, સંતો આવે તો એને માટે બહુમાન નહિ, એ ઘર તારા જાળને બંધાવા માટે પાશલા છે. પાશમાં બંધાયને જાવું છે તારે ચોરાશીના

રખડવામાં. તને મુ ત દશાવાળા કોણ છે ને મુ ત તારે થાવું એનું તને ભાન નથી. કહો, સમજાણું કાંઈ ?

**'ઇસલિયે ભવ્ય જીવોંકો ચાહિયે કિ વે પ્રતિદિન યથાયોગ્ય યતીશ્વરોંકો દાન અવશ્ય દિયા કરૈં.'** એ તો બિચારા કેટલાક કહે, ... એમ નથી, બાપા ! આમાં તો વિવેક છે. સમજાણું કાંઈ ? બાહ્ય ત્યાગ ને શ્રદ્ધા ઊંધી એની વાત નથી.

આ તો નવસો વર્ષ પહેલા મુનિઓ જંગલમાં રહેતા. સમ્યગ્દર્શન, જ્ઞાનપૂર્વકનો વિવેક કેવો હોય એની આ આચરણની દશા, ઉપાસકના સંસ્કારની વાત છે. સામે ઊંધી પ્રરૂપણા, ઊંધી શ્રદ્ધા ચોખ્ખી પ્રગટ દેખાતી હોય અને એને મુનિ માને એ તો દૃષ્ટિ કરનારો, માનનારો મિથ્યાત્વ છે. એને કારણે નહિ, એની માન્યતામાં વિપરીતતા આવે છે. સમજાય છે કાંઈ ? વ્ય તિને કારણે નહિ, વ્ય તિ તો એને કારણે છે, પણ એની ઊંધી માન્યતા છે ને એને આ ખતવે છે કે સવળી છે તો એની પોતાની માન્યતામાં વાંધો આવે છે. સમજાણું કાંઈ ? ૩૩. એ નામ ખુલ્લા આપે છે, પેલામાં સાધારણ છે ને .....

## શ્લોક-૩૩

**अभयाहारभैषज्यशास्त्रदाने हि यत्कृते।**
**ऋषीणां जायते सौख्यं गृही श्लाध्यः कथं न सः।।३३।।**

**અર્થ :- જિસ ગૃહસ્થકે અભયદાન, આહારદાન, ઔષધિદાન તથા શાસ્ત્રદાનકે કરનેપર યતીશ્વરોંકો સુખ હોતા હૈ વહ ગૃહસ્થ ક્યોં નહીં પ્રશંસાકે યોગ્ય હૈ ? અર્થાત્ ઉસ ગૃહસ્થકી સર્વલોક પ્રશંસા કરતા હૈ ઇસલિયે એસા ઉત્તમદાન ગૃહસ્થોંકો અવશ્ય દેના ચાહિયે. ૩૩.**

અહો..! આવા શ્રાવકની કેમ લાગણી ન હોય ? આચાર્ય કહે છે. કે, જે કોઈ ધર્માત્મા ધર્મી જીવોને **'ગૃહસ્થકે અભયદાન,...'** જેને ઘરે અભયદાન હોય છે. મુનિઓને, ધર્માત્માને અભયદાન આપે છે. એમ કોઈ ગૃહસ્થાશ્રમમાં સાધર્મીને પણ કોઈ મારી નાખવા, કાપી નાખવા આવ્યા હોય તો એને એવો (બચાવવાનો) ભાવ આવ્યા વિના રહે નહિ. બચાવવાનો આવો અભયદાન આપવાનો ભાવ આવ્યા વિના રહે નહિ. ફલાણું થાશે. લ્યો ! મહારાજ તો કહે છે, થવાનું હોય એ થાશે. ત્યારે શું ફલાણું થાય તો, અમે જોઈને  ભા રહીએ ? અરે..! સાંભળને ! એવો ભાવ એને કરુણાના કાળનો કે ભક્તિના ભાવનો કાળ છે તે આવ્યા વિના રહે નહિ. તને ક્રમબદ્ધની ખબર નથી. ક્રમબદ્ધની વાત જ્યાં આવી ત્યાં ગોટા ગોટા ઉઠવા મંડ્યા.

કેટલાક પાપ કરે, પેલું કરે ને (કહે), ક્રમબદ્ધમાં અમારે આવવાનું હતું. બહુ સારું. મરી જઈશ પણ, ક્યાંય પત્તો નહિ ખાય. એ માટે ક્રમબદ્ધ નથી કહ્યું. સમજાણું કાંઈ ? સ્વચ્છંદ પોષવા માટે ક્રમબદ્ધ છે ? લહેર કરે, કંદમૂળ ખાય, પરસ્ત્રી લંપટ, આ ... માંસ ખાય, દારૂ પીવે, મધ પીવે. ક્રમમાં એ રજકણો આવવાના હતા આપણે કેમ છોડી શકીએ ? બહુ સારું. અરે..! એવો ભાવ ધર્મીને, ધર્મની અભિલાષાવંતને ન હોય. પહેલું નહોતું આવ્યું ?

ધર્મના અભિલાષાવંતને મદ્ય ને એવા માંસ ને દારૂ ને એવી ચીજ હોય શકે નહિ. પરસ્ત્રીના લંપટપણા એ ભાવ પહેલે ધડાકે એને ચાલ્યો જવો જોઈએ. એની ખબરું ન મળે ને પછી કહે, ક્રમબદ્ધ થાય એવું આપણે (માનીએ છીએ), 'સોનગઢ'નો સિદ્ધાંત આપણે માનીએ. ન માનીએ તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય, વળી એમ પાછા કહે. અરે..! પ્રભુ ! શું કહે છે ? બાપા !

ક્રમબદ્ધનો નિયમ તો પર તરફના અનંતા પરપદાર્થનું અભિમાન ટાળવા માટે છે. જ્યાં હોય ત્યાં અમે કર્યા... અમે કર્યા... અમે કર્યા... એનું અભિમાન ટાળવા અને આત્મામાં ક્રમે આવતા રાગની કર્તાપણાની બુદ્ધિ ટાળવા અને અકર્તાપણાનો–જ્ઞાતા-દૃષ્ટાનો ભાવ પ્રગટવા માટે એ વાત છે, એવા સ્વચ્છંદી થવા માટે નથી. સમજાણું કાંઈ ? આમ જ્યાં કરે ત્યાં આમ ખેંચે ને આમ કરે ત્યાં આમ ખેંચે. આવા પણ ઊંધા. અને કાં એ તો એને આવવાનું હશે અને કેટલાય એમ કહે, એ તો આવવાનું હશે ત્યારે આવે સાધુપણું, એમ કહે. પુરુષાર્થથી નહિ આવે. પણ આવવાનું હશે એ આવશે, પુરુષાર્થથી જ આવે છે. સમજાય છે કાંઈ ?

આત્મા જ્ઞાતા-દૃષ્ટા, સચ્ચિદાનંદ પ્રભુ એની દૃષ્ટિનું સાવધાનપણું ત્યાં વહે છે એ ક્રમે ક્રમે પુરુષાર્થની જાગૃતિથી જ મુનિપણું આવે છે, એની મેળાએ આવી જતું નથી. આમ જ્યાં કહે તો એ વળી બોલે. જાઓ, પૂછો એને ? પૂછો એને, આ સાધુપણું એની મેળાએ આવે ને એની મેળાએ આવે, એમ કહે છે એ સાચું છે ? પણ સાંભળને ! કોણે કીધું એની મેળાએ આવે ? એમ કહે, ક્રમમાં આવે. પણ ક્રમના માનનારની દૃષ્ટિની સાવધાની સ્વભાવ ઉપર હોય છે. સ્વભાવની સાવધાનીમાં વર્તતો એને ક્રમે રાગ-દ્વેષ ટળીને મુનિપણું આવ્યા વિના રહે નહિ. ચારિત્ર આવીને મુક્તિ થાય, એ વિના મુક્તિ થાય નહિ. ભારે પણ. આમ ખેંચે તો આમ ને બે બાજુ (ઊંધું પકડે). સમજાણું ?

કહે છે કે, **'જિસ ગૃહસ્થકે અભયદાન, આહારદાન, ઔષધિદાન તથા શાસ્ત્રદાનકે કરનેપર યતીશ્વરોંકો સુખ હોતા હૈ...'** જુઓ ! નિમિત્તથી વાત છે ને અહીં તો ? એને અભયદાન દેવાથી એને મૃત્યું થાતું નથી એટલી અપેક્ષાએ એને સુખ થાય છે એટલે ન્યાં નથી મરતો માટે સુખ છે એ સિદ્ધ નથી કરવું. પણ તેને તે જાતના દુઃખનો યોગ થતો નથી, નિમિત્ત નથી. **'વહ ગૃહસ્થ ક્યોં નહીં પ્રશંસાકે યોગ્ય હૈ ?'** સમજાણું ? અભયદાન, આહારદાન, લ્યો ! આહારદાનથી મુનિઓને સુખ થાય છે.

એટલે કે શરીરનું સાધનરૂપે નિમિત્ત ત્યાં હોય છે એથી ત્યાં આગળ એને સુખ થાય છે એમ કહેવામાં આવે છે. એ ખાવાના વિકલ્પને સુખ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ ? એ સુખ વિકલ્પને માનતો નથી પણ એની એટલી પ્રતિકૂળતા જાય છે એ અપેક્ષાએ સુખ માને, એમ વ્યવહાર કરીને કથન કર્યું છે. એ તો આવ્યું કહે છે, જુઓ ! અહીંયા. અભયદાન–ન મર્યા એનું સુખ થાય, આહારદાનથી સુખ થાય, ઔષધિદાનથી સુખ થાય. છે ને પાઠમાં ?

**'ऋषीणां जायते सौख्यं'** વ્યવહારનયના શબ્દોની કથની, નિમિત્ત-નૈમિત્તિક સંબંધને બતાવતા એનું જ્ઞાન કરાવે છે. વ્યવહારથી તેને સુખ થાય, એમ કહેવામાં આવે છે. દુઃખ થતું નથી એટલે દુઃખનો સંગ રહેતો નથી એટલે સુખ થાય છે, તેમ કહેવામાં વ્યવહારથી આવ્યું છે. મુનિ એકકોર કહે કે, બિલકુલ કોઈથી કોઈને કાંઈ થાતું નથી, ક્યાંથી લાવ્યો આ વાત ? વળી, અહીં કહે છે, **'ऋषीणां जायते सौख्यं'** વ્યવહારના કથન કરે. એમ કેમ કર્યા ? પણ એ ચરણાનુયોગની વિધિ, ત્યાં શ્રાવકના આચાર વર્તનની વિધિ હોય ત્યાં એવા જ કથનો આવે. એવા કથનો ન આવે (એમ બને નહિ). એ લાવ્યા નથી, આવ્યા છે.

ઔષધિદાન–ઔષધથી સુખ થાય, શાસ્ત્રજ્ઞાનથી સુખ થાય. એક કોર કહે, ભગવાન આત્મા ભાવશ્રુતપણે આત્મા અંતરમાં પરિણમ્યો એને બાહ્ય શાસ્ત્રને ભણે તો જ્ઞાન વધે એવી એને અટક નથી, રોકાણ નથી. પોતાના પ્રવાહે ચાલ્યો જાય છે. એક કોર કહે કે, વ્યવહારે હંમેશા શાસ્ત્ર સ્વાધ્યાય હોવો જોઈએ. હાય..હાય..! આ વાત પણ. છે ? એવી વાત છે, બાપુ ! એવા વિકલ્પો ગણધરોને પણ આવે છે. કેટલો સ્થિર રહી શકે છે અંદર ? એટલે એવા શાસ્ત્રના ભાવ આવે એને, શાસ્ત્રદાન આપે તો મુનિને સુખ થાય એમ પણ કહેવામાં આવે.

**'યતીશ્વરોંકો સુખ હોતા હૈ વહ ગૃહસ્થ ક્યોં નહીં પ્રશંસાકે યોગ્ય હૈ ?'** એમ કહ્યું. **'गृही श्लाध्यः कथं न सः' 'श्लाध्यः'** આવા ગૃહસ્થો, ધર્માત્માને અભયદાન આપનારા, આહારદાન, ઔષધિદાન, જ્ઞાનદાન, શાસ્ત્રદાન (આપનારા) એ કેમ પ્રશંસાને લાયક નથી ? પ્રશંસાને લાયક છે. કહો, સમજાણું ? **'અર્થાત્ ઉસ ગૃહસ્થકી સર્વલોક પ્રશંસા કરતા હૈ ઇસલિયે એસા ઉત્તમદાન ગૃહસ્થોંકો અવશ્ય દેના ચાહિયે.'**

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

---

[નોંધ :– વિક્રમ સંવત ૨૦૧૭માં થયેલું શ્લોક નં.૩૪ થી ૪૨ ઉપરનું પ્રવચન (પ્રવચન નં.૬) ટેઈપમાં ઉપલબ્ધ નહીં હોવાથી વિક્રમ સંવત ૨૦૨૦માં તે શ્લોકો ઉપર થયેલા પ્રવચનો લેવામાં આવ્યા છે.]

# શ્લોક–૨૯ થી ૩૬
# પ્રવચન નં. ૧૫
## (વિક્રમ સંવત ૨૦૨૦, ભાદરવા સુદ ૧, સોમવાર)
## તા. ૦૭-૦૯-૧૯૬૪

(પદ્મનંદી પંચવિંશતિનો) છઠ્ઠો અધિકાર છે. શ્રાવકાચારનું વર્ણન છે. શ્રાવકનો કેવો આચાર હોવો જોઈએ અને એ શ્રાવકના સંસ્કાર આવા આચારથી વારંવાર એના કષાયની મંદતાના હોય છે એથી એનું નામ ઉપાસક સંસ્કાર પણ આપવામાં આવ્યું છે. ષટ્કર્મની વ્યાખ્યા ચાલતા તપની વ્યાખ્યા છે. ષટ્કર્મ હંમેશા (હોય) છે ને.

વાત તો એ છે કે આત્મા... પહેલી વાત ઈ લીધી હતી, બીજી ગાથાથી. બિલકુલ જ્યાં વિકલ્પનું કરવું જ નથી એવો જે સ્વભાવ અંતરમાં દૃષ્ટિમાં આવ્યાથી આત્માનું જ્ઞાતા-દૃષ્ટાપણું પ્રગટે ત્યારથી તેને સમ્યગ્દર્શનની ભૂમિકા શરૂ થાય છે. આ પછીની વાત છે. કરવું જ નથી. હું મને દેખું, એવો વિકલ્પ પણ જ્યાં નથી. હું રાગને દેખું કે પરને દેખું એ વાત તો છે જ નહિ. પણ હું મને દેખું, એમ જ્યાં નથી. દેખનાર-જાણનાર જાણે ને દેખે એવી કર્તૃત્વબુદ્ધિ વિનાની દશા થાય એને પ્રથમ સમ્યગ્દર્શનની ભૂમિકા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? કેમકે આત્મા તો એકલો ચૈતન્યસૂર્ય છે. એથી એના મૂળ સ્વભાવમાં પરનું કરવું કે રાગનું કરવું એ એના સ્વરૂપમાં જ નથી. એના દ્રવ્યમાં અને એના ગુણસ્વભાવમાં એ કોઈ દિ' ગંધ નથી. સમજાય છે કાંઈ? એવો આત્મા એકલો ચૈતન્યસૂર્ય કે જે જાણવા-દેખવાનું, દેખે અને જાણે એવું જ્યાં થંભી જાય... સમજાય છે? હું દેખું અને જાણું, એમ પણ નહિ. શોભાલાલભાઈ! એ પણ નહિ. અમરચંદજી!

દેખવા અને જાણવાનો સ્વભાવ એવી ચૈતન્યમૂર્તિ, જેમાં વિકલ્પનું ઉત્થાન-ઉત્પન્ન થવું જ્યાં નથી એવો ચૈતન્યસૂર્ય સ્વભાવ દૃષ્ટિમાં આવતાં એમ કહેવું એ પણ ભેદ છે. પણ એ દૃષ્ટિ જ્યાં જ્ઞાતા-દૃષ્ટાપણે થંભી જાય એવી દૃષ્ટિનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. અને તેમાં પ્રગટેલું જ્ઞાન, તેને સમ્યગ્જ્ઞાન કહે છે. એવા સમ્યગ્દર્શન અને જ્ઞાનની ભૂમિકા સહિત પંચમ ગુણસ્થાનને યોગ્ય શ્રાવકની દશા, સ્વભાવમાં સાવધાનપણે જરી વિશેષપણે સ્વના પ્રયત્નના વલણમાં જતાં જે કંઈ શાંતિ અને સ્થિરતાનો અંશ વિશેષ સમ્યગ્દર્શન ઉપરાંત જે પ્રગટ્યો, તેને પંચમ ગુણસ્થાનની દશા કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એને ષટ્કર્મનો સહજ વિકલ્પ અંદર આવે છે. એને ચરણાનુયોગની પદ્ધતિમાં એ કરે છે એમ વ્યવહારનયથી કથનની પદ્ધતિ આવે છે. આહાહા..! શેઠ!

આ બધું સમજવું પડશે, હોં!

કહે છે, એવા આત્માના રસ્તે-પંથે ચડેલા પંથી ગૃહસ્થાશ્રમમાં હો, રાજપાટમાં હો, છતાં વસ્તુના સ્વભાવને જે રીતે વસ્તુ વસ્તુના સ્વરૂપે છે એ રીતે દૃષ્ટિ અને જ્ઞાન થવા ઉપરાંત સ્વરૂપમાં સ્થિરતા વિશેષ ન હોય, થોડી થઈ, વિશેષ ન હોય, એથી આવા ષટ્કર્મોના શુભભાવ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને આવ્યા વિના, થયા વિના રહેતા નથી. એમાં પાંચમો બોલ તપનો ચાલે છે.

પહેલો બોલ. દેવની સેવા. ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્મા, પૂર્ણ પોતાને થવું છે ને, એટલે પૂર્ણ પોતાના વિષયમાં છે, પૂર્ણ સ્વભાવ જેના દૃષ્ટિના વિષયમાં છે અને પર્યાયમાં જેને પૂર્ણ થાવું છે. એવા જીવને પૂર્ણ પરમેશ્વરતા જેની પ્રગટી એની સેવાનો ભાવ દિન-દિન પ્રત્યે શુભરાગ ખરેખર તો એના ક્રમમાં એની ભૂમિકામાં આવે છે. એને અહીં એમ કહેવામાં આવે છે કે એણે ભગવાનની પૂજા હંમેશા કરવી. સમજાણું કાંઈ?

ગુરુની સેવા. એનો ભાવ પણ પોતાથી વડેરા, ગુણમાં અગ્રેસર, પેલા પૂર્ણ પામેલા અને આ ગુણમાં અગ્રેસર, એની પણ સેવાનો ભાવ એને દિન-દિન પ્રત્યે આવે છે. સજ્ઝાય. હમેંશા શાસ્ત્રની સ્વાધ્યાય કરે. એક-બે લીટી (વાંચીને) કંઈક કરી ગયા (એમ માનનારા) ઘણાં આવે છે. અમારે ષટ્કર્મની બાધા છે. પુસ્તક પડ્યું હોય, એક પાનું લઈ લ્યે, બે લીટી ફેરવે (માને કે) સ્વાધ્યાય થઈ ગઈ.

મુમુક્ષુ :- એક સમયનો પણ ધર્મ થયો ને.

ઉત્તર :- પણ ધર્મ... એક સમયનો પણ જોવે એવો હોય કે નહિ? સમજાય છે કાંઈ?

એ સ્વભાવ જે પ્રગટ્યો છે શ્રદ્ધા-જ્ઞાનમાં એની જેને પૂર્ણતા પ્રગટી નથી અને પૂર્ણતા પોતાને પ્રગટી નથી, પૂર્ણતા જેને પ્રગટી અને પૂર્ણ પ્રગટવાના પંથે પડેલા ગુરુઓની સેવાનો ભાવ, સાથે શાસ્ત્ર શું કહેવા માગે છે, એની વિશેષ નિર્મળતા માટે પરાલંબી-પરસત્તાવલંબી આ સજ્ઝાયનો બોધ છે. એવો ભાવ.. 'અષ્ટપાહુડ'માં તો એમ પણ કહે છે, જ્ઞાનીએ એ બધાને વ્યવહારને પણ પ્રયત્ન દ્વારા પુરુષાર્થથી જાણવું. એમ એ શ્લોક આવે છે. મૂળમાં શ્લોક આવે છે. અષ્ટપાહુડ. સમજાય છે કાંઈ? ક્યે ઠેકાણે આવે છે એ કાંઈ બધું યાદ છે? ક્યાંક છે ખરું. અને એક ફેરી વાત પણ થઈ ગયેલી. જુઓ! આ. એ વસ્તુની મર્યાદામાં ષટ્ દ્રવ્ય, નવ તત્ત્વના ભેદો, દેવ-ગુરુ-શાસ્ત્રનું શું કહેવું છે, એવા શાસ્ત્રનો ભણવાનો, સ્વાધ્યાયનો શુભરાગ આવ્યા વિના એને રહેતો નથી. માટે એણે સ્વાધ્યાય કરવી એમ ચરણાનુયોગની પદ્ધતિમાં કહેવામાં

આવે છે. સમજાણું?

સંયમ. દરરોજ જ્યારે એને સંસારના ભોગની અંદરમાં પડ્યો છે, અશુભભાવ છે ને, દૃષ્ટિ પડી છે સ્વભાવ ઉપર પણ અશુભભાવની વારંવાર લહેરીઓ-તરંગો ઊઠે છે એથી એણે સંયમ એટલે એમાંથી ઇન્દ્રિયદમન અને છકાયની હિંસાથી પાછું ફરવું એવો સંયમભાવ, શુભભાવ એને દરરોજ આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ? એ ચાર (થયા).

પાંચમા તપની વાત અત્યારે ચાલે છે. તપની વ્યાખ્યા કરતાં ત્યાં સુધી આવ્યું કે યથાશક્તિ પર્વના દિને એણે અપવાસ આદિ શુભભાવ કરવાનો ભાવ કરવો. કરવો.

મુમુક્ષુ :- ઉપવાસ કરવો કે ન કરવો?

ઉત્તર :- ઉપવાસની વ્યાખ્યા જ ઈ છે કે આહાર મારે આજે કરવો નથી. એ કથનપદ્ધતિ એવી છે. કરવો નથી એટલે એના તરફના ઝુકાવની વૃત્તિ આજે મારે નથી. નથી કેમ? કે સ્વભાવ સન્મુખનો જેટલો પ્રયત્નમાં ઉત્સાહ છે, એટલો આહારને લેવાનો પર તરફનો ઉત્સાહ મંદ પડી ગયો છે. એવો ભાવ વિકલ્પવાળો, હોં! અપવાસ કરું, ઉણોદરી કરું, આહાર થોડો લઉં. એવો ભાવ એને આવ્યા વિના રહેતો નથી. આ તો ધર્મના માર્ગે ચડેલા પંથીઓના પંથ છે. સમજાણું?

પછી તો કહ્યું કે જે પોતાના સ્વરૂપને સમ્યગ્દર્શનને મેલું એટલે વિરોધ કરનાર હોય અથવા વ્રતને મેલામાં નિમિત્ત હોય એવા દેશને છોડી દેવો, મનુષ્યને છોડવા, આ લક્ષ્મી એવી મળતી હોય તો એ લક્ષ્મીને છોડવી. પાપને રસ્તે લક્ષ્મી મળતી હોય તો શ્રાવકે તે રસ્તા છોડી દેવા. કહો, સમજાણું કાંઈ? આવે છે કે ને એક? 'રત્નકરંડ શ્રાવકાચાર'માં એક શ્લોક એવો આવે છે. શ્રાવક વિચારે છે કે મારા સ્વરૂપની સંપદા જો મારે છે તો પછી બીજી સંપદા હો કે ન હો, એનું શું કામ છે? અને સ્વરૂપની સંપદા ન હોય તો બીજી સંપદા હોય તો મારે શું એનું કામ છે? સમજાણું કાંઈ? શેઠ! સમજાય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. દૃષ્ટિમાં એવો વિકલ્પ એને શુભરાગનો આવ્યા વિના રહેતો નથી. ભગવાન મારી સંપદા મારી પાસે છે. હવે આ સંપદા ઓછી હોય કે વધારે હોય, એની સાથે મારે શું કામ છે? એટલે તીવ્ર પાપને રસ્તે લક્ષ્મી આવતી હોય તો તેને શ્રાવક છોડી દે, ત્યાગ કરે. એ રસ્તે પાપ કરીને લક્ષ્મી લે નહિ. સમજાણું કાંઈ? ન આશ્રિત. એમ આવ્યું ને?

પછી ભોગોપભોગમાં થોડો કાળ ઓછો કરે. પછી રત્નત્રયનો આશ્રય કરનારા

બીજા જન્મમાં એની શ્રદ્ધા વધતી જાય. જુઓ! આ તપની વ્યાખ્યા. પોતાના આત્માને શુદ્ધ શ્રદ્ધાએ સંસ્કાર કર્યા છે, શુદ્ધ જ્ઞાનના સંસ્કાર એટલા નાખ્યા છે કે જે સંસ્કાર પરભવમાં પણ સ્વર્ગમાં સાથે આવે. સમજાય છે કાંઈ? પોતે રહેનારો જ્યાં છે ત્યાં એ રહે. એમ કહે છે. એવા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના સંસ્કાર અંદર કરે, નાખે, દઢ કરે કે જન્માંતરે પણ એ સ્મરણ એને આવે. સમ્યગ્દષ્ટિ જ્યાં સ્વર્ગમાં ઊપજે, જ્યાં જન્મ થાય... જન્મ એટલે? એને માથે વસ્ત્ર આદિ હોય છે, એની શય્યામાં બત્રીસ વર્ષનો જુવાન જેમ હોય એમ બે ઘડીમાં દેવ ઉત્પન્ન થઈ જાય. અને એકદમ સ્મરણ આવે કે ઓહો..! ક્યાં હતો હું, આ ક્યાં આવ્યો? અરે..! મારી મંદતા પુરુષાર્થમાં રહી ગઈ. એથી આ સ્વર્ગના યોગમાં સંયોગમાં આવવું પડ્યું. મારા આત્માના સંસ્કાર તો, હું શુદ્ધ ચૈતન્ય છું, એવી સ્મૃતિ એને ઉત્પન્ન થતાં શય્યામાં દેવ ઉત્પન્ન થાય. સમ્યગ્દષ્ટિ શ્રાવક તો સ્વર્ગમાં વૈમાનિકમાં દેવપણે જ ઊપજે. બીજી એની ગતિ હોઈ શકે નહીં. જ્યાં ઊપજે ત્યાં આમ.. ઓહો..! અમે તો આત્મા આનંદ અને જ્ઞાનના સ્વામી. સહજાત્મસ્વરૂપ ચૈતન્યના સ્વામી. અમારી અસ્થિરતા પૂર્ણ ન ટળી. એથી રાગ બાકી રહ્યો, એના પુણ્ય બંધાણા. એના ફળમાં સંયોગ રહ્યો, સ્વભાવની અધૂરાઈ રહી ગઈ. સમજાય છે કાંઈ? એવી સ્મૃતિ સ્વર્ગમાં પણ એને સમ્યગ્દર્શન અને જ્ઞાનના સંસ્કાર ઊભા થાય. સમજાણું કાંઈ? એવા પાકા સંસ્કાર નાખવા જોઈએ.

એક ગાળ દીધી હોય તો કેવી યાદ રહે છે એને. એમ ગુણ યાદ રહેવા જોઈએ, એમ કહે છે. કોઈ ગાળ-ગાલી દે છે ને? લગ્ન પ્રસંગમાં કે (બીજા પ્રસંગે). પચાસ વર્ષે યાદ કરે કે તે દિ' દીકરીના લગ્નમાં તેં ગાળ દીધી હતી, બધા ૫૦૦ માણસ બેઠા હતા, મને યાદ છે. ભાનમાં ... અરે..! પણ આ યાદ (રહી ગયું)? ગાળને ગાંઠે બાંધી. ગાંઠે બાંધી કીધી ને?

(અહીંયાં તો) ગુણને ગાંઠે બાંધ્યા. અહો..! હું તો આનંદ, જ્ઞાન સ્વરૂપ નિર્વિકલ્પ પદાર્થ એકલો અનાદિ ચૈતન્ય જ્ઞાયકસૂર્ય. એમ ત્યાં જન્મતાં એને સ્મરણમાં આવી જાય. ફટ..! ઓહો..! ભાન લઈને ગયો છે. એમ સંસ્કાર સહિત જાય એને અહીં તપ કહેવામાં આવે છે. તપના અધિકારમાં આ વર્ણન કરવામાં આવ્યું છે. આહાહા..! હવે ૨૯.

**विनयश्च यथायोग्यं कर्तव्यः परमेष्ठिषु।**
**दृष्टिबोधचरित्रेषु तद्वत्सु समयाश्रितैः।।२९।।**

જિનેન્દ્ર ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર, એના સિદ્ધાંતના અનુયાયી છે. અનુયાયી. સર્વજ્ઞ પરમેશ્વરના કહેલા સિદ્ધાંત, એના અનુયાયી. અંતરમાં અવિકારી વીતરાગ શુદ્ધ

સ્વભાવ સમય નામ આત્મા, એનો અનુયાયી થયો છે. '**समयाश्रितैः**'. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય, એકલું દેખવુ-જાણવું. એવો જેમાં ભેદ પણ નથી. એવી ચીજ મારી અનાદિ એવી જ છે. હતી એવી દૃષ્ટિમાં આવી છે. એમ જેને ભાન થયું છે, એ કહે છે, એને વીતરાગે કહેલા જૈન સિદ્ધાંતના અનુયાયી કહેવામાં આવે છે.

આત્માનો અનુયાયી થયો છે. સર્વજ્ઞે જોયો એ આત્મા. ભગવાને જોયો આત્મા, વિકલ્પ ને કર્મ ને રાગ વિનાનો જોયો છે. તને આત્મા કહ્યો એ આને કહ્યો હતો. સમજાણું કાંઈ? ભગવાનની વાણીમાં એમ આવ્યું હતું કે તું એટલે કોણ? તું એટલે જ્ઞાયક અનંત આનંદનો કંદ-ધામ એ આત્મા. રાગાદિ આત્મા કે શરીરાદિ આત્મા કે કર્મ આદિ (આત્મા) ભગવાને જોયો નથી, ભગવાને કહ્યો નથી, વસ્તુમાં બીજું છે નહિ. સમજાય છે કાંઈ? એવા આ આત્માને આશ્રયે, સમયને આશ્રયે રહેલા બહારમાં જૈન સિદ્ધાંતના ભક્ત હોય છે. વીતરાગના સિદ્ધાંતોના ભક્ત હોય છે.

'**જો જિનેન્દ્રકે સિદ્ધાંતકે અનુયાયી હૈં, ઉન ભવ્ય જીવોંકો યોગ્યતા અનુસાર...**' જોયું! '**परमेष्ठिषु**' (શબ્દ છે). '**परमेष्ठिषु**'. '**ઉત્કૃષ્ટ સ્થાનમેં રહનેવાલે...**' પાંચ પરમેશ્વરો. અરિહંતો, સિદ્ધો, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. એનો હમેંશા વિનય કરે. એના હૃદયમાં એનું બહુમાન રહ્યા જ કરે. એમ નહિ, એ દાસાનુદાસ રહે. એમ નહિ કે ભગવાન કોણ? પરમેશ્વર કોણ? ઓહો..! પૂર્ણ નથી થયો અને પૂર્ણ થયેલાનો, પંચ પરમેષ્ઠીનો હંમેશા એને વિનય હોય. સમજાણું? અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં પણ વિનય કરે. '**दृष्टिबोधचरित्रेषु**'. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર. પંચ પરમેષ્ઠી સિવાય. પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું બહુમાન કરે અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પામેલા બીજા જીવો હોય એનું પણ બહુમાન કરે. પંચ પરમેષ્ઠીનું, પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પામેલાનું બહુમાન કરે. એમાં પણ આમ વિકલ્પ તો છે અંદરમાં. આ બહુ ઊંચું, એ એક વિકલ્પ છે. સમજાય છે કાંઈ?

પોતાનું સમ્યક્ શુદ્ધ ચૈતન્ય શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા. આ ઉત્તમ છે, આ ઊંચું છે એવો વિનયનો વિકલ્પ સમ્યક્ શ્રાવકને આવ્યા વિના રહેતો નથી. પંચ પરમેષ્ઠીનો વિનય કરે. ભગવાન કોણ? બાપુ! એમ ન હોય. ભગવાનનો તો દાસાનુદાસ છે. સાધુના દાસાનુદાસ છે. સાધુ હોય એના, હોં! સાધુ કહેવા કોને એ સમજવું. શોભાલાલભાઈ! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના.. .. કહેતા ને? ઓહો..! એ સંતના દર્શન! આહાહા..! આમ પૂર્ણ આનંદના અમરધામમાં ઝુલતા હોય છે. ક્ષણમાં વિકલ્પ,

ક્ષણમાં આનંદ, ક્ષણમાં વિકલ્પ, ક્ષણમાં આનંદ. આહાહા..! એવી આનંદની ભૂમિકા સંતોને ચારિત્રની રમણતાપૂર્વક જેને પ્રગટ થઈ છે, એવા સંતોનો જ્ઞાનીને વિનય, શ્રાવકને બહુ વિનય હોય છે. બહુમાન હોય છે. સમજાણું કાંઈ? પણ એવું સ્વરૂપ ન હોય અને બહારથી માને, એનો વિનય ન કરે માટે ગુરુઓનો અને જ્ઞાનીનો અવિનય કરે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? અમરચંદજી!

'**ઈનકે ધારણ કરનેવાલે મહાત્માઓંકે પ્રતિ વિનય અવશ્ય કરના ચાહિયે.**' એનો વિશેષ ખુલાસો ભાવાર્થમાં વધારે લખ્યો છે. બાકી છેલ્લી ગાથામાં આવે છે, જુઓ! આવશે. ૩૬મી છે ને? છેલ્લું .. પૂરું થાય એમાં.

**समयस्थेषु वात्सल्यं, स्वशक्त्या ये न कुर्वते।**
**बहुपापावृतात्मानः, ते धर्मस्य परान्मुखाः।।३६।।**

આ દાનમાં વ્યાખ્યા કરી છે. હવે જે દાનની વ્યાખ્યા આવશે ને? એનો એ છેલ્લો શ્લોક લીધો છે. સમજાણું? '**समयस्थेषु**'. સાચી શ્રદ્ધા, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં જે રહેલાં છે. શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. સ્વમત-સ્થેષુ. એમાં રહેલાં છે. '**वात्सल्यं**'. જેમ ગાયને વાછરડા પ્રત્યે પ્રેમ છે, એમ ધર્માત્માને સાધર્મી પ્રત્યે પ્રેમ હોય, વાત્સલ્ય હોય. સમજાણું કાંઈ?

'**स्वशक्त्या ये न कुर्वते**' એમ શબ્દ પડ્યો છે પાછો, હોં! '**સાધર્મી સજ્જનોંમેં શક્તિકે અનુસાર...**' '**न कुर्वते**' '**बहुपापावृता**'. જુઓ! દાનની વ્યાખ્યામાં એ કહ્યું છે. '**પરાન્મુખ હૈ અર્થાત્ ધર્મકે અભિલાષી નહીં હૈ;...**' પ્રબળ પાપથી ઢંકાયેલો એનો આત્મા છે. '**ઈસલિયે ભવ્ય જીવોંકો સાધર્મી મનુષ્યોંકે સાથ અવશ્ય પ્રીતિ કરની ચાહિયે.**' સમજાય છે કાંઈ? દેવીલાલજી! વ્યવહારની રીત પણ એને યોગ્ય ભૂમિકા પ્રમાણે હોય. સમજાણું કાંઈ? એ સ્વચ્છંદી ન થઈ જાય. એને પોતા કરતાં ગુણમાં અધિક દેખે તો એનું બહુમાન (આવે). '**समयस्थेषु वात्सल्यं**'. ગાયને જેમ પોતાના બચ્ચામાં પ્રેમ આવે છે એમ. ગાય એમ ન જોવે પ્રેમમાં, વાઘ જો આવ્યો હોય બચ્ચાને ખાવા તો સામી પડે. ભાઈ! એના બચ્ચાને કોઈ વાઘ કે સિંહ ખાવા હોય તો સામે માથું મારે. વિચાર ન કરે કે આ મારી તાકાત છે કે નહિ? એના પ્રેમમાં, એના પ્રેમની આડમાં એ જોઈ શકતી નથી.

એમ ધર્માત્માને સાચા ધર્મી-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પામેલા, એનું બહુમાન અને વિનય, વાત્સલ્ય, પ્રેમ અંદર આવ્યા વિના રહેતો નથી. દુનિયાની દરકાર છોડી દઈને. એમ. વાઘ સામે પડે છે ને? મરણની દરકાર છોડી દે છે. એમ દુનિયા શું કહેશે? દુનિયા કેમ માનશે? દરકાર છોડી દઈને દાનના અધિકારમાં ભગવાન પદ્મનંદી

આચાર્યે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રાપ્ત, એનું વાત્સલ્ય અને પ્રેમ કરે. સ્વશક્તિ અનુસાર. '**ते धर्मस्य परान्मुखाः**' નહિતર તે ધર્મની પરાન્મુખ છે. એ દાનના અધિકારમાં વર્ણવ્યું. કહો, સમજાણું? હવે, આપણે ૩૦મો શ્લોક.

**दर्शनज्ञानचारित्र, –तपः प्रभृति सिद्धयति।**
**विनयेनेति तं तेन, मोक्षद्वारं प्रचक्षते।।३०।।**

આ તપના પેટામાં વિનયને તપમાં નાખ્યો છે. છે વિકલ્પાત્મક વિનય. નિશ્ચયવિનય. વિશેષે–નય. આત્માના પૂર્ણ સ્વભાવનું જ્ઞાન, ધ્યાન, આનંદ ને પોતાના બહુમાનમાં રહેવું એ અંદરનો નિશ્ચય સ્વભાવનો વિનય છે. પણ આવો વિકલ્પ રાગી પ્રાણી છે, એથી તેને બહુમાન ધર્માત્મા પ્રત્યે વિનયનો ભાવ, જેને અહીંયાં તપમાં ગણવામાં આવ્યો છે, (તે આવ્યા વિના રહેતો નથી). કેમ? નિર્માનપણું એમાં આવે છે. એટલી દુનિયાની દરકાર છોડવી પડે છે. આવા મોટા માણસ થઈને આમ? ફલાણાં થઈને આમ? એક હરિજન હોય અને સમ્યગ્દર્શન, જ્ઞાન પામેલો હોય તોપણ ધર્મીને એના ઉપર બહુમાન અને આદર આવ્યા વિના રહેતો નથી. નરભેરામભાઈ! સમજાય છે કાંઈ? લ્યો, અમે મોટા બુદ્ધિવાળા, અમે મોટા રૂપાળા, અમારી પાસે પાંચ-પચાસની મૂડી. પાંચ-પચાસ લાખ, હોં! પાચ-પચાસ રૂપિયા અત્યારે ચાલે એવું નથી. પાંચ-પચાસ લાખની પુંજી અને આ વળી એક સાધારણ. ઓહો..! આત્મા ક્યાં સાધારણ છે. શરીર ભલે હરિજનનું હોય, શરીર ભલે સ્ત્રીનું હોય. શરીર ભલે નપુંસક પણ કોઈ સમ્યગ્દર્શન પામે છે. નારકી નપુંસક છે. નારકી પામે છે કે નહિ? શ્રેણિક રાજા અત્યારે નપુંસક છે. ક્ષાયિક સમકિતી છે. આહાહા..! ભાઈ! શોભાલાલભાઈ! પહેલી નરકે આ શ્રેણિક રાજા. અમરચંદભાઈ! ગયા છે ને ત્યાં? ક્ષાયિક સમકિત. તીર્થંકર થવાના. એક જ દેહ બાકી છે તીર્થંકરનો છેલ્લો. આહાહા..! છતાં ત્યાં નપુંસક છે અત્યારે. સ્ત્રી, પુરુષવેદ એને નથી. ક્ષાયિક સમકિતી ધર્માત્મા છે, ધર્મી છે. સમજાણું? એનું જ્ઞાનીને બહુમાન આવ્યા વિના રહે નહિ. આહાહા..!

નારકી. આ શરીર આવું છે, શરીરમાં કટકા થયા. ઈ જડનું છે, સાંભળને! ઓલો અખંડ થયો છે ઈ? ચૈતન્યબિંબ જેમાં દૃષ્ટિથી અખંડપણાની (શ્રદ્ધા થઈ છે). અખંડ એકરૂપ અભંગ અભેદ એવો અનુભવ થયો. જાઓ! મોક્ષને પંથે. સમજાણું કાંઈ? નારકીનું શરીર હોય, હરિજનનું શરીર હોય, ચંડાળનું શરીર હોય, સ્ત્રીનું શરીર હોય. અરે..! ઢોર હોય ગધેડો. બહારમાં ગધેડો અંદરમાં ભગવાન. આહાહા..! ભાઈ! નવનીતભાઈ! શરીર મળી ગયું એવું. અઢી દ્વીપ બહાર અસંખ્ય શ્રાવક પડ્યા છે. સાંભળ્યું છે? શેમાં આવે છે? ઈ વાત આવે છે શેમાં? ઈ ભૂલી ગયા. ખામણામાં

નથી આવતું? શીખ્યા ઈ ભૂલી ગયા? ખામણામાં આવતું, અઢી દ્વીપ બહાર, અઢી દ્વીપ અંદર.

મુમુક્ષુ :- ઈ તો સ્થાનવાસીના ખામણામાં ને?

ઉત્તર :- ઈ યાદ નથી આવ્યું એટલે બહાનું કાઢ્યું એણે. યાદ ન આવ્યું એટલે બહાનું કાઢ્યું એમાં. પછી ખ્યાલ આવ્યો. હસુભાઈ ક્યાં ગયા? આહાહા..!

અઢી દ્વીપ બહાર અસંખ્ય સિંહ, અસંખ્ય હાથી, અસંખ્ય ચકલા, અસંખ્ય પોપટ, અસંખ્ય મગરમચ્છ સમકિતી છે. પાંચમા ગુણસ્થાનવાળા છે. અઢી દ્વીપ બહાર. અઢી દ્વીપમાં તો શ્રાવક થોડા સંખ્યાત છે. બહાર અસંખ્યાતા (છે). ઓહો..! ત્યાંથી સ્વર્ગમાં જઈ, છેલ્લે મનુષ્ય થઈ, કેવળ લઈને મોક્ષ જવાના કેટલાક. આહાહા..! અમરચંદભાઈ! છે કે નહિ? અઢી દ્વીપ બહાર. અસંખ્યાતા શ્રાવક ઢોર. શરીર, ચામડા ઢોરના. અંદર ભગવાનના ભાન થયા. એને ભગવાનનું ભાન થયું છે. પરમેશ્વર પ્રગટી ગયો છે એને. સમજાણું કાંઈ? પાંચમા ગુણસ્થાનવાળા, હોં! પંચમ ગુણસ્થાનવાળા. એ અસંખ્ય. ચોથાવાળા અસંખ્ય અઢી દ્વીપ બહાર છે. ભગવાનના શાસ્ત્રમાં (આવે છે). ખામણામાં આવે છે, ખામણામાં. અને આમાં પણ ધવલમાં ઠેકઠેકાણે આવે છે. અસંખ્યાતા દ્વીપ સમુદ્ર. એક સ્વયંભુરમણ અસંખ્ય યોજનનો લાંબો, પહોળો છે. અસંખ્ય જોજનમાં પાણી. એમાં અસંખ્યાતા સમકિતી પડ્યા છે. પાણીમાં પડ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ હવામાં છે. એમાં શું? પથરામાં છે. ન્યાં બહારમાં શું છે? અહીં તો બંગલા ને ખાવા-પીવાના સાધન ને મોટરું ને કેટલાય એને ... થાતું હોય. આહાહા..!

આમ ચૈતન્યનો આશ્રય કર્યો છે, ચૈતન્યરત્નને ઢંઢોળીને જગાડ્યો છે. સમજાય છે? વિષ્ટાના ટોપલામાં પણ જો રત્ન પડ્યું હોય, તો પણ એ રત્ન જ છે. અમરચંદભાઈ! આહાહા..! વિષ્ટાના ટોપલામાં હીરો પડ્યો હોય ક્રોડનો તો હીરો હીરો જ છે. એમ ચામડા ઢોરના હોય પણ આત્મહીરાનું જ્યાં ભાન થયું તો એ હીરો જ છે. ઢોરગતિમાં હો, નરકમાં હો, દેવમાં હો, અરે..! વ્યંતરી દેવી પણ સમકિત પામે છે. સમજાય છે કાંઈ? ન્યાં જન્મે ત્યારે ભલે મિથ્યાત્વ લઈને જાય પણ પછી કોઈ ભગવાનના દર્શન આદિ આવીને (કરે તો સમકિત પામે છે).

મુમુક્ષુ :- દેવમાં તો સમકિત પામવાનો..

ઉત્તર :- .. ભગવાનના દર્શનમાં આવે. એમાં કોઈ પ્રાણી અંદર ઉલ્લાસ.. ઉલ્લાસ.. ઉલ્લાસ.. ઉલ્લાસ.. ઓહોહો..! આવો પ્રભુ મારી પાસે ડોલે ને હું ક્યાં ગોતવા જાતો હતો. આવો પ્રભુ મારી પાસે પડ્યો, હું ક્યાં શોધવા જાતો હતો. એમ ઉલ્લાસમાં

આવીને અંદર ડૂબી જાય છે, ફડાક દઈને! સમજાણું કાંઈ?

કહે છે કે એવા '**दर्शनज्ञानचारित्र, –तपः प्रभृति सिद्धयति, विनयेनेति**' '**તપ આદિકી પ્રાપ્તિ હોતી હૈ...**' આવા વિનયથી સમ્યગ્દર્શન પમાય એમ કહે છે અહીં તો. જ્ઞાન પમાય, ચારિત્ર પમાય, ઈચ્છાનિરોધ થાય. '**विनयेनेति तं तेन, मोक्षद्वारं प्रचक्षते**' તેથી ભગવાન એને મોક્ષનું દ્વાર કહે છે. વિનયને મોક્ષનું દ્વાર (કહે છે). આવે છે ને? ક્ષમા તે ઉત્તમ દરવાજો.. નથી ક્યાંક કહ્યું? ક્યાં? વડવા. ક્ષમા. ખબર છે ઈ ક્ષમાની વાત. ક્ષમા તે મોક્ષનો ભવ્ય દરવાજો છે. અહીં વિનયને '**मोक्षद्वारं प्रचक्षते**' (કહ્યું છે). ભગવાન પદ્મનંદી આચાર્ય મુનિ સંત છઠ્ઠે-સાતમે ઝુલનારા આનંદકંદમાં ઝુલનારા મુનિ છે. એ કહે છે કે વિનય મોક્ષનું દ્વાર છે. એ દ્વારથી મોક્ષમાં જઈ શકાય છે. બહુમાન.. બહુમાન.. ઓહોહો..! સમજાણું કાંઈ?

એ તપનો અધિકાર કહ્યો. હવે ષટ્કર્મમાં છઠ્ઠો રહ્યો. દાન.. દાન. હવે દાન પણ દિન-દિન પ્રત્યે (હોય), હોં! એક દિવસ બે કોળિયા આપ્યા ને દાન (કર્યું) એમ નહિ. હવે આ દાનનું જરી આકરું આવશે. ત્યાંથી ઈશારો થઈ ગયો અંદરમાં.

सत्पात्रेषु यथाशक्ति, –दान देय गृहस्थितैः।
दानहीनाभवेत्तेषां, निष्फलैव गृहस्थता।।३१।।

'**ધર્માત્મા ગૃહસ્થોંકો મુનિ આદિ ઉત્તમ પાત્રોંકો શક્તિકે અનુસાર દાન ભી અવશ્ય દેના ચાહિયે...**' છે શુભભાવ, ભાનસહિત, કર્તૃત્વબુદ્ધિ રહિત. ભાનસહિત કર્તૃત્વબુદ્ધિ રહિત. પણ વ્યવહારનયે પરિણમન એનું છે માટે દાન દેવાનો ભાવ કરે છે, એમ દિને-દિને એનું કર્તવ્ય છે એમ આવશ્યકના કર્તવ્યમાં કહેવામાં આવે છે. હું કરું, કરવા લાયક છે એવી બુદ્ધિ નથી. પણ પરિણમન રાગનું છે માટે પરિણમે તે કર્તા, એમ કહીને (કરે છે એમ કહેવામાં આવે છે). અમરચંદભાઈ! હું કરું, એવી બુદ્ધિ નથી. પણ પરિણમન છે તે કર્તા, પરિણમે તે કર્તા એ અપેક્ષા લઈને જ્ઞાની પણ પુણ્યભાવને કરે છે એમ કહેવામાં આવે છે. એ ચરણાનુયોગની પદ્ધતિની રીત છે. ..ચંદભાઈ! કહો, સમજાય છે આમાં કાંઈ? જુઓ! શું કહે છે?

'**ધર્માત્મા ગૃહસ્થોંકો મુનિ આદિ ઉત્તમ પાત્રોંકો...**' સમ્યગ્દૃષ્ટિ હો, શ્રાવક હો, સમ્યગ્દૃષ્ટિ જઘન્ય પાત્ર છે, શ્રાવક મધ્યમ પાત્ર છે, મુનિ ઉત્તમ પાત્ર છે એને '**શક્તિકે અનુસાર...**' ભાષા (છે). ખુબી અહીં છે. '**यथाशक्ति**' પાઠ છે ને? ત્યાં વિવેક છે. '**यथाशक्ति**' શબ્દ પડ્યો છે ને? ભાઈ! એનો અર્થ સમ્યગ્દૃષ્ટિ શ્રાવક છે એને દાનમાં યથાશક્તિ પ્રમાણમાં કરે એવો એને વિવેક હોય છે. સમજાણું કાંઈ? પોતાની યોગ્યતા અનુસાર. પાંચ હજારની મુડી હોય અને પાંચ હજાર દઈ દે તોપણ

એ શક્તિ પ્રમાણે નથી. સમજાય છે? પાંચ લાખની મુડી હોય અને પાંચ રૂપિયા આપે તોપણ એ શક્તિ પ્રમાણે નથી.

અહીં શક્તિ પ્રમાણે (કહ્યું) એમાં આખો મોટો વિવેક છે. પેલામાં આવે છે ને? ભાઈ! ષોડશકારણ ભાવના. નહિ? તીર્થંકર ગોત્ર બંધાય એમાં યથાશક્તિ તપ ત્યાગઃ. એ વિવેકનો બોલ છે. સોળ પ્રકારે છે તો વિકલ્પ-રાગ. કારણ કે દર્શનશુદ્ધિથી કાંઈ તીર્થંકર ગોત્ર ન બંધાય. દર્શનવિશુદ્ધિમાં એવો એક વિકલ્પ ઉઠ્યો છે, એનાથી તીર્થંકર ગોત્ર બંધાય છે. એમાં સોળ બોલમાં એક બોલ લીધો છે કે, યથાશક્તિ તપ ત્યાગઃ. શક્તિ પ્રમાણે તપ કરે અને શક્તિ પ્રમાણે ત્યાગ કરે. સમજાણું કાંઈ? એકદમ ઉછળી જાય અને હઠથી કરે એ જ્ઞાતા-દૃષ્ટામાં હોઈ શકે નહિ. ચંદુભાઈ! સમજાણું કાંઈ આમાં? એનો પુરુષાર્થ જ્ઞાતામાં-દૃષ્ટામાં સહજપણે કેટલો રહે છે અને સહજ હઠ વિના એ ભૂમિકાને યોગ્ય તપ અને ત્યાગની લાયકાત કેટલી છે, એનો જ્ઞાનીને વિવેક હોય છે. એકદમ મરી જાય, સંથારા કરીને તરફડે ને મરે એ જ્ઞાનીને હોઈ શકે નહિ. છોડ દો, શરીર આવું છે. ભાઈ! શક્તિ જુઓ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુઓ. તપાસ કર, તારો પુરુષાર્થ કેટલો કામ કરે છે? કેટલો આગળ વધી શકશે? ત્યાંથી આગળ જઈને પાછુ હઠવું ન પડે, એમ યથાશક્તિ શ્રાવક અને ત્યાગ અને તપમાં વિવેક રાખે છે.

એમ દાનમાં યથાશક્તિ. યથાશક્તિના બે અર્થ છે. શક્તિ વધારે દેવાની હોય અને ઓછું દે તો યથાશક્તિએ દીધું નથી. સમજાણું કાંઈ? '**શક્તિકે અનુસાર દાન ભી અવશ્ય દેના ચાહિયે. ક્યોંકિ બિના દાનકે ગૃહસ્થોંકા ગૃહસ્થપના નિષ્ફલ હૈ.**' એમાં કાંઈ ફળ છે નહિ. ઓલામાં આવ્યું હતું ને? પાંચમી ગાથા કહી હતી પહેલા. પાંચમામાં એક શક્તિ આવે છે ત્યાં. ઓલામાં, હોં! શ્રાવકમાં. શ્રાવકનું છે ને? પાંચમી. ગાથા પાંચ. પાંચ છે ને? શક્તિ શબ્દ પડ્યો હતો ને? શક્તિ શબ્દ છે, ભાઈ જુઓ! શક્તિ છે બીજા પદમાં. શ્રાવકના વ્રત અધિકારમાં (-દેશવ્રતોદ્યોતન અધિકારની) પાંચમી ગાથા.

'**સમ્યગ્દર્શનપૂર્વક આઠ મૂલગુણોંકા પાલન કરના, અહિંસાદિ પાંચ અણુવ્રતોંકા ધારણ કરના, દિગ્વ્રતાદિ તીન અણુવ્રત તથા દેશાવગાશિક આદિ ચાર ક્ષિક્ષાવ્રત હૈ, ઈન સાત શીલવ્રતોંકા પાલન કરના, રાતમેં ખાદ્ય-સ્વાદ્ય આદિ ચતુર્વિધ આહારકા ત્યાગ કરના, સ્વચ્છ કપડેસે છાને હુએ જલકા પીના, શક્તિકે અનુકૂલ મૌન આદિ વ્રતોંકા ધારણ કરના,...**' શક્તિ અનુસાર. પોતાની શક્તિ જોવે એના પ્રમાણમાં મૌન આદિ વ્રતને શક્તિ પ્રમાણે ધારણ કરે.

બીજાની દેખાદેખીએ કરે નહિ, હઠથી કરે નહિ, દેખાદેખીથી કરે નહિ. જુઓ! આ એનો વિવેક છે. ત્યાગમાં, તપમાં, દાનમાં અને વ્રતમાં બધામાં શક્તિ લીધી. ભાઈ! તીર્થંકરમાં ત્યાગ અને તપ લીધા, અહીંયાં વ્રતાદિમાં લીધો, દાનમાં શક્તિમાં લીધો. બધે વિવેક બતાવે છે.

પોતાનું જ્ઞાન, દર્શનમાં ભાન હોવા છતાં કેટલી સ્થિરતા મારી સહજ રહે છે અને વિકલ્પની કેટલી મર્યાદા દેવા-લેવામાં સ્થિર થતો નથી એનો વિવેક કરીને તે વ્રતને યથાશક્તિ ધારણ કરે છે. એકદમ હુડહુડ કરીને લઈ લે કે લાવો, આપણે લઈ લઈએ. હુડહુડ અમારી ગુજરાતી ભાષા છે. એકદમ.

મુમુક્ષુ :- હુડાહડ કહતે હૈં.

ઉત્તર :- કહે છે? હુડાહડ. લ્યો, હુડાહુડ કહે છે. એકદમ હુડાહુડ કરે કે કરો બાધાઓ.

મુમુક્ષુ :- હરિફાઈ ચલે.

ઉત્તર :- હરિફાઈ.

શક્તિને જોઈને પોતે કરે છે. પછી ૧૬માં પણ ક્યાંક મૂક્યું છે. ૧૬, ૧૭, ૧૮ છે. ૧૬માં યથાશક્તિ છે. '**शक्त्या**' છે, જુઓ! દાનનો અધિકાર છે ને? શ્રાવકનો, હોં! શ્રાવકનો અધિકાર છે. ૧૬મી ગાથા. '**भूतकालमें બડે-બડે રાજા, पुत्रको રાજ્ય દેકર, યાચકજનોંકો ધન દેકર ઔર સમસ્ત પ્રાણિયોંકો અભયદાન દેકર, અનશનાદિ ઉત્તમ તપોંકા આચરણ કર, અવિનાશી સુખકે સ્થાન મોક્ષકો પ્રાપ્ત હુએ હૈં; ઈસલિયે મોક્ષકા સબસે પ્રથમ કારણ એક દાન હી હૈ...**' ગૃહસ્થાશ્રમની વાત લેવી છે ને. શુભભાવની જે અપેક્ષાએ જ્યાં છે (ત્યાં તે અનુસાર વાત કરે છે). '**દાનસે હી મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ...**' રાગની મંદતા, એમાં તીવ્ર રાગ ટળે છે અને સ્વભાવ તરફની દૃષ્ટિ છે. એથી ક્રમે-ક્રમે જેમ અહીં તીવ્ર રાગ મટાડીને મંદ રાગ કરે છે, મંદ રાગ મટાડીને વીતરાગ થશે. તેથી એને ક્રમે એનાથી મોક્ષ થાય એમ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? પકડે શબ્દોને. આહા..! જુઓ! પાછું શું કહ્યું છે?

'**અતઃ વિદ્વાનોંકો ચાહિયે...**' '**बुधैः**' શબ્દ પડ્યો છે ને? '**प्रथमतो, दानं निदानं बुधैः**' જ્ઞાનીઓએ '**बुधैः शक्त्या**' એમ પાછું છે, હોં! '**ધન તથા જીવનકો જલકે બુલબુલેકે સમાન અત્યંત વિનાશીક સમઝકર,...**' ધન અને જીવન તો પાણીના પરપોટા છે. પરપોટા સમજો છો? પાણીમાં થાય. બુદબુદે. પવન લાગે ને બદલાઈ જશે. એમ આવેલી લક્ષ્મી અને જીવન ક્ષણમાં ફૂ.. થઈ જશે. એમ સમજીને '**સર્વદા શક્તિ અનુસાર ઉત્તમાદિ પાત્રોંકો દાન દેવેં.**' શક્તિ અનુસાર. જુઓ!

આ વિવેક શબ્દ વાપર્યો. આચાર્ય મહારાજ પદ્મનંદી વ્રતની વાત કરે છે, દાનની બધી વાત કરે છે પણ ત્યાં વિવેક સહિત એની યોગ્યતા-શક્તિ કેટલી છે તે પ્રમાણે કરે છે. કોઈની દેખાદેખી કરીને પડે ફટ દઈને, પછી હાય.. હાય.. સહન થતું નથી, હવે શું કરવું? એમ હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- શક્તિનું માપ કેમ કાઢવું?

ઉત્તર :- ઈ શક્તિનું માપ પોતે કરે. બીજા પાસે ક્યાં કરવું હતું.

૧૭માં પણ એમ છે, જુઓ! **'यथर्द्धि'** છે ને? બીજા પદમાં ત્રીજો શબ્દ **'यथर्द्धि'** (છે). એટલે કે પોતાની ઋદ્ધિ પ્રમાણે દાન દે. ૧૭મી ગાથા છે, ભાઈ! **'અત્યંત દુર્લભ મનુષ્ય ભવકો પાકર ભી જો જો મનુષ્ય, મોક્ષકે લિએ ઉદ્યમ નહીં કરતે હૈં, ઘરમેં હી પડે રહતે હૈં; વે મનુષ્ય મૂઢબુદ્ધિ હૈ. જિસ ઘરમેં દાન નહીં દિયા જાતા વહ ઘર અત્યંત કઠિન મોહકા જાલ હૈ. ઐસા ભલી ભાંતિ સમજકર, અપને ધનકે અનુસાર...'** ધનકે અનુસાર **'ભવ્ય જીવોંકો નાના પ્રકારકા દાન કરના ચાહિયે.'** લક્ષ્મી અનુસાર રાગ ઘટાડી (દાન દેવું જોઈએ). હંમેશા કેમ હજાર, પંદરસો, બે હજારની પેદાશ હોય કેટલાકને. વધારે હોય એની ખબર નથી આપણને. પણ હોય છે ને કેટલાકને? ઘણાંને હોય છે, લ્યો! ..ભાઈ! કો'કને પાંચ-પાંચ હજારની એક દિ'ની પેદાશ, ઓલાને બે-બે હજારની પેદાશ, ઓલાને ત્રણ-ત્રણ હજારની એક દિવસની, હોં! એમાં કાંઈ દાન દેવાનું ખરું કે નહિ? પેદાશ લાવીને ઘરમાં જ નાખવી?

ધર્મીજીવને વિવેકવંતને **'यथर्द्धि'**. **'यथर्द्धि'** શબ્દ પડ્યો છે. જેવી એના ધન અને લક્ષ્મીની યોગ્યતા હોય, એ ધનને અનુસાર **'ભવ્ય જીવોંકા નાના પ્રકારકા દાન...'** એટલે અનેક પ્રકારે. અભયદાન, જ્ઞાનદાન, ઔષધદાન, ઈ આવશે આમાં. સમજાણું? એણે દેવું. **'ઉત્તમ આદિ પાત્રોંમેં દિયા હુઆ દાન હી સંસારરૂપી સમુદ્રસે પાર કરનેમેં જહાજકે સમાન હૈ.'** વ્યવહારથી એવા કથન ચરણાનુયોગમાં આવે. એને પકડી બેસે કે રાગથી મોક્ષ કીધો છે અહીં. મુનિને આહાર દેવાથી મોક્ષ (થાય છે). ભાઈ! સાંભળ તો ખરો હવે. મુનિ પરદ્રવ્ય છે. એને આહાર દેવાનું લક્ષ છે ઈ શુભરાગ છે. ઈ શુભરાગથી સંવર અને નિર્જરા કોઈ દિ' થાય નહિ. પણ અંદર દૃષ્ટિનું ભાન છે, ક્રમે કરીને આ રાગ પણ ટાળીને મારે સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિ કરવી છે. એથી એને પરંપરાએ, જેમ મોક્ષમાર્ગ બે પ્રકારે કહ્યા, એમ આ રાગને બંધના અભાવનું કારણ કહ્યું. વ્યવહારથી કહ્યું, વાસ્તવિક છે નહિ. કહો, સમજાણું એમાં?

૧૮ ગાથામાં પણ છે કાંઈક. **'सामर्थ्ये सति'** છે ને? **'જો મનુષ્ય સમર્થ હોને**

પર,...' 'सामर्थ्ये' છે ને બીજી લીટીમાં? આ શબ્દો નાખવાનો વિવેક બહુ છે એને. 'सामर्थ्ये सति' **'નિરંતર ન તો ભગવાનકા દર્શન હી કરતે હૈં,...'** શક્તિ હોવા છતાં ભગવાનના દર્શન કરતો નથી. **'ન ઉનકા સ્મરણ કરતે હૈં, ન ઉનકી પૂજા કરતે હૈં, ન ઉનકા સ્તવન કરતે હૈં ઔર ન નિર્ગ્રંથ મુનિઓંકો ભક્તિપૂર્વક દાન દેતે હૈં; ઉન મનુષ્યોંકા ગૃહસ્થાશ્રમ, પત્થરકી નાવકે સમાન હૈ.'** 'पाषाणनावा' છે ને અંદર શબ્દ? પત્થરની નાવ. આચાર્ય છે, સંત છે, મુનિ છે જંગલમાં. પણ રાગની મંદતા કરવાની વાતો કરે છે ને. એના ષટ્કર્મમાં એ શ્રાવકને કર્તવ્ય હોય છે. આખો દાનનો મોટો અધિકાર લીધો છે.

પાપરૂપી કૂવાની ભેખડમાં ભરાયેલા, એવો પાઠ છે. ભેખડ સમજો છો? કૂવામાં અંદર હોય ને? કૂવાની અંદર. ઊંડે ઊંડે અંદર ભેખડ હોય. એમાં પગ ગરી ગયો હોય તો નીકળી ન શકે. આચાર્ય કહે છે, પાપ-કજુંસાઈ રૂપી ભેખડ, કૂવાના ભેખડમાં પગ ગરી ગયો હોય એના ઉદ્ધાર માટે હું દાનનો અધિકાર કહીશ. સમજાય છે કાંઈ? છે ને દાનનું? કેટલામું છે અહીં? દાનનું ક્યાં કીધું? દાનમાં પહેલી ગાથા છે ને? પહેલી ગાથા છે, જુઓ! ચોથી ગાથા છે.

प्राप्तेऽपिदुर्लभतरेऽपि मनुष्यभावे
स्वप्नेन्द्रजालसदृशेऽपि हि जीवितौ।
ये लोभकूपकुहरे पतिताः प्रवक्ष्ये,
कारुण्यतः खलु तदुद्धरणाय किञ्चित्।।४।।

અહો..! **'અત્યંત દુર્લભ મનુષ્ય જન્મકો પાકર,...'** છે ને? **'સ્વપ્ન ઔર ઈન્દ્રજાલકે સમાન જીવન, યૌવન...'** ક્ષણમાં ફૂટી જશે, ખલાસ થઈ જશે. એવા **'મનુષ્ય, લોભરૂપી કૂએમેં ગિરે હુએ હૈં,...'** ભેખડની પોલ હોય ને? **'ગિરે હુએ હૈં, ઉનકે ઉદ્ધારકે લિયે આચાર્ય કહતે હૈં કિ મૈં દયાભાવસે કુછ કહૂંગા.'** દાનનો અધિકાર. આહાહા..!

એમ ૧૭માં કીધું ને? પત્થરની નાવ સમાન છે. **'ગૃહસ્થાશ્રમમેં રહનેવાલા ગૃહસ્થ ભયંકર સંસારરૂપી સમુદ્રમેં નિયમસે ડૂબતે હૈં. ડૂબકર નષ્ટ હો જાતે હૈં. ઈસલિયે આચાર્ય ઉપદેશ કરતે હૈં, ભવ્યજીવ ગૃહસ્થાશ્રમકો અપને જીવન, ધનકો પવિત્ર કરના ચાહિયે.'** પવિત્ર ધન, ગૃહસ્થ કાંઈ થાતું નથી. પણ એમાં રાગની મંદતાથી નિમિત્તપણું એમાં આવે છે એટલે ધનને પવિત્ર કર્યું એમ ઉપચારથી કહેવામાં આવે છે. જડ ક્યાં પવિત્ર થાતું હતું? અને એમાં દાનનો ભાવ શુભ છે એ પણ વ્યવહાર પવિત્ર છે. ખરેખર તો એ મલિન ભાગ છે. પણ ત્યાં ગૃહસ્થાશ્રમની સ્થિતિમાં પાપના

બહુ ભાગથી બચવા એવા શુભભાવને પુણ્ય નામ વ્યવહારપુણ્યને પવિત્ર કહે છે. ખરું પુણ્ય તો આત્માનો પવિત્ર સ્વભાવને પવિત્રતા કહે છે. કહો, સમજાણું કાંઈ?

૩૧. દાન યથાશક્તિ દેવું. લ્યો. '**ધર્માત્મા ગૃહસ્થોંકો મુનિ આદિ ઉત્તમ પાત્રોંકો શક્તિકે અનુસાર દાન ભી અવશ્ય દેના ચાહિયે. ક્યોંકિ બિના દાનકે ગૃહસ્થોંકા ગૃહસ્થપના નિષ્ફલ હૈ.**' ૩૨.

दानं ये न प्रयच्छन्ति, निग्रन्थेषु चतुर्विधम।
पाशा एव गृहास्तेषां, बन्धनायैव निर्मिताः।।३२।।

'**જો પુરુષ, નિર્ગ્રંથ યતીશ્વરોંકો આહાર, ઔષધિ, અભય તથા શાસ્ત્ર...**' ચાર પ્રકારના દાન છે ને? નથી દેતા. શાસ્ત્રદાન. '**ઈન ચાર પ્રકારકે દાનકો નહીં દેતે હૈં, ઉન્હોંને અપને ઘર, જાલકે સમાન કેવલ બાંધનેકે લિયે હી બનાયે હૈં, ઐસા માલૂમ હોતા હૈ.**' કડક, ભાષા પણ કડક. મુનિ ઉપદેશ કરે છે એમાં પણ જરી કડકાઈ કરે છે. કરુણાબુદ્ધિ છે, ભાઈ! આવો મનુષ્ય દેહ મળ્યો, ભાઈ! પ્રભુ! અને આટલી પણ રાગની મંદતા ન કરી તો તેં શું કર્યું? જન્મીને શું કર્યું? સમજાણું? ઢોર પણ આટો ખાય છે, ઢોર પણ મૈથૂનને સેવે છે. ઈ પરિગ્રહને સંગ્રહે છે, કીડીઓ પણ સંગ્રહે છે. આ કીડી હોય છે ને? કીડી. એ પણ .. સંગ્રહે છે. એનામાં અને તારામાં ફેર શું પડ્યો?

કહે છે કે યથાશક્તિ આહાર, ઔષધ, અભય, શાસ્ત્રનું દાન આપે. નહિતર તો ઘર જાળ સમાન છે. ફસાવવા માટે જાળ છે. ચોર્યાશીના અવતારમાં ફસવા માટેનો સંસાર છે. નામ આપ્યા છે ને પછી? ૩૩.

अभयाहारभैषज्य, -शास्त्रदाने हि यत्कृते।
ऋषीणां जायते सौख्यं, गृही श्लाघ्यः कथं न सः।।३३।।

ભાષા (શું પણ કરે?) ચરણાનુયોગની પદ્ધતિ (છે). '**જિસ ગૃહસ્થકે દ્વારા અભયદાન, આહારદાન, ઔષધિદાન ઔર શાસ્ત્રદાનકે કરને પર યતીશ્વરોંકો અત્યંત સુખ હોતા હૈ...**' '**ऋषीणां जायते सौख्यं**'. એટલે કે એને આહાર મળે છે, એટલો શુભભાવ ત્યાં આને થયો છે ને? એટલે એને પણ ત્યાં શરીરમાં અનુકૂળ નિમિત્ત રૂપે છે. એટલે '**ऋषीणां जायते सौख्यं**' (કહ્યું છે). ચરણાનુયોગની પદ્ધતિ. '**गृही**' એ ગૃહસ્થાશ્રમ કેમ શ્લાઘ્ય ન હોય? એ ગૃહસ્થાશ્રમ '**श्लाघ्यः कथं न सः**'. એ ગૃહસ્થાશ્રમ પ્રશંસનીય કેમ ન હોય? એમ કહે છે. શ્લાઘનીય છે ઈ. આપણે આગળ કહી ગયા હતા, ૨૧ ગાથા.

જે કોઈ ધર્માત્મા આત્માના જ્ઞાન, દર્શન સહિત આવા દાનાદિના ભાવ કરે છે,

એ માણસને સંમત વંદ્ય કેમ ન હોય? એમ ૨૧ ગાથામાં કીધું છે. એ લોકને માન્ય કેમ ન હોય? પ્રશંસનીય કેમ ન હોય? હોય જ. ભલે ગૃહસ્થાશ્રમમાં પડ્યો હોય, પણ આવા ભાવવાળો જીવ ધર્માત્મા જગતને શ્લાઘનીય છે-પ્રશંસનીય છે, વંદ્ય છે, સ્તુતિ કરવાલાયક છે. એ ૨૦-૨૧ ગાથામાં આવી ગયું છે, પહેલા કહી ગયા છે.

મુમુક્ષુ :- અભયદાન..

ઉત્તર :- અભયદાન (એટલે) કોઈ પ્રાણીને ન મારવો ઈ. છે તો વિકલ્પ. મારી શકે, ન મારી શકે એનો પ્રશ્ન અત્યારે નથી. એ પરને મારી શકે છે કે જીવાડી શકે, એ આત્માની તાકાત છે નહિ. પણ પર પ્રાણીને જીવાડવા માટે વિકલ્પ ઉઠે કે આને સુખ દઉં અથવા મરે નહિ, દુઃખ ન થાય એવો વિકલ્પને અભયદાન વ્યવહારે કહેવામાં આવે છે. નિશ્ચયથી આત્મામાં રાગરહિતની અંદરમાં સ્થિરતા થવી તેને અભયદાન કહે છે. આત્માને રાગરહિત સ્થિરતા કરવી એનું નામ ભગવાન પરમાર્થે અભયદાન કહે છે. પણ પોતાને જેમ અભય આપે એમ બીજાને જીવને પણ ન મારવાનો ભાવ જ્ઞાનીને હોય અને એને અભયદાન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? તેઓ શ્લાઘનીય કેમ ન હોય? ઈ ૩૩ (થઈ). ૩૪.

समर्थोऽपि न यो दद्यात्, यतीनां दानमादरात्।
छिनत्ति स स्वयं मूढः, परत्र सुखमात्मनः।।३४।।

ભાષા પાછી વિવેકવાળી એટલી. આદર થયો, એમ ને એમ આહાર દઈ દે એમ નહિ. '**સમર્થ હોકર ભી જો પુરુષ, આદરપૂર્વક યતીશ્વરોંકો (-મુનિઓંકો) દાન નહીં દેતે; વહ મૂઢ પુરુષ આગામી જન્મમેં હોને વાલે અપને સુખકા સ્વયં નાશ કરતા હૈ.**' કહો, સમજાય છે કાંઈ? શુભભાવ એવો એને હોય છે. નહિતર તો પાપ બાંધશે અને આગળ દુઃખના ભોગવટા કરશે. કહો, સમજાણું કાંઈ? ૩૫.

दृषन्नावसमो ज्ञेयो, दानहीनो गृहाश्रमः।
तदारूढो भवाम्भोधौ, मज्जत्येव न संशयः।।३५।।

'दृष'. 'दृष' છે ને? પથરો. '**જો ગૃહસ્થાશ્રમ દાનસે રહિત હૈ,...**' જે ગૃહસ્થાશ્રમમાં દાન નથી, અભયદાન, ઔષધદાન, જ્ઞાનદાન, આહારદાન એવા જ્યાં દાન નથી, '**વહ પત્થરકી નાવકે સમાન હૈ...**' છે તો શ્રાવકનો અધિકાર પણ રાગ મંદ કરવાને માટે એને યોગ્ય મંદ રાગ હોય એથી સામાન્ય ઉપદેશ પણ કર્યો છે. '**પત્થરકી નાવકે સમાન હૈ...**' જે ગૃહસ્થાશ્રમમાં દાન નથી અને એકલો સંગ્રહ કરે છે એ પત્થરની નાવ સમાન છે. '**ઐસે ગૃહસ્થાશ્રમરૂપી પત્થરકી નાવ પર બૈઠને વાલા મનુષ્ય, નિયમસે સંસારરૂપી સમુદ્રમેં ડૂબતા હૈ.**' '**मज्जत्येव न**

**संशयः**'. સેઠી! મિથ્યાદષ્ટિ જેમ ડૂબે છે, એમ દાન નહિ દેનારા લોભને નહિ ઘટાડનારા, મંદ રાગ નહિ કરનારા એ પણ '**मज्जत्येव न संशयः**' એ પણ ચાર ગતિમાં ડૂબે છે. એમાં સંશય કરવા જેવું નથી. કહો, સમજાણું કાંઈ? છેલ્લી ગાથા પહેલા કહી ગયા છીએ.

**समयस्थेषु वात्सल्यं, स्वशक्त्या ये न कुर्वते।**
**बहुपापावृतात्मानः, ते धर्मस्य परान्मुखाः।।३६।।**

'**જો મનુષ્ય સાધર્મી જનોંમે...**' સાધર્મી જનો. સમજાય છે કાંઈ? યશોવિજયજી કહે છે, 'સાચું સગપણ સાધર્મીપણું તણું રે લાલ.. ઔર સર્વે જંજાળ રે.. ભવિકજન...' બાકી બધી જંજાળ. 'સાચું સગપણ સાધર્મી તણું રે લાલ...' સાચું સગપણ સાધર્મીજનોનું છે. ધર્મ-શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર આદિ યથાયોગ્ય પોતાને યોગ્ય હોય એવા સાધર્મી પ્રત્યેનું વાત્સલ્ય સાચું સગપણ એ છે. મિથ્યાદષ્ટિ પોતાના મા-બાપ કે કુટુંબ હોય તો પણ તેનું સાચું સગપણ ગણવામાં આવતું નથી. કહો, સમજાણું એમાં?

'**સાધર્મી સજ્જનોંમેં, શક્તિકે અનુસાર પ્રીતિ નહીં** કરતે, **ઉન મનુષ્યોંકી આત્મા પ્રબલ પાપસે ઢકી હુઈ હૈ ઔર વે ધર્મસે પરાન્મુખ હૈં અર્થાત્ ધર્મકે અભિલાષી નહીં હૈ; ઈસલિયે ભવ્ય જીવોંકો સાધર્મી મનુષ્યોંકે સાથ...**' કેમ? ધર્મો ન ધાર્મિકે વિના. ધર્મ ધર્મી જીવ વિના હોતો નથી. અને જેને ધર્મપ્રેમ હોય એને ધર્મી પ્રત્યે પ્રેમ હોયા વિના રહેતો નથી, નહિતર એને ધર્મ અંદરનો પણ રહી શકતો નથી. એ દાનનો અધિકાર પૂરો થયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્લોક–૩૬ થી ૪૪
# પ્રવચન નં. ૧૬
## (વિક્રમ સંવત ૨૦૨૦, ભાદરવા સુદ ૨, મંગળવાર)
## તા. ૦૮-૦૯-૧૯૬૪

'પદ્મનંદી પંચવિંશતિઃ' નો છઠ્ઠો અધિકાર છે. શ્રાવકાચાર અથવા શ્રાવકના સંસ્કાર કેવા હોય ? અને કોને શ્રાવક કહેવો ? એનું આમાં વર્ણન છે. છ અધિકાર થઈ ગયા. ષટ્કર્મની વ્યાખ્યા થઈ ગઈ. હવે અહીંયાં દયાની વાત આચાર્ય કરે છે. દાનનો અધિકાર છેલ્લો પૂરો કર્યો. છે ને ? દિન દિન પ્રત્યે દાન કરવું એમ અધિકાર છે. એક દિવસે દાન કર્યું અને પછી બીજે દિવસે નહિ, એમ નહિ. સમજાણું ?

આત્મામાં જ્યાં રાગ જ બિલકુલ નથી એવી જ્યાં આત્માની દૃષ્ટિ નિર્લોભપણાની થાય; નિર્લોભ કહો કે નિર્ગ્રંથદૃષ્ટિ કહો, આત્મા રાગ અને દ્વેષની ગાંઠ વિનાનું તત્ત્વ છે. સમજાય છે કાંઈ ? એવા તત્ત્વની દૃષ્ટિ થાય તેને નિર્ગ્રંથદૃષ્ટિ કહો કે રાગની એકતા ટળીને અરાગી આત્માનો સ્વભાવ શુદ્ધ છે એવી દૃષ્ટિ થતાં એને લોભ ઘણો મંદ પડી જાય છે. સમજાય છે ? એથી એને ષટ્કર્મો હંમેશા હોય છે. દેવની સેવા, દેવની પૂજા, ગુરુની સેવા, સંયમ, તપ, દાન અને સ્વાધ્યાય હંમેશા એને (હોય). શાસ્ત્રનો સ્વાધ્યાય, હંમેશા એને આચરણમાં એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. ષટ્ પ્રકારના દાનની વ્યવહારની કથનની પદ્ધતિમાં એની ભૂમિકામાં એવો ભાવ હોય છે.

હવે દાનની વાત ૩૬ ગાથામાં છ ગાથાએ પૂરી કરી. આમ તો દાન અધિકાર આખો પૂરો પહેલો આવે છે. મોટી દાનની વ્યાખ્યા ઘણી છે. એમાં એક અધિકાર એવો પણ લીધો છે. દાન અધિકારમાં એક ગાથા (એવી લીધી) છે કે ભાઈ ! પૂર્વના પુણ્યને લઈને તને કાંઈ પૈસા આદિ મળ્યા હોય તો કાગડાને જેમ વધેલું અનાજ લેતાં એકલો ખાતો નથી. સમજાણું કાંઈ ? કૌઆ કૌઆ હોતા હૈ ન ? કૌઆ. એ કૌઆને દાઝેલું અનાજ. દાઝેલું કહેવાયને ? જલા હુઆ. ઉકડીયા. એ બળેલું અનાજ મળતાં એકલો ખાતો નથી. એ કૌ.. કૌ... કરીને ઘણાને બોલાવીને ભાગ પાડીને ખાય છે. ભાઈ ! છે એમાં, હોં ! એ દાન અધિકારમાં છે ક્યાંક. કેટલામું હશે શી ખબર પડે ? ૪૬. બરાબર છે. [દાનોપદેશના અધિકાર]

'આચાર્ય કૃપણ કી નિંદા કરતે હૈં.' ૧૩૧ પાનું. છે ?

**किं जीवितेन कृपणस्य नरस्य लोके, निर्भोगदानधनबंधनबद्धमूर्तेः।**
**तस्माद्वरं बलिभुगुन्नतभूरिवाग्भिर्व्याहूत, काककुल एव बलिं स भुङ्क्ते।।३४।।**

પહેલો દાનનો અધિકાર છે, એમાં ૪૬મીં ગાથા છે. ૪૬ ગાથા દાન અધિકારની.

**'જિસ લોભી પુરુષ કી મૂર્તિ ...'** કૃપણ પુરુષની મૂર્તિ. **'ઉસ કૃપણ પુરુષ કા ઇસલોકમેં જીના સર્વથા વ્યર્થ હૈ...'** એવા કંજુસોના આ જગતમાં જીવન બધા વ્યર્થ વ્યર્થ છે. **'ક્યોંકિ ઉસ પુરુષ કી અપેક્ષા વહ કાક હી અચ્છા હૈ...'** એ પુરુષની અપેક્ષાએ કાગડો સારો છે. કૌઆ. વહ કૌઆ હોતા હૈ ન ? કૌઆ.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– બુલાકર ખાતે હૈ. પહેલા એવો રિવાજ હતો. આહાર-પાણી ખાય અને પછી ઉકડીયા બળેલા હોય, પત્થરની એક બહાર કુંડી રાખે એમાં નાખે. નીચે ધૂળ ન થાય એટલે. અને એ કાગડાને હાથ આવે એટલે કાગડો બધાને બોલાવીને જ ખાય, એકલો ન ખાય. એમ કહે છે કે તારા કરતા કાગડો સારો. આચાર્યને આવું કડક કહેવાનું શું હશે ?

મુમુક્ષુ :– કરુણામય છે...

પૂજ્ય ગુરુદેવશ્રી :– કરુણામય છે ? કરુણાબુદ્ધિ છે, ભાઈ ! પેલામાં આવે છે ને ? 'માખીએ તો મધ કીધું, ન ખાધું, ન દાન દીધું, એ લુંટનારે લૂંટી લીધું રે, પામર પ્રાણી.' માખી મધ કરે છે ને ભેગું. પછી વાઘરી આવીને ધુમાડો કરે, ધુમાડો. ધુમાડો કરીને મધ બધું લઈ જાય. 'માખીએ તો મધ કીધું, ન ખાધું, ન દાન દીધું. તે લુંટનારે લુંટી લીધું રે...' છોકરા-બોકરા બધા ભાગ પાડીને લુંટી જવાના, હોં ! જીવતા મારે.

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો ઠીક, પણ છોકરા ધુમાડો કરશે. હા, એ તો ઠીક. બહુ બોલવાની ના પાડી છે એના છોકરાને. નહિતર બહુ બોલે એવા છે. કહો, સમજાણું કાંઈ ? કહે છે કે એ ધુમાડા કરીને... ધુમાડો ધૂપ કરે છે. બળતું હોય ને એને કરીને પછી મધ લઈ લે બધું. એમ તારા પૂર્વના પુણ્ય લઈને કાંઈક કુકા મળ્યા હોય. કુકા એટલે પૈસા. આ છોકરીઓ કુકા રમે છે ને આમ ? કાંકરા. આ પૈસાથી રમે આખો દિવસ. દસ-પાંચ હજાર, પચાસ હજાર, લાખ, બે લાખ, પાંચ લાખ. એવા દીધા અને એવા લીધા. એમાં તેં ખાધું પણ નહિ અને દાન પણ દીધું નહિ. એ ભાગ પાડીને છોકરાઓ અને વારસદાર લઈ જશે. લૂંટી જાશે અને મરીને નરકમાં જઈશ, કૃપણબુદ્ધિથી ઢોરમાં જાઈશ.

કહે છે કે કૃપણબુદ્ધિ કરતા એ પુરુષની અપેક્ષા કાગડો સારો. **'જો કિ ઊંચે ઊંચે શબ્દ સે ઔર દૂસરે બહુત સે કાકોં કો બુલાકર મિલકર ભોજન કરતા હૈ.'** ભાઈ ! કહો. એમ તને પૂર્વના પુણ્ય ઉકડિયા મળ્યા. ઇ ઉકડિયા છે. ઉકડિયા સમજે ? જલા હુઆ. એમ પૂર્વે આત્માના ગુણ દાઝ્યા હતા, બળ્યા હતા. ગુણ બળે ત્યારે પુણ્યભાવ થાય છે. એ પુણ્યભાવના પ્રમાણમાં તને આ બાહ્ય લક્ષ્મી આદિ મળી. એ તો આવવાની હતી એમાં એ નિમિત્ત (હતું). એમાં તેં જો કાંઈ દાનમાં, ધર્મ પ્રભાવનામાં ભોગમાંથી કાઢીને

એમાંથી જો કાંઈ ન કર્યું તો કહે છે કાગડામાંથી પણ તું જાય એવો છો. સમજાણું કાંઈ ? એમાં એ અધિકાર છે.

આચાર્યએ છેલ્લી વાત તો એટલી બધી લીધી છે કે આ મારી વાત ઘુવડને જેમ પ્રકાશ રુચતો નથી, એમ આ લોભને ઘટાડવાની વાત કૃપણને નહિ ગોઠે. કૃપણ એમાંથી કાઢશે કાંઈક બીજું. સમજાય છે કાંઈ ? કાં તો આ મારી પાસે પૈસા ઘટાડવા માટે કહે છે, આ ફલાણું કરવા માટે કહે છે. એમ કરીને ઉપદેશકનો પણ વાંક કાઢશે. એમ છે અંદરમાં. સમજાય છે ? ઉપદેશકનો પણ વાંક કાઢશે કે આ બધું કરે છે એ મારી પાસે પૈસા લેવા કરે છે. કૃપણ અને કંજુસની જેની વૃત્તિ છે. જેને ભગવાન આત્મા રાગના વિકલ્પ વિનાનો નિર્લોભ પિંડ પ્રભુ આત્મા, એવી જેને દૃષ્ટિ થઈ એને આવી કૃપણતા હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

કહે છે કે કૃપણને, જેમ ઘુવડને રાતનો અંધકાર ઠીક પડે પણ પ્રકાશ ઠીક પડતો નથી, એમ રાગને મંદ કરવાનો અમારો ઉપદેશ, આચાર્ય પોતે કહે છે ઘુવડ જેવા અંધકારમાં રહેનારા કૃપણોને અમારા દાનનો લોભ ઘટાડવારૂપી પ્રકાશનો દાનનો ભાગ એને નહિ રુચે. ભાઈ ! અને જેમ પત્થરની ફૂલની કળી હોય અને ભમરો ગુંજારવ કરતો ત્યાં આવે, એ પત્થરની કળી નહિ ખીલે. સમજાય છે કાંઈ ? જે કાંઈ વનસ્પતિની કળી હશે તો ભમરો પરાગ લેવા આવતા એ ખીલી જશે, ફડાક દઈને. એમ જેના લોભ ઘટ્યા છે અને લોભને ઘટાડવાનો જેને ભાવ છે, એવાને અમારા ઉપદેશના ગુંજારવનું નિમિત્તપણું થશે. બાકી તો ઉપદેશના ગુંજારવ પત્થરની કળીને નહિ ખીલવી દે. સમજાય છે કાંઈ ?

આચાર્ય જંગલમાં વસનારા મુનિ હતા. કરુણાબુદ્ધિથી કહે છે. કાલે કહ્યું હતું. લોભરૂપી ઊંડી ભેખડના કૂવામાં ભરાયેલા, એને લોભ ઘટાડવા માટે કાંઈક કુણપ કરવા માટે આ દાનનો ઉપદેશ અમે કરીએ છીએ. એમ પહેલું કહેવામાં આવ્યું હતું. એમને કાંઈ એમની પાસેથી લેવું નથી. પણ અરે..! આત્મા ! આ લોભને તને મંદ કરવાનો પણ ભાવ ન થાય તો લોભના ઇચ્છા વિનાનું તત્ત્વ નિર્લોભ આત્મા ભગવાન છે એવી વીતરાગદૃષ્ટિ તને થાય (એમ નહિ બને). વીતરાગભાવ ગોઠે અને એમ કહે કે આ રાગની મંદતા ગોઠે નહિ. સમજાય છે ? તે પૂર્ણ વિપરીત દૃષ્ટિનો દૃઢ કરનાર છે. વીતરાગભાવ ગોઠે છે. વીતરાગભાવ ગોઠે એટલે ? આત્મા રાગ નહિ, વિકલ્પ નહિ, લોભ, મંદ-તીવ્ર વિનાનો છે. અરે...! એની જેને રુચિ થાય એને મંદ રાગની અને તીવ્ર રાગ ટાળવા માટે લોભની મંદતાનો દાન-દયાનો ભાવ થયા વિના રહે નહિ. એવો એ ભૂમિકાનો ભાગ છે. તેથી ત્યાં કહે કે, અમારી દાનના ઉપદેશની વ્યાખ્યા એ કૃપણો જે પત્થરની કળી જેવા (છે) એ નહિ ખીલે. ભાઈ ! નહિ ખીલે. પત્થરની કળી આરસપહાણની કે લાકડાની. હરીતકાય વનસ્પતિ હશે તો પેલો ગુંજારવ કર્યે ખીલશે.

મુમુક્ષુ :– કોમલ હોગા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– કોમળ હોગા. જેના હૃદય કોમળ છે એને આ ઉપદેશ ખીલશે. કહો, સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– દુનિયાનો અનુભવ છે જ ને ! નવો શું અનુભવ કરવો હતો ? મુનિઓ તો જંગલમાં રહેતા. દુનિયાને–નાચનારને જુએ છે, પોતે નાચતા નથી માટે. સમજાય છે કાંઈ ? દુનિયા કઈ રીતે નાચી રહી, કઈ રીતે રહી છે ? એ બધા એ રીતે નાચી રહ્યાને જ્ઞાની જાણે છે, જંગલમાં રહ્યા !

## શ્લોક–૩૭

હવે અહીંયાં ૩૭મી ગાથામાં આચાર્ય અહિંસાની વ્યાખ્યા કરીને દયાભાવ તારો હોવો જોઈએ. દયાંગી. દયાનું એક અંગ છે. વ્રતોમાં દયાનો ભાવ એ મુખ્ય છે. આ વ્યવહાર દયાની વાત ચાલે છે, હોં ! નિશ્ચયદયા તો આત્મામાં જ્ઞાનસ્વરૂપી પ્રભુ વીતરાગી અંખડાનંદ આત્મા, એની દૃષ્ટિ થવી તે અહિંસક દૃષ્ટિ અને તે સમ્યગ્દૃષ્ટિ છે. એ અહિંસક દૃષ્ટિ છે. એક વિકલ્પ પણ રાગને, દયા-દાનનો વિકલ્પ મને લાભ કરે કે એ મારું સ્વરૂપ છે એ માન્યતા હિંસકદૃષ્ટિ નામ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ ? એવી અહીંસા દૃષ્ટિ પોતાનો સ્વભાવ જ્ઞાન-આનંદ-નિર્વિકાર એવા સ્વભાવની અંતર્મુખ તદ્દન સ્વભાવના શરણે જતાં જે દૃષ્ટિ શુદ્ધ પ્રગટે તેને અહિંસાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ, સત્યદૃષ્ટિ, ધર્મદૃષ્ટિ કહેવામાં આવે છે. એમાં તો પુણ્ય અને પાપનો વિકલ્પ પણ તેના સાથમાં, સંગમાં હોતો નથી. સમજાય છે કાંઈ ?

એવી દૃષ્ટિ થયા વંત જીવને પણ શ્રાવકના ગુણસ્થાને યોગ્ય જ્યારે શાંતિ અંદરમાં પ્રગટી હોય એને આવા મંદ કષાયના ભાવો શુભના થયા વિના રહે નહિ. એની ભૂમિકામાં જો આવા (ભાવ) ન હોય તો એ વસ્તુની સ્થિરતા કે દૃષ્ટિની એને ખબર નથી. કહો, સમજાણું આમાં ?

**येषां जिनोपदेशेन कारुण्यामृतपूरिते**
**चित्ते जीवदया नास्ति तेषां धर्मः कुतोभवेत्।।३७।।**

**અર્થ :– જિનેન્દ્રભગવાન કે ઉપદેશ સે કરુણા સે પૂરિત ભી જિન મનુષ્યોં કે ચિત્તોં મેં દયા નહીં હૈ ઉન મનુષ્યોં કે ધર્મ કદાપિ નહીં હો સકતા. ૩૭.**

દયાનો અર્થ પરને પાળી શકે છે કે મારી (શકે છે) એ વાત નથી. અહીંયાં કરુણાબુદ્ધિ રાગની મંદતાના પુણ્ય પરિણામની વાત ચાલે છે. સમજાણું કાંઈ ? બીજાને હું સુખી કરી શકું કે દુઃખી કરી શકું એ આત્મામાં તાકાત નથી. એ તો પહેલેથી જ દૃષ્ટિ થયેલી હોય જ છે. એમાં એને બીજા પ્રાણી એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય જીવ છે, જિનોપદેશ છે ને ? વીતરાગના ઉપદેશમાં ત્રિલોકનાથ વીતરાગ ચૈતન્યપ્રભુ, એના ઉપદેશમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય પ્રાણીઓ છે. એકેન્દ્રિયમાં એક શરીરમાં નિગોદમાં અનંત જીવ. પ્રત્યેક શરીરમાં એક એક શરીરમાં એક જીવ. એ બધા છે. એ બધા જીવોને ન મારવાનો વિકલ્પ અથવા તેને સુખ દેવાનો વિકલ્પ એવો અનુકંપાનો ભાવ શ્રાવકને સમકિતીને એની ભૂમિકામાં આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ ?

એટલે કહે છે, **'જિનેન્દ્ર ભગવાન કે ઉપદેશ સે કરુણા સે પૂરિત ભી...'** કરુણા. અરે..! મારાથી કોઈને દુઃખ ન થાય. સમજાય છે ? 'શ્રીમદ્' તો એક વાર લખે છે, અરે...! કોઈ આમ લીલોતરી કાપતો હોય તો અમને અંદર કરુણા આવે છે. લીલોતરી, હોં ! લીલોતરી કહતે હૈં ન ? હરીકાઈ. અરે...! અનંત આત્મા ! એક શરીરમાં અનંત આત્મા. અત્યાર સુધી છ મહિના અને આઠ સમયમાં જે જીવ મુક્તિને પામ્યા. છસોને આઠ. છ મહિના અને આઠ સમયમાં છસ્સોને આઠ સિદ્ધપદને પામ્યા, એવા અનંતા પુદ્ગલ પરાવર્તનમાં જેટલા સિદ્ધ થયા એના કરતાં એક નિગોદના એક શરીરમાં અનંતગુણા જીવ છે. સમજાય છે ?

અત્યાર સુધી અનંતા... અનંતા... અનંતા... પુદ્ગલપરાવર્તન (થયા). એક પુદ્ગલ પરાવર્તનના અનંતમાં ભાગમાં અનંતી ચોવીસી જાય. એક ચોવીશીમાં દસ ક્રોડાક્રોડી સાગરોપમ થાય. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ જાય. એક પલ્યોપમમાં અસંખ્યમેં ભાગે અસંખ્ય અબજ વર્ષ થાય. આહા..હા...! સમજાય છે કાંઈ ? એક પલ્યનો અસંખ્યમો ભાગ કાળનું માપ–અસંખ્ય ભાગમાં અસંખ્યાતા વર્ષ અબજ જાય. અસંખ્યાત્ ચોવીશી નહિ, હોં ! અને એવા એક પલ્યોપમ, એના દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરનું કાળનું માપ છે. એવા દસ ક્રોડાક્રોડી સાગરોપમનો એ ચોવીશીનો કાળ છે. ચોવીસ તીર્થંકર દસ ક્રોડાક્રોડીમાં વચલા એક ક્રોડાક્રોડીમાં થાય. સમજાણું કાંઈ ? ભાઈ આવ્યા.

કેટલો કાળ ? કોઈ દિ' વિચાર કર્યો છે ? આહા..હા...! અરે..! ક્યાં કેટલો કાળ ગયો ? અને એ કાળમાં નિગોદના જીવ... આમ એક શરીરમાં એક શરીરના અનંતમાં ભાગમાં, આ સિદ્ધો, અત્યાર સુધી અનંત પુદ્ગલ પરાવર્તનમાં સિદ્ધો પરમાત્મા થતા આવ્યા, એનાથી એક કટકી લીલ ફુગની, કાઈની, બટાટાની, શક્કરકંદની, કંદમૂળની એક કટકી, રાઈ જેટલો કટકો, ટૂકડો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર, એનું એક શરીર લ્યો તો અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ. સમજાય છે કાંઈ ? એવા પ્રત્યેક એકેન્દ્રિયના અસંખ્ય,

એવા બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિયના અસંખ્ય જીવો.

કહે છે કે **'जिनोपदेशेन'** વીતરાગ ત્રિલોકનાથની વાણીમાં આ જીવોની સંખ્યા એમના જ્ઞાનમાં આવી અને એમ છે. એવો જેણે ઉપદેશ સાંભળ્યો છે. **'कारुण्यामृतपूरिते'** સમજાણું કાંઈ ? કરુણારૂપી અમૃત છે જેનું ચિત્ત. અરે..! કોઈ જીવને એક રૂવાંટુ ખેંચતા દુઃખ થાય એને કોઈ જીવને મારી નાખવો. એકેન્દ્રિય હો કે બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચોઇન્દ્રિય, પંચેન્દ્રિય **'कारुण्यामृतपूरिते चित्ते'** જેનું ચિત્ત છે. ધર્મીજીવનું કારુણ્યપૂરિત દયાનું ચિત્ત હોય છે. જીવદયા જેનામાં નાસ્તિ એવી જેને અંતઃકરણમાં ભાન સહિતની દયાનો ભાવ નથી **'तेषां धर्मः कुतोभवेत्'** એને ધર્મ ક્યાંથી થાય ? ઘણી વાત ચાલી ગઈ, હોં શેઠ ! બહુ ઊંચી વાત થઈ ગઈ. તમે ત્યાં પ્રવૃત્તિમાં કરવામાં જાય ને. આજે બપોરે છોકરીઓનો દેખાવ એવો હતો કે આમ...

મુમુક્ષુ :- ...

પૂજ્ય ગુરુદેવશ્રી :- દેખને કા થા. ઐસી છોકરીઓ. એમાં આ ભાઈની છોકરીએ તો ભારે કરી. 'હરિશ્ચંદ્ર' ! આહા..હા...! હરિષેણ, હરિષેણ. રાત્રે તો ન આવી શકે. વૈરાગ્ય.. વૈરાગ્ય.. આંખમાંથી આસું ચાલ્યા જાય.. 'હરિષેણ' કહે છે, માતા ! ભગવાનનો રથ પહેલો ન નીકળે અને બીજાનો નીકળે. માતા ! ભગવાનનો રથ નીકળશે, હોં ! હું આપનો પુત્ર છું. અને વૈરાગ્યથી આમ... સમજાણું ? અહીં અનિત્યની ભાવના આવશે ને ? છેલ્લું કીધું ને પેલામાં. માતા ચક્રવર્તી પદ તો લીધું... આ ચક્રવર્તી પદ લીધું પણ ક્યાં ? પર્વતમાં ચક્રવર્તીના કેટલાય નામ લખાયેલા અનંતમાં. એમાં જે ચક્રવર્તી થાય એ પૂર્વનું ભૂંસાડીને નામ લખે. આહા..હા..! જ્યારે એ ચક્રવર્તી હશે, હયાત મનુષ્યદેહ, સોળહજાર દેવ, આમ રાજા ૩૨ હજાર ચામર ઢાળે, છન્નુ હજાર પદ્મણી જેવી સ્ત્રી અને (છ ખંડ) સાધીને જ્યારે આવ્યો હશે ત્યારે પર્વત ઉપર લખે હું એક... 'ભરત' ચક્રવર્તીનું આવે છે ને ? ભાઈ ! ભરત ચક્રવર્તીનું. ભરતેશ વૈભવના શાસ્ત્રમાં આવે છે.

એ છ ખંડ સાધીને જ્યારે આવે છે અને આમ પર્વતમાં છેલ્લે હૈમવત પર્વતમાં નામ જુએ છે કે આમાં નામ ક્યાં લખવું ? આમાં ખાલી નથી. ઓહો..હો..! ધિક્કાર છે ચક્રવર્તી રાજને. પોતે કહે છે, હોં ! અરે..રે..! આ છ ખંડના રાજ ! આ છન્નુ હજાર સ્ત્રી, અરે...! આ રાજ એવા જ પૂર્વે હતા. એ જ્યારે રાજ પાળીને ચક્રવર્તી લખતો હશે એને એમ હશે કે મારું આ નામ કોઈ ભૂંસાડશે ભવિષ્યમાં ? એ નામ લખેલું, ખાલી જગ્યા ન મળે. આમ ભૂંસાડે છે ને. આમ વૈરાગ્ય... વૈરાગ્ય... અરે..રે...! ચક્રવર્તીની આ દ્ધિ !

અનંતવાર જગતના જીવો ચક્રવર્તી પદને જે પામ્યા જીવ તે, પામ્યા એ, બધા પામતા નથી. એ જીવોના નામ હવે ભૂંસાઈ જાય છે. શરીર તો ગયા, પણ એના નામ લખેલા ભૂંસાય છે. અહો સંસાર અનિત્ય...! આ સંસારની અનિત્યતા ! આહા..હા...! મારે પણ

એક આ પુણ્યને કારણે એક આ ચક્રવર્તી પદ આવ્યું છે. મારે આ બીજાનું નામ ભૂંસાડીને હું એક ભરત ચક્રવર્તી આદિનાથનો પુત્ર એમ લખે છે. ભાઈ ! મણિરત્નથી. મણિરત્ન હોય છે ને ? અને હું ચરમશરીરી છું, હોં ! એમ લખે છે, હોં ! હું ચરમશરીરી–આ દેહ મારે છેલ્લો છે. મારે આ દેહે જ કેવળજ્ઞાન પામીને મુક્તિ છે. પણ આ પદના પુણ્યયોગ આ નામને ભૂંસાડવા માગે છે અને મારું નામ લખાવે છે. આહા...હા...! એવા એવા અનંત ચક્રવર્તીઓ થયા. બધાના અનંત નામ ક્યાં ત્યાં રહેતા હતા ? પર્વત નાનો એમાં અનંત અસંખ્ય નામ ન રહે. સંખ્યાતા રહે.

પૂર્વના બધા એ વખતના વર્ષ એક હજાર દેવ સેવા કરતા હોય, ઘોડા ઉપર આવ્યા હોય, એક હાથમાં તલવાર. એ તલવારની એક હજાર દેવ સેવા કરતા હોય. હાથમાં તલવાર, હોં ! જે તલવાર એવી હોય હીરાના થાંભલા હોય તો કાકડીને કાપે એમ કાપી નાખે, ફડાક દઈને. કાકડી સમજતે હૈં ? કકડી. એવી તો એક તલવાર હોય જેની હજાર દેવ સેવા કરતા હોય. એ તલવાર આમ લઈને નીકળે રાજા જ્યારે છ ખંડનું સાધન કરીને આહા...! એ પૂર્ણ રાજ પામીને પણ આ લખવા વખતે સમકિતી છે, ભરત સમકિતી છે, આત્મજ્ઞાન છે. સમજાય છે ? ઓ..હો...! સંસાર. આ મસાણમાં શરીરો તો ચક્રવર્તીના ગયા પણ એના નામ ભૂંસાઈ જાય. નામનિશાન રહેતા નથી. ઓહો...! સંસાર ! ધિક્કાર સંસાર અનિત્ય છે. એવા ચક્રવર્તીને જ્ઞાનીને પણ એ વખતે વૈરાગ્ય થઈ જાય કે આહા..હા...! 'લોટ્યા મસાણમાં જેના શરીર. જેના લખ્યા લેખ હવે અહીંયાં રહેતા નથી.' લખ્યા લેખ રહેતા નથી. અરે...! આ સંસાર. નિત્યાનંદ પ્રભુ આત્માના શરણ વિના ક્યાંય શરણ છે નહિ.

એને અહીંયાં આચાર્યદેવ કહે છે કે અરે..! આત્મા ! ભગવાને અનંત જીવની સંખ્યા બતાવી છે, હોં ! એ જીવની દયા જેના હૃદયમાં અમૃત નથી. એ પ્રાણી શું ધર્મ કરે ? એને શું ધર્મ હોય ? એમ કરીને આ ૩૭ માં કહ્યું. પછી કહે છે.

## શ્લોક–૩૮

**मूलं धर्मतरोराद्या व्रतानां धाम सम्पदाम्**
**गुणानां निधिरित्यङ्गिदया कार्या विवेकिभिः ।।३८।।**

**અર્થ :– ધર્મરૂપી વૃક્ષકી જડ તથા સમસ્ત વ્રતોં મેં મુખ્ય ઔર સર્વસંપદાઓં કા સ્થાન તથા ગુણોં કા ખજાના યહ દયા હૈ ઇસલિયે વિવેકી મનુષ્યોં કો યહ દયા અવશ્ય કરની ચાહિયે. ૩૮.**

શું કહે છે ? **'ધર્મરૂપી વૃક્ષની જડ...'** આ ધર્મ, વ્યવહાર વ્રતાદિ. ભાઈ ! એની વાત ચાલે છે, હોં ! ભગવાન આત્મા અખંડાનંદ જ્ઞાયકમૂર્તિ એ સમ્યગ્દર્શનનું મૂળ તો એ દ્રવ્ય સ્વભાવ છે. આ સમ્યક્‌પૂર્વકની વાત ચાલે છે. આહા..હા...!

જે આત્મા જ્ઞાન ચિદાનંદ આનંદનો કંદ, જેના સ્વભાવમાં અતીન્દ્રિય આનંદરસ ઝરે છે, જેના સ્વભાવમાં અતીન્દ્રિય અમૃતનો રસ ઝરે છે. ડુંગરમાંથી અમૃત ઝરે એમ આત્માના અંતરમાં એકાગ્ર થતાં, એ તો અતીન્દ્રિય... અતીન્દ્રિય આનંદનો એકલો અમૃતનો રસ છે. એવું સમ્યગ્દષ્ટિને ભાન થયું છે અને એ ઉપરાંત જ્યારે એને સ્વરૂપના અંશની સ્થિરતાનો ભાગ પંચમ ગુણસ્થાનને યોગ્ય થયો છે, એને જ્યારે આ બાર વ્રતના વિકલ્પ આવે, કહે છે કે એમાં એ વૃક્ષ, ધર્મ એટલે વ્યવહાર વ્રત, એનું મૂળ વૃક્ષની જેમ જડ છે એમ આ દયા જડ છે.

અહિંસા–કોઈ પ્રાણીને દુઃખ ન થાય. ભાવની વાત છે, હોં ! દુઃખ દઈ શકે છે એ માન્યતા ખોટી છે. અહીંયાં તો એના અનુકંપા, સમ્યગ્દર્શન થતાં અનંતાનુબંધીનો નાશ થયો છે એથી અનુકંપા પોતાના આત્માની દયા છે, બીજા જીવની દયા એના હૃદયમાં સહજ એવો ભાવ  ઠે છે. જેથી આચાર્ય કહે છે, એ જડમૂળથી વૃક્ષની જડ **'સમસ્ત વ્રતોમાં મુખ્ય...'** છે. કહો, સમજાણું કાંઈ ? બધા વ્રતમાં મુખ્ય દયા છે–અહિંસા.

**'સર્વસંપદાઓ કા સ્થાન...'** છે. એક ઇન્દ્રના પદ મળે તેનું સ્થાન પણ એ અહિંસાનો ભાવ છે. જુઓ ! અહીં ભાઈએ ખુલાસો તો કર્યો. પુણ્ય પરિણામ છે. કેવા પુણ્ય પરિણામ ? સમકિત હોયા વિના હોય નહિ. આપણે એવો એક શ્લોક છે. અમારે હીરાજી મહારાજ કહેતા, એ આ 'બનારસીદાસ'માંથી. એને ક્યાંથી મળ્યું હશે કોણ જાણે ? પણ આમાં 'બનારસીદાસ'માં એક દયાની વ્યાખ્યા (આવે છે). 'બનારસીદાસ' થઈ ગયા ને ? એમણે પણ એક દયાનો અધિકાર લીધો છે. ક્યાંક છે ખરો.

અહિંસાનો અધિકાર એમ કરીને એમણે વ્યાખ્યા કરી. અમારે 'હીરાજી મહારાજ' સંપ્રદાયના ગુરુ હતા. એ આ બહુ બોલતા. એ તો મૂર્તિમાં ફૂલની હિંસા થાય એ અપેક્ષાએ કહેતા કે ભાઈ ! જ્યાં દયા નથી અને જ્યાં હિંસા હોય ત્યાં ધર્મ નથી. પણ અહીંયાં 'બનારસીદાસ' તો સમ્યગ્દર્શનની ભૂમિકામાં અહિંસાના વ્યવહાર પરિણામ કેવા હોય એ 'બનારસીદાસ' બતાવે છે.

'સુકૃત કી ખાન ઇન્દ્રપુરી કી નિશાની જાણ...' આવ્યું ને ? ખજાનો આવ્યો ને ? ભાઈ ! અહીંયા જુઓ. 'સુકૃત કી ખાની ઇન્દ્રપુરી કી નિશાની જાન, પાપરજ ખંડવેકો, પવન રાશિ પ્રીતિએ. ભવદુઃખ પાવક બુઝાયવેકો મેઘમાળા, કમળા મિલાયવેકો દુતી, પાલવે કે આલી સમ, કુગતિ કે દ્વાર ..... એસી દયા કીજીએ કે તીહું લોક પ્રાણી હિત ઔર કરતું લેખે મન લેખીએ...' વ્યવહાર અહિંસાની વ્યાખ્યા કરે છે, હોં ! અહિંસા સ્વભાવ તો દૃષ્ટિમાં

પ્રગટ્યો છે એને વ્યવહાર દયાના ભાવ કેવા હોય ? કે સુકૃતની ખાણ, સુકૃતની ખાણ. એ દયાનો શુભભાવ છે એ બધા શુભની, પુણ્યની ખાણ છે. 'ઇન્દ્રપુરી કી નિશાની...' એવા સુકૃતના અપાવનારા સમ્યગ્દષ્ટિપૂર્વક દયાના પાળનારા ઇન્દ્રપદને પામે. 'ઇન્દ્રપુરી કી નિશાની.' સમજાય છે કાંઈ ? પેલા એકલેથી કહેતા. બીજાની દયા પાળવી ? આમ છે... ભાઈ ! એ બીજાની દયાની વાત નથી. પાળી શકે નહિ, ક્યાં પ્રશ્ન છે ?

અહીં તો પોતામાં. પોતામાં સમજ્યા ? સ્વયં રાગની મંદતાના દયાના ભાવ સમ્યગ્દર્શનપૂર્વક આવે છે, એ 'ઇન્દ્રપુરી કી નિશાની...' એ ઇન્દ્રપદની અંદર અવતરશે, જેમાં કરોડો અપ્સરાઓ (હશે). એ રાગ પુણ્ય ભાગ છે ધર્મની ભૂમિકામાં એટલે ઇન્દ્રપદ આમાં આવ્યુંને આમાં ? 'સર્વ સંપદાઓં કા સ્થાન'. 'પદ્મનંદી મહારાજ' જંગલમાં વસનારા મુનિ છે. એ કહે છે કે સર્વ સંપદાઓનું સ્થાન છે. સમજાણું કાંઈ ? એ અહીં કહે છે. 'ઇન્દ્રપુરી કી નિશાની જાણ. પાપરજ ખંડવે કો..' જુઓ ! પાપરજ, હોં ! અશુભભાવરૂપી પાપના કર્મ બાંધેલા એને નાશ કરવાનો એ અહિંસાનો પુણ્ય પરિણામ એ મુખ્ય વસ્તુ છે. 'પવન રાશી પ્રીતિએ' રજ પડી હોય ને બહુ ? ધૂળ, પવન નીકળે, પવન. અને પવન જેમ ધૂળને ડાડી દે. આવે છે ને મારવાડમાં ? કયું કહેવાય તમારે ? 'બિકાનેર' ને. આંધિ આતી હૈ. બહુત રજ કા ઢગ હોતા હૈ. પવન નીકળે, ઉડાડે ધૂળને. એમ 'પાપરજ ખંડવેકો પવન રાશી...' દયા એ પવનનો ઢગલો છે.

'ભવ દુઃખ પાવક બુઝાયવે કો મેઘમાળા' ભવના દુઃખને ટાળવા માટે મેઘની માળા (છે). માળા કેમ કહી ? આ વરસે છે ને પાણી ? બિંદુ આમ પડે છે ને માળાની પેઠે ? વરસાદ એક સાથે આમ મુશળધાર જેવો નહિ, આમ ઉપરથી પડે એટલે પવન આવે ને એટલે આમ વરસાદની ધારા આવે. મેઘમાળા. વરસાદની માળા હોય જાણે દયાના ભાવ. 'કમલા મીલાયવે કો દુતી' આ લક્ષ્મી મેળવવાની આ દાસી છે. ભાઈ ! શું કહે છે આ ? કમળા નામ લક્ષ્મી. આ ધૂળ-ધૂળ. પાંચ, પચાસ લાખ કે કરોડ. એ 'કમળા મિલાયવે કો દુતી ...' દુતી. વચ્ચે દાસી છે. દુનિયા એને કમળા માને છે ને ? ક-મળ છે એ. મેલ છે પણ એ માને કે... આહા..હા...! લક્ષ્મી મળી, લક્ષ્મીના લાડા આમ સુખીયા કહેવાય. ઘરે મોટરું ફરે. લાખ-લાખની મોટરું. ભાઈ ! જુઓ ! એક લાખ-લાખ દસ-દસ હજારની મોટરું જેને ઘરે ચાર-ચાર. ૩૦-૪૦ મોટરું. હવે એ નવરો શેનો થાય ? એનો બાપ કહે તો પણ. સમજાણું કાંઈ ?

કહે છે કે 'કમળા..' લક્ષ્મી. ધર્મીજીવને લક્ષ્મી... એક પદ આવ્યું હતું આપણે. એક પદ આવ્યું હતું ભક્તિમાં ક્યાંક. ભગવાન ! આપની ભક્તિ કરે.. ઓ..હો...! લક્ષ્મી તો આજ્ઞા માગતી આવશે, આજ્ઞા માગતી આવશે. કેટલી ? ક્યાં ? કેમ જોવે ? આપની ઇચ્છા શું છે ? આપની ભક્તિ કરનાર, ત્રણલોકના નાથ પરમાત્મા જ્યાં પૂર્ણ નિર્ગ્રંથ, નિર્લોભ

આત્મતત્ત્વ છે એવી દૃષ્ટિ થઈ અને આત્માની ભક્તિ જે વીતરાગની કરે છે, ભગવાન એની તો .... ક્યાંક કડી છે, હોં ! એ ક્યાંક આવી ગયું છે ખરું. દાનમાં હશે ? કાંઈ બધું યાદ રહે છે કાંઈ ? આજ્ઞા માગતી લક્ષ્મી આવશે. સમજાણું કાંઈ ? એ ક્યાંક છે દાનમાં છે ઘણું કરીને. નહિ ? પેલું કહ્યું છે ને દાનમાં ? ભાઈ ! ત્યાં. કે લક્ષ્મી ખર્ચે ખૂટશે નહિ, એવો પાઠ છે દાનમાં. પુણ્ય ખુટ્યે વગર ખર્ચે ખૂટી જશે. સમજાય છે ? એ દાનમાં છે ક્યાંક, હોં ! દાનમાં છે ને ક્યાંક ? દાનમાં કેટલામો અધિકાર છે ? થોડું કોઈકે યાદ રાખવું જોઈએ ને. દાનનો અધિકાર છે ત્યાં છે ક્યાંક. ૩૮. પાનું ૧૨૮, ભાઈ ! અને ૩૮ ગાથા. ૩૮ ગાથા છે, જુઓ.

**पुण्यक्षयात्क्षयमुपैति न दीयमाना लक्ष्मीरतः कुरुत संततपात्रदानम्।**
**कूपे न पश्यत जलं गृहिणः समन्तादाकृष्यमाणमपि वर्धत एव नित्यम्।।३८।।**

ભગવાન આચાર્ય જંગલમાં રહ્યા સંત, આત્મધ્યાન અને જ્ઞાનમાં છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલાયમાન એ પણ જગતના એકવાર દાનની વ્યાખ્યા કરતા કહે છે કે, '**कूपे न पश्यत जलं गृहिणः समन्तादाकृष्यमाणमपि वर्धत एव नित्यम्।**' '**હે ગૃહસ્થો કૂવા સે સદા ચારોં તરફસે નિકલા હુઆ ભી જલ જિસ પ્રકાર નિરન્તર બઢતા હી રહતા હૈ..**' છે ? ઘટશે નહિ. '**ઉસી પ્રકાર સંયમી પાત્રોં કે દાનમેં વ્યય કી હુઈ લક્ષ્મી સદા બઢતી હી જાતી હૈ, ઘટતી નહિ. કિન્તુ પુણ્ય કે ક્ષય હોને પર વહ ઘટતી હૈ**' પુણ્ય તારું ક્ષય થઈ જશે. એ નહિ ખર્ચે પૈસા ખુટી જશે. અને તારા પુણ્ય હશે તો પૈસા ખર્ચે ખુટશે નહિ. વધતા જ જશે. જેમ કૂવામાં પાણી કાઢે છે... આપણે અહીં એક કૂવો છે ને? કેવો ભાઈ ? જનડા. જનડાનો એક કૂવો છે. બાર કોશ, બાર કોશ પાણી. શું ? અઢાર કોશ. અઢાર કોશ ચાલે છે. બે બે બળદ. અઢાર કોશ ચારે બાજુ પાણી નીકળે છે. ખૂટે નહિ. જનડા આ બાજુ છે. અઢાર કોશનું પાણી. સમજાય છે ?

એક કૂવો એવો હતો કે કોઈએ બહુ ઊંડો ખોદેલો પણ ચાર આઠ તસુનો પત્થર અંદર આડો રહી ગયેલો, પાણી ન નીકળે. એટલે લોકોએ છોડી દીધું, કાયર થઈ ગયા. એમાં એક જાન આવી, જાન. જાન આવી. જાન સમજો છો? બારાત. જાન આવી. સવારે વહેલા નીકળ્યા હશે ને તૃષા લાગી. અંધારુ બહુ. આમાંથી પાણી કાઢો. પાણી હાથ ન આવે.પાણી હતું જ નહિ. પછી એક જણાએ કીધું, નાખને પથરો ઉપર. પચાસ મણનો હતો નાખ એની અંદર, પાણી છે કે નહિ ખબર પડે. ત્યાં એ આઠ તળનું દળ હતું એ પડ્યો ને ફૂટ્યું, અઢાર અઢાર કોશ વહે ને પાણી ખૂટતું નથી. એક ભાઈએ દાખલો આપ્યો હતો. ક્યાં ગયા તમારા બાપ કેમ નથી આવ્યા ? શું છે ? એ દાખલો આપ્યો હતો. પેલો ઉપદેશ આવે ને તો કહે, આ તો જનડાનો કૂવો ફાટ્યો છે, એમ કહે. અમને ગુરુએ નથી આપ્યું, એમ કરીને બિચારા એમ કહેતા. આ બધી વાત ક્યાંથી કાઢો છો ? આ તો એક તડ

હતું ને એમાં પથરો નાખ્યો અને પાણી ફાટે એમ ફાટ્યું લાગે છે. એમ બિચારા કહેતા.

અહીં કહે છે કે અંદરના પાણી જ્યાં ફાટ્યા, એ તડ થોડું જ હતું, હોં ! એક વિકલ્પને આત્માની એકતાબુદ્ધિનું તડ હતું. સમજાય છે કાંઈ? રાગને મંદ કરતા કરતા આવેલો, પણ પેલો કૂવો ફાટેલો નહિ, પણ જ્યાં અંદર રાગ અને સ્વભાવની એકતા તૂટી, તળમાં તળિયામાં અનંતુ ચૈતન્યનું પાણી ભર્યું છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, આનંદ, એક વિકલ્પની એકતા તૂટતા પાણીનો ફૂવારો ફાટે છે. એવો ભગવાન આત્મા અનંત જ્ઞાન-દર્શનનો કૂવો, પાતાળકૂવો છે. પાતાળકૂવો સમજાય છે? આ પાતાળકૂવો નથી હોતા? બહુ ઊંડો કૂવો હોય, જેમાંથી અંદરથી પાણી નીકળ્યા જ કરે. એમ આ અઢાર કોશનું પાણી થોડું બાકી હતું. અઢાર કોશનું પાણી નીકળ્યું.

એમ અહીંયા કહે છે, દાન દેતા દેતા તારા પુણ્ય હશે તો પાણી કૂવામાં જેમ નવું આવે, એમ આવ્યા જ કરશે. પણ જો લક્ષ્મીનો આ રીતે દાનમાં ઉપયોગ નહિ કર તો પુણ્ય ક્ષય થશે તો લક્ષ્મી હશે એ ચાલી જશે. આચાર્યે ઘણા દાખલા આપીને રાગની મંદતા માટે લોકોને અનુકંપાબુદ્ધિથી જરી ઉભા કર્યા છે. પણ બળદ હોય જેને પગમાં–ટાંગામાં જોર ન હોય એને કંઈ લાકડા નાખ્યે બળદ ઊંચા ન થાય. લાકડા સમજ્યા? .... જેના પગમાં કસ ન મળે. ઘાસ ખાવાની શકિત (ન હોય). ઘાસ હોય તો પગમાં જોર હોય. લાકડા નાખે ઊંચા કરે પણ (ઊંચા થાય નહિ).

અમે (સંવત) ૧૯૮૧માં 'ગઢડા' માં નજરે જોયેલું. દુકાળ હતો એટલે અમે જ્યાં ઉતરેલા. વ્યાખ્યાન પૂરું થાય એટલે વાણિયા આમ ઊંચા કરે. એ જ્યાં આઘા જાય ત્યાં પડે હેઠે. કારણ કે પગમાં કસ ન મળે. એમ જેને અંદરમાં યોગ્યતાની લાયકાતમાં કસ ન મળે, એને ઉપદેશના લાકડા કામ કરતા નથી. ગમે એટલા ઉપદેશના લાકડા અંદર નાખે તો ફૂ થઈને એની માથે પડે. સમજાણું કાંઈ?

અહીં આચાર્ય મહારાજ કહે, આપણે અહીં 'બનારસીદાસ' નું હતું. સમજાણું ? 'સુગતિ .... પ્રીત' સુગતિરૂપી સ્ત્રીની પ્રીતિ બંધાવનાર અહિંસાભાવ છે. સમજાય છે કાંઈ? સુગતિ તો એના કાળજામાં છે, એના કપાળમાં છે. કહે છે કે જેને આત્માના ભાનસહિત અહિંસાનો ભાવ પ્રગટ્યો, 'સુગતિ વધુ સો પ્રીત..' વધુ એટલે સ્ત્રી. સુગતિરૂપી સ્ત્રી તો એના કપાળમાં છે, મળશે. 'પાવૈ કો ...કુગતિ કે દ્વાર ઐસા દેખિયે' કુગતિમાં જવા માટે અહિંસા એ આગળિયો છે. આગળિયો સમજાય છે ? આગળો હોય ને ? બારણા આગળ લાકડાની રાખે. અહિંસાભાવ એ આગળિયો છે. દયાભાવ વ્યવહારે અમૃતભાવ છે. 'ઐસી દયા કીજિયે તિહું લોક પ્રાણી...' વિશેષ કહે છે.

'અગનિમેં જૈસે ' આની ઉપર જોર આપતા. અગ્નિમાં જેમ અરવિંદ નામ કમળ ગે નહિ.... અગ્નિમાં કમળ ગતું હશે ? '....' સૂર્ય આથમી જાય ત્યારે કાંઈ દિવસ રહેતો

હશે ? સૂર્ય આથમ્યા પછી દિવસ રહે નહિ. 'સાપ..' સર્પના મુખમાં કોઈ દિ' એના ખજાને અમૃત હોય. ન્યાં તો એની દાઢમાં ઝેર હોય. સર્પની દાઢમાં ઝેર હોય. 'કાળ ... જૈસે જીવન ન જાણીએ' કાળકૂટ ઝેર ખાય અને જીવતો રહે, એમ બની શકે નહિ. '... સુજસ જૈસે' લેશકારી પ્રકૃતિને સુજસ મેળવવો છે. બહુ સારો, એમ જશ મળતો હશે ? પ્રકૃતિ તીખી, રાગી, ક્રોધી, માન, માયા, લોભ એવો લેશકારી કે હખ નહિ, કાં વઢ ને કાં વઢવાને લાયક. સમજાણું ? કાં મારી સાથે લેશ કર, નહિતર લેશ કરવાનું લાવ, પણ હું લેશ કર્યા વિના રહી શકતો નથી. એવી પ્રકૃતિ પડી હોય ને ? હું લેશ કરું નહિ તો લાવ લેશ. બીજો લેશ લાવ. પણ મારી સાથે માથા ફોડે એવો લેશ કરનાર લાવ. વઢ નહિ તો વઢનારને લાવ, એમ કહે છે ને અમારે કાઠિયાવાડમાં ? તમારી ભાષા હશે કાંઈક ? હિન્દીમાં કાંઈક હશે. તું લડ નહિતર લડવાવાળાને લાવ. અમારી કાઠિયાવાડી ભાષામાં (એમ કહે). એવા કલહ કરનારા અને દુનિયામાં જશ મેળવવો છે. બનશે ?

'.... ન બખાનિયે' જુઓ ! રસ રોગ થાય છે ને ? આ કેરી ખાય છે, એ રોગને શું કહેવાય ? કેરીનો નથી રોગ થાતો ? કેરી... કેરી. એમાંથી રોગ થાશે. હવે કેરી ન ખાતો, નહિતર કેરી ખાઈશ તો આમ થશે. 'પ્રાણી વધ માંહિ ... ધરમ કી નિસાની નાહિ, યાહીં તૈ બનારસી વિવેક માન આની હૈ.' એમ કહે છે. સમજ્યા ને ? 'બનારસીદાસ' ૩૫૦ વર્ષ પહેલા કહી ગયા. એ અમારે સંપ્રદાયમાં કહેતા.

એમ અહીં અહિંસા, દયા એ તો ઇન્દ્રપદની નિશાની છે. સમજાણું કાંઈ ? અને ખજાનો છે. અહીં લખે છે, જુઓ ! '**ગુણોં કા ખજાના હૈ...**' ગુણોનો ખજાનો. બહુ મંદ દયાનું હૃદય છે, એને ઘણી કોમળતા આદિ ભાવ હૃદયમાં છે. '**ઇસલિયે વિવેકી મનુષ્યોંકો...**' જુઓ! વિવેક શબ્દ પડ્યો છે ને ? અહીં વિવેક આવ્યું. '**યહ દયા અવશ્ય કરની ચાહિયે.**' કહો, સમજાણું કાંઈ ? ૩૯.

## શ્લોક-૩૯

**सर्वे जीवदयाधारा गुणास्तिष्ठन्ति मानुषे**
**सुत्राधाराः प्रसूनानां हाराणां च सरा इव।।३९।।**

**અર્થ :- જિસપ્રકાર ફૂલોંકે હારો કી લડી સુત્ર કે આશ્રય સે રહતી હૈ ઉસી પ્રકાર મનુષ્ય મેં સમસ્તગુણ જીવદયા કે આધાર સે રહતે હૈં ઇસલિયે સમસ્તગુણોં કી સ્થિતિ કે અભિલાષી ભવ્યજીવોં કો યહ દયા અવશ્ય કરની ચાહિયે. ૩૯.**

[૪૦] 'જિસપ્રકાર ફૂલોંકે હારોં કી લડી..' ફૂલના હારની લડી હોય છે ને ? લડી. 'સૂત્રકે આશ્રયસે રહતી હૈં...' સૂત્રના દોરના આશ્રયે લડી રહે છે. 'ઉસીપ્રકાર મનુષ્યમેં સમસ્ત ગુણ જીવદયાકે આધારસે રહતે હૈં...' દુશ્મન હોય તો પણ એના પ્રત્યે એને દયા આવવી જોઈએ. કોઈપણ પ્રાણી હો, એ પણ સુખને માગે છે તો કોઈ પ્રાણી પ્રત્યે એને દુઃખ ઉપજાવવાની વૃત્તિ હોય નહિ. 'દયાકે આધારસે રહતે હૈં ઇસલિયે સમસ્ત ગુણોંકી સ્થિતિકે અભિલાષી ભવ્યજીવોંકો યહ દયા અવશ્ય કરની ચાહિયે.'

## શ્લોક–૪૦

**यतीनां श्रावकाणां च व्रतानि सकलान्यपि**
**एकाऽहिंसाप्रसिद्धयर्थे कथितानि जिनेश्वरैः।।४०।।**

**અર્થ :– જિતનેભી મુનિયોં કે વ્રત તથા શ્રાવકોં કે વ્રત સર્વજ્ઞદેવને કહે હૈં વે સર્વ અહિંસા કી પ્રસિદ્ધિ કે લિયે હી કહે હૈં કિન્તુ હિંસા કા પોષણ કરનેવાલા ઉનમેં કોઈ ભી વ્રત નહીં કહા ગયા હૈ ઇસલિયે વ્રતીમનુષ્યોં કો સમસ્તપ્રાણિયોં પર દયા હી રખની ચાહિયે. ૪૦.**

જુઓ ! ઓહોહો..! આચાર્ય કરુણા કરીને (કહે છે). વનમાં વસ્યા, વનમાં વસેલા સંતો જગતની કરુણા માટે આ શાસ્ત્રો કહી ગયા, રચાઈ ગયા. એવી કરુણા એની.. અરે..! જીવો! આ ચોરાશીમાં રખડતા ક્યાંથી આવ્યા, ક્યાં જશો ? ભાઈ ! તમારા ભવિષ્યના ક્યાં પત્તા ? તમારા તંબુ ક્યાં તણાશે ? અહીંથી મરીને ક્યાં જશો ? ત્યાં કોઈ પાંજરાપોળ નથી કે ત્યાં તમારી સેવા કરે. માટે કહે છે, '**મુનિયોંકે વ્રત...**' મુનિઓના પંચ મહાવ્રત કે અઠ્યાવીસ મૂળગુણ મુનિના વ્રત છે. '**શ્રાવકોંકે વ્રત સર્વજ્ઞદેવને કહે હૈં....**' છે ને? '**सकलान्यपि एकाऽहिंसाप्रसिद्धयर्थे कथितानि**' '**વે સર્વ અહિંસાકી પ્રસિદ્ધિકે લિયે હી કહે હૈં...**' એ ચાર વ્રત પણ અહિંસાની વાડ છે. સત્ય છે એ અહિંસા પાળવા માટે છે. અહિંસા માટે અદત્ત–દત્ત ન લેવું, અહિંસા માટે બ્રહ્મચર્ય, અહિંસા માટે પરિગ્રહરહિત. બહારનો પરિગ્રહ (નહીં). એ ચાર કારણો અહિંસાની પુષ્ટિના છે. એ ચાર અહિંસા નહિ, પણ અહિંસાની પુષ્ટિ માટે એ ચાર છે. '**સર્વજ્ઞદેવને કહે હૈં વે સર્વ અહિંસાકી પ્રસિદ્ધિકે લિયે હી કહે હૈં કિન્તુ હિંસાકા પોષણ કરનેવાલા ઉનમેં કોઈ ભી વ્રત નહીં કહ ગયા હૈ...**' જેમાં કોઈપણ પ્રાણીને દુઃખ થાય એવી વાત ભગવાનની વાણીમાં વ્યવહાર વ્રતની અંદર પણ હોઈ શકે નહિ. '**ઇસલિયે વ્રતીમનુષ્યોંકો સમસ્ત પ્રાણીઓંપર દયા હી રખની ચાહિયે.**'

## શ્લોક-૪૧

**जीवहिंसादिसंकल्पैरात्मन्यपि हि दूषिते**
**पापं भवति जीवस्य न परं परपीडनात्।।४१।।**

**અર્થ :– કેવલ અન્ય પ્રાણિયોંકો પીડા દેનેસે હી પાપકી ઉત્પત્તિ નહીં હોતી કિ 'ઉસ જીવકો મારુંગા અથવા વહ જીવ મર જાયે તો અચ્છા હૈ' ઇત્યાદિ જીવહિંસાકે સંકલ્પોંસે જિસ સમય આત્મા મલિન હોતા હૈ ઉસસમય ભી પાપકી ઉત્પત્તિ હોતી હૈ. ૪૧.**

**'કેવલ અન્ય પ્રાણિયોંકો પીડા દેનેસે હી પાપકી ઉત્પત્તિ નહીં હોતી કિ 'ઉસ જીવકો મારુંગા અથવા વહ જીવ મર જાયે તો અચ્છા હૈ' ઇત્યાદિ જીવહિંસાકે સંકલ્પોંસે જિસ સમય આત્મા મલિન હોતા હૈ ઉસસમય ભી પાપકી ઉત્પત્તિ હોતી હૈ...'** પરિણામ સંકલ્પ કર્યા ત્યાં પાપની ઉત્પત્તિ થાય છે. મરો, ન મરો એની સાથે કાંઈ સંબંધ નથી. બીજો પ્રાણી જીવે કે ન જીવે, એને આમ દુઃખ દઉં, આને આમ મારું, આ પ્રતિકૂળ છે તો ઉડાડી દઉં, એવા સંકલ્પ, બીજાને દુઃખ થાય કે ન થાય પણ તારા આત્માને તો સંકલ્પથી હિંસા થઈ ગઈ છે. માટે એવા સંકલ્પો (ન કરવા).

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– હા, ઇરાદો. એક ખૂન થયું હોય પણ ઇરાદો શું છે એમ પૂછે. મારી નાખ્યો એમ ન પૂછે. બચાવવાનો હોય. હું તો મારો બચાવ કરવા ગયો હતો. મને મારતો હતો ને મેં લાકડાથી માર્યું તો એને પેટમાં વાગી ગયું અને મરી ગયો. મારો મારવાનો ભાવ નહોતો. તો મારવાનો ઇરાદો ન હોય તો એને ફાંસી આપે નહિ. એમ હશે કે નહિ ? આ વકીલ છે. એમાં તો એમને ખબર પડે કે નહિ ?

મુમુક્ષુ :– ....

પૂજ્ય ગુરુદેવશ્રી :– ના ના શું ? ઇ તાળો આવ્યા વિના રહે જ નહિ. ઇ કાં આમ આવે ને કાં આમ આવે. બે બાજુ આવે. ક્યાં ગયા ભાઈ ? સનેપાત હોય ને એનો તાળો અંદરથી ચાલ્યા વિના રહે જ નહિ. કહો, સમજાણું આમાં ?

**'पापं भवति जीवस्य न परं परपीडनात्'** હવે આચાર્ય મહારાજ બાર ભાવનાની વાત કરવા માગે છે.

# શ્લોક–૪૨

**द्वादशापि सदा चिन्त्या अनुप्रेक्षा महात्मभिः**
**तद्भावना भवत्येव कर्मणः क्षयकारणम्।।४२।।**

**અર્થ :– ઉત્તમપુરુષોં કો બારહ ભાવનાઓં કા સદા ચિંતવન કરના ચાહિયે યોંકિ ઉન ભાવનાઓં કા ચિંતવન, સમસ્ત કર્મોંકા નાશકરનેવાલા હોતા હૈ. ૪૨.**

**'द्वादशापि सदा चिन्त्या अनुप्रेक्षा महात्मभिः'** સમજાય છે કાંઈ ? ઉત્તમ પુરુષો લીધા છે, હોં ! મહાત્મા શબ્દ લીધો છે ને ? સમ્યગ્દષ્ટિ જીવ છે, ધર્મની દષ્ટિ થઈ છે એનો ગૃહસ્થાશ્રમમાં સ્ત્રી-કુટુંબમાં વાસ છે છતાં એને અહીંયા મહાત્મા કહ્યો છે. ધર્મીને મહાત્મા કહ્યો છે. ભલે રાજ કુટુંબમાં પડ્યો હોય. મહા આત્મા. અંતરાત્મા થયો માટે તેને મહાત્મા કહેવાય છે. સમજાણું કાંઈ ? ભગવાન જ્ઞાન અને અનંત ગુણનું ધામ આત્મા, એની અંતર અનુભવની દષ્ટિ થઈ તો પર્યાયમાં અંતરાત્મ દશા પ્રગટી. હવે એ પરમાત્માને સાધવાનો સાધક છે. માટે અંતરાત્માને પણ મહાત્મા કહેવામાં આવે છે. પછી સ્ત્રી હો, પુરુષ હો, નારકી હો કે ઢોર હો, ચોથે ગુણસ્થાને પણ એની એ દશા પૂરતો મહાત્મા કહેવાય છે. અહીં પાચમા ગુણસ્થાનની વાત ચાલે છે. સમજાણું કાંઈ ?

**'तद्भावना भवत्येव कर्मणःक्षयकारणम्'** શાસ્ત્રમાં બાર ભાવનાનું સ્વરૂપ તો સંવરરૂપે લીધું છે. સમજાય છે ? અહીં વિકલ્પરૂપ લઈને સ્વભાવ તરફની એકાગ્રતા છે એમાં આવી ભાવના ભાવતા વિશેષ રાગરહિત વીતરાગતા અંદર પ્રગટ થાય, એનાથી કર્મનો ક્ષય થાય એમ કહેવામાં આવે છે. અને જેટલો પુણ્યનો વિકલ્પ હોય તેમાં તેટલો પાપનો ક્ષય થાય, તે માટે કર્મક્ષયનું કારણ આ રીતે કહેવામાં આવ્યું.

**'ઉત્તમપુરુષોંકો બારહ ભાવનાઓંકા સદા ચિંતવન કરના ચાહિયે ચોંકિ ઉન ભાવનાઓંકા ચિંતવન, સમસ્ત કર્મોંકા નાશ કરનેવાલા હોતા હૈ.'**

# શ્લોક–૪૩ થી ૬૨

# પ્રવચન નં. ૩૨

## (વિક્રમ સંવત ૨૦૧૭, ભાદરવા સુદ ૩, બુધવાર)

## તા. ૧૩-૦૯-૧૯૬૧

## શ્લોક–૪૩-૪૪

આ 'પદ્મનંદિ પંચવિશતિઃ' માં 'પદ્મનંદિ આચાર્યે' છઠ્ઠો અધિકાર શ્રાવકના આચારનો અથવા શ્રાવકનું અનુષ્ઠાન અથવા શ્રાવકના સંસ્કાર કેવા હોય એનો અધિકાર વર્ણવ્યો છે. ઘણી ગાથા થઈ ગઈ, હવે ભાવનાની વાત છે. **'આચાર્યવર બારહ ભાવનાઓંકે નામ બતાતે હૈં.'** ગૃહસ્થાશ્રમમાં ધર્મી જીવોએ વારંવાર આ બાર ભાવના ભાવવી. તીર્થંકર ભગવાન પણ જ્યાં સુધી દીક્ષા ન લે ત્યાં સુધી ચક્રવર્તી પદમાં પણ કેટલાક હોય એ પણ નિરંતર બાર ભાવના ભાવે છે. સમજાય છે કાંઈ ?

શાસ્ત્રમાં દરેક તીર્થંકરના અધિકારમાં, દરેકના ગૃહસ્થાશ્રમમાં હોય ભલે તેની પુરુષાર્થની મંદતાથી ચારિત્ર અંગીકાર કર્યું ન હોય. છન્નુ હજાર સ્ત્રીના વૃંદમાં હોય, બત્રીસ હજાર રાજાના નાયક હોય, અનેક દેવો જેની તેહનાતમાં સેવા કરતા હોય તોપણ તે આત્માના નિત્યતાની દૃષ્ટિના ભાન ભૂમિકામાં હંમેશા રાણીઓના વૃંદ બેઠા હોય તોપણ એમાં આ ભાવના એ કરે છે. એના સમુદાયમાં બેઠા હોય તો આ ભાવના (ભાવે છે). એ આચાર્ય મહારાજ શ્રાવકને બાર ભાવના હોય છે, એનું વર્ણન કરે છે.

**अध्रुवाशरणे चैव भव एकत्वमेव च।**
**अन्यत्वमशुचित्वं च तथैवास्रवसंवरौ।।४३।।**
**निर्जरा च तथा लोको बोधि दुर्लभधर्मता।**
**द्वादशैता अनुप्रेक्षा भाषिता जिनपुङ्गवैः।।४४।।**

**અર્થ :– અધ્રુવ ૧ અશરણ ૨ સંસાર ૩ એકત્વ ૪ અન્યત્વ ૫ અશુચિત્વ ૬ આસ્રવ ૭ સંવર ૮ નિર્જરા ૯ લોક ૧૦ બોધિદુર્લભ ૧૧ ધર્મ ૧૨ યે બારહ અનુપ્રેક્ષા જિનેન્દ્રદેવને કહી હૈ. ૪૩–૪૪.**

જૈન પરમેશ્વરે વીતરાગ દેવે ગૃહસ્થાશ્રમમાં ધર્મી જીવોને બાર ભાવના વારંવાર ભાવવી.

કારણ કે, એને પાપના, વેપાર-ધંધા આદિના પાપો ઘણા હોય છે. એથી એને આ વારંવાર અનિત્ય આદિ ભાવના ભાવે, તો એને ચારિત્રપદ લેવાની જિજ્ઞાસા વારંવાર વર્તતી હોય છે. સમજાય છે કાંઈ ? એમાં પહેલી અધ્રુવ ભાવના. અધ્રુવ કહો કે અનિત્ય કહો અહીંયા.

## શ્લોક–૪૫

**अध्रुवाणि समस्तानि शरीरादीनि देहिनाम्।**
**तन्नाशे ऽपि न कर्तव्यः शोको दुष्कर्मकारणम्।।४५।।**

**અર્થ :– પ્રાણિયોંકે સમસ્ત શરીર, ધન, ધાન્ય આદિ પદાર્થ વિનાશીક હૈં ઇસલિયે ઉનકે નષ્ટ હોનેપર જીવોંકો કુછભી શોક નહીં કરના ચાહિયે ક્યોંકિ ઉસ શોકસે કેવલ ખોટે કર્મોંકા બંધ હી હોતા હૈ. ૪૫.**

અહો..! ધર્મી જીવે '**પ્રાણિયોંકે સમસ્ત શરીર, ધન, ધાન્ય આદિ પદાર્થ વિનાશીક હૈં...**' નાશવાન છે. એની ચીજ નથી અને તે પલટતી, બદલતી ચીજ છે. એવી વારંવાર એને વિચારણા અંતરમાં (આવે). '**પ્રાણિયોંકે સમસ્ત શરીર,...**' પોતાના કે સ્ત્રી, કુટુંબના બધા કે ધન નામ લક્ષ્મી ને ધાન્ય આદિ. ધાન્ય એટલે અનાજ. આ દાગીના, લુગડા, કપડા વગેરે. એ વિનાશીક છે, નાશવાન છે, અધ્રુવ છે, ક્ષણભંગુર છે. સમજાણું કાંઈ ? એવો વિચાર ભાવના વારંવાર કરે છે. એ રળવાનું કરે ? બાયડી-છોકરાનું પોષણ કરે ? કે આ કરે ? શું હશે ? ભાઈ !

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળમાં પણ નથી પોષણ કર એ તો. એ તો પાપના પરિણામ છે. આગળ કહેશે. ધર્મી જીવને અંતર નિત્યતાનું ભાન થયું છે. સચ્ચિદાનંદ પ્રભુ મારી ચીજ તો સિદ્ધ સ્વરૂપી છે. મારા પાપના જરી પરિણામ છે, એથી હું છોડી શકતો નથી એની અંદરમાં આવી અનિત્યની વારંવાર ભાવના ભાવે છે.

'**ઇસલિયે ઉનકે નષ્ટ હોનેપર જીવોંકો કુછભી શોક નહીં કરના ચાહિયે...**' સમ્યગ્દૃષ્ટિ ધર્મી વિચારે છે, શરીરનો નાશ થઈ જાય તો એ વિનાશીક જ છે. કેમ ? 'તત્ત્વાર્થસાર'માં કહ્યું છે કે, બાળક જન્મે છે, એ પહેલા અનિત્યતા ગોદમાં એને પહેલું લે છે. માતા તો ગોદમાં એના ખોળામાં પછી લે, પણ અનિત્યતા તો પહેલી જ ગોદમાં લે છે. ક્ષણભંગુર શરીર છે એને પણ ક્યારે પડી જશે, નાશવાન છે એ કે દિ' છૂટી જશે એ પળની એને ખબર નથી. અનિત્યની ગોદમાં તો પહેલે સમયે એ શરીર આવ્યું છે. એથી

ધર્મી જીવોએ વારંવાર એનું ધ્યાન રાખવું. સંધ્યા ખીલી હોય, ક્ષણભરમાં નાશ થઈ જાય. એવા બહાર આમ દેખાય મોટા ડુંગરા ને પર્વતો ને નગરની રચના જેવી, સંધ્યામાં એક ક્ષણમાં વિલય થઈ જાય. એમ આ બધું નાશવાન છે એનો નાશ થતાં, લક્ષ્મી જતાં, શરીર નાશ થતાં વગેરે વગેરે પદાર્થો નાશ થતાં ધર્મી **'જીવોંકો કુછભી શોક નહીં કરના ચાહિયે ક્યોંકિ ઉસ શોકસે કેવલ ખોટે કર્મોંકા બંધહી હોતા હૈ.'** **'दुष्कर्मकारणम्'** શોકથી તો માઠા કર્મ બંધાય, એમાં કાંઈ એ ચીજ ગઈ એ આવે એવી નથી. નાશવાનનું બીજું શું થાય ?

'પરમાત્મપ્રકાશ'માં તો 'યોગીન્દ્રદેવ' કહે છે, અરે..! જીવ ! ભગવાનના મંદિરો, પ્રતિમા એ બધા કાળને કાળે ખાખ થઈ જશે, એ કોઈ નિત્ય ચીજ નથી. સમજાય છે કાંઈ ? આમ ભગવાનના મંદિરો અબજોના કર્યા હોય, સોનાના આમ કર્યા હોય. પ્રતિમાઓ મણિરત્નની બનાવી હોય. બાપુ ! એ ચીજ તો પુદ્‌ગલ છે ને ? અનિત્ય છે ને ? એને કાળે એ ખાખ થઈ જશે. માટે ધર્મીએ અનિત્યની વિચારણામાં એવા નાશના કાળે શોક કરવો નહિ કે, જેથી શોકને કારણે આકરું કર્મ બંધાય. એવું ન કરવું એણે.

## શ્લોક-૪૬

**अशरणभावनाके स्वरूपका वर्णन।**

**व्याघ्रेणाघ्रातकायस्य मृगशावस्य निर्जने।**
**यथा न शरणं जन्तोः संसारे न तथापदि।।४६।।**

**અર્થ :- જિસ મૃગકે બચ્ચેકા શરીર વ્યાઘ્રને પ્રબલ રીતિસે પકડ લિયા હૈ એસે મૃગકે બચ્ચેકો જિસપ્રકાર નિર્જન વનમેં કોઈ બચાનેકેલિયે સમર્થ નહીં હૈ ઉસીપ્રકાર ઇસસંસારમેં આપત્તિકે આનેપર જીવકો ભી કોઈ ઇન્દ્ર અહમિન્દ્ર આદિ નહીં બચા સકતે ઇસલિયે ભવ્યજીવોંકો, સિવાય ધર્મકે કિસીકો ભી રક્ષક નહીં સમઝના ચાહિયે. ૪૬.**

અરે..! **'જિસ મૃગકે બચ્ચેકા શરીર...'** મૃગનું પણ બચ્ચું લીધું છે. મૃગ તો જરી મોટું હોય એટલે જરી તરફડે, આમ આમ છૂટવા કરે. નાનું બચ્ચું (લીધું છે). એવાને **'વ્યાઘ્રને પ્રબલ રીતિસે પકડ લિયા હૈ...'** એક તો મૃગનું બચ્ચું ને એમાં પાછો પકડનાર વાઘ અને તે પણ પ્રબળ રીતે આમ પકડી ડોક, ફડાક દઈને આમ પકડી. સમજાય છે કાંઈ? **'પ્રબલ રીતિસે પકડ લિયા હૈ એસે મૃગકે બચ્ચેકો જિસપ્રકાર નિર્જન વનમેં**

**કોઈ બચાનેકે લિયે સમર્થ નહીં હૈ...'** કોઈ બચાવવાનું સાધન છે નહિ. કોણ બચાવે ત્રણકાળમાં, ત્રણલોકમાં ? આમ માથે થાપ મારી. સમજાય છે ?

**'ઉસીપ્રકાર ઇસ સંસારમેં આપત્તિકે આનેપર જીવકો ભી કોઈ ઇન્દ્ર અહમિન્દ્ર આદિ નહીં બચા સકતે...'** મૃગના બચ્ચાને થાપ મારેલો વાઘ જેમ એને કોઈ શરણ નથી, એમ જગતમાં આત્માને બીજું ક્યાંય આત્મા સિવાય શરણ નથી. નાશવાન. આમ ફાંફા મારે આ કરી દેશું ને આ કરી દેશું ને આ કરી દેશું. સેવા-ચાકરી કરશે મરતા ટાણે ને આ કરશે આ ને પૈસા .... આ છોકરાઓ આપણું નામ રાખશે, મરી જઈશ પણ ક્યાંય. તારા પાપના માટે આવા ભાવ કરે છે, જરી વિચારણા કર.

અરે..! ક્ષણમાં આંખો મીંચીને ચાલ્યા જાવું છે. નાશવાનમાં શું રહેશે ? સ્વપ્નાનો કાળ કેટલો હોય ? એને એમ લાગે છે ઘણો કાળ જાણે છે. ક્ષણમાં સ્વપ્ન આવે ને ચાલ્યું જાય. એ સ્વપ્નાની સુખડીએ ભૂખ ભાંગે નહિ. સપનામાં ભૂખ્યો માણસ સૂતો ને ભૂખ લાગી એમાં સુખડીના થાળ ભાળ્યા, ખાધા. આમ જ્યાં આંખ ઉઘડી (તો) પેટમાં કાંઈ ન મળે. હમણા ખાધું હતું ને. ક્યાં હતું પણ ? તારી કલ્પનામાં એ વાત હતી કે, આ સુખડી ખાધી, ભારે કુણી, સુંવાળી ને આમ નરમ ને આમ દાંત વિના પણ ખવાય જાય એવી ખાધી, ખુબ પેટ ભરીને ખાધી. પેટ ભરીને ખાધી. આંખ ઉઘડી, એના એ ભૂખ્યા ને એના એ તરસ્યા.

કહે છે, એવા મૃગના બચ્ચાને વ્યાઘ્રના પક્કડમાંથી કોઈ બચાવે નહિ, એમ તને આપદા આવશે, શરીરનો આમ રોગ ફાટશે અંદરથી હરેરાટ, એ વખતે રાડો નાખીશ અરે..! કોઈ મારું નહિ. અરે..! આટલા પૈસા ભેગા કર્યા, આ બાયડીને પોષી, આ નોકરોને પોષ્યા, કોણ હતું તારું ? ધૂળ. મૂઢને બહારની આપત્તિ આવતા જાણે કોઈ બચાવી લેશે (એમ લાગે છે). ધર્મી જીવ એનો વારંવાર વિચાર કરે. મારી આપત્તિના શરીર, આપત્તિ એટલે શરીર ..... એમાં કોઈ મને બચાવનાર ત્રણકાળ, ત્રણલોકમાં છે નહિ.

**'ઇસલિયે ભવ્યજીવોંકો, સિવાય ધર્મકે કિસીકો ભી રક્ષક નહીં સમઝના ચાહિયે.'** એનો રક્ષક તો અંતર ભગવાન આત્મા શરણભૂત પ્રભુ મંગળરૂપ (છે). મંગળરૂપ, શરણરૂપ ઉત્તમ પદાર્થ ચૈતન્યમૂર્તિ છે, એ એને શરણ છે, એ સિવાય કોઈ શરણ છે નહિ.

# શ્લોક-૪૭

संसारभावनाका स्वरूप।

**यत्सुखं तत्सुखाभासं यद्दुःखं तत्सदञ्जसा।**
**भवे लोकाः सुखं सत्यं मोक्ष एव स साध्यताम्।।४७।।**

**અર્થ :– હે જીવ ! સંસારમેં જો સુખ માલૂમ હોતા હૈ વહ સુખ નહીં હૈ, સુખાભાસ હૈ અર્થાત્ સુખકે સમાન માલૂમ પડતા હૈ ઔર જો દુઃખ હૈ સો સત્ય હૈ કિન્તુ વાસ્તવિક સુખ મોક્ષમેં હી હૈ ઇસલિયે તુઝે મોક્ષકી પ્રાપ્તિ કે લિયેહી પ્રયત્ન કરના ચાહિયે. ૪૭.**

આ ત્રીજી ભાવના. ધર્મી જીવ ગૃહસ્થાશ્રમમાં ત્રીજી ભાવના (ભાવે છે). તીર્થંકરો ભાવે છે, ઇન્દ્રો જેની સેવામાં આવે છે. હે ઇન્દ્રો ! તમે શરણભૂત નથી, તમે અમને શરણભૂત નથી. આમ ભગવાનને જ્યારે વૈરાગ્ય થાય અને ભાવના કરતા હોય ને છન્નુ હજાર સ્ત્રીના મધ્યમાં. સ્ત્રીઓને કહે કે, તમારે લઈને અમે રહ્યાં છીએ, એમ સમજશો નહિ, હોં ! અમને જરી આ રાગ છે માટે રહ્યા છીએ. એ જ્યારે વૈરાગ્ય લે અને જ્યારે જંટિયા છન્નું હજાર સ્ત્રીઓ તાણે. અરે..! પણ તને કહ્યું નહોતું ? અમે અમારા રાગના કારણે રહ્યા હતા. તમારી અનુકૂળતા ને સગવડને કારણે રહ્યા એ માન્યતા તમારી જૂઠી હતી. એ અમારો રાગ હવે ગયો, હવે અમારી પાસે ઘંટિયા તાણીને રોશો, એ સાંભળનારો ન મળે. સમજાય છે કાંઈ ?

'શાંતિનાથ' ચક્રવર્તી જેવા, જેને ઘરે છન્નું હજાર પદમણી સ્ત્રીઓ. એકદમ વૈરાગ્ય જ્યારે ચડે, અરે..! અમારા કોઈ નથી, અમારું શરણ કોઈ નથી. અમે નક્કી કરીને આવ્યા છીએ કે, અમે તીર્થંકર છીએ. આ ભવમાં અમારો મોક્ષ છે. ઇન્દ્રોએ કહ્યું અમને ખબર છે. પણ ચારિત્ર લીધા વિના અમારી મુક્તિ નથી. સંસારની ભાવનામાં આમ વિચારણા કરે છે. એની વ્યાખ્યા કરે છે, જુઓ !

'**હે જીવ ! સંસારમેં જો સુખ માલૂમ હોતા હૈ વહ સુખ નહીં હૈ,...**' એ સુખ નથી. ધૂળમાં પણ સુખ નથી. પૈસા ને બાયડી ને છોકરા કહ્યાગરા થયા. મૂઢ મફતનો વિષ્ટામાં મોઢા નાખી અને ચાટી રહ્યો છે. આહા..! સાચું હશે આ ? આહા..હા..! વાત કરતાં કરતાં બોલવું શું ? કોણ જાણે હશે આ ? છ ખંડના રાજા ચક્રવર્તી, આ તો ભીખારા છે અત્યારના તો. જેને ઘરે છન્નું હજાર સ્ત્રી તો પદમણી જેવી છે, આ તો બધી સમજવા જેવી છે. સમજાણું કાંઈ ? એવી ચતુર, એવી ડહાપણદાર. અરે..! આ અમારા નહિ, હોં

! તમારા કારણે અમે રહ્યાં છીએ, તમે માનશો નહિ સપનામાં, હોં ! અમારો રાગ જ્યારે સ્વભાવના ધારણાથી એકાગ્રતાથી ગળશે, ભા નહિ જોઈએ તમને. એવો સંસાર, અમને એમાં સુખ લાગતું નથી. અમારું સુખ તો અંતરમાં છે. વિષયની વાસના વખતે તમે એમ માનતા હો કે, આમા સુખ માનીએ છીએ, (પણ) અમને એમાં સુખ ભાસતું નથી. સુખ નથી, સુખાભાસ છે.

**'સુખકે સમાન માલૂમ પડતા હૈ ઔર...' 'यद्दुःखं तत्सदञ्जसा'** દુઃખ છે એ તો બરાબર છે, એમ કહે છે. સંસારમાં એ દુઃખ છે. વિષયની વાસનામાં, રાગમાં, રળવામાં, કમાવામાં, પાંચ-દસ લાખ પેદા કર્યા, સાંભળ્યું જ્યાં આટલા લાખ પેદા (થયા), એ વિકલ્પ ઉઠ્યો એ મહા દુઃખ છે, કહે છે. આહા..હા..! શેનો માને પણ ? આંધળી આંખો થઈ છે ને ? આંખમાં અંધારા થઈ ગયા છે. આમ છતી ચીજ હોય પણ જોતો નથી.

કહે છે કે, સંસારમાં ક્યાંય એણે કલ્પ્યું છે એ સુખ જ નથી. '...........**दुःखं**' સત્ય રીતે કહીએ તો એ એકલું દુઃખ જ છે. ક્યાંય ગંધ નથી. પૈસા કરોડ થયા, બાયડી અનુકૂળ મળી, છોકરા સારા થયા ને હજીરા મોટા સોનાના બંગલા બનાવે ને હાથીના દાંતની બારીયું, હાથીના દાંતની બારીયું ને આમ લટકતી હોય રેશમની ફૂલની હાર આમ બધે ચારેકોર. ઓહો..હો..! બંગલામાં અને એ પાલીશ લાકડા એના બધા... શું કહેવાય એના ? દાદરાના ને એની ખુરશીઓના ને પાલીશ કરેલા, હોં ! અરે..! બાપુ ! નીકળવા કઠણ પડશે, હોં !

એક ઠેકાણે, ભાઈ ! જોયું હતું ને ? કીધું હતું ત્યાં. એક ઠેકાણે વ્હોરવા ગયા ત્યાં આમ બધું પાલીશ... પાલીશ... પાલીશ... દાદરા પાલીશ, પેલા પાલીશ, મૂડી બહુ નહિ પણ બધું પાલીશ. આમાંથી આને નીકળવું કઠણ પડશે. આહા..! ભાઈ ! ગૃહસ્થ (પાસે) બહુ પૈસા નહિ પણ એ જાતનો શોખ જ બહુ, થોડા પૈસામાં પણ બધું પાલીશદાર. આહા..હા..! અને આમ રાખે છે ને તમારે આ લુગડા લટકતા ને... શું કહે છે એને ? .... બેસવાનું ચારેકોર ખુરશી ને બધું પણ પાલીશ, હોં ! આહા..હા..! અને સવારમાં ઉઠીને મોટા આવડા રૂપિયા રૂપિયાના સાબુ પણ સાફ... સાફ.. લુગડા પાછા એના ધોબીના કેવા કહેવાય ? ઇસ્ત્રી. આમ બરાબર કડક રહી ગઈ હોય, અહીં આમ કડક રહ્યું હોય. અરે..રે..! આમાંથી નીકળવું પડશે જે દિ', સલવાય રહેશે આમાં.

આચાર્ય મહારાજ કહે છે, (સુખની) ગંધ પણ નથી તને. એ સુખ તું માની રહ્યો છો, પ્રભુ ! તારો આનંદ ને સુખ તો તારા શરણમાં છે. આ નિત્યના ભાનપૂર્વકની આ ભાવના છે, હોં ! નહિતર એકલી અનિત્ય ભાવના થાય એ તો એકલી અનિત્ય જાગરિકા થઈ ગઈ કહેવાય. અનિત્યમાં જ ગયો એ તો બૌદ્ધની પેઠે. સમજાય છે ? બૌદ્ધને ભાવના હતી કે આ ક્ષણિક છે ને આ દુઃખ છે. એ તો બધી અનિત્ય જાગરિકા હતી. અનિત્યમાં જાગતો. આ તો નિત્યના ભાનમાં આવી ભાવના કરે છે, તેમાં વૈરાગ્યની વૃદ્ધિ થાય છે, એને અહીં

ભાવના કહેવામાં આવે છે, એને અહીં સંવર કહે છે.

'તત્ત્વાર્થ સૂત્ર'માં 'ઉમાસ્વામી' ભગવાને બાર ભાવના સંવરના અધિકારમાં લીધી છે. એવી ભાવના ગૃહસ્થોએ દિન દિન પ્રત્યે કરવી. હવે આ કરવું કે અમારે તો પૈસા ભેગા (કરવામાં) રહેવું ? પણ મરી જાઈશ હવે. તારા પૈસા-પૈસા ધૂળમાં પણ નથી, એક ડગલું પણ સાથે નહિ આવે. સમજાય છે કાંઈ ? આ વિચારણા તો કર કે, સંસારમાં '**દુઃખ હૈ સો સત્ય હૈ કિન્તુ વાસ્તવિક સુખ મોક્ષમેં હી હૈ. ઇસલિયે તુઝે મોક્ષકી પ્રાપ્તિકે લિયે હી પ્રયત્ન કરના ચાહિયે.**' કહો, સમજાણું ?

જુઓ ! 'શ્રીમદ્' પણ 'અપૂર્વ અવસર'માં નથી કહેતા ?

**સર્વ ભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી,**
**માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો;**
**અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં,**
**દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો.**
**અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?**

લાખોના મોતીના વેપાર હતા, બાયડી-છોકરા (હતા) પણ આ ભાવના ઘુંટાતી હતી અંદર. સમજાય છે કાંઈ ? આ વસ્તુની અંદર.. ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ ? ક્યારે થઈશું બાહ્ય અંતર નિર્ગ્રંથ ? પણ આ રૂપિયા છે ને લાખોના, મોતીના વેપાર છે ને મોટા ? બાયડી, છોકરા મોટી આબરુ છે, મહા બુદ્ધિવાળા. અરે..! આ નહિ, હોં ! આ નહિ. અમારા સ્થાન જ્યાં રહેઠાણ છે, એ રહેઠાણ આમાં નહિ. અમારું સ્થાન તો અંતરમાં બાહ્ય અભ્યંતર નિર્ગ્રંથ દશા કરીએ, એમાં રહીએ. એ ગૃહસ્થાશ્રમમાં આવી ભાવના કરે છે. કહો, સમજાણું કાંઈ ?

## શ્લોક-૪૮

**एकत्वभावनाका स्वरूप।**

**स्वजनो वा परो वापि नो कश्चित्परमार्थतः।**
**केवलं स्वार्जितं कर्म जीवेनैकेन भुज्यते।।४८।।**

**અર્થ :– યદિ નિશ્ચયરીતિસે દેખા જાવે તો સંસારમેં જીવકા ન તો કોઈ સ્વજન હૈ ઔર ન કોઈ પરજન હી હૈ તથા યહ જીવ અપને કિયે હુવે કર્મકે ફલકો અકેલાહી ભોગતા હૈ. ૪૮.**

અહો..! ધર્મી એવો દિન પ્રત્યે વિચાર કરે છે. **'યદિ નિશ્ચય રીતિસે દેખા જાવે તો સંસારમેં જીવકા ન તો કોઈ સ્વજન હૈ...'** આ સંસારમાં કોઈ સ્વજન પણ નથી. **'ઔર ન કોઈ પરજન હી હૈ...'** કોને કહેવા સ્વજન ને કોને કહેવા પરજન ? બાયડી, છોકરા, કુટુંબ, એ મકાન કરેલા એ તો સ્વજન કહેવાતા હશે કે નહિ ? ધૂળમાં પણ સ્વજન નથી તારા, એ તો એના છે. તારા ક્યાંથી આવી ગયા તને ? **'નિશ્ચયરીતિસે દેખા જાવે તો સંસારમેં જીવકા ન તો કોઈ સ્વજન હૈ ઔર ન કોઈ પરજન હી હૈ તથા યહ જીવ અપને કિયે હુએ કર્મકે ફલકો અકેલાહી ભોગતા હૈ.'** નરકમાં હો, તિર્યંચમાં હો, મનુષ્યમાં હો કે દેવમાં હો પોતાના બાંધેલા પાપના કર્મ, એકલો ભોગવે છે. કોઈ સામું જોવા આવતું નથી. કહો, સમજાણું કાંઈ ?

કથામાં એક દૃષ્ટાંત છે. મોટા ભાઈ ને નાનો ભાઈ બે (ભાઈ) હતા. એ નાના ભાઈ માટે મોટાને બહુ પ્રેમ (એટલે) ખુબ માંસ ને ડુંગળી ને લસણ ને પેલા રોગ વખતે લાવીને આપ્યા. પછી ? બહુ પ્રેમ ભાઈ ઉપર. આપણા સ્વજન છે, આપણો ભાઈ છે, ખૂબ પાપ કર્યાં. પેલો મોટો મરીને ગયો નરકે અને નાનો મરીને ત્યાં અસુરદેવ થયો. અસુરદેવ આવ્યો મારવા એને. એલા પણ આ ? આ મેં તારા માટે પાપ કર્યાં હતા ને તે દિ' ! મેં ડુંગળી લાવી દીધી, લસણ લાવી દીધા, કુકડાના ઈંડા લાવી દીધા. આ મેં તારા માટે કર્યું. કોણે કહ્યું હતું તને ? સમજાય છે કાંઈ ? પેલો નાનો મરીને થયો અસુરદેવ પરમાધામી, જેની સેવા કરી હતી પેલા મોટાએ. મોટો થયો નારકી. એમાં પેલો પરમાધામી નારકીને મારવા જ્યાં આવે છે, ત્યાં ખ્યાલ આવે છે કે, આ તો પેલો ભાઈ હતો ને ! મેં આના માટે પાપ કર્યાં છે. કોણે કીધું હતું તને ? કોણે કીધું હતું તને ? કે, મારા માટે પાપ કરજે. અહીં તો જેલરની પેઠે માર્યે છૂટકો. સમજાય છે કાંઈ ? સૌના ઉપાર્જેલા કર્મ સૌ ભોગવે છે.

**'એકત્વભાવના...'** ઓહો..હો..! જુઓને ! 'રાવણ' જેવા મોટા ત્રણ ખંડના ધણી, જેની દેવ સેવા કરે, વિદ્યાઓ તો હજારો વિદ્યાઓ જેને, એ મરીને નરકમાં જાય છે. 'સીતાજી'ને હરે છે, 'સીતાજી' જાય છે સ્વર્ગમાં. અરે..! એને એમ થાય છે કે, અરે..! ત્યાં જાઉં અને આનું કાંઈક કરું. જાય ત્યાં એને ઉપાડે છે. હું અહીંથી નહિ નીકળું શકું. મારા બાંધેલા કર્મ, અહીં હું ભોગવ્યે છૂટકો છે. સમજાય છે કાંઈ ? એ પારાની જેમ, પારો હોય ને ? રજકણો આમ પેલા થઈ જાય, એમ 'લક્ષ્મણજી'એ પાપ કરેલા ને નરકમાં ગયા, 'સીતાજી' લેવા જાય છે અરે..રે..! મારા દિયર હતા, મારા દીકરાની પેઠે (હતા), મને માતા તરીકે રાખતા. મારી સાથે રહેતા પણ મારા કપડા ને મારા લુગડા ને મોઢુ કેવું એણે કોઈ દિ' જોયું નથી. સમજાય છે ? આવા પ્રીતિવાળા મને મા તરીકે માનતા.

જ્યારે 'રાવણ' લઈ ગયા ત્યારે 'રામ' 'લક્ષ્મણજી'ને પૂછે છે, 'લક્ષ્મણ' ! બહુ ભગત છે 'લક્ષ્મણ' 'રામચંદ્રજી'નો. 'લક્ષ્મણ' ! ક્યાંય 'સીતાજી' જોયા ? એના ક્યાંય દાગીના

(જોયા) ? ('લક્ષ્મણજી' કહે છે), તાત ! આટલા વર્ષમાં રહ્યો ભેગો પણ એમના પગમાં જે કાંઈ દાગીનો હતો એટલી એકવાર નજર પડી હતી. આ જાતનો દાગીનો. બાકી મને મારી માની કાંઈ ખબર છે નહિ. સ્વર્ગમાં 'સીતા'ને એવી યાદગીરી આવે છે. 'લક્ષ્મણ' નરકમાં (ગયા છે). જાય છે ત્યાં. અરે..! 'લક્ષ્મણજી' આ તમે, અમારા પુત્ર તરીકે તમે કામ કર્યા, અમારા બન્નેની 'રામચંદ્રજી' ને 'સીતાજી'ની સેવાઓ કરી. જંગલમાં થાકીને જાય (ત્યારે) એ ફૂલની પથારીઓ (પાથરે). ફૂલ તોડી આવે ને 'રામચંદ્રજી' ને 'સીતાજી' માટે પથારીઓ કરે, પછી પોતે ખાય. એ વિના ખાય નહિ. અરે..! પણ આ (સ્થિતિ) ? 'સીતાજી' ત્યાં લેવા જાય છે. આમ ઉપાડવા જાય છે ત્યાં પારાની જેમ ખરે છે. અરે..! તમારા કરેલા પુણ્યને ભોગવો, અમારા કરેલા પાપ અમે ભોગવીએ, એમાં કોઈનો સહારો છે નહિ. સ્વજન કોના ને પરજન કોના ? આમાં કોને કહેવા ? આવી વૈરાગ્યની ભાવના ગૃહસ્થાશ્રમમાં વારંવાર ધર્મીને હોવી જોઈએ. કહો, સમજાણું કાંઈ ?

'**યહ જીવ અપને કિયે હુવે કર્મકે ફલકો અકેલા હી ભોગતા હૈ.**' એકલો ભોગવે છે. માર્યો પેલાએ, પરમાધામીએ પેલાને (માર્યો). પણ ભાઈસાહેબ ! આ તારા માટે કર્યા ને ? કોણે કહ્યું હતું તને ? અહીં તો ... પણ ભડનો દીકરો. એ કહે કે, આ અમે તારા માટે (પાપ કર્યા). મૂઢ તારા માટે ક્યાં કરે છે ? તારા વિકારી ભાવને માટે તું પોષી રહ્યો છો, પરને માટે ત્રણકાળમાં, ત્રણલોકમાં કોઈ કરતું નથી. કોણે તને કહ્યું હતું ? મારફાડ. તેલના એવા  ના પાણી કરીને મોઢામાં આપે. ભાઈસાહેબ ! મેં તમને ડુંગળી ખવડાવી હતી. એના બદલે આ લે. ધગધગતા લોઢાના અને કથીરના પાણી, નાના ભાઈ મોટા ભાઈને પાય. આહા..હા..! છોકરો બાપને પાય, આ તો દાખલો એનો છે. છોકરા માટે પાપ કર્યા ને મરી ગયો છોકરો, છોકરો થયો અસુર ને બાપ થયો નારકી, મારફાડ. ભાઈસાહેબ ! મેં તારા માટે કર્યું છે. કોણે કીધું હતું તને ? ક્યાં બાપ ને કોણ દીકરો ? જગતમાં છે જ ક્યાં કોઈ ચીજ. કોઈ કોઈની ચીજ નથી, તેં કર્યા ભોગવ તું. તારા કર્યા તું ભોગવ, એમ પેલો ચોપડે સરખાઈની.

અહીં કહે છે ને, જુઓને ! '**અપને કિયેહુવે કર્મકે ફલકો અકેલાહી ભોગતા હૈ.**' કોઈ ભોગવનાર બીજો નથી.

# શ્લોક–૪૯

**अन्यत्वभावनाका स्वरूप।**

**क्षीरनीरवदेकत्र स्थितयोर्देहदेहिनोः।**
**भेदो यदि ततोन्येषु कलत्रादिषु का कथा।।४९।।**

**અર્થ :– શરીર ઔર આત્માકી સ્થિતિ દૂધ તથા જલકે સમાન મિલી હુઈ હૈ યદિ યે દોનોં ભી પરસ્પરમેં ભિન્ન હૈં તો સર્વથા ભિન્ન સ્ત્રી પુત્ર આદિ તો અવશ્યહી ભિન્ન હૈં ઇસલિયે વિદ્વાનોંકો શરીર, સ્ત્રી, પુત્ર આદિકો અપના કદાપિ નહીં માનના ચાહિયે. ૪૯.**

આહા..હા..! સંસારમાં ભાવના ભાવવાની વાત જંગલમાં સંતો કહી ગયા. અરે, ભાઈ ! આ નાશવાન છે ને ? તું એમ માને છો કે, આ શરીર મારું. '**શરીર ઔર આત્માકી સ્થિતિ દૂધ તથા જલકે સમાન મિલી હુઈ હૈ...**' દૂધ અને જળ જેમ ભિન્ન છે, એમ ભગવાન આત્મા ને દેહ તદ્દન ભિન્ન, તદ્દન ભિન્ન બન્ને જુદી જુદી ચીજ છે. '**યદિ યે દોનોં ભી પરસ્પરમેં ભિન્ન હૈં...**' બે જ્યાં એક ક્ષેત્રે રહેલી બે ચીજો તદ્દન પ્રભુ ચૈતન્ય અને આ દુશ્મન દેહ, શાસ્ત્રમાં દેહને દુશ્મન કહ્યો છે, બે જુદે જુદી ચીજ છે. સમજાય છે ? ચૈતન્યનો જાણનાર દેખવાનો સ્વભાવ જડનો સડન, પડણ, વિધ્વંસણ સ્વભાવ. સમજાણું ?

'**યે દોનોં ભી પરસ્પરમેં ભિન્ન હૈં તો સર્વથા ભિન્ન...**' તો આઘે રહેલી તારી બાયડી, છોકરા ને પૈસા ને ધૂળધમાહા તો ક્યાંય રહી ગયા, એમ કહે છે. સમજાણું કાંઈ ? એક જગ્યાએ રહેલી બે ચીજ જ જુદી છે. '**તો સર્વથા ભિન્ન સ્ત્રી...**' છે ને નામ ? '**कलत्र**' સ્ત્રી, પુત્ર, દીકરી, જમાઈ, શેઠ, શેઠાણી વગેરે બધું લેવું. એ આદિ તો તારાથી ક્યાંય સર્વથા જુદા પરિણમન કરી રહ્યાં છે. તારે ને એને કાંઈ સંબંધ નથી. એમ ધર્મી જીવ દરરોજ આવી ભાવના પોતાના આત્મામાં કરે, જેથી એને દૃષ્ટિપૂર્વકના વૈરાગ્યની વૃદ્ધિ થાય. અને એને સંવર કહેવામાં આવે છે.

જુઓ ! આ એનું દરરોજનું કર્તવ્ય છે. ભાવનાના નામ પણ આવડતા ન હોય. ભગવાન જાણે. એના ડબ્બા ખડક્યા હોય દુકાનમાં, એ બધી ખબર હોય એને. કે, આ આટલા વકીલ ને આ અમારા અસીલો છે ને આ અમારા ઘરાક છે ને પચ્ચીસ વર્ષ પહેલા એક ઘરાક આવ્યો હતો ને એણે મને આમ પૈસા આપ્યા હતા. એ બધી યાદગીરી હોય. એમ

વેપારમાં હિરા-માણેકવાળાને યાદગીરી હોય, કપડાવાળાને કપડાની યાદગીરી હોય. આ... ભગવાન જાણે શું કીધું હશે ? ભાવના એટલે શું ? બાર ભાવના એટલે શું ? સમજાણું?

કહે છે, અરે..! દેહ ને આત્મા એક જગ્યાએ નિકટ સંબંધમાં રહેલા, તે પણ જ્યારે જુદી ચીજ છે તો પછી જે સર્વથા જુદી બાયડી, છોકરા, કુટુંબ, પૈસા, હજીરા એટલે મકાન, દાગીના, આબરૂ જરૂર ભિન્ન છે. એને ને તારે કાંઈ લાવલાતરે સંબંધ નથી. '**ઇસલિયે વિદ્વાનોંકો...**' સમજાણું ? ઉપરથી લઈએ. '**स्थितयोर्देहदेहिनोः भेदोयदि ततोन्येषु कलत्रादिषु का कथा**' તો પછી દૂરની ચીજની શું વાત કરવી ? એ તો ક્યાંક રહી છે, તારે લઈને ક્યાં આવે છે ને જાય છે ? સમજાણું કાંઈ ? એમ સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં ધર્મી જીવ આવી વારંવાર ભાવના કરે છે. છઠ્ઠી અશુચિભાવના.

## શ્લોક–૫૦

**अशुचित्वभावनाका वर्णन।**

**तथाशुचिरयं कायः कृमिधातुमलान्वितः।**
**यथा तस्यैव संपर्कादन्यत्राप्यपवित्रता।।५०।।**

**અર્થ :– કીડા, ધાતુ, મલ, મૂત્ર આદિ અપવિત્ર પદાર્થોંસે ભરા હુવા યહ શરીર ઇતના અપવિત્ર હૈ કિ ઉસકે સંબંધસે દૂસરી વસ્તુ ભી અપવિત્ર હો જાતી હૈ. ૫૦.**

જુઓ ! શરીરની વાત કરે છે. અરે..! '**કીડા, ધાતુ, મલ, મૂત્ર આદિ અપવિત્ર પદાર્થોંસે ભરા હુવા યહ શરીર હૈ...**' આ શરીરમાં શું છે ? આ છઠ્ઠી ભાવના. કીડા અંદર.. શું કહેવાય ? કૃમિ, માંસ, મેદ, હાડકા, લોહી, ચામડા, વીર્યથી એ ભરેલી ચીજ છે. એમાં ક્યાંય કોઈ એક શરીરની ચામડી ઉતરડીને, શેરડીની જેવી એક ચામડી ઉતરડે, શેરડી સમજતે હૈ ? ગન્ના. છોલ, એક એટલી છોલ ઉતારે ધોળી શેરડી જેવી લાગે, એમ આ છોલ ઉતારે તો માંસ એકલા દેખાય. થુંકવા પણ  ભો ન રહે.

કહે છે, '**કીડા,...**' જીવડા હોય છે ને ? કૃમિ આદિ. '**ધાતુ, મલ, મૂત્ર...**' વિષ્ટા. મળ એટલે વિષ્ટા, મૂત્ર એટલે પેશાબ. '**આદિ અપવિત્ર પદાર્થોંસે ભરા હુવા યહ શરીર ઇતના અપવિત્ર હૈ કિ ઉસકે સમ્બન્ધસે દૂસરી વસ્તુ ભી અપવિત્ર હો જાતી હૈ.**' ઊંચામાં ઊંચા સુગંધી આમ ફૂલ નાખો, અડાડો. અત્તર લગાડો, મેસુબ ખોસો આમાં (તોપણ) દુર્ગંધ દુર્ગંધ થઈ જાય. પવિત્ર ચીજોને અપવિત્ર બનવાનું આ એક યંત્ર છે. સમજાણું

કાંઈ ? મેસુબની વિષ્ટા થાય, મોસંબીના પાણીના પેશાબ થાય. એ બીજા કોઈ યંત્રમાં ન થાય. થાય ? આ એક સંચો એવો છે. એ ચીજ શરીરને અડે તો (કહે), હવે નહિ, આમ સુંઘી લીધી હોય તો આમ ગંધ મારે. નાક અડ્યું કે પરસેવો અડ્યો, આમ શરીરને અડે ને કેરી આમ શરીરને અડાડી તો આમ કરે. અપવિત્ર પદાર્થ પોતે છે અને કોઈ પવિત્ર એટલે લોકમાં સુગંધ આદિ જણાય એ પણ આના સંગે ક્ષણમાં અપવિત્ર થઈ જાય છે. કહો, સમજાણું કાંઈ ?

ધર્મી જીવે આવી ભાવના દિન પ્રત્યે કરવી જોઈએ, નહિતર ધીઠો થઈને ચાર ગતિમાં રખડશે કે ક્યાંય પત્તો ખાશે નહિ. જાય ચોરાશીના વંટોળીયામાં જેમ એક તરણું ફરે. મોટો ઉડ્યો હોય વંટોળીયો, વંટોળીયો થાય છે ને ? એમાં એક તરણું મોટું આમથી આમ આમથી આમ અથડાય. એમ ચોરાશીના અવતારમાં એ અથડાશે, ક્યાંય સ્થંભીને સ્થિર થવાનો એને અવસર મળશે નહિ. કહો, સમજાણું ?

ભાવાર્થમાં છે ને ? **'અત્તર, ચન્દન, વસ્ત્ર, આભૂષણ આદિ...'** ઊંચા શરબતી મલમલ જો પહેર્યા હોય તો આમ તરત એક દિ' એ ગંધાય. ઉનાળાના દિવસમાં બે, ત્રણ કલાક પરસેવો લાગે, કડક લુગડુ થઈ જાય ને સુંઘે તો ગંધાય. એ આને સંગે. **'ચન્દન, વસ્ત્ર, આભૂષણ...'** દાગીના પણ એમ ને એમ પડ્યા રહે પરસેવામાં તો આમ દાગીના પણ ગંધાય.

**'યદ્યપિ અત્યન્તસુગંધિત તથા પવિત્રપદાર્થ હૈં તો ભી યદિ ઉનકા સંબંધ એકસમય ભી ઇસ શરીરસે હો જાવે તો વે સર્વ અપવિત્ર હો જાતે હૈં તથા ઐસે અપવિત્ર હો જાતે હૈં કિ ફિરસે સજ્જનપુરુષ ઉનકે સ્પર્શ કરનેમેં ભી ઘૃણા કરતે હૈં...'** એકવાર લુગડુ આવ્યું, જુઓને ! દરરોજના દરરોજ સાફ કરાવે છે ને કેટલાક ? આજનું પહેરેલું લુગડુ કાલ નહિ, જાઓ, ધોઈ નાખો. સમજાણું ? **'ઘૃણા કરતે હૈં...'** એક દિ'નું એ લુગડુ, હવે ભાઈ ! ગંધાય મારે છે, પરસેવો (થયો હતો). સાફ સાફ આમ ઊંચી ચીજ હતી ને ?

**'વિષ્ટા, મૂત્ર, કફ આદિ અપવિત્ર વસ્તુઓંકી ભી ઉત્પત્તિ ઇસી શરીરસે હોતી હૈ...'** દેખો ! બીજા શરીરમાં થાય ? એકલો રોટલા નાખે તો એમાંથી વિષ્ટા થાતી હશે ? કોઈ સંચામાં એકલા રોટલા નાખે તો વિષ્ટા થાતી હશે કાંઈ ? ઝીણો લોટ થઈ જાય. આ એક સંચો એવો છે કે સારામાં સારા આમ લાડવા ને આ ને ધૂળ ને ધાણી જે કહે સારા, સારા. શું હતું આ તમારે ? મેસુબ. લાડવા હતા ? જે હોય એ. લ્યોને ! એ આમ જ્યાં મોઢાને અડ્યું, લાળ અને કુતરા ખાય એવી એંઠ, પછી હેઠે ગળે ઉતરે. ભાઈ ! ત્યાં કેવું ઉતરતું હશે ? કટકો ઉતરતો હશે પાધરો ? સમજાણું કાંઈ ? એ ઊંચામાં ઊંચું બટકુ આમ નાખીને ઓગળ્યા પહેલા અરીસામાં જરી જોવે (તો) કૂતરાની એંઠ લાગે.

હાય..હાય..! આ ખાઉં છું ને મજા માણે છે. તારી વૃત્તિમાં પ્રેમ ગૃદ્ધિ છે. ન્યાં તો ચીજ છે એ છે. શરીરના સ્પર્શથી ઘૃણા થઈ જાય.

**'ઇસલિયે ઇસ શરીરકે સમાન સંસારમેં કોઈ ભી અપવિત્ર પદાર્થ નહીં હૈ. અતઃ સજ્જનોં કો કદાપિ ઇસમેં મમત્વ નહીં રખના ચાહિયે...'** આના જેવું અપવિત્ર, કોઈ શરીર જેવી કોઈ બીજી ચીજ નથી. **'કિન્તુ ઇસસે હોનેવાલે જો તપ આદિ ઉત્તમ કાર્ય હૈ ઉનસે ઇસકો સફલ હી કરના ચાહિયે.'** એ તો પછી એણે મુક્યું. માટે કહે છે, આવો મનુષ્ય દેહ પામીને એણે આત્માનું ભાન કરીને આત્માનું કાંઈ સફળ કામ કરો. નહિતર આ દેહ તો બધું સમજવા જેવી ચીજ છે. સાતમી આસ્રવભાવના.

## શ્લોક–૫૧

**आस्त्रवभावनाका स्वरूप।**

**जीवपोतो भवाम्भोधौ मिथ्यात्वादिकरन्ध्रवान्।**
**आस्त्रवति विनाशार्थं कर्माम्भः प्रचुरं भ्रमात्।।५१।।**

**અર્થ :– ઇસ સંસારરૂપીસમુદ્રમેં જિસસમય યહ જીવરૂપીજહાજ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગરૂપ, છિદ્રોંસે સહિત હોતા હૈ ઉસસમય યહ અપને વિનાશકેલિયે અજ્ઞાનતાસે પ્રચૂર કર્મરૂપી જલકો આસ્રવરૂપ કરતા હૈ. ૫૧.**

અરે..! **'ઇસ સંસારરૂપી સમુદ્રમેં જિસ સમય યહ જીવરૂપી જહાજ મિથ્યાત્વ, અવિરતી, પ્રમાદ, કષાય, યોગરૂપ છિદ્રોંસે સહિત હોતા હૈ...'** વહાણમાં છિદ્ર હોય તો અંદર પાણી (આવે), બૂડવા માટે વહાણ છે એ. એમ સંસારરૂપી વહાણ, એની અંદર મિથ્યા–વિપરીત માન્યતા, પ્રમાદ, કષાયનો મહાપાપ ભાવ, એવા **'છિદ્રોંસે સહિત હોતા હૈ ઉસ સમય યહ અપને વિનાશકે લિયે અજ્ઞાનતાસે પ્રચૂર કર્મરૂપી જલકો આસ્રવરૂપ કરતા હૈ.'** મહા કર્મ બાંધે, મહા કર્મ. હોશિયારી, હોશિયારીથી આમ કરતો હોય જાણે. આહા..હા..! આપણે તો જાણે ઘણા કામ કર્યા, હોં ! બહુ કામ, બહુ કામ કર્યા. ઝેર પીવાના ! એકલા ઝેર. ભગવાન આત્મા અમૃતને એણે ઝેરમાં ઘુંટી નાખ્યો. પેલી કાકડી થાય છે ને ? કાકડીને શું કહે છે ? સમજ્યા ? કકડી, કકડી. ઝેર કાઢી નાખે અંદરથી. ભગવાન આત્મા અમૃતમૂર્તિ પ્રભુ, કહે છે એને ભૂલીને જે મિથ્યાશ્રદ્ધા, રાગ, દ્વેષ ને વિકાર, એ છિદ્ર પડ્યા એમાં. નવા આવરણના પાપના ઢગલા ત્યાં આવે છે. સમજાણું કાંઈ ?

'રત્નકરંડ શ્રાવકાચાર'માં (કહે છે), જુઓને ! આ આવરણ આવે છે તોપણ શુદ્ધતા છે નહિ. અને આવરણ ન આવે તો મારા ભાવની શુદ્ધતા છે એ જ મારે પવિત્રતાનું કારણ છે. એમ કાંઈક છે, એક કળશ છે, શ્લોક છે. જેમ પેલો દાખલો છે ને ? એવો દાખલો છે આ. 'પુત્ર કપુત્ર તો સંચય શાનો, પુત્ર સુપુત્ર તો સંચય શાનો' એવી શૈલી છે. પુત્ર જો કપુત્ર જાગ્યો, તારા દીકરા કપુત્ર જાગ્યા તારું ભુસાડ્યું વાળી જશે બધું પાછળથી. કોના માટે સંચય કરે છે ? મૂર્ખ. અને 'પુત્ર સુપુત્ર તો સંચય શાનો ?' અને સુપુત્ર હોય તો તારા કરતા પુણ્યમાં વૃદ્ધિ થશે. કોને માટે સંઘરીને પડ્યો છો ? મુનિને પડી છે કાંઈ. દુનિયાની પડી છે. એને વૈરાગ્ય કરાવે છે. અરે..! ભગવાન આ શરણ નથી બીજે, હોં ! આ કર કાંઈક, આ કર. એ વિના તારો કાંઈ ઉદ્ધાર થશે નહિ.

અહીં કહે છે, સંસારમાં જેમ **'અપને વિનાશકે લિયે...'** એ વિકારભાવ જે છિદ્ર પડ્યો, મિથ્યાત્વનો, અજ્ઞાન રાગ-દ્વેષનો એને ડુબવા માટે છે. એ વહાણમાં કાંણા પડ્યા એ દરિયામાં ડુબવા માટે છે. **'પ્રચૂર કર્મરૂપી જલકો આસ્રવરૂપ કરતા હૈ.'** લ્યો ! એ પ્રમાણે સમજવું. સંવરનું સ્વરૂપ.

## શ્લોક–૫૨

**संवरका स्वरूप।**

**कर्मास्त्रवनिरोधोऽत्र संवरो भवति ध्रुवम्।**
**साक्षादेतदनुष्ठानं मनोवाक्कायसंवृतिः।।५२।।**

**અર્થ :– આયે હુએ કર્મોંકા જો રુકજાના હૈ વહી નિશ્ચયસે સંવર હૈ તથા મન, વચન, કાયકા જો સંવરણ (સ્વાધીન) કરના હૈ યહી સંવરકા આચરણ હૈ. ૫૨.**

સંવરની ભાવના, ધર્મી સંવરની (ભાવના ભાવે છે). સંવરનો અર્થ જ્યાં કરે છે કે, સ્વાધીન (સંવરણ) કરના, સંવર કરના છે ને ? સંવરણ. સંવરણ એટલે સ્વાધીનપણાની પ્રગટ દશા કરવી. એને અહીંયા સંવર કહેવામાં આવે છે. **'આયે હુએ કર્મોંકા જો રુક જાના હૈ...'** એ વ્યવહાર છે. **'આયે હુએ...'** આવ્યા એ કાંઈ રોકાતા નથી. પણ આત્માની શુદ્ધતા ચૈતન્યની દૃષ્ટિની ભાવના કરતાં નવા કર્મો આવતા નથી, એ આવતા હતા એને રોક્યા, એમ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એ બહારના કોઈ આમ હાથ જોડે કાંઈ આસ્રવ-બાસ્રવ રોકાતા નથી. અને નિમિત્તો છોડ્યે આસ્રવ રોકાતા નથી. ભગવાન

આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય સ્વરૂપ એની દૃષ્ટિપૂર્વક એમાં એકાકારની ભાવના (થતા) એનાથી નવા આવરણો અટકે છે, બીજો કોઈ ઉપાય છે નહિ. કહો, સમજાણું કાંઈ ? એ સંવરભાવના.

**'વહી નિશ્ચયસે સંવર હૈ તથા મન, વચન, કાયકા જો સંવરણ (સ્વાધીન) કરના હૈ યહી સંવરકા આચરણ હૈ.'** એને સંવરનું આચરણ કહેવામાં આવે છે. લ્યો ! આ હાથ જોડીને બેઠા .... એ સંવર-ફંવર નથી, એમ કહે છે. કહે છે ને સંવર કર્યો છે, હમણા સામાયિક કરી. ધૂળમાં પણ તારી સામાયિક નથી, સાંભળને હવે ! સમજાણું ? અને મન તો ક્યાંય ફરતું હોય. એની તો અહીંયા વાત પણ નથી. કદાચ તારો શુભભાવ હોય તો પણ એ સામાયિક નથી. સમજાણું ?

એક હતી વહુ ને સાસરો બન્ને. વહુ હતી ડાહી જરીક અને સાસરો બેઠો હતો સામાયિકમાં. એનું મન ખબર કે, આ સાસરો સમજવા જેવો (છે). દુકાનની ખટપટ ને ધંધો ને... એક માણસ આવ્યો એ કહે, તમારા સાસરા ક્યાં છે ? એને ખબર હતી કે, સામાયિકમાં બેઠા છે. (છતાં કહ્યું), મારો સાસરો ઢેઢવાડે છે. પેલો બેઠો બેઠો સાંભળે. એવી વહુ પણ હોવી જોઈએને પાછી સરખાયની. પેલો જ્યાં ઉઠ્યો ને આવ્યો (અને પૂછ્યું), તમે કેમ કહ્યું આ ઢેઢવાડે ? તમારું મન ક્યાં હતું એ વખતે ? મન તો બીજે જાતું હશે. ઉઘરાણી નાખી હતી ને હરીજનને પાંચ હજાર ભર્યા હતા એમાં ન્યાં જાવું સાંજના ચાર વાગે એવો વિચાર ચાલતો હતો. ઉઘરાણી માટે ત્યાં જાવું. કારણ કે, એને કાંઈક પૈસા આવ્યા (છે). ત્યારે તમે ઢેઢવાડે હતા, સામાયિક, ફામાયિક કેવા ? સમજાણું કાંઈ ? એ મનની કલ્પના ગોટે ગોટા વાળ્યા જ કરે. પેલી વહુ પણ જરી સરખાઈની હશે. શું ખોટું કહ્યું તમને ? ક્યાં હતું મન વિચારો એ વખતે ? શું ચિંતવના આત્માની કરતા હતા ? બરાબર એ વખતે મારું મન હરીજનને મેં પૈસા ધીર્યા (હતા ત્યાં હતું).

મુમુક્ષુ :–

પૂજ્ય ગુરુદેવશ્રી :– ધૂળમાં. એ તો એ જ કહે છે, સારી વહુ હોય તો એમ કહે. ક્યાં ગયા તમારા સાસરા ? આ પૈસાના લોભમાં ચોંટી ગયા છે ત્યાં અંદર. અસીલ આવો આવે તો એને આમ કહેવું ને એને આમ કહેવું, ભોળો અસીલ હોય તો આમ રળવું, એની પાસે ગયા છે એ. બેઠા છે ને અહીં ઓરડામાં ? ધૂળમાં પણ બેઠો નથી ત્યાં. સમજાણું કાંઈ ? **'યહી સંવરકા આચરણ હૈ.'** લ્યો ! સમજાણું ? એ સંવરભાવના.

# શ્લોક–૫૩

**निर्जराके स्वरूपका वर्णन।**

**निर्जरा शातनं प्रोक्ता पूर्वोपार्जितकर्मणाम्।**
**तपोभिर्बहुभिः सा स्याद्वैराग्याश्रित चेष्टितैः।।५३।।**

**અર્થ :– પહિલે સંચિતહુએ કર્મોંકા જો એકદેશરૂપસે નાશહોના હૈ વહી નિર્જરા હૈ તથા વહ નિર્જરા સંસાર-દેહ આદિસે વૈરાગ્યકરાનેવાલે અનશન, અવમોદર્યાદિ તપસે હોતી હૈ. ૫૩.**

'શ્રીમદ્' પણ એકવાર ગૃહસ્થાશ્રમમાં હતા ને તોપણ ભાવના કેવી કરતા ? 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં,' અરે..! પણ આ (બધું છે ને) ? અરે..! આ તો ધૂળ છે, સાંભળને !

**એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**
**અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.**

એ ૩૨ વર્ષની ઉંમર. આહા..હા..! દેહની. દેહની ૩૨ વર્ષની ઉંમર. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં,' હે આત્મા ! એકલો થઈને સ્મશાનમાં હું એકલો ધ્યાનમાં રહું અને જ્યાં વાઘ ને સિંહના સંયોગ હોય તોપણ આસન તો ડગે નહિ પણ આ મનમાં પણ ક્ષોભ લક્ષમાં આવે નહિ. 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં,' અરે..! પણ અહીં સ્મશાન યાદ કર્યું ? અરે..! શરીરને ઠાઠડીમાં ઉપાડીને સ્મશાનમાં તો બાળવા લઈ જશે બધા, ઓ હો હો ! કરીને. પણ હું એકલો સ્મશાનમાં જઈશ 'ગજસુકુમાર' ની પેઠે.

એવું આવે છે, અરે..! મને ગજસુકુમારની ઘડી હજે. ભાઈ ! મને ગજસુકુમારની ઘડી હજો ! ગૃહસ્થાશ્રમમાં. 'ગજસુકુમાર' જે 'શ્રીકૃષ્ણ' ના નાના ભાઈ. ગજ નામ હાથી જેવું તાળવું, સુકોમળ શરીર. એને એનો સાસરો (માથે) અગ્નિ ભરે છે. આહા..હા..! એવી ઘડી મને હજો, હોં ! સમજાય છે કાંઈ ? એ પળ, એ ક્ષણ, એ દિ', એ ઘડી એ મારા આત્માના ધન્યનો ધન્યનો કાળ છે ઇ. આહા..હા..! એવી ઘડી મને હજો. સમજાય છે કાંઈ ?

આમ વાઘ, સિંહ જુઓ, મનમાં ક્ષોભતા નહિ. 'પરમ મિત્રનો જાણે પામ્યા યોગ. મારે શરીર જોઈતું નથી, મારું સ્વરૂપ નથી. પણ અહીં બેઠા આવી ભાવના ? અરે..! ભગવાન સાંભળને ! જેની સિદ્ધ ઉપર દૃષ્ટિ પડી, જેવા સિદ્ધ ભગવાન નિર્મળાનંદ કેવળજ્ઞાનના કંદ

છે, એવો દેહમાં પ્રભુ હું છું. મારે ને એમાં કાંઈ ફેર છે નહિ. વિકલ્પ ને રાગાદિ, મન આદિનો સંગ મારી ચીજમાં છે જ નહિ. એવી જેને સિદ્ધની દૃષ્ટિ થઈ, એને આવી ભાવનામાં એને સંવર ને નિર્જરા થાય છે. સમજાય છે કાંઈ ?

**'પહિલે સંચિત હુએ કર્મોંકા જો એકદેશરૂપ નાશ હોના હૈ વહી નિર્જરા હૈ તથા વહ નિર્જરા સંસાર-દેહ આદિસે વૈરાગ્ય કરાનેવાલે...'** સંસાર, દેહ અને ભોગ એનાથી **'વૈરાગ્ય કરાનેવાલે અનશન, અવમોદર્યાદિ તપસે હોતી હૈ.'** એવી નિર્જરા બહારના તપનું નિમિત્ત છે. અંદરની શુદ્ધતાની ઉગ્રતાની ઉજ્જવળતામાં એકદેશે કર્મનું ખરવું થાય ત્યારે એમ વારંવાર ધર્મી જીવ નિર્જરાની ભાવના કરે છે. કહો, સમજાણું કાંઈ?

## શ્લોક-૫૪

**लोकानुप्रेक्षाका स्वरूप।**

**लोकः सर्वोऽपि सर्वत्र सापायस्थितिरध्रुवः।**
**दुःखकारीति कर्तव्या मोक्ष एव मतिः सताम्।।५४।।**

**અર્થ :-** યહ સમસ્તલોક વિનાશીક ઔર અનિત્ય હૈ તથા નાનાપ્રકારકે દુઃખોંકા કરનેવાલા હૈ એસા વિચાર કર ઉત્તમપુરુષોંકો સદા મોક્ષકી ઓર હી બુદ્ધિ લગાની ચાહિયે. ૫૪.

**'યહ સમસ્તલોક વિનાશીક ઔર અનિત્ય હૈ તથા નાનાપ્રકારકે દુઃખોંકા કરનેવાલા હૈ એસા વિચાર કર ઉત્તમપુરુષોંકો સદા મોક્ષકી ઓર હી બુદ્ધિ લગાની ચાહિયે.'** લ્યો ! લોકાનુપ્રેક્ષા, લોકની વિચારણા. અનંત વાર માતા સ્ત્રી થઈ, સ્ત્રી માતા થઈ, જગતની અંદર અનંત વાર સંસાર પરિભ્રમણમાં. એની એ સ્ત્રી પૂર્વે દીકરી હતી, એની એ સ્ત્રી ભવિષ્યમાં માતા થાય. આવા અવતાર લોકની અંદર ચૌદ બ્રહ્માંડમાં અનંત કર્યા. એનો એ દુશ્મન ઘરે દીકરો અવતરે, ... દીકરો બીજે ભવે થાય દુશ્મન. કાંઈ આંખની ઓળખાણ ન રહે. એ લોકમાં આ રીતે પરિભ્રમણ કરી રહ્યો છે. માટે તે પરિભ્રમણની વૃત્તિ એને લક્ષમાંથી છોડી, સાધ્ય અંદર બનાવ મોક્ષનું. અરે..! ક્યારે મુકાઉં અને ક્યારે મને પૂર્ણ પદ પ્રાપ્ત થાય. એવી બુદ્ધિ **'મોક્ષકી ઓર હી બુદ્ધિ લગાની ચાહિયે.'** છૂટવાના તરફ, વિકાર અને બંધનથી છૂટવાના તરફ એ બુદ્ધિને પ્રેરણા આપીને લગાવવી જોઈએ. કહો, સમજાણું કાંઈ ?

# શ્લોક–૫૫

**बोधिदुर्लभभावनाका स्वरूप।**

**रत्नत्रयपरि[1]प्राप्तिर्बोधिः सातीवदुर्लभा।**
**लब्धा कथं कथंचिच्चेत् कार्यो यत्नो महानिह।।५५।।**

**અર્થ :– સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રસ્વરૂપરત્નત્રયકી જો પ્રાપ્તિ હૈ ઉસીકા નામ બોધિ હૈ ઔર ઇસ બોધિકી પ્રાપ્તિ સંસારમેં અત્યંતકઠિન હૈ. યદિ કિસીરીતિસે ઉસકી પ્રાપ્તિભી હો જાવે તો ઉસકી રક્ષાકેલિયે વિદ્વાનોંકો પ્રબલ યત્ન કરના ચાહિયે. ૫૫.**

અહો..! '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રસ્વરૂપ રત્નત્રયકી જો પ્રાપ્તિ હૈ ઉસીકા નામ બોધિ હૈ ઔર ઇસ બોધિકી પ્રાપ્તિ સંસારમેં અત્યંત કઠિન હૈ...**' નિગોદમાં અનંત કાળ રહે, જેમાં ત્રસપણું પ્રાપ્ત ન થાય. જુઓને ! આ લીલોતરી. અત્યારે આ વનસ્પતિ લીમડા ને આ બધી ખીલી છે. એક એક કણીમાં અસંખ્ય એકેન્દ્રિય જીવ છે, ઢગલાબંધ ચારે કોર ફાટ્યા છે, હવે એ મનુષ્ય કે દિ' થાય ? એને સમ્યગ્દર્શન (કે દિ' થાય) ? મનુષ્ય કે દિ' થાય ? ઇયળ કે દિ' થાય ? સમજાણું કાંઈ ? એમાં મનુષ્ય કે દિ' થાય ? એમાં આર્યકુળ કે દિ' થાય ? એમાં ઉત્તમ નીરોગતા ને લાંબુ આયુષ્ય અને સત્ સમાગમ ને શ્રવણ અને એમાં પ્રતીતિ–સમ્યગ્દર્શનનો યોગ, બોધિદુર્લભ. મહા દુર્લભ છે. જૈનના ત્યાગી સાધુ થવા છતાં સમ્યગ્દર્શન એ શું ચીજ છે ? (એની પ્રાપ્તિ ન થઈ). આહા..હા..!

ચૈતન્ય મહા રત્ન, એને સમ્યગ્દર્શનના રત્ન વડે એને પ્રતીતમાં લેવું એ મહા અનંતે કાળે જીવને દુર્લભ છે. એવી દુર્લભતા અને જ્ઞાનની દુર્લભતા અને સ્વરૂપની રમણતાની ચારિત્રની દુર્લભતા, જીવને મહાન અનંતે કાળે મહાન પ્રયત્નના ફળમાં મળે છે. એમ શ્રાવકોએ (ભાવવું). જુઓ ! આમાં એમ નથી કહ્યું (રાગની પ્રાપ્તિ દુર્લભ છે). રત્નત્રયની પ્રાપ્તિ બોધિદુર્લભ કીધી છે. કોઈ રાજનું મળવું, ચક્રવર્તીનું મળવું, ઇન્દ્રપદનું મળવું, આ લાખ, બે લાખ, પચાસ લાખનું મળવું બહુ દુર્લભ છે (એમ નથી કહ્યું). ધૂળ પણ દુર્લભ નથી કહે છે કે, સાંભળને ! એવું તો અનંત વાર મળી ચુક્યું છે. એક દુર્લભ ચૈતન્ય દર્શન, જ્ઞાન

૧ પવિત્રાપ્તિરિત્યપિ પાઠાન્તરમ્.

ને ચારિત્રની ત્રણની એકતા એવી બુદ્ધિનું પામવું એ એક જ દુર્લભ છે. સમજાણું કાંઈ ?

'તત્ત્વજ્ઞાન તરંગણી'માં તો બીજો અધિકાર લીધો છે કે, આ પૈસા મળવા, બાયડી-છોકરા મળવા મહા દુર્લભ છે. કઈ અપેક્ષાએ ? કે, એ કાંઈ તારા આધીનથી મળે એવા નથી, એ તો પૂર્વના પુણ્ય હોય તો મળે છે માટે દુર્લભ છે. તું જાણે કે, હું પ્રયત્ન કરું ને આ મેળવી દઉં, ધૂળમાં પણ મળે એવું નથી. મહા દુર્લભ એટલે કે પૂર્વના પુણ્યના પરમાણુનો સહારો હોય તો તે મળે છે. પણ ધર્મ તે સુલભ છે. કેમકે જેમાં રાગ ને નિમિત્તની પણ મદદની જરૂર નથી. સમજાય છે કાંઈ ?

લ્યો ! એક કોર ધર્મ દુર્લભ કીધો ને એક કોર ધર્મ સુલભ કીધો. એક કોર પૈસા દુર્લભ કીધો ને એક કોર પૈસા અનંત વાર મળ્યો કીધો. બન્ને અપેક્ષા છે કે નહિ ? સમજાણું કાંઈ ? લ્યો ! આ તો મહા દુર્લભ રત્નત્રય. અનંત કાળમાં એની પ્રાપ્તિ કોઈ દિ' એણે કરી નથી. હવે દર્શન, જ્ઞાન પામ્યો છતાં ચારિત્રની એકતાની બોધિની ભાવના કરે છે. સમજાણું કાંઈ ?

**'ઉસીકા નામ બોધિ હૈ ઔર ઇસ બોધિકી પ્રાપ્તિ સંસારમેં અત્યંત કઠિન હૈ યદિ કિસી રીતિસે ઉસકી પ્રાપ્તિભી હો જાવે તો ઉસકી રક્ષાકે લિયે વિદ્વાનોંકો પ્રબલ યત્ન કરના ચાહિયે.'** મહા ... કહો, સમજાણું ? પછી એનો ખુલાસો કર્યો છે. આ દુર્લભ છે એમ કરીને... નિગોદનું થવું, ત્યાંથી નીકળવું, પંચેન્દ્રિયનું થવું ને વગેરે.

## શ્લોક-૫૬

**धर्मानुप्रेक्षाका वर्णन।**

**जिनधर्मोऽयमत्यन्तं दुर्लभो भविनां मतः।**
**तथा ग्राह्यो यथा साक्षादामोक्षं सह गच्छति।।५६।।**

**અર્થ :- સંસારમેં પ્રાણિયોંકો જ્ઞાનાનંદસ્વરૂપ નિજધર્મકા પાના અત્યંત કઠિન હૈ ઇસલિયે યહ ધર્મ એસી રીતિસે ગ્રહણ કરના ચાહિયે કિ મોક્ષપર્યંત યહ સાથહી બના રહે. ૫૬.**

અરે..! **'સંસારમેં પ્રાણિયોંકો જ્ઞાનાનંદસ્વરૂપ નિજધર્મકા પાના અત્યંત કઠિન હૈ...'** દેખો ! ધર્મની વ્યાખ્યા. ધર્મ કોને કહેવો ? ભગવાન આત્મા **'જ્ઞાનાનંદસ્વરૂપ નિજધર્મકા પાના અત્યંત કઠિન હૈ...'** આ વ્રત ને દયા-દાન ને ભક્તિ ને એને ધર્મ કહેતા નથી. સમજાય છે કાંઈ ? **'निजधर्मोऽयमत्यन्तं दुर्लभो भविनां'** તેમ **'साक्षादामोक्षं**

**सह गच्छति'** જે અંતર આનંદ સ્વરૂપ નિજધર્મનું પામવું. જ્ઞાનનો આનંદ, જ્ઞાનસ્વરૂપ ભગવાનની અનુભૂતિનો આનંદ, એવો નિજધર્મ. કહો, સમજાણું કાંઈ ?

**'निजधर्मो'** શબ્દ પડ્યો છે ને પાઠમાં ? **'निजधर्मोऽयमत्यन्तं दुर्लभो'** એનો અર્થ કર્યો છે એ નિજધર્મ. નિજધર્મ એ સચ્ચિદાનંદ પ્રભુ આત્મા જે આનંદ ને જ્ઞાનનો સ્વભાવ છે એની પર્યાયમાં પ્રગટ દશા થવી એવો નિજધર્મ અત્યંત દુર્લભ છે. કહો, સમજાણું કાંઈ ? શુભ પરિણામ ને પુણ્યથી નવમી ગ્રૈવેયક ગયો એ કાંઈ દુર્લભ છે નહિ. કહો, સમજાણું કાંઈ ? આવો તો અર્થ આ શ્રાવકાચાર, શ્રાવક અનુષ્ઠાન, શ્રાવકના સંસ્કાર, એમાં આ વાત નાખી છે.

**'निजधर्मोऽयमत्यन्तं दुर्लभो'** વિકારી પરિણામ તો પરધર્મ છે, એ કાંઈ સ્વધર્મ નથી. સમજાણું કાંઈ ? આહા..હા..! **'અત્યંત કઠિન હૈ ઇસલિયે યહ ધર્મ એસી રીતિસે ગ્રહણ કરના ચાહિયે કિ મોક્ષપર્યંત યહ સાથ હી બના રહે.'** મોક્ષ પર્યંત એ ધર્મની દૃષ્ટિ ને જ્ઞાન ને રમણતા એમ ને એમ પૂર્ણ દશા પ્રાપ્ત થાય ત્યાં સુધી સાથે રહે. વચ્ચે વિઘન પડે નહિ એવી પોતાના નિજધર્મની (ભાવના ભાવે છે). જુઓ ! આ બારની છેલ્લી ભાવના. બાર ભાવના. સમજાણું કાંઈ ? મોક્ષ સુધી દૃષ્ટિ સાથે જ રહે. **'જિનેન્દ્રસે કહા હુઆ યહ આત્મસ્વભાવ રત્નત્રયસ્વરૂપ તથા ઉત્તમક્ષમાદિ સ્વરૂપ ધર્મ...'** એ બધો ... **'એસી દઢતાસે ધારણ કરના ચાહિયે કિ મોક્ષપર્યંત...'** અપ્રતિહત દશાથી કેવળજ્ઞાન થયે છૂટકો. એવી રીતે એણે ધર્મની ભાવના કરવી જોઈએ. કહો, સમજાણું કાંઈ ? એ પછી.

## શ્લોક–૫૭

**दुःखग्राहगणाकीर्णे संसारक्षारसागरे।**
**धर्मपोतं परं प्राहुस्तारणार्थं मनीषिणः।।५७।।**

**અર્થ :– નાનાપ્રકારકે દુઃખરૂપી નક્ર-મકરસે વ્યાપ્ત ઇસસંસારરૂપીખારીસમુદ્રસે પારકરનેવાલા ધર્મરૂપી જહાજ હૈ એસા ગણધર આદિ મહાપુરુષ કહતે હૈં ઇસલિયે સંસારસે તરનેકી ઇચ્છા કરનેવાલે ભવ્યજીવોંકો ઇસધર્મરૂપીજહાજકા આશ્રય અવશ્ય લેના ચાહિયે. ૫૭.**

મનુષ્યોને આ **'નાનાપ્રકારકે દુઃખરૂપી નક્ર-મકરસે વ્યાપ્ત...'** એટલે પેલા જીવો મગરમચ્છ આદિ. **'ઇસ સંસારરૂપી ખારી સમુદ્રસે પાર કરનેવાલા ધર્મરૂપી જહાજ**

હૈ' એવા સંસારમાં તો ધર્મરૂપી જહાજ જ પાર કરવાવાળો છે. **'એસા ગણધર આદિ મહાપુરુષ કહતે હૈં ઇસલિયે સંસારસે તરનેકી ઇચ્છા કરનેવાલે ભવ્યજીવોંકો ઇસ ધર્મરૂપી જહાજકા આશ્રય અવશ્ય લેના ચાહિયે.'** પછી...

## શ્લોક-૫૮

**अनुप्रेक्षा इमाःसद्भिः सर्वदा हृदये धृताः।**
**कुर्वते तत्परं पुण्यं हेतुर्यत्स्वर्गमोक्षयोः।।५८।।**

**અર્થ :- જો સજ્જનપુરુષ વારંવાર ઇન બારહ ભાવનાઓંકા ચિંતવન કરતે હૈં વે ઉસ પુણ્યકા ઉપાર્જન કરતે હૈં જો પુણ્ય સ્વર્ગ તથા મોક્ષકા કારણ હૈ ઇસલિયે સ્વર્ગમોક્ષકે કારણસ્વરૂપપુણ્યકો ચાહનેવાલે ભવ્યજીવોંકો સદા ઇન બારહભાવનાઓંકા ચિંતવન કરના ચાહિયે. ૫૮.**

બાર ભાવનાની વાત કરે છે. બાર ભાવના ભાવનારને વિકલ્પ જેટલો રહી જાય એટલું પુણ્ય થાય અને જેટલી વૈરાગ્યની દૃષ્ટિપૂર્વક વૃદ્ધિ થાય તેટલો સંવર ને નિર્જરા થાય. એ બન્ને મોક્ષનું કારણ છે. બન્ને મોક્ષનું કારણ-એક નિમિત્તથી ને એક ઉપાદાનથી. સમજાણું ? અને શ્રાવકોએ...

## શ્લોક-૫૯

**आद्योत्तमक्षमा यत्र योधर्मो दशभेदभाक्।**
**श्रावकैरपि सेव्यौऽसौ यथाशक्ति यथागमम्।।५९।।**

**અર્થ :- ઉત્તમક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, અકિંચન્ય, તથા બ્રહ્મચર્ય, ઇસપ્રકાર ઇન દશ ધર્મોંકા ભી શ્રાવકોંકો શક્તિકે અનુસાર તથા શાસ્ત્રકે અનુસાર પાલન અવશ્ય કરના ચાહિયે. ૫૯.**

લ્યો ! આ દસ લક્ષણી પર્વના દસ ધર્મ આવે છે ને ? અહીં આવે છે. શ્રાવકોને ઉત્તમ ક્ષમાદિ ધર્મ **'શક્તિકે અનુસાર તથા શાસ્ત્રકે અનુસાર પાલન અવશ્ય કરના**

**ચાહિયે.**' એનો ખુલાસો, શ્રાવક છે ને એટલે બહુ વિસ્તાર કર્યો નથી. મુનિના દસ પ્રકારના ધર્મ પણ ભેગા નાખ્યા. એની ભાવના અંશે તો એને કાયમ રાખવી. દસ પ્રકારનો મુનિનો ધર્મ છે અને શ્રાવકને ન હોય, એમ છે નહિ. હવે કહે છે, નિશ્ચય વ્યવહારની સંધિ.

## શ્લોક–૬૦

**अन्तस्तत्त्वं विशुद्धात्मा बहिस्तत्त्वं दयाङ्गिषु।**
**द्वयोः सन्मीलने मोक्षस्तस्माद् द्वितयमाश्रयेत्।।६०।।**

**અર્થ :– ચિદાનન્દચૈતન્યસ્વરૂપઆત્માતો અંતસ્તત્વ (ભીતરીતત્વ) હૈ તથા સમસ્તપ્રાણિયોંમેં જો દયા હૈ વહ બાહ્યતત્ત્વ હૈ ઔર ઇન દોનોંતત્ત્વોંકે મિલનેપર મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ ઇસલિયે મોક્ષાભિલાષી ભવ્યજીવોંકો ઇન દોનોંતત્ત્વોંકા ભલી ભાંતિ આશ્રય કરના ચાહિયે. ૬૦.**

લ્યો ! '**ચિદાનન્દ ચૈતન્યસ્વરૂપ આત્મા તો અંતસ્તત્વ (ભીતરી તત્ત્વ) હૈ...**' જુઓ ! આ શ્રાવકનો અધિકાર લઈને સરવાળો કરે છે. નિશ્ચય ભગવાન આત્મા શુદ્ધ-વિશુદ્ધ ચિદાનંદ પ્રભુ એ તો અંતતત્ત્વ છે. એને આશ્રયે થયેલો ધર્મ એ અંતઃધર્મ છે, નિજધર્મ છે, નિશ્ચય ધર્મ છે. '**તથા સમસ્ત પ્રાણિયોંમેં જો દયા હૈ વહ બાહ્યતત્ત્વ હૈ...**' એ વિકલ્પ છે, એ શુભરાગ છે. સમજાય છે ? એટલે વ્યવહાર રત્નત્રયનું એક અંગ છે. અને નિજતત્ત્વ જે આત્મા છે એની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર અંતઃતત્ત્વ છે. એ નિશ્ચય છે ને પેલો દયા આદિ વ્યવહાર રત્નત્રયનું એક અંગ છે એ વ્યવહાર છે.

'**દોનોં તત્ત્વોંકે મિલનેપર મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ...**' બે હોય છે ને ? એક નિમિત્ત અને એક ઉપાદાન. એક શુદ્ધ ઉપાદનની દશા અને એમાં એક નિમિત્ત આવું હોય છે. એથી બેના (ભળવાથી એમ કહ્યું). જેમ મોક્ષમાર્ગ બે કહ્યા છે ને ? માર્ગ તો એક જ છે પણ પેલા નિમિત્તને પણ વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. એમ અહીંયા કથનની પદ્ધતિથી અંતઃતત્ત્વ ચૈતન્યનો આશ્રય, બાહ્યતત્ત્વ પરદ્રવ્ય જીવની દયા આદિનો ભાવ, બાર વ્રત આદિ વગેરે કહ્યા એ. '**ઇન દોનોં તત્ત્વોંકે મિલનેપર મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ ઇસલિયે મોક્ષાભિલાષી ભવ્યજીવોંકો ઇન દોનોં તત્ત્વોંકા ભલી ભાંતિ આશ્રય કરના ચાહિયે.**' આ ગાથા તો આપણે એક બે વાર કહેવાણી, છેલ્લે સંસ્કાર કહેવાય ગયો. છેલ્લો સંસ્કાર.

## શ્લોક-૬૧

कर्मभ्यः कर्मकार्येभ्यः प्रथग्भूतं चिदात्मकम्।
आत्मानं भावयेन्नित्यं नित्यानन्दपदप्रदम्।।६१।।

અર્થ :- કર્મોંસે તથા કર્મોંકે કાર્યોંસે સર્વથા ભિન્ન, ઔર ચિદાનન્દચૈતન્યસ્વરૂપ, તથા અવિનાશી, ઔર આનન્દ સ્વરૂપ સ્થાનકો દેનેવાલે આત્માકા જ્ઞાનીકો સદા ચિંતવન કરના ચાહિયે. ૬૧.

જુઓ ! સરવાળો કીધો. પેલામાં બે વાત કરી ખરી ને ? અહીં 'કર્મોંસે તથા કર્મોંકે કાર્યોંસે...' એ વ્યવહાર કર્મનું કાર્ય છે. આહા..! એમ શ્રાવકોએ વારંવાર ભાવના કરવી જોઈએ. 'સર્વથા ભિન્ન, ઔર ચિદાનન્દ ચૈતન્યસ્વરૂપ, તથા અવિનાશી, ઔર આનન્દ સ્વરૂપ સ્થાનકો દેનેવાલે આત્માકા જ્ઞાનીકો સદા ચિંતવન કરના ચાહિયે.'

## શ્લોક-૬૨

इत्युपासकसंस्कारः कृतः श्रीपद्मनन्दिना।
येषामेतदनुष्ठानं तेषां धर्मोऽतिनिर्मलः।।६२।।

અર્થ :- ઇસપ્રકાર શ્રીપદ્મનંદિઆચાર્યને ઇસઉપાસકસંસ્કારકી (શ્રાવકાચારકી) રચના કી હૈ. જિન પુરુષોંકી પ્રવૃત્તિ ઇસ શ્રાવકાચારકે અનુસાર હૈ ઉન્હીકો નિર્મલ ધર્મકી પ્રાપ્તિ હોતી હૈ. ૬૨.

ઇસપ્રકાર શ્રીપદ્મનંદિપંચવિંશતિકામેં ઉપાસકસંસ્કાર (શ્રાવકાચાર)
નામક અધિકાર સમાપ્ત હુવા.

'ઇસપ્રકાર શ્રીપદ્મનંદિઆચાર્યને ઇસ ઉપાસક સંસ્કારકી (શ્રાવકાચારકી) રચના કી હૈ. જિન પુરુષોંકી પ્રવૃત્તિ ઇસ શ્રાવકાચારકે અનુસાર હૈ ઉન્હીકો નિર્મલ ધર્મકી પ્રાપ્તિ હોતી હૈ.'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

# આલોચના શ્લોક-૧ થી ૩૩
## પ્રવચન નં. ૩૩
## (વિક્રમ સંવત ૨૦૧૭, ભાદરવા સુદ ૪, ગુરૂવાર)
## તા. ૧૪-૦૯-૧૯૬૧

પદ્મનંદિ આચાર્ય મહારાજે ૨૬ અધિકાર રચ્યા એમાં એક આ નવમો અધિકાર છે. શ્રી ઓમ શ્રી પદ્મનંદિ આચાર્ય .... 'પદ્મનંદિ પંચવિંશતિકા' માંથી આલોચના અધિકારનો નવમો અધિકાર શરૂ થાય છે. આચાર્ય દેવ શરૂઆતમાં માંગળીક કરે છે. આલોચના શરૂ કરવા પહેલા મંગલાચરણનું માંગળીક કરે છે. **પહેલી** હે જિનેશ ! હે પ્રભુ ! જો સજ્જનોનું મન આંતર અને બાહ્ય મળ રહિત થઈને તત્ત્વ સ્વરૂપ અને વાસ્તવિક આનંદના નિધાન એવા આપનો આશ્રય કરે. જો તેમના ચિત્તમાં આપના નામના સ્મરણરૂપ અનંત પ્રભાવશાળી મહામંત્ર મોજુદ હોય અને આપ દ્વારા પ્રગટ થયેલ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં જો તેમનું આચરણ હોય, તો તે સજ્જનોને એક એક વિષયની પ્રાપ્તિમાં વિઘન શેનું હોય ? જે મંગલાચરણ શરૂ અમે કરીએ છીએ, આલોચના શરૂ કરીએ એમાં અમને વિઘન, હે પરમાત્મા ! તમારા નામનું સ્મરણ છે અને તમે કહેલા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એમાં જેનું ચિત્ત ચોટ્યું છે એને ભવિષ્યમાં કોઈ જાતનું વિઘન હોતું નથી.

હવે આચાર્ય દેવ સ્તુતિ દ્વારા દેવ કોણ હોઈ શકે ? પહેલા જ આલોચનામાં દેવની વ્યાખ્યા. અનાદિકાળથી કુદેવને સેવ્યા હોય, તો સુદેવ કેવા હોવા જોઈએ અને એ સુદેવની પ્રાપ્તિ સુદેવે કેમ કરી એ બન્ને વાત આ **બીજી** ગાથામાં કહે છે. હે જિનેન્દ્ર દેવ ! સંસારના ત્યાગ અર્થે. જુઓ ! મુનિપણું, પરિગ્રહ રહિતપણું આપે અંગીકાર કર્યું. બાહ્ય પરિગ્રહ રહિતની અભ્યંતર રાગ રહિતપણું આપે અંગીકાર કર્યું અને આપને વીતરાગતા પ્રગટ થઈ, સમતા એટલે વીતરાગ. સર્વથા કર્મોનો નાશ અને અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય સહિત સમસ્ત લોકાલોકને પ્રકાશનારું કેવળજ્ઞાન એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો. આવા દેવ સિવાય હું બીજા દેવને માનતો નથી, એમ કરીને આલોચના કરે છે. પરંતુ આપશ્રી (સિવાય) અન્ય કોઈ દેવને એ ક્રમ પ્રાપ્ત થયો નથી. સર્વજ્ઞ પરમાત્માને જે આ ક્રમે સર્વજ્ઞ થયું એ સિવાય બીજાને કોઈને થયું નથી. તેથી આપ જ શુદ્ધ છો અને આપના ચરણોની સેવા સજ્જન પુરુષોએ કરવી યોગ્ય છે. હજી આલોચના શરૂ કરતા પહેલા દેવનું વર્ણન કરીને અંતરના દેવને આત્મામાં સ્થાપે છે.

**ત્રીજું**. સેવાનો દઢ નિશ્ચય અને પ્રભુ સેવાનું મહાતમ. **ત્રીજી ગાથા**, હે ત્રિલોકપતિ ! આપની સેવામાં જો મારો દઢ નિશ્ચય છે, તો મને અત્યંત બળવાન સંસારરૂપ વેરીને જીતવો

કાંઈ મુશ્કેલ નથી. કેમકે જે મનુષ્યને જળ વૃષ્ટિથી હર્ષજનક ઉત્તમ ફુવારા સહિત ઘર પ્રાપ્ત થાય, તો તે પુરુષને જેઠ માસનું પ્રખર મધ્યાહ્ન તાપ શું કરી શકે તેમ છે ? અર્થાત્ કાંઈ કરી શકે તેમ નથી. એમ પ્રભુ સેવાનું અંતર મહાતમ વર્ણવ્યું. કુદેવની જે સેવા અનાદિ કરી એનું આ પ્રાયશ્ચિત ને આલોચના કરે છે. સમજાય છે કાંઈ ? અધ્યાત્મ આલોચના છે અલૌકિક એ વ્યાખ્યાનમાં એકવાર આખી ચાલી ગઈ છે.

**ચોથી** ગાથા, ભેદજ્ઞાન દ્વારા સાધક દશા કેવી હોય ? એનું સ્મરણ કરીને પરથી એકપણું માન્યતા હતી એનો છેદ કર્યો, એનું નામ આલોચના કહેવાય છે. પ્રભુ આ પદાર્થ સારરૂપ છે અને આ પદાર્થ અસારરૂપ છે, એ પ્રકારે સારાસારની પરીક્ષામાં એક ચિત્ત થઈ, જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો અબાધિક ગંભીર દષ્ટિથી વિચાર કરે છે તો તે પુરુષની દષ્ટિમાં હે ભગવાન ! આપ જ એક સારભૂત પદાર્થ છો. બીજાને સાર માન્યા હોય એનું આ પ્રાયશ્ચિત. આ જગતની અંદર સાર, અસારનો વિવેક કરતાં પ્રભુ ત્રણલોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમાનંદની મૂર્તિ આપ જ એક સાર છો. એટલે મારો આત્મા જ પરમાનંદની મૂર્તિ એક જ સાર છે. બીજું બધું મારે માટે તો અસાર છે અને આપથી ભિન્ન સમસ્ત પદાર્થો અસારભૂત જ છે.

અથવા આપના આશ્રયથી જ ચૈતન્ય આનંદમૂર્તિ પરમાત્માનો સ્વભાવ એના આશ્રયથી જ મને પરમ સંતોષ થયો છે. મને પરમ સંતોષ ને શાંતિ છે. અસંતોષનો ત્યાગ અને સંતોષની પ્રાપ્તિ એમ ભેદજ્ઞાન કરીને આલોચના કરી છે. ઇ સાધક દશા વર્ણવી. **પાંચમી ગાથા**, હવે સાધકનું ફળ સાધ્યને વર્ણવે છે. સાધક દશામાં સાધ્ય દશા એને કેવી પ્રાપ્ત થાય એનું જ્ઞાન-ભાન કરીને આલોચના કરે છે. હે જિનેશ્વર ! સમસ્ત લોકાલોકને એકસાથે જાણનારું આપનું જ્ઞાન, સમસ્ત લોકાલોકને એકસાથે દેખનારું આપનું દર્શન છે અને આપને અનંત સુખ અને અનંત બળ છે, તથા આપની પ્રભુતા પણ નિર્મળતર છે, ઈશ્વરતા. વળી આપનું શરીર પણ વિદ્યમાન છે, પરમ ઔદારિક આને દેવ તરીકે ઓળખાવીને દેવની સ્થિતીનું વર્ણન અંતરમાં સ્થાપે છે.

આપનું શરીર પણ વિદ્યમાન છે, પરમ ઔદારિક શરીર હોય, અરિહંત હોય એને શરીરમાં રોગ આદિ ન હોય એનું આ વર્ણન કરે છે. તેથી જો યોગીશ્વરોએ આત્માના સ્વરૂપમાં યોગ જોડીને એના પણ ઈશ્વરોએ સમ્યક્ યોગરૂપ નેત્ર દ્વારા આપને પ્રાપ્ત કરી લીધા, તો તેઓ એ શું ન જાણી લીધું ? તો તેઓ એ શું ન દેખી લીધું ? તો તેઓ એ શું ન પ્રાપ્ત કરી લીધું ? સર્વ કરી લીધું. જુઓ ! આ આત્માની એક આલોચના અધ્યાત્મ. ભગવાન આત્મા પૂર્ણાનંદમૂર્તિ એવા સર્વજ્ઞ પરમાત્માને અંતરમાં સ્થાપ્યા અને એવો જ હું છું, એમ આ અંતરમાં આલોચના પરથી પાછો હટીને આત્મા કરે છે. આલોચના સ્વરૂપ પછી થશે આ તો હજી ભૂમિકા બાંધે છે. છ ગાથાઓ સુધી, સાતમાથી આલોચના શરૂ થશે.

**છઠ્ઠી,** પૂર્ણની પ્રાપ્તિનું પ્રયોજન. હે જિનેશ ! આપને જ હું ત્રણલોકના સ્વામી માનું છું, આપને જ જિન અષ્ટ કર્મોના વિજેતા તથા મારા સ્વામી માનું છું, માત્ર આપને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. એ બીજાને હું માનતો નથી, એમ અંદર વિવેક કરાવે છે. સદા આપનું જ ધ્યાન કરું છું, પ્રભુ મારા ચૈતન્ય સ્વભાવમાં આપ વસ્યા છો એનું જ હું ધ્યાન કરું છું. આપની જ સેવા ને સ્તુતિ કરું છું અને કેવળ આપને જ મારું ચરણ માનું છું. અધિક શું કહેવું ? જો કંઈ સંસારમાં પ્રાપ્ત થાઓ તો એ થાઓ કે, આપના સિવાય અન્ય કોઈ પણ સાથે મારે પ્રયોજન રહે નહિ, આપ સિવાય મારે કાંઈ પ્રયોજન રહે નહિ. એ પ્રાર્થના કરીને, હવે આલોચના શરૂ કરે છે. આ તો ભૂમિકા બાંધી. પરમાત્માના સ્વરૂપને આવા પરમાત્મા હોય, આવ પરમાત્મા આ પદ્ધતિએ થઈ શક્યા છે, એમ હું પણ તે રીતે પરમાત્મા થવાને તૈયાર થઈ રહેલો છું.

**સાતમી,** હવે આચાર્ય દેવ આલોચનાનો આરંભ કરે છે. હવે આલોચના મિચ્છામી દુક્કડમ નથી આલોચના આવતી ? આ લાગ્યો ને મિચ્છામી દુક્કડમ, મિચ્છામી એ નહિ. આ તો આ મિચ્છામી મારું પાપ દુષ્કૃત જે છે પુણ્ય ને પાપ બન્ને મારા સ્વભાવની અંદર નથી. એ સ્વભાવને સંભાળતો એ વિકારનો મિથ્યા મિથ્યા થાઓ. અનાદિકાળથી પુણ્ય ને પાપના ભાવ સેવ્યા એ મિથ્યા થાઓ એ રીતે અહીં અધ્યાત્મ આલોચના શરૂ કરી છે.

મહા પદ્મનંદિ આચાર્ય જિનેશ્વરના પરમ ભ ત ને આત્માના પરમ દાસ એ આલોચના કહે છે. હે જિનેશ્વર ! મેં ભ્રાન્તિથી ભૂતકાળમાં મન, વચન ને કાયા દ્વારા ભૂતકાળમાં ભૂત નામ ગત કાળ, ગત કાળમાં અન્ય પાસે પાપ કરાવ્યા છે. આ એ કબૂલાત કરે છે. સ્વયં કર્યા છે અને પાપ કરનારા અન્યોને મેં સંમત થઈને અનુમોદયા છે. તથા મારી સંમતિ એને આપી છે, વર્તમાનમાં પણ હું મન, વચન, કાય દ્વારા કાંઈક રાગ આદિ ભાગ છે ને ? એથી પાપ કરવું, કરાવવું ને તેમ ભવિષ્ય કાળમાં હું મન, વચન ને કાયા દ્વારા અન્ય પાસે કરાવીશ. એટલે જરી રાગનો ભાગ ભવિષ્યમાં રહેશે ત્યાં સુધી થશે, એમ કહે છે.

સ્વયં પાપ કરીશ, બીજા પાસે કરનારાને અનુમોદિશ. તે સમસ્ત પાપની, આપની પાસે બેસી, આપની પાસે બેસી શુદ્ધ ચૈતન્ય પરમાત્મા પોતાનો જ્ઞાયકભાવ એની સમીપમાં, અંતરમાં બેસી જાતે નિંદા ગ્રહ્યા કરનાર હું જાતે પાપની નિંદા (પાપ ને પુણ્ય બન્ને પાપ છે હોં !) બન્નેની જાતે નિંદા કરનાર એની ગુરુ પાસે ગ્રહણા કરનાર એવો હું તેના સર્વપાપ સર્વથા મિથ્યા થાવ. મારા સ્વભાવના સમીપમાં એ પાપનો ભૂકો થાવ. એ પાપ મારી પાસે રહો નહિ. કહો, સમજાણું કાંઈ ?

**આઠમી,** પ્રભુની અનંત જ્ઞાન દર્શન શક્તિ વર્ણવતા આત્માને અર્થે આત્મનિંદા મારી શુદ્ધિ અર્થે. પોતાની શુદ્ધિ અર્થે ભગવાનનું વર્ણન કરી અને ગુણના અનુમોદનમાં શુદ્ધિને અર્થે પાપ ને પુણ્યની નિંદા કરે છે. હે જિનેન્દ્ર ! જુઓ ! આપ. શું કહેવા માંગે છે હવે ?

હું કહું છું પણ એ આપના અજાણ્યામાં નથી, આપ તો સર્વજ્ઞ છો. આપ ભૂત, ભવિષ્ય ને વર્તમાન ત્રિકાળ ગોચર અનંત પર્યાય યુ ત લોકાલોકને સર્વત્ર એકસાથે જાણો છો. જુઓ ! આ કબુલાત, પરમાત્મા આવી દશા હોય છે તથા દેખો છો. એ તો હે સ્વામી ! મારા એક જન્મના પાપોને શું આપ નથી જાણતા ? અર્થાત્ જરૂર આપ જાણો છો. તેથી હું આત્મ નિંદા કરતો કરતો આપની પાસે સ્વદોષોનું કથન, આલોચન કરું છું, તે કેવળ મારી શુદ્ધિને અર્થે કરું છું. આપ તો જાણનાર છો, આપ કાંઈ મારી વાત ને નથી જાણતા, એમ નથી. મારી શુદ્ધિને અર્થે હું પાપોને સંભારી જાવ છું અને સ્વભાવમાં એકાગ્ર થાવ છું. આ ભગવાન આત્માની અધ્યાત્મ આલોચના. ઇ આઠમી ગાથા થઈ.

**નવ,** આચાર્ય દેવ ભવ્ય જીવોને તેમના આત્માને ત્રણ શલ્ય રહિત રાખવાનો બોધ આપે છે. ત્રણ શલ્ય રહિત, માયા, મિથ્યા અને નિદાન. હે પ્રભુ ! વ્યવહારનયનો આશ્રય કરનાર અથવા મૂળગુણ ને ઉત્તર ગુણોને ધારણ કરનાર મારા જેવા મુનિઓ (મુનિ છે પોતે, ભાવલિંગી સંત છે) જેને દુષણોનું સંપૂર્ણ રીતે સ્મરણ છે. ભાન બહાર વાત નથી, એમ કહે છે. મારા જ્ઞાનમાં, ખ્યાલમાં છે. કાંઈ સ્વભાવમાંથી ખસીને શુભ ને અશુભભાવ થયો હોય એ મારા ખ્યાલ બહાર વાત નથી.

એ દુષણની શુદ્ધિ અર્થે આલોચના કરવા ને સંભારવા ને વિચારવા ને ધ્યાન કરવાને આપની સામે સાવધાની પૂર્વક બેઠો છું. આપની સામે સાવધાની પૂર્વક બેઠો છું. કેમકે જ્ઞાનવાન ભવ્ય જીવોએ સદા પોતાના હૃદય માયા નામ કપટ શલ્ય રહિત કરવા જોઈએ. નિદાન નામ ક્રિયાના ફળના હેતુ ન કરવું જોઈએ અને મિથ્યા નામ ઊંડે ઊંડે જરી નાનો મિથ્યા અભિપ્રાયનો શલ્ય રાખવો ન જોઈએ. એ રહિત થાય તો તેને ચારિત્ર ને વ્રત હોઈ શકે, નહિતર હોઈ શકે નહિ. એ માટે આચાર્ય પોતાની વાત કરી રહ્યા છે અને જગતને એ જાતનો બોધ, પાઠ સમજાવી રહ્યા છે. ત્રણ શલ્ય રહિત જ રાખવા જોઈએ, એ નવમી.

સ્વભાવમાં સ્વભાવની સાવધાની. **દસમી ગાથા,** સ્વભાવની સાવધાની. હે ભગવંત ! આ સંસારમાં સર્વ જીવ વારંવાર અસંખ્યાત લોક પ્રમાણ પ્રગટ કે અપ્રગટ અનેક પ્રકારના વિકલ્પ નામ વિકાર સહિત છે. શુભ કે અશુભ, એ જીવ એકલા પ્રકારના વિકલ્પો સહિત તેટલા જ વિવધ પ્રકારના દુઃખો સહિત પણ છે. જેટલા પ્રકારના શુભ, અશુભ રાગના વિકલ્પ સહિત છે તેટલા પ્રકારના તે જીવો દુઃખો સહિત છે. આનંદ તો એ વિકલ્પ રહિત આત્માના સ્વભાવમાં છે. સમજાણું કાંઈ ? પરંતુ જેટલા પુણ્ય-પાપના વિકલ્પો છે, તેટલા પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં નથી. અસંખ્ય પ્રકારના શુભાશુભભાવ એના અસંખ્ય પ્રકારના પ્રાયશ્ચિત શાસ્ત્રમાં ન હોય. ત્યારે સમસ્ત અસંખ્યાત લોક પ્રમાણ વિકલ્પોની શુદ્ધિ ભગવાન એકસાથે, હું ચૈતન્ય સ્વભાવને અંતરમાં સંભારતો એક એક ને પ્રાયશ્ચિત લેવાને ન કરતો, એક સાથે તેનો નાશ કરવા માગું છું. સમજાય છે કાંઈ ?

હવે આ પાપ લાગ્યો એનું આ પ્રાયશ્ચિત લ્યો ને આ પાપ લાગ્યું... હવે એથી અસંખ્ય પ્રકારના પુણ્ય-પાપના ભાવ, એના અસંખ્ય પ્રકારના શાસ્ત્રમાં પ્રાયશ્ચિત ક્યાંથી હોય, એ તો સંખ્યાતા બોલો અંદર હોય. તો પ્રભુ કેટલા બધા પુણ્ય ને પાપના વિકલ્પોની લાગણી જે બંધ ને દુઃખદાયક છે, માટે દુઃખ વર્ણવી ગયા છે. એ દુઃખનું પ્રાયશ્ચિત, આલોચના પ્રભુ ! આનંદમૂર્તિ ચૈતન્યના સમીપ જવાથી થાય છે, બીજો કોઈ એમાં ઉપાય છે નહિ. સમજાય છે કાંઈ ? છે ને ? યદ્યપિ દુષણોની શુદ્ધિ પ્રાયશ્ચિત કરવાથી થાય છે. કિન્તુ હે જિનપતે ! જેટલા દુષણો તેટલા પ્રાયશ્ચિત શાસ્ત્રમાં કહ્યાં નથી. તેથી સમસ્ત દુષણોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે.

હવે પરથી પરાઙ્ગમુખ થઈ સ્વની પ્રાપ્તિ. પરસ્વરૂપથી હટી સ્વસ્વરૂપની પ્રાપ્તિ. એની વાત **અગિયારમી ગાથા**માં કરે છે. હે દેવ ! સર્વ પ્રકારના પરિગ્રહ રહિત સમસ્ત શાસ્ત્રોનો જ્ઞાતા ક્રોધાદિ કષાય વિકાર રહિત, શાંત અસ્તિમાં એકાન્તવાસી ભવ્ય, એકાન્ત ભાવે અને દ્રવ્યે એકાન્ત વાસી ભવ્ય જીવ. બધા બાહ્ય પદાર્થોથી મન ને ઇન્દ્રિયોને પાછા હટાવી અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્તિરૂપ, લ્યો ! આ આત્મા. આપ અખંડ, પેલા ખંડ ખંડ છે, ઇન્દ્રિય ને મન તરફ જતો વિકલ્પ. અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્તિરૂપ આપમાં સ્થિર થઈ, આપને જ દેખે છે તે મનુષ્ય આપના સાનિધ્ય નામ સમીપતાને જ પ્રાપ્ત કરે છે. એને બીજી દશા પ્રાપ્ત થતી નથી.

**બારમી**, સ્વભાવની એકાગ્રતાથી ઉત્તમ મોક્ષની પ્રાપ્તિ, ઉત્તમ પદ એવું મોક્ષની પ્રાપ્તિ. હે અરિહંત પ્રભુ ! પૂર્વ ભવમાં કષ્ટથી સંચય કરેલા મહા પુણ્યથી જે મનુષ્ય ત્રણલોકના પૂજાને યોગ્ય આપને પામ્યો છે. તે મનુષ્યને બ્રહ્મા, વિષ્ણુ આદિ ને પણ ખરેખર નિશ્ચયપૂર્વક અલભ્ય એવું ઉત્તમ પદ પ્રાપ્ત થાય છે. હે નાથ ! હું શું કરું ? આપનામાં એક ચિત્ત કર્યા છતાં મારું મન પ્રબળપણે બાહ્ય પદાર્થો પ્રત્યે દોડે છે એ મારા ખ્યાલમાં લઉં છું અને જ્ઞાનમાં એ નથી તેમ તેને વિદારી નાખું છું. તો આનું નામ આલોચના.

**તેર**, મોક્ષાર્થે વીર્યનો વેગ. આત્માના સંસાર અર્થિપણું છોડી અને મોક્ષાર્થે વીર્યનો વેગ, આ મથાળા બાંધ્યા છે ઉપરથી. હે જિનેશ ! આ સંસાર નાના પ્રકારના એટલે અનેક પ્રકારના દુઃખો દેનાર છે. જ્યારે વાસ્તવિક સુખનો આપનાર તો મોક્ષ છે. જુઓ ! સંસાર ને મોક્ષની બન્નેની વિવેક દશા. તેથી તે મોક્ષની પ્રાપ્તિ અર્થે, અમે સમસ્ત ધન, ધાન્ય આદિ પરિગ્રહનો ત્યાગ કર્યો. મુનિ છે ને પોતે આચાર્ય ! દિગંબર સંત ભાવલિંગી ધર્મના ધોરી, એ ભગવાનની સમીપે આવી આલોચના કરી રહ્યાં છે અને જગતની કરુણા માટે આલોચનાનો આ પાઠ મુકી ગયા છે.

પ્રભુ ! અમે સમસ્ત ધન, ધાન્ય આદિ પરિગ્રહોનો ત્યાગ કર્યો. તપોવન, તપથી પવિત્ર થયેલી ભૂમિમાં અમે વાસ કર્યો. સર્વ પ્રકારના સંશય પણ છેદી નાખ્યા અને અત્યંત કઠીન

વ્રત પણ ધારણ કર્યા. મુનિના પંચ મહાવ્રત પણ ધારણ કર્યા. હજી સુધી તેવા દુષ્કર વ્રતો ધારણ કર્યા છતાં પણ મોક્ષની પ્રાપ્તિ ન થઈ. કેમ ? અમારા ખ્યાલમાં છે કેમ ન થઈ, એ કોઈ કર્મને કારણે કે, એને કારણે નહિ. પ્રબળ પવનથી કંપાયેલા પાંદડાની માફક, પ્રબળ પવનથી કંપાયેલા પાંદડાની માફક, અમારું મન રાત્રી-દિવસ બાહ્ય પદાર્થમાં ભ્રમણ કરતું રહે છે. તો પ્રભુ એ વીર્યનો વેગ અંતરમાં ન વળે ત્યાં સુધી અમારો મોક્ષ કેમ થાય ? બહિર્મુખમાં જે વૃત્તિ જાય એ પાંદડા ને પવન આમ હલાહલ કરે, એમ મન પોતે અસ્થિર કરે ત્યાં સુધી અંતરમાં સ્થિરતા કેમ થાય ? એ સ્થિરતા ને અસ્થિરતાનો વિવેક કર્યો છે.

**ચૌદમી,** મનને સંસારનું કારણ જાણીને પછી આ કામ. હે ભગવંત ! જે મન બાહ્ય પદાર્થોને મનોહર માની તેમની પ્રાપ્તિ માટે જ્યાં-ત્યાં ભટક્યા કરે છે. જે જ્ઞાન સ્વરૂપી આત્માને વિના પ્રયોજને સદા અત્યંત વ્યાકુળ કર્યા કરે છે. કેમકે મન ને વિકલ્પ મારા સ્વરૂપમાં નથી એટલે આ મને આ વ્યાકુળ કરે છે, એમ કહેવા માગે છે. જે ઇન્દ્રિયરૂપી ગામને વસાવે છે, મન, મન, આ મનની કૃપાથી જ ઇન્દ્રિયોના વિષયોમાં સ્થિતી જાય છે. અને જે સંસાર ઉત્પાદક કર્મોનો પરમ મિત્ર છે મન અર્થાત્ મન આત્મારૂપ ગૃહમાં કર્મોને સદા લાવે છે. તે મન જ્યાં સુધી જીવીત રહે છે, ત્યાં સુધી મુનિઓને ક્યાંથી કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે ? આહા..હા..!

જુઓ ! કહે, મનનો સંગ જ્યાં સુધી રહે ત્યાં સુધી મુક્તિ કેમ થાય ? એમ કહે. સમજાણું કાંઈ ? અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે નહિ. જુઓ ! આ એક વાત. આમ અંતર ચિત્ત છે મન, એના તરફ પણ ઢળતો ભાવ, ત્યાં સુધી આત્મા તરફનો ઢળતો ભાવ કેમ છેદાયા વિના રહે ? સમજાય છે કાંઈ ? આટલી વાત, હજી બહારની તો ક્યાંય પડી રહી. અંતરમાં ભગવાન આત્મ પદાર્થ ઉપર વળેલો ભાવ અને જરી વળેલો ચિત્ત ઉપરના સંગનો(ભાવ),આ રહે ત્યાં સુધી અમારી મુક્તિ કેમ થાય ? અમે પૂર્ણ સ્વરૂપમાં સાવધાન થઈએ તો મુક્તિ થાય, નહિતર મુક્તિ થાય નહિ. કહો, સમજાણું ?

**પંદરમી,** મોહના નાશ માટે પ્રાર્થના. મારું મન નિર્મળ અને શુદ્ધ અખંડ જ્ઞાન સ્વરૂપ આત્મામાં લગાવ્યા છતાં. પણ મૃત્યુ તો આવવાનું છે એવા વિકલ્પ વડે આપથી અન્ય બાહ્ય સમસ્ત પદાર્થો તરફ નિરંતર ઘુમ્યા કરે છે. શું કહે છે ? મનને એમ થાય છે કે, જો અંદરમાં એ જાશે ને જાઈશને તો હું મરી જઈશ, એ કરતા બહાર ફર્યા કરું તો જીવતો તો રહું. મનને એમ થાય છે કે, હું બહાર જો ભમુંને, બહાર, તો હું જીવતો રહીશ અને અંદરમા ગયો તો મને મારી નાખશે. માટે એ બહારમાં ફર્યા કરે છે. સમજાણું કાંઈ ?

હે સ્વામીન ! તો શું કરવું ? કેમકે આ જગતમાં મોહવશાત કોને મૃત્યુનો ભય નથી ? તો મનને પણ મૃત્યુનો ભય છે. એટલે મન તરફનો વેગ અંતરમાં વળતો નથી અને વેગ આમ જાય એટલો સંસાર ને બંધનનું કારણ છે. પ્રભુ ! મૃત્યુનો ભય તો સર્વને છે. માટે

સવિનય પ્રાર્થના છે કે, સમસ્ત પ્રકારના અનર્થો કરનાર અને અહિત કરનાર આ મારા મોહને નષ્ટ કરો. ભગવાન નષ્ટ કરો એ તો કથનની શૈલી. આત્માના સ્વભાવનું અવલંબન થઈ મોહ નષ્ટ થાવ, બીજા કોઈ ઉપાયે મોહનો નાશ થતો નથી. સર્વ કર્મોમાં મોહ જ બળવાન છે, એમ આચાર્ય દર્શાવે છે.

**સોળમી ગાથા,** જ્ઞાનાવરણ આદિ સમસ્ત કર્મોમાં મોહકર્મ જ અત્યંત બળવાન કર્મ છે. એ મોહના પ્રભાવથી આ મન જ્યાં-ત્યાં ચંચળ બની ભ્રમણ કરે છે. એ નિમિત્તથી કથન છે, એના તરફ ઢળ્યોને એટલે એનાથી જ જાણે આ પ્રભાવ પડીને મન અસ્થિર થાય છે. મરણથી ડરે છે મન બિચારું, જુઓ ! આ મોહ ન હોય તો નિશ્ચયનય પ્રમાણે ન તો કોઈ જીવે યા ન તો કોઈ મરે. એ તો સચ્ચિદાનંદ પ્રભુ ધ્રુવ છે. કેમકે આપે આ જગતને જે અનેક પ્રકારે દેખ્યું છે, તે પર્યાયાર્થિકનયથી અપેક્ષાએ દેખ્યું છે, અનેક પ્રકાર તો પર્યાયનયથી દેખ્યું છે. દ્રવ્યાર્થિકરૂપે ચિદાનંદ સ્વરૂપ એકભાવે છે, એકરૂપ પરમ સ્વભાવે છે. એટલે પરમ સ્વભાવના એકરૂપને આશ્રયે અનેકપણું ટળી શકે છે, એમ અંદર આલોચનારૂપી પ્રાયશ્ચિત કર્યું છે. કહો, સમજાણું ?

દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નય દ્રવ્ય એટલે ત્રિકાળી સચ્ચિદાનંદ પ્રભુ, એ દૃષ્ટિએ કંઈ અનેકપણું હોય શકે નહિ. અંદરમાં વળે એકાકારમાં ત્યાં એકપણે હોય છે. બહારની દૃષ્ટિ જુઓ ! તો અનેકપણું એમાં દેખાય છે. એ એક અને અનેકનો વિવેક કરીને એકમાં આવવું એ જ આલોચન અને મોક્ષનો માર્ગ છે. તેથી હે જિનેન્દ્ર ! આ મારા મોહને સર્વથા નષ્ટ કરો. એટલે કે પર તરફની સાવધાનીને નાશ કરવાની છે, બીજું કાંઈ નાશ કરવાનું નથી. એટલે કે સ્વભાવ સન્મુખ થવાથી મોહનો નાશ થઈ જાય છે. ઉપદેશની શૈલી તો એમ જ આવે ને ?

**સત્તરમી,** પર સંયોગ અધ્રુવ જાણી તેનાથી ખસી એક ધ્રુવ આત્મસ્વભાવમાં સ્થિત થવાની ભાવના. વાયુથી વ્યાપ્ત સમુદ્રની ક્ષણિક જળ લહરી, જળ લહરીયુંના સમુહ સમાન. સર્વ કાળે, સર્વ ક્ષેત્રે આ જગત ક્ષણમાત્રમાં વિનાશી છે. ક્ષણમાત્રમાં પલટતું બધું પદાર્થ પર્યાયે છે. એવો સમ્યક્ પ્રકારે વિચાર કરી આ મારું મન સમસ્ત સંસારને ઉત્પન્ન કરનાર એવી વ્યાપાર પ્રવૃત્તિથી રહિત થઈ. હે જિનેન્દ્ર ! આપના નિર્વિકાર પરમાનંદમયી પરમબ્રહ્મસ્વરૂપમાં જ સ્થિત થવાને ઈચ્છા કરે છે. મારી ભાવના તો અંતર સ્વભાવમાં એકાકાર થાઉં એ જ મારી ભાવના છે. બહારમાં કંઈ અસ્થિર થઈ જાય એ મારું હિત નથી, મારું હિત તો અંતરમાં જવું એ હિત છે.

**અઢારમી** ધર્મ (ભાવના). શુભ-અશુભ ઉપયોગથી ખસી શુદ્ધ ઉપયોગમાં નિવાસની ભાવના, નિવાસની ભાવના, એ ઉપરથી શબ્દો કર્યા છે. જે સમયે અશુભ ઉપયોગ વર્તે છે (પાપના પરિણામ) એ સમયે તો પાપની ઉત્પત્તિ થાય છે અને તે પાપથી જીવ અનેક

પ્રકારના દુઃખોને અનુભવે છે. જે સમયે શુભ ઉપયોગ એટલે કે ધર્મ ઉપયોગ, પાઠમાં ધર્મ શબ્દ છે. ધર્મ એટલે શુભ ઉપયોગ, એવો વર્તે છે તે સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે. લ્યો ! ચોખ્ખી વાત, પદ્મનંદિ. ધર્મથી પુણ્ય થાય છે, ધર્મ એટલે શુભ ઉપયોગ અને અશુભથી પાપ થાય છે. અને તે પુણ્યથી જીવને સુખ પ્રાપ્ત આ લોકો માને એવી સામગ્રી પુણ્યથી મળે છે. અને તે પુણ્યથી અને તે બંને પાપ-પુણ્યરૂપ દ્વંદ્વ સંસારનું જ કારણ છે. શુભ અને અશુભ બન્ને ભાવ, એ વ્રત ને અવ્રત બન્ને ભાવ, એ સંસારનું જ કારણ છે. આત્માના સ્વભાવની શાંતિનું કારણ નથી. જુઓને ! કેટલી એક આલોચનાના બહાને પણ કેટલી શૈલી મુકી છે. સમજાણું કાંઈ ?

અર્થાત્ એ બન્નેથી સદા સંસાર જ ઉત્પન્ન થાય છે. કિન્તુ શુદ્ધોપયોગથી અવિનાશી આનંદ સ્વરૂપ પદની પ્રાપ્તિ થાય છે, આ એક સિદ્ધાંત આખો. શુદ્ધ શ્રદ્ધા જ્ઞાન ને શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિથી જ મુક્તિ થાય છે, એ સિવાય ત્રણકાળમાં મુક્તિ છે નહિ. હે અરહંત પ્રભુ ! આપ તો તે પદમાં નિવાસ કરી રહ્યા છો, ભાનમાં છે કહે છે. પણ હું એ શુદ્ધ ઉપયોગરૂપ પદમાં નિવાસ કરવાની ભાવના કરી રહ્યો છું. જુઓ ! આ ધર્મની ભાવના. વાંચતા પણ નથી, વિચારતા પણ નથી આ, આચાર્યોએ જંગલમાં રહી દુનિયાના હિતને માટે અમૃત વરસાવ્યા છે. પણ લેવાની, વાંચવાની જેને દરકાર નહિ ને પોતાની દૃષ્ટિ છોડવી નથી એને આ સમજાય એવું નથી. કહો, સમજાણું કાંઈ ?

**ઓગણીસ,** આત્મ સ્વરૂપનું નાસ્તિથી અને અસ્તિથી વર્ણન. હે પ્રભુ ! જે આત્માનું સ્વરૂપ આત્મજ્યોતિ આ સચ્ચિદાનંદમૂર્તિ આત્મા. એ નથી તો સ્થિત અંદર, અંદર એટલે કર્મના રજકણમાં એ નથી, રાગમાં નથી, નથી સ્થિત બાહ્ય, શરીરમાં એ નથી. લ્યો ! તથા નથી તો સિદ્ધ દિશામાં એ બાર દિશાઓ છે તેમાં આત્મા નથી. આત્મા અંતર્મુખ ચિદાનંદ મૂર્તિ છે, બાહ્યમાં ક્યાંય એનું અસ્તિત્વ છે નહિ. કે, નથી સ્થિત વિદિશા. દિશા એટલે પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, વિદિશા એટલે ચાર ખુણા. એમાં આત્મા નથી, આત્મા તો અંદર અરૂપી, જ્ઞાન ધામ, ચૈતન્ય ધામ પડ્યો છે.

તેમ જ નથી સ્થૂળ. એ આત્મા સ્થૂળ નથી કે ઇન્દ્રિયથી પકડાય, તેમ નથી સુક્ષ્મ એટલે મનથી પકડાય એવો પણ નથી. અથવા સુક્ષ્મ નથી એટલે ચૈતન્યમૂર્તિ છે, એમ. આમ સુક્ષ્મ, આમ પરમાણુ સુક્ષ્મ છે ને ફલાણું છે એવો એ નથી. તે આત્મજ્યોતિ નથી તો પુલિંગ, એ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એ નથી પુરુષલિંગે એને પુરુષનું લિંગ છે નહિ. વેદ નથી, નથી સ્ત્રીલિંગ એ સ્ત્રીનો લિંગ પ્રભુ આત્મામાં નથી. આ બહારના પડદાને ભાળીને અંતરની માની માન્યતા કરવી એ ભ્રમ છે. ભગવાન આત્મા ચૈતન્ય બિરાજે છે એ પુરુષના લિંગે પણ નથી ને સ્ત્રીના લિંગે પણ નથી. એમ નથી નપુંસક લિંગ, ભગવાન આત્મા નથી હિજડો કે પાવૈયો, નથી નપુંસક. એ તો સચ્ચિદાનંદની મૂર્તિ છે. સત્... સત્... સત્... જ્ઞાનાનંદની

મૂર્તિ છે. એવું ભાન કરવું અને આ એક વેદ આદિમાં હું નથી, એનાથી નાસ્તિ ને સ્વરૂપે અસ્તિ છું, એમ ભાન કરવું તેને આલોચના કહે છે.

વળી તે નથી ભારે. ભગવાન અંદર અરૂપી આનંદ ઘન, નથી તોલવાળો, નથી હલકો લ્યો ! અરૂપી છે ને ? હલકો કહેવાય ? હલકો તો જડને કહેવાય. ભારે ને હલકો એ તો બેની અપેક્ષા રાખે આ તો નિરપેક્ષ હેતુ ને ચૈતન્ય તત્ત્વ. તે જ્યોતિ ભગવાન આત્મા એ કર્મ નથી, કર્મથી રહિત છે, પ્રભુ અંદર સચ્ચિદાનંદમૂર્તિ. એ સ્પર્શથી રહિત છે, ટાઢો-ઉનો સ્પર્શ નથી. શરીરથી રહિત અશરીર છે, દ્વંદ્વથી રહિત અદ્વંદ્વ છે. સંખ્યા ગણના ગણના એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, દસ એ સંખ્યા આત્મામાં નથી. નથી વચન, વાણી આત્મામાં નથી. વાણી તો જડની ધ્વનિ એક શબ્દોની વર્ગણાનો ધ્વનિ ઉઠે છે. ભગવાન અરૂપી પદ આત્મામાં વાણી કેવી ? વચનાતીત પ્રભુ આત્મા છે, એ વર્ણથી રહિત છે, એને રંગ-બંગ આત્મામાં નથી.

**(વીસમી),** હવે અસ્તિથી કહે છે. નિર્મળ છે, નિર્મળ પ્રભુ છે, ચૈતન્ય સ્વચ્છ સ્વભાવ છે, સમ્યગ્જ્ઞાન દર્શન સ્વરૂપ મૂર્તિ છે, સાચા જ્ઞાન ને દર્શનરૂપ મૂર્તિ છે, તે ઉત્કૃષ્ટ જ્યોતિ સ્વરૂપ હું છું. ધર્મી જીવોએ આમ એના પોતાના આત્મામાં ભાવના કરી. ઉત્કૃષ્ટ જ્યોતિ સ્વરૂપ હું છું. કિન્તુ તે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ જ્યોતિથી હું ભિન્ન નથી. બીજી ચીજો રાગ, સ્પર્શ, કર્મ આદિથી જુદો પણ મારી ચૈતન્ય જ્યોત સ્વરૂપ છે એનાથી હું જુદો નથી. એમ બે ને વહેંચણી કરીને ભેદજ્ઞાન કરવું, આ એનું નામ આલોચના કહેવામાં આવે છે.

**ત્રિકાળી આત્માની શક્તિ.** હે ભગવન ! ચૈતન્યની ઉન્નતિનો નાશ કરનાર અને વિના કારણે સદા વેરી એવા દુષ્કર્મે આત્માને મારામાં ભેદ પાડ્યો પ્રભુ. આ પરમાત્મા અને હું પણ પરમાત્મા આત્મા, પણ આ કર્મ વચ્ચે નિમિત્ત થઈને મારા ભેદ પડી ગયા. જડ કર્મનું નિમિત્તપણું એને લઈને આ બધો સંસાર ને હવે આ ભેદ પડ્યો. પ્રભુ ! પણ હું ને તું બન્ને એક જાત છીએ, હોં ! કાંઈ જરી પણ ફેર નથી. હું એવો સિદ્ધ ને સિદ્ધ એવો (હું). દુષ્કર્મી આત્માને મારામાં ભેદ પાડ્યો, પાડ્યો પોતે પણ એને નિમિત્તથી કથન કરીને પછી પડ્યો, એમ કહે છે, પોતામાં છે નહિ ને એમ.

પરંતુ કર્મ શૂન્ય અવસ્થામાં જેવો આપનો આત્મા છે તેવો જ મારો આત્મા છે. આ સમયે તે કર્મ અને હું આપની સામે ખડા છીએ. છે બન્ને, પણ તેથી તે દુષ્કર્મને હટાવી દુર કરો. પ્રભુ ! નીતિમાન પ્રભુઓનો તો એ ધર્મ છે. પ્રાર્થના કરે છે, નીતિમાન પરમાત્મા પ્રભુ આપનો એ ધર્મ છે અને મારો પણ એ પણ ધર્મ છે, એમ કહે છે. કે, સજ્જનોની રક્ષા કરે, અને દુષ્ટોનો નાશ કરે છે. આવે છે, ને રાક્ષસનો નાશ કરે છે ? સજ્જનોની રક્ષા કરે પરમાત્મા તારી તેજની ચીજ તો એવી છે સજ્જન સજ્જનોની રક્ષા કરે અને દુષ્ટ નામ વિકાર આદિનો રાક્ષસોનો નાશ કરે છે, એવો પ્રભુ તું આ તારો સ્વભાવ છે,

આ એવો મારો સ્વભાવ છે. સમજાણું કાંઈ ?

**એકવીસ,** આત્માનું અવિકારી સ્વરૂપ. હે ભગવન ! વિવિધ પ્રકારના આકાર અને વિકાર કરનાર વાદળા આકાશમાં હોવા છતાં પણ જેમ આકાશના સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકતા નથી. તેમ આધિ મનમાં કલ્પના આદિ, વ્યાધિ શરીરના રોગ, જરા શરીરની જીર્ણતા, મરણ દેહનો અંત. તે આધિ પણ મારા સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકે તેમ નથી. કેમકે એ સર્વ શરીરના વિકારો છે. આધિ, વ્યાધિ, ઉપાધિ બધા શરીરના ભાગ છે, આત્મામાં એ છે નહિ. જડ છે. જ્યારે મારો આત્મા જ્ઞાનવાન અને શરીરથી ભિન્ન છે, એમ કરીને પોતાના આત્માના અવિકારી સ્વરૂપનું ધ્યાન વિચારે છે.

સ્વમાં સુખ ને પરમાં દુઃખ. **બાવીસ,** જેમ માછલી પાણી વિનાની ભૂમિ પર પડતા તરફડી દુઃખી થાય છે. તેમ હું પણ શીતળ છાયા વિના અરે..! ચંદન, શીતળ, શાંત રસથી ભરેલો ભગવાન આત્મા એના વિના અનેક પ્રકારના દુઃખોથી ભરપૂર સંસારમાં સદા બળી-ઝળી રહું છું. વિકલ્પમાં આવું છું ત્યાં બળી-ઝળી રહું છું. મારો શીતળ ફુવારો અંદર પડ્યો છે એમાં શાંતિ ને આનંદ છે. જેમ તે માછલી જ્યારે જળમાં રહે છે ત્યારે સુખી રહે છે. તેમ જ્યાં સુધી મારું મન આપના કરુણા રસપૂર્ણ અત્યંત શીતળ ચરણોમાં સમર્પિત રહે છે ત્યાં સુધી હું પણ સુખી રહું છું. તેથી હે નાથ ! મારું મન આપના ચરણ કમળો છોડી અન્ય સ્થળે ત્યાં જ્યાં હું દુઃખી થાવ ત્યાં પ્રવેશ ન કરે, એ મારી પ્રાર્થના, વિનય છે. ભગવાનને નામે પોતાના આત્માને કહે છે.

આત્મા ને કર્મની ભિન્નતા. **ત્રેવીસ,** હે ભગવન ! મારું મન ઇન્દ્રિયોના સમુહ દ્વારા બાહ્ય પદાર્થો સાથે સંબંધ કરે છે. તેથી અનેક પ્રકારના કર્મો આવી મારા આત્મા સાથે બંધાય છે. પરંતુ વાસ્તવિક પણે હું તે કર્મોથી સદાકાળ, સર્વ ક્ષેત્રે જુદો છું. તથા તે કર્મો આપના ચૈતન્યથી પણ જુદા જ છે. અથવા તો ચૈતન્યથી આટલા કર્મોને ભિન્ન પાડવામાં, ચૈતન્યથી આ કર્મોને જુદા પાડવામાં આપ જ કારણ છો. શુદ્ધ આત્મા ભિન્ન પાડવામાં કારણ છે, બીજું કોઈ કારણ છે નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? હે જિનેન્દ્ર ! મારી સ્થિતી નિશ્ચય પૂર્વક આપમાં જ છે. ખરેખર તો હું જ્ઞાન સ્વરૂપમાં જ વસેલો છું. રાગ આદિ ને કર્મ આદિ મારા સ્વરૂપમાં છે નહિ.

**(ચોવીસ.)**ધર્મીની અંતર ભાવના અથવા તારે શું પ્રયોજન પરથી ? હે આત્મન ! તારે નથી તો લોકથી કામ, નથી તો અન્યના આશ્રયથી કામ, તારે નથી તો દ્રવ્યથી પ્રયોજન (પૈસાથી પ્રયોજન), નથી તો શરીરથી કામ, તારે વચન ને ઇન્દ્રિયોથી પણ કાંઈ કામ નથી. તેમજ દસ પ્રાણોથી પણ પ્રયોજન (નથી), પ્રાણો, પ્રાણો આ પાંચ ઇન્દ્રિય મન, વચન ને કાયા, શ્વાસ ને વાયુ એનાથી પણ કાંઈ કારણ પ્રયોજન નથી. અનેક પ્રકારના વિકલ્પો પુણ્ય-પાપના પણ કાંઈ એનાથી તારું પ્રયોજન છે નહિ કેમકે તે સર્વ પુદ્ગલ દ્રવ્યના પર્યાયો

છે. એ વિકલ્પો દયા-દાનના ઉઠે બધા પુદ્‌ગલના પર્યાય છે. મારામાં તો છે નહિ ને, એ ઉઠ્યાં એ તો જડના છે. એનો વિવેક કરીને પરથી ભેદજ્ઞાન કરે છે. સમજાય છે કાંઈ ?

જુઓને ! જંગલોમાં મુનિ, સિંહ વૃત્તિ આમ પરમાત્મા સાથે વાતું કરી છે અંદર. ડોલી રહ્યાં છે અંદરમાં આહા ! પ્રભુ ! આવો ચૈતન્ય આત્મા ! એ વિકલ્પ છે એ તો બધા જડના પર્યાયો છે. મારી પર્યાય આવી ન હોય, મારી પર્યાય તો પવિત્ર ને શાંત હોય. માટે એ અપવિત્ર પર્યાયથી, જડથી મારા જુદા સ્વરૂપને હું સેવું છું. સમજાણું ? વળી તારાથી ભિન્ન છે તોપણ બહુ ખેદની વાત છે કે, તું તેમને પોતાના માની તેમનો આશ્રય કરે છે. તેથી શું તું દઢ બંધનથી બંધાઈશ નહિ ? જરૂર બંધાઈશ.

ભેદવિજ્ઞાન દ્વારા આત્મામાંથી વિકારના નાદ. **પચ્ચીસ,** ધર્મ દ્રવ્ય, એક ધર્માસ્તિ નામનો પદાર્થ છે, અધર્મ દ્રવ્ય એ પણ પદાર્થ છે. આકાશ દ્રવ્ય, કાળ દ્રવ્ય એ ચારે દ્રવ્યો કોઈ પણ પ્રકારે મારું અહિત કરતા નથી, અહિત તો કોઈ કરતું નથી પણ નિમિત્ત થાય એને સમજાવે છે. કિન્તુ એ ચારે દ્રવ્યો મને ગતિ, સ્થિતિ આદિ કાર્યમાં મને સહાયકારી છે. પણ આ મારા સહાય થઈને રહે છે. પરંતુ એક આ નોકર્મ, આ શરીર છે ને ત્રણ, અને છ પર્યાપ્તિ, આહાર, શરીર, મન, ઇન્દ્રિય જુઓ તો, અને કર્મ જેનું સ્વરૂપ એવું તથા સમીપે રહેનાર આ. સમજાણું ? કર્મ જેનું સ્વરૂપ એવું તથા સમીપે રહેનારને બંધ કરનાર એ પુદ્‌ગલ દ્રવ્ય જ મારું વેરી છે. નિમિત્ત તરીકે છે, બાકી પેલા નિમિત્ત તરીકે બિચારા પેલા તો સહાયક થાય છે, હું ગતિ કરું ને. સમજાણું કાંઈ ? તેથી આ સમયે મેં તેના ભેદવિજ્ઞાનરૂપ તલવારથી ખંડ ખંડ ઉડાવી દીધા છે. ભગવાન હું તો આત્મા છું અને આ વિકલ્પો આદિ આ પુદ્‌ગલની પર્યાય ને પુદ્‌ગલ મારા એ અહિતના કરનાર એને મેં છેદી નાખ્યા છે, ભિન્ન પાડ્યાં છે કે, મારી ચીજમાં એ છે નહિ.

**છવ્વીસ,** રાગ-દ્વેષનો ત્યાગ. જીવોના અનેક પ્રકારના રાગ-દ્વેષ કરનારા પરિણામોથી જે પ્રમાણે પુદ્‌ગલ દ્રવ્ય પરિણમે છે, કર્મ. તે પ્રમાણે ધર્મ, અધર્મ, આકાશ, કાળ ચાર અમૂર્ત દ્રવ્યો રાગ-દ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી. તે રાગ-દ્વેષ દ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સંસાર ભો થાય છે. તેથી સંસારમાં અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે. માટે કલ્યાણની ઇચ્છા રાખનાર સજ્જનો એ, તે રાગ ને દ્વેષ સર્વથા છોડવા જોઈએ. સર્વથા છોડવા જોઈએ, કથંચિત્ એમ નહિ. અનેકાન્ત હશે કે નહિ એમાં કાંઈ ? કાંઈક છોડવાને કાંઈ ન છોડવા. સર્વથા કીધું છે એમાં ? આનંદ સ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન. બિલકુલ રાગ-દ્વેષ છોડવા યોગ્ય છે અને આત્મા એકલો જ આદરણીય છે. એનું નામ અનેકાન્ત છે, બીજું અનેકાન્ત હોઈ શકે નહિ.

**સત્તાવીસ.** હે મન ! બાહ્ય તથા તારાથી ભિન્ન જે સ્ત્રી, પુત્ર આદિ પ્રકાર તો છે. તેમનામાં રાગ-દ્વેષ સ્વરૂપ અનેક પ્રકારના વિકલ્પો કરી તું શા માટે દુઃખદ (દુઃખ દ) દુઃખના

દેનારા, અશુભ કર્મો ફોગટ બાંધે છે. જો તું આનંદરૂપ જળના સમુદ્રમાં, આનંદરૂપ જળના દરિયામાં શુદ્ધાત્માને અંતર પામી તેમાં નિવાસ કરીશ તો તું નિર્વાણરૂપ વિસ્તરણ સુખને જરૂર પ્રાપ્ત કરીશ. એટલા માટે તારે આનંદ સ્વરૂપ શુદ્ધાત્મામાં જ નિવાસ કરવો જોઈએ અને તેનું ધ્યાન ને મનન કરવું જોઈએ.

આત્મા મધ્યસ્થ સાક્ષી છે. **(અઠ્ઠાવીસ)** હે જિનેન્દ્ર ! આપના ચરણકમળની કૃપાથી પૂર્વો ત વાતું ને સમ્યક્ પ્રકારે મનમાં વિચારી. જે સમયે આ જીવ શુદ્ધિ માટે અધ્યાત્મરૂપ ત્રાજવામાં પગ મુકે છે અંદરમાં, તે સમયે તેને દોષિત બનાવવાને કર્મરૂપ ભયંકર વેરી આમાં પલ્લામાં હાજર છે. હે ભગવાન ! તેવા પ્રસંગે આપ જ મધ્યસ્થ સાક્ષી છો. હું મધ્યસ્થ જ આત્મા સાક્ષી છું કે, અહીં રાગ થાય ને આ સ્વભાવ તરફ ઢળે, સાક્ષી આત્મા છે. સમજાય છે કાંઈ ?

**(ઓગણત્રીસ.)** હવે વિકલ્પ રૂપ ધ્યાન તો સંસાર સ્વરૂપ છે. આહા..! દ્વૈત, ભગવાનનું સ્મરણ આદિ વિકલ્પ તો એ સંસાર સ્વરૂપ છે અને નિર્વિકલ્પ ધ્યાન મોક્ષ સ્વરૂપ છે, એમ આચાર્ય દર્શાવે છે. સવિકલ્પ ધ્યાન તો વાસ્તવિક રીતે સંસાર સ્વરૂપ છે, એમાં રાગનો ભાગ આવે છે. અદ્વૈત નિર્વિકલ્પ ધ્યાન ચિદાનંદ પ્રભુ દશ્યને દેખનાર વિગેરે એક છોડીને એકરૂપ સ્વરૂપનું ધ્યાન એ મોક્ષ સ્વરૂપ છે. મોક્ષનું કારણ તે મોક્ષ સ્વરૂપ છે. સંસાર તથા મોક્ષમાં પ્રાપ્ત થતી આ ઉત્કૃષ્ટ દશાનું સંક્ષેપથી કથન છે. એ ટૂંકામાં ટૂંકામાં સર્વજ્ઞને કહેવું હોય તો આ વાત છે કે, જેટલો વિકલ્પ ઉઠે તે સંસાર રાગ અને નિર્વિકલ્પ દશા તે મોક્ષ આ ટૂંકામાં ટૂંકું બાર અંગનું કથન મોક્ષ ને બંધ ને માટે છે. સમજાણું કાંઈ ?

જે મનુષ્ય પૂર્વો ત બેમાંથી પ્રથમ દ્વૈત પદથી ધીરે ધીરે, પાછો હટી એ વિકલ્પ મદદ કરે છે માટે એને સેવો, એમ નથી. વિકલ્પ ભાગ આવે ખરો પણ એમાંથી હટતો... હટતો... હટતો... અદ્વૈતમાં, ચૈતન્યમાં આવે તેની મુ તિ થાય. એ વિકલ્પમાં રહે તેની મુ તિ થાય નહિ. ભારે આકરી વાત છે, હોં ! ધીરે ધીરે પાછો હટ્યો પેલો કહે એને કરીને અંદરમાં જવાય અદ્વૈતમાં, એમ ત્રણકાળમાં બનતું નથી. દ્વૈત પદથી ... હટી અદ્વૈત પદનું આલંબન સ્વીકારે છે તે પુરુષ નિશ્ચયનયથી એટલે સાચી દષ્ટિથી નામ રહિત થઈ જાય છે અને તે પુરુષ વ્યવહારનયથી બ્રહ્મા, ધાતા, વિષ્ણુ, શંકર નામોથી સંબોધાય છે. તેવા આત્મા ને આવા નામથી કહેવાય, આવો આત્મા થાય એને. ભગવાન આત્મા સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ વિકાર રહિત થઈને અદ્વૈતનું ધ્યાન કરી આત્માનું અદ્વૈત એટલે બધું એક થઈને, એમ નહિ, હોં ! આત્મા અદ્વૈત એકસ્વરૂપે છે પૂર્ણાનંદ, ભેદ નથી એનું ધ્યાન કરીને આત્મા મુ તિને પામે છે. પછી એનું નામ ગમે તે વ્યવહારથી કહો.

**(ત્રીસ.)** દઢ શ્રદ્ધાની મહિમા. હે કેવળજ્ઞાનરૂપ નેત્રોના ધારક જિનેશ્વર ! મોક્ષ પ્રાપ્ત અર્થે આપે જે ચારિત્રનું વર્ણન કર્યું છે, એ ચારિત્ર તો આ વિષમ કળીકાળમાં મારા જેવા

મનુષ્ય ઘણી કઠિનતાથી ધારણ કરી શકે તેમ છે. નગ્ન મુનિ દિગંબર છે, આચાર્ય છે, પાંચમહાવ્રત ધારી છે, ત્રણ કષાયનો નાશ છે. તોપણ કહે છે, પ્રભુ ! તે ચારિત્રનું વર્ણન કર્યું. ઓહો..હો..! અમારા જેવા પામર બહુ કઠિનતાથી કરી શકે. પણ પૂર્વોપાર્જિત પુણ્યોથી આપમાં અમારી જે દઢ ભક્તિ છે, મારા પુરુષાર્થથી અંદરમાં જે પવિત્રતાથી આત્મા પ્રત્યે પ્રેમ ને આત્મા પ્રત્યેની દૃષ્ટિ થઈ છે તે ભક્તિ હે જિન ! મને સંસારરૂપી સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાવ. મને સંસાર સમુદ્રથી આ ભક્તિ જ પાર ઉતારી શકશે.

મોક્ષ પદની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના. **એકત્રીસ,** આ સંસારમાં ભ્રમણ કરી. હવે છેલ્લી શિક્ષા, છેલ્લી છે ને ગાથાઓ ? એટલે મુનિ છે ને ? એટલે અહીંથી મરીને સ્વર્ગમાં જવાના છે એટલે પહેલી નિશ્ચિત કરતા જાય છે, છેલ્લી ગાથાઓ છે એટલે. નહિ... નહિ... રે નહિ... ઇન્દ્રપદ અહીંથી મળશે મુનિને રાગ ભાગ એ નહિ રે નહિ, અમારે ન જોઈએ. સંસારમાં ભ્રમણ કરીને ઇન્દ્રપણું સામાન્ય, નિગોદપણું (નિગોદ એટલે આ બટાટા, શકરકંદ) એ બન્ને વચ્ચેની અન્ય સમસ્ત પ્રકારની યોનિઓ પણ અનંતવાર પ્રાપ્ત કરી છે. તેથી એ પદવીઓમાંથી કોઈપણ પદવી અમારે માટે અપૂર્વ નથી.

માટે હું અહીંથી પંચમકાળનો સાધુ ને સ્વર્ગમાં જઈશ માટે મને એની ઇચ્છા ને અનુમોદના છે, એમ છે નહીં, એમ કહે છે. ઘણા તો એમ કહે ને ? આપણે સ્વર્ગમાં જાશું ને ધૂળમાં જાશું ને ? સ્વર્ગમાં એટલે ધૂળમાં, એને આત્માનું ભાન નથી. કિન્તુ મોક્ષપદને આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પદવી જે અપૂર્વ છે, ત્રણની એકતા. તે હજુ સુધી ત્રણની પૂર્ણ એકતા થઈ નથી. તેથી હે દેવ ! મારી સવિનય પ્રાર્થના છે કે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પદવી જ પૂર્ણ કરો. એ તો મૂળ પાઠમાં છે. ત્રણની એકતા, બીજું કાંઈ મારે જોઈતું નથી. પૂર્ણ દઢ શ્રદ્ધા જ્ઞાન ને રમણતા રહું, એનાથી મારી મુક્તિ બીજી જોતી નથી.

**બત્રીસ,** મુમુક્ષુની મોક્ષ પ્રાપ્તિ માટે દઢતા. જરી આમણે અર્થ શ્રી વીર શબ્દ પડ્યો છે ગાથામાં એટલે એનો અર્થ એવો કર્યો છે. બાહ્ય અતિશય આદિ અને અભ્યંતર કેવળજ્ઞાન કે આદિ લક્ષ્મીથી શોભીત શ્રી વીરનાથ ભગવાને, એમ કર્યો છે. પણ ખરેખર એમનો આશય ભાઈ ! 'પદ્મનંદિ આચાર્ય'નો પોતાના 'વીરનન્દિ' ગુરુને યાદ કર્યા છે. સમજાય છે ? કે, શ્રી શબ્દ પડ્યો છે, શ્રી વીરેણ એથી શ્રીનો આવો અર્થ કર્યો, પણ શ્રી વીરેણ એમના ગુરુને યાદ કર્યા છે. અહીં જિનેશને યાદ કરતાં કરતાં તો પ્રાર્થના કરી અત્યાર સુધી.

હવે કહે છે મારા 'વીરનન્દિ' ગુરુ છે, એ વીરનાથ ભગવાને પોતાના પ્રસન્ન ચિત્તથી અમારા ઉપર મહેરબાની કરી. અમારા ગુરુએ સર્વોચ્ચ પદવીની પ્રાપ્તિ અર્થે મારા ચિત્તમાં ઉપદેશની જે જમવટ કરી છે, જમાવટ કરી છે. આ અર્થાત્ ઉપદેશ દીધો છે, એ ઉપદેશ પાસે ક્ષણમાત્રમાં વિનાશ એવું પૃથ્વીનું રાજ મને પ્રિય નથી. સ્વર્ગમાં અહીંથી જવાય તો

એ મને પ્રિય નથી. એ વાત તો દૂર રહો પરંતુ હે પ્રભુ ! હે જિનેશ ! તે ઉપદેશ પાસે ત્રણલોકનું રાજ્ય પણ મને પ્રિય નથી. સમજાય ? ઇન્દ્ર-બિન્દ્ર થાય અર્ધલોકના સ્વામી ને આના સ્વામી ને, મારા ગુરુએ મને ઉપદેશ એવો આપ્યો એ ચિત્તમાં એવો જામી ગયો છે એના આગળ અમને ત્રણલોકના રાજ પણ તરણા જેવા લાગે છે. એ રાજ અમારે જોતા નથી, અમારે તો સ્વરૂપની પૂર્ણ પ્રાપ્તિનું રાજ જોઈએ છે.

**છેલ્લી તેત્રીસ,** જુઓ ! નવમો અધિકાર છે, છવ્વીસમાં નવમો અધિકાર છે અને ગાથા તેત્રીસ છે. એટલે એ પણ ત્રણ તેરી નવ. સમભાવ વીતરાગપણે આલોચનાનું સ્વરૂપ છે તે એ રીતે કુદરતે મુનિના મુખમાં આવી ગયું છે. કહે છે શ્રદ્ધાથી જેનું શરીર નમ્રીભૂત છે. જેની નમ્રતા નર પરમાત્માના સ્વભાવ પ્રત્યે થઈ ગઈ છે એવો જે મનુષ્ય તે પદ્મનંદિ આચાર્ય રચિત આલોચના નામની કૃતિ, તેને ત્રણે કાળ પ્રાતઃ, મધ્યાહ્ન અને સાયંકાળ અર્હમ પ્રભુ સામે ભણે, તે બુદ્ધિમાન મનુષ્ય એવા ઉચ્ચ પદને પ્રાપ્ત થાય છે કે, જે પદ મોટા મોટા મુનિઓ ચીરકાળ પર્યંત શબ્દ દ્વારા ઘોર પ્રયત્ને પામી શકે છે.

વાત તો એ ઉગ્રતા પ્રયત્ન છે ને અંદરમાં ? પરથી ભેદ... ભેદ... ભેદ... ભેદ... ધારા ચાલી જાય છે, એકે એક ગાથા દીઠ. એવી ધારાવાળા અલ્પકાળમાં મોક્ષની પ્રાપ્તિ કરે છે. જે મનુષ્ય પ્રાતઃકાળ, મધ્યાહ્નકાળ ને સાયંકાળ ત્રણે કાળે શ્રી અરિહંત દેવ સામે પરમાત્મા સામે આલોચનાનો પાઠ કરે છે, તે શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરે છે. તેથી મોક્ષ અભિલાષીઓએ શ્રી અરિહંત દેવ સામે શ્રી 'પદ્મનંદિ આચાર્ય' દ્વારા રચાયેલી આલોચના નામની કૃતિનો પાઠ ત્રણે કાળ જરૂર કરવો જોઈએ અને એ જાતની ભાવના કરવી જોઈએ. આલોચના પૂરું થઈ, એક કલાક થઈ લ્યો !

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)



**ભાદરવા સુદ ૪, સોમવાર તા. ૩-૯-૧૯૬૨**
**આલોચના, ગાથા-૧-૩૩, પ્રવચન-૩૪**

પદ્મનંદી આચાર્ય દિગંબર સંત જંગલવાસી, વનવાસી હતા. એમણે ભગવાનની સમીપે આ એક આલોચના કરી છે આલોચના. આલોચના એટલે આત્મસ્વભાવને જોતાં દોષનો ત્યાગ થાય તેને આલોચના કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? દોષ અને નિર્દોષતા. બેના અવલોકનમાં દોષનો ત્યાગ અને સ્વભાવનો આદર, એવી સ્થિતિને આલોચના કહેવામાં આવે છે. અધ્યાત્મ આલોચના છે. નવમો અધિકાર છે. ૨૬ અધિકાર છે એમાં ૯મો આ અધિકાર છે. ૩૩ ગાથા છે.

શ્રી પદ્મનંદી આચાર્યદેવ આદિ મંગલથી આલોચના અધિકારની શરૂઆત કરે છે. **'હે જિનેશ! હે પ્રભુ! જો સજ્જનોનું મન આંતર અને બાહ્ય મલરહિત થઈને તત્ત્વસ્વરૂપ અને વાસ્તવિક આનંદના નિધાન એવા આપનો આશ્રય કરે. જો તેમના ચિત્તમાં આપના નામના સ્મરણરૂપ અનંત પ્રભાવશાળી મહામંત્ર મોજૂદ હોય અને આપ દ્વારા પ્રગટ થયેલ...'** આપ દ્વારા પ્રગટ થયેલ **'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગમાં જો તેમનું આચરણ હોય તો તે સજ્જનોને ઈચ્છિત વિષયની પ્રાપ્તિમાં વિઘ્ન શેનું હોય?'** નિર્વિઘ્ન શરૂઆત કરતાં પૂર્ણ પ્રાપ્તિની પ્રાર્થના છે. મંગળિક કર્યું મંગળિક પહેલું.

બીજી ગાથા. હવે કુદેવને માન્યા હોય તો દેવની ઓળખાણ દ્વારા તેનું આલોચન કરે છે. **'આચાર્ય દેવ સ્તુતિ દ્વારા દેવ કોણ હોઈ શકે અને કેવળજ્ઞાન પ્રાપ્તિનો ક્રમ કેવો હોય તે વર્ણવે છે.' 'હે જિનેન્દ્રદેવ! સંસારના ત્યાગ અર્થે, પરિગ્રહરહિતપણું, રાગરહિતપણું...'** અસ્તિથી **'વીતરાગભાવપણું...'** ઓલા બે નાસ્તિથી અને આ અસ્તિથી **'સર્વથા કર્મોનો નાશ અને અનંતદર્શન અનંતજ્ઞાન અનંતસુખ ને અનંત વીર્ય અને સમસ્ત લોકાલોકને પ્રકાશનારું કેવળજ્ઞાન એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો.'** આ દેવપદની પ્રાપ્તિની ક્રમશઃ દશા બતાવે છે. એ સિવાય બીજાને દેવપણું હોઈ શકે નહિ. **'પરંતુ આપથી અન્ય કોઈ દેવને એ ક્રમ પ્રાપ્ત થયો નથી. તેથી આપ જ શુદ્ધ છો અને આપના ચરણોની સેવા સજ્જનપુરુષોએ કરવી યોગ્ય છે.'**

ત્રીજો. **'સેવાનો દૃઢ નિશ્ચય અને પ્રભુસેવાનું માહાત્મ્ય.' 'હે ત્રિલોકપતે! આપની સેવામાં જો મારો દૃઢ નિશ્ચય છે તો મને અત્યંત બળવાન સંસારરૂપ**

**વેરીને જીતવો કાંઈ મુશ્કેલ નથી. કેમ કે જે મનુષ્યને જળવૃષ્ટિથી હર્ષજનક ઉત્તમ ફુવારાસહિત ઘર પ્રાપ્ત થાય તો તે પુરુષને જેઠ માસનો પ્રખર મધ્યાહન તાપ શું કરી શકે? અર્થાત્ કાંઈ કરી શકે તેમ નથી.'** બધું અધ્યાત્મ ઉતાર્યું. વિસ્તારથી તો ઉતરી ગયું છે એકવાર. આ તો એક કલાકમાં પૂરું કરવું છે ને બધું.

ચોથી ગાથા. **'ભેદજ્ઞાન દ્વારા સાધકદશા'. 'આ પદાર્થ ચૈતન્ય આદિ સારરૂપ છે અને આ પદાર્થ વિકાર આદિ અસારરૂપ છે. એ પ્રકારે સારાસારની પરીક્ષામાં એક ચિત્ત થઈ જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો અબાધિત અને ગંભીર દૃષ્ટિથી વિચાર કરે છે તો તે પુરુષની દૃષ્ટિમાં હે ભગવંત! આપ જ એક સારભૂત પદાર્થ છો.'** આત્માનું વીતરાગી નિર્વિકલ્પ સ્વરૂપ જ એક સારભૂત છે. એ સિવાય બીજું સાર નથી. **'આપથી ભિન્ન સમસ્ત પદાર્થો અસારભૂત જ છે. અતઃ આપના આશ્રયથી જ મને પરમ સંતોષ થયો છે.'**

હવે આચાર્યદેવ પૂર્ણ સાધ્ય વર્ણવે છે. આ સાધકપણાનું વર્ણન કર્યું. સાધક. શુદ્ધ મારું સ્વરૂપ, એ જ મારે આદરણીય છે અને બીજું આદરણીય નથી.

હવે સાધ્ય. **'હે જિનેશ્વર! સમસ્ત લોકાલોકને એક સાથે જાણનારું આપનું જ્ઞાન છે. સમસ્ત લોકાલોકને એક સાથે દેખનારું આપનું દર્શન છે. આપને અનંત સુખ અને અનંત બળ છે. આપની પ્રભુતા પણ નિર્મળ થર છે. વળી આપનું શરીર...'** તીર્થંકરનું શરીર વર્ણવવું છે ને. પરમ ઔદારિક હોય છે. પરમ ઔદારિક. **'દૈદિપ્યમાન છે. પરમાત્મસ્વભાવ આપનો દૈદિપ્યમાન છે એમ શરીર પણ આપનું દૈદિપ્યમાન છે.'** એવી સ્થિતિ દેવને હોય. આવા દેવ સિવાય બીજાને હોઈ શકે નહિ. **'જો યોગીશ્વરે સમ્યક્‌યોગરૂપ નેત્ર દ્વારા...'** અંતર દ્વારા **'આપને પ્રાપ્ત કરી લીધા તો તેઓએ શું ન જાણી લીધું? શું ન દેખી લીધું? અને તેઓથી શું ન પ્રાપ્ત કરી લીધું? અર્થાત્ સર્વ કરી લીધું.'**

છઠ્ઠો. **'પૂર્ણની પ્રાપ્તિનું પ્રયોજન.'** પૂર્ણની પ્રાપ્તિનું પ્રયોજન. **'હે જિનેન્દ્ર! આપને જ હું ત્રણ લોકના સ્વામી માનું છું. આપને જ જિન-અષ્ટકર્મનો વિજેતા અને મારા સ્વામી માનું છું, માત્ર આપને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું, સદા આપનું જ ધ્યાન કરું છું, આપની સેવા અને સ્તુતિ કરું છું, કેવળ આપને જ મારું શરણ માનું છું. અધિક શું કહેવું? જો કંઈ સંસારમાં પ્રાપ્ત થાઓ તો એ થાવ કે આપના સિવાય અન્ય કોઈ પણ સાથે મારે પ્રયોજન ન રહે.'** અધ્યાત્મ આલોચના છે ને. એ તો સંત મુનિ હતા જંગલમાં.

દિગંબર મુનિ ભાવલિંગી સંત તપોભૂમિમાં વિચરતા હતા. એમાં ભગવાનને જાણે સાક્ષી રાખીને એટલે ચૈતન્યસ્વભાવને સાક્ષી રાખીને દોષ અને નિર્દોષતાની આલોચના કરે છે.

**'હવે આચાર્યદેવ આલોચનાનો આરંભ કરે છે.'** આ તો હજી ભૂમિકા બાંધી. સર્વજ્ઞ દેવ આવા હોય અને સર્વજ્ઞ પ્રાપ્તિનો ક્રમ આવો હોય. હવે આલોચના શરૂ કરે છે. **'હે જિનેશ્વરદેવ! મેં ભ્રાંતિથી મન-વચન-કાયા દ્વારા ભૂતકાળમાં અન્ય પાસે પાપ કરાવ્યા છે, સ્વયં કર્યા છે અને પાપ કરનારા અન્યોને અનુમોદ્યા છે. તથા તેમાં મારી સંમતિ આપી છે. વળી વર્તમાનમાં હું મન-વચન-કાયા દ્વારા અન્ય પાસે પાપ કરાવું છું, સ્વયં પાપ કરું છું, પાપ કરનાર અન્યોને અનુમોદું છું. તેમજ ભવિષ્ય કાળમાં હું મન-વચન-કાયા દ્વારા અન્ય પાસે...'** થોડો કાળ રહેશે ને એમ. ભવ. **'અન્ય પાસે પાપ કરાવીશ, સ્વયં પાપ કરીશ અને પાપ કરનારા અન્યોને અનુમોદીશ. તે સમસ્ત પાપની આપની પાસે ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા પાસે સમીપ બેસીને નિંદા ગૃહા કરનાર એવો હું તેના સર્વ પાપ સર્વથા મિથ્યા થાઓ.'** એ ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટાની સમીપમાં બધા પાપનું નિષ્ફળપણું થાય છે. આ એનું નામ અહીંયાં આલોચના કહેવાય છે.

આઠમી. **'આચાર્યદેવ પ્રભુની અનંત જ્ઞાનદર્શન શક્તિ વર્ણવતા આત્મશુદ્ધિ અર્થે આત્મનિંદા કરે છે.' 'હે જિનેન્દ્ર! જો આપ ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રિકાળ ગોચર અનંત પર્યાયો યુક્ત લોકાલોકને સર્વત્ર એક સાથે જાણો છો તથા દેખો છો. તો હે સ્વામી! મારા એક જન્મના પાપોને શું આપ નથી જાણતા? અર્થાત્ જરૂર આપ જાણો છો.'** લ્યો, પાપના જાણતા હશે? ભગવાન! પાપ-પુણ્યની પર્યાય બધાને? વિશેષ જાણતા હશે બધાને? **'તેથી હું આત્મનિંદા કરતો કરતો સ્વભાવ સન્મુખ વિકારના અભાવને કરતો કરતો આપની પાસે સ્વદોષોનું કથન, આલોચન, દોષનો ત્યાગ કરું છું. અને તે કેવળ શુદ્ધિ અર્થે કરું છું.'**

હવે આચાર્યદેવ **'ભવ્ય જીવોને તેમના આત્માને ત્રણ શલ્યરહિત રાખવાનો બોધ આપે છે.' 'હે પ્રભુ! વ્યવહારનયનો આશ્રય કરનાર અથવા મૂળ ગુણ અને ઉત્તર ગુણોને ધારણ કરનાર મારા જેવા મુનિને...'** ભાવલિંગી સંત છે. **'જે દુષણોનું સંપૂર્ણ રીતે સ્મરણ છે...'** ખ્યાલમાં છે **'તે દુષણની શુદ્ધિ અર્થે આલોચના કરવાની આપની સામે સાવધાનીપૂર્વક બેઠો છું. કેમ કે જ્ઞાનવાન ભવ્યજીવોએ સદા પોતાના હૃદય માયા શલ્ય, નિદાન શલ્ય અને મિથ્યાત્વ**

**શલ્ય એ ત્રણ શલ્યરહિત જ રાખવા જોઈએ.'** આ ત્રણ શલ્યનું આલોચન.

સ્વભાવની સાવધાની. આ નવું છે ને એમાં મથાળા બાંધ્યા છે. નવું છે એ? પહેલા કર્યા હતા ને ઉપરથી. વળી કોકે બાંધ્યા છે. આ વળી હમણાં ખબર પડી.

**'હે ભગવંત! આ સંસારમાં સર્વ જીવ વારંવાર અસંખ્યાત લોકપ્રમાણ પ્રગટ અને અપ્રગટ અનેક પ્રકારના વિકલ્પો સહિત હોય છે.'** વિકલ્પ નામ પુણ્ય-પાપના ભાવ-શુભાશુભભાવ. **'વળી એ જીવ જેટલા પ્રકારના શુભાશુભ વિકલ્પો સહિત છે તેટલા જ વિવિધ પ્રકારના દુઃખો સહિત પણ છે. પરંતુ જેટલા વિકલ્પો છે તેટલા પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં નથી. તેથી તે સમસ્ત અસંખ્યાત લોકપ્રમાણ વિકલ્પોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે.'** જ્ઞાતા-દૃષ્ટામાં ઢળવાથી જ એ બધા પુણ્ય-પાપના વિકલ્પોનો નાશ થાય છે. ગણી ગણીને નાશ કરાતો નથી. એમ કહે છે. આ પાપ હતું અને આ પુણ્ય હતું. છોડે કોણ? સ્વભાવ જ્ઞાતા-દૃષ્ટામાં ઢળતાં અસંખ્ય પ્રકારના વિકલ્પોનો નાશ થાય છે.

પરથી પરાઙ્મુખ થઈ સ્વની પ્રાપ્તિ. ૧૧મો શ્લોક.

**'હે દેવ! સર્વ પ્રકારના પરિગ્રહરહિત સમસ્ત શાસ્ત્રોનો જ્ઞાતા ક્રોધાદિ કષાયરહિત શાંત એકાંતવાસી ભવ્યજીવ બધા બાહ્ય પદાર્થોથી મન અને ઇન્દ્રિયોને પાછા હટાવી અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્તિરૂપ આપમાં સ્થિર થઈ આપને દેખે છે તે મનુષ્ય આપના સાનિધ્ય નામ સમીપતાને પ્રાપ્ત કરે છે.'** વિકાર રહિત સ્વભાવના સમીપમાં આલોકન કરતાં અંતરમાં સમીપપણું પ્રાપ્ત થતાં તેના વિકારો નાશ થાય છે.

**'સ્વભાવની એકાગ્રતાથી ઉત્તમપદ મોક્ષની પ્રાપ્તિ.' 'હે અરિહંત પ્રભુ! પૂર્વ ભવમાં કષ્ટથી સંચય કરેલ મહાપુણ્યથી જે મનુષ્ય ત્રણ લોકના પૂજાને યોગ્ય આપને પામ્યો છે તે મનુષ્યને બ્રહ્મા, વિષ્ણુ આદિને પણ નિશ્ચય પૂર્વક અલભ્ય એવું ઉત્તમ પ્રાપ્ત થાય છે. હું શું કરું? આપનામાં એક ચિત્ત કર્યા છતાં મારું મન પ્રબળપણે બાહ્ય પદાર્થો પ્રત્યે દોડે છે.'** પ્રભુ! એ મોટો ખેદ છે. અંતર જ્યાં એકાગ્રતા કરવા જાવ છું ત્યાં પર્યાયમાં જરી અસ્થિરતા થાય છે. આ એનું આલોચન અને એનો ત્યાગ કરવા માગું છું. એમ કહે છે.

**'મોક્ષાર્થે વીર્યનો વેગ.' 'હે જિનેશ! આ સંસાર અનેક પ્રકારના...'** નાના પ્રકારના એટલે અનેક પ્રકારના **'દુઃખો દેનાર છે. જ્યારે વાસ્તવિક સુખનો આપનાર તો મોક્ષ છે.'** સંપૂર્ણ નિર્મળ દશા. ખુલાસો કર્યો છે. **'તેથી તે મોક્ષની પ્રાપ્તિ અર્થે અમે...'** મુનિ પોતે કહે છે. **'સમસ્ત ધન-ધાન્ય આદિ પરિગ્રહોનો ત્યાગ**

કર્યો. તપોવન...' તપથી પવિત્ર થયેલી ભૂમિમાં વાસ કર્યો. **'સર્વ પ્રકારના સંશય પણ છોડ્યા અને અત્યંત કઠિન વ્રત પણ ધારણ કર્યા. હજી સુધી તેવા દુષ્કર વ્રતો ધારણ કર્યા છતાં પણ મોક્ષની પ્રાપ્તિ ન થઈ. કેમ કે પ્રબળ પવનથી કંપાયેલા પાંદડાની માફક અમારું મન રાત્રિ-દિવસ બાહ્ય પદાર્થોમાં ભ્રમણ કરતું રહે છે. માટે કેવળજ્ઞાન થતું નથી.'** એમ કહે છે. સ્વદ્રવ્યમાં રમતું નથી. જેટલો બાહ્ય પદાર્થના લક્ષે વિકલ્પ ઉઠાવે છે એટલું દુઃખનું કારણ અને પરિભ્રમણનું કારણ છે.

**'મનને સંસારનું કારણ જાણી..'** પશ્ચાતાપ. **'હે ભગવન્! જે મન બાહ્ય પદાર્થોને મનોહર માની તેમની પ્રાપ્તિ માટે જ્યાં-ત્યાં ભટક્યા કરે છે કે જે જ્ઞાનસ્વરૂપી આત્માને...'** જુઓ! આત્માનું શું સ્વરૂપ એ વર્ણવ્યું. **'જ્ઞાનસ્વરૂપી આત્માને એ વિના પ્રયોજને સદા અત્યંત વ્યાકુળ કર્યા કરે છે. જે ઇન્દ્રિયરૂપી ગામને વસાવે છે. અર્થાત્ આ મનની કૃપાથી ઇન્દ્રિયોની વિષયોમાં સ્થિતિ થાય છે. અને જે સંસાર ઉત્પાદક કર્મોનો પરમ મિત્રમન છે. મન આત્મારૂપી ગૃહમાં કર્મોને સદા લાવે છે. તે મન જ્યાં સુધી જીવીત રહે છે ત્યાં સુધી મુનિઓને ક્યાંથી કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે? અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે નહિ.'** મનાતીત થઈને સ્થિર થાય ત્યારે કલ્યાણ થાય. મનમાં જેટલો સંબંધ છે તેટલું બંધનું કારણ મુનિઓને પણ હોય છે.

૧૫મી. **'મોહના નાશ માટે પ્રાર્થના.' 'મારું મન નિર્મળ તથા શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આત્મા...'** અહીં તો વાત આત્માની અંદર છે, હોં! ભગવાન-ભગવાન એ નિમિત્તથી કથન છે. દિગંબર સંતોના કથનો બધા અધ્યાત્મ અને સ્વઆશ્રય છે. વ્યવહારના ક્યાંય વિકલ્પ ઉઠે એટલે એનું કથન કરે પણ અંતરના ચૈતન્યના આનંદકંદની વાતું મુખ્યપણે બધે ઠેકાણે વર્ણવી છે. કહો, આ પંચમઆરાના મુનિ વનમાં વસતા જંગલમાં પણ ભગવાનને જાણે સામા બેઠા હોય (એમ આલોચના કરે છે). આત્મા સામો છે ને, દૃષ્ટિની સામો. પૂર્ણાનંદ પ્રભુ હું છું એવી દૃષ્ટિની સમીપમાં આત્મા છે એમાં દોષનું આલોચન કરીને દોષનો અભાવ કરવા માગે છે.

**'પ્રભુ! મારું મન નિર્મળ શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આપમાં લગાવ્યા છતાં પણ મૃત્યુ તો આવવાનું જ છે એવા વિકલ્પ વડે આપથી અન્ય બાહ્ય સમસ્ત પદાર્થો તરફ નિરંતર ઘુમ્યા કરે છે.'** મન ઘુમ્યા કરે છે. મનને એમ છે કે જો અંદરમાં જઈશ તો મને મારી નાખશે. અંતરમાં જઈશ તો મારી નાખશે મનને. માટે બાહર ભમુ તો જીવતો તો રહું. નવનીતભાઈ! વિકલ્પ જો બહારમાં ભમે

તો હું ટકી તો રહું. જો અંદરમાં ગર્યું એનું તો મારી નાખશે વિકલ્પને. માટે મારે જીવવું છે એટલે બહાર ફરી રહ્યો છું. '**સમસ્ત બાહ્ય પદાર્થો તરફ નિરંતર ઘુમ્યા કરે છે. હે સ્વામિન્! તો શું કરવું? કેમ કે આ જગમતાં મોહ વશાત્ કોને મૃત્યુનો ભય નથી? સર્વને છે. માટે સવિનય પ્રાર્થના છે કે સમસ્ત પ્રકારના અનર્થો કરનાર તથા અહિત કરનાર મારા મોહને નષ્ટ કરો.**' સ્વભાવ સન્મુખ થઈને મોહનો નાશ કરું, એને નષ્ટ કરો એમ ભગવાનને કહેવા માગે છે.

'**સર્વ કર્મોમાં મોહ જ બળવાન છે એમ આચાર્ય દર્શાવે છે.**' '**જ્ઞાનાવરણાદિ સમસ્ત કર્મોમાં મોહકર્મ જ અત્યંત બળવાન કર્મ છે.**' દ્રવ્યથી વાત લીધી છે. '**એ મોહના પ્રભાવથી..**' મારી પર્યાય એના તરફ ઢળે છે તે મોહનો પ્રભાવ છે એમ આરોપથી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? લખાણની શૈલી ક્યા નયે હોય એ સમજે નહિ અને ઊંધા મારે. કર્મ દ્રવ્ય કાંઈ આત્માને પ્રભાવ પાડતું હશે? જડકર્મની પર્યાય આત્માને પ્રભાવ પાડે? બે વચ્ચે તો અત્યંત અભાવ છે. સમજાણું કાંઈ? જુઓ! લીધું છે જડકર્મ, હોં!

'**એ મોહના પ્રભાવથી...**' મારા પ્રભાવથી હોય કાંઈ વિકાર? એમ કહે છે. ચૈતન્ય તો સહજાનંદની મૂર્તિ, એના પ્રભાવથી વિકાર હોઈ શકે નહિ. માટે નિમિત્તના લક્ષે થયો એ નિમિત્તના પ્રભાવથી થયો એમ કહેવામાં આવે છે. '**અત્યંત બળવાન એના પ્રભાવથી આ મન જ્યાં-ત્યાં ચંચળ બની ભ્રમણ કરે છે અને મરણથી ડરે છે. જો આ મોહ ન હોય તો નિશ્ચયનયપ્રમાણે ન તે કોઈ જીવે યા ન તો કોઈ મરે. કેમ કે આપે આ જગતને જે અનેક પ્રકારે દેખ્યું છે એ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ દેખ્યું છે.**' પર્યાયની અપેક્ષાએ અનેક પ્રકારે, વસ્તુ અપેક્ષાએ તો એક જ સ્વરૂપ છે. '**દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નહીં.**' દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ એકરૂપ છે. પર્યાયની અપેક્ષાએ અનેકરૂપ આપે જોઈ છે. '**તેથી હે જિનેન્દ્ર! આ મારા મોહને સર્વથા નષ્ટ કરો.**' લ્યો! ભગવાન નષ્ટ કરે એમ કહે છે. એટલે કે હું નષ્ટ કરું એમ ભગવાનને કરે છે. કથનની શૈલી એવી હોય છે વાણી વ્યવહારનયની પ્રધાનતાથી.

મુમુક્ષુ :- ભગવાનની પાસે સ્તુતિ કરે છે.

ઉત્તર :- સ્તુતિ છે. ભગવાનની સ્તુતિમાં એમ જ કહે ને કે હે નાથ! આપ ઉગારો, તારો. પ્રભુ! હવે તારો. એની ધ્વનિનો અવાજ તો આત્મા ઉપર છે. હે આત્મા! હવે રાગને ટાળીને તરી જા. એ વિના તારો કોઈ ઉપાય છે નહિ.

'**પરસંયોગ અધ્રુવ જાણી તેનાથી ખસી એક ધ્રુવ આત્મસ્વભાવમાં સ્થિત**

**થવાની ભાવના.' 'વાયુથી વ્યાપ્ત સમુદ્રની ક્ષણિક જળ લહરીઓના સમૂહ સમાન સર્વ કાળે અને સર્વ ક્ષેત્રે આ જગત ક્ષણમાત્રમાં વિનાશી છે. એવો સમ્યક્ પ્રકારે વિચાર કરી આ મારું મન સમસ્ત સંસારને ઉત્પન્ન કરનાર વ્યાપારથી રહિત થઈ, હે જિનેન્દ્ર! આપના નિર્વિકાર પરમાનંદમય પરમબ્રહ્મ સ્વરૂપમાં સ્થિત થવાને ઇચ્છે છે.'** ઇચ્છા કરે. સ્વરૂપમાં ઠરવાને ઇચ્છા-ભાવના કરે છે. રાગમાં રહેવાની ભાવના પ્રભુ મારી છે નહિ. અલ્પ અસ્થિરતા આવી જાય (પણ) ભાવના એની નથી. ચૈતન્ય જ્ઞાતા આનંદમાં ઠરું એ મારી ભાવના છે.

**'શુભ-અશુભ ઉપયોગથી ખસી શુદ્ધ ઉપયોગમાં નિવાસની ભાવના.' 'જે સમયે અશુભ ઉપયોગ વર્તે છે તે સમયે તો પાપની ઉત્પત્તિ થાય છે.'** લ્યો! અશુભ વખતે. **'અને તે પાપથી જીવના અનેક પ્રકારના દુઃખોને અનુભવે છે. જે સમયે શુભ ઉપયોગ વર્તે છે એ સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે.'** આ ચોખ્ખું આલોચનામાં કહે છે. આ સમ્યગ્દષ્ટિ મુનિ છઠ્ઠે ગુણસ્થાને (છે) એ પણ કહી રહ્યા છે. **'જે સમયે શુભ ઉપયોગ વર્તે છે તે સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે અને એ પુણ્યથી જીવને સુખ અનુકૂળ સંયોગની પ્રાપ્તિ થાય છે.'** એમ. સુખ એટલે અનુકૂળ સંયોગ. કાંઈ અંદર સુખની નહિ. સમજાણું કાંઈ? **'એ બંને પાપ-પુણ્યરૂપ દ્વંદ્વ સંસારનું જ કારણ છે. અર્થાત્ એ બંને ચીજ સદા સંસાર જ ઉત્પન્ન થાય છે.'** શુભ અને અશુભ બેય પરિણામથી ઉદયભાવથી સંસાર જ ઉત્પન્ન થાય છે. કહો, હવે આવી વાત સીધી (છે) પણ હજી શ્રદ્ધામાં બેસાડતા વાર લાગે છે. કઠણ પડે કે આ નહિ. પુણ્ય તો ખરું... પુણ્ય તો ખરું... શુભભાવ તો ખરો. સંવર અને નિર્જરાનું પરંપરાનું કારણ. કહે છે કે કર પ્રાયશ્ચિત હવે આ રીતે સમજીને. શુભ અને અશુભભાવથી તો સંસારની ઉત્પત્તિ છે. ભગવાન ચૈતન્યના આનંદની ઉત્પત્તિથી શાંતિની પ્રાપ્તિ છે.

**'અર્થાત્ એ બંને ચીજથી સદા સંસાર જ ઉત્પન્ન થાય છે. કિંતુ શુદ્ધ ઉપયોગથી...'** લ્યો! શુદ્ધઉપયોગથી **'ચૈતન્ય પરમાનંદના શુદ્ધ વેપારથી અંતરથી અવિનાશી અને આનંદસ્વરૂપ પદની પ્રાપ્તિ થાય છે. હે અર્હંતપ્રભુ! આપ તો તે પદમાં નિવાસ કરી રહ્યા છો. પણ હું એ શુદ્ધઉપયોગરૂપ પદમાં નિવાસ કરવાને ઇચ્છું છું.'** સ્વરૂપમાં જે દૃષ્ટિમાં આત્મા આવ્યો એમાં હું ઠરવા જ માગુ છું. પ્રભુ! એ રાગાદિ થાય એનો અભાવ કરીને સ્વરૂપમાં ઠરવા માગું, નિવાસ કરવા માગું છું. જુઓ! આ આલોચનામાં આ વાત લીધી, સત્ય વાત.

૧૯. **'આત્મસ્વરૂપનું નાસ્તિથી અને અસ્તિથી વર્ણન.' 'જે આત્મસ્વરૂપ**

જ્યોતિ...' જે આત્મસ્વરૂપ જ્યોતિ '**નથી તો સ્થિત અંદર...**' એટલે નથી તે મનમાં, કર્મ, શરીરમાં કે નથી સ્થિત બાહ્ય કે નથી બાહ્યમાં '**તથા નથી તો સ્થિત દિશામાં...**' કોઈ દિશામાં આત્મા નથી, એ તો એના અસંખ્ય પ્રદેશના સમૂહમાં છે. '**નથી સ્થિત વિદિશામાં તેમ જ નથી સ્થૂળ કે નથી સૂક્ષ્મ...**' એ ભગવાન આત્મા સ્થૂળ પણ નથી અને સૂક્ષ્મ પણ નથી. એ પરમાણુને લાગુ પડે. '**એ આત્મજ્યોતિ નથી પુલ્લિંગ...**' એ ચૈતન્યજ્યોત નથી પુરુષ લિંગે, નથી સ્ત્રી લિંગે, નથી નપુસંક લિંગે. આ વેદના વિકારની આલોચના કરે છે. વેદનો વિકાર જે ઉદય થાય પ્રભુ! એ મારા સ્વભાવમાં નથી, એ મારું સ્વરૂપ નથી. કેમ કે આત્મામાં ત્રણ લિંગ અને વેદના વિકારનો જ અભાવ છે.

વળી '**તે નથી ભારી કે નથી હલકી...**' એ આત્મસ્વરૂપ જ્યોતિ. '**તે જ્યોતિ કર્મ, સ્પર્શ, શરીર, ગંધ...**' આ સંખ્યા એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, દસ એવી સંખ્યા પણ આત્મામાં છે નહિ. '**વચન,...**' એ આત્મામાં વચન નથી. આ અત્યારની વાત ચાલે છે. ક્યારની શું? વાણી આત્મામાં કેવી? આત્માની ખાણમાં તો અનંતજ્ઞાન, આનંદ પડ્યો છે. વાણી તો જડ છે, એ એની ખાણમાં છે નહિ. '**નિર્મળ છે, વર્ણથી રહિત છે, સમ્યગ્જ્ઞાનદર્શનસ્વરૂપ મૂર્તિ છે.**' સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શનસ્વરૂપ પ્રભુ આત્મા છે. '**તે ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું.**' લ્યો! એ '**ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું. કિંતુ તે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ જ્યોતિથી હું ભિન્ન નથી.**' એનાથી હું જુદો નથી. પહેલા કહે, એનાથી જુદો છું. કર્મ, શરીર, વાણી, વર્ણ, વિકલ્પ આદિથી. પણ એ ચૈતન્યસ્વરૂપ જ્યોતિ એનાથી હું ભિન્ન નથી. અસ્તિ-નાસ્તિથી વાત કરી. પરથી ભિન્ન અને મારા સ્વભાવથી અભિન્ન. સ્વભાવથી આત્માથી ભિન્ન. એમ. નિરૂપાધિ ત્રિકાળ સ્વભાવથી નહિ. ઉપાધિથી ભિન્ન. જુઓ! આ ભેદજ્ઞાન. આ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્રવંત મુનિ આ રીતે આત્માની અંદર આલોચના કરી રહ્યા છે.

'**ત્રિકાળી આત્માની શક્તિ.**' '**હે ભગવન! ચૈતન્યની ઉન્નતિનો નાશ કરનાર અને વિના કારણે સદા વેરી એવા આ દુષ્કર્મે આપમાં અને મારામાં ભેદ પાડ્યો. મારા સ્વરૂપમાં અને આપના સ્વરૂપમાં ભેદ છે નહિ. પણ કર્મના નિમિત્તના લક્ષે ઉપાધિએ આપ અને મારામાં ભેદ પાડ્યા.**' દુશ્મનને સંગે ચડ્યો તો આપના સજ્જનથી જુદો પડી ગયો. '**પરંતુ કર્મશૂન્ય અવસ્થામાં જેવો આપનો આત્મા છે એવો જ મારો આત્મા છે. આ સમયે તે કર્મ અને હું આપની સામે ખડા છીએ.**' આ કર્મ અને આત્મા બે દ્રવ્ય જુદા અમારા જ્ઞાનમાં આવે

છે એમ કહે છે. ખડા છીએ. આ ચૈતન્યપ્રભુ અને આ જડ બીજી ચીજ, જે મારામાં નથી. એ બેય ખડા છીએ.

**'તેથી તે દુષ્ટકર્મને હટાવી દૂર કરો. કેમ કે નીતિમાન પ્રભુનો તો એ ધર્મ છે કે સ્વજનોની રક્ષા કરે અને દુષ્ટોનો નાશ કરે.'** પ્રભુ અવતરે ત્યારે કહે છે ને રાક્ષસોને મારે અને ભક્તોને સહાય કરે. એ નહિ. આ આત્મા સજ્જન છે એની વાત છે, કહે છે. આત્માનો એવો સ્વભાવ છે. સજ્જન નામ સત્-જન અંતરના અનંત ગુણોનો સમાજ, એની રક્ષા કરે અને દુષ્ટ નામ વિકારનો એ નાશ કરે એ સજ્જનોનું કર્તવ્ય છે. કહો, સમજાણું કાંઈ આમાં? ઓલા કહે ને, ભગવાન આવીને ભક્તોની ભીડ ભાંગે અને રાક્ષસોને (મારે). એ રાક્ષસ અને ભગવાન પોતે ને પોતે છે. હે સત્જન આત્મા! તારા અનંત ગુણનો સમાજ એની રક્ષા તું કર અને વિકાર તે રાક્ષસ સમાન છે તેનો નાશ કર. એ સજ્જનોના આવા લક્ષ અને કર્તવ્ય છે. કહો, સમજાણું?

૨૧. **'આત્માનું અવિકારી સ્વરૂપ'. 'હે ભગવંત! વિવિધ પ્રકારના આકાર અને વિકાર કરનાર વાદળા આકાશમાં હોવા છતાં પણ જેમ આકાશના સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકતા નથી.'** જુઓ! આત્માના સ્વરૂપની સાથે આકાશને મેળવે છે. **'તેમ આધિ,...'** મનના વિકલ્પો **'વ્યાધિ,...'** શરીરનો રોગ **'જરા, મરણ આદિ શરીરની અવસ્થા આદિ પણ મારા સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકે તેમ નથી.'** વાદળાઓના આકાર અને વિકાર એ આકાશને કાંઈ કરી શકતા નથી. એમ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણ કારણ પ્રભુ, એને આ વિકાર અને આધિ-વ્યાધિ આદિ કાંઈ પણ દૂષણ કરી શકતા નથી. **'કાંઈપણ ફેરફાર કરી શકે તેમ નથી. કેમ કે એ સર્વ શરીરના વિકાર છે.'** એ આધિ, વ્યાધિ ને એ બધા શરીરના વિકાર છે. મનના સંકલ્પ-વિકલ્પ બધા કાર્મણ શરીરનો વિકાર છે. મારું નહિ. એ મારા ચૈતન્યનું ફળ નહિ. બેને જુદા કરીને હું મારા આત્મામાં ઢળવા માગું છું. **'જડ છે. જ્યારે મારો આત્મા જ્ઞાનવાન અને શરીરથી ભિન્ન છે.'**

૨૨. **'જેમ માછલી પાણી વિનાની ભૂમિ પર પડતાં તરફડી દુઃખી થાય છે. તેમ હું પણ આપની શીતળ છાયા વિના...'** અંદરના નિર્વિકલ્પ શાંતિ અને આનંદ વિના **'અનેક પ્રકારના દુઃખોથી ભરપુર સંસારમાં સદા બળી જલી રહું છું.'** રાગમાં આવું છું તો બળી જળી રહું છું, એમ કહે છે. શીતળ ભગવાન આત્મામાં રહું છું ત્યારે શીતળતા છે. બહાર આવ્યો ને વિકલ્પ ઉઠ્યો પુણ્ય-પાપનો (તો એમાં) સળગી રહ્યો છું, કહે છે. **'બળી-જળી રહ્યો છું. જેમ તે માછલી**

**જ્યારે જળમાં રહે છે ત્યારે સુખી રહે છે. તેમ જ્યાં સુધી મારું મન આપના કરુણારસપૂર્ણ...'** એ આત્માની કરુણારસ પૂર્ણ વીતરાગીભાવ **'અત્યંત શીતળ ચરણોમાં પ્રવેશેલું રહે છે. ત્યાં સુધી હું પણ સુખી રહું છું.'** જુઓ! આત્મા નિર્વિકલ્પ શાંતિમાં રહે ત્યાં સુધી સુખી અને વિકલ્પ ઉઠ્યો દયા, દાન કે કામ ક્રોધનો એ દુઃખી.

ઓલા કહે કે સાધન છે એ બધા. શુભભાવ એ સાધન છે. અહીં કહે છે, ના ના. બહાર નીકળું ત્યાં હું દુઃખી થાઉં છું. જળનું માછલું પાણીમાંથી બહાર નીકળે (તો) તરફડે. વેળુમાં આવે તો તડફડે તો અગ્નિમાં તો શું થાય? એમ શુભભાવમાં આવે તો દુઃખ થાય તો અશુભની શું વાત કરવી? એમ કહે છે. સમજાય છે કાંઈ? શુભ પરિણામ થાય તોપણ આકુળતા છે તો અશુભ પરિણામ, જળનું માછલું વેળુમાં આવે એ શુભભાવમાં આવ્યું અને અગ્નિમાં આવે એ અશુભમાં આવ્યું. એમ ઉપમા (આપી છે). એમ ચૈતન્ય પ્રભુ વીતરાગી વિજ્ઞાનઘન શુભમાં આવે (તો) તરફડું છું, દુઃખી છું. અશુભમાં વધારે દુઃખી (થાઉં છું). સમજાણું કાંઈ?

**'હે નાથ! મારું મન આપના ચરણ કમળો છોડી અન્ય સ્થળ કે જ્યાં હું દુઃખી થાઉં ત્યાં પ્રવેશ ન કરે એ મારી પ્રાર્થના છે.'** બહાર નીકળું નહિ અને અંદરમાં ઠરું, પ્રભુ! મારી એ ભાવના છે. લ્યો! અહીં તો બહારમાં મજા પડે છે અને અહીં મજા નથી. શુભભાવમાં મજા નથી એમ કહે છે અહીં તો. આહાહા..!

મુમુક્ષુ :- હવાફેર કરવા જાય ત્યાં...

ઉત્તર :- ધૂળમાંય મજા નથી. હવાફેર કોણ કરતું હતું ક્યાં? ક્યાં જાય અને ક્યાં આવે?

ચૈતન્ય ભગવાન શાંતરસનો ફુવારો. આવી ગયો ફુવારો. લીધું ને? આવી ગયું ને. આવી ગયો ફુવારો. શીતળ ઘરમાં એમ કે એક તો ફુવારો હોય અને શીતળ ઘર હોય. ઠંડી-ઠંડી. એને જેઠનો તાપ ન લાગે. એમ ભગવાન આત્મા શીતળસ્વરૂપ અને એમાં આશ્રય કરીને સ્થિર થયો એને કષાયના ઉદયો આતાપ આપી શકે નહિ. શીતળતા ત્યાં છે, ભાઈ! બાકી શીતળતા બીજે છે નહિ.

**'હે ભગવંત! મારું મન ઇન્દ્રિયોના સમૂહ દ્વારા બાહ્ય પદાર્થો સાથે સંબંધ કરે છે.'** જુઓ! અહીં બધું સિદ્ધ કરતા જાય છે પાછું. મન હોય, ઇન્દ્રિય હોય, ચૈતન્ય છે પણ આમ સંબંધ કરે છે. એ બધું વીતરાગ માર્ગમાં જ હોય, બીજે હોઈ શકે નહિ. **'તેથી અનેક પ્રકારના કર્મો આવી...'** વળી કર્મો આવ્યા પાછા. વિકારને લઈને. **'મારા આત્મા સાથે બંધાય છે. પરંતુ વાસ્તવિકપણે હું તે કર્મથી સદા**

**કાળ, સર્વ ક્ષેત્રે જુદો જ છું. તથા તે કર્મો આપના ચૈતન્યથી પણ જુદા છે. અથવા તો ચૈતન્યથી આ કર્મોને ભિન્ન પાડવામાં આપ જ કારણ છો.'** એ રાગ અને આત્માને ભિન્ન પાડવામાં ભેદજ્ઞાન જ કારણ છે, બીજું કોઈ કારણ નથી. રાગાદિ, શુભાદિ નિમિત્ત કોઈ કારણ નથી. '**હે શુદ્ધાત્મનઃ!**' હે જિનેન્દ્ર! '**મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપમાં જ છે.**' આપમાં જ છે. ચૈતન્યમાં જ ખરેખર મારી સ્થિતિ જામી ગઈ છે.

૨૪. '**ધર્મીની અંતર ભાવના.**' '**હે આત્મન્! તારે નથી તો લોકથી કામ નથી તો અન્યના આશ્રયથી કામ, તારે નથી તો લક્ષ્મીથી પ્રયોજન, નથી તો શરીરથી પ્રયોજન, તારે વચન ને ઈન્દ્રિયોથી પણ કાંઈ કામ તારું છે નહિ. તેમ જ દશ પ્રાણોથી પણ પ્રયોજન નથી.**' દસ પ્રાણ છે ને? મનની પણ મારે જરૂર નથી એમ કહે છે. ત્રણ-મન, વચન, કાયા ને .. વગેરે. અનેક પ્રકારના વિકલ્પોથી પણ કાંઈ કામ નથી. '**કેમ કે તે સર્વ પુદ્ગલ દ્રવ્યના જ પર્યાયો છે.**' એ વિકલ્પો પુણ્ય-પાપ બધા જડ દ્રવ્યની દશા છે. આત્માના મૂળ સ્વરૂપમાં એ છે નહિ. '**વળી તારાથી ભિન્ન છે તોપણ બહુ ખેદની વાત એ છે કે તું તેમને પોતાના માની તેમનો આશ્રય કરે છે. તેથી શું તું દૃઢ બંધનથી બંધાઈશ નહિ? જરૂર બંધાઈશ.**' પુણ્ય-પાપનો આશ્રય લઈશ તો નવું બંધન થયા વિના રહશે નહિ. અબંધ સ્વભાવી ભગવાનનો આશ્રય લઈશ તો અબંધ પરિણામ ઉત્પન્ન થશે.

૨૫. '**ભેદવિજ્ઞાન દ્વારા આત્મામાંથી વિકારનો નાશ.**' '**ધર્મ દ્રવ્ય...**' એક ધર્માસ્તિ પદાર્થ છે, હોં! ધર્મ દ્રવ્ય એટલે. '**અધર્મ દ્રવ્ય,...**' એક અધર્માસ્તિ નામનો પદાર્થ ચૌદ બ્રહ્માંડમાં છે. '**આકાશ દ્રવ્ય,...**' લોકાલોક વ્યાપક છે. '**કાળ દ્રવ્ય,...**' લોકમાં અસંખ્ય પ્રદેશી એક એક દ્રવ્ય અસંખ્ય પડ્યા છે. '**એ ચારેય દ્રવ્યો કોઈપણ પ્રકારે મારું અહિત કરતા નથી. કિંતુ આ ચારેય દ્રવ્યો ગતિ સ્થિતિ આદિ કાર્યમાં મને સહકારી છે. તેથી મારા સહાયક થઈને જ રહે છે.**' મને સહાયક થઈને રહે છે. એના વિના નહિ એમ.. હું ગતિ કરું તો એ મને સહાય આપે છે એમ કહે છે.

'**પરંતુ નોકર્મ...**' એટલે ત્રણ શરીર અને છ પર્યાપ્તિ. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન. '**અને કર્મ જેનું સ્વરૂપ છે એવું અને સમીપે રહેનારા અને બંધને કરનાર એક પુદ્ગલ દ્રવ્ય જ મારું વેરી છે.**' નિશ્ચયથી વેરી તો વિકાર છે. પણ વિકાર અને નિમિત્તને ભેગા ગણીને કર્મને વેરી કહેવામાં આવે છે. ચિદ્વિલાસમાં

આવે છે ને ભાઈ! કે નિશ્ચયથી જે જેનો વેરી એનામાં હોય. પરમાં હોઈ શકે નહિ. પણ અહીં તો બે દ્રવ્યદૃષ્ટિથી કથન છે ને? બે દ્રવ્યને જુદા પાડ્યા, ફડાક દઈને. હું વેરી નહિ એટલે કર્મ વેરી છે, પ્રભુ! હવે એને મારવાને તૈયાર ઊભો થયો છું.

**'બંધને કરનાર પુદ્‌ગલ દ્રવ્ય જ મારું વેરી છે. તેથી આ સમયે મેં તેને ભેદવિજ્ઞાનરૂપી તલવારથી...'** લ્યો! વેરી. **'ખંડ ખંડ ઉડાવી દીધા છે.'** આ ખરો વેરી તો પોતાનો અશુદ્ધભાવ છે. એ તો આપણે લખ્યું છે. સમજાવ્યું હોય ત્યારે લખ્યું છે. પણ અશુદ્ધભાવ એ એનું નિમિત્ત છે, એનો નાશ થયો એટલે કર્મનો નાશ થયા વિના રહે નહિ. ૨૫ થઈ.

૨૬. **'જીવોના અનેક પ્રકારના રાગ-દ્વેષ કરનારા પરિણામોથી જે પ્રમાણે પુદ્‌ગલ દ્રવ્ય પરિણમે છે તે પ્રમાણે ધર્મ, અધર્મ દ્રવ્ય, આકાશ, કાળ એ ચાર અમૂર્ત દ્રવ્યો રાગ-દ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી. તે રાગ-દ્વેષ દ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સંસાર ઊભો થાય છે. તેથી સંસારમાં અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે. માટે કલ્યાણની ઈચ્છા રાખનાર સજ્જનોએ.'** સત્‌જનોએ, સત્ મહાજનોએ **'એ રાગ અને દ્વેષ સર્વથા છોડવા જોઈએ.'**

૨૭. **'આનંદ સ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન.'** આનંદ સ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન. **'હે મન! બાહ્ય તથા તારાથી ભિન્ન સ્ત્રી, પુત્રાદિ પદાર્થો છે તેમનામાં રાગ-દ્વેષ સ્વરૂપ અનેક પ્રકારના વિકલ્પો કરી તું શા માટે દુઃખદ અશુભ કર્મો ફોગટ બાંધે છે? જો તું આનંદરૂપ જળના સમુહમાં શુદ્ધાત્માને પામીને તેમાં નિવાસ કરીશ તો તું નિર્વાણરૂપ વિસ્તીર્ણ સુખને જરૂર પ્રાપ્ત કરીશ.'** જરૂર પ્રાપ્ત કરીશ. **'એટલા માટે તારે આનંદસ્વરૂપ શુદ્ધાત્મામાં જ નિવાસ કરવો જોઈએ. અને તેનું જ ધ્યાન અને મનન કરવું જોઈએ.'**

૨૮. **'હે જિનેન્દ્ર! આપના ચરણકમળની કૃપાથી...'** આપના ચરણકમળની કૃપા એટલે વીતરાગના ચરણકમળ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ એના ચરણકમળ છે. **'પૂર્વોક્ત વાતોને સમ્યક્ પ્રકારે મનમાં વિચારી...'** પૂર્વે કહ્યું એ પ્રમાણે. **'જે સમયે આ જીવ શુદ્ધિ માટે અધ્યાત્મરૂપ ત્રાજવામાં પગ મૂકે છે, એ જ સમયે તેને દોષિત બનાવવાને ભયંકર વેરી સામા પલ્લામાં હાજર થાય છે.'** બે ત્રાજવા. એક ત્રાજવે જ્યાં આમ તોળવા જાઉં છું અંદરમાં સ્થિર (થવા જાઉં છું), ત્યાં બીજે ત્રાજવે વિકલ્પ-રાગ ઉઠે છે. **'હે ભગવંત! તેવા પ્રસંગે આપ જ મધ્યસ્થ સાક્ષી છો.'** જ્ઞાતા-દૃષ્ટા એ જ સાક્ષી છે કે આ રાગ પર અને મારું

સ્વરૂપ ભિન્ન છે. એમ એનો સાક્ષી તો ભગવાન આત્મા જ છે. એ સાક્ષીપણે બેને જુદા ભાસીને બે જુદા પડી જાય છે.

૨૯. **'હવે વિકલ્પરૂપ ધ્યાન તો સંસારસ્વરૂપ છે.'** જુઓ! એ વિકલ્પરૂપ ધ્યાન પણ સંસારસ્વરૂપ છે. **'વિકલ્પ રાગ-દ્વેષયુક્ત વિકારયુક્ત નિર્વિકારી આત્માનું...'** શું લખ્યું? **'નિર્વિકારી આત્માનું...'** ક્યાં લખ્યું? બીજી હશે. **'વિકલ્પરૂપ ધ્યાન સંસાર સ્વરૂપ...'** બીજાની તો વાત શું કરવી? આત્માના ગુણ-ગુણીના ભેદરૂપ વિકલ્પમાં પડ્યો એ પણ સંસાર છે. આહાહા..! **'અને નિર્વિકલ્પ ધ્યાન મોક્ષ સ્વરૂપ છે. એમ આચાર્ય દર્શાવે છે.' 'દ્વૈત સવિકલ્પ ધ્યાન તો વાસ્તવિક રીતે સંસારસ્વરૂપ છે.'** અદ્વૈત ચૈતન્યમૂર્તિમાં ગુણગુણીનો ભેદ ઉઠે કે હું જ્ઞાન છું, દર્શન છું, આનંદ છું, એવો વિકલ્પ ઉઠે **'એ સંસાર છે.'** એ ઉદયભાવ છે. **'અને અદ્વૈત નિર્વિકલ્પ ધ્યાન...'** સ્વરૂપની અંદરમાં ધ્યાનની એકાગ્રતાની લીનતા એ મોક્ષસ્વરૂપ છે. મોક્ષસ્વરૂપ જ છે એમ કીધું છે એને. ધ્યાનને મોક્ષસ્વરૂપ કહી દીધું.

**'સંસાર અને મોક્ષમાં પ્રાપ્ત થતી ઉત્કૃષ્ટ દશાનું આ સંક્ષેપથી કથન છે.'** શું કહ્યું? આ સર્વજ્ઞને સારમાં સાર કહેવું હોય તો આ વાત છે કે જેટલો વિકલ્પ દયા-દાનની તો વાત પણ નહિ પણ ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ ઉઠે (કે) આવો આ (ગુણ છે, આ ગુણી છે) એ સંસાર (છે). અંતર સ્વરૂપમાં નિર્વિકલ્પ દૃષ્ટિ કરીને ઠરવું તે મોક્ષ છે. આખા બાર અંગનો સંક્ષેપમાં.. છે ને? **'મોક્ષમાં પ્રાપ્ત થતી ઉત્કૃષ્ટદશાનું આ સંક્ષેપથી કથન છે.'** જો છેલ્લામાં છેલ્લું કથન કરવું હોય તો આ વસ્તુ છે. **'જે મનુષ્ય પૂર્વોક્ત બેમાંથી પ્રથમ દ્વૈતપદથી ધીરે ધીરે પાછો હઠી...'** દ્વૈત એટલે વિકલ્પથી ખસી **'અને અદ્વૈત પદનું આલંબન સ્વીકારે છે.'** અદ્વૈત એટલે નિર્વિકારી આત્માનું. એમ. નીચે લખ્યું એ ને? **'અદ્વૈત પદનું આલંબન સ્વીકારે છે. તે પુરુષ નિશ્ચયનયથી નામરહિત થઈ જાય છે.'** લ્યો! એક જ મોક્ષનો માર્ગ કહ્યો, આમાં બે ન કહ્યા. વિકલ્પ પણ મોક્ષમાર્ગ છે અને નિર્વિકલ્પ પણ મોક્ષમાર્ગ છે (એમ નથી કહ્યું).

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- બીજા કોઈ શાસ્ત્રમાં આવતું નથી. આવે એ કથનની પદ્ધતિ છે. વસ્તુ સ્વરૂપમાં છે નહિ. આટલું તો આલોચનામાં આચાર્યે વનમાં, તપોવનમાં બેઠા... અહો..! ચૈતન્યસ્વરૂપમાં ડોલે એ નિર્વિકલ્પ દશા એ એક જ મોક્ષસ્વરૂપ તે મોક્ષનું કારણ છે અને જેટલો વિકલ્પ ઉઠે, વ્રતનો તો ક્યાંય રહી ગયો, બીજો ભક્તિ આદિનો, વિકલ્પ ઉઠે અંદરમાં મનના સંગે ભેદરૂપ, (એ) સંસાર છે. આ સંક્ષેપમાં છેલ્લામાં છેલ્લું કથન

ભગવાનનું આ છે. સમજાણું?

**'તે પુરુષ વ્યવહારનયથી બ્રહ્મા, વિધાતા આદિ નામોથી સંબોધાય છે.'** આવું સ્વરૂપ નિર્વિકલ્પ થઈને પરમાત્મા થાય એને ગમે તે નામથી આને બોલાવવામાં આવે છે.

૩૦. **'હે કેવળજ્ઞાનરૂપ નેત્રોના ધારક જિનેશ્વર! મોક્ષ પ્રાપ્ત કરવા અર્થે આપે જે ચારિત્રનું વર્ણન કર્યું છે.'** હવે છેલ્લી પોતાની દશાનું વર્ણન કરે છે. **'તે ચારિત્ર તો આ વિષમ કળિકાળમાં દુષમ પંચમકાળમાં મારા જેવા મનુષ્ય ઘણી કઠિનતાથી ધારણ કરી શકે.'** મુનિ આચાર્ય છે, હોં! તોય કહે છે કે અહો નાથ! આપે કહેલી નિરતિચાર ચારિત્રની દશા ઘણી કઠિનતાથી ધારણ કરી શકે છે. કહો, હજાર વર્ષ પહેલાંની વાત મુનિ કહે છે. **'પરંતુ પૂર્વોપાર્જિત પુણ્યોથી...'** આપમાં મારી જે દઢ ભક્તિ છે એ અખંડ શુદ્ધ લાખ કરોડ શાસ્ત્ર વાંચીને મેં અંતરથી નિર્ણય કર્યો છે કે મારો સ્વભાવ તદ્દન નિર્વિકલ્પ વીતરાગી જ્ઞાન દર્શન છે. હે પ્રભુ! એ મારી દઢ ભક્તિ છે તે ભક્તિ **'હે જિન! મને સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાવ.'** ચારિત્ર તો તમે કહ્યું એટલું તો આ કાળમાં મારાથી... મુનિ છે ચારિત્રવંત છે, હોં! છતાં (આમ કહે છે). **'હે જિન મને સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાવ.'** મને સંસાર સમુદ્રથી આ ભક્તિ જ પાર ઉતારી શકશે, બીજામાં તાકાત છે નહિ.

**'મોક્ષપદની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના.'** **'આ સંસારમાં ભ્રમણ કરી મેં ઈન્દ્રપણું નિગોદપણું...'** ઈન્દ્રપણું એટલે ઐશ્વર્યપણું. આ ઈન્દ્ર જે છે એમ નહિ. **'અને બંને વચ્ચેની અન્ય સમસ્ત પ્રકારની યોનિઓ ઉપજવાના સ્થાનો પણ અનંતવાર પ્રાપ્ત કરી છે. તેથી એ પદવીઓમાંથી કોઈપણ પદવી મારા માટે અપૂર્વ નથી.'** શું કહે છે હવે? છેલ્લી સ્થિતિ મરણ ટાળે પણ સ્વર્ગમાં ઉપજશે, ખ્યાલ છે એને. પંચમ આરાનો સાધુ છું. મને કેવળજ્ઞાન આ ભવમાં થશે નહિ. એમ કહે છે. એટલે વિકલ્પ તો છે. પુણ્યબંધન થશે, સ્વર્ગમાં જશે. પણ પ્રભુ! એ પદો મારે માટે કોઈ નવા નથી. સમજાણું કાંઈ? એ અપૂર્વ નથી. પૂર્વે નહિ મળેલા એ નથી. એ ભલે મળે પણ એ મારે જોતા નથી. જુઓ! પોકાર કરતા અહીંથી જાય છે, હોં! પંચમ આરાના સંત છે. દર્શન-જ્ઞાન-ચારિત્રને આરાધે છે. પણ જાણે છે કે નહિ નહિ, પૂર્ણતા નહિ થાય અને વિકલ્પ દ્વારા પુણ્ય બાંધીને સ્વર્ગમાં જાશું. પ્રભુ! પણ એ પદ અમારે કાંઈ અપૂર્વ નથી હોં નાથ! એની આલોચના અત્યારથી કરતો જાય છે.

**'કિંતુ મોક્ષપદને આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રના એકની પદવી જ અપૂર્વ છે.'** ત્રણની એક્તા, પૂર્ણ એક્તા. જોયું! સ્વર્ગ નહિ, ઇન્દ્ર નહિ, કાંઈ નહિ. તમારા દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણની એક્તા એ હજી સુધી મળી નથી. જો એક્તા થઈ હોય તો મોક્ષ થયા વિના રહે નહિ. એટલી ત્રુટ પડે છે. એક્તા નથી, પ્રભુ! **'તેથી હે દેવ! અમારી સવિનય પ્રાર્થના છે કે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્રની પદવી જ પૂર્ણ કરો.'** મારે બીજું કાંઈ જોઈતું નથી. અંતરમાં ચારિત્રથી લીન થઈને ત્રણની એક્તા પામો એ મારી ભાવના છે. બાકી કોઈ સ્વર્ગમાં જાવું, આ જાવું ને ત્યાં ઇન્દ્રપણું મળે. સમજાય છે? અને ત્યાંથી પાછી મોટી કોઈ રાજમાં પદવી મળે, એ બધું અમારે પ્રભુ નવું નથી, હોં! અંતરમાં અમારા સ્વરૂપની એક્તા થવી એ જ અમારે માટે નવી છે. એ અમને પૂર્ણ કરો એ અમારી પ્રાર્થના છે.

**'મોક્ષની મોક્ષપ્રાપ્તિ માટે દઢતા.' 'બાહ્ય અતિશય આદિ અને અભ્યંતર કેવળજ્ઞાન કેવળદર્શન આદિ લક્ષ્મીથી શોભીત શ્રી વીરનાથ ભગવાને...'** આમ એમના ગુરુ પણ વીર છે અને આમ વીર ભગવાન મહાવીર પરમાત્માએ **'પોતાના પ્રસન્ન ચિત્તથી...'** ઓહો..! જુઓ! શું કહે છે? એ ભગવાને પ્રસન્ન... મારા ગુરુએ અને તીર્થંકરોએ. પાંચમી (ગાથામાં) આવે છે ને? ભાઈ! સમયસારમાં. કુંદકુંદાચાર્ય કહે છે કે અમારા ગુરુએ પ્રસન્નચિત્ત થઈને અમારા ઉપર અનુગ્રહ કર્યો. અમે પાત્ર હતા એમ ન બોલે ઈ. અમારા ઉપર અમારા ગુરુએ પ્રસન્ન ચિત્તથી શુદ્ધાત્માનો અમને ઉપદેશ આપ્યો. અનુગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો.

એમ અહીંયાં કહે છે, અમારા ગુરુ અથવા ભગવાન **'પોતાના પ્રસન્નચિત્તથી સર્વોચ્ચ પદવીની પ્રાપ્તિ અર્થે મારા ચિત્તમાં ઉપદેશની જે જમાવટ કરી છે...'** શુદ્ધાત્માનો મારા ગુરુએ અમને ઉપદેશ આપીને જે હૃદયમાં બેઠો છે, તે ઉપદેશ પાસે એક ક્ષણભરમાં વિનાશ એવું પૃથ્વીનું રાજ મને પ્રિય નથી. જાણે છે કે સ્વર્ગમાં જઈશ અને ત્યાંથી ઉત્તમ કુળમાં અવતાર થશે. પણ પ્રભુ! મારે એ જોઈતું નથી, હોં! ધર્મના આરાધક સ્વર્ગમાં વૈમાનિકમાં જાય અને ત્યાંથી નીકળીને મોટા ચક્રવર્તી બળદેવ, તીર્થંકર કે મોટી પદવીમાં અવતરે. એ લક્ષ કરીને કહે છે, પ્રભુ! પણ એ અમારે નથી જોઈતું, હોં!

**'એ વિનાશી પૃથ્વીનું રાજ મને પ્રિય નથી. એ વાત તો દૂર રહી. પરંતુ હે પ્રભુ!'** હે જિનેશ! **'તે ઉપદેશ પાસે...'** ઉપદેશ પાસે કહે છે. એટલે ખરેખર તો ઉપદેશમાં વર્ણવ્યો એવા ભાવ પાસે, ભગવાને ઉપદેશ અમને કર્યો અને

અમે ધાર્યો છે. અમે જ્ઞાતા-દૃષ્ટા અખંડ પૂર્ણ આનંદ છીએ. એવા ભાવની આગળ પ્રભુ! પૃથ્વીનું રાજ તો શું પણ આ લોકનું ત્રણ લોકનું રાજ પણ અમને પ્રિય નથી. ક્યાંય લોકમાં અવતરીએ એ અમને પ્રિય છે નહિ. અમે તો અમારી દશામાં જન્મ પામીને કેવળજ્ઞાન પામીએ. એ સિવાય અમારી પ્રાર્થના બીજી પ્રભુ છે નહિ. કહો, સમજાણું કાંઈ? જુઓ! અંદર લખ્યું છે ને?

**'યદ્યપિ સંસારમાં પૃથ્વીનું રાજ અને ત્રણે લોકના રાજની પ્રાપ્તિ એક ઉત્તમ વાત ગણાય છે. પરંતુ હે પ્રભુ! વીરનાથ ભગવાને પ્રસન્નચિત્તે મને જે...'** મારું જે પ્રસન્નચિત્ત હતું તો ભગવાને પ્રસન્ન ચિત્તે કીધું. **'મને જે ઉપદેશ આપ્યો તે ઉપદેશ પ્રત્યેના પ્રેમ પાસે આ બંને વાતો મને ઈષ્ટ લાગતી નથી. તેથી હું આવા ઉપદેશનો જ પ્રેમી છું.'** એવા ઉપદેશે કરેલો વીતરાગભાવનો હું પ્રેમી છું. મારે કોઈ ભાવ અને ભવના ફળ-બળ મળે એનો હું પ્રેમી નથી.

છેલ્લી ૩૩. ૯મો અધ્યાય અને ૩૩ ગાથા. આ ૯મો છે ૨૬ અધિકારમાં. બે ત્રગડા ભેગા થયા છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને પાછી ઉત્કૃષ્ટ આરાધના. જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ આરાધના છે ને? એ ત્રણ.

કહે છે કે અહો..! **'આ આલોચના જે શ્રદ્ધાથી જેનું શરીર નમ્રીભૂત..'** નમેલું છે. અક્કડ-લક્કડ નથી, કહે છે. આમ નમી ગયો છે. વિનય... વિનય... વિનય... વિનય... ઓ પ્રભુ! ઓ સર્વજ્ઞ પરમાત્મા! આપની શક્તિની વ્યક્તતા આપને થઈ, અમારે શક્તિ ઉપર અમારી નજર પડી પણ વ્યક્તતા થઈ નથી. એમ નમી ગયો છે અંદરમાં, એમ કહે છે. **'શ્રદ્ધાથી જેનું શરીર નમ્રીભૂત...'** નમેલું-નમેલું. અંદર નમ્રતા છે, શરીરમાં પણ કોમળતા દેખાય છે. **'એવો જે મનુષ્ય શ્રી પદ્મનંદી આચાર્ય રચિત આલોચના નામની કૃતિને...'** આલોચના નામનો આ જે અધ્યાય છે, (તેને) **'ત્રણે કાળ પ્રાતઃ મધ્યમ અને સાયંકાળ શ્રી અરહંત પ્રભુ સામે..'** અરહંત પ્રભુની સમીપે અર્થાત્ પોતાના સ્વભાવની દૃષ્ટિની સમીપે **'જે ભણે તે બુદ્ધિમાન મનુષ્ય એવા ઉચ્ચપદને પ્રાપ્ત થાય છે.'** કહે છે, આ સ્તુતિના વિકલ્પથી પ્રાપ્ત થાય છે. સવાર, સાંજ ને કીધું કે નહિ? એ સવાર-સાંજ વિકલ્પ નહિ, અંદરની એકાગ્રતા સવાર-સાંજ કર્યા કરે છે.

**'એવા ઉચ્ચપદને પ્રાપ્ત થાય છે કે જે પદ મોટા મોટા મુનિઓ ચિરંકાળ પર્યંત ઘણા કાળ સુધી એ તપ દ્વારા ઘોર પ્રયત્ને પણ પામી શકે એવું આ સવાર, સાંજ, મધ્ય આત્માની આ જાતની આલોચના કરે અને અલ્પકાળમાં મહામુનિઓને પદવી મોક્ષની દુર્લભ એ પદવીને પામશે.'** લ્યો,

છેલ્લો સ્વભાવ મોક્ષને પામશે એ લઈ લીધો. '**જે મનુષ્ય સ્વભાવના ભાનસહિત પ્રાતઃકાળ, મધ્યાહનકાળ, સાયંકાળ ત્રણે કાળે શ્રી અરિહંતદેવ સામે આલોચનાનો પાઠ કરે છે તે શીઘ્ર મોક્ષને પ્રાપ્ત કરે.**' અલ્પ કાળમાં મોક્ષને પ્રાપ્ત કરે. પણ પ્રભુ! પહેલા તો તમે ના પાડી કે પંચમઆરામાં મોક્ષ નથી. મોક્ષ છે, સાંભળને હવે. એ અંતર દૃષ્ટિ ને સ્થિરતા એ ક્રમે ક્રમે એકાવતારી કરીને મોક્ષ પમાડશે.

'**તેથી મોક્ષ અભિલાષીઓએ શ્રી અરિહંતદેવ સામે શ્રી પદ્મનંદી આચાર્ય દ્વારા રચાયેલી આલોચના નામની કૃતિનો પાઠ ત્રણે કાળ અંતરમાં અવશ્યમેવ કરવો જોઈએ. કે જેથી એની નિર્મળતા થઈને પૂર્ણ મોક્ષની પ્રાપ્તિ થાય.**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



# શ્લોક-૧ થી ૩

# પ્રવચન નં. ૩૫

## (વિક્રમ સંવત ૨૦૨૧, શ્રાવણ વદ ૧૧, રવિવાર)

## તા. ૨૨-૦૮-૧૯૬૫

# અધિકાર-૭ : દેશવ્રત-ઉદ્યોતન

## શ્લોક-૧

આ 'પદ્મનંદિ આચાર્યે' કરેલો આ 'પદ્મનંદિ પંચવિંશતિઃ' ગ્રંથ છે. અધિકાર તો છવ્વીસ છે પણ એનું નામ 'પદ્મનંદિ પંચવિંશતિઃ' કહેવાય છે. મહા દિગંબર મુનિ લગભગ નવસો વર્ષ પહેલા જંગલમાં વસતા હતા અને ભગવાનની સ્તુતિ આદિ જંગલમાં બનાવી છે. ' ષભદેવ સ્તવન' આદિ ઘણીવાર કર્યું, આ એક દસ વર્ષ પહેલા વંચાઈ ગયું છે. દસ વર્ષ પહેલા. પણ આ ફરીને જરી (લઈએ છીએ). દસ વર્ષ થઈ ગયા ને ? એક દસકો થઈ ગયો. આ અધિકાર છવ્વીસમાંથી સાતમો અધિકાર છે. જેનું 'દેશવ્રતોદ્યોતન' એવું નામ આપ્યું છે. દેશવ્રત નામ શ્રાવકના વ્રતનો ઉદ્યોત કરાય છે અથવા શ્રાવકના વ્રતનું પ્રકાશન કરાય છે. આત્માના સમ્યગ્દર્શનમાં ભાન સહિત વ્રતવાળા જીવ કેવા હોય અને એ વ્રતીને દાન આદિની ક્રિયા કેવી હોય, એનું જેમાં સ્વરૂપ છે એને વ્રતઉદ્યોતન કહેવામાં આવે છે. કહો, સમજાય છે ? સાતમો અધિકાર, ગાથા ૨૭ છે. પહેલી (ગાથાથી) શરૂઆત (કરીએ).

**शार्दूलविक्रीड़ित।**

**बाह्याभ्यन्तरसंगवर्जनतया ध्यानेन शुक्लेन यः-**<br>
**कृत्वा कर्मचतुष्टयक्षयमगात्सर्वज्ञतां निश्चितम्।**<br>
**तेनोक्तानि वचांसि धर्मकथने सत्यानि नान्यानि तद्-**<br>
**भ्राम्यत्यत्र मतिस्तु यस्य स महापापी न भव्योऽथवा।।१।।**

અર્થ :- સમસ્ત બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહકો છોડકર ઔર શુ લધ્યાનસે ચારઘાતિયાકર્મોંકો નાશકર જિસને સર્વજ્ઞપના પ્રાપ્ત કર લિયા હૈ ઉસી સર્વજ્ઞદેવકે વચન, ધર્મકે નિરૂપણ કરનેમેં સત્ય હૈં, કિંતુ સર્વજ્ઞસે અન્યકે વચન સત્ય

**નહીં હૈ એસા ભલીભાંતિ જાનકર ભી જિસમનુષ્યકો સર્વજ્ઞદેવકે વચનોંમેં સન્દેહ હૈ તો સમઝના ચાહિયે વહ મનુષ્ય મહાપાપી તથા અભવ્ય હૈ. ૧.**

જુઓ ! શું કહે છે ? આચાર્ય મહારાજ પ્રથમ સમ્યગ્દર્શનનું વર્ણન કરે છે. કેમકે સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, દાન એ સાચી ક્રિયા વ્યવહારની પણ હોતી નથી. સમ્યગ્દર્શન થયા પછી આત્મા જ્ઞાનાનંદ શું છે એ અહીં વચન કહે છે, એ આત્માનું સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવે, જે એમની વાણીમાં આવ્યો એ રીતે આત્મા વર્ણવ્યો અને એવા આત્માની જે અંતરમાં, અનુભવમાં પ્રતીત કરે છે કે આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાતા-દૃષ્ટા અખંડ આનંદકંદ છે. એવી અંતરમાં દૃષ્ટિ થવી, નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ થવી એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે અને એ સમ્યગ્દર્શન વિના શ્રાવકપણું હોઈ શકે નહિ. વ્રત અને નિયમ ન હોઈ શકે માટે પહેલેથી સમ્યગ્દર્શનનું વર્ણન કરે છે. શું કહે છે ? વિધિ પણ કહે છે. જે ભગવાન સર્વજ્ઞ પરમાત્મા થયા એની વિધિનું જ્ઞાન પણ સમ્યગ્દૃષ્ટિને હોય છે. અરિહંતપદ જે પ્રાપ્ત કર્યું એ કેમ પ્રાપ્ત કર્યું ? અને શું કર્યું ? એ સમ્યગ્દૃષ્ટિના શ્રદ્ધામાં, જ્ઞાનમાં એ વાત હોય છે.

હે પ્રભુ ! '**સમસ્ત બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહકો છોડકર...**' ભગવાન તીર્થંકરો જેટલા થયા એ બધાએ બાહ્ય પરિગ્રહનું નિમિત્તપણું અને અભ્યંતર પરિગ્રહનું અશુદ્ધપણું. અભ્યંતર પરિગ્રહનું અશુદ્ધપણું અને બાહ્ય પરિગ્રહનું નિમિત્તપણું બન્નેને છોડ્યું. ત્યાર પછી કર્મનો ક્ષય કરીને કેવળજ્ઞાન પામ્યા. એમ સમ્યગ્દૃષ્ટિની શ્રદ્ધા, જ્ઞાનમાં, પ્રતીતમાં અરિહંતપણું કેમ પ્રાપ્ત થાય એવું એને ભાન હોય છે.

બાહ્ય–સમસ્ત બાહ્ય, એક વસ્ત્રનો ધાગો પણ (ન હોય). મુનિકાળમાં તીર્થંકરો થયા તેને વસ્ત્ર, પાત્ર કાંઈ એને હોતા નથી. એ એકલા બહારનો ત્યાગ નહિ પણ અભ્યંતર, અભ્યંતર આત્માના શુદ્ધ આનંદ સ્વરૂપના અનુભવમાં એટલી સ્થિરતા થતાં જેને પરિગ્રહનો વિકલ્પ પણ જેમાં રહ્યો નથી. એવા ત્રણ કષાયનો નાશ કરી અને જેણે મુનિપદ શુદ્ધોપયોગરૂપ આચરણ પ્રથમ પ્રગટ કર્યું હતું. શું (કહ્યું) ? શુદ્ધ ઉપયોગનું આચરણ પ્રગટ કર્યું એનું નામ મુનિપણું. એ '**પરિગ્રહકો છોડકર શુ લધ્યાનસે ચાર ઘાતિયાકર્મોંકો...**' જુઓ ! ભાષા લીધી, પાઠમાં છે ને ? '**ध्यानेन शुक्लेन**' આટલા ઉપવાસ કરીને કે આટલી તપસ્યા કરીને આમ કર્યું, એમ નથી લીધું.

ભગવાન શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પ્રભુ વસ્તુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' એવું જે ચૈતન્ય પદ અંદર નિર્મળ એનું અંદર ધ્યાન કર્યું, એકાગ્રતા કરી, ધ્યાન એટલે એકાગ્રતા. સ્વરૂપને ધ્યેયમાં, લક્ષમાં લઈને પર્યાયમાં, દ્રવ્યમાં એકાગ્રતા કરી એનું નામ ધ્યાન કહેવામાં આવે છે. એ '**શુ લધ્યાનસે...**' પહેલુ મુનિપણું થયું. શુદ્ધોપયોગરૂપ આચરણ, સમ્યગ્દર્શન સહિત. પછી આ '**શુ લધ્યાનસે ચાર ઘાતિયાકર્મોંકો...**' જુઓ ! એમ સિદ્ધ કર્યું. આત્માને

પ્રથમ ઘાતિકર્મનો નિમિત્ત સંબંધ હતો. એકલો આત્મા શુદ્ધ અનાદિનો હતો, એમ નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો વસ્તુ શુદ્ધ કીધી હતી. પર્યાયમાં કર્મનું નિમિત્ત નહોતું એમ (નહોતું કહ્યું). ન હોય તો ટાળ્યું શી રીતે ? સમજાય છે કાંઈ ? પર્યાયમાં ચાર જડ કર્મનો નિમિત્ત સંબંધ હતો. નૈમિત્તિક પોતાની અપૂર્ણ અને વિકારી પર્યાય. અપૂર્ણ શબ્દમાં જ્ઞાન, દર્શન ને વીર્ય આવ્યું અને વિકારીમાં મોહનો ભાવ આવ્યો, ચાર. આત્માની પર્યાયમાં અપૂર્ણ અને વિપરીત એ પર્યાયમાં ચાર ઘાતિકર્મનું નિમિત્તપણું હતું, હતું. સમજાય છે કાંઈ આમાં ?

મુમુક્ષુ : .... કર્મથી થાય

ઉત્તર : ઇ કોણે કીધું કર્મથી થાય ? કહ્યું કોણે ? એ તો નિમિત્તપણું હતું, એમ કહ્યું અહીં તો. અને નિમિત્તને લક્ષે જ્ઞાનમાં અપૂર્ણતા હતી, દર્શનમાં અપૂર્ણતા હતી, દર્શન ઉપયોગ અને વીર્યમાં અલ્પતા હતી અને મોહમાં શાંતિથી વિપરીતતા હતી. સમજાય છે કાંઈ ? એવી પર્યાયમાં અલ્પતા, વિપરીતતા અનાદિથી હતી. એમાં ચાર ઘાતિકર્મનું નિમિત્તપણું હતું. એક ખપાવીને શુ લધ્યાન વડે. એ પૂર્ણાનંદ પ્રભુ આત્મા એક સમયમાં શુદ્ધ ચિદ્‌ઘન, એનો અંતર આશ્રય કરીને શુ લ નામ, ધોળું નામ ઉજળું એકાકાર થઈને અંદરમાં ચાર ઘાતિકર્મનો ક્ષય કરીને એ પણ વ્યવહાર કહ્યો છે. વ્યવહારનું જ્ઞાન–ચાર ઘાતિકર્મ ત્યાં નાશ પામ્યા તેને નાશ કરીને, એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ ? અને અલ્પજ્ઞ ને અલ્પદર્શન ને અલ્પવીર્ય ને રાગ ને વિકાર મિથ્યાત્વ અને અજ્ઞાન ને રાગ આદિનો નાશ કર્યો એ પણ વ્યવહારનયનું કથન છે. સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં સ્થિરતા થતાં એ અશુદ્ધતા ને અલ્પજ્ઞતા ટળી ગઈ અને કર્મ એને કારણે ટળ્યા એને અહીંયા વ્યવહારથી કર્મનો નાશ કર્યો, એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ ? **'નાશકર જિસને સર્વજ્ઞપના પ્રાપ્ત કર લિયા હૈ...'** અઘાત સર્વજ્ઞતાનું ઇ ને ? અઘાત શબ્દ એમાં અંદર પડ્યો છે. જે આત્માએ સર્વજ્ઞતાઅઘાત–સર્વજ્ઞપણું પ્રાપ્ત કર્યું છે. ઇ શું કહ્યું ? કે, અનાદિની પર્યાયમાં સર્વજ્ઞતા નહોતી, સ્વભાવમાં સર્વજ્ઞતા હતી, શક્તિરૂપે સર્વજ્ઞતા હતી એને શક્તિના અવલંબન અંતર ધ્યાન કરીને પર્યાયમાં સર્વજ્ઞપણું અઘાત નામ પ્રાપ્ત કર્યું છે. સમજાય છે કાંઈ ? જુઓ ! આ એક એક આત્માની વાત ચાલે છે. ઇ સર્વજ્ઞ અઘાત, ભાઈ ! એમાં છે સંસ્કૃત. એમ એક એક શબ્દ વાપર્યો છે. અઘાત.

**'સર્વજ્ઞપના પ્રાપ્ત કર લિયા હૈ...'** જુઓ ! શું કહે છે ? પહેલા અલ્પજ્ઞ હતા, વિકારી ભાવ અવસ્થામાં હતો, એમાં કર્મનું નિમિત્તપણું ઉપસ્થિત હતું. સ્વરૂપના અંતરના દૃષ્ટિના બળ દ્વારા પ્રથમ તો મિથ્યાત્વનો નાશ કર્યો, તીર્થંકર થવા પહેલા પૂર્વ ભવમાં, પછી આ ભવમાં એમણે સ્વરૂપની સ્થિરતા કરીને ચારિત્રમોહનો નાશ કર્યો અને ચારે ઘાતિ(કર્મ)નો

નાશ કરીને સર્વજ્ઞપદને પ્રાપ્ત થયા. આ નવે તત્ત્વની શ્રદ્ધા આમાં આવી જાય છે. સમજાણું કાંઈ ?

**'ઉસી સર્વજ્ઞદેવકે વચન,...'** આવા સર્વજ્ઞદેવના વચનો. પહેલા સર્વજ્ઞદેવને સિદ્ધ કર્યું છે. સર્વજ્ઞદેવ જેની દૃષ્ટિમાં પહેલા ન હોય અને સર્વજ્ઞદેવની વાણી વિના જે વાત કરતા હોય એ બધા અધર્મી (છે), એની દૃષ્ટિ ધર્મની નથી. અહીં તો કહે છે, એવું ન માને એ પાપી, અભવિ જીવ છે. સમજાણું કાંઈ ? એક સમયમાં સર્વજ્ઞ ત્રણકાળ, ત્રણલોકને જાણે એવો એક આત્મા, એવા એવા અનંત આત્મા. એ એક આત્મામાં સર્વજ્ઞપણું પ્રગટ કરવાની તાકાત આત્મામાં છે, એવો આત્મા. સમજાય છે કાંઈ ? અને એ આત્મામાં શક્તિરૂપે જે સર્વજ્ઞપદ છે એને પર્યાયમાં વ્ય તપણે ધ્યાન કરીને પ્રગટ કર્યું. એટલે સાધનપણું બતાવ્યું, શક્તિપણું બતાવ્યું, પ્રાપ્ત થયું બતાવ્યું, અશુદ્ધતા ટળીને કર્મ ટળ્યા એ હતા એ ટળ્યા, એમ પણ બતાવ્યું. સમજાણું કાંઈ ?

એમ ને એમ અધ્ધરથી કોઈ વાત કરે સર્વજ્ઞ સિવાય કે, હું મારી મેળાએ ધર્મની વાત કરું છું. મૂઢ જીવ છે. એને સર્વજ્ઞની ઓળખાણ વિના ને સર્વજ્ઞની વાણી વિના ઘરની કલ્પનાની વાત કરે એ વાત અહીંયા માન્ય હોઈ શકે નહિ. જુઓ ! આ પહેલું આચાર્ય સ્થાપે છે. આહા..હા..! ઘણા અત્યારે નિકળ્યા છે ને ? આ ક્રિયાકાંડ નહિ (કરવા) તો નિર્વિકલ્પ થાવ, શૂન્ય થઈ જાવ, વિકલ્પ છોડી દ્યો. શું વિકલ્પ છોડે પણ ? ચીજ શું છે ? એ વસ્તુ શું છે ? સર્વજ્ઞ પરમાત્મા થયા એણે આત્મા કેવડો ? કેવો ? કેવા પ્રકારના ગુણેથી ભરેલો (જોયો) ? સમજાય છે કાંઈ ? અને અવસ્થામાં શું હતું ને એ અવસ્થા શું બદલી ? એવું જે જ્ઞાન સર્વજ્ઞને થયું ને એવું વસ્તુનું સ્વરૂપ છે. એવા સર્વજ્ઞ ભગવાન... અહીં વાંધા અત્યારે સર્વજ્ઞના ઉઠ્યા છે બધાને. આહા..હા..! કોઈ કહે સર્વજ્ઞ ત્રણકાળ, ત્રણલોક જાણે પણ સામાન્યપણે જાણે. આ જીવને, આ સમયે, આ પર્યાય થશે એ નહિ જાણે. વાંધા જ હજી સર્વજ્ઞપદના. આહા..હા..!

મુમુક્ષુ :– એના જ્ઞાનમાં તો નિશ્ચિત જ વાત છે.

ઉત્તર :– ત્યારે વળી કોના જ્ઞાનમાં થયું ? પદ ફેરવ્યું છે. આમાં વાત જ ઇ છે કે, મિથ્યાશ્રદ્ધા છે જેને, એક સમયનું સર્વજ્ઞપદ ત્રણકાળ, ત્રણલોક ને એક એક સમયની પર્યાયને ભિન્ન-ભિન્ન તરીકે જાણે છે. એક એક દ્રવ્યને, એક એક ગુણને, એક એક પર્યાયને અને એક એક પર્યાયના અનંતા અવિભાગ પ્રતિચ્છેદને, આ સમયે, આ જીવને, આ મોક્ષ થશે. આ સમયે, આ જીવને ચારિત્ર થશે. આ સમયે, આ જીવને સમ્યક્ થશે. આ સમયમાં, આ જીવ નિગોદમાં જશે, બધું ભગવાનના જ્ઞાનમાં આવી ગયું છે. સમજાય છે કાંઈ ? હજી અરિહંતના જ્ઞાનની જ ખબર ન મળે. પહેલે કોળીયે માખી. કહે છે કે નહિ ? તમારે શું કહે છે ? ખાવું છે, પહેલો કોળિયો ઉપાડ્યો ત્યાં માખી. એમ અરિહંત પરમાત્મા...

તેથી આચાર્ય મહારાજ કહે છે, એક આત્મા અને તેનું પૂર્ણ સ્વરૂપ શક્તિએ પૂર્ણ, એની પર્યાયમાં પૂર્ણતા જેને પ્રગટી એણે પૂર્ણ ત્રણકાળ, ત્રણલોકને એક સમયમાં જાણ્યા. કહો, સમજાય છે કાંઈ ? એવા ભગવાનના જે વચન, દેખો ! **'સર્વજ્ઞદેવકે વચન,...'** છે ? **'तेनोक्तानि वचांसि'** એ અનેકાંત આ અનેકાંત, અનેકાંત શું ફુદડીવાદ છે ? એમ કે, એણે જાણ્યું ભલે પણ કહ્યું છે અનેકાંત. અનેકાંત એટલે જે સમયે જે પર્યાય થાય એ નિયત પણ હોય અને અનિયત પણ હોય તો અનેકાંત થાય છે. અરે..! આ તો ફુદડીવાદ થયો. ભગવાનનું કેવળજ્ઞાન ત્રણકાળ, ત્રણલોક વ્યવસ્થિત આમ જેમ છે એમ બધું એક સાથે જાણે છે. (જે) સમયમાં જે પર્યાય જેને ત્યાં તે પ્રકારે થવાની અને તેમાં ક્યા નિમિત્તની ઉપસ્થિતી હતી, બધું ભગવાનના જ્ઞાનમાં, એક સમયમાં જણાઈ ગયું છે. સમજાણું કાંઈ ?

તેથી અહીં 'શ્રાવકવ્રતોદ્યોતન'માં સર્વજ્ઞને પહેલા નાખ્યા કે શ્રાવકને સમ્યગ્દર્શન વિના વ્રતપણું હોય નહિ, એ સમ્યગ્દર્શન સર્વજ્ઞની યથાર્થ પ્રતીતિ વિના હોય નહિ અને સર્વજ્ઞની યથાર્થ પ્રતીતિ આવે તો સર્વજ્ઞ ભગવાને જોયો આત્મા, એણે જોયો આસ્રવ ને એણે જોયા કર્મ, એ ત્રણેનું જ્ઞાન અનાદિથી કોઈ દિ' એણે કર્યું નથી. એણે કર્યું હોય તો કર્મ, રાગ અને અલ્પજ્ઞ પર્યાય એનું જ્ઞાન કર્યું છે. ભગવાને બાકી આખો આત્મા જોયો એ તો એના જ્ઞાનમાં આવ્યો નહિ. ભાઈ ! સમજાય છે કાંઈ ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્માને પ્રસિદ્ધ કરવા જાય, એણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક દેખ્યા એમ પ્રસિદ્ધ કરવા જાય ત્યાં એણે આત્મા એની પ્રતીત રાગ, નિમિત્ત અને અલ્પજ્ઞપણાની પ્રતીત ટળી જાય. અને એક સમયમાં પૂર્ણાનંદ સર્વજ્ઞ છું એવો ભગવાને મને જોયો છે, એમ એ જોવે જ્યારે અને પ્રતીત કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય, ત્યારે તેને સર્વજ્ઞની પ્રતીતિ થઈ કહેવાય. સમજાણું કાંઈ ? અહીં તો પહેલેથી આચાર્યે આ નાખ્યું, જુઓ ! 'श्रावकव्रतोद्योतनम्' ભાઈ ! ક્યાં હશે આવી વાતું ? કાંઈ બ્રાહ્મણ બ્રાહ્મણમાં ક્યાંય હશે કે નહિ ? પણ કોઈ બતાવે એવું તો ? નહિ. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ તો સર્વજ્ઞ. આચાર્ય મહારાજ દેશવ્રત શ્રાવકનું વ્રતનું સ્વરૂપ બતાવતા પહેલા સર્વજ્ઞની વાણી અને સર્વજ્ઞને સિદ્ધ કર્યા કે, સર્વજ્ઞ આવા હોય. એ સર્વજ્ઞ કાંઈ જૈન સંપ્રદાયની શૈલીના નથી, વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાય છે કાંઈ ?

એ એક એક આત્મા સર્વજ્ઞ શક્તિથી ભરેલો ભગવાન, શક્તિએ (છે), એની પર્યાયમાં પ્રગટ થવાની એનામાં તાકાત છે. સમજાણું કાંઈ ? જેમ પીપરનો એક એક દાણો (લીંડી પીપર) એક એક દાણો ચોસઠ પોરી તીખાશથી ભરેલો છે. અને તે પીપરના દાણામાં ચોસઠ પોરી–સોળ આના, રૂપિયો, ચોસઠ પૈસા બધું એક જ કહો, (ત્રણે કે પૂરું કે એક) ભરેલું છે તે પ્રગટ પર્યાયમાં થાય છે. ચોસઠ પોરી પ્રગટ તીખાશ ત્યારે બહાર આવે છે. અંદરમાં

ભરી છે તો બહાર આવે છે. એમ જેને પીપરના દાણાની પ્રગટ અવસ્થા ન હોવા છતાં શક્તિરૂપે પૂર્ણ છે, એમ પ્રતીત ન આવે તો એ પીપરમાં મૂર્ખ જીવ છે. પીપરનું જ્ઞાન એને સાચું નથી. પીપરમાં મૂર્ખ. સમજાય છે કાંઈ ?

એમ ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં એનામાં સર્વજ્ઞ પર્યાય જે પ્રગટ થવાની, એ શક્તિરૂપે અત્યારે ત્રિકાળ પડી છે. ત્રિકાળ સર્વજ્ઞ, સર્વદર્શી, પૂર્ણ આનંદ, સ્વચ્છતા, શુદ્ધતા અને પૂર્ણ વીર્ય એવું એક સમયમાં દ્રવ્ય સ્વભાવમાં, વસ્તુ તત્ત્વના સત્ત્વમાં, વસ્તુના તત્ત્વરૂપ સત્ત્વમાં અત્યારે ત્રિકાળ પડ્યું છે, એને આત્મા કહીએ. એ આત્મા જ્યારે એનું ધ્યાન કરીને પર્યાયમાં છે એવું પ્રગટ કરીને તૈયાર થાય છે, પજે છે, સર્વજ્ઞપણે ઉપજે છે, સર્વજ્ઞપણે ધ્રુવપણું હતું. સર્વજ્ઞપણું ચૈતન્યમાં ધ્રુવપણે હતું પણ પર્યાયમાં જ્યારે સર્વજ્ઞ ઉપજ્યા, હતા તે એમાંથી આવ્યું ત્યારે અલ્પજ્ઞ અને રાગનો અભાવ, સર્વજ્ઞનો ઉત્પાદ, સ્વભાવની સર્વજ્ઞતા ત્રિકાળ (રહી). સમજાય છે કાંઈ ? આવો આત્મા માન્યા વિના સર્વજ્ઞને એ માની શકે નહિ. અને સર્વજ્ઞને માન્યા વિના આવો આત્મા માન્યો જાય નહિ. સમજાણું કાંઈ ?

એના વચનો. **'સર્વજ્ઞદેવકે વચન...'** પૂર્ણ જ્યાં જણાણું એની વાણી પૂર્ણ દિવ્યધ્વનિમાં આવી. વાણી, હોં ! વાણી. એ વાણીના રચનારા ગણધરો એનું નામ શાસ્ત્ર કહીએ. સર્વજ્ઞદેવે કહેલી વાણી હોવી જોઈએ. સમજાણું કાંઈ ? અજ્ઞાનીની કલ્પિત કરેલી વાણી પોતાના કલ્પનાથી, આમ હોવું જોઈએ ને આમ હોવું જોઈએ ને આમ હશે, એમ નહિ. આમ જ છે. જેવું ભગવાન સર્વજ્ઞે જોયું તેમ જ છે ને તેવું જ છે. એવા જે વચન **'ધર્મકે નિરૂપણ કરનેમેં સત્ય હૈં,...'** ઇ સર્વજ્ઞ ભગવાનની વાણી. સાચા ધર્મને કથન કરવા માટે સાચા છે, એ સિવાય કોઈના વચન સાચા હોય શકે નહિ. કહો, બરાબર છે ? ભાઈ ! આહા..હા..!

**'કિન્તુ સર્વજ્ઞસે અન્યકે વચન સત્ય નહીં હૈ...'** એક સમયમાં જ્યાં ત્રણકાળ, ત્રણલોક કેમ ? ક્યાં ? કેવી રીતે છે ? એમ જેને જણાણા ન હોય એની વાણીમાં અન્યથા આવ્યા વિના રહે નહિ. સમ્યગ્દષ્ટિ તો સર્વજ્ઞે જોયું એની પ્રતીત એણે કરી છે. એટલે એની વાણી પણ સર્વજ્ઞ અનુસારી જ હોય છે. સમજાય છે કાંઈ ? અજ્ઞાનીને સર્વજ્ઞ શું ? એક સમયનો આત્મા પ્રગટ થાય પર્યાયમાં ત્રણ ત્રણકાળ, ત્રણલોકને જાણતો, જાગતો, જળહળતા સૂર્યની કિરણનો પ્રકાશ જેમ પ્રગટે, આ અનંત કિરણે સર્વજ્ઞ પર્યાય પરમાત્મા પ્રગટે, જેને શાસ્ત્રમાં સર્વ ચક્ષુ કહેવામા આવ્યા છે, સર્વ ચક્ષુ. બધી આંખો અંદરથી ખીલી ગઈ, કેવળજ્ઞાની–અનંત નેત્ર ખીલી ગયા, અસંખ્ય પ્રદેશે અનંતા સૂર્ય ખીલી ગયા.

એવા ભગવાન. આ દેવની વાત કરી અને એ દેવે કહેલા શાસ્ત્ર એ શાસ્ત્ર કહેવાય, એણે પ્રરૂપેલો ધર્મ તેને ધર્મ કહેવાય. આમ તો બોલે છે, સાંજ-સવાર નથી બોલતા ? 'કેવળી પણત્તં ધમ્મં શરણં' આવે છે ને ? પણ કેવળી કોણ ? એનું પ્રરૂપેલ વચન કોણ ? અને

શું એણે ધર્મ કહ્યો ? એની ખબર વિના 'કેવળી પણત્તં ધમ્મં શરણં' સાંજ-સવાર ઘડિયા હાંકે રાખે, ખબર ન મળે.

અહીં એ કહે છે કે, સર્વજ્ઞ પરમાત્માએ ધર્મનું નિરૂપણ કર્યું એ સત્ય છે. **'કિન્તુ સર્વજ્ઞસે અન્યકે વચન સત્ય નહીં હૈ...'** એક વાર સિદ્ધ કરી દીધું. સમજાણું કાંઈ ? સર્વજ્ઞ સિવાય કોઈ પણ અજ્ઞાની પોતાની કલ્પનાથી વાત કરીને શાસ્ત્ર રચ્યા હોય એ વચન માન્ય નથી. **'એસા ભલીભાંતિ જાનકર ભી...'** એમ ભલી રીતે જાણીને પણ **'જિસ મનુષ્યકો સર્વજ્ઞદેવકે વચનોંમેં સન્દેહ હૈ...'** કોણ જાણે શું હશે ? આવી વાણીમાં, શાસ્ત્રમાં ભગવાને કહેલામાં એણે શું જોયું હશે ? કેમ હશે ? વાણીમાં **'સન્દેહ હૈ તો સમઝના ચાહિયે વહ મનુષ્ય મહાપાપી તથા અભવ્ય હૈ.'** અહીં તો એ કીધું અભવ્ય છે. પાઠમાં છે **'महापापी न भव्यो'** સમજાય છે ? એ અભવિ છે એને વ્રત ને ફ્રત હોઈ શકે નહિ, એમ અહીં સિદ્ધ કરવું છે. આહા..હા..! હજી કાંઈ (ખબર ન હોય), વાડામાં જન્મયા, ભગવાનનો વાડો, શું ભગવાન કહે છે ? શું સર્વજ્ઞ કહે છે ? સર્વજ્ઞ કેવા હોય ? એની વાતની-ગંધની ખબર ન મળે.

અહીં પહેલા શ્લોકમાં આચાર્ય મહારાજ લે છે કે, ત્રણકાળ, ત્રણલોક જેની એક પર્યાયમાં જણાઈ ગયા. ઇ જાણેલું એણે કહ્યું છે અને એનો કહેલો ધર્મ તે સત્ય છે, એ સિવાય કોઈનો કહેલો ધર્મ સત્ય હોઈ શકે નહિ. **'વચનોંમેં સન્દેહ હૈ તો સમઝના ચાહિયે વહ મનુષ્ય મહાપાપી તથા અભવ્ય હૈ.'** સમજાણું કાંઈ ? એક શ્લોક થયો. બીજો.

## શ્લોક–૨

**एको ऽप्यत्र करोति यः स्थितिमति प्रीतः शुचौ दर्शने-**
**स श्लाध्यः खलु दुःखितो ऽप्युदयतो दुष्कर्मणः प्राणभृत्।**
**अन्यैः किं प्रचुरैरपि प्रमुदितैरत्यन्तदूरीकृत-**
**स्फीतानन्दभरप्रदामृतपथैर्मिथ्यापथे प्रस्थितैः।।२।।**

**અર્થ :–** ખોટેકર્મકે ઉદયસે દુઃખિત ભી જો મનુષ્ય સંતુષ્ટ હોકર ઇસઅત્યંતપવિત્ર સમ્યગ્દર્શનમેં નિશ્ચલ સ્થિતિકો કરતા હૈ અર્થાત્ સમ્યગ્દર્શનકો ધારણ કરતા હૈ વહ અકેલાહી અત્યંત પ્રશંસાકે યોગ્ય સમઝા જાતા હૈ કિન્તુ જો અત્યંતઆનંદકે દેનેવાલે સમ્યગ્દર્શન આદિ રત્નત્રયરૂપીમોક્ષમાર્ગસે બાહ્ય હૈં

**તથા વર્તમાન કાલમેં શુભકર્મકે ઉદયસે પ્રસન્ન હૈં એસે મિથ્યામાર્ગમેં ગમનકરનેવાલે મિથ્યાદૃષ્ટિમનુષ્ય યદિ બહુતસે ભી હોવે તોભી વે પ્રશંસાકે યોગ્ય નહીં હૈ. ૨.**

આહા..હા..! દેખો ! શું કહે છે આચાર્ય ? સમ્યગ્દૃષ્ટિની પ્રશંસા કરે છે. જેને આત્મા સર્વજ્ઞ ભગવાને કહેલો, જોયેલો, જાણેલો કહ્યો એવો જેને અંતર પ્રતીતમાં આવી ગયો છે. આહા..હા..! એણે જોયેલો કે પર્યાય જેટલો આત્મા નહિ, રાગમાં આત્મા નહિ, કર્મમાં આત્મા નહિ. આત્મા પૂર્ણાનંદ જ્ઞાયકમૂર્તિ છે એવું દ્રવ્યનું ભાન થઈને પર્યાયનું ભાન દ્રવ્યના જ્ઞાનમાં આવી જાય છે. એવું જેણે સર્વજ્ઞે કહેલું તત્ત્વ (જાણ્યું છે). '**ખોટે કર્મકે ઉદયસે દુઃખીત ભી...**' કહે છે, સમ્યગ્દૃષ્ટિ જીવ છે. સર્વજ્ઞે કહેલા આત્માને અનુભવે છે, સર્વજ્ઞે કહેલા આત્માને જાણે છે પણ પૂર્વના કર્મને લઈને નિર્ધન હોય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ બધું જે હોય એ. ક્ષયોપશમ સમકિત, ક્ષાયિક સમકિત, ઉપશમ ગમે તે હો. કહો, સમજાય છે કાંઈ ? શું કહે છે ? '**દુઃખીત ભી જો મનુષ્ય સંતુષ્ટ હોકર ઇસ અત્યંત પવિત્ર સમ્યગ્દર્શનમેં નિશ્ચલ સ્થિતિકો કરતા હૈ...**' ભલે પૂર્વ કર્મના ઉદયને લઈને નિર્ધન હો, વાંઢો હો, વાંજિયો હો, એકલો હોય, કાળુમશ શરીર હોય, પચીસ રૂપિયા મહિને પેદા કરવાની શકિત ન હોય એટલે પચીસે આવતા ન હોય. ભાઈ !

મુમુક્ષુ :– કોઈ માણસ ઓળખતું પણ ન હોય.

ઉત્તર :– કોઈ ઓળખે નહિ, ધૂળમાં ન ઓળખે તો શું છે ? કહે છે. સમજાણું આમાં ? આહા..હા..! હજી તો આવે છે ને ? હજી તો બીજી ગાથા શરૂ થયું છે ને. પહેલી ગાથા તો કીધી.

હવે એ સર્વજ્ઞ પરમાત્માએ જ્ઞ સ્વભાવે જાણેલો પોતે અને પરનું ત્રિકાળ સ્વરૂપ, એમ જેને અંતરમાં સર્વજ્ઞની પર્યાયની પ્રતીત કરવા જાય છે ત્યાં સર્વજ્ઞનો પર્યાય એનામાં સર્વજ્ઞે જોયેલો આત્મા એ પર્યાય દ્રવ્યમાં દૃષ્ટિ કરે છે ત્યારે એને જ્ઞાયકપણાનો અનુભવ અને પ્રતીત થાય છે. એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

એ સમ્યગ્દૃષ્ટિ જીવ, '**ખોટે કર્મ કે ઉદયસે...**' ખોટે એટલે પૂર્વના. અશુભ કર્મનો ઉદય હોય, ચંડાળમાં જન્મ્યો હોય, લ્યો ! ચંડાળમાં જન્મ્યો હોય. ચંડાળમાં પણ સમ્યગ્દૃષ્ટિ હોય એ ભારેલી અગ્નિ જેવો છે, અંદરમાં જળહળ અગ્નિ જ્યોતિ બળે છે. માથે ઉપર રાખ નાખી હોય, ઉપર ચુલામાં રાખ નાખે છે ને ? પેલી અગ્નિ સાંજે દાબે. અંદર અગ્નિ જળહળ જ્યોતિ છે. એમ ચંડાળનું શરીર, નિર્ધન શરીર, સરોગી શરીર, સરોગી શરીર, રોગવાળું શરીર, બાયડી વિનાનો હોય, વાંઢો હોય, વાંજિયો હોય, પરણ્યો હોય તો વાંજિયો (હોય), દીકરો આદિ ન હોય. સમજાય છે કાંઈ ? આહા..હા..!

કહે છે કે, પણ જેને આ આત્મા જ્ઞાયક સ્વરૂપ નિર્વિકલ્પ આનંદકંદ (છે), એવી જ્યાં અંતરમાં પ્રતીતિ ને અનુભવ ને દૃષ્ટિ થઈ એ સમ્યગ્દૃષ્ટિને પર્યાયમાં ભલે અલ્પજ્ઞતા વર્તતી હોય, રાગ વર્તતો હોય, નિમિત્તના સંબંધમાં દેખાતો હોય. એ સંબંધમાં પૂર્વના કર્મથી દુઃખીત, દુઃખીત શબ્દે અંતરની વાત નથી, હોં ! દુઃખી શબ્દે પ્રતિકૂળ સંયોગમાં હો, એમ. આહા..હા..! પૈસાવાળા ને આ મોટા-મોટા ચતુર ને ડાહ્યા આમ હોય તો દુનિયામાં જાણે અમારી, અમારી લાકડી ચાલે છે. પુણ્યને લઈને એનું ચાલે. ધર્મીજીવ હોય એક કોર પોતાનું, આત્માનું સમ્યક્ ધ્યાનમાં આત્માનું (હિત) કરતો હોય. કહે છે કે, પૂર્વના કર્મને લઈને પ્રતિકૂળ એટલી અવસ્થા, ઘરે સૂવાનું સારું ગોદડુ ન હોય. ગોદડાને શું કહે છે ? આહા..હા..! રજાઈ. સારું મકાન ન હોય માથે હાઠિકડા હોય ને નળિયાના કટકા ભર્યાં હોય. સમજાય છે ? એવું પણ ન હોય કો'કને. આહા..હા..!

નરકનો નારકી, લ્યો ! પશુમાં દેડકાને સમકિત આત્માનું ભાન થાય છે. સમજાય છે કાંઈ ? મગરમચ્છ અસંખ્ય પડ્યા છે બહાર, અઢી દ્વિપ બહાર અસંખ્યાતા પશુ પાંચમા ગુણસ્થાને સમકિતી પડ્યા છે. મનુષ્ય ક્ષેત્ર બહાર, સ્વયંભૂરમણ સમુદ્રમાં. કહે છે, એવા સમ્યગ્દૃષ્ટિ જીવો જેને આત્માની નિર્વિકલ્પ અંતરમાં પ્રતીત ને અનુભવ દશા થઈ છે, સમ્યગ્દર્શન જેને સમ્યક્–સત્ય દર્શન, વસ્તુ છે તેવું દર્શન અંતરથી પ્રગટ્યું છે. આહા..હા..! ગુજરાતી તો બેન સમજે છે ને ? થોડું થોડું. હમણાં આઠ દિ' તો બહારના માણસો બહુ આવે છે ને ? એટલે ગુજરાતી ચાલે છે. સમજાય છે કાંઈ ? આહા..હા..!

ભગવાનના સમવસરણમાં તો એક દેડકુ બેઠું હોય નાનું આવડું, દેડકુ સમજ્યા ને ? મેંઢક. હવે મોઢું આમ પેલા જેવું ને હાથ આવા ને. અંતરમાં વસ્તુ સચ્ચિદાનંદ પ્રભુ એવો પૂર્ણાનંદ આત્માના અંતરમાં પ્રતીત અનુભવમાં આ આત્મા ને આનંદ, આ રાગ તે દુઃખ, આ વસ્તુ તે આનંદ, એવું ભેદજ્ઞાન થયું છે, બસ ! બીજા શબ્દોની એને જરૂર નથી. સમજાય છે કાંઈ ?

કહે છે કે, ખોટા કર્મને લઈને દુઃખિત શબ્દ એ લેવો, હોં ! પ્રતિકૂળ દુઃખિત શબ્દ પડ્યો છે ને ? પ્રતીકૂળ સંયોગ હોય. પણ ધર્મી એને દુઃખ સ્વીકાર તો જ નથી. એ તો સવારે વાત ઘણી થઈ. એ તો સ્વીકારતો જ નથી, હું તો આનંદમય છું. જરી લેશ રાગનો છે એ પણ મારી ચીજમાં નથી, તો સંયોગ તો મારામાં નથી. એવું જેને અંતરમાં ભાન વર્તે છે, જુઓ ! આ શું વાત ચાલે છે ? કે, શ્રાવક કોને કહેવો ? અને શ્રાવકના વ્રત કોને હોય ? કે, આવા સમ્યગ્દર્શન થયા પછી એને આવા વ્રત હોય તો એને શ્રાવક કહેવાય, નહિતર શ્રાવક-બાવક કહેવાય નહિ. શું આમાં કરવું હવે આમાં ? આટલા વર્ષથી લીલોતરી ન ખાધી હોય, રસ ન ખાધો હોય એનું શું કરવું ? કાંઈ વ્રતમાં દેખાય કે નહિ ? એમાં થોડું વ્રત હોય કે નહિ ? ભાઈ !

કહે છે પણ **'જો મનુષ્ય સંતુષ્ટ હોકર ઇસ અત્યંત પવિત્ર સમ્યગ્દર્શનમેં...'**

છે ને ? **'अति प्रीतः'** અતિ પવિત્ર સમ્યગ્દર્શન. આહા..હા..! **'अति प्रीतः'** છે ને ? એનો અર્થ પ્રસન્ન કર્યો છે ત્યાં. **'અત્યંત પવિત્ર સમ્યગ્દર્શનમેં નિશ્ચલ સ્થિતિકો કરતા હૈ...'** આહા..હા..! શરીર નહિ, વાણી નહિ, કર્મ નહિ, રાગ નહિ, અલ્પજ્ઞ અવસ્થા એટલો હું નહિ. હું તો ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ છું, એવું ભાન અંતરમાં કરે, તો કહે છે, અતિ **'સંતુષ્ટ હોકર ઇસ અત્યંત પવિત્ર સમ્યગ્દર્શનમેં નિશ્ચલ સ્થિતિકો કરતા હૈ અર્થાત્ સમ્યગ્દર્શનકો ધારણ કરતા હૈ વહ અકેલા હી અત્યંત પ્રશંસાકે યોગ્ય સમઝા જાતા હૈ...'** એકલો હોય તોપણ એ પ્રશંસાને યોગ્ય છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? ભાઈ ! આ ઝાઝી સંખ્યા ન મળે, પચ્ચી, પચ્ચાસ, સો, બસ્સો ન મળે, એ બધા માન્ય રાખે તો આ કહેવાય, ઝાઝા માણસ માન્ય રાખે તો આ સમ્યગ્દર્શન કહેવાય. એવી ચીજ હશે આ ? બહુ ભણેલા માન્ય રાખે તો સમ્યગ્દર્શન કહેવાય.

વસ્તુના અનુભવની દૃષ્ટિ સમ્યક્ ચૈતન્યની શકિતની વ્ય તતા સ્વભાવમાંથી પ્રગટી (તો) કહે છે, **'અકેલા હી અત્યંત પ્રશંસાકે...'** જુઓ ! અત્યંત પ્રશંસાને લાયક છે, હોં ! સમજાણું કાંઈ ? **'श्लाघ्यः'** છે ને ? એ સમ્યગ્દૃષ્ટિ પણ આવો પ્રશંસવા લાયક છે. પૈસા નહિ, મોટી પદવી નહિ, બે હજારનો પગાર નહિ, ઘરે પાંચ, પચાસ લાખની મૂડી નહિ, સારું મકાન નહિ, સારા લુગડા નહિ, લ્યો !

મુમુક્ષુ :– મોઢું પણ સારું નહિ ને ?

ઉત્તર :– મોઢું પણ સારું ન હોય. મોઢું પણ આમ થઈ ગયું હોય, તો શું છે ? પણ એ તો જડ છે, આ તો માટી છે. આહા..હા..! જે એને છે એનું મોઢું સારું છે, જે એનું નથી એમાં ગમે તે હોય એની સાથે સંબંધ નથી. આહા..હા..! બહુ બોલતા પણ ન આવડતું હોય, લ્યો ! પેલા છંદો ને બંદો ને કરીને આમ કરતા હોય. આહા ! એ વનના વખાણ કરે ને એ ફલાણાના વખાણ કરે તો જાણે, ઓહો..હો..! મોટો પંડિત.

કાશીમાં એક સાધુ હતા ને. એક શ્લોક બોલાણો. હું પણ બેઠો હતો. મેં કીધું, ભલે વાંચે. હવે વનના વખાણ કરવા મંડ્યો, વન આવું છે ને વન. પણ અહીં શું કામ છે વનનું ? (સંવત) ૧૯૮૬ની સાલ છે. 'ભાવનગર' 'મોહનલાલજી' હતા ને ? આ 'બરવાળા'વાળા. એ વળી ઘણા વખતથી હતા ને કો'ક (કહે) ભાઈ આ વાંચે. વાંચે કાંઈક, વન આવું છે ને વનમાં આવા ને એ તો શ્લોકો બોલે ત્યાં આમ જાણે. ઓહો..હો..! શું છે પણ હવે વનમાં રહેલો આત્મા કોણ છે ? એ તો કહે. સમજાણું કાંઈ ?

અહીં કહે છે કે, **'અકેલા હી અત્યંત...'** જુઓ ! પાઠ છે કે નહિ ? **'श्लाघ्यः खलु दुःखितो ऽप्युदयतो'** છે ને ? **'एको ऽप्यत्र करोति'** છે ને ? એ પહેલો શબ્દ. આ એકલો વનનો વાઘ, સિંહ હોય તો બસ છે. એ કાંઈ વનમાં સિંહ .... હોય તો ઠીક કહેવાય એવું કાંઈ નથી. એક સ્વરૂપના અનુભવની પ્રતીતવાળો (હોય અને) બહારમાં સંયોગ

પ્રતિકૂળ હો તોપણ તે શ્રાવક થવાને લાયક એવો સમ્યગ્દષ્ટિ થયો, શ્રાવક થવાને લાયક. ત્યારે વ્રત થાય ને ? નહિતર વ્રત ક્યાંથી આવતા હતા ? સમ્યગ્દર્શન વિના. સમજાણું કાંઈ ? આહા..હા..! પ્રશંસનીય છે.

**'કિન્તુ...'** કિન્તુ હવે બીજી વાત છે. **'અત્યંત આનંદકે દેનેવાલે...'** અમૃત છે ને શબ્દ ? આનંદ છે ને અંદર ? **'कृतस्फीतानन्दभरप्रदामृतपथे'** અમૃત પંથ, અમૃત પંથ, મોક્ષનો પંથ. આહા..હા..! **'અત્યંત આનંદકે દેનેવાલે સમ્યગ્દર્શન...'** ભગવાન આત્મા જેને હજી બાહ્ય ત્યાગ પણ ન હોય, મુનિપણું ન હોય, ત્યાગ આચરણ ન હોય. પણ કહે છે કે, અંતર દર્શન **'આદિ રત્નત્રયરૂપી મોક્ષમાર્ગસે બાહ્ય હૈં...'** પેલા વખાણમાં સમ્યગ્દર્શન છે અને આ **'સમ્યગ્દર્શન આદિ રત્નત્રયરૂપી મોક્ષમાર્ગસે બાહ્ય હૈં (અજ્ઞાની) વર્તમાન કાલમેં શુભકર્મકે ઉદયસે પ્રસન્ન હૈં...'** કર્મના ઉદય, જુઓ તો ઓહો..હો..! ખમા ખમા થતા હોય, લ્યો ! લાખોની પેદાશું, એક એક દિવસની લાખોની પેદાશું ! ધૂળ. ખમા... ખમા... ખમા... આમ દુનિયામાં, આહા..હા..! શેઠ સાહેબ, શેઠ સાહેબ એવા કેટલાય બોલાવવા આવે, પૈસા હોય તો કેટલાય બોલાવવા આવે.

કહે છે, **'વર્તમાન કાલમેં શુભકર્મકે ઉદયસે પ્રસન્ન હૈં...'** પણ અંદરમાં અત્યંત પ્રસન્નતા સમ્યગ્દર્શનની જેને પ્રગટ થઈ નથી ને મિથ્યાશ્રદ્ધા ને મિથ્યા રાગ-દ્વેષમાં ધર્મ માનીને બેઠો છે. આહા..હા..! **'પ્રસન્ન હૈં એસે મિથ્યામાર્ગમેં ગમન કરનેવાલે મિથ્યાદૃષ્ટિ મનુષ્ય યદિ બહુતસે ભી હોવે...'** જુઓ ! સામ સામે લીધું ને ? **'प्रचुरैरपि'** પ્રચૂર. લાખો, કરોડો મનુષ્ય ભલે હો એક મતના ને એક માન્યતાવાળા. સમજાય છે ? **'તો ભી વે પ્રશંસાકે યોગ્ય નહીં હૈ.'** સમજાણું ?

આ લોકો કહે ને ! ભાઈ ! એ પણ આચાર્યે નાખ્યું. ભાઈ ! સત્ હોય તો તો બધાને માનવું જોઈએ, બધા માન્ય રાખે, વિરોધ શું કરવા કરે ? કહે છે કે, સત્‌નો માનનારો એક જ હોય તો બસ છે. એને સંખ્યાની જરૂર નથી. સત્‌ના સ્વરૂપની દૃષ્ટિવંતને સંખ્યાની જરૂર નથી. તેમ એને આબરૂની પણ જરૂર નથી કે આબરુ મોટી હોય તો એ સત્ એનું સમ્યગ્દર્શન (છે), દુનિયા પ્રશંસા કરે તો સમ્યગ્દર્શન (છે), એમ હશે ? સમજાણું કાંઈ ? આહા..હા..! જુઓ ! વ્રતની વાત કરવી છે પણ સમ્યગ્દર્શનનું પહેલું જોર આપ્યું છે. ઇ 'રત્નકરંડ શ્રાવકાચાર'માં પણ 'સમંતભદ્રાચાર્યે' પહેલું સમ્યગ્દર્શન ને જ્ઞાન ને સમ્યક્‌ની વાત કર્યા પછી વ્રતની વાત કરી. આ તો સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનના ઠેકાણા ન મળે અને પાધરા વ્રત ને પડિમા ને મુનિપણા (લઈ લે). કોરે કાગળે એકડા વિનાના મીંડા.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– પહેલા હો જાતા હૈ, પહેલા ઝેર પી લઉં એમ હશે ? સમજાય છે કાંઈ ? તેથી તો આચાર્ય મહારાજ જંગલમાં રહેવાવાળા મુનિ નવસો વર્ષ પહેલા 'પદ્મનંદિ આચાર્ય'

મહા સમર્થ ! જેના એક એક પદ છે અધિકાર છવ્વીસ છે. સમજાય છે ? સ્તુતિ પણ ભગવાનની કરી છે. ઓહો..હો..!

કહે છે અરે..! ધર્મની અંતર દૃષ્ટિ. ત્રણલોકના નાથ તીર્થંકરે કહેલો ધર્મ. 'કેવળી પણત્તો ધમ્મો શરણં' એવું જેણે અંતરમાં સર્વજ્ઞપદ આત્માનું સ્વરૂપ, શુદ્ધ શુદ્ધ ચિદાનંદ આત્મા (છું) એવી દૃષ્ટિ ને અનુભવ સમ્યગ્દર્શનનો કર્યો છે, કહે છે એ એકલો હોય તો બસ છે. અને એવી શ્રદ્ધા વિનાના બહુ, સંખ્યાએ લાખ ને કરોડ હો તોપણ એ પ્રશંસાને યોગ્ય નથી. ભાઈ ! ઓહો..હો..!

**ભાવાર્થ :– 'પાપકે ઉદયસે દુઃખીત ભી મનુષ્ય યદિ વહ સમ્યગ્દર્શનકા ધારક હૈ તો વહ અકેલા હી પ્રશંસાકે યોગ્ય હૈ...'** આહા..હા..! રોગ શરીરમાં રહે, વાણીની તાકાત ન હોય, સૂવાના ઠેકાણા ન હોય, બેસવામાં એક ટાંગો આમ થઈ જતો હોય ને એક ટાંગો આમ થતો હોય શરીરમાં પણ. પગ. આહા..હા..! એ શરીર વિનાની ચીજ ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં બેઠો એ કહે છે કે, **'સમ્યગ્દર્શનકા ધારક હૈ તો વહ અકેલા હી પ્રશંસાકે યોગ્ય હૈ કિન્તુ જો સમ્યગ્દર્શનસે પરાઙ્મુખ હૈં તથા મિથ્યામાર્ગમેં સ્થિત હૈં...'** જેની શ્રદ્ધા વિકલ્પથી ધર્મ માને, શુભયોગથી ધર્મ માને, નિમિત્ત હોય તો આત્મામાં કાર્ય થાય, એ કાર્ય પરને આધિન છે. સમજાય છે કાંઈ ? અને અલ્પજ્ઞ જેટલો આત્મા માને, વિકાર જેટલો જ આત્મા માને એ મિથ્યાદૃષ્ટિ જીવોની સંખ્યા કરોડો, અબજો હોય તોપણ તે પ્રશંસાને લાયક નથી. કહો, સમજાય છે આમાં ? આહા..હા..! દિગંબર મુનિઓ, સંતો જંગલમાં રહીને શ્રાવકનું વર્ણન કરવા પહેલા એની ભૂમિકા સમ્યગ્દર્શનની હોવી જોઈએ (એમ કહે છે). એ વિના એને વ્રત-બ્રત હોય શકે નહિ. બે શ્લોક થયા. ત્રીજો.

## શ્લોક–૩

**बीजं मोक्षतरोर्दृशं भवतरोर्मिथ्यात्वमाहुर्जिनाः**
**प्राप्तायां दृशि तन्मुमुक्षुभिरलं यत्नो विधेयो बुधैः।**
**संसारे बहुयोनिजालजटिले भ्राम्यन् कुकर्मावृत्तः**
**क्व प्राणी लभते महत्यपि गते काले हितां तामिह।।३।।**

**અર્થ :– મોક્ષરૂપી વૃક્ષકા બીજ તો સમ્યગ્દર્શન હૈ તથા સંસારરૂપી વૃક્ષકા બીજ મિથ્યાત્વ હૈ એસા સર્વજ્ઞદેવને કહા હૈ ઇસલિયે મોક્ષાભિલાષી**

**ઉત્તમપુરુષોંકો સમ્યગ્દર્શનકે પાનેપર ઉસકી રક્ષાકરનેમેં અત્યંત પ્રયત્ન કરના ચાહિયે ક્યોંકિ નરક તિર્યંચ આદિ નાનાપ્રકારકી યોનિયોંસે વ્યાપ્ત ઇસસંસારમેં અનાદિકાલસે ભ્રમણ કરતાહુવા ઔર ખોટે કર્મોંસે યુ ત, યહ પ્રાણી બહુત કાલકે વ્યતીત હોનેપરભી ઇસ સમ્યગ્દર્શનકો કહાં પા સકતા હૈ ? અર્થાત્ સમ્યગ્દર્શનકા પાના અત્યંતદુર્લભ હૈ. ૩.**

આહા..હા..! અહો...! આચાર્ય મહારાજ ફરમાવે છે, **'મોક્ષરૂપી વૃક્ષકા બીજ તો સમ્યગ્દર્શન હૈ...'** મોક્ષરૂપી વૃક્ષનું બીજડું સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના મોક્ષનું સાધન ને મોક્ષ કોઈ દિ' ત્રણકાળમાં પ્રગટ થતાં નથી. સમજાય છે કાંઈ ? જુઓ ! બીજ. મોક્ષપુરમાં પૂર્ણાનંદની પર્યાય, આત્માની વીતરાગી આનંદની પૂર્ણ દશા એવો જે મોક્ષ, એનું જે બીજ એ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શનનું બીજ એ આત્મા છે. એ સમ્યગ્દર્શનનું બીજડું આત્મામાં પડ્યું છે. શકિત એની અંતર અનુભવની પ્રતીત કરે તેને સમ્યગ્દર્શન થાય છે અને એ સમ્યગ્દર્શન મોક્ષનું બીજ છે. લ્યો ! અહીં તો સમ્યગ્દર્શન મોક્ષનું બીજ કહ્યું. વળી એકલું સમ્યગ્દર્શન મોક્ષનું બીજ ક્યાંથી આવ્યું ? વળી કોઈ એમ તર્ક કરે. આમાં અત્યારે ત્રણ બોલ તો લીધા નથી. પણ છતાં પણ એ સમ્યગ્દર્શનને જ મોક્ષનું બીજ કીધું, એમ અહીં કહ્યું છે. સમ્યગ્દર્શન એ જ મોક્ષનું બીજ છે. એ બીજ ફાટીને વૃક્ષ થવાનું છે. પૂર્ણાનંદ જ્ઞાયક સ્વરૂપ પરમાત્મા નિજ સ્વરૂપ, એની અંતરમાં નિર્વિકલ્પ અનુભવની પ્રતીતિ (થવી) એ સમ્યગ્દર્શન પૂર્ણ મોક્ષનું બીજ છે. સમજાય છે ? માટે સમ્યગ્દર્શન પ્રથમ પ્રાપ્ત કરવું જોઈએ. પ્રથમમાં પ્રથમ એણે એ ચીજને પ્રાપ્ત કરવી જોઈએ.

**'સંસારરૂપી વૃક્ષકા બીજ મિથ્યાત્વ હૈ...'** લ્યો ! બે વાત લીધી. વિપરીત માન્યતા મિથ્યાત્વ સંસારરૂપી નિગોદના ઝાડને ફાલ કરવામાં મિથ્યાત્વ કારણ છે. નિગોદની દશા એ મૂળ સંસાર છે. એક કોર મોક્ષ. ચાર ગતિ તો શુભાશુભ પરિણામનું વચ્ચે ફળ છે. એક કોર તત્ત્વની વિરુદ્ધની દૃષ્ટિ મિથ્યાત્વ એ સંસારનું બીજડું છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? જુઓ ! અહીંયા રાગ-દ્વેષના ભાવને સંસારનું બીજ ન કહ્યું. ભાઈ ! પણ રાગ-દ્વેષના પરિણામની એકતાબુદ્ધિનો મિથ્યાત્વભાવ તે સંસારનું બીજ છે. આહા..હા..! શું કહ્યું ? સમજાણું આમાં ?

કહે છે, ભગવાન આત્મા ! આસ્રવ અને અજીવ તત્ત્વથી ભિન્ન ભગવાન એની અંતરમાં શ્રદ્ધાન, અનુભવ ને પ્રતીત થવી એ સમ્યગ્દર્શન મોક્ષનું બીજડું છે, એને મોક્ષ ફાલવાનો, બીજ ઉગી એને પુનમ થવાની. આહા..હા..! આ બીજ... બીજ. બીજ હોય છે ને ચંદ્રની ? બીજ ઉગે એને પુનમ થયે છૂટકો. એમ સમ્યગ્દર્શનનું બીજ થયું એને મોક્ષ થયે છૂટકો. સમજાણું કાંઈ ?

'શ્રીમદ્'માં લીધું છે, સમ્યગ્દર્શનને લઈને .. લીધી છે. સમ્યગ્દર્શન કહે છે કે, જો

ભાઈ મને પહેલો અંગીકાર કર્યો તો પછી મોક્ષ લીધે છૂટકો. પછી તું કહે કે, મારે સંસાર જોવે તો નહિ મળે હવે. સમજાણું કાંઈ ? પછી તું ફરી જાય તો નહિ કામ આવે. છે ને એમાં ? એક શબ્દ મુ યો છે.

કહે છે, આહા..હા..! એકલો ચૈતન્યમૂર્તિ પ્રભુ પૂર્ણાનંદ ને પૂર્ણ શુદ્ધ સ્વભાવનો ભંડાર, જેમાં સમ્યક્ અનુભવ પ્રતીત થઈ, એ તિજોરી ખુલી ગઈ. તિજોરીમાં જે ભંડાર, માલ પડ્યો હતો એ કુંચી લાગીને જ્યાં ખુલી ગઈ હવે. હવે લેવા માંડ, કાઢવા માંડ કાઢવું હોય એટલું તારે. સમજાણું કાંઈ ? રાગ, પુણ્ય, વિકલ્પ અને નિમિત્ત એની એકતાબુદ્ધિમાં આખો આત્મા ભગવાન અનંત ગુણનો ખજાનો, એ તાળું મારીને બંધ રાખ્યો છે. સમજાણું કાંઈ ? એ દયા-દાનના વિકલ્પો ઉઠે એ મારું કર્તવ્ય છે અને એનાથી મને લાભ થશે. એણે મિથ્યાત્વની કુંચી રાખી છે એની પાસે, સ્વભાવને ઉઘડવા દેવો નહિ. સંસાર ઉઘડશે એમાં, નિગોદ ઉઘડશે ફાલીને નિગોદ (ઉઘડશે). આહા..હા..! સમજાણું કાંઈ આમાં ?

**'સંસારરૂપી વૃક્ષકા બીજ મિથ્યાત્વ હૈ...'** વળી ઘણે ઠેકાણે ક્યાંક સંસારનું ફલાણું સ્ત્રી છે ને વળી સંસારનું કારણ ફલાણું છે એમ ઘણે ઠેકાણે લખાણ આવે. એ બધે આ. સમજાણું કાંઈ ? ભગવાન ! આહા..હા..! નિર્મળાનંદ ભગવાન કોઈ રજકણનું કરે નહિ, રાગને પણ કરે નહિ, કોઈથી એનું ભલુ થાય નહિ અને એ કોઈનું ભલુ-ભૂંડું કરે નહિ. આહા..હા..! એવી દૃષ્ટિ થયા વિના એને મોક્ષનું બીજ ઉગ્યું કહેવાય નહિ. અને આ દૃષ્ટિએ હું બીજાનું ભલુ કરી દઉ, બીજાનું ભૂંડું કરી દઉ ને આમ આ કરું ને રાગ કરું ને બીજાનું બગાડી દઉ, બીજાને દયા પાળી દઉ, બીજાની દયા પાળી દઉ, બીજાની હિંસા કરી દઉ એવી જેની માન્યતા મિથ્યાત્વની છે, (એને) સંસાર ફળવાનો એકલો. ભાઈ !

**'સંસારરૂપી વૃક્ષકા બીજ મિથ્યાત્વ હૈ...'** આહા..હા..! બે, બે મૂળીયા નાખ્યાં. **'ઐસા સર્વજ્ઞદેવને કહા હૈ...'** છે ? જુઓ ! **'त्वमाहुर्जिनाः'** એમ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વરે કહ્યું છે. એની ખબર પણ ન મળે. શું કહેવાય સમકિત ? ને શું કહેવાય (સર્વજ્ઞ) ? ભગવાન જાણે. એ તો આપણે જેમાં જન્મ્યા એ ધર્મ. જેમાં આપણે જન્મ્યા ને જેનો સંગ કર્યો એ મહારાજ અને એ કહે એ ધર્મ, જાવ. ભાઈ ! એ સર્વજ્ઞ પરમાત્માએ કહેલું તત્ત્વ અને એનાથી વિરૂદ્ધની માન્યતા શું છે એનો એણે બરાબર વિવેક કરવો જોઈએ. આહા..હા..! કહો, હવે આ માન્યતા મિથ્યાત્વ સંસારનું મૂળિયું છે, એમ કહે છે. ભાઈ ! હૈદરશાહ શું આપતા હશે ? ન આપે. ક્યાં ગયા ? પાછળ ઓઠિકણે બેઠા છે. હૈદરશાહ હાજરાહજુર છે, એમ લખતા ચોપડામાં. ધૂળમાં પણ નથી. સમજાય છે ? હજી કો'ક દેવ આપી દેશે ને કાં એના મંગળ કરે ને એનો સોમવાર કરે ને પછી કાંઈ આ કરે ને મૂઢ મિથ્યાત્વમાં પૂર્વે પુણ્ય બાંધ્યા હોય એ પણ ઘટી જાય એના. સમજાણું કાંઈ ? આ માટે સોમવાર કરીએ છીએ, પેલો કહે કે, શનિવાર કરીએ છીએ, હનુમાનનો

શનિવાર કરીએ છીએ, સોમવારે ફલાણું કાંઈક હશે આપણને બહુ ખબર નથી. સમજાણું ? પેલાનો મંગળવાર કરીએ છીએ, પેલાનો ગુરૂવાર કરીએ છીએ. શું કરવા ? ઊંડે ઊંડે ઇ કે, કાંઈ પૈસા-બૈસા (મળે), નાગા-ભૂખ્યા ન રહીએ ને દુકાન-બુકાન સરખી ચાલે. ગાંડા તે કાંઈ ગાંડાના ગામ જુદા હશે ? ગાંડાના કાંઈ ગામ જુદા હોય ? ગામદીઠ ગાંડા વસે. પાગલ પાગલ.

મુમુક્ષુ :–

ઉત્તર :– હા, હા એ કીધું હતું. આ વળી મગજમાં આવી ગયુ એકને કારણે. સમજાણું ? પેલો કહે કે આ મંગળવાર છે. શું છે ? ફલાણાનો વાર કહેવાય શનિવાર. આ તો મૂઢના મૂઢ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, એ મહા મિથ્યાત્વના પોષણ કરનારા. આ પૂર્વના પુણ્ય હોય એ બળી જાય ને પાપ થાય એ વધી જાય. એ માને કે સગવડતા થશે, મરી જઈશ, હવે સાંભળને ! આ તો સ્થૂળ મિથ્યાત્વની વાત છે, પહેલી સૂક્ષ્મ તો કહી ગયા.

એક રાગનો કણ જે વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિનો ઉઠે એ આત્માના સ્વભાવ સાથે એકત્વ માને અને એનાથી લાભ માને એ મિથ્યાદૃષ્ટિ સંસારના મૂળિયાને સેવે છે. એ સંસાર ફાલશે. ચોરાશીના અવતાર ને છેલ્લામાં છેલ્લો નિગોદમાં જઈને નિરાંતે પોઢશે. સમજાય છે કાંઈ ? આહા..હા..! બાપુ ! સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા એને શું કહેવું છે ? ને એનો શું ધર્મ છે ? એની એને ખબર ન મળે ને ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા...., કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર, સાચા દેવ નહિ, સાચા ગુરુ નહિ, સાચા શાસ્ત્ર નહિ. ઊંધા અર્થો કરે શાસ્ત્રના, એ બધા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એવાઓને માને એ માન્યતા મહા મિથ્યાત્વ અનંતા સંસારનું કારણ છે. ભાઈ ! આહા..હા..!

મુમુક્ષુ : દેશવ્રતમાં આવું આવે છે ?

ઉત્તર : હા આવે છે. આ કોનામાં શું આવ્યું છે આ ? આ દેશવ્રતનો ઉદ્યોત થાશે અને દેશવ્રતનું પ્રકાશન કરે છે, પેલામાં પણ પ્રકાશન કર્યું (મરાઠીમાં). સમજાય છે કાંઈ ? આ દેશવ્રત એટલે શ્રાવકના વ્રત. શ્રાવકના વ્રત પહેલાં આવું સમ્યગ્દર્શન કહીએ એવું ન હોય તો એને વ્રત-બ્રત હોય નહિ. આવા મિથ્યાત્વના લાકડા હોય તો એ અવ્રત ને મહા મિથ્યાત્વને પોષે છે.

મુમુક્ષુ :– પહેલેથી લઈ રાખ્યા હોય તો ?

ઉત્તર :– ક્યાં હતા પણ ? પહેલેથી શું રાખે ? સમ્યગ્દર્શન વિના વ્રત કેવા ? આવે મૂઢતા. મૂર્ખ, મૂર્ખ ભરેલા વ્રત. મૂરખ ભરેલા વ્રત, એમ કહે છે 'સમયસાર'માં. સમજાણું કાંઈ ?

**'એસા સર્વજ્ઞદેવને કહા હૈ...'** ઠીક ! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમાત્મા સો ઇન્દ્રથી પૂજનીક, અનંત તીર્થંકરો થયા, વર્તમાન ભગવાન બિરાજે છે, એ સર્વજ્ઞદેવ આ રીતે કહે

છે. ઉલટો જરી પણ સૂક્ષ્મ મિથ્યાત્વનો ભાવ (રહે) એ અનંત સંસારનું બીજડું છે અને એક સમકિત ક્ષાયિક, ક્ષયોપશમ કે ઉપશમ એ મોક્ષનું બીજડું છે. તે પહેલી સમ્યગ્દર્શનની સિદ્ધિ કરવા આ ગાથાઓ લીધેલી છે. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)



# શ્લોક-૩ થી ૪

# પ્રવચન નં. ૩૬

## (વિક્રમ સંવત ૨૦૨૧, શ્રાવણ વદ ૧૩, મંગળવાર)

## તા. ૨૪-૦૮-૧૯૬૫

આ 'પદ્મનંદિ પંચવિંશતિઃ' નામનું શાસ્ત્ર છે. 'પદ્મનંદિ આચાર્ય' આજ પહેલા લગભગ નવસો વર્ષ પહેલા થઈ ગયા. એમણે આ છવ્વીસ અધિકાર બનાવ્યા છે. નામ 'પદ્મનંદિ પંચવિંશતિઃ' (આપ્યું છે પણ) અધિકાર છવ્વીસ છે. એમાં એ સાતમો અધિકાર 'દેશવ્રતપ્રકાશનમ્' અથવા 'દેશવ્રતોદ્યોતનમ્' (છે). આપણે ત્રીજી ગાથા ચાલે છે. સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકના વ્રતોનું સ્વરૂપ આમાં વર્ણન કરવામાં આવ્યું છે. સમ્યગ્દર્શન વિના વ્રત ન હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વળી ક્યાંથી કાઢયું ? સમ્યગ્દર્શન વિના વ્રત કેવા ? પાંચમે ગુણસ્થાને વ્રતનો અંશ હોય છે, છઠ્ઠે ગુણસ્થાને સર્વવિરતીનો વ્રતનો અંશ છે. એ સમ્યગ્દર્શન વિના વ્રત કે મુનિપણું કે શ્રાવકપણું કોઈ દિ' સાચું હોઈ શકે નહિ. જુઓ ! ભાઈ ! હવે જોરદાર આવ્યું, જુઓ ! આપણે એ ચાલે છે. હજી શ્રાવકના વ્રતની ગાથા પછી લેશે, પણ વ્રત પહેલા સમ્યગ્દર્શન હોવું જોઈએ અને સમ્યગ્દર્શન વિનાના વ્રત ને તપ ક્રિયાકાંડ જેટલી કાંઈ કષાયની મંદતા (થાય) એમાં પુણ્યબંધન થાય અને સાથે મિથ્યાત્વનું અનંતગણું પાપ લાગે. કષાયની મંદતાના પરિણામમાં એ મને ધર્મ છે અને એના ઉપર જેની દૃષ્ટિ છે એને મિથ્યાત્વનું અનંતગણું અનંતકાળમાં જે પાપ છે એ પાપ એને લાગે છે. કહો, સમજાય છે કાંઈ ?

એથી અહીં કહે છે **'મોક્ષરૂપી વૃક્ષકા બીજ તો સમ્યગ્દર્શન હૈ...'** **'बीजं मोक्षतरोर्दृशं'** એ ત્રીજો શ્લોક છે, એની પહેલી લીટી. આત્માની શાંત પૂર્ણ દશારૂપી મોક્ષ, એનું મૂળ કારણ તો સમ્યગ્દર્શન બીજ છે. એ સમ્યગ્દર્શન વિના ત્રણકાળમાં, ત્રણલોકમાં ધર્મની શરૂઆત કોઈ જીવને ક્યાંય થતી નથી. અને **'તથા સંસારરૂપી વૃક્ષકા બીજ મિથ્યાત્વ હૈ એસા સર્વજ્ઞદેવને કહા હૈ...'** **'भवतरोर्मिथ्यात्वमाहुर्जिनाः'** જિનેશ્વરદેવ, સર્વજ્ઞ પરમાત્મા, જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન પ્રત્યક્ષ, પૂર્ણ, નિર્દોષ, આનંદસહિત પ્રગટ થયું એ ભગવાન એમ કહે છે કે, સંસારનું બીજ મિથ્યાત્વ છે.

દિગંબર કોને કહેવા ? વાડામાં જન્મ્યો (એટલે) થઈ ગયો દિગંબર ? સમજાય છે કાંઈ ? ના, એવું કહે છે એક ફેરી લખાણમાં આવ્યું હતું કે, દિગંબરમાં જન્મ્યા એને ભેદજ્ઞાન તો હોય જ, એવું લખાણ આવ્યું હતું. બાકી રહ્યું હોય એ વ્રત કરવા, વ્રત કરી લેવા. અહીં તો કહે છે, આ આત્મા એક સમયમાં પૂર્ણ આનંદકંદ ધ્રુવ શુદ્ધ ચૈતન્ય છે. એવા

શુદ્ધ ધ્રુવને મુખ્ય દર્શનમાં–દૃષ્ટિમાં લીધા વિના એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ત્રણકાળ, ત્રણલોકમાં કોઈને થાય નહિ.

મુમુક્ષુ :– બિચારા સારી ગતિ તો પામશે ને ?

ઉત્તર :– ગતિ પામે તો છે એ ક્યાં વાત છે. પામે, ગતો પણ કોને કહેવો ? સમજાય છે કાંઈ ? રાગની મંદતા હોય તો પુણ્ય બાંધે અને પુણ્યને પાછો એ માને કે ધર્મ છે ને આનાથી મને લાભ છે તો મહા મિથ્યાત્વના અશુભના પરિણામ, કારણ કે મિથ્યાત્વ તે અશુભ છે, અશુભ મિથ્યાત્વના પરિણામ બાંધે, દર્શનમોહ બાંધે ને ચાર ગતિમાં રખડે.

ભગવાન એમ કહે છે કે, **'મોક્ષરૂપી વૃક્ષકા બીજ તો સમ્યગ્દર્શન હૈ...'** સમ્યગ્દર્શનના બીજ વિના તેને મોક્ષપણું પ્રાપ્ત થાય નહિ. અને એ સમ્યગ્દર્શનનું બીજડું એટલે મૂળ કારણ અખંડ જ્ઞાયકભાવ, શુદ્ધ ધ્રુવ ચૈતન્ય, અભેદ સ્વભાવ, એની અંતર્મુખ દૃષ્ટિ કરવાથી **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** એક સમયનો ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એને મુખ્યપણે લક્ષમાં, દૃષ્ટિમાં લઈને રાગાદિ, નિમિત્ત આદિ, ભેદ આદિ ને ગૌણ કરીને. એક સમયમાં પૂર્ણ પ્રભુ છે, એમ અંતર્મુખની દૃષ્ટિ થવી એને **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी'** એ ભૂતાર્થ નામ ત્રિકાળ જ્ઞાયકભાવને આશ્રયે સમ્યગ્દૃષ્ટિ થઈ શકે છે. બાકી કોઈ ક્રિયાકાંડથી કે રાગની મંદતા કરવાથી કે દેવ-ગુરુની ભક્તિ કરવાથી કે એના સમાગમ કરવાથી આત્માને સમ્યગ્દર્શન થાય, એમ ત્રણકાળમાં છે નહિ. ભાઈ !

કહે છે, **'મોક્ષરૂપી વૃક્ષકા બીજ તો સમ્યગ્દર્શન હૈ...'** આ વાત શ્રાવકની કરવી છે પણ એ શ્રાવકને સમ્યગ્દર્શન જો ન હોય તો એને વ્રત-બ્રતના વિકલ્પો આવતા હોય એ બધા મિથ્યા, ભ્રમ ને અજ્ઞાન છે. સમજાય છે કાંઈ ? સંસારરૂપી વૃક્ષનું (બીજ) મિથ્યાત્વ. મિથ્યાત્વની વ્યાખ્યા : જે એક સમયની પર્યાયને આત્મા પૂર્ણ માનવો, રાગની મંદતાને આત્માને લાભદાયક માનવો, કર્મનો બંધ સ્વભાવવાળો જ આત્માને નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળો માનવો પણ એનાથી રહિત અબંધ સ્વભાવે ન માનવો, એનું નામ મિથ્યાદૃષ્ટિપણું કહે છે.

મુમુક્ષુ :– આમાં કાંઈ સમજાય એવું નથી.

ઉત્તર :– કાંઈ ન સમજાય ? શું કહ્યું ?

મુમુક્ષુ : ધર્મમાં આવી બધી મહેનત કરવી પડે ?

ઉત્તર : પણ આ શું અહીં પહેલેથી તો કહે છે કે, વ્રત લીધા પહેલા, વ્રત આવ્યા પહેલા આ સમ્યગ્દર્શન ન હોય તો મીંડા છે એકડા વિનાના, કોરે કાગળે. કોરે કાગળે લાખ મીંડા લખે ને એકડો ન હોય તો બધા મીંડા શૂન્યમાં જાય.

મુમુક્ષુ :– પહેલા મીંડા તો લખી દે પછી ...

ઉત્તર :– મીંડા શું લખે ? ધૂળમાં લખે.

તેથી અહીં આચાર્ય મહારાજ 'પદ્મનંદિ આચાર્ય' જંગલમાં રહેવાવાળા મુનિ દિગંબર

મુનિ જેને એક વસ્ત્રનો તાણો નહિ, અંતરમાં રાગની એકતાબુદ્ધિ નહિ અને અસ્થિરતાની બુદ્ધિ પણ ઘણી મંદ અને થોડી. સમજાય છે કાંઈ ? એ કહે છે કે, અરે..! સર્વજ્ઞ ભગવાન તો આમ કહે છે. ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વર જિનદેવ એમ ફરમાવે છે કે, મોક્ષનું વૃક્ષનું બીજ તો સમ્યગ્દર્શન છે અને સંસારમાં રખડવાના વૃક્ષનું બીજ તો મિથ્યાત્વ છે. નવમી ગ્રૈવેયક (ગયો)...

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

અનંતવાર નવમી ગ્રૈવેયક કે પંચ મહાવ્રત, અઠ્ઠાવીસ મૂળગુણ પાળીને ગયો, પાળ્યા એણે (પણ) આત્મા શું છે એનું ભાન નથી.

મુમુક્ષુ :- એવા વ્રત તો ઘણા પાળે છે.

ઉત્તર :- એવા વ્રત છે કે દિ' અત્યારે ? એવા વ્રત અત્યારે હોય જ નહિ. નવમી ગ્રૈવેયક જે ભાવે જાય એ ભાવ અત્યારે હોઈ શકે નહિ. સાધારણ કષાયની મંદતાનો ભાવ હોય તો ઇ પુણ્ય બાંધે ને સાથે મિથ્યાત્વનું લાકડું 'મિંદડું કાઢતા ઊંટડું પેઠું.' સાંભળ્યું હતો કે નહિ દાખલો ? દાખલો નહોતો કહ્યો એકફેરી ?

એક હતી ડોશી. તે ડોશીને હતો વાડો, વાડો હોય ને ? વાડો શું કહે છે ? પાછળની જગ્યા. વાડા કહે છે ને ? બસ એ. એ વાડામાં ડોશી એકલી હતી ને આમ બંધ હતું એમાં મિંદડી મરી ગઈ મિંદડી, મિંદડી સમજે ને ? બિલ્લી એ મરી ગયેલી એટલે ડોશી કંજુસી એટલે એને એમ થયું કે, કોઈને ખબર ન પડે અને જો હરીજનને બોલાવશું તો એને દસ શેર, અધમણ દાણા દેવા પડશે, દાણા (અનાજ) એટલે પોતે ટોપલામાં ચુલામાંથી રાખ નાખી અને ટોપલો લઈને અંદર મિંદડું નાખીને બહાર નાખવા ગઈ અને ઝાંપો વાડાનો ખુલ્લો અને ઊંટડો એક તૈયાર હતો મરવા જેવો એક ઊંટ, ઊંટ. એ ઊંટ ફરતો હતો, આ જ્યાં ઝાપો ઉઘાડીને નાખવા ગઈ તો ઊંટડો ગયો અંદર, અંદર ગયો ને પડ્યો ને મરી ગયો. ઊંટ મરી ગયો અંદર પડીને. હવે શું કરવું ? જ્યાં (પાછી) આવે ત્યાં ઊંટ (જોયો). હાય..હાય..! આટલું તો કર્યું જ્યાં એક થોડું બચાવવા ગયા ત્યાં આ થયું, હવે ચાર મણ ઘઉં દેવા પડશે. એટલે હરીજનને (દેવા પડશે). હાય..હાય..! એમ રાગની મંદતાની ક્રિયા કરવા જેવી છે એવી કર્તૃત્વબુદ્ધિ જ્યાં છે (એ મિથ્યાત્વ છે). સમજાય છે કાંઈ ?

ધર્મી જીવને વ્રતના પરિણામ આવે એને વ્યવહારે કરે, એમ કહેવામાં આવે છે. પરમાર્થે તો વ્રતના પરિણામ કરવા જેવા છે એવી બુદ્ધિ સમ્યગ્દષ્ટિને હોતી નથી. કેમકે રાગ કરવા જેવો એ માન્યતા જ મિથ્યાદષ્ટિની છે. સમજાય છે કાંઈ ? પણ વ્યવહારનયના શાસ્ત્રમાં અહીં પણ કહેશે હમણાં. સંપદ્યતે ચોથા શ્લોકમાં. વ્રત અંગીકાર કરે, એમ વ્યવહારનયના કથનની પદ્ધતિના ઉપદેશમાં આવે. પણ ખરો અર્થ તો એ છે કે, આત્માનું શુદ્ધપણાનું ભાન

અને દર્શનની શુદ્ધિ થઈ પછી એને જ્યારે આગળ વધવું છે ત્યારે સ્વરૂપની વિશેષ ઉગ્રતા વસ્તુના આશ્રયે કરી. વસ્તુ ધ્રુવ એને આશ્રયે ઉગ્ર વિશેષ શાંતિ કરી ત્યારે પંચમ ગુણસ્થાન થયું. એ ગુણસ્થાનને યોગ્ય બાર વ્રતના વિકલ્પો એને આવ્યા વિના રહેતા નથી.

મુમુક્ષુ :- એનું આ વર્ણન છે ?

ઉત્તર :- આ એનું વર્ણન છે. ઇ શુદ્ધિ થઈ છે અને એમાં હજી વિશેષ સ્થિરતા થઈ નથી એટલે શ્રાવકની પંચમ ગુણસ્થાનની (આ વાત છે.) સમ્યગ્દર્શનમાં જે શાંતિ પ્રગટ થઈ એના કરતા પંચમ ગુણસ્થાનમાં શાંતિ વિશેષ પ્રગટી, અંદરમાંથી આનંદનો સ્વાદ વિશેષ આવ્યો. જે ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધને નથી આવ્યો એથી વધારે આનંદનો સ્વાદ આવે ત્યારે પંચમ ગુણસ્થાન કહેવાય. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થોડો. વધારે હોય તો છઠ્ઠા ગુણસ્થાને પ્રચૂર સ્વસંવેદન કહ્યું છે. પણ આને ચોથા કરતા અપ્રત્યાખ્યાનાવરણીયનો જે કષાય નાશ થઈ સ્વરૂપની એકાગ્રતા થઈ છે પંચમ ગુણસ્થાન એને કહીએ કે વસ્તુને આશ્રયે ધ્રુવને અવલંબે જે સમ્યગ્દર્શન થયું છે એને વિશેષ ધ્રુવનું અવલંબ કરતા પાંચમું ગુણસ્થાન પ્રગટ થાય છે. કાંઈ કષાયની મંદતાના, વ્રતના પરિણામ થયા માટે પાંચમું થાય છે, એમ છે નહિ. સમજાય છે કાંઈ ?

આથી અહીં આચાર્ય મહારાજ જગતને ફરમાવે છે, ભાઈ ! ભગવાન તો એમ કહે છે કે, રાગની મંદતા એના પરિણામ થયા એ મારું કર્તવ્ય છે, મારે કરવા જેવું છે, એવી દૃષ્ટિ જ્યાં પડી છે ત્યાં મિથ્યાત્વ છે, એ મિથ્યાત્વ સંસારરૂપી વૃક્ષનું બીજડું છે. સમજાય છે કાંઈ ?

**'એસા સર્વજ્ઞદેવને કહા હૈ ઇસલિયે મોક્ષાભિલાષી ઉત્તમ પુરુષોંકો સમ્યગ્દર્શનકે પાનેપર...'** આત્મા શુદ્ધ સ્વરૂપનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તેને **'ઉત્તમ પુરુષોંકો સમ્યગ્દર્શનકે પાનેપર ઉસકી રક્ષા કરનેમેં અત્યંત પ્રયત્ન કરના ચાહિયે...'** આ શું કરવા કહ્યું છે ? કે, પેલા વ્રતના પાછા વિકલ્પો આવે અને એની કર્તૃત્વબુદ્ધિ ન થઈ જાય અને સમ્યગ્દર્શનનું અત્યંત... શું કીધું ? **'અત્યંત પ્રયત્ન કરના ચાહિયે...'** સમજાય છે કાંઈ ? ભાઈ ! આ શું આવે છે ? સમજાય છે આમાં ? આહા..હા..!

વસ્તુ પરમાત્મા, પોતે પરમાત્મા વસ્તુએ છે, મુ ત સ્વરૂપ આત્માનું (છે). પર્યાયમાં રાગ આદિનો બંધ ને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એ પર્યાયદૃષ્ટિમાં છે, વસ્તુમાં છે નહિ. એવી વસ્તુની દૃષ્ટિ થાય ત્યારે તો એ એક સમયની નિર્મળ થયેલી પર્યાયનો પણ અંતરમાં આદર નથી, રાગનો પણ આદર નથી. વ્યવહાર વિકલ્પ ઉઠે એનો આદર નથી, તો નિમિત્તનો આદર નિશ્ચય દૃષ્ટિમાં છે નહિ. પણ એવા સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરીને પણ એક ભૂમિકામાં

જ્યારે વિકલ્પ આદિ આવે, શાંતિ વિશેષ વધતા બાર વ્રતના વિકલ્પ આવે. અહીં તો મુનિપણાની પહેલી વાત કરશે પણ મુનિપણું ન લઈ શકે, થઈ શકે તો એણે શ્રાવકના વ્રતો તો લેવા. લેવાની વ્યાખ્યા એવી કે, એને આગળ ભૂમિકામાં જાવું. સમજાય છે કાંઈ ?

ઇ કહે છે, **'સમ્યગ્દર્શનકે પાનેપર ઉસકી રક્ષા કરનેમેં અત્યંત પ્રયત્ન કરના ચાહિયે. ક્યોંકિ નરક તિર્યંચ આદિ નાનાપ્રકારકી યોનિયોંસે વ્યાપ્ત ઇસ સંસારમેં અનાદિકાલસે ભ્રમણ કરતા હુવા ઔર ખોટે કર્મોંસે યુ ત,...'** મહા, ભૂંડા કર્મ બાંધેલા, એનાથી સહિત. **'યહ પ્રાણી બહુત કાલકે વ્યતીત હોનેપર ભી...'** અનંત અનંત કાળ **'વ્યતીત હોનેપર ભી ઇસ સમ્યગ્દર્શનકો કહાં પા સકતા હૈ ?'** સમજાય છે ? સમ્યગ્દર્શન વિના એણે વ્રત-બ્રત અનંતવાર લીધા, અનંતવાર પાળ્યા. દ્રવ્યલિંગીએ, મિથ્યાદૃષ્ટિએ મુનિપણા (લીધા) એમાં શું થયું ?

એટલે કહે છે કે, **'સમ્યગ્દર્શનકો કહાં પા સકતા હૈ ?'** ચોરાશીના અવતારમાં. એ તો આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વભાવ એનો આશ્રય લઈ, એનું અવલંબન લઈ રાગની એકતાને તોડે ત્યારે તેને આત્મદર્શન ને સમ્યગ્દર્શન થાય. અને સમ્યગ્દર્શન થતાં તેનું અત્યંત દર્શન કરવું જે મૂળ દૃષ્ટિ નિરંતર દ્રવ્ય ઉપર હોય છે, એમ કહે છે. ચાહે જેટલા એને વ્રતના વિકલ્પ આવે, દયા-દાનના શુભભાવ હોય પણ એની દૃષ્ટિમાં તો દ્રવ્યની મુખ્યતા કાયમ, નિરંતર રહેવી જોઈએ, આ એમ કહેવા માગે છે. ભાઈ ! કહે છે ને આ ? રક્ષા માટે અત્યંત પ્રયત્ન, એનો અર્થ ઇ. ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ છે એને આશ્રયે સમ્યગ્દર્શન થયું (તો) નિશ્ચયની દૃષ્ટિ તો મુખ્ય કાયમ જ્ઞાનીને રહેવી જોઈએ, કાયમ રહેવી જોઈએ.

મુમુક્ષુ :– વ્રત વખતે પણ ?

ઉત્તર :– વ્રતના વિકલ્પ કાળે પણ દૃષ્ટિ તો નિશ્ચય દ્રવ્ય ઉપર રહેવી જોઈએ. દ્રવ્યની મુખ્યતા નિશ્ચયદૃષ્ટિ ખસી જાય અને વ્યવહારની મુખ્યતા થઈ જાય (તો) મિથ્યાદૃષ્ટિ થઈ જાય.

મુમુક્ષુ :– ... મિથ્યાદૃષ્ટિ થઈ જાય ?

ઉત્તર :– .... જ્ઞાયકમૂર્તિ ભગવાન દૃષ્ટિમાં ન લીધો અને રાગની મંદતાને દૃષ્ટિમાં લઈને ત્યાં અટકી ગયો (તો) મિથ્યાત્વ ભાવ છે એ. સમજાણું કાંઈ ? ભાઈ ! શ્રાવકના વ્રત પહેલા આ વાત લીધી છે.

અરે..! સંસારમાં રખડતા, રઝળતા એને આ **'સમ્યગ્દર્શનકો કહાં પા સકતે હૈ ?'** અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એ તો મોક્ષનું બીજ પ્રાપ્ત કર્યું. મોક્ષરૂપી વૃક્ષનું બીજ. એને ક્રમે ક્રમે બીજ ફાલીને વૃક્ષ થવાનું. પણ જેને સમ્યગ્દર્શન જ નથી, એ વિનાના વ્રત ને તપ ને ઉપવાસ કરીને મરીને સુકાઈ જાય એટલે કે નિશ્ચયના લક્ષ ને દૃષ્ટિ વિનાનો વ્યવહાર એ વ્યવહાર ભગવાનના શાસ્ત્રમાં ખરેખર કહેવામાં આવ્યો નથી. સમજાણું કાંઈ?

**'અર્થાત્ સમ્યગ્દર્શનકા પાના અત્યંત દુર્લભ હૈ.'** **'क्क प्राणी लभते महत्यपि**

**गते काले हितां तामिह'** અરે..! ચોરાશીના અવતારમાં રખડતા રખડતા ભાઈ ! એણે સમ્યગ્દર્શન કેમ પ્રાપ્ત થાય ? અને કેમ મળે ? અને મળ્યા પછી એનું રક્ષણ (કેમ થાય એ જાણ્યું નથી). નિશ્ચય જ્ઞાયકભાવનું મુખ્યપણું કદી ટળે નહિ એવું સમ્યગ્દર્શન પ્રાપ્ત થવું મહા દુર્લભ છે. એ સમ્યગ્દર્શન પામ્યા પછી હવે ચોથો શ્લોક (કહે છે).

## શ્લોક–૪

**औरभी आचार्य उपदेशदेते हैं।**

**संप्राप्ते ऽत्र भवे कथं कथमपि द्राधीयसानेहसा-**
**मानुष्ये शुचिदर्शने च महता कार्यं तपो मोक्षदम्।**
**नो चेल्लोकनिषेधतोऽथ महतो मोहादशक्तेरथो-**
**संपद्येत न तत्तदा गृहवतां षट्कर्मयोग्यं व्रतम्।।४।।**

**અર્થ :– અનંતકાલકે બીતજાનેપર ઇસસંસારમેં બડી કઠિનતાસે મનુષ્યજન્મકે મિલનેપર તથા સમ્યગ્દર્શનકે પ્રાપ્તહોનેપર ઉત્તમપુરુષોંકો મોક્ષકો દેનેવાલા તપ અવશ્ય કરના ચાહિયે. યદિ લોકનિન્દાસે અથવા પ્રબલચારિત્રમોહનીયકર્મકે ઉદયસે વા અસમર્થપનેસે તપ ન હો સકે તો ગૃહસ્થોંકે દેવપૂજા, ગુરુસેવા, સ્વાધ્યાય આદિ ષટ્કર્મોંકે યોગ્ય વ્રતતો અવશ્યહી કરના ચાહિયે. ૪.**

જુઓ ! હવે સમ્યગ્દર્શનનું વજન આપી સમ્યગ્દર્શન પછી. '**અનંતકાલકે બીત જાનેપર ઇસ સંસારમેં બડી કઠિનતાસે મનુષ્યજન્મકે મિલનેપર...**' જુઓ ! અનંત અનંત કાળ વીત્યા પછી સંસારમાં મહા મુશ્કેલથી મનુષ્યનો જન્મ પામીને '**તથા સમ્યગ્દર્શનકે પ્રાપ્ત હોનેપર...**' બે વાત લીધી. ઓહો..! અનંતકાળે દુર્લભ મનુષ્યપણું, જે અનંતવાર પામ્યો છતાં અનંતે કાળે પમાય છે. સમજાય છે કાંઈ ? એવા મનુષ્યપણાને પામી અને સમ્યગ્દર્શન તો અનંતકાળે કોઈ દિ' પામ્યો જ નથી અનંતકાળમાં. આહા..હા..! મનુષ્ય ભવ તો અનંતવાર પામ્યો છે. સમજાય છે કાંઈ આમાં ?

એવા '**સમ્યગ્દર્શનકે પ્રાપ્ત હોનેપર ઉત્તમ પુરુષોંકો...**' હવે વિશેષ ઉપદેશ કરે છે. '**મોક્ષકો દેનેવાલા તપ અવશ્ય કરના ચાહિયે.**' તપ એટલે મુનિપણું. તપનો અર્થ મુનિપણું લેવું જોઈએ. સમ્યગ્દર્શન આત્મદૃષ્ટિ અનુભવ થઈને પછી શુદ્ધોપયોગરૂપી આચરણનું મુનિપણું લેવું જોઈએ. એટલે કે શુદ્ધોપયોગનું આચરણ એને મુનિપણું કહે છે. શું કહ્યું ?

સમજાણું આમાં ? આ મુનિપણું એટલે આ પાંચ અઠ્યાવીસ મૂળગુણ પાળવા એ મુનિપણું નથી, એ તો દોષ છે. આહા..હા..! અઠ્યાવીસ મૂળગુણ શું છે ? રાગ છે કે નહિ ? દોષ છે.

ભગવાન 'કુંદકુંદાચાર્ય' આદિ અનંત તીર્થંકરો કહે છે, પ્રથમ મુનિપણું એટલે શુદ્ધ ઉપયોગ. એ તો આપણે 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ છે. 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં 'ટોડરમલ્લે' શાસ્ત્રનું રહસ્ય જ મુ યું છે. એણે ઘરની વાત કરી નથી. 'ટોડરમલ્લ' હજારો શાસ્ત્રના સારનું સામાન્યનું વિશિષ્ટ સ્પષ્ટ કરીને કહ્યું છે, ઘરની વાત એકેય નથી. એમણે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ મુનિપણાનું વર્ણન કરતા... સમજાય છે ? શુદ્ધ ઉપયોગ... લ્યો ! ઉપર જ પડ્યું છે.

**'આચાર્ય ઉપાધ્યાય સાધુનું સ્વરૂપ. જે વીરાગી બની...'** રાગની આસ તિ તોડીને, **'સમસ્ત પરિગ્રહ છોડી...'** સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરી એ નિમિત્તથી વાત કરી. **'શુદ્ધ ઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી...'** 'કુંદકુંદાચાર્ય' મહારાજ 'પ્રવચનસાર'માં પહેલી પાંચ ગાથામાં જ એ કહે છે. અમારું સામ્યપણું તે મુનિપણું. સામ્ય એટલે શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગ એટલે કે પુણ્ય-પાપના વિકલ્પ રહિતની આત્માને આશ્રયે થયેલી શુદ્ધ પરિણતિ. આહા..હા..! હજી તો મુનિપણું કોને કહેવું ? એ..ઇ..! દેખો ! **'શુદ્ધ ઉપયોગરૂપ...' 'શુદ્ધ ઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી, અંતરંગમાં તો એ શુદ્ધઉપયોગ વડે પોતે પોતાને અનુભવે...'** એને મુનિપણું કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ... થોડો થોડો કેટલો ? પહેલું સમ્યગ્દર્શન. અખંડાનંદ ભગવાનના અવલંબને આશ્રયે સમ્યક્નો અભ્યાસ કરવો પછી સ્વરૂપમાં સ્થિરતા કરવાનો અભ્યાસ કરવો ને વિશેષ સ્થિરતાનો અભ્યાસ એ શુદ્ધઉપયોગરૂપી મુનિપણું. બહુ બદલાઈ ગયું, બહુ બદલી ગયું આખું, આખું ચક્ર બદલી ગયું છે, આખી વસ્તુનું.

અહીં **'શુદ્ધઉપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરી...'** આચાર્ય, ઉપાધ્યાય ત્રણેની વ્યાખ્યા કરી છે. 'કુંદકુંદાચાર્યે' 'પ્રવચનસાર'માં પણ એ જ કરી છે. અમે પરમ શુદ્ધઉપયોગને અંગીકાર કરીએ છીએ, 'પ્રવચનસાર'. સમજાય છે કાંઈ ? આચાર્ય ઉપાધ્યાય સાધુની વ્યાખ્યા જ એ કરી છે. એમાં પોતે પાંચપરમેષ્ઠીને વંદન કર્યું ને જ્યાં પ્રથમ, ત્યાં એ જ વ્યાખ્યા કરી છે. શું કરી ? જુઓ !

અમે **'પરમ શુદ્ધ ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે એવા શ્રમણોને...'** વંદન કરીએ છીએ. આહા..હા..! હજી તો ખબર ન મળે મુનિપણું કોને કહેવું ? સાત તત્ત્વની શ્રદ્ધામાં સંવર અને નિર્જરા જે શુદ્ધઉપયોગની છે, એને મુનિપણું હોય. આવા સંવર તત્ત્વની ઉત્કૃષ્ટતા જેને પ્રગટી હોય, શુદ્ધ ઉપયોગ તેને મુનિ કહેવામાં આવે. એની જેને ખબર નથી

એને સાત તત્ત્વની શ્રદ્ધાના ઠેકાણા નથી. સમજાણું કાંઈ ? આ તો લુગડા જરી છોડ્યા ને નગ્ન થયા ને થઈ ગયા મુનિ. આ તો વળી આમાં તો વળી લુગડા પહેરેલા પણ મુનિ માને. ગૃહીત મિથ્યાત્વ છે. કપડા સહિત મુનિપણું માનવું એ તો ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :– અનાસ ત ભાવે રાખે..

ઉત્તર :– અનાસ ત (ભાવ) ક્યાંથી લાવે આત્માના ભાન વિના ? ગૃહીત મિથ્યાત્વનો અર્થ શું ? ભાઈને સમજાવવું છે ? ઠીક.

ગૃહીત મિથ્યાત્વ એટલે ? કે, અનાદિનો અગૃહીત નામ રાગથી એકત્વબુદ્ધિ સ્વભાવમાં એને અનાદિનું અગૃહીત મિથ્યાત્વ કહેવામાં આવે છે. એવા અગૃહીત મિથ્યાત્વ ઉપરાંત કુગુરુ, કુશાસ્ત્રને માનવા તેને ગૃહીત મિથ્યાત્વ, અગૃહીત મિથ્યાત્વની પુષ્ટીનું કારણ ગૃહીત મિથ્યાત્વ કહેવામાં આવે છે. ભાઈ ! આહા..હા..! વસ્ત્ર સહિત મુનિપણાને માનવું, મિથ્યાદૃષ્ટિ માને છે અને વસ્ત્ર રહિત મુનિપણું (પાળ્યું), નગ્ન થયો પણ શુદ્ધ ઉપયોગનું આચરણ નથી એને મુનિ માને તો મિથ્યાદૃષ્ટિ છે. ભાઈ ! બાર મહિને આવે માંડ માંડ, કોઈને ખબર પણ ન પડે કે શું હશે આ ? આહા..હા...!

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રણલોકના નાથ મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ પ્રભુ બિરાજે છે. અનંત તીર્થંકરો થયા, લાખો કેવળીઓ પણ મહાવિદેહક્ષેત્રમાં અત્યારે બિરાજે છે. અનંતા તીર્થંકરો ભવિષ્યમાં થશે તેની આ એક જ વાણી છે. મુનિપણું... અહીં કહે છે, કહ્યું ને ? આ મૂળ પાઠ છે એનું છે, હોં ! **'જેમણે પરમ શુદ્ધઉપયોગ ભૂમિકાને પ્રાપ્ત કરી છે એવા શ્રમણો....'** કોણ ? કે, **'આચાર્યત્વ, ઉપાધ્યાયત્વ અને સાધુત્વરૂપ વિશેષોથી વિશિષ્ટ (–ભેદવાળા) છે તેમને–પ્રણમું છું.'** આચાર્ય પોતે 'કુંદકુંદાચાર્ય' મહારાજ કહે છે. આહા..હા..!

પોતે પણ શુદ્ધઉપયોગને અંગીકાર કરીને બેઠા છે પણ એને આ શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઉઠ્યો છે, ઓ..હો..! ણમો આઈરિયાણં, ણમો લોએ સવ્વ આઈરિયાણં, ણમો લોએ સવ્વ ઉવજ્ઝાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં. પહેલા પદમાં એમ આવ્યું છે કે, ણમો લોએ સવ્વ અરિહંતાણં, ણમો લોએ સવ્વ સિદ્ધાણં. એ તો પૂર્ણ પદ દેવના છે, આ ત્રણ ગુરુના. ણમો લોએ સવ્વ આઈરિયાણં. કેવા ? કે, જેને આત્મદર્શન ઉપરાંત, સમ્યગ્દર્શન ઉપરાંત એટલું દ્રવ્યનું અવલંબ કર્યું છે કે ઉપયોગ શુદ્ધ (થયો છે). પંચ મહાવ્રતના પરિણામ એ તો હજી અશુદ્ધ ઉપયોગ છે. સમજાય છે કાંઈ ? એથી રહિત થઈને જેણે શુદ્ધઉપયોગ, એ ભાષા શું છે ? પરમ શુદ્ધઉપયોગ. એ સંસ્કૃત છે, હોં ! **'परमशुद्धोपयोगभूमिकानाचार्योपाध्यायसाधुत्वविशिष्टान् श्रमणांश्च प्रणमामि।'** આહા..હા..! 'પ્રવચનસાર' શરૂ કરતા (આચાર્ય મહારાજ કહે છે). સમજાણું કાંઈ ? શું કહ્યું ?

કહે છે, ઓહો..! અનંતકાળથી જે મહા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ એવા ઉત્તમ પુરુષોએ

મોક્ષનું સાક્ષાત્ કારણ ચારિત્ર, સાક્ષાત્ કારણ શુદ્ધઉપયોગ, શુદ્ધઉપયોગ એ મોક્ષનું કારણ છે, એવું શુદ્ધઉપયોગ રૂપી તપ એટલે શુદ્ધઉપયોગરૂપી મુનિપણું, મુનિપણું કહો કે તપ કહો, ભગવાનને તપકલ્યાણક થાય છે ને ? તપકલ્યાણક એટલે દીક્ષા. સમજાય છે કાંઈ ? આહા..હા..!

કહે છે, **'ઉત્તમ પુરુષોંકો મોક્ષકો દેનેવાલા તપ...'** શુદ્ધઉપયોગરૂપી મુનિપણાને **'અવશ્ય કરના ચાહિયે.'** જરૂર જોઈએ. એ તો પહેલી વાત–ચારિત્રની પ્રાપ્તિ વિના તીર્થંકરને પણ મુક્તિ થતી નથી. આહા..હા...! ત્રણ જ્ઞાન લઈને આવ્યા, ક્ષાયિક સમકિત લઈને આવ્યા, તીર્થંકરો, હોં ! પણ શુદ્ધોપયોગરૂપી આચરણનું ચારિત્ર ન હોય ત્યાં સુધી એને મુક્તિ થાય નહિ. સમજાણું કાંઈ ? ઉત્તમ પુરુષોએ મોક્ષના દેવાવાળો અહો ! પૂર્ણ આનંદના દેવાવાળો, પૂર્ણ શાંતિનું દેવાવાળુ ચારિત્ર કે ચરવું એટલે સ્વરૂપમાં રમવું. **'स्वरूपे चरणं चारित्र'** સ્વરૂપમાં ચરવું એ ચારિત્ર. સમજાય છે કાંઈ ? એવા ઉગ્રપણે સ્વરૂપમાં રમવું એવું શુદ્ધઉપયોગરૂપી ચારિત્ર, **'અવશ્ય કરના ચાહિયે.'**

ખરેખર તો સમ્યગ્દર્શન પછી મુનિપણું જ શાંતિની પૂર્ણ સાધનારૂપે લેવું જોઈએ. પણ ન લઈ શકે તો ? એટલો પુરુષાર્થ ન હોય તો ? એક તો **'लोकनिषेधतो'**. કુટુંબ નિષેધ કરતા હોય ને પોતે કુટુંબનો નિષેધ કરીને મુનિપણા લેવાની તાકાત ન હોય. **'लोकनिषेधतो'** એ બીજો બોલ છે, ત્રણ બોલ છે. પહેલો લોક નીંદા નથી. મૂળ તો **'लोकनिषेधतो'** શબ્દ પડ્યો છે. ભાષા અર્થ ફેરવી નાખ્યો છે, એમ નહિ. **'लोकनिषेधतो'** શબ્દ મૂળમાં પડ્યો છે, ભાઈ ! એટલે કુટુંબીજનો કદાચિત્ નિષેધ કરતા હોય કે નહિ મુનિપણું લેવા દઈએ, કોઈ રીતે પોતાની શકિત પણ કુટુંબને છોડીને પોતાના રાગ રહિત જે શુદ્ધોપયોગનું આચરણ કરવાની તાકાત ન હોય તો એ ત્યાં અટકી જાય છે. સમજાય છે ?

એમાં લખ્યું છે, જુઓ ! લોકનીંદા શબ્દ છે પણ ખરેખર એમ નથી. એના અર્થમાં હશે અંદર જુઓ ! પેલામાં. છે ને ? કુટુંબજનોનો મૂળ અર્થ તો એવો છે પણ અર્થમાં બરાબર નથી. કુટુંબીજનો બહુ રોકે ને પોતાની શકિત એટલી ન હોય તો એ મુનિપણું ન લઈ શકે. સમ્યગ્દર્શન હોવા છતાં ને મુનિપણાનો ભાવ થાય પણ એ ઉપયોગ શુદ્ધોપયોગનું આચરણ કરવા તાકાત ન હોય. એક બોલ તો એ છે કે, લોકના નિષેધને કારણે અથવા બીજી ભાષા, એમ પણ છે કે, એકદમ મારો પુરુષાર્થ શુદ્ધોપયોગનો થતો નથી ને નગ્નપણાથી જગતમાં લોકો મારી નીંદા કરશે. અરે..! આ નાગો થઈ ગયો, આ નાગો થઈ ગયો. એટલી સહન કરવાની શકિત ન હોય, તો તેણે શ્રાવકના વ્રત અંગીકાર કરવા, એમ કહેવામાં આવે છે.

**'લોકનિન્દાસે અથવા પ્રબલ ચારિત્રમોહનીય...'** અસ્થિરતા. પોતાના રાગની તીવ્રતા હોય એને છોડી શકતો નથી તો એ મુનિપણું લઈ શકે નહિ. **'અથવા**

**અસમર્થપનેસે...**’ ત્રણ બોલ લીધા છે ને ? ત્રણ ? હા, બસ ! એ. અસમર્થ – પોતાની શક્તિની નબળાઈ. લોકનું રોકવું એવું નિમિત્ત અને બીજો ચારિત્રમોહનો દોષ પોતાનો છે, ભાઈ ! એ પોતાની વાત છે, એ કાંઈ પરની વાત નથી. પાઠમાં એ છે. જુઓ ! ‘**निषेधतोऽथ महतो मोहाद**’ એટલે પોતાથી મોહ છે, કર્મ-ફર્મની વાત નથી. એ તો પછી આ બધા લખાણમાં એવા નાખી દે છે. પોતાનો મોહ, હજી પર તરફની સાવધાની છૂટતી નથી અને એથી એને અશ તપણું રહ્યું છે. સમજાણું કાંઈ ? એવા જીવે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને, પ્રાપ્ત તો મુનિપણું શુદ્ધ ઉપયોગની રમણતા ચારિત્ર તે સંવર તે મુક્તિનું કારણ છે પણ એ ન પ્રાપ્ત થઈ શકે આવા આવા કારણે, પોતાના મોહને કારણે અથવા શક્તિની નબળાઈને કારણે એ બે વાત, અસ્તિ ને નાસ્તિ. અને લોકનું નિમિત્તપણું એવું હોય તો એ છૂટી શકે નહિ.

‘**અસમર્થપનેસે તપ ન હો સકે તો ગૃહસ્થોંકે દેવપૂજા,...**’ એ ભગવાનની પૂજાના ભાવરૂપી વ્રત તો એને પ્રગટ કરવો. અશુભથી બચવા એ ભૂમિકામાં એવો ભાવ આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :– એને ધર્મ તો માનવો ને ?

ઉત્તર :– ધર્મ-બર્મની વાત નથી. વ્યવહાર ધર્મ. એ વ્યવહાર ધર્મ જો નિશ્ચય ધર્મ દૃષ્ટિની હોય તો. નિશ્ચય સમ્યગ્દર્શન ન હોય તો વ્યવહાર ધર્મ પણ કહેવામાં આવતો નથી. નિશ્ચય પહેલા વ્યવહાર કેવા ? ધૂળમાં. નિશ્ચય વિના વ્યવહાર કેવા ? એ..ઇ..! આ બધા લોકો કહે, વ્યવહાર પહેલો, વ્યવહાર પહેલો. ધૂળમાં વ્યવહાર. ‘સમયસાર’ માં આચાર્ય ના પાડે છે. અનાદિનો વ્યવહાર, શુભ ને અશુભ ઉપયોગ તો અનાદિનો ચાલ્યો આવે છે એમાં વ્યવહાર પહેલો ક્યાંથી લાવ્યો તું ? શુભ ને અશુભ તો અનાદિનું (ચાલે છે). નિગોદમાં શુભ અને અશુભ થયા કરે છે. નિત્યનિગોદમાં શુભ ને અશુભ, શુભ ને અશુભ પરિણામ થયા જ કરે છે. તો વળી શુભ પરિણામ તે વ્યવહાર પહેલો અને પછી નિશ્ચય આવ્યું ક્યાંથી ? કહે છે, એમ આચાર્ય કહે છે.

મુમુક્ષુ :– દ્રવ્યલિંગી હોય.

ઉત્તર :– દ્રવ્યલિંગ હોય એટલે શું છે ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બિલકુલ મળે નહિ. ... શું છે ? દ્રવ્યલિંગ થાય છે પણ સ્વભાવનો આશ્રય લે તો ભાવલિંગ થાય છે, દ્રવ્યલિંગને કારણે નહિ. કહો, સમજાય છે ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જરી મદદ નહિ. રાગની મંદતાની સ્વરૂપમાં સ્થિરતામાં મદદ (છે) એ સમ્યગ્દૃષ્ટિ એમ માનતો નથી. સમજાણું કાંઈ ? સંવર તે કાંઈ આત્માના સ્વભાવને આશ્રયે થાતો હશે કે રાગની મંદતાને આશ્રયે ? હોય ખરો. રાગ મંદ પ્રથમ દીક્ષા લે ત્યારે પંચ મહાવ્રતના

વિકલ્પો હોય, નગ્નપણું થઈ જાય પણ પછી અંદરમાં ધ્યાન કરે તો સાતમું ગુણસ્થાન આવે. નહિ તો આવે નહિ. એ બહાર લીધું માટે આવે, એમ નથી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, કહે છે ને.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભાવમાં ફેર પડી ગયો ને ! દ્રવ્યદૃષ્ટિની સ્થિરતા હતી એથી વિશેષ જ્ઞાયકમાં-ધ્યાનમાં, આનંદની ઉગ્રતાનો સ્વાદ આવ્યો, અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ–પ્રચૂર સ્વસંવેદન જેને કહે છે. આચાર્ય મહારાજ 'કુંદકુંદાચાર્ય' પાંચમી ગાથામાં 'સમયસાર'માં (કહે છે), અમને પ્રચૂર સ્વસંવેદન પ્રગટ્યું છે, એકલું સ્વસંવેદન નહિ. સ્વસંવેદન તો ચોથા ગુણસ્થાનથી હોય. પ્રચૂર સ્વસંવેદન પ્રગટ્યું. અમારા ગુરુએ અમને કૃપા કરીને શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો. બસ ! આચાર્ય એમ કહે છે, અમને અમારા ગુરુએ સર્વજ્ઞ ભગવાનથી માંડીને અપર ગુરુ ને અહીંયા અમારા ગુરુ ત્યાંથી અમારા ગુરુએ અમને ભગવાને શિષ્યોને. પણ એ જ ઉપદેશ આપ્યો હતો ત્યાંથી માંડી અમારા ગુરુએ અપને શુદ્ધાત્મા છો, એમ કૃપા કરીને અમને ઉપદેશ મળ્યો. અમે શુદ્ધ આત્માનો આશ્રય કરી પ્રચૂર સ્વસંવદન અમે પ્રગટ કર્યું છે. એમ પાઠ છે. પાંચમી ગાથા 'સમયસાર'ની ટીકા 'અમૃતચંદ્રાચાર્ય'ની. સમજાણું કાંઈ ? આ લોકની વાતું બહારની... બહારની... બહારની... અંતરના ભાન વિના બહારપણાનો વિકલ્પ એને વ્યવહાર કહે કોણ ?

અહીં તો વસ્તુના ભાન સહિત **'ગૃહસ્થોંકે દેવપૂજા,...'** ભગવાનના દર્શન એ કાયમ એને ભાવ એવો (આવે). સમ્યગ્દૃષ્ટિ અને એમાં પાંચમું ગુણસ્થાન સ્વરૂપની શાંતિનું ઉગ્રપણું જરી આવ્યું છે એને ષટ્કર્મ હંમેશા દેવપૂજાનો ભાવ આવ્યા વિના રહે નહિ. માને કે આ પુણ્યબંધ છે. સમજાય છે કાંઈ ? પણ પાપથી બચવા એવા ષટ્કર્મો પંચમ ગુણસ્થાનની શાંતિની ભૂમિકામાં એવા આવ્યા વિના રહેતા નથી. અને વ્યવહારનયથી એમ પણ અહીં કહ્યું સંપદે–દેવ-ગુરુ-પૂજાને પ્રાપ્ત કરવા, એમ શબ્દ (આવે), વ્યવહારના કથનો જ એવા છે. ઉપદેશ કેમ અપાય ? પણ એનો અર્થ ન સમજે તો શુભ પરિણામ એ કર્તૃત્વબુદ્ધિ કરું તો થાય, કરું તો થાય, એમ બુદ્ધિ નથી સમકિતીની. રાગ કરવા જેવો કર્તૃત્વબુદ્ધિ છે ત્યાં દૃષ્ટિ મિથ્યાત્વ છે. તેથી પહેલું કહ્યું હતું કે, સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને તેના અત્યંત પ્રયત્નથી તેનું રક્ષણ કરવું.

દેવપૂજા આવે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથની પૂજા હંમેશા પાંચમા ગુણસ્થાન યોગ્ય એવો વ્રતનો ભાવ (આવે). આને વ્રત કહે છે, છ ને. સમજાય છે કાંઈ ? એ શુભભાવ છે, શુભભાવ છે, એ ભૂમિકામાં એનો આવ્યા વિના રહે નહિ. એને વ્યવહાર ધર્મ પણ કહેવાય. વ્યવહાર ધર્મ એટલે નિશ્ચયથી ધર્મ નહિ. નિશ્ચયથી વિરોધ મદદ શું કરે ? ધૂળ. એ..ઇ..! વ્યવહારથી

ધર્મ કહ્યું ને. વ્યવહાર અભૂતાર્થ છે. વ્યવહાર અભૂતાર્થ, અભૂતાર્થનયથી ધર્મ કહ્યો, નિશ્ચયનયથી ધર્મ છે નહિ. આ તો ભગવાનના માર્ગની અગમ લીલા છે. આ વીતરાગ માર્ગ છે, આ કાંઈ કોઈ રાગ માર્ગ નથી.

વીતરાગ માર્ગની દૃષ્ટિ પ્રગટી, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન (થયા) એને દેવપૂજા સર્વજ્ઞ દેવ (ની હોય). કેમકે પોતે સર્વજ્ઞ થવા માંગે છે, દૃષ્ટિમાં સર્વજ્ઞની પ્રતીતિ દ્રવ્યમાં આવી ગઈ છે એટલે સર્વજ્ઞ પરમાત્મા પ્રગટ્યા કે એ સાક્ષાત્ હોય કે મંદિર હોય કે પ્રતિમા હોય તો સમ્યગ્દૃષ્ટિ જીવને પાંચમા ગુણસ્થાનમાં બે કષાયના અભાવની ભૂમિકામાં આવો શુભભાવ કરવો, એમ વ્યવહારનયથી ઉપદેશ કરવામાં આવે છે. એટલે કે એવો શુભભાવ એને આવે છે.

**'દેવપૂજા...'** કેમકે સંસારમાં એને વડીલોના બહુમાન ને પાપના ભાવ આવ્યા કરે છે કે નહિ ? રાજાના, ગૃહસ્થોના, મોટાના એ બધો પાપ ભાવ છે. એથી આ ગુરુ પૂજા, દેવ પૂજા, સર્વજ્ઞદેવની પૂજાનો ભાવ વ્રતરૂપે શુભભાવ પંચમ ગુણસ્થાનમાં વ્યવહાર, વ્યવહાર તરીકે આવે.

મુમુક્ષુ : સર્વજ્ઞને ઓળખે ને કે એમ ને એમ ?

ઉત્તર : સર્વજ્ઞ ઓળખ્યા વિના, સમ્યગ્દર્શન વિના તો અહીં ના પાડી પહેલી, સમ્યગ્દર્શનમાં સર્વજ્ઞપણું તો ઓળખાણ થઈ ગઈ. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક ભગવાન સર્વજ્ઞ જાણે છે. એવો જ હું છું. મારો સ્વભાવ પણ ત્રણકાળ, ત્રણલોકને જાણવાનો છે, કરવું રાગનું કે પરનું હઠાવવું એ મારા સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ ? શું કહ્યું ?

મુમુક્ષુ :– સંસારમાં વડીલોનો વિનય અશુભ ?

ઉત્તર :– વડીલોનો વિનય અશુભભાવ. આ ભગવાનનો વિનય તે શુભભાવ. આ ગુરુસેવા. (દીકરો) આવીને પિતાજી પિતાજી કરે, એ પુણ્ય હતું ? એ વિનય કરવાનો કોનું ? ધર્મનું કહ્યું આ તો સંસારમાં છે.

મુમુક્ષુ :– છોકરા વિનય નહિ કરે...

ઉત્તર :– કરે ન કરવાનો પ્રશ્ન ક્યાં છે ? એને એવો ભાવ હોય.

અહીં કહે છે કે, જ્યાં આત્માની દૃષ્ટિ થઈ છે શુદ્ધ ચૈતન્ય અને આગળ શાંતિનું અધિકપણું જ્યાં પ્રગટ્યું છે એને રાગનો શુભભાવ, ભગવાનની પૂજા **'ગુરુની સેવા,...'** ઘરમાં કરે છે કે નહિ બાયડી ને છોકરાની સેવા ? એ પાપભાવ છે. ધર્માત્મા સંતો ગુરુ શુદ્ધોપયોગ આચરણવાળા કે શુદ્ધોપયોગને કરનારા સમ્યગ્દૃષ્ટિ આદિ સાધર્મીઓ... સમજાય છે ? અહીં ગુરુ એટલે ઉત્કૃષ્ટ ગુરુ લીધા છે, એની સેવા એને (હોય). સેવા એટલે એનું બહુમાન. એને જોઈને આ જીવને શુભ વિકલ્પ આવ્યા વિના રહે નહિ. એના એ ખાસ વ્રતનો શુભભાવ છે પણ દૃષ્ટિમાં એનો નિષેધ છે માટે...

મુમુક્ષુ :– માટે એમને વ્રત કહેવાય છે ?

ઉત્તર :– માટે વ્રત કહેવાય છે. જો દૃષ્ટિમાં આદર હોય અને દૃષ્ટિ મુખ્ય ઉપરથી ખસી જાય, (તો) વ્રત પણ નથી અને મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! ભારે ભાઈ ! વીતરાગ માર્ગનું...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આદર નિશ્ચયથી કરે તો નિશ્ચયથી તો એવું છે, શુભ રાગ છે એ કર્મજન્ય વિકાર છે. કર્મના નિમિત્તે લક્ષે થયેલો વિકાર છે અને વિકારને ખરેખર ઝેર કહેવામાં આવે છે. પણ વ્યવહારનયે તેને પુણ્ય કહી વ્યવહાર ધર્મ, નિશ્ચય દૃષ્ટિવાળાને, નિશ્ચય સમ્યગ્દૃષ્ટિવાળાને એને વ્યવહાર ધર્મ છે, એમ કહેવામાં આવે છે. આમ છે, ભાઈ ! આથી આઘી-પાછી કાંઈ કરશે તો દૃષ્ટિ મિથ્યાત્વ થઈ જશે એની.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જવાબદારી છે.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ત્યારે પહેલા શું કહ્યું ? અહીં પહેલા કીધું ને ? રક્ષા કરવા માટે અત્યંત પ્રયત્ન કરવો જોઈએ. પછી આ વાત લીધી છે.

**'સ્વાધ્યાય...'** અહો..! સંસારના ચોપડા કેમ ફેરવે છે દરરોજ ?

મુમુક્ષુ :– સોનું ઝરે છે.

ઉત્તર :– ધૂળમાં પણ ઝરતું નથી. એ તો પુણ્ય હોય તો ઝરે. આ લોકો કહે કે, પાના ફરે ને સોના ઝરે, એમ નથી કહેતા ? આ સંસારમાં. એવાની તો વાત પણ અહીં નથી. જેને શાસ્ત્ર શ્રવણમાં વિનય નથી, બહુમાન નથી, એ તો શાસ્ત્રના અવિનય કરનારા છે. એવાઓને શ્રોતા ગણવામાં આવ્યા નથી. સમજાય છે કાંઈ ? શાસ્ત્ર શ્રવણ કરે ને પંખા નાખે ને આમ નાખે એ બધું ન હોય. ગમે એવી ગરમી હોય તો આમ ટોપી આમ આમ કરે છે એ બધું અશાતના છે. શાસ્ત્ર (સ્વાધ્યાય) કરવા બેઠો હોય, બહુ ગરમી (હોય) પછી ટોપી હોયને માથે ? (આમ આમ કરે). શું કરવા બેઠો છે આ ? ભાઈ ! આ તો વીતરાગની વાણી છે. ત્રણલોકના નાથ પરમાત્મા એની વાણીના શ્રવણ વખતે એનું બહુમાન જોઈએ, વિનય જોઈએ. જેને ઇન્દ્રો આવીને આમ બહુમાનથી પ્રભુની વાણી સાંભળે છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? એકાગ્રતા જોઈએ, બીજો આડો-અવળો વિકલ્પ એને ન આવવો જોઈએ. વિકથા, કુકથા (યાદ ન આવે). એવી રીતે સ્વાધ્યાય કરવો જોઈએ. સ્વાધ્યાયમાં તો એમ આવ્યું કે, સ્વાધ્યાય ... ભેદ છે કે નહિ ? એમાં આ વાત મગજમાં આવી ગઈ. સમજાણું કાંઈ ? શાસ્ત્રનો સ્વાધ્યાય હંમેશા (હોય). લોકના પુસ્તક કેમ વાંચ્યાં કરે છે ? આ જુઓ ! આનું આટલું લેણું થયું, આટલું દેણું નિકળ્યું, આટલું આમ છે, આટલા ગયા.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– છાપા લ્યો ! વળી છાપા. સાચી વાત છે. છાપા સવારે ઉઠ્યો ને દાતણનો કળશો પડ્યો ને છાપું હાથમાં. એક હાથે ગોદો આમ આમ મારતો હોય ને એકકોર આમ વાંચતો હોય. આવા ને આવા નવરા. સવાર જ્યાં પડી ત્યાં એક હાથે દાતણ કરતો હોય અને એક હાથમાં (છાપુ રાખે). અરે, કહે છે કે, ભાઈ ! જ્યારે તને આવો રસ છે તો ધર્મીને સ્વાધ્યાયનો રસ આવ્યા વિના રહે નહિ. સ્વાધ્યાયનો ભાવ આવે, છે શુભભાવ, છે શુભભાવ. તેત્રીસ સાગર સુધી સર્વાર્થસિદ્ધના દેવો સ્વાધ્યાયમાં વખત ગાળે છે. ન્યાં ક્યાં એને બાયડી-છોકરા, રોટલા રળવા છે. સમજાય છે કાંઈ ? તેત્રીસ સાગર ! આહા..હા..!

એક સાગરોપમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમમાં અસંખ્યાતા અબજ વર્ષ જાય. એટલા તેત્રીસ સાગર સ્વાધ્યાય (ચાલે). બધા એકાવતારી જીવો સર્વાર્થસિદ્ધમાં છે. ન્યાં એને બીજું કાંઈ રળવાનું નથી, દુકાન નથી, બાયડી નથી, છોકરા નથી. અહીં તો ગરમી હોય. સમજાય છે કાંઈ ? માથે પંખા ફરતા હોય. નહિતર સાંભળવાની મજા ન આવે. હવે એને પંખાનો પવન ખાવો હોય એને ભગવાનનું સાંભળવું છે કે પવન ખાવો છે ? સ્વાધ્યાયમાં વિનય જોઈએ. શ્રાવક એવો સ્વાધ્યાય હંમેશા (કરે). અહીં તો પેલો બે લીટી વાંચી જાય. સવારમાં ઉઠે ને ? આપણે બાધા લીધી છે. આડી-અવળી બે લીટીઓ (વાંચી જાય). એમ ન હોય. આત્માના સમ્યગ્દર્શનના નિશ્ચયના લક્ષે સ્વાધ્યાયનો શુભભાવ શ્રાવકને આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ ?

**'સ્વાધ્યાય...'** સંસારની સ્વાધ્યાય કરે છે ને ? નામાના પાના ફેરવે છે કે નહિ ? પાપના પુરુષાર્થ, આ પુણ્યનો પુરુષાર્થ. લક્ષ્મીનો પુરુષાર્થ પાપનો છે. આ લક્ષ્મી રળવાનો ભાવ પાપ. એ માટે પાપના પરિણામથી બચવા સમ્યગ્દષ્ટિ જીવની વાત ચાલે છે ને ? સ્વાધ્યાયનો ભાવ (આવે). એક કલાક, બે કલાક, ચાર કલાક વખત લઈને શાસ્ત્રનો સ્વાધ્યાય કરે. છે તો શુભભાવ. પરદ્રવ્ય અનુસારી બુદ્ધિ છે ને ? પરદ્રવ્ય અનુસારી બુદ્ધિ છે, છે તો શુભભાવ પણ એવો શુભભાવ, અશુભથી બચવા પાંચમે ગુણસ્થાને આવ્યા વિના રહે નહિ.. એને વ્યવહાર ધર્મ નિશ્ચયદષ્ટિ છે માટે કહેવામાં આવે છે.

**'સંયમ,'** હંમેશા કાંઈ ઇન્દ્રિય દમનનો ભાવ વિકલ્પ એને હોય કોઈ કે, રસ છોડવું કે ફલાણું એવો થોડો ભાવ હોય. ગૃદ્ધિ છે ને સંસારની ? એટલે એમાંથી થોડી ગૃદ્ધિ ઘટાડવાનો ભાવ હંમેશા આવે. શુભભાવ છે, હોં ! એ.

**'તપ,'** ઇચ્છાનો નિરોધ. અંદર કાંઈ ઇચ્છા ઘટાડે. છે તો શુભભાવરૂપ ભાવ.

અને **'દાન.'** દિન દિન પ્રત્યે દાન, દિન દિન પ્રત્યે પૈસા રળવાની તૃષ્ણા છે કે નહિ ? તો દિન દિન પ્રત્યે દાનનો શુભભાવ સમ્યગ્દષ્ટિને પાંચમા ગુણસ્થાનને યોગ્ય દશામાં આવો (ભાવ) આવ્યા વિના રહેતો નથી. કહો, સમાજણું કાંઈ ?

**'ષટ્કર્મોંકે યોગ્ય વ્રત તો અવશ્ય હી કરના ચાહિયે.'** આચાર્ય કહે છે. રાગની

તીવ્રતા ટાળીને શુદ્ધોપયોગનું આચરણ થઈ શકે તો કરવું એ જ પહેલું. ન થઈ શકે તો તીવ્રતા ટાળીને રાગની મંદતા સમ્યગ્દર્શનપૂર્વક, આત્માના જ્ઞાતા-દૃષ્ટાના ભાનપૂર્વક, એવા ષટ્કર્મોનો વ્યવહારે આદર કરવો ને કરવા લાયક છે. છે એ પુણ્યબંધના કારણ, એ હમણાં કહેશે પોતે. સમજાણું કાંઈ ? પણ આ છએ પુણ્યબંધના કારણ છે. પણ એ સમ્યગ્દૃષ્ટિની આત્મા ઉપર દૃષ્ટિ છે, પૂર્ણ ઠરી શક્યો નથી એટલે આવા છ ભાવ આવ્યા વિના રહેતા નથી. સમજાણું કાંઈ ? એક જણાએ ઉડાડી દીધી આખી ભગવાનની પૂજા, પછી એક જણાએ વધારી દીધી પૂજા. મૂર્તિ ઉપર મુગટ, રૂપાના ખોળા, આંગી ભગવાન ઉપર એમ ચડાવી દીધું. તો એક જણાએ મૂળમાંથી કાઢી નાખ્યું. ભગવાનની મૂર્તિ ને પૂજા જ નહિ આપણે, જાવ.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઇ નામ આપણે ક્યાં આપીએ છીએ. (સંવત) ૧૯૮૨ની સાલમાં કહ્યું હતું. સમજાય છે ? (સંવત) ૧૯૮૨ની સાલમાં ચોમાસુ હતું ને ? 'વઢવાણ'. (સંવત) ૧૯૮૨ ઓગણચાલીસ વર્ષ થયા. ત્યાં એક ભાઈ હતા. વડવામાં રહેતા, વૈદ હતા ને ? દેરાવાસી હતા, આવ્યા હતા. કીધું, જુઓ ! આ દેરાવાસીએ.. બે ભાઈઓ હતા. સગા ભાઈ નહિ પણ જુદા ભાઈબંધ. એકના બાપે બીજાને સો રૂપિયા આપેલા, સો રૂપિયા. નામે લખેલા, ધીરેલા. પછી બન્ને મરી ગયા. લીધાવાળા ને દીધાવાળા બન્ને મરી ગયાં. પછી પેલો જેણે દીધા હતા. (એ વિચારે છે), આના બાપને સો રૂપિયા મારા બાપાએ આપ્યા હતા. બે મીંડા ચડાવ્યા, બે મીંડા ચડાવ્યા. કે, તમારા બાપને મારા બાપે દસ હજાર આપ્યા હતા, લાવો દસ હજાર. પેલો કહે ભાઈ ! ચોપડા તપાસશું, ચોપડા તપાસ્યા ત્યાં સો તો નિકળ્યા પણ જો સો કબુલ કરશું તો દસ હજાર વળગશે. ચોપડામાં સો પણ નહિ (રાખો).

એમ એકે ભગવાનની મૂર્તિને માથે મોટા શણગાર ને આવડા આવડા. આવી હોય ભગવાનની પૂજા. ભાઈસાહેબ જોઈશું શાસ્ત્રમાં મૂર્તિ હોય તો. શાસ્ત્રમાં દેખાણી, મૂર્તિ તો છે પણ આવા દાગીના ને આવા લુગડા ને આ અંક એ નથી, મૂર્તિ નથી, જા ઉપાડ. ભાઈ ! ઇ (સંવત) ૧૯૮૨માં દાખલો આપ્યો હતો, હોં ! (સંવત) ૧૯૮૨માં કીધું, આવું થયું છે પણ હવે શું થાય ? પેલાએ સો ઉડાડી દીધા અને પેલાએ માથે ચડાવી દીધા, દસ હજાર કરી નાખ્યા. બે મીંડા ચડાવ્યા.

ભાઈ ! એ અનાદિનો રિવાજ છે, નવો નથી. દેવલોકની અંદર શાશ્વત પ્રતિમાઓ બિરાજે છે. નંદિશ્વર દ્વિપમાં શાશ્વત મણિરત્નની પ્રતિમાઓ બિરાજે છે. એને પૂજવા ઇન્દ્રો જાય છે, ઇન્દ્રો જાય છે. એવો ભાવ સમ્યગ્દૃષ્ટિને પૂજ્ય ભાવ આવ્યા વિના રહેતો નથી. સમજે છે કે, આ શુભભાવ છે, મારા સ્વરૂપની જેટલી એકાગ્રતા (છે) એ મારો સંવર-નિર્જરા છે. સમજાય છે કાંઈ ? અરે..! ત્યાં ભગવાન પાસે ઇન્દ્ર તો ઘૂઘરા બાંધીને નાચે. નંદિશ્વર દ્વિપ આવે

છે ને ? આઠ-આઠ દિ'. અષ્ટાહ્નિકા. કારતક, ફાગણ ને અષાઢ. આઠ-આઠ દિ'. નંદિશ્વર દ્વિપ બધામાં લખાણ છે, આમાં પણ પાઠમાં લખાણ છે. બત્રીસ સૂત્ર, પીસતાલીસમાં પાઠ છે બધા. નંદિશ્વર દ્વિપ આઠમો છે. એકસો આઠ શાશ્વત પ્રતિમાઓ રત્નમણિની (છે). આમ જાણે બોલશે હમણાં એવી. એની પૂજા કરવા ઇન્દ્રો પણ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

અહીં કહે છે, ગૃહસ્થોને આત્માની શુદ્ધોપયોગની આચરણ દશા જેને પ્રગટી નથી એવું મુનિપણું, એને આવા આત્માના ભાન સહિત એને ષટ્કર્મોના વ્રતનો ભાવ એણે કરવો. વ્યવહારનયથી એમ કથન કરવામાં આવે છે. **'सम्पद्येत'** શબ્દ પડ્યો છે ને ? એણે આદરવો. નિશ્ચયથી એનો આદર નથી પણ અશુભ ટાળવા માટે વ્યવહારે આદર છે, એમ કહેવામાં આવે છે. વસ્તુની આ મર્યાદા છે. આઘુ-પાછુ કાંઈ કરે તો ઘરનું જાય એવું છે એનું. આહા..હા..!

**'ઇસ સંસારમેં પ્રથમ તો નિગોદાદિસે નિકલના હી અત્યંત કઠિન હૈ...'** આહા..હા..! નિત્યનિગોદ. એક શરીરમાં અનંતા જીવ, એવા એવા અસંખ્યાતા ઔદારિક શરીર ભર્યા છે નિગોદમાં. કોઈ દિ' એને વિચાર આવ્યો છે ? એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એ અનંતમાં ભાગે એક શરીરથી થયા છે. અત્યાર સુધી છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ (જીવની) મુક્તિ થાય, એ સંખ્યા કરતાં એક શરીરમાં અનંતગુણા જીવ છે. આહા..હા..! એવા એવા એક નિગોદની આટલી એક કટકી લ્યો તો એમાં અસંખ્ય તો ઔદારિક શરીર છે. એક શરીરમાં સિદ્ધથી અનંતગુણા જીવ છે. એવા સુક્ષ્મ શરીરથી આખો લોક ભરેલો છે. આહા..હા..! ભાઈ ! એમાંથી નીકળવાના ટાણા, બાપા ! બહુ મોંઘા છે, ભાઈ ! આહા..હા..! એમ કહે છે, ભાઈ ! એ ગર્વ છોડ, ઉદ્ધતપણું મૂક. આ માનવપણું તને મળ્યું, ભાઈ ! અનંતકાળ એ નિગોદમાંથી નીકળવું કઠણ છે. આહા..હા..!

**'દૈવયોગસે યદિ વહાંસે નિકલ ભી આવે તો યહાં આકર પૃથ્વીકાયિક...'** પૃથ્વીકાયિક છે ને એકેન્દ્રિય ? પૃથ્વીના જીવ છે, હોં ! એકેન્દ્રિય. ખાણમાંથી આ પથ્થર ખોદે છે ને ? એક આટલી કટકીમાં અસંખ્ય શરીર છે. એક એક શરીરે એક એક જીવ પૃથ્વીકાયના છે. આહા..હા..! કોણ પૃથ્વી ? આ મકાન કરાવવાના પથરા કાઢે છે ને ? એ પૃથ્વીકાય જીવ છે ખાણમાં. એની આટલી એક રાય જેટલી કટકી લ્યો તો અસંખ્યાતા ઔદારિક શરીર છે, એક શરીરમાં એક એક જીવ છે. આહા..હા..! કહે છે કે, નિગોદમાંથી નિકળી,... આ તો જાણવા માટે છે, હોં ! એને પાળી શકે કે ન પાળે એનો પ્રશ્ન નથી. એ તો પરદ્રવ્ય છે, પરદ્રવ્યને કોણ પાળે ને કોણ મારે ? એના જ્ઞાનમાં આવા જીવો છે કે, નિગોદમાંથી નીકળીને પૃથ્વી થાય, એમાંથી જળકાય પાણી થાય.

**'એકેન્દ્રી સ્થાવરજીવ હોતે હૈં,...'** માંડ માંડ નિગોદમાંથી એકેન્દ્રિય બહારમાં આવે. એમ કરતા **'ત્રસપર્યાય નહીં મિલતી,...'** ત્રસપણું જ ન મળે હજી તો. આહા..હા..!

**'યદિ વહ ભી મિલ જાવે તો ઉસ ત્રસપર્યાયમેં મનુષ્યપર્યાયકી પ્રાપ્તિ બડી કઠિનતાસે હોતી હૈ,...'** આ ઇયળ, કીડી, મકોડાના ભવ અને એમાં, મનુષ્યપણું મળવું મહાન કઠણ છે.

**'વહભી મિલ જાવે તો જીવાદિ પદાર્થોંકા શ્રદ્ધાનરૂપ સમ્યગ્દર્શન નહીં મિલતા,...'** મનુષ્યપણું મળ્યું તોપણ શું ? પણ નવ તત્ત્વ ભગવાને કહ્યા. ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન, સાંભળવાનું મળે નહિ, તો એની પ્રાપ્તિ તો બહુ દુર્લભ છે. આહા..હા..! અરે..! અનંતકાળનો રખડ્યો, એને ટાણા છુટવાના આવે એવા મનુષ્યપણામાં એ ધ્યાન ને સમજણ ન કરે (તો) કહે છે કે, મહાન પછી મળવું દુર્લભ છે.

**'યદિ વહ ભી મિલ જાવે તો મનુષ્ય ઉસકી રક્ષા કરનેમેં બડા ભારી પ્રમાદ કરતા હૈ...'** શું કહે છે ? સાચી વાત સાંભળવા મળી, આ સમ્યગ્દર્શન આને કહેવું, દરકાર કરે નહિ. સાંભળવાને મળવું મુશ્કેલ છે. એમ કરતા સમ્યગ્દર્શન એટલે ભગવાન આત્મા ત્રિકાળી એનો આશ્રય લેતા સમ્યગ્દર્શન થાય. વાત સાંભળવા મળી પણ દરકાર કરે નહિ. સમજાય છે કાંઈ ?

**'બડા ભારી પ્રમાદ કરતા હૈ ઇસલિયે વહ પાયા હુવા ભી ન પાયે હુવેકે સમાન હો જાતા હૈ અતઃ આચાર્ય ઉપદેશ દેતે હૈં કિ બડે ભાગ્યસે યદિ મનુષ્યજન્મ તથા સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હો જાવે તો ઉત્તમ પુરુષોંકો પ્રમાદ છોડકર તપ કરના ચાહિયે.'** લોકના નિષેધથી કદાચ ન લઈ શકે. પ્રબળચારી એટલે પોતાના મોહને લઈને ન લઈ શકે અથવા અશક્તિથી ન લઈ શકે (તો) **'ષટ્કર્મકે યોગ્ય શ્રાવકોંકે વ્રત તો અવશ્ય હી ધારણ કરના ચાહિયે કિન્તુ પાયે હુવે મનુષ્યજન્મકો તથા સમ્યગ્દર્શનકો વ્યર્થ નહીં ખોના ચાહિયે.'** મનુષ્યજન્મ અને સમ્યગ્દર્શન બેને વ્યર્થ ખોવું જોઈએ નહિ. એવું અહીં આચાર્ય મહારાજ ચોથી ગાથામાં કહે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

X

# શ્લોક–૫ થી ૯

## પ્રવચન નં. ૩૭

## (વિક્રમ સંવત ૨૦૨૧, શ્રાવણ વદ ૧૪, બુધવાર)

## તા. ૨૫-૦૮-૧૯૬૫

**अब आचार्य श्रावकके व्रतोंको बतलाते हैं तथा वे व्रत गृहस्थोंको पुण्यके करनेवाले होते हैं इस बातकोभी आचार्य बतलाते हैं।**

**दङ्मूलव्रतमष्टधा तदनु च स्यात्पञ्चधाणुव्रतं**
**शीलाख्यं च गुणव्रत त्रयमतः शिक्षाश्चतस्त्रः पराः।**
**रात्रौ भोजनवर्जनं शुचिपटात्पेयं पयः शक्तितो**
**मौनादिव्रतमप्यनुष्ठितमिदं पुण्याय भव्यात्मनाम्।।५।।**

**અર્થ :– સમ્યગ્દર્શનપૂર્વક આઠમૂલગુણોંકા પાલના, તથા અહિંસાદિ પાંચ અણુવ્રતોંકા ધારણકરના ઔર દિગ્વ્રતઆદિ તીનગુણવ્રત તથા દેશાવકાશિક આદિ ચારપ્રકારકે શિક્ષાવ્રત ઇસપ્રકાર ઇન સાત શીલવ્રતોંકો પાલના, ઔર રાતમેં ખાદ્ય સ્વાદ્ય આદિ આહારોંકા ત્યાગકરના ઔર સ્વચ્છ કપડેસે છાનેહુવે જલકા પીના તથા શક્તિકે અનુકૂલ મૌન આદિ વ્રતોંકાધારણ, ઇસપ્રકાર યે શ્રાવકોંકે વ્રત હૈં તથા ભલીભાંતિ આચરણ કિયેહુવે યે શ્રાવકોં કે વ્રત ભવ્યજીવોંકો પુણ્યકે કરનેવાલે હોતેહૈં ઇસલિયે ધર્માત્માશ્રાવકોંકો ઇનશ્રાવકોંકે વ્રતોંકા અવશ્ય હી ધ્યાનપૂર્વક પાલન કરના ચાહીયે. ૫.**

'દેશવ્રતોદ્યોતન' નામનો અધિકાર છે. 'પદ્મનંદિ પંચવિંશતિઃ' નામનો ગ્રંથ છે. ભગવાન સર્વજ્ઞદેવ પરમાત્માના કેડાયત નવસો વર્ષ લગભગમાં 'પદ્મનંદિ' નામના એક આચાર્ય દિગંબર મુનિ વનવાસી થયા. 'શ્રીમદ્' આને વનવાસી, વનશાસ્ત્ર કહે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' આ પુસ્તકને વનશાસ્ત્ર કહે છે. કેમકે વનમાં રચેલું. દિગંબર મુનિઓ સર્વજ્ઞ પરમાત્માના કેડાયત, એને કેડે થયેલા મહા સંત એમણે છવ્વીસ અધિકાર રચ્યા. એમાંનો એક આ સાતમો અધિકાર છે. શ્રાવકના વ્રત કેવા હોય ? અને શ્રાવકની દશા કેવી હોય ? એનું આમાં વર્ણન કરવામાં આવ્યું છે. ચાર શ્લોક આવ્યા. **'અબ આચાર્ય શ્રાવકકે વ્રતોંકો બતલાતે હૈં તથા વે વ્રત ગૃહસ્થોંકો પુણ્યકે કરનેવાલે હોતે હૈં ઇસ બાતકો ભી આચાર્ય બતલાતે હૈં.'**

શું કહે છે ? **'સમ્યગ્દર્શનપૂર્વક...'** પહેલી એ વાત, એ શરત. પહેલી એ શરત.

શરત એટલે શું કહેવું છે ? એ..ઇ..! કહો, શરતનો અર્થ કરવો પડે ? કબુલાત. લ્યો ! કબુલાત કહે છે, પહેલી એ કબુલાત. ભગવાન તીર્થંકરદેવ પરમાત્માએ કહેલું સંતો શ્રાવકના વ્રતનો માર્ગ કહે છે, પહેલી કબુલાત એ હોવી જોઈએ કે, સમ્યગ્દર્શન હોવું જોઈએ.

મુમુક્ષુ :– એ તો જૈનને હોય.

ઉત્તર :– જૈનને હોય. એનું ભાન ક્યાં ? જૈનના વાડા પડ્યા. સમજાય છે કાંઈ ? એ ચાર ગાથામાં એ અધિકાર આવી ગયો.

**'दङ्मूलं'** જેને સમ્યગ્દર્શન મુખ્ય છે. સ્ત્રી હો, પુરુષ હો, અરે..! તિર્યંચ છે. અઢી દ્વિપ બહાર તિર્યંચ પશુ એ પણ શ્રાવકના બાર વ્રતધારી છે. અસંખ્ય પશુ ધર્મી સમ્યગ્દષ્ટિ અને પાંચમા ગુણસ્થાનવાળા છે. અઢી દ્વિપની બહાર સ્વયંભૂરમણ સમુદ્ર છે, અસંખ્ય, હોં ! અસંખ્ય ચોથા ગુણસ્થાનવાળા, અસંખ્ય પાંચમા ગુણસ્થાનવાળા એવા અસંખ્ય તિર્યંચો બહાર છે.

અહીં તો એક મનુષ્યની પ્રધાનતાએ વાત જરી કરી છે. કે, **'दङ्मूलव्रतमष्टधा'** આત્માના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધાના પરિણમનપૂર્વક. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ, એને વિકાર ને સંયોગ રહિત પોતાનો શુદ્ધ આનંદ સ્વભાવ એનું શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન, શુદ્ધતાનું પરિણમન, શુદ્ધ જેવો દ્રવ્ય સ્વભાવ છે એવું એની પર્યાયમાં, સમ્યગ્દર્શનમાં શુદ્ધનું પરિણમન. શુદ્ધનું અલ્પ પરિણમન. એથી એ શુદ્ધ દશામાં સમ્યગ્દર્શનપૂર્વક શ્રાવકોએ **'આઠમૂલગુણોંકા પાલના,...'** સમ્યગ્દર્શનપૂર્વક પાંચ ઉદુમ્બર આદિ ફળને ખાવા નહિ અને મધ, દારૂ અને માંસ એ આઠનો એને ત્યાગ હોવો જોઈએ. સમજાય છે કાંઈ ?

**'આઠ મૂલગુણોંકા પાલના,...'** એ શુભભાવ છે. શુભભાવ, પુણ્યના કરનારા, પુણ્યની ઉપાર્જન કરવાવાળા, ધર્મ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ ? એ પાઠમાં જ છે, જુઓ ! **'पुण्याय भव्यात्मनाम्'** છેલ્લો શબ્દ છે. એવો ભાવ આત્માનું દર્શન સમ્યક્ અનુભવ શ્રદ્ધા ભાન થયું એણે આગળ વધીને શુદ્ધતાના સ્વભાવની સ્થિરતાનો અંશ વધારીને આવા આઠ મૂળગુણનું પાલન કરવું જોઈએ. પાંચ પ્રકારના ફળ ઉદુમ્બર જેમાં ત્રસ, ત્રસ થાય ને ? જે ફળમાં ત્રસની ઉત્પત્તિ હોય એવા ફળ સમ્યગ્દષ્ટિ શ્રાવક ખાય નહિ. સમજાય છે કાંઈ ? અને મધ ન ખાય, માંસ ન ખાય અને દારૂ ન પીવે, એ આઠ બોલ એને ન હોય. શ્રાવકના વ્રતનું પાલન કરનાર ગૃહસ્થ હો, પુરુષ હો કે સ્ત્રી, એને આઠ મૂળગુણનું પાલન, જે શુભભાવ છે. પાપના તીવ્ર પરિણામથી બચવાવાળો શુભ, કષાયની મંદતાનો શુભભાવ છે.

**'તથા અહિંસાદિ પાંચ અણુવ્રતોંકા...'** તથા એકેન્દ્રિય જીવને... જુદી વાત છે, એનો બચાવ કહેશે આગળ. એકેન્દ્રિય જીવને મારવાના પરિણામ એને હિંસાના હોય છે પણ ત્રસ આદિને મારવાના હોતા નથી. એવી અહિંસા વ્રત, અહિંસાનું વ્રત પહેલું એને આવવું જોઈએ. છે શુભભાવ પણ પર જીવને... કાલે પૂછતા હતા, શું કરવું આ દયાનું

? પર જીવને ન મારવાના અને ઉગારવાના અથવા બચાવવાના, બચી શકે કે (નહીં) એ પ્રશ્ન અત્યારે નથી, પણ એ તો સમ્યગ્દર્શનમાં વાત આવી ગઈ છે કે, પરની ક્રિયા આત્મા કરી શકતો નથી. સમજાય છે કાંઈ ? કરી શકતો નથી.

આજ લેખ આવ્યો છે પેલામાં, લેમેન.. લેમેન. શું કીધું ? ભાઈ ! લેમેન એટલે સાધારણ આદમી કહે, પણ આ કાયદાના ભણેલા વકીલ કોર્ટમાં હજારો મુકદ્દમા કર્યા એ એમ કહે કે, પરદ્રવ્યને કરી શકે નહિ એક આશ્ચર્યની વાત છે. એ આવ્યું છે તમારું અંદર નામ, નામ નથી આવ્યું પણ આમ લખ્યું છે. લે મેન એટલે હું તો એમ લે ભાગુ એમ સમજ્યો. એમ કે સાધારણ ગૃહસ્થ હોય, કાયદાના જાણ ન હોય એ તો ભલે પરદ્રવ્યનું ન કરે એમ કહે. સમજ્યા ને ? પણ હજારો મુકદ્દમા ચુકવ્યા, આનો આમ નફો ને આને લાભ કરાવ્યો ને આને ખોટ કરાવી ને આને ઢીકણું કરાવ્યું ને એવું લખ્યું છે અંદર. આવા કાયદા ચુકાવ્યા. અને વળી કહે કે, પરદ્રવ્યનું કરે નહિ. 'મોક્ષશાસ્ત્ર' માં આવ્યું હશે ને ? નામ લખ્યું છે.

ભાઈ ! આહા..હા..! અરે..! એક દ્રવ્ય બીજા દ્રવ્યનું શું અંદર પલટી જઈને કાંઈ કામ કરે છે ? ભાઈ ! તને ખબર નથી. દરેક પદાર્થની મર્યાદા પોતાના દ્રવ્ય-ગુણ ને પર્યાયના પ્રવર્તનમાં જ છે. પરના પ્રવર્તનમાં કોઈ દ્રવ્યનું કાર્ય કદી કોઈ દિ' ત્રણકાળમાં થઈ શકતું નથી.

અહીંયા તો એ વાત નક્કી કર્યા પછી સમ્યગ્દર્શનની પ્રતીતનું ભાન કર્યા પછી એણે અહિંસાદિ વ્રતનું પાલન કરવું જોઈએ કે જે બીજા જીવને ત્રસ આદિને ન મારવા અને સ્થાવરમાં પણ મર્યાદા કરવી. એવો શુભભાવ સમકિતીને શ્રાવકની દશામાં (આવે છે). એ છે પુણ્ય ભાવ, દૃષ્ટિમાં નિષેધ છે, આદર છે નહિ. પણ એવો ભાવ શ્રાવકની ભૂમિકામાં અથવા શુદ્ધતાના પરિણમનની પૂર્ણ પરિણતિની દશા ન થઈ હોય અને શુદ્ધતાની શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન થયું હોય એને આવા ભાવ પંચમ ગુણસ્થાનમાં આવ્યા વિના રહેતા નથી. સમજાય છે કાંઈ ?

એમ સત્ય બોલવું, સત્ય વ્રત, અસત્ય ન બોલવું ને સત્ય વ્રત એણે ધારણ કરવું જોઈએ. કોઈની ચોરી નહિ. ચોરી કરવાનો પણ ત્યાગ, એવું ત્રીજું વ્રત હોવું જોઈએ. ચોથું પરસ્ત્રી આદિનો ત્યાગ. સ્વસ્ત્રીમાં સંતોષ એવો ભાવ એણે પ્રગટ કરવો જોઈએ. અને પરિગ્રહની મર્યાદા, પરિગ્રહની મર્યાદા–હદ કરવી. એવા પાંચ અણુવ્રતનું પાલન, ધારણ અને દિગ્વ્રત આદિ ત્રણ ગુણવ્રત. જાવજીવ સુધી અમુક દિશા બહાર ન જાવું, અમુક દિશા બહાર ન જાવું, એવું એક વ્રત શુભભાવ (આવે છે). સમજાય છે ? એમાં ભાઈ ! વ્રતમાં જરીક થોડો ફેરફાર છે. ક્યાંક છઠ્ઠું, ક્યાંક દસમું, ક્યાંક આઠમું એમ કરીને ગુણવ્રત લીધા છે. એમાં અહીં હવે છઠ્ઠું, સાતમું ને આઠમું કરીને ગુણવ્રત લીધા. શિક્ષા પેલા નવ, દસમું ને

અગિયારમાં લીધા. બેમાં થોડો થોડો ફેર છે. 'રત્નકરંડશ્રાવકાચાર'માં અને 'તત્ત્વાર્થસૂત્ર'માં. કહો, સમજાણું ?

શ્રાવકે આત્માના ભાનની ભૂમિકામાં એણે આવા વ્રતો (ધારણ કરી) દિશાઓની મર્યાદા કરવી. ઉપભોગ. સમજાય છે ? ઉપભોગ. ઉપભોગ એટલે જે ચીજો ખાવ-પીવાના ભોગની હોય એની પણ મર્યાદા કરવી અને જે જાવજીવનો ત્યાગ હોય, બહાર દિશા નીકળવાનો એને દરરોજને માટે થોડો નિયમ એણે કરવો. એટલી દિશામાં પણ અમુકમાં જાવું ને અમુકમાં ન જાવું. એવી એક મર્યાદા, રાગની મંદતાનો ભાવ શ્રાવકના વ્રતની અંદર આવ્યા વિના રહેતો નથી. ભાઈ ! કહો, સમજાણું આમા ?

**'દેશાવકાશિક આદિ ચારપ્રકારકે શિક્ષાવ્રત...'** જાવજીવનો ત્યાગ હોય. એમાં થોડો ત્યાગ એટલો કરવો, થોડો ત્યાગ કરવો, વધારે ત્યાગ ઘટાડી દેવો. એટલે વધારે જે જાવજીવનો ત્યાગ છે એમાં પણ થોડો ઓછો કરી નાખવો. એમાં સામાયિક દરરોજ કરવી. છે શુભભાવ એ, આત્માનો પ્રયોગ કરવો હંમેશા. આત્મા આનંદકંદ છે, શુદ્ધ સ્વરૂપ છે એવી દૃષ્ટિ સમ્યક્ થઈ છે તો એ સામાયિકમાં અંદર પ્રયોગ કરવો. છે વિકલ્પ, શુભભાવ પણ પ્રયોગ કરવો કે, આમાં હું રહી શકું છું કે નહિ. એવો સામાયિક શ્રાવકને સવાર, સાંજ, બપોર એવો સામાયિકનો ભાવ આવ્યા વિના રહેતો નથી. એમ ઉપભોગ આદિનું ... પૌષધ. સારા પર્વના દિવસમાં આઠમ ચૌદસનો પૌષધ (કરે). પણ આ સમ્યગ્દર્શનપૂર્વક, હોં ! એકલા જે આ સામાયકિ ને પૌષધ કરે છે એ મીંડા એકડા વિનાના (છે).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ક્યાં કરી હતી ? ધૂળ કરી હતી ? આ દલાલ છે. બાપાએ કર્યું હતું ઘણું એનું શું કરવું ? એમ કહે છે. એ ચોકડી મારીને આવ્યા હતા. શું કર્યું હતું ? આત્મા હજી જ્ઞાયક વસ્તુ છે. એક રાગનો કર્તા પણ માનવો તે મિથ્યાત્વ છે. આ શુભભાવ થાય ખરો પણ એનું કર્તૃત્વ મારું છે, એમ માન્યતા તે મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાય છે કાંઈ ? આવે ખરો.

મુમુક્ષુ :– એનાથી લાભ માને ?

ઉત્તર :– લાભ માને. શેનો માને ? પુણ્ય થાય એમ માને. આત્માની શાંતિનો લાભ થાય, એમ જ્ઞાની ન માને. આખો દિ' પાપ કરતો હોય છે એથી એને એવા પુણ્યભાવ થયા વિના રહેતા નથી. કષાયની મંદતા પાપને ટાળવા એવા ભાવ હોય. એ પુણ્ય ને લાભ છે ..... સમજાય છે ?

પૌષધ, એમ સામાયિક આદિ. પૌષધ અને અતિથીસંવિભાગવ્રત. સાધુ, સંતો ધર્માત્મા હોય એને ભોજન દેવાનો ભાવ અતિથિને શ્રાવકને હોય છે, દિન દિન પ્રત્યે એવો ભાવ આવે. સમજાય છે ?

ભરત ચક્રવર્તી જેવા પણ આમ, મહા ચક્રવર્તી હતા પણ એ પણ મુનિની વાટ જોતા હતા. ઓહો..! મારે ઘરે (મુનિરાજ ક્યારે પધારે ?) એને ઘરે તો મણિરત્નના પથરા પાથરેલા. મણિરત્નના પથરા ને લાદીઓ, મણિરત્નની લાદીઓ અને એ તો મહા એક એક દિવસની જેને અબજોની પેદાશ, આમદાની. પણ આમ ધર્માત્મા ઓહો..! અમારે ઘરે સંત કલ્પવૃક્ષ ક્યારે આવે. એમ પોતે સામા જાય, બારણા સુધી જાય, તપાસ કરે કોઈ મુનિ, કોઈ ત્યાગી, ધર્માત્મા સાચા, હોં ! જેને આત્મજ્ઞાન થયેલું છે, આત્મભાન થયેલા પૂર્વક જે ચારિત્રના પાળનારા છે અને પંચ મહાવ્રતના વિકલ્પોની મર્યાદામાં ભા છે. એવા સંતોને દાન દેવાનો ભાવ થાય. અતિથિ વ્રત લ્યે, શ્રાવક ધર્માત્માઓ હોય એને પણ દાન દેવાનો ભાવ એને થાય.

'**ઇસપ્રકાર ઇન સાત શીલવ્રતોંકો પાલના,...**' એ સમ્યગ્દર્શનપૂર્વક આવા વ્રતના ભાવ હોવા જોઈએ, પાંચમા ગુણસ્થાનમાં આવે એને. સમજાણું કાંઈ ? '**ઔર રાતમેં ખાદ્ય સ્વાદ્ય આદિ આહારોંકા ત્યાગ કરના...**' રાત્રે ખાવું, પીવું એને છોડી દે, આહાર-પાણીનો ત્યાગ હોય એને, રાત્રિનો આહાર ન હોય. સમ્યગ્દષ્ટિ જીવ વ્રતધારી થાય (તો) આહાર રાત્રે ન હોય, પાણી ન હોય, દૂધ પણ ન હોય ખરેખર તો. સમજાણું કાંઈ ? આખી રાત સુધી ભખ્યા કરે, ખાધા કરે, એવી વસ્તુ ન હોય. રાત્રિમાં ત્રસ જીવોનો બહુ સંચાર છે, ઝીણા ત્રસ મરે છે, એથી એને રાત્રિભોજનનો ત્યાગ (હોય).

'**આહારોંકા ત્યાગ કરના ઔર સ્વચ્છ કપડેસે છાને હુવે જલકા પીના...**' એ પાણીને સારા સ્વચ્છ મેલ રહિત કપડુ, હોં ! પાછું મેલું ઘાણ જેવું, કોઈ દિ' ધોયું ન હોય, એમાં જીવ હોય કેટલાક. એવા કપડાથી પાણી ગળે તો અંદર ત્રસ જાય, જીવાત થાય. સમજાય છે કાંઈ ? ગાઢું અને સ્વચ્છ એવા કપડાથી, જળથી રક્ષા માટે એમાં ત્રસ જીવ બહુ હોય છે એની રક્ષા માટે પાણી ગળીને પીવાનો ભાવ હોય છે. ક્રિયા થવી, ન થવી પરની છે પણ ધર્મી શ્રાવકના વ્રતમાં (આવો ભાવ હોય છે). સમજાણું કાંઈ ? '**સ્વચ્છ કપડેસે છાને હુવે...**' છાને હુવે એટલે ગળ્યું, ગળ્યું. જળ ન પીવું. રાત્રિનું નહિ અને આવું દિવસે પીવું પણ આવું (ગાળેલું) પાણી પીવું. એમ ને એમ વગર (ગાળે) પાધરું પી જાય એમ શ્રાવકના વ્રતની મર્યાદાને શોભે નહિ.

'**તથા શક્તિકે અનુકૂલ મૌન આદિ વ્રતોંકા ધારણ,...**' ... આદિ હોય બે ઘડી, એક ઘડી મૌન પણ (લે). છે શુભભાવ. આત્માની નિવૃત્તિના વિચાર ચિંતવન માટે બે ઘડી, ચાર ઘડી આદિ શક્તિ પ્રમાણે મૌન વ્રત ધારણ કરે. '**ઇસપ્રકાર યે શ્રાવકોંકે વ્રત હૈં...**' એ શ્રાવકને વ્રત આવા હોય છે. એ સમ્યગ્દર્શનની ભૂમિકાથી આગળ વધ્યો, એને આવા ભાવ આવ્યા વિના રહેતા નથી. કહો, સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– છે નિમિત્ત. નિમિત્ત, નિમિત્ત. સહકારી કારણનો અર્થ નિમિત્ત. જેમ સ્વયં ગતિ (કરતાને) ધર્માસ્તિકાય નિમિત્ત, સ્વયં ગતિને ધર્માસ્તિકાય નિમિત્ત. એમ સ્વયં શુદ્ધ પરિણમનને આ શુભરાગ નિમિત્ત.

મુમુક્ષુ :– કાંઈક મદદ આપે ને ?

ઉત્તર :– મદદ-બદદ નહિ. એ શુભરાગ છે પણ એ ભૂમિકાએ એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. માટે એને વ્યવહાર કહ્યો અને શુદ્ધ ચિદાનંદ આત્માના આશ્રયે જેટલી નિર્મળતા પ્રગટી તે પરમાર્થને ધર્મ કહ્યો. એ સંવર ને નિર્જરા છે. એને જેટલો આ ભાવ છે એ શુભભાવરૂપી આસ્રવ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ચોથેથી શરૂ થઈ ગયું છે. એ તો ક્રિયા એટલે આ શુભભાવ એને એટલી સ્થિરતા જરી વિશેષ શાંતિ આવી છે, પાંચમા ગુણસ્થાન યોગ્ય સ્વભાવને આશ્રયે એટલે એમાં આવા વ્રતના ભાવ હોય છે, એટલો પુણ્યભાવ એને થાય છે.

**'ભલીભાંતિ આચરણ કિયે હુવે યે શ્રાવકોં કે વ્રત ભવ્યજીવોંકો પુણ્યકે કરનેવાલે હોતે હૈં...'** દેખો ! પુણ્ય. એનો અર્થ કર્યો છે. પુણ્ય એટલે પવિત્ર કરનાર, પુણ્ય એટલે ઢીંકણું કરનાર. લખ્યા લખ કરે છે. 'જૈનદર્શન' માં આવ્યું છે. પણ પુણ્ય તો પવિત્ર કરનાર, એ તો આત્માની શુદ્ધભાવ એ પવિત્ર પુણ્ય છે. આ પુણ્ય તો બંધનું કારણ છે, આ તો વ્યવહાર પુણ્ય છે. પણ એ આત્માનું દર્શન સમ્યગ્દર્શન થયું છે, જ્ઞાતા-દૃષ્ટા છું, એ રાગનો ભાવ આવે એ મારું કર્તવ્ય નથી. ખરેખર તો એને જ્ઞાની જડ માને છે. આહા..હા..! પણ એટલું એની ભૂમિકામાં એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. પૂર્ણ શુદ્ધતા પ્રગટી નથી, શુદ્ધતાની શરૂઆત થઈ ગઈ છે, પૂર્ણ શુદ્ધતા પ્રગટી નથી. એની ભૂમિકામાં આવો ભાવ પાંચમા ગુણસ્થાન યોગ્ય જીવ હોય એને આવા વ્રત હોઈ શકે છે. કહો, સમજાણું આમાં ?

આ તો નથી હજી કર્તાપણાની બુદ્ધિ ટળી, હજી તો અહીંયા પરનું કરવું, રાગનું કરવું, પરને હું પાળી શકું, પરને મારી શકું એ તો બધો મિથ્યાદૃષ્ટિનો મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વ ભાવવાળાને વ્રત ને તપ વ્યવહારે પણ હોતા નથી. એ બધો મિથ્યાત્વભાવ થયો ને ? એકલો થયો એટલે શું ? કાંઈ છે નહિ. સમજાણું કાંઈ ? અરે..! ભાઈ ! અનંત કાળનો માર્ગ એણે જોયો નથી, કર્યો નથી તો કરે ત્યારે એની મુક્તિ થાય, એ એની કાંઈ વાતું કરે થાય એવું છે ? સમજાણું કાંઈ ? **'ઇસલિયે ધર્માત્મા શ્રાવકોંકા ઇન શ્રાવકોંકે વ્રતોંકા અવશ્ય હી ધ્યાનપૂર્વક પાલન કરના ચાહિયે.'** લ્યો ! હવે છઠ્ઠી, છઠ્ઠી ગાથા.

# શ્લોક–૬

**देशव्रतकाधारी श्रावक इसरीतिसे व्रतोंको धारण करता है।**

**हन्ति स्थावरदेहिनः स्वविषये सर्वांस्त्रसान् रक्षति**
**ब्रूते सत्यमचौर्यवृत्तिमबलां शुद्धां निजां सेवते।**
**दिग्देशव्रतदण्डवर्जनमतः सामायिकं प्रोषधं**
**दानं भोगयुग प्रमाणमुररीकुर्याद् गृहीति व्रती।।६।।**

**અર્થ :– વ્રતી શ્રાવક અપને પ્રયોજનકે લિયે સ્થાવરકાયકે જીવોંકો મારતા હૈ તથા દો ઇન્દ્રિયકો આદિલેકર સૈનીપંચેન્દ્રિ પર્યંત સમસ્ત ત્રસજીવોંકી રક્ષાકરતા હૈ ઔર સત્યબોલતા હૈ તથા અચૌર્યવ્રતકા પાલન કરતા હૈ ઔર સ્વસ્ત્રીકા સેવન કરતા હૈ તથા દિગ્વ્રત, દેશવ્રત, અનર્થદંડવ્રતકા પાલન કરતા હૈ ઔર સામાયિક, પ્રોષધોપવાસ તથા દાનકો કરતા હૈ ઔર ભોગોપભોગપરિમાણ નામક વ્રતકો સ્વીકાર કરતા હૈ. ૬.**

**'દેશવ્રતકાધારી શ્રાવક ઇસરીતિસે વ્રતોંકો ધારણ કરતા હૈ.'** પણ પેલી પહેલી જવાબદારી લીધી એ–સમ્યગ્દર્શનપૂર્વક. 'નિઃશલ્યોવૃત્તિ' લ્યો ! આવે છે ને ? 'તત્ત્વાર્થસૂત્ર'માં. નિશલ્ય થાય એને વ્રત હોય, શલ્યવાળો મિથ્યાદર્શન હોઈ, મિથ્યાજ્ઞાન હોય, માયાશલ્ય હોય, નિદાનશલ્ય હોય એને વ્રત હોઈ શકે નહિ.

મુમુક્ષુ :– ... ભૂલી જાય તો શું વાંધો ?

ઉત્તર :– એ સૂત્ર ભૂલી જાય તો રહે એકડો મીંડા, અધર્મનો.

મુમુક્ષુ :– અભ્યાસ...

ઉત્તર :– અભ્યાસ એટલે શું ? સમ્યગ્દર્શન વિના અભ્યાસ કેવો ? અભ્યાસ આ ન કરવું ને આ કરવું. સમજાય છે ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આસ્રવની મર્યાદા એ દર્શનપૂર્વક છે તો. સમ્યગ્દર્શન અકર્તાભાવ રાગનો, પરનો અકર્તાભાવ, એવા ભાવના ભૂમિકામાં આવા ભાવમાં આસ્રવની મંદતા થઈ ગઈ છે, તીવ્રતા આસ્રવ રોકાઈ ગઈ છે, બસ ! આટલી વાત છે.

ઓહો..! **'વ્રતી શ્રાવક અપને પ્રયોજનકે લિયે...'** છે ને ? સ્વવિષયે. પ્રયોજનને લીધે અહીં પણ બીજું શું કરે ? **'સ્થાવરકાયકે જીવોંકો મારતા હૈ...'** એટલે કે એવા

પરિણામ એને હોય નહિ. **'हन्ति'** શબ્દ છે ને ? હણી શકે છે કે (નહીં) એ પ્રશ્ન અત્યારે નથી. પોતાના પ્રયોજન માટે ખાવા-પીવાની ક્રિયામાં, ધંધામાં એકેન્દ્રિય જીવોને દુઃખ થાય, એવા પરિણામ એને હોય છે. એ પાપને સમજે છે. સમજાય છે કાંઈ ? **'દો ઇન્દ્રિયકો આદિ લેકર સૈનીપંચેન્દ્રિ પર્યંત સમસ્ત ત્રસજીવોંકી રક્ષા કરતા હૈ...'** રક્ષા શબ્દ પડ્યો છે. રક્ષાનો અર્થ મારતા નથી. રક્ષા કરી શકે છે, એમ કહેવું નથી અહીંયા. પોતાના પરિણામમાં ત્રસને નહિ મારવાના શુભભાવ હોય છે. એને પરની રક્ષા કરી, એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભાવ આવ્યો પણ ભાવથી કરી શકે છે ? ભાવ આવ્યો કે, આને ન મારવો. એથી એ મરવું, ન મરવું, રહેવું, ન રહેવું એ તો એને આધીન છે. એ કાંઈ રક્ષાના ભાવથી મરે છે ને ટકે છે, એમ છે નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, ભાષા તો એવી આવે ને ! આ અધિકાર વ્યવહારનો છે. ગ્રંથમાં તો નિશ્ચય ને વ્યવહાર બન્ને અંદર છે. અંદર આ અધિકાર વ્યવહારનો છે. **'ત્રસજીવોંકી રક્ષા કરતા હૈ ઔર સત્ય બોલતા હૈ...'** સાચું બોલવું એવું વ્રત હોય છે. **'અચૌર્યવ્રતકા પાલન કરતા હૈ ઔર સ્વસ્ત્રીકા સેવન કરતા હૈ...'** એટલે ? પાઠ તો એવો છે અંદર, છે ને ? **'शुद्धां अबलां शुद्धां निजां सेवते'** ભાઈ ! સ્ત્રી પોતાની હોય એનો એને વિષયનો ત્યાગ છે નહિ. પણ નિજ નામ પોતાની અને **'शुद्धां'** નામ તે પણ શુદ્ધ હોય ત્યારે. સમજાય છે કાંઈ ? એટલે કે શરીરનું કારણ આદિ રજસ્વાલા હોય ત્યારે નહિ. એ માટે **'शुद्धां'** શબ્દ વાપરી ને **'निजां'** શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ ? આહા..હા..! પાંચમા ગુણસ્થાનવાળા સમ્યગ્દર્શનપૂર્વકને આ પ્રકારના પાંચ પ્રકારના ભાવો એને હોય છે. **'शुद्धां निजां सेवते'** સમજાણું કાંઈ ?

**'તથા દિગ્વ્રત, દેશવ્રત, અનર્થદંડવ્રતકા પાલન કરતા હૈ ઔર સામાયિક, પ્રોષધોપવાસ તથા દાનકો કરતા હૈ ઔર ભોગોપભોગપરિમાણ નામક વ્રતકો સ્વીકાર કરતા હૈ.'** દાન પણ હંમેશા કરે. મુનિઓને ધર્માત્મા શ્રાવકને પણ આહાર-પાણી આદિ દેવાનો ભાવ, અતિથિસંવિભાગ વ્રતમાં એને હંમેશા હોય છે. હવે એની સાતમી ગાથા લઈએ.

# શ્લોક–૭

**यद्यपि गृहस्थके देवपूजा आदिगुण हैं तो भी उनमें दान सबमें उत्तमगुण हैं इसबातको आचार्य बताते हैं।**

**देवाराधनपूजनादिबहुषु व्यापारकार्येषु स**
**पुण्योपार्जनहेतुषु प्रतिदिनं संजायमानेष्वपि।**
**संसारर्णवतारणे प्रवहणं सत्पात्रमुद्दिश्य यत्**
**तद्देशव्रत धारिणो धनवतो दानं प्रकृष्टो गुणः।।७।।**

**અર્થ :–** યદ્યપિ ધનવાન ઔર ધર્માત્મા શ્રાવકોંકે શ્રેષ્ઠપુણ્યકે સંચય કરનેવાલે જિનેન્દ્રદેવકી સેવા તથા પૂજન પ્રતિષ્ઠા આદિ પ્રતિદિન અનેક ઉત્તમકાર્ય હોતેરહતે હૈં તથાપિ ઉનસબ ઉત્તમકાર્યોંમેં સંસારસમુદ્રસે પારકરનેમેં જહાજકે સમાન શ્રેષ્ઠમુનિ આદિ પાત્રોંકો જો દાન દેના હૈ વહ ઉન ધનવાન ધર્માત્માશ્રાવકોંકા સબસે પ્રધાન ગુણ (કર્તવ્ય) હૈ ઇસલિયે ભવ્યશ્રાવકોંકો સદા ઉત્તમ આદિ પાત્રોંમેં દાન દેના ચાહિયે. ૭.

**'યદ્યપિ ગૃહસ્થકેં દેવપૂજા આદિગુણ હૈં...'** ગુણ નામ શુભભાવ છે. **'તોભી ઉનમેં દાન સબમેં ઉત્તમગુણ હૈં...'** એ દાન બધામાં ઉત્તમ છે. **'ઇસ બાતકો આચાર્ય બતાતે હૈં.'**

મુમુક્ષુ :– ..

ઉત્તર :– લોભ ઘણો છે ને એને ઘટાડવાનો ભાવ દાનનો શ્રાવકને હંમેશા હોય છે. ષટ્કર્મમાં આવે છે કે નહિ ? દાન હંમેશા. પાપનો ભાવ જેમ દરરોજ કરે, એમ દાનનો ભાવ પણ દરરોજ હોવો જોઈએ એને. એક દિ' પાંચ, પચાસ રૂપિયા, સો રૂપિયા આપ્યા પછી મુકી દે, એમ નહિ.

મુમુક્ષુ :– રોજ દેવું જોઈએ ?

ઉત્તર :– રોજ દાન દેવું જોઈએ. રોજ રળે છે કે નહિ ? ભાઈ ! રોજ રળે છે કે નહિ ? પૈસા રળે છે એટલે પાપ કરે છે કે નહિ ? તો રોજ એને ધર્માત્મા શ્રાવકને દાન દેવાનો ભાવ હંમેશા આવવો જોઈએ.

**'યદ્યપિ ધનવાન ઔર ધર્માત્મા શ્રાવકોંકે...'** લ્યો ! પૈસા હોય પૂર્વના પુણ્યને લઈને મળેલા અને ધર્માત્મા નામ આત્માનું જેને ભાન છે કે, હું તો આનંદ ને જ્ઞાન સ્વરૂપ

છું. એવા ધર્માત્મા શ્રાવકને **'શ્રેષ્ઠ પુણ્યકે સંચય કરનેવાલે...'** ઊંચા પુણ્યનું જુઓ ! સત્ય પુણ્ય છે ને ન્યાં ? આત્માના ભાનમાં બંધાયેલો ભાવ છે, થયેલો. એ શ્રેષ્ઠપુણ્ય. અજ્ઞાનીના શ્રેષ્ઠપુણ્ય હોય નહિ. જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે એને શુભભાવ આવે એને શ્રેષ્ઠપુણ્ય કહેવામાં આવતો નથી.

**'શ્રેષ્ઠપુણ્યકે સંચય કરનેવાલે જિનેન્દ્રદેવકી સેવા...'** હંમેશા જિન પ્રતિમા વીતરાગદેવ મૂર્તિની સેવા. સમજાય છે કાંઈ ? કો'ક દિ' જાવું એમ નહિ. સમ્યગ્દૃષ્ટિ જીવ જેને આત્મભાન છે અને શ્રાવકના વ્રત પાળનાર હોય તો એણે ભગવાનની પૂજા, સેવા દરરોજ કરવાની હોય છે. ભાઈ ! શું કરવું પણ ન્યાં ? ક્યાં છે તમારા ગામમાં તે કરે. કહો, સમજાણું ?

વીતરાગનો માર્ગ એવો છે, ભાઈ ! વીતરાગ દૃષ્ટિ જેને થઈ છે, એવા પૂર્ણ વીતરાગ પરમાત્માના વિરહમાં વીતરાગમૂર્તિની સેવાનો ભાવ, છે પુણ્ય, પાપથી બચવાનો ભાવ શુભ એને આવે છે. મોટા ચક્રવર્તી હોય, રાજા-મહારાજા હાય, ધર્મી કે ગૃહસ્થ સાધારણ હોય તોપણ એને ભગવાનની પૂજા, વીતરાગ દેવ .... જિન પ્રતિમા, જિન સારખી, જિન પ્રતિમા જિન સરખી જાણીને એની પૂજાનો ભાવ કરે છે. નહિ તો એને દેશવ્રત શ્રાવક હોઈ શકે નહિ. ભાઈ !

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પ્રતિમા મુકીને પહેલું મુક્યું છે એના બાપે. 'પોરબંદર'માં ... આપણને ખબર નહિ કે ઉપર ગયા તો માથે ઉપાડી આણે. મને વાત બેઠી છે. ભાઈ ! દેવદર્શન, દેવપૂજા, ભગવાનની પ્રતિમાનું બહુમાન સમકિતીને પોતાના વીતરાગભાવનું બહુમાન આવ્યું છે એટલે વીતરાગી પરમાત્માનું પણ બહુમાન વ્યવહારમાં આવ્યા વિના રહે નહિ. નિશ્ચયમાં પોતાનું બહુમાન છે. વ્યવહારમાં દેવદર્શનમાં વીતરાગી પ્રતિમાનું બહુમાન આવ્યા વિના રહે નહિ. આ લોકોએ મૂળમાંથી આખી પ્રતિમા ઉથાપી નાખી, જે અનાદિથી ચાલતી હતી. અનાદિનો માર્ગ વીતરાગમૂર્તિની પૂજાનો હતો, અનાદિનો એ માર્ગ છે, નવો નથી. એ આ લોકો નીકળીને ઉથાપી. પેલાએ વધારી દીધું માથે મુગટ ને બુગટ ને. એકે વધાર્યું ને એકે કાઢી નાખ્યું. રાત્રે વાત થઈ હતી ને ? કહો, સમજાણું ?

**'તથા પૂજન પ્રતિષ્ઠા આદિ પ્રતિદિન અનેક ઉત્તમકાર્ય હોતે રહતે હૈં...'** ધર્મી જીવને દેવદર્શન, જિન મંદિરની પ્રતિષ્ઠા, જિન મંદિરનો ઉત્સવ એવો એને ઘરે સદાય હોય છે. **'અનેક ઉત્તમકાર્ય હોતે રહતે હૈં...'** ઉત્તમ એ પુણ્ય પદનાં નામની વાત છે, હોં ! એ. સ્વભાવનો જેટલો આશ્રય કર્યો તેટલો સંવર ને નિર્જરા અને આવો શુભભાવ પ્રતિદિન એને હોય છે. શું કહ્યું ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. રાજી એટલે ખુશી, શુભભાવ આવે એને.

**‘ઉનસબ ઉત્તમકાર્યોંમેં સંસારસમુદ્રસે પાર કરનેમેં...’** શું કહે છે ? જોયું ? મહામુનિઓ કે ધર્માત્માને દાન દેવાનો ભાવ અહીંયા ઉત્તમ ગણવામાં આવ્યો છે. સાક્ષાત્ ચૈતન્યમૂર્તિ છે ધર્માત્મા, એને દેવાનો ભાવ ને લક્ષ છે તે મુનિ ધર્માત્મા આવા હોય, સંવર-નિર્જરા આવું હોય તો એને દાન સંસાર તરવામાં હેતુ, એમ વ્યવહારથી કહેવામાં આવે છે.

**‘પાર કરનેમેં જહાજકે સમાન શ્રેષ્ઠમુનિ આદિ પાત્રોંકો...’** મુનિ આદિ પાત્ર. શ્રાવક ધર્માત્મા સમ્યગ્દષ્ટિ આદિ હોય એવાને પણ આહાર-પાણી દેવાનો ભાવ દેશવ્રતધારીને હોય છે. **‘દાન દેના હૈ વહ ઉન ધનવાન ધર્માત્મા શ્રાવકોંકા સબસે પ્રધાન ગુણ (કર્તવ્ય) હૈ...’** ગુણ એટલે કર્તવ્ય. **‘ઇસલિયે ભવ્યશ્રાવકોંકો સદા ઉત્તમ આદિ પાત્રોંમેં દાન દેના ચાહિયે.’** કહો, હંમેશા આહાર કરે છે કે નહિ ? હંમેશા ઘરના દસ, વીસ માણસને યાદ કરીને જમાડે છે કે નહિ ? સગા-વહાલાને બોલાવીને જમાડે છે કે નહિ ? એ તો ધર્માત્મા જીવને ધર્માત્મા પ્રત્યે પ્રેમ હોય છે, તેને માટે દાનનો ભાવ પણ હંમેશા આવ્યા વિના રહેતો નથી. છે શુભભાવ પુણ્ય, પણ અંતર દષ્ટિમાં એ રાગનો નિષેધ છે ને ધર્માત્મા કેવા હોય એનું અંદર જ્ઞાન છે. એ જ્ઞાન એને સંસારસમુદ્રમાં પાર કરે, એમાં આ પુણ્યને નિમિત્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું ? એ ૭ થઈ, હવે ૮.

## શ્લોક–૮

**सर्वो वाञ्छति सौख्यमेव तनुमृत्तन्मोक्षएव स्फुटं**
**दृष्टयादित्रय एव सिध्यति स तन्निर्ग्रन्थ एव स्थितम्।**
**तद्‌वृत्तिर्वपुषो ऽस्य वृत्तिरशनात्तद्दीयते श्रावकैः**
**काले क्लिष्टतरे ऽपिमोक्षपदवी प्रायस्ततोवर्तते।।८।।**

**અર્થ :– સમસ્તજીવોંકી અભિલાષા સદા યહી રહા કરતી હૈ કિ હમકો સુખમિલે પરન્તુ યદિ અનુભવકિયા જાવે તો વાસ્તવિક સુખ મોક્ષમેં હી હૈ ઔર ઉસ મોક્ષકી પ્રાપ્તિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સ્વરૂપ રત્નત્રયકેધારણકરનેસે હી હોતી હૈ ઔર ઉસરત્નત્રયકી પ્રાપ્તિ નિર્ગ્રન્થ અવસ્થામેંહી હોતી હૈ ઔર નિર્ગ્રન્થ અવસ્થા શરીરકે હોતે સંતેહી હોતી હૈ તથા શરીરકી સ્થિતિ અન્નસે રહતી હૈ ઔર વહ અન્ન ધર્માત્માશ્રાવકોંકે દ્વારા દિયાજાતા હૈ ઇસલિયે ઇસ દુઃખમકાલમેં મોક્ષપદવીકી પ્રવૃત્તિ પ્રાયઃ**

**ગૃહસ્થોંકેદિયેહુવેદાનસે હી હોતી હૈ એસાજાનકર ધર્માત્મા શ્રાવકોંકો સદા સત્પાત્રોંકેલિયે દાન દેના ચાહિયે. ૮.**

ઓહો..હો..! આવો કાળ છે છતાં મોક્ષની પદવી, મોક્ષના દેનારા એવા ધર્માત્માની પ્રવૃત્તિ વર્તે છે એને એ આહાર દે તો મોક્ષની પદવી આપી એમ કહેવામાં આવે છે. આહા..હા..! પણ સમ્યગ્દર્શનપૂર્વકને, સમ્યગ્દષ્ટિપૂર્વકવાળાને.

મુમુક્ષુ :– બન્ને સામા-સામા ?

ઉત્તર :– સામે સામા. જેની દૃષ્ટિ જ મિથ્યાત્વ છે. રાગ કરવા જેવો છે, એ પુણ્યથી ધર્મ થાય છે, દેહની ક્રિયા કરી શકે છે એવા મિથ્યાદષ્ટિ ત્યાગીને દેવામાં મિથ્યાત્વની પુષ્ટી થાય છે. મિથ્યાદષ્ટિને દેવામાં, ધર્મી માન્યો એને એટલે મિથ્યાત્વની પુષ્ટી થાય છે. ભારે જવાબદારી, ભાઈ !

મુમુક્ષુ :– ધર્મ માનીને આપે છે ને ?

ઉત્તર :– હા, ધર્મ માનીને આપે છે એને. મિથ્યાત્વ થાય છે, એમ કહે છે.

**'સમસ્તજીવોંકી અભિલાષા સદા યહી રહા કરતી હૈ કિ હમકો સુખ મિલે...'** બધાને એ આશા રહે કે, અમને સુખ મળે. ધ્યાન રાખજો. **'પરન્તુ યદિ અનુભવ કિયા જાવે તો વાસ્તવિક સુખ મોક્ષમેં હી હૈ...'** આત્મામાં જ આનંદ છે. એ અનુભવ એટલે આત્માનો જો અનુભવ કરે તો આત્મામાં પણ આનંદ છે ને મોક્ષમાં જ આનંદ છે, બીજે આનંદ નથી. એ દયા, દાનના, વ્રતના પરિણામમાં પણ આનંદ નથી. શરીરમાં આનંદ નથી, કુટુંબમાં નથી, ધૂળના, પૈસાના બંગલા, હજીરામાં પણ નથી. હજીરા સમજાય છે ? હજીરા એટલે મકાન મોટા. પાંચ-પાંચ લાખના, દસ-દસ લાખના મકાન. ભાઈ ! ધૂળમાં પણ ક્યાંય (સુખ) નથી. સુખ એક આત્મામાં અને આત્માની પૂર્ણ દશા થાય નિર્મળ એમાં આનંદ (છે). એ સિવાય આનંદ ક્યાંય છે નહિ. ધર્મી જીવની બુદ્ધિમાં સમ્યગ્દર્શન થયું ત્યારથી પુણ્ય-પાપના પરિણામમાં સુખબુદ્ધિ નથી, પૈસામાં સુખબુદ્ધિ નથી, મકાનમાં નથી, આબરૂ, કીર્તિમાં સુખબુદ્ધિ ધર્મીને હોતી નથી. એ બુદ્ધિનો નાશ પહેલેથી કરેલો હોય છે. આહા..હા..! કેમ હશે ? ભાઈ ! આ બધા પૈસાવાળા.

મુમુક્ષુ :– મહિને એક લાખ ... એક લાખે.

ઉત્તર :– લાખ મહિને. આ પેલા તમારા મામાના દીકરાને દિવસના પચાસ હજારની પેદાશ છે, અત્યારે. હવે આ મહિનાના લાખની વાતું કરે છે. આ 'ગોવા'માં છે ને એના મામાનો દીકરો. 'શાંતિલાલ ખુશાલદાસ' એક દિવસની પચાસ હજારની આમદાની છે. એક મહિનાની પંદર લાખની પેદાશ છે. બાર મહિને બે કરોડની ઉપજ છે.

મુમુક્ષુ :– શું કરવું એને ?

ઉત્તર :– ધૂળની કરવી, શું કરવું. આ એના જ ઘરની વાત કરીએ છીએ, હોં !

સમજાય છે કે નહિ ? ધૂળમાં હખ નથી ન્યાં, હેરાન-હેરાન થઈ જાય આખો દિ'. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું, લ્યો !

મુમુક્ષુ :– ...

ઉત્તર :– જડ છે. ન્યાં ધૂળમાં પણ નથી. આઠ આઠ લાખના તો બે મોટા બંગલા છે, 'ગોવા'માં આઠ આઠ લાખના બંગલા બે. શું કરવા ? ધૂળ કરવી. લાખ લાખની મોટરો, મોટરો ઘૂ ઘૂ કરે. બેઠા છે એમાં કે એ મોટર એના કાળજે બેઠી છે ? એ નભાવવાના વિકલ્પોની જાળો (ચાલે એમાં) હેરાન, હેરાન (થાય છે). ધૂળમાં પણ હખ નથી. અહીં આવે છે બિચારા, અહીં આવે છે પણ એને પ્રવૃત્તિ બહુ, ઘણી પ્રવૃત્તિ. ક્યાંથી લાભ મળે. આ આમના દીકરા, લ્યોને ! હખ ક્યાં છે ? બે કરોડ રૂપિયા. નાના પાસે બે કરોડ ને મોટા પાસે એક કરોડ, ત્રણ કરોડ છે, લ્યો ! બેઠા જુઓ ! લાંબા, આ એના બાપા.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ધૂળમાં પણ નથી ન્યાં, મરી ગયો મફતનો. પૈસા માટીના, ધૂળના પથરા, પરદ્રવ્ય એમાં સુખ ક્યાંથી ધૂળમાં હતું ?

મુમુક્ષુ :– પરદ્રવ્યનું કરી શકાય નહિ ?

ઉત્તર :– કરી શકાય.... કે, આટલા મુકદ્દમા એવું નાખ્યું, હોં ! એ કાંઈ ભાષા આપણને ખબર ન પડે. મેં કીધું, એ ભાષા શું કહે છે ? નવ પાને છે નવ, હોં ! શું કહે છે ? જુઓ ! યદિ કોઈ લેમેન આમ કૌંસમાં છે. યહ લીખ દેતા કિ એક જીવ દૂસરે જીવકા લાભ-હાનિ નહિ કરે. સહાયતા ઉસકા નહિ કર સકતા, ઉસે માર યા જીવ નહિ સકતા તો કોઈ આશ્ચર્ય કી બાત નહિ. પણ જિસને હજારો કતલ, કતલ લીધું. કતલ કે મુકદ્દમો. કતલ કે મુકદ્દમો, .... હાનિ-લાભ કે મુકદ્દમે લડાયે હૈં, એસા અનુભવી વૃદ્ધ લેખનીકે દ્વારા ઇસ પ્રકારકે વાક્ય લીખે જાના એક આશ્ચર્ય કી બાત હૈ. આવા ને આવા. કોણ ધૂળ કરી ગયું હશે ને કોણ એ કરે ? પરદ્રવ્યની પર્યાય જે કાળે બનવાની એને બીજો કરે, મૂઢ છે. મિથ્યાદૃષ્ટિ જૈન પરમેશ્વરને માનનારો નથી. વીતરાગ ત્રણલોકના નાથ પરમાત્મા અનંતા દ્રવ્ય કહે છે. દરેક દ્રવ્યની પર્યાય પોતાથી થાય છે, બીજો તેને કોઈ કરી શકતો નથી. કહો, સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– ... સાહેબ તો થયા ને !

ઉત્તર :– ધૂળમાં પણ સાહેબ નથી.

કહે છે, મોક્ષમાં જ સુખ છે. મોક્ષ એટલે વર્તમાનમાં વિકાર વિનાનું દ્રવ્ય તે મોક્ષ એમાં સુખ છે અને જેની પૂર્ણ દશા મોક્ષની થાય તે પર્યાયમાં મોક્ષ છે, એમાં મોક્ષ છે. અહીં વાત પર્યાયના મોક્ષની કરવી છે. સમજાણું કાંઈ ? આત્માની પૂર્ણ શુદ્ધ દશામાં આનંદ છે. બાકી શુદ્ધ દશામાં પણ પૂર્ણ આનંદ નથી, અશુદ્ધતામાં તો આનંદ છે જ નહિ અને

શુદ્ધતા થોડી પ્રગટી હોય એમાં પણ પૂર્ણ આનંદ નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર, માખણ ને એ બધા લાડવા, દાળ, ભાત, શાક, ધૂળ, પકવાન એમાં ક્યાંય સુખ ત્રણકાળમાં છે નહિ. સમજાણું કાંઈ ?

સમ્યગ્દષ્ટિએ નિશ્ચય તો પહેલેથી કર્યો છે કે, મારો આનંદ મારી પાસે છે ને એ આનંદ મારે પૂર્ણ પ્રગટે એનું નામ મોક્ષ. એટલે મોક્ષમાં સુખ છે, બીજે ક્યાંય સંસારમાં સુખ છે નહિ. સમજાણું કાંઈ ? આહા..હા..! આ એનો બાપ ન્યાં જાય તો નવરા નહિ વાત કરવામાં, પૂછો તો ખરા એને. હખ છે એને ? એનો છોકરો. ન્યાં વાત કરવા નવરો ન મળે. બાપા ! બેસો હમણા કામ છે મારે. બેસો મજુરની જેમ સામે જોઈને, કો'કની સામું. ધૂળમાં પણ આરામ નથી ત્યાં.

અહીં કહે છે કે, આત્માના પરમાનંદની દશા સિવાય ક્યાંય મોક્ષ ત્રણકાળમાં છે નહિ. એ, સમજાય છે ? **'ઉસ મોક્ષકી પ્રાપ્તિ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર સ્વરૂપ રત્નત્રયકેધારણ કરનેસે હી હોતી હૈ...'** છે ને ? સમજાણું કાંઈ ? **'द्रष्टयादित्रय'** પહેલે લીટીમાં છે. અહીં તો કહે છે કે, મોક્ષની પર્યાય પૂર્ણાનંદ. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો પદાર્થ. જેમ પીપરમાં, પીપરનો દાણો આ પીપર કહેવાય છે ને ? લીંડી પીપર, છોટી પીપર કહે છે ને ? છોટી પીપર. એમાં અંદર ચોસઠ પોરી તાકાત ભરી છે તીખાશ, ચરપરાઈ. તો એ પ્રગટ થાય ચોસઠ પોરી તો ચરપરાઈ ત્યાં તીખાશ છે–ચરપરાઈ. એમ ભગવાન આત્મામાં અંદર અતીન્દ્રિય આનંદ પૂર્ણ અત્યારે પડેલો છે. એની દર્શન, જ્ઞાન ને ચારિત્રની પર્યાય પ્રગટ કરી એની શ્રદ્ધા (પ્રગટી કે) આ આનંદ છે એની શ્રદ્ધા, એ આનંદ છે એનું જ્ઞાન, એ આનંદમાં સ્થિરતા. એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને કારણે આત્માને મોક્ષની પર્યાય પ્રગટ થાય છે.

મુમુક્ષુ :– વ્રતને કારણે ન થાય ?

ઉત્તર :– વ્રતને કારણે ના પાડી, જુઓને ! વ્રત તો પુણ્ય છે વચમાં કહે છે. આવા વ્રતથી તો પુણ્ય છે. સમજાય છે કાંઈ ?

**'રત્નત્રયકે ધારણ કરનેસે હી હોતી હૈ ઔર ઉસ રત્નત્રયકી પ્રાપ્તિ...'** દેખો ! **'નિર્ગ્રન્થ અવસ્થામેં હી હોતી હૈ...'** આહા..હા..! જેની દશા ત્રણ કષાયનો નાથ આત્માના આનંદના ઉછાળામાં, આનંદમાં મશગૂલ થઈ ગયેલો હોય સાધુ. જેમ બાહ્ય નગ્ન દશા હોય, જેને વસ્ત્રનો ધાગો ન હોય. અંતરમાં ત્રણ કષાયનો નાશ છે ને આનંદના ઉછાળામાં પડ્યો હોય. અતીન્દ્રિય આનંદનો ઉગ્ર અનુભવ કરતો એને નિર્ગ્રંથ મુનિ કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ક્યાં છે ? નિર્ગ્રંથ. ગાંઠ કીધી ને ? આ રાગ-દ્વેષની ગાંઠ. એ રાગ-દ્વેષની

ગાંઠની એકતા જેણે ટાળી છે અને રાગ ને દ્વેષનો પ્રમાણ જે થોડો પણ રાગ હતો એ કષાયના બીજા બે, ત્રણ, ત્રણ,...એ પણ ટાળ્યો છે. તદ્દન ભગવાન આત્મા ભાવગાંઠનો ત્યાગ કરી નિર્ગ્રંથ દશા અંદર પ્રગટ કરી છે, બહારમાં બહાર નગ્ન દશા પ્રગટ થઈ ગઈ છે. થઈ ગઈ છે, આ કરી છે ને આ થઈ ગઈ છે. કહેવાય એ તો કરી છે, એમ સમજાય છે ? વ્યવહારના કથનો એવા છે. નિર્ગ્રંથ અવસ્થા પ્રાપ્ત કરી છે.

**'નિર્ગ્રન્થ અવસ્થામેં હી હોતી હૈ...'** કોણ ? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણની એકતા નિર્ગ્રંથ દશામાં હોય છે. શ્રાવકને હજી ત્રણની એકતા હોતી નથી. ચારિત્ર હોતું નથી એટલે ત્રણની દર્શન, જ્ઞાન ને ચારિત્રની એકતા નથી. **'ઔર નિર્ગ્રન્થ અવસ્થા શરીરકે હોતે સંતેહી હોતી હૈ...'** વ્યવહાર ... છે ને ? નિર્ગ્રંથ દશા, શરીરની નગ્ન દશા ત્યાં નિમિત્ત છે, નિમિત્ત છે. એ નિમિત્તને **'શરીરકી સ્થિતિ અન્નસે રહતી હૈ...'** એ નિમિત્ત સંબંધ કહે છે. શરીરની સ્થિતિ અન્નથી હોય છે. એટલે શરીરની સ્થિતિ શરીરથી છે પણ અન્નથી નિમિત્તની વાત છે.

**'વહ અન્ન ધર્માત્માશ્રાવકોંકે...'** સમજાય છે ? **'प्रायः'** એમ છે ને શબ્દ ? ક્યાં છે ? **'प्रायः'** શબ્દ છે કે નહિ ? **'प्रायस्ततोवर्तते'** હા, એ છેલ્લો. એ શબ્દ અંદર નાખવો જોઈએ. **'प्रायः'** **'અન્ન ધર્માત્મા શ્રાવકોંકે દ્વારા દિયા જાતા હૈ...'** જુઓ ! ધર્માત્મા શ્રાવકોંકે દ્વારા, હોં ! મિથ્યાદૃષ્ટિ દ્વારા દિયા હુઆ દાન, એ દાનની વાત અહીં છે નહિ. ધર્માત્મા શ્રાવક કે મુનિ હોય છે એને ધર્માત્મા શ્રાવક દાન આપે છે.

**'ઇસલિયે ઇસ દુઃખમકાલમેં...'** ઓ..હો..! દુઃખમકાલ છે. **'क्लिष्टतरेऽपि'** આ કાળે ક્લિષ્ટકાળ છે છતાં જુઓ ! આ અત્યારે વર્તમાનકાળની વાત .... છતાં **'મોક્ષપદવીકી પ્રવૃત્તિ પ્રાયઃ ગૃહસ્થોંકે દિયે હુવે દાનસે હી હોતી હૈ...'** **'प्रायः'** કીધું ને ? નિમિત્તથી વાત કરી છે ને ? **'प्रायः'** નિમિત્તથી વાત કરી છે. છે તો એના પરિણામ ને મોક્ષના માર્ગના પરિણામ કરે એનાથી મોક્ષ છે. પણ આહારનો વિકલ્પ છે, શરીર એમાં નિમિત્ત છે, એમાં આહાર દેનાર નિમિત્ત છે એટલે પરંપરાએ એણે આ મોક્ષ આપ્યો એમ કહેવામાં આવે છે. વ્યવહારના કથનો છે. નિમિત્ત આવું હોય એનું જ્ઞાન કરાવે છે.

**'ઐસા જાનકર ધર્માત્મા શ્રાવકોંકો સદા સત્પાત્રોંકે લિયે દાન દેના ચાહિયે.'** કહો, સમજાણું ? આહા..હા..! **'मोक्षपदवी प्रायस्ततो वर्तते'** કહો, સમજાય છે આમાં કાંઈ? એવા ભાવ આવે. ઓહો..! અમારે ઘરે ધર્માત્મા. આ કોળિયા પાપના પેટમાં જાય છે આ કે, જેને સંયમ આત્માના જ્ઞાન ને ધ્યાનમાં આનંદની મૂર્તિ આનંદને સેવી રહ્યા છે. એવા સંતોને નિમિત્તરૂપ આહાર હોય તો અમારા ધન્ય કાળ, ધન્ય ભાગ્ય છે, એમ કરીને મુનિને કે શ્રાવકને, ધર્માત્માને, ધર્માત્મા શ્રાવકને દાનનો ભાવ કે શુભભાવ કે પુણ્યભાવ પણ એવો ભાવ આવ્યા વિના રહેતો નથી.

મુમુક્ષુ :- શ્રદ્ધામાં ઉપાદેય છે ?

ઉત્તર :- ઉપાદેય શ્રદ્ધામાં નથી, શ્રદ્ધામાં હેય છે. વ્યવહારે ઉપાદેય, નિશ્ચયમાં આદર નથી. જૈન માર્ગને સમજવો. આ તો વીતરાગ માર્ગ છે, આ કાંઈ રાગ માર્ગ નથી. આહા..હા..! પણ આવો રાગ આવ્યા વિના રહેતો નથી.

મુમુક્ષુ :- આઠ દિ' તો શ્રાવક ખરો સાચો.

ઉત્તર :- આઠ દિ' શ્રાવક શેનો ? જે શ્રાવક થાય એ તો નિરંતર શ્રાવક હોય. આઠ દિ'નો શ્રાવક ને પછીનો શ્રાવક એમ હશે ? દલાલ છે ને દલાલ. ભાઈ ! આહા..હા...! નિરંતર... આપણે નથી આવ્યું ? સવારમાં નથી આવતું ? નિરંતર સદા નિરંતર સતતમ અખંડ ધારાએ સમ્યગ્દર્શન જ્ઞાનીને વર્તે છે. આહા..હા..!

રાજાના કુંવર હોય, રાજકુમાર હોય, સમ્યગ્દર્શન થયું છે. સદાય રાગથી ભિન્ન ભેદજ્ઞાન વર્ત્યા કરે છે. સદાય ભેદજ્ઞાન વર્ત્યા કરે છે. ભેદજ્ઞાન એટલે શુદ્ધ પરિણતિ. આવો રાગ હોવા છતાં એને રાગથી ભિન્ન શુદ્ધ પરિણતિની પર્યાય સદાય રહ્યા કરે છે. આહા..હા..! અત્યારે તો કાંઈ એકેય ઠેકાણા ન મળે ને માની બેઠા કે, અમે શ્રાવક ને પેલા શ્રાવક. ભાઈ! પેલા વર્ષીતપ કરે કહે, ઓહો..હો..! તમે બહુ કર્યું. લાંઘણું કરી છે, શું કરે ? ધૂળ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લાંઘણ કરી આ. 'વિષય કષાય આહારો ત્યાગ' જેમાં રાગનો ત્યાગ ને સ્વભાવનું ભાન હોય ત્યાં તપસ્યા કહેવામાં આવે છે. જેમાં મેં આ ત્યાગ કર્યો ને મેં આ કર્યું ને મેં ગ્રહણ કર્યું ને એવો જે ભાવ એને મિથ્યાત્વભાવ કહેવામાં આવે છે, એને લાંઘણ કહેવામાં આવે છે. લાંઘણ, લાંઘણ નથી સમજતા ? લંઘન નથી કહેતા ? લંઘન. તપ કેવા એને ? હજી દેવ-ગુરુ-શાસ્ત્ર કેવા એની તો ખબર નથી. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર કોને કહેવા એની ખબર નથી. સાચા દેવની આજ્ઞા સમ્યગ્દર્શનની શું છે એની ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિગંબર નગ્ન શું ? દિગંબર હતું ક્યાં હવે. અંતર નગ્ન થાય ત્યારે દિગંબર કહેવાય. બાહ્ય નગ્ન તો અનંત વાર થયો.

**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ.**

એવા તો અનંત વાર (લીધા), એવું તો છે ક્યાં અત્યારે એવું શુભ આચરણ પણ. નિર્વિકલ્પ આનંદનો કંદ ભગવાન આત્મા જેની દૃષ્ટિમાં પ્રચૂર સ્વસંવેદન કાયમ વર્તતું હોય છે. સમજાય છે કાંઈ ? એવા એને ધર્માત્મા શ્રાવકને એવો આહાર-પાણી આદિ સહાયક થવાનો ભાવ આવે. એને શરીરને રોગાદિ હોય તો ઔષધિ દાન આદિ દેવાનો ભાવ પણ

આવે. આમ ઔષધિ જુદી ન આપે પણ આહાર ભેગી આપે.

## શ્લોક–૯

अब आचार्य औषधिदानकी महिमाका वर्णन करते हैं।

स्वेच्छाहारविहारजल्पनतया नीरुग्वपुर्जायते
साधूनां तु न सा ततस्तदपटु प्रायेण संभाव्यते।
कुर्यादौषधपथ्यवारिभिरिदं चारित्रभारक्षमं
यत्तस्मादिह वर्तते प्रशभिनां धर्मोगृहस्थोत्तमात्।।९।।

અર્થ :– ઇચ્છાનુસાર ભોજન, ભ્રમણ તથા ભાષણસે શરીર રોગ રહિત રહતા હૈ પરન્તુ મુનિયોંકેલિયે ન તો ઇચ્છાનુસાર ભોજન કરનેકી હી આજ્ઞા હૈ ઔર ન ઇચ્છાનુસાર ભ્રમણ તથા ભાષણકી હી આજ્ઞા હૈ ઇસલિયે ઉનકા શરીર સદા પ્રાયઃ અશ તહી બના રહતા હૈ કિન્તુ ધર્માત્મા શ્રાવકગણ ઉત્તમ દવા તથા પથ્ય ઔર નિર્મલ જલ દેકર મુનિયોંકે શરીરકો ચારિત્રકે પાલન કરનેકે લિયે સમર્થ બનાતે હૈં ઇસલિયે મુનિધર્મકી પ્રવૃત્તિ ભી ઉત્તમશ્રાવકોંસે હી હોતી હૈ અતઃ આત્માકે હિતકી અભિલાષા કરનેવાલે ભવ્યજીવોંકો અવશ્યહી મુનિધર્મકી પ્રવૃત્તિકે પ્રધાનકારણ ઇસ ગૃહસ્થ ધર્મકો ધારણ કરના ચાહિયે. ૯.

શું કહે છે ? જરી. જુઓ ! મુનિની દશાનું વર્ણન કરે છે. ઓ..હો..! જેને આનંદના, એ જેની પર્યાયમાં આનંદના ઉભરા, બાઢ... બાઢ આવે છે. દરિયાના મધ્યમાંથી જેમ પાણી ઉછળીને કાંઠે આવે, એમ સમ્યગ્દષ્ટિ મુનિને અંદર મધ્યમાં આત્મામાં આનંદ જે પડ્યો છે, એની વર્તમાન પર્યાયમાં અતીન્દ્રિય આનંદનું વેદન હોય. સમજાણું કાંઈ ? એવા અતીન્દ્રિય આનંદના ભોગવવાવાળા મુનિને ઇચ્છાનુસાર ભોજન મળે નહિ. શરીરમાં શરદી ને મળે ગરમ, શરીરમાં ગરમી ને મળે ઠંડુ. પોષ મહિનાની ઠંડીમાં સરખાઈનું ટાઢું (મળે). એને ઘરે કાંઈ પાકે છે ? અહીં તો પેલો ખાવા બેઠો હતો વળી રોટલી કરીને બેસે બરાબર એને કહે, હું આવું ત્યારે કરજે. રસોઈયાને કહે કે, લોટનો પીંડલો વાળી રાખજે. શું કહેવાય એ ? ... હું આવું ત્યારે કરજે. ... આમ ઉની, ઉની પાધરી થાળીમાં પડે. મુનિને એવું છે કાંઈ ? એમ અહીં કહે છે. દાળના ઓસામણ બધા હોય, એ ચુલામાં આંધણમાં અગ્નિ હોય એના ઉપર ઓસામણ મુક્યા હોય. પેલી રોટલી ને ગરમ-ગરમ ઓસામણ. મુનિને ત્યાં ક્યાંથી

લાવવા ? આ તો નિમિત્તથી વાત કરે છે.

**'ઇચ્છાનુસાર ભોજન, ભ્રમણ...'** ઇચ્છાનુસાર ભ્રમણ થાય છે એને ? શરીરમાં કબજીયાત બહુ છે, લાવ જરી ફરી આવીએ. ક્યાં જાય ફરવા ? એને ભ્રમણ હોતું નથી. એકકોર બેસીને ધ્યાન (કરે). **'ભોજન, ભ્રમણ તથા ભાષણસે...'** બોલવાનું ન હોય બહુ એને. ... **'શરીર રોગ રહિત રહતા હૈ...'** શરીર આવું હોય તો જરી .... શ્રમ મળે ને શ્રમ, તો શાતાનો ઉદય હોય તો રોગ રહિત થાય છે. **'પરન્તુ મુનિયોંકે લિયે ન તો ઇચ્છાનુસાર ભોજન કરનેકી હી આજ્ઞા હૈ...'** થોડો આહાર લેવો. **'ન ઇચ્છાનુસાર ભ્રમણ...'** કરવું. ઇચ્છા પ્રમાણે સાંજે ફરવા જવાય ? આ તો ફરવા જાવું, એક માઈલ, બે માઈલ ફરવા જાય. ભાઈ ! સવારમાં ફરી આવો બે કલાક. એક જણો ચાર-ચાર માઈલ ફરતો હતો. નહિ ? સવારમાં ચાર, ચાર, આઠ, આઠ માઈલ ફરી આવે. ઓહો..હો..! ... કહે છે કે, મુનિને તો એવું હોય નહિ. એટલે શરીરમાં રોગ થાય, એમ આ તો એક કહેવાની (શૈલી છે). એ તો શરીરમાં રોગ તો અશાતાનો ઉદય હોય તો થાય, આ તો નિમિત્તની વાત કરી.

**'ન ઇચ્છાનુસાર ભ્રમણ તથા ભાષણકી હી આજ્ઞા હૈ...'** અરે..! ભાષણની આજ્ઞા નથી કે, ભાઈ ! બરાબર બોલવું બે કલાક, ચાર કલાક દરરોજ તો જરી કસરત મળે તો કફ ને ઓછું થાય અને શરીર નીરોગી રહે, એવું તો એને હોઈ શકે નહિ. સમજાણું ? **'ઇસલિયે ઉનકા શરીર સદા પ્રાયઃ અશ ત હી બના રહતા હૈ...'** એમ લેવું. પ્રાયઃ સમજ્યા ને ? ઘણે ભાગે મુનિઓની આવી દશામાં એને શરીરમાં રોગ આદિ હોય છે. **'કિન્તુ ધર્માત્મા શ્રાવકગણ ઉત્તમ દવા...'** એ આહાર વખતે ભેગી આપે, ભેગી. જુદી તો લે નહિ. મહા મુનિ, દિગંબર મુનિ છે, સાધુ જંગલમાં રહે છે, ચાલ્યા આવતા હોય. આ શું ? એને આહારમાં કોળિયામાં દવા ભેગી આપે. સમજાય છે ?

**'પથ્ય ઔર નિર્મલ જલ...'** પથ્ય દવા અથવા પથ્ય પાણી, **'નિર્મલ જલ દેકર મુનિયોંકે શરીરકો ચારિત્રકે પાલન કરનેકે લિયે સમર્થ બનાતે હૈં...'** નિમિત્તની વાત છે. એનો ભાવ એવો છે કે મુનિને આમ કરું તો નિર્વાહ થાય, એટલી વાત છે. **'ઇસલિયે મુનિધર્મકી પ્રવૃત્તિ ભી ઉત્તમ શ્રાવકોંસે હી હોતી હૈ...'** લ્યો ! આવા મુનિધર્મની પ્રવૃત્તિ, ધર્માત્માના ... થાય છે.

**'અતઃ આત્માકે હિતકી અભિલાષા કરનેવાલે...'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિવાળો ભગવાન આત્મા શ્રાવક **'ભવ્યજીવોંકો અવશ્ય હી મુનિધર્મકી પ્રવૃત્તિકે પ્રધાન કારણ ઇસ ગૃહસ્થધર્મકો ધારણ કરના ચાહિયે.'** ગૃહસ્થાશ્રમમાં આ મુનિઓ, ધર્માત્મા આવે પુણ્યદાનનો ભાવ, ઔષધિ આદિનો હોય છે. ઔષધના દાન દેવાનો હોય છે. ઘરમાં રાખે છે કે નહિ ? અત્યારે તો બહુ એક આખો કબાટ ભર્યો હોય ઘરમાં.

ફલાણું થાય તો ફલાણું ને આ ગોળી, ફલાણું થાય તો આ. ધૂળમાં પણ નથી. ....એવા રોગી કેટલાય જોયા છે. વૈદ નામ ધરાવતા હોય તો ખાધા જ કરે સવારથી સાંજ સુધી.

મુમુક્ષુ :– સવાર, સાંજની જુદી જુદી હોય.

ઉત્તર :– જુદી જુદી હોય, હોય ને પણ ? દવા ન હોય જુદી જુદી ? સવારે આ ખાધું ને ફલાણે આ દવા પીધી ને કાં તો આખો દિ' કર્યા કરે છતાં રોગ મટતો નથી. એને લઈને મટે છે કાંઈ ? પણ અહીં તો કહે છે, ધર્માત્મા **'ભવ્યજીવોંકો અવશ્ય હી મુનિધર્મકી પ્રવૃત્તિકે પ્રધાન કારણ ઇસ ગૃહસ્થ ધર્મકો ધારણ કરના ચાહિયે.'** હવે જ્ઞાનદાનના મહિમાની વાત કરશે. જ્ઞાનદાન. આ ઔષધદાનની કરી, શ્રાવકોએ જ્ઞાનદાન કરવું. સાચું સત્ય જ્ઞાન શું છે એની વિશેષ વાત આવશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)



# શ્લોક-૧૦ થી ૧૨

# પ્રવચન નં. ૩૮

## (વિક્રમ સંવત ૨૦૨૧, શ્રાવણ વદ ૧૫, ગુરૂવાર)

## તા. ૨૬-૦૮-૧૯૬૫

શ્રાવકપણું એટલે પહેલી વાત આવી ગઈ છે. સમ્યગ્દર્શન પૂર્વક આઠ મૂળગુણનું ધારવું અને બાર વ્રતનું ધારણ કરવું એને શ્રાવક કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– જૈનમાં જન્મ્યા એ શ્રાવક થઈ ગયા ?

ઉત્તર :– જે જૈનમાં જન્મ્યા એ શ્રાવક ક્યાંથી થઈ ગયા ? નામ આપ્યા એ શ્રાવક થઈ ગયા ? કહો, સમજાણું કાંઈ ? '**दङ्**' આવ્યું હતું ને કાલ ? '**दङ्मूलव्रतमष्टधा**' પાંચમી ગાથામાં આવ્યું છે. પહેલો તો આત્મા જ્ઞાયક સ્વરૂપ દૃષ્ટિમાં વિકાર અને સંયોગથી ભેદજ્ઞાન કર્યા વિના એનો સાચો વ્યવહારનો વ્રતનો વિકલ્પ પણ હોઈ શકે નહિ. કહો, સમજાણું આમાં ? આ તો જેને તરવાનો રસ્તો સમજવો હોય એની વાત છે. એમ ને એમ અનાદિથી રખડે છે, એ તો સંસાર અનંતકાળથી ચાલ્યો આવે છે. અહીં કહે છે પહેલું દર્શનશુદ્ધિ. તીર્થંકર ગોત્ર બાંધવામાં પણ પહેલી દર્શનશુદ્ધિ લે છે ને ? ષોડશકારણ ભાવના. શું બોલે છે કે નહિ ? 'દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, ષોડશકારણ... તીર્થંકર પદ પાય.'

મુમુક્ષુ :– ...

ઉત્તર :– દિગંબર કોને કહેવા ? સમજાય છે કાંઈ ? વાડામાં જન્મ થયો એટલે થઈ ગયો દિગંબર ? જૈન દિગંબર મુનિ દ્રવ્યલિંગી પણ અનંત વાર થયો છે. એથી શું થયું ? '**મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયૌ;**' પણ આત્મજ્ઞાન ચિદાનંદમાં અનુભવની દૃષ્ટિ વિના, લેશ આત્માનો આનંદ પ્રાપ્ત ન થયો, એથી એણે જન્મ-મરણ ટળ્યા નહિ. એટલે કહે છે કે, પહેલી શરત. એટલે કે પહેલી જવાબદારી એની એટલી છે કે, પ્રથમ તેને સમ્યગ્દર્શન પ્રયત્ન કરીને પ્રગટ કરવું જોઈએ.

આચાર્ય મહારાજ પોતે જંગલમાં વસનારા એ પોતે શ્રાવકને માટે કહે છે કે, એણે સમ્યગ્દર્શનની પહેલી પ્રાપ્તિ કરવી. સમ્યગ્દર્શન એટલે અશુદ્ધતા અને અલ્પતા અને નિમિત્તતાની રુચિ છોડીને પૂર્ણ જ્ઞાયક સ્વભાવ ધ્રુવ ચિદાનંદ, એની અંતર્મુખમાં દૃષ્ટિ કરીને અનુભવ દૃષ્ટિ પ્રગટ કરવી, એનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ ધર્મની પહેલી શરૂઆતમાં પહેલી એ ચીજ છે. ભાઈ ! શું કરવું હવે ? એના વિના આ બધું કરવું કે નહિ ? એના વિના તો કરે છે અનાદિથી. હોય, પુણ્યબંધ થાય, શુભરાગ કરે, કષાય મંદ હોય, પુણ્યબંધ થાય પણ પેલું મિથ્યાત્વનું લાકડું સાથે છે. કારણ કે, એની દૃષ્ટિ તો

ત્યાં પડી છે. કાંઈક હું કરું, કષાય કરું, શુભ કરું, વ્રત કરું એવા વિકલ્પનું કર્તૃત્વબુદ્ધિનું મિથ્યાત્વપણું તો અનંતુ પાપ જે છે કે, જે સાત વ્યસન કરતાં પણ મિથ્યાત્વનું પાપ અનંતગણું છે.

એ છઠ્ઠે ભાવ છે ને ? ઓહો..! 'ટોડરમલ્લજી'માં આવે છે. એ છઠ્ઠામાં આવે છે ને ? અનંતગણું પાપ. છઠ્ઠામાં આવે છે, છઠ્ઠા અધ્યાયમાં. સમજ્યા ને ? છઠ્ઠો અધ્યાય છે કે નહિ ? જુઓ ! 'ટોડરમલ્લ' શું કહે છે ? દેખો ! જૈન ધર્મમાં તો એવી આમ્નાય છે કે, પહેલા મોટું પાપ છોડાવી પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. આહા..હા..! આ છઠ્ઠો 'મોક્ષમાર્ગ પ્રકાશક'નો અધ્યાય છે. 'ટોડરમલ્લજી' (કહે છે), જૈન ધર્મમાં તો એવી આમ્નાય છે કે, પહેલા મોટું પાપ છોડાવી પછી નાનું પાપ છોડાવવામાં આવે છે. તેથી એ મિથ્યાત્વને સાત વ્યસન આદિથી પણ મહાન પાપ જાણી પહેલા છોડાવ્યું છે. આહા..હા..! જુઓ ! આ 'ટોડરમલ્લ' હજાર શાસ્ત્રોમાંથી ટોટલ કરીને સાદી હિન્દી ભાષામાં બનાવ્યું છે. 'રહસ્ય'. એ કહે છે કે, ભાઈ ! આ જગતની અંદર ભગવાનના માર્ગમાં તો પહેલું જૈન ધર્મમાં એ રીત છે કે, એવી પરંપરા આમ્નાય એ છે કે, પરંપરા અનાદિથી (એ છે) કે, પહેલું મોટું પાપ. મિથ્યાત્વ એ તો મોટું પાપ છે. અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ તો પછી ટળે છે. પહેલું મિથ્યાત્વ પાપ ટળ્યા વિના કોઈને અવ્રતનો કે કષાયનો ત્યાગ ત્રણકાળમાં થઈ શકે નહિ.

મુમુક્ષુ :– પંડિતનું છે.

ઉત્તર :– પંડિતનું ઘરનું ક્યાં કહે છે. એ ઠીક કહે છે ઇ. એમ કે આ લખાણ તો પંડિતનું છે ને ? ઘરનું કહે છે ? વિપરીત માન્યતા જેવું આ જગતમાં મોટું પાપ કોઈ નથી. બંધના પાંચ પ્રકાર છે કે નહિ ? આપણે શાસ્ત્રથી લઈએ, લ્યો ! આ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ. એ પાંચ બંધનું કારણ છે કે નહિ ? તો પહેલું બંધનું કારણ કોણ ? મિથ્યાત્વ બંધનું કારણ મહાન છે, એને છોડ્યા વિના અવ્રતનો ત્યાગ શી રીતે થાય ? એ બધા અમારે કહેતા, અમારે તો ઘણા વર્ષથી. સંપ્રદાયમાં અમારે ચાલીસ વર્ષથી વાત એ ચાલે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ વ્રત ક્યાંથી આવ્યા મિથ્યાદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ જ્યાં રાગને એકત્વપણે અનુભવે છે એને રાગનો ત્યાગ ક્યાંથી આવે ? જ્યાં વસ્તુની જ ખબર નથી કે, કોણ ચીજ છે અને શેમાં એકાગ્ર થવાથી મને સ્થિરતા ને ચારિત્ર થાય, એ ચીજની જ જેને ખબર નથી, ક્યાં એને ટકવું ને ક્યાં એને રમવું ?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઢીલું શું કરે ? ધૂળ કરે, સત્યમાં ખોટું થોડું કરે તો ઢીલું થાય. 'એક હોય

ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' કહ્યું નહિ ? ભાઈએ. આપણે આમાં આવ્યું નહિ લેશનું ? લેશ કરીને ચૂરો થઈને મરી જા, પણ જ્યાં સુધી આત્મા જ્ઞાનસ્વરૂપનો અનુભવ ન કર ત્યાં સુધી તારો એક પણ ભવ ઘટવાનો નથી. આપણે આવી ગયું ને સવારમાં, નહિ ? 'કળશ-ટીકા'માં આવી ગયું છે ને ? ક્યાં ગયો કળશ ? 'કળશ-ટીકા'માં આવ્યું હતું 'ક્લિશ્યન્તાં' નિર્જરામાં ને ? નિર્જરા, નિર્જરા. લ્યો ! આહા..હા..! શું છે ? ક્લિશ્યન્તાં આવ્યું હતું ને ? કેટલામો આવ્યો ? એ આવી ૧૨૬, ૧૨૬ પાનું છે. જુઓ ! (કળશ : ૧૪૨)

'અમૃતચંદ્રાચાર્ય' નવસો વર્ષ પહેલા દિગંબર મુનિ જંગલમાં વનવાસી સાધુ, એમણે આ કળશો વનમાં બનાવ્યા. એમણે એમ કહ્યું કે, કોઈ એમ માને કે, કર્મનો ક્ષય પરંપરા મોક્ષનું કારણ હશે. આ વ્રત ને નિયમના પરિણામ એ પરંપરા મોક્ષનું કારણ હશે. એમ કોઈ માને, **'એસા ભ્રમ ઉત્પન્ન હોતા હૈ સો જૂઠા હૈ...' 'ઔર કૈસે હૈં મિથ્યાદૃષ્ટિ જીવ જીવ ?'** જેની દૃષ્ટિ એ પુણ્ય પરિણામથી ધર્મ થાય અને પાપ પરિણામમાં સુખબુદ્ધિ છે, એવા જે અજ્ઞાની જીવ. **'महाव्रत तपो भारेण,' 'હિંસા, અનૃત, સ્તેય, અબ્રહ્મ, પરિગ્રહસે રહિતપના, મહા પરિષહોંકા સહના, બહુત બોજ ઉસકે દ્વારા બહુત કાલ પર્યંત મરકે ચૂરા હોતે હુએ...'** મરીને જાય અને ચૂરો થઈ જાય, શરીરનું જીર્ણ. **'બહુત કષ્ટસે કરે તો કરો તથાપિ ઐસે કર્તવ્ય કર્મ સહિત તો કિંચિત્ નહિ.'** સમજાય છે કાંઈ ?

આ શું કરવા ? આ કોને માટે આ કહ્યું છે ? પાંચમા આરાના પ્રાણીને ધર્મની રીત અને પ્રગટ કેમ થાય એને માટે તો કહ્યું છે. સમજાય છે કાંઈ ? આત્માના અંતર જ્ઞાનના અનુભવ વિના કહે છે કે, મહાવ્રત પાળીને મરી જા. **'મરકે ચૂરા હોતે હૈ...'** એમ શબ્દ છે. 'ભગ્ના' શબ્દ પડ્યા છે. ભગ્ના એટલે **'મરકે ચૂરા હોતે હુએ....'** ક્લિશ્યન્તાં **'દુઃખી હો. આત્માકા લાભ ધર્મકા કિંચિત્...'** એને છે નહિ. શું છે ? આ તો બહુ આકરી ભાષા. એ તો આવી ગયું, વંચાય ગયું છે આપણે.

અહીં કહે છે એવા આત્મભાન સહિત ચાર પ્રકારના દાનનો ભાવ શ્રાવકને આવ્યા વિના રહેતો નથી. એમાં અત્યારે આજ તો આપણે જ્ઞાનદાનની વ્યાખ્યા છે. છે આ શુભ વિકલ્પ, હોં !

# શ્લોક–૧૦

**'જ્ઞાનદાનકી મહિમાકા વર્ણન.'** શ્રાવકને સમ્યગ્દર્શન સહિત જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું છે એ બીજાઓને જ્ઞાન-દાન આપવાનો એને વિકલ્પ આવે છે. બીજાઓ કેમ સમજે ? બીજાઓને કેમ જ્ઞાનનો લાભ થાય ? એવો ભાવ શ્રાવકને ગૃહસ્થાશ્રમમાં આવ્યા વિના રહેતો નથી.

**ज्ञानदानकी महिमाका वर्णन।**

**व्याख्या पुस्तकदानमुन्नतधियां पाठाय भव्यात्मनां**
**भक्त्या यत्क्रियते श्रुताश्रयमिदं दानं तदाहुर्बुधाः।**
**सिद्धे ऽस्मिन् जननान्तरेषु कतिषु त्रैलोक्यलोकोत्सव**
**श्रीकारिप्रकटीकृताखिलजगत्कैवल्यभाजोजनाः ।।१०।।**

**અર્થ :– સર્વજ્ઞદેવસે કહે હુએ શાસ્ત્રકા ભક્તિપૂર્વક જો વ્યાખ્યાન કિયા જાતા હૈ તથા વિશાલબુદ્ધિવાલે ભવ્યજીવોંકો પઢનેકેલિયે જો પુસ્તક દી જાતીં હૈં ઉસકો જ્ઞાનીપુરુષ શાસ્ત્ર (જ્ઞાન) દાન કહતે હૈં તથા ભવ્યોં કો ઇસ જ્ઞાનદાનકી પ્રાપ્તિકે હોને પર થોડેહી ભવોંમેં, તીનોંલોકકે જીવોંકો ઉત્સવ તથા લક્ષ્મીકે કરનેવાલે ઔર સમસ્તલોકકે પદાર્થોંકો હાથકી રેખાકે સમાન દેખનેવાલે, કેવલજ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ. ૧૦.**

ઓહો..હો..! જુઓ ! **'સર્વજ્ઞદેવસે કહે હુએ...'** એટલી શરત. કે, સમ્યગ્દર્શન સહિત **'સર્વજ્ઞદેવસે કહે હુએ શાસ્ત્રકા ભક્તિપૂર્વક જો વ્યાખ્યાન કિયા જાતા હૈ'**

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કહ્યું છે ને ? એ તો કહ્યું હતું. આ વ્યવહાર, આ શુભ વિકલ્પ છે એ વ્યવહાર નથી ? બીજાને સમજાવવાનો વિકલ્પ એ શુભ વ્યવહાર છે. નિશ્ચયની ભૂમિકામાં એવો જ્ઞાનદાનનો વિકલ્પ શ્રાવકને વ્રતની અંદર આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– વ્રત લીધા હોય એ જાણતો તો ન હોય, શી રીતે બિચારો દાન દે ?

ઉત્તર :– વ્રત લીધા હોય ને જાણતો નથી, તો વળી ક્યાંથી આવ્યું વ્રત ? સમ્યગ્દર્શન વિના વ્રતનો અર્થ જાણતો નથી ને ક્યાંથી આવ્યું ? સમજાય છે કાંઈ ?

**'સર્વજ્ઞદેવસે કહે હુએ...'** ત્રિલોકનાથ, સર્વજ્ઞ પરમાત્મા, વીતરાગદેવ એણે કહ્યાં શાસ્ત્રો એ ભક્તિપૂર્વક. પોતાને કોઈ લાભ મળે, દુનિયા માન આપે, દુનિયા મોટા કહે, પૈસા લેવા એવી ચીજથી વ્યાખ્યાન કરે તો એ ભક્તિપૂર્વક વ્યાખ્યાન છે નહિ. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– પગાર લઈને કરે તો ?

ઉત્તર :– પગાર લઈને કરે એ શાસ્ત્રમાં નથી, એ જ્ઞાનનું દાન ન કહેવાય.

જુઓ ! **'पुस्तकदानमुन्नतधियां भक्त्या यत्क्रियते'** એમ શબ્દ છે. ભક્તિપૂર્વક, આત્માની ભક્તિ તો અંદર છે. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એની દૃષ્ટિનું માહાત્મ્ય છે અને ભગવાનની વાણીની ભક્તિપૂર્વક. અરે..! જગતના જીવો આવું સર્વજ્ઞનું કહેલું તત્ત્વ સમજે, એને શાસ્ત્ર જ્ઞાન થાય એવા ભાવે ભગવાનની ભક્તિ ને વાણીની ભક્તિપૂર્વક કહેવા માંગે છે. દુનિયાથી આબરૂ લેવી હોય ને દુનિયામાં મોટો કરીને માથે બેઠો ને હું મોટો હવે થાઉં, એવી જેની ભાવના હોય એને આ શુભભાવ પણ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ ?

**'શાસ્ત્રકા ભક્તિપૂર્વક જો વ્યાખ્યાન કિયા જાતા હૈ...'** અહો..! ચારે અનુયોગ. ભલે વાંચે ચારે અનુયોગ. એમાં શું ? ચારે અનુયોગમાં ભગવાનનું તો કથન વીતરાગતા છે. શાસ્ત્ર તાત્પર્ય શું છે ? 'પંચાસ્તિકાય'માં 'અમૃતચંદ્રાચાર્ય', શાસ્ત્ર તાત્પર્ય તો વીતરાગતા કહે છે. ચારે અનુયોગનો સાર નિમિત્ત, રાગની ઉપેક્ષા કરીને ભગવાન આત્માની અપેક્ષા કરવી એવું સારા શાસ્ત્રમાં કથન છે. સમજાય છે કાંઈ ? એવું વ્યાખ્યાન કરે છે, કરવામાં આવે છે એ વ્યવહારનયનું કથન છે. શુભ આવે છે એટલે બીજાને સમજાવવાનો એવો ભાવ સમ્યગ્દૃષ્ટિ જીવને આવે છે.

**'તથા વિશાલબુદ્ધિવાલે ભવ્યજીવોંકો...'** **'उन्नतधियां'** જેની બુદ્ધિ સારી છે, વિકાસવાળી છે, ક્ષયોપશમ સારો છે, એને **'પઢનેકે લિયે જો પુસ્તક દી જાતીં હૈં...'** પુસ્તક આપે. જેને સાધન ન હોય, ગરીબ માણસ હોય, એ જાતની સંપદા હોય નહિ તો શ્રાવક સમકિતી બીજા સાધારણ જીવને પુસ્તક મફત આપે, વાંચવા આપે, મફત આપે. સમજાણું કાંઈ ? એમાં પણ પુસ્તકમાં પણ ઘરમાં રાખે, દાગીના એક એક બાયડી, ઘરે આઠ હોય તો આઠને સૌના દાગીના જુદા. લુગડા-દાગીના સૌના જુદા અને પુસ્તક ધર્મનું લે તો આઠ સહિયારું એક લે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ માપ જુદા શું ? કાંઈ ન હોય એ, એ તમને ખબર નથી હજી. આ શેઠિયાને ઘરે આ છે ને ? શેઠિયા. 'દિપચંદજી' શેઠિયા એ બધી પાંચ વહુ, છ વહુ ઘરમાં બધાનો દાગીનો એક ઠેકાણે પડે, સૌનો, જુદો નહિ. અત્યારે છે અહીં 'સરદાર શહેર'માં. સમજાય છે ? એને જોતો હોય એ લઈ જાય, સૌને વાપરવો હોય. બધાય છએનો એક ભેગો, સૌનો ... જુદો એવું નહિ. અનુકરણ કરવા જેવું છે કે નહિ ? એના ઘરની પાટ જ જુદી જાતની છે 'સરદાર શહેર'માં શેઠિયા એની ઘરની પાટ જ જુદી જાત છે. બહુ વૈરાગી માણસ અને ત્રીસ માણસ છે ઘરમાં પણ એનું અનુકરણ તો આપણે સાંભળીયે ત્યારે ખબર પડે. એવી આખી લાઈન. જેને પાંત્રીસ વર્ષ પહેલાં એનો મામો સાંઈઠ લાખ

રૂપિયા આપતો હતો, સાંઈઠ લાખ નગદ. ન લીધા. શું કરવા અમારે સાંઈઠ લાખ ? સમજાણું કાંઈ ? એવી ધૂળ તો અનંતવાર (મળી). મારે મરીને જાવું પરલોકમાં. બે, ત્રણ લાખ તો તે દિ' હતાં. સાંઈઠ લાખ ન લીધા. 'દિપચંદ' શેઠિયા આવે છે ને આપણે અહીં ? આસો મહિનામાં આવે છે, આસો મહિનામાં આવે છે. સાત-આઠ, દિ', દસ દિ' રહે. બહુ આત્માર્થી છે. એને ત્યાં આગળ શાસ્ત્ર વાંચન આદિ (કરે છે). સમજાય છે કાંઈ ? એના ઘરમાં એ છનું ભેગું. ભાઈ ! સૌના દાગીના ફલાણા તોલવાળા હોય એમાંથી જુદા એમ નહિ.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ઇ વળી જુદી વાત છે પણ છતાં. અહીં તો કહેવું છે, આઠેયના જુદા છે કે નહિ ? આઠ છોકરા હોય તો આઠ વહુરુના દાગીના જુદા હોય કે નહિ ? પુસ્તક વાંચવા લે ત્યારે છ નહિ આઠ બાયડીનું એક પુસ્તક રાખો. આદમીએ એક લીધું એટલે બાયડીને મળી જાય. એમ ન હોય. દરેકને પોતાના ભક્તિ માટે, શ્રવણ માટે શાસ્ત્રના વાંચન માટે એક એક પુસ્તક પોતા માટે જોઈએ. જો એને માટે ન હોય તો બીજો શ્રાવક સમકિતી એને આપે. કહો, સમજાણું અહીં ? આહા..હા..! શરત તો આ છે. પુસ્તક બીજા આપે, હોં ! સારા પુસ્તક તત્ત્વજ્ઞાનના, જેમાં ભગવાનનું તત્ત્વજ્ઞાન સમાયેલું હોય. એકાંત અજ્ઞાનીએ કહેલી વાત નહિ, જેણે ગપ્પા માર્યા આડાઅવળા, એ શાસ્ત્ર નહિ. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમેશ્વરના શ્રીમુખે દિવ્યધ્વનિ જે નીકળી છે એને અનુસારે ગણધરોએ શાસ્ત્ર રચ્યા છે, એને અનુસારે આચાર્યોએ પરંપરા રચેલા છે, એ શાસ્ત્રને ભક્તિથી બીજાને આપે છે. સમજાણું કાંઈ ? કે, **'જ્ઞાનીપુરુષ શાસ્ત્ર (જ્ઞાન) દાન કહતે હૈં...'** એને **'बुधाः'** કહે છે ને ? **'बुधाः'** એટલે જ્ઞાની ધર્માત્મા. એને શાસ્ત્રનું દાન કહેવામાં આવે છે. **'ભવ્યોં કો ઇસ જ્ઞાનદાનકી પ્રાપ્તિકે હોને પર...'** દેખો ! એવા ભવ્ય જીવ સમકિતી જ્ઞાની બીજાને જ્ઞાનદાન દેવાનો ભાવ આવે છે ને આપે છે.

કહે છે કે, થોડે કાલમેં એ ભવ્યજીવને **'થોડે હી ભવોંમેં, તીનોંલોકકે જીવોંકો ઉત્સવ તથા લક્ષ્મીકે કરનેવાલે ઔર સમસ્ત લોકકે પદાર્થોંકો હાથકી રેખાકે સમાન દેખનેવાલે, કેવલજ્ઞાનકી ઉત્પત્તિ હોતી હૈ.'** જુઓ ! પાઠ છે ને એમાં ? **'त्रैलोक्यलोकोत्सवश्रीकारि'** એટલે કે તીર્થંકર થાય. કદાચિત્ સમ્યગ્દષ્ટિના એવા પ્રસંગમાં એવો ભાવ હોય તો એ તીર્થંકર થાય. ત્રણલોકના જીવો જેનો ઉત્સવ કરે, ત્રણલોકના જીવ જેનો ઉત્સવ કરે. એવું અહીં પુણ્યબંધ છે ને ? પુણ્યબંધ છે ને ? આ બંધના કારણની વાત છે કે નહિ ? આ ભાવ પણ પુણ્ય છે. સમજાય છે કાંઈ ?

જેની અંતર દૃષ્ટિમાં તેનો નિષેધ વર્તે છે ત્યારે એને પુણ્યબંધ–તીર્થંકરગોત્રનું ઉપાર્જન થઈ જાય છે. જે પુણ્ય સારું માને એ મિથ્યાદૃષ્ટિ ને તીર્થંકરપણાનો ભાવ કોઈ દિ' ત્રણકાળમાં હોઈ શકે નહિ. એથી અહીં આચાર્ય કહે છે **'त्रैलोक्यलोकोत्सव'** ત્રણ શબ્દ બહુ વાપર્યા

છે એમાં. છે નીચે ? એમાં ત્રણ (શબ્દ) વાપર્યા છે, નીચે છે. સંસ્કૃત જુઓ ! એક ને એક ત્રણ શબ્દ વાપર્યા છે ને નીચે ? **'त्रैलोक्य लोकोत्सव श्रीकारि'** શ્રી એટલે લક્ષ્મી. ત્રણલોકના જીવો તેનો ઉત્સવ કરે એવા પુણ્યની વાત છે ને અહીં અત્યારે ? આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ છે એમાં એ રાગ આવે છે તો એને સત્‌પુણ્ય કહેવામાં આવે છે.

આત્માની દૃષ્ટિ શ્રદ્ધા-જ્ઞાનમાં નિર્મળ થયેલી એવા સત્‌ ભાવના સ્થાનમાં આવો જ્ઞાન-દાનનો ભાવ એને **'त्रैलोक्य लोकोत्सव श्रीकारि'** નીચે અર્થ છે ને ત્રણ ? નીચે ત્રણ છે, ત્રણ શબ્દ છે. સમજાણું કાંઈ ? એટલો શબ્દ ફેર છે થોડો. ત્રણ કૃતિમાંથી, ત્રણ કૃતિમાંથી શબ્દ છે. આહા..! ત્રણલોકના જીવ તીર્થંકરનો, પ્રકૃતિનો ઉદય તો તેરમે આવે. પણ એ તીર્થંકર પ્રકૃતિ જે બાંધી હોય એ હજી નરકમાં હોય 'શ્રેણીક રાજા', નરકમાં, નરકમાં છે અત્યારે 'શ્રેણીક રાજા', તીર્થંકર ગોત્ર બાંધીને ચોરાશી હજાર વર્ષની સ્થિતિએ ગયા. હજી પણ તીર્થંકર ગોત્ર ત્યાં નિરંતર બાંધે છે પહેલી નરકમાં. શરૂઆત અહીં કરી હતી, ત્યાં હજી બાંધે છે.

એ જીવ જ્યારે નિકળશે, છ મહિના પહેલાં ઇન્દ્રો અને દેવો આવી માતાના આંગણમાં રત્નની વર્ષા કરશે અને કહેશે માતા ! જનેતા ! તારે કુંખે છ મહિના પછી તીર્થંકરનો જીવ આવવાનો છે. એવી ખબર પડતી હશે કે નહિ ? ઇન્દ્રોને ખબર છે કે, આ જીવ પહેલી નરકમાંથી નીકળી... 'શ્રેણીક રાજા'નો જીવ–આત્મા કે જેણે ક્ષાયિક સમકિત દર્શનપૂર્વક તીર્થંકરગોત્ર ઉપાર્જ્યું છે. (તે) હે માતા ! તારે કુંખે છ મહિના પછી એક ત્રણલોકના નાથ (પધારવાના છે)... (પ્રવચન અપૂર્ણ છે.)

**[નોંધ :** શ્લોક ૧૧ અને ૧૨ ઉપરનું પ્રવચન ઉપલબ્ધ નથી. શ્લોક ૧૩ ઉપરનું પ્રવચન અપૂર્ણ છે.]

# શ્લોક–૧૩ થી ૧૮

# પ્રવચન નં. ૩૯

## (વિક્રમ સંવત ૨૦૨૧, ભાદરવા સુદ ૧, શુક્રવાર)

## તા. ૨૭-૦૮-૧૯૬૫

આ 'પદ્મનંદિ પંચવિંશતિઃ' નામનું શાસ્ત્ર છે, એનો આ સાતમો અધિકાર– 'શ્રાવકવ્રતઉદ્યોતન'. શ્રાવકના વ્રતોનો પ્રકાશ. એવા વ્રતધારી શ્રાવક કેવા હોય ? તો પહેલું તો વ્રતધારી શ્રાવકને સમ્યગ્દર્શનની ભૂમિકા પહેલી તૈયાર હોવી જોઈએ. સમજાય છે કાંઈ ? કેમકે જે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે એવી દૃષ્ટિ અંતર અનુભવ ને જ્ઞાન થયા વિના તેમાં ઠરવું, એ ચારિત્ર કરવું શેમાં ? એ ચીજની દૃષ્ટિ અનુભવમાં આવ્યા વિના એને ચારિત્ર ને વ્રત સાચા હોઈ શકે નહિ. નિશ્ચય ચારિત્ર ન હોય ને વ્યવહાર પણ ચારિત્ર એને વ્રત હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

એથી પહેલી વાત કરી કે, એ સમ્યગ્દર્શન સહિત એના આઠ મૂળગુણો હોય છે. પાંચ ઉદુમ્બર આદિના ફળનો ત્યાગ, મધ, માંસ અને દારૂ એનો એને ત્યાગ હોય છે. અને અહીંયા જરી અધિકાર, ગૃહસ્થાશ્રમમાં રહેલો છે એને આખો દિ' પાપના પરિણામ અથવા પાપના કાર્યમાં જોડાવું પડે છે. તો વ્રતધારી શ્રાવકે હંમેશા દાનનો ભાગ કાઢવો. સમજાય છે કાંઈ ? જે કાંઈ કમાતો હોય, મૂડીમાંથી તો ન કાઢે, પણ જે કાંઈ કમાતો હોય એમાંથી એણે ચોથો ભાગ, છઠ્ઠો ભાગ, આઠમો ભાગ, છેલ્લો દસમો ભાગ તો કાઢવો જોઈએ. તો એના વ્રતની શોભા ને એની ભૂમિકાને યોગ્ય એ વ્રતધારી કહેવામાં આવે છે.

અહીંયા ૧૩મી ગાથામાં એમ કહ્યું કે, '**ધનકે ખર્ચ કરનેકા યદિ માર્ગ હૈ તો યહી હૈ કિ વહ દાનકે કામમેં લાયા જાવે...**' વ્રતધારીને કહે છે. ઉપદેશ તો પછી સામાન્ય બધાને લાગુ પડે છે. જે કોઈ ધર્મી જીવ છે એને હંમેશા પૈસા આદિ જે મળ્યા હોય એ દાનના કામમાં લેવા જોઈએ. '**કિન્તુ ઇસસે ભિન્ન ઉસ ધનકે ખર્ચ કરનેકા કોઈ ભી ઉત્તમ માર્ગ નહીં....**' કહો, સમજાય છે ? '**ઇસલિયે સજ્જન પુરુષોંકો ચાહિયે કિ વે દાનમાર્ગસે હી ધનકા વ્યય કરૈ કિંતુ દાનસે અતિરિ ત માર્ગમેં ઉસ ધનકા ઉપયોગ ન કરૈ.**'

'રત્નકરંડ શ્રાવકાચાર' માં આવ્યું છે ને ? એક શ્લોક આવ્યો છે કે, ધર્મી જીવ શ્રાવક પંચમ ગુણસ્થાનમાં આત્માના ભાન સહિત વિચાર કરે છે કે, જો મને આસ્રવના પરિણામથી પાપ આવતું હોય તો મને લક્ષ્મીની સંપદાથી શું કામ છે ? સમજાય છે કાંઈ ? જો મને પાપના પરિણામ દ્વારા આસ્રવ આવતા હોય તો એ સંપદા, પામવાથી શું કામ

છે ? અને જો આસ્રવથી મારા આત્માની સંપદા, આસ્રવ રહિત થઈને મારી સંપદા પ્રગટ થતી હોય, તો મારે બહારની સંપદાનું શું કામ છે ? સમજાય છે કાંઈ ? આ ધનવાનને લાગુ પડે એમ નથી, હોં ! કોઈ પણ નિર્ધન શ્રાવક હોય તો... એ એમાં આગળમાં બધે લખ્યું છે કે, થોડો થોડો ભાગ, એ પાંચ રળતો હોય તો એમાંથી બે આના, ચાર આના પણ ભાગ દાનનો અને મુનિ આદિ પાત્રદાન એને કરવાનો ભાવ શ્રાવકને હંમેશા હોય છે. કહો, સમજાણું ? એ આવે છે એ ગાથા ? પંડિતજી ! 'રત્નકરંડ શ્રાવકાચાર' માં કહ્યું, આસ્રવથી જો પાપ આવે તો સંપદાનું શું કામ છે ? અને આસવથી જો મારા પાપ નથી આવતા તો લક્ષ્મી મળે તોય શું ને ન મળે (તો પણ શું) ? મારે એની સાથે કામ નથી. ભાઈ ! બરાબર છે ?

હવે જેને દીકરા ન હોય એનું શું કરવું ? તો બીજે ઠેકાણે એ પણ એક શ્લોક મુક્યો છે કે, 'પુત્ર, સપુત્ર તો સંચય શાનો ? અને પુત્ર, કપુત્ર તો સંચય શાનો ?' જુઓ ! પુત્ર, સપુત્ર હોય તો તારી લક્ષ્મીના સંચયની એને જરૂર નથી. એ તો પુણ્યબંધ છે તો પ્રાપ્ત ક્યાંયથી કરી લેશે. એટલે પુત્ર જો સપુત તો સંચય શાનો ? સંગ્રહ શેનો કરવો ? અને પુત્ર કપુત તો સંચય શાનો ? બધું ઉડાડી દેશે કાલ, વેશ્યાના વેપાર ને ધંધા આદિમાં ઉડાડી દેશે. બરાબર હશે આ ? ભાઈ ! કહો, સમજાણું આમાં ? જો પુત્ર સારો હશે તો તારે એ લક્ષ્મી એને માટે રાખવાની કાંઈ જરૂર નથી. કારણ કે, એ તો પુણ્યવંત છે તો ગમે ત્યાંથી પ્રાપ્ત કરી લેશે. તો સંગ્રહવાનું તારે કારણ શું ? અને પુત્ર જો કપુત જાગ્યો (તો) ઉડાડી દેશે ક્ષણમાં. વેશ્યાના વેપાર, માંસ, દારૂ, આદિ કરીને ઉડાડી દેશે, .... જલસા ઉડાડીને. એના સંચય કરેલા કાંઈ તારા રહેવાના નથી. બરાબર હશે ? ભાઈ !

અહીં આચાર્ય મહારાજ કહે છે કે, લક્ષ્મીની ગતિ એક હોય તો દાનમાં ગતિ તે સદ્ગતિ છે, એ સિવાય દુનિયાના... છોકરાના લગ્ન કરે ત્યારે પાંચ, પચ્ચીસ હજાર ખર્ચે છે ને એના પ્રમાણમાં ? પાંચસો, હજાર ખર્ચે. સાધારણ ગરીબ માણસ બિચારા. આ તો ગરીબ માણસનું પાછુ લેવું છે ને ? અમારે તો બધું લેવું છે ને ? સમજાય છે ? શેઠિયા બધા ક્યાંથી લાવવા ? કોઈ ગરીબ માણસ હોય તો પાંચસોએ ઉકેલે. અરે..! પાંચસો શું પચ્ચીસ રૂપિયા દઈને ઉકેલે અત્યારે કેટલાક. 'સમૂહ લગ્ન'. એકસાથે અગિયાર અગિયાર રૂપિયા આપજો સૌ, બધા જાવ, તમારે સૌનું લગન (થઈ જશે). નથી થાતું એવું ? થાય છે ને બધુ સાંભળ્યું છે ને. અગિયાર અગિયાર રૂપિયા આપવા જાવ લગન સૌના. પણ એટલું દેવું પડે છે કે નહિ એની અંદરમાં ? તો એવા પાપના કાર્યમાં જો કરે તો એણે દાનની ગતિમાં જરી લક્ષ્મીની મમતા ઘટાડવી જોઈએ. એ તેરમો શ્લોક કહ્યો. ચૌદમો. આ તો બધાને લાગુ પડે છે, હોં ! ગૃહસ્થ, બેનોને, વ્રતધારી કે ધર્મી જીવ હોય એને બધાને લાગુ પડે છે.

# શ્લોક–૧૪

**दानेनैव गृहस्थता गुणवती लोकद्वयोद्द्योतिका**
**सैव स्यान्ननु तद्विना धनवतो लोकद्वयध्वंसकृत्।**
**दुर्व्यापारशतेषु सत्सु गृहिणः पापं यदुत्पद्यते**
**तन्नाशाय शशाङ्कशुभ्रयशसे दानं च नान्यत्परम्।।१४।।**

**અર્થ :– ધની મનુષ્યોંકા ગૃહસ્થપના દાનસે હી ગુણોંકા કરનેવાલા હોતા હૈ ઔર દાનસે હી દોનોં લોકોં કા પ્રકાશકરનેવાલા હોતા હૈ કિન્તુ બિના દાનકે વહ ગૃહસ્થપના દોનોં લોકોંકા નાશ કરનેવાલાહી હૈ ક્યોંકિ ગૃહસ્થોંકે સૈકડૌં ખોટે ખોટે વ્યાપારોંકે કરનેસે સદા પાપકી ઉત્પત્તિ હોતી રહતી હૈ ઉસપાપકે નાશકેલિયે તથા ચન્દ્રમાકે સમાન યશકી પ્રાપ્તિ કે લિયે યહ એક પાત્રદાન હી હૈ, દૂસરી કોઈ વસ્તુ નહીં હૈ ઇસલિયે અપની આત્મા કે હિતકો ચાહનેવાલે ભવ્યોંકો ચાહિયે કિ વે પાત્રદાનસે હી ગૃહસ્થપનેકો તથા ધનકો સફલ કરૈ. ૧૪.**

જુઓ ! આચાર્ય દાનનો અધિકાર લેતા, અધિકાર તો બધો લે. સમજાય છે કાંઈ ? **'ધની મનુષ્યોંકા ગૃહસ્થપના દાનસે હી ગુણોંકા કરનેવાલા હોતા હૈ...'** જેની પાસે જેટલા પ્રમાણમાં હોય એટલા પ્રમાણમાં એણે તૃષ્ણા ઘટાડવી જોઈએ. તૃષ્ણા ઘટાડીને દેવ-ગુરુ-શાસ્ત્ર ભક્તિ પ્રભાવના દાન આદિમાં એને લક્ષ્મીના ખર્ચવાનો ભાવ આવ્યા વિના રહે નહિ. અહીં ભાવ કરવો, એમ વ્યવહારનયમાં આજ્ઞા હોય. વ્યવહારનયના કથનમાં એણે એ ભાવ કરવો, શુભભાવ કરવો, એમ અધિકાર આવે. નિશ્ચયમાં તો એની દૃષ્ટિ જ્ઞાનીની હેયબુદ્ધિએ શુભભાવ એને થયા વિના રહેતા નથી. ધર્મીને પુણ્યભાવ આવે ખરા પણ આદરણીય ભાવ હોતો નથી. વ્યવહારનયે એમ કહેવાય કે, એને કરવું, એ કરે છે, એમ વ્યવહારથી બોલવામાં આવે છે.

**'ધની મનુષ્યોંકા ગૃહસ્થપના દાનસે હી ગુણોંકા કરનેવાલા હોતા હૈ...'** ગુણો નામ શુભભાવ. ભાષા ગુણ છે એને શુભભાવ કરવામાં અનુકૂળ હોય છે. **'ઔર દાનસે હી દોનોં લોકોં કા પ્રકાશ કરનેવાલા હોતા હૈ...'** આ લોકમાં પણ જશ મળે અને પરલોકમાં પણ એને પુણ્યથી સ્વર્ગ આદિ મળે. કહો, સમજાણું કાંઈ ? કંજુસીને તો આ ભવમાં પણ બધા હળોહળો કરે કે, નામ લેશો નહિ એનું, હોં ! સવારમાં. સવાર ઉગે એટલે નામ એનું લેશો તો રોટલા નહિ મળે. છે કે નહિ એવું ? તમારા બધા ઘણાં

નામ અમને તો ખબર હોય ને ? સવારમાં નામ લેશો નહિ, હોં ! 'સાયલા'નું નામ પડે છે ને ? 'સાયલા' છે ને ગામ ? ભગતનું ગામ બોલે. 'સાયલા' ન પડે. 'સાયલા' બોલે તો રોટલા નહિ મળે. ભગતનું ગામ બોલે, એમ ફલાણું નામ બોલશો નહિ, ફલાણાનો દીકરો, એમ બોલજો. ફલાણાનો દીકરો, એમ બોલવું. એમ નામ લેશો નહિ. એવા કંજુસીઓ જગતની અંદર જેના લોકમાં પણ ઠેકાણા નથી એની ધર્મની શોભામાં એ હોઈ શકે નહિ. કહે છે, દાનથી તો આ ભવમાં પણ જેને તૃષ્ણા કાંઈ ઘટે છે, લોકો પણ જેને કહે કે, ભાઈ એણે સારું કર્યું, એમ કહે ને ?

'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં તો ત્યાં સુધી લીધું આચાર્યે, હોં ! આચાર્ય 'સ્વામી કાર્તિકેય'. અરે..! લક્ષ્મીવાળા તેં લક્ષ્મી દાનમાં તો ન આપી પણ તેં ખાધું પણ નહિ હખે ? ખા તો ખરો હંખણો. આચાર્ય એમ કહે છે, હોં ! એનો અર્થ કે, ખાવા-પીવામાં તો કાંઈ રાગ કર કે, જેથી તને મરતા એમ થાય કે મેં ખાવા-પીવામાં તો કંજુસાઈ કરી નથી. ખાવા-પીવામાં તો રાખ. આમ રોટલો તેલની ચોપડી ઉપરનું તેલ ચોપડી રોટલો ને દાળ ખાય. હોય બધા પાંચ પચ્ચીસ લાખના આસામી, હોં ! ટંગડી પહેરે અને... સમજાણું ? બધું વગેરે વગેરે. એવા ઠેકાણા વિનાના. એને આ ધર્મ શું ચીજ છે ? આત્મા શું ચીજ છે ? આત્માની દષ્ટિમાં તો જ્યાં રાગનો ત્યાગ છે એને લક્ષ્મીની મમતાનો ત્યાગ તો હોયા વિના હોય નહિ. મમતા એને ઘટે, ઘટે ને ઘટે.

કહે છે **'કિન્તુ બિના દાનકે વહ ગૃહસ્થપના દોનોં લોકોંકા નાશ કરનેવાલાહી હૈ...'** કહો, ભાઈ ! બરાબર છે ? આ તો 'શ્રાવક વ્રત'માં આવ્યું છે, હોં ! આ દાનનો અધિકાર નથી. આ તો 'શ્રાવકવ્રતઉદ્યોતન'માં અધિકારમાં આવ્યું છે. દાનનો અધિકાર તો આપણે જુદો છે, ઘણીવાર વંચાય જાય છે. **'ક્યોંકિ ગૃહસ્થોંકે સૈકડોં ખોટે ખોટે વ્યાપારોંકે કરનેસે...'** આખો દિ' પાપ. જૂઠા બોલવા, પેલા કરવા વેપાર હિંસા એવામાં, **'સદા પાપકી ઉત્પત્તિ હોતી રહતી હૈ ઉસ પાપકે નાશકે લિયે...'** એ પાપના નાશને માટે અથવા **'ચન્દ્રમાકે સમાન યશકી પ્રાપ્તિકે લિયે...'** ચંદ્રમાં જેમ આમ પ્રકાશ કરે છે, એમ જેની દુનિયામાં આબરુ રહ્યા કરે. **'યહ એક પાત્રદાન હી હૈ, દૂસરી કોઈ વસ્તુ નહીં હૈ. ઇસલિયે અપની આત્મા કે હિતકો ચાહનેવાલે ભવ્યોંકો ચાહિયે કિ વે પાત્રદાનસે હી ગૃહસ્થપનેકો તથા ધનકો સફલ કરૈ.'** જે એમાં મળ્યું એમાંથી થોડું, થોડામાં પણ થોડું પણ તૃષ્ણા ઘટાડીને ધર્મપ્રભાવનામાં એને દાન આદિમાં વાપરે અને ન વાપરે તો એનું ગૃહસ્થપણું યથાર્થ શોભે નહિ. હવે વિશેષ પંદરમી ગાથામાં કહે છે.

# શ્લોક–૧૫

**पात्राणामुपयोगि यत्किल धनं तद्धीमतां मन्यते**
**येनानन्तगुणं परत्र सुखदं व्यावर्वते तत्पुनः।**
**यद्भोगाय गतं पुनर्धनवतस्तन्नष्टमेव ध्रुवं**
**सर्वासामिति संपदां गृहवतां दानं प्रधानं फलम्।।१५।।**

**અર્થ :– જો ધન ઉત્તમાદિપાત્રોંકે ઉપયોગમેં આતા હૈ વિદ્વાન લોગ ઉસીધનકો અચ્છા ધન સમઝતે હૈં તથા વહ પાત્રમેં દિયાહુવા ધન પરલોકમેં સુખકા દેનેવાલા હોતા હૈ ઔર અનન્તગુણા ફલતા હૈ કિન્તુ જો ધન નાનાપ્રકારકે ભોગ વિલાસોંમેં ખર્ચ હોતા હૈ વહ ધનવાનોંકા ધન સર્વથા નષ્ટ હી હો ગયા એસા સમઝના ચાહિયે ક્યોંકિ ગૃહસ્થોંકે સર્વસમ્પદાઓંકા પ્રધાન ફલ એક દાનહી હૈ. ૧૫.**

આચાર્ય મહારાજ મહામુનિ દિગંબર છે, 'પદ્મનંદિ' પણ જગતની કરુણા માટે જ આ એક અધિકાર વર્ણવે છે. દાનનો અધિકાર વર્ણવ્યો ને પહેલું એમાં એવું આવે છે 'લોભવૃત્તિ ભેખડની કૂવામાં ભરાએલા કંજુસીઓને', એમ ભાષા ઉપાડી છે. અંદર એક દાનનો અધિકાર છે. ભેખડ સમજ્યા ? કૂવો હોય ને ? કૂવો. અંદર નીચે પથ્થર હોય છે, અંદર અંદર પાણીની નીચે અંદર આમ પગ ગરી જાય તો નીકળે નહિ. એમ લોભરૂપી કૂવો, એની ભેખડ નામ આમ અંદર પથ્થર, એમાં જેનો પગ ગરી ગયો છે એના ઉદ્ધારને માટે હું થોડો દાનનો અધિકાર કહીશ, એમ આચાર્ય મહારાજ કરુણાથી કહે છે. આહા..હા..! દાનનો અધિકાર આખો આપણે તો ઘણી વાર વંચાય ગયો છે, 'મુંબઈ' પણ વંચાઈ ગયો છે. કહો, સમજાણું ?

અહીં કહે છે '**જો ધન ઉત્તમાદિ પાત્રોંકે ઉપયોગમેં આતા હૈ...**' બાયડી, છોકરાના લગન માટે તો બધા ખર્ચે છે. આબરૂ પ્રમાણે ખર્ચે કે નહિ ? છોડીના લગન હોય તો દસ-દસ, વીસ-વીસ હજાર આપે છે કે નહિ ? ગાંડાની માફક ખર્ચે. ભાઈ ! દીકરીના લગન હોય તો ખર્ચે ને ? સામો સરખો વેવાઈ હોય તો. નહિતર એનું નાક કપાય, કહેશે. શું આવું ? અમે તમને આમ ધાર્યા હતા ? તમે વીસ લાખના આસામી કાંઈક લાખ તો આપશો એવું ધાર્યું હતું ને આ શું ? એની છોડીને દરરોજ ટોક્યાં કરે ઘરે ન્યાં. સારા ઘરની તને લાવ્યા ને આ તારા (બાપા) કાંઈ આપશે લાખ, બે લાખ, આ વીસ હજારનું આપ્યું ? એમ

દુનિયામાં પણ એને હખ ન હોય, જશ ન હોય.

અહીં કહે છે, જે ધન ઉત્તમ પાત્ર સમકિતી, શ્રાવક, મુનિ કે જિન મંદિર, ધર્મ પ્રભાવના આદિમાં ઉપયોગમાં જે લક્ષ્મી આવે છે. વિદ્વાન લોક ધિમંત છે ને ? ધિમંત નામ **'વિદ્વાન લોગ ઇસી ધનકો અચ્છા ધન સમઝતે હૈં...'** ધન તો ધન છે પણ પેલો ભાવ એનો સારો છે ને ? **'વહ પાત્રમેં દિયા હુવા ધન પરલોકમેં સુખકા દેનેવાલા હોતા હૈ...'** જુઓ ! આ શ્રાવકના વ્રતધારીની આ દાનની દશા અથવા તૃષ્ણાને ઘટાડવાનો ભાવ એને આવો હોય છે. એ ભાગ સારા પાત્રને દેવાથી પુણ્ય **'અનન્તગુણા ફલતા હૈ...'** લોકો નથી કહેતા ? એક ગણું... શું કાંઈ કહે છે ? એક ગણું દાન ને સહસ્ત્ર ગુણ પુણ્ય, બધી વાતું બહુ કરે પેલા બ્રાહ્મણોને લેવા આવે ત્યાં. એક ગુણી દાન સહસ્ત્ર ગણા (પુણ્ય).

અહીં તો કહે છે કે, સારા પાત્ર સમ્યગ્દષ્ટિ, સમ્યક્‌શ્રાવક અને મુનિ અને જૈનદર્શન ધર્મ, દેવ, નવ દેવ ગણ્યા છે ને ? જિન મંદિર, જિન પ્રતિમા, જિન વાણી અને પંચ પરમેષ્ઠી આ દેવને માટે જે લક્ષ્મી ખર્ચવામાં આવે તે લક્ષ્મીનું ફળ અનંતગણું ભવિષ્યમાં ફળે છે. કેમ કે જેની દૃષ્ટિ ધર્મની પ્રભાવના માટે છે. જુઓ ! પાઠમાં છે, હોં !

**'યેનાનન્તગુણં' 'કિન્તુ જો ધન નાનાપ્રકારકે ભોગ વિલાસોંમેં ખર્ચ હોતા હૈ...'** જુઓને ! અત્યારે તો એક લગનમાં જરી કાંઈ પેલું કરે ત્યાં શું તમારે 'મુંબઈ'માં તો તોફાન બહુ કરે છે. 'મુંબઈ'માં શું આ દેવાય ? સગપણ કરે ને ? પછી ઘરમાં કાંઈ ન હોય મોટું મકાન વીસીમાં.. શું કહેવાય એ ? વાડીમાં જાવ. મોટું હોય ને ? હોટલ મોટી. હા, એમ કહો ને. મોટી હોટલમાં પાંચસો રૂપિયામાં જાવ. પાંચસો માણસનું શીખંડ ને પૂરી કરી દેશે. એક એક માણસના ત્રણ ત્રણ રૂપિયા, પંદરસો રૂપિયા એક ટંકના. ભાઈ ! થાય છે કે નહિ અત્યારે ? આઠ આઠ રૂપિયા. આહા..હા..! એક એકના આઠ આઠ રૂપિયા, પાંચસો માણસની રસોઈ. જાવ ચાર હજાર રૂપિયાનો એક ટંકનો ખર્ચ. પાણી... પાણી... પાણી... પૈસાના પાણી.

કહે છે કે, એ **'ભોગ વિલાસોંમેં ખર્ચ હોતા હૈ વહ ધનવાનોંકા ધન સર્વથા નષ્ટ હી હો ગયા...'** એના પરિણામમાં પાપ અને લક્ષ્મી પણ નષ્ટ થઈ ગઈ, એને કાંઈ કામની છે નહિ. ખાવા, પીવા, લુગડા, દાગીના, શોભા, મકાનમાં કેવું કરે છે આમ બધું જુઓને ! .... ધર્મની પ્રભાવના માટે કરવું હોય તો ઘણા સંકોચ કરે. આગળ કહેશે, માયાવી છો. ધર્મી નામ ધરાવે અને સંસારના ભોગ માટે, જલસા માટે બહુ દાન, ભોગ કરે, પૈસા ખર્ચે. ધર્મનું આવે ત્યારે કહે, એટલી મારી શક્તિ નથી, ભાઈ ! હોં ! એટલી દેવાની, એટલી મારી શક્તિ નથી. કપટી છે, એમ કહે છે. આચાર્ય મહારાજ કહે છે કે, દંભી છો ? ધર્મી નામ ધરાવે ને ધર્મના પ્રસંગના કાળમાં જ્યારે રાગ ઘટાડવાનો પ્રસંગ હોય અને દાન આદિમાં ખર્ચતો નથી (તો તું) દંભી છો. ધર્મને નામે, ધર્મની ઓઢણી ઓઢી છે પણ ધર્મના

પ્રેમ તને અંદરમાં નથી. સમજાય છે કાંઈ ?

**'કિન્તુ જો ધન નાનાપ્રકારકે ભોગ વિલાસોંમેં ખર્ચ હોતા હૈ વહ ધનવાનોંકા ધન સર્વથા નષ્ટ હી હો ગયા...'** બરાબર છે ? આચાર્યો આવું ધનનું ખર્ચવાનું કહેતા હશે ? એને લોભ ઘટાડવાનું (કહે છે). ભાઈ ! તને આત્માની જ્યાં દૃષ્ટિ થઈ હોય, જ્યાં રાગ જ તારો નથી, એમ જ્યારે દૃષ્ટિમાં હોય એને બહારની લક્ષ્મી દાનને માટે ખર્ચવાનો ઘણો જ ભાવ આવે છે, હોય છે. તો એને ગૃહસ્થાશ્રમના વ્રતધારી કહેવામાં આવે, નહિતર એ વ્રતધારી કહેવામાં આવતા નથી. **'ઐસા સમઝના ચાહિયે ક્યોંકિ ગૃહસ્થોંકે સર્વ સમ્પદાઓંકા પ્રધાન ફલ એક દાન હી હૈ.'** આહા..હા..!

**'યોં તો ધની ગૃહસ્થોંકે પ્રતિદિન નાનાકાર્યોંમેં ધનકા ખર્ચ હોતા રહતા હૈ...'** જુઓને ! અત્યારે કેટલું એક બબ્બે, ત્રણ ત્રણ રૂપિયાનું શાક. આઠ આઠ દસ માણસ હોય ઘરમાં તે. શાક. એ ખર્ચ.. ખર્ચ... એક એક આ ઇન્ડિપેન જોઈએ, એક અહીં વળી આ હાથમાં ઘડિયાળ જોવે, એક જોવે વળી પેલો શું કહેવાય ? દાંતિયો. આમ બહાર નીકળે તો પણ દાંતિયો આમ આમ કર્યા કરે. અને એમાં ઊંચા ઊંચા તેલ જોવે ને, ખર્ચ તે કેટલા ખર્ચ. પછી એને પહોંચી વળવા માયા, કપટ, કુટીલ ને કાળા બજાર. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે, ધર્માત્માને એવા પરિણામ હોઈ શકે નહિ. એને તો બહુ કુણા પરિણામ હોય, નરમ પરિણામ હોય. ... માટે સારી ગતિ હોય તો દાન આદિમાં ખર્ચવું એવો એનો ભાવ હોય છે. **'પ્રતિદિન નાનાકાર્યોંમેં ધનકા ખર્ચ હોતા રહતા હૈ...'** જુઓને ! અત્યારે તો ખર્ચ... એક જણાને પુછ્યું કે, કપડું.. આ શું કહેવાય ? પહેરણ, પહેરણ કહે છે ને ? ખમીસ... ખમીસ... ખમીસ... ... સાધારણ હતું. કેટલાનું આ ? કે, પીસ્તાલીસ રૂપિયાના વારનું. પીસ્તાલીસ રૂપિયાનું વાર અને કેટલાનો ? કે દસ રૂપિયાનો એનો સિલાઈ. મારી નાખે ને ખર્ચ પણ આ. દાન માટે જો કાંઈ કરવું હોય તો ત્યાં સંતોષ... સંતોષ... સંતોષ... સંતોષ... સંતોષ...

અહીં કહે છે કે, ધનીના ધન ક્યારે સફળ કહેવાય? કે, જેણે ધર્મની તૃષ્ણા ઘટાડી ધર્મ માટે, સારા ધર્મની પ્રભાવનામાં વાપરે તો. **'પરન્તુ જો ધન ઉત્તમાદિપાત્રોંકે દાનોંમેં ખર્ચ હોતા હૈ વાસ્તવમેં વહી ધન ઉત્તમધન હૈ ઔર ઉત્તમઆદિપાત્રોંકે દાનમેં ખર્ચ કિયા હુવા વહ ધન પરલોકમેં નાનાપ્રકારકે સુખોંકા કરનેવાલા હોતા હૈ...'** પૈસા સુખ મળે ને? સંયોગ. **'અનન્તગુણા હોકર ફલતા હૈ કિન્તુ જો ધન ભોગ વિલાસ આદિ નિકૃષ્ટ કાર્યોંમેં ખર્ચ કિયા જાતા હૈ...'** ધન વિલાસ, ખાવા, પીવા, પાથરવા, સુવા, દાગીના, મકાન. **'વહ ધન સર્વથા નષ્ટ હી હો જાતા હૈ તથા પરલોકમેં ઉસસે કિસી પ્રકારકા સુખ નહીં મિલતા...'** અહીં તો સંયોગીભાવ છે ને? શુભભાવ સંયોગી ભાવ છે ને? સંયોગી ભાવથી સંયોગ મળે, સ્વભાવ ભાવથી શાંતિ

મળે. એ ભૂમિકામાં એવો ભાવ પાંચમા ગુણસ્થાનમાં એવો આવ્યા વિના રહે નહિ. ન આવે એ દશામાં એને ન શોભે.

**'કિસી પ્રકારકા સુખ નહીં મિલતા ઔર ન વહ અનન્તગુણા હોકર ફલતા હી હૈ...'** આ લોક માટે શું ફળે ? કે, પાપ ફળે. **'ક્યોંકિ સમસ્ત સમ્પદાઓંકે હોનેકા પ્રધાન ફલ દાન હી હૈ ઇસલિયે ધર્માત્મા શ્રાવકોંકો નિરન્તર ઉત્તમ આદિ પાત્રોંમેં દાન કરના ચાહિયે તથા પાયે હુવે ધનકો સફલ કરના ચાહિયે.'** જુઓ ! દાનના અધિકારમાં એક બોલ આવે છે આપણે, ઘણીવાર આવે છે પેલા કાગડાનો દાખલો. ખબર છે ? 'કૌવાકા દષ્ટાંત આયા હૈ, કૌવા કૌવા' આ કાગડો હોય છે ને ? કાગ. તો કહે છે કે, અત્યારે રિવાજ છે ને પહેલો રિવાજ હતો.

જ્યારે આહાર કરે ને ખીચડી ને ચોખા ને જે ખાય રહે પછી પેલા ઉકડીયા રહે ને ? ઉકડીયા, ઉકડીયા શું કહેવાય ? .... એ પાછળથી જે ઉકડીયા રહે એને ઉખેડીને ઘરની પાસે પથ્થરની કુંડી રાખતા, એમાં નાખે એટલે નીચે ધૂળમાં ન અડે. એમાં પણ કાગડો આવે, તો કહે છે કે, એ કાગડો ઉકડીયા એકલો ન ખાય. બોલાવીને ખાય છે. એકલો કાગડો ખાય નહિ. કોં... કોં... કોં... કોં... કોં... કહી પાંચ, પચ્ચીસ કાગડા બોલાવીને એ ઉકડીયા, હોં ! કો'કના ઉકડીયા, અમારી ભાષા કાઠિયાવાડી ઉકડીયા તમારે ... એ એકલો ન ખાય એ પાંચ, પચ્ચીસ મળીને ખાય.

આચાર્ય મહારાજ જરીક કડક ભાષાથી કહે છે, અરે..! તારા પૂર્વના પુણ્ય કોઈ બળી ગયેલા શાંતિ. તારી શાંતિ બળી ત્યારે પુણ્યના ભાવ તને થયેલા. શું કહ્યું ? પૂર્વે શુભભાવ થયા હતા, શુભભાવ, જેનાથી આ તને ધૂળ મળી, પાંચ પચાસ લાખ એ શું હતું ? પૂર્વે શુભભાવ હતા. એ શુભભાવ ઉકડીયા છે. આત્માની શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિથી વિપરીત એ શુભભાવ હતો. એ તારી શાંતિ બળી હતી, એના ફળમાં શુભભાવ ને એના ફળમાં બંધન, એના ફળમાં પાંચ પચ્ચીસ લાખ તને મળ્યા અને એકલો જો ખા અને દાન, દયામાં રાગ મંદ કરીને ન વાપર તો કાગડામાંથી તું જા એવો છો. આચાર્ય છે, દિગંબર મુનિ નગ્ન ક્યાં એની પાસે ચંદો, ખરડો કરવો છે ? સમજાય છે કાંઈ ?

એ 'પદ્મનંદિ આચાર્ય' દાન અધિકારમાં (કહે છે), ભાઈ ! પેલા કાગડા જેવા પણ એકલા ન ખાય અને તારા પૂર્વના પુણ્યને લઈને કાંઈ પાંચ દસ હજાર, પચાસ જે જેના આંકડા કહેવાતા હોય, એ મળ્યા અને એકલો ખા. દાન, દયા, ભક્તિ, પ્રભાવના એમાં ખર્ચવાનો ભાવ ન કર, તો તારું જીવન કાગડામાંથી જાય એવું છે. કહો, બરાબર હશે આ ? હા.

ભાઈ ! તને પુણ્ય તો મળેલા, શાંતિ બળેલી હતી ત્યારે શુભભાવ થયા, એ શુભભાવના ફળ તરીકે આ ધૂળ મળી, તારા પ્રયત્નથી મળી નથી, પ્રયત્નથી મળી નથી, કોઈ કહે કે, આ ડાહ્યો થયો માટે આ મને મળ્યું હશે. એમ હશે ? ભાઈ ! શું હશે ? એ તો ખબર

છે ને ? બે ભાઈઓમાં. આ વચ્ચે નથી ખબર એને ? પૂર્વના પુણ્ય વિના એ મળતું નથી. નથી મળતું, આ સંયોગ મળે. એને મમતા મળી છે, પણ આ સંયોગ મળે એ પૂર્વના પુણ્યથી, એ પુણ્ય છે એ આત્માની શાંતિને બળીને ભા થયા. એવા બળ્યા-ભળ્યા એવા પુણ્ય એના ફળમાં તને આ મળ્યું અને એમાં રાગ ઘટાડી દયા, ધર્મ, દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા એમાં ન ખર્ચ્યું તો કાગડામાંથી તું જા, એમ આચાર્ય મહારાજ કહે છે, ઓળંભો આપે છે. આહા..હા..!

મુમુક્ષુ :– ....

ઉત્તર :– .... એ એને અંદર રુચતું નહિ હોય બરાબર. અહીં જરીક લાગે, ઘરે જાય ત્યાં વળી છોકરા માટે સાચવીએ ને આના માટે સાચવીએ ને આના માટે સાચવીએ એમ થયા કરે. અહીં તો કહે છે કે, મરી જઈશ પણ તું. એ લક્ષ્મી ક્યાં તારી છે ? એ તો પુણ્યને લઈને મળી છે, જો એમાં દાનમાં ખર્ચી નહિ તો નષ્ટ થઈ જશે. પુણ્ય પણ નષ્ટ થઈ જશે ને લક્ષ્મી પણ નષ્ટ થઈ જાશે, તારું કાંઈ રહેશે નહિ. સમજાણું કાંઈ ? પંદર થઈને ?

## શ્લોક–૧૬

**औरभी आचार्य दानकी महिमाका वर्णन करते हैं।**

**पुत्रे राज्यमशेषमर्थिषु धनं दत्त्वाभयं प्राणिषु**
**प्राप्ता नित्यसुखास्पदं सुतपसा मोक्षं पुरा पार्थिवाः।**
**मोक्षस्यापि भवेत्ततः प्रथमतो दानं निदानं बुधैः**
**शक्त्या देयमिदं सदातिचपले द्रव्ये तथा जीविते।।१६।।**

'**ઔર ભી આચાર્ય દાનકી મહિમાકા વર્ણન કરતે હૈં.**' જુઓ ! આ શ્રાવકને આ વ્રતનું પરિણામ જેને હોય, તૃષ્ણા મંદ હોય એને આવો ભાવ હંમેશા ષટ્કર્મમાં પણ આવે છે કે નહિ ? ગુરુ પૂજા, દેવ સેવા, સ્વાધ્યાય, સંયમ, તપ ને દાન હંમેશા, હોં ! કો'ક દિ' પાંચ રૂપિયા આપે ને પછી કો'ક દિ' અહીં એમ નહિ. દિન પ્રત્યે જેમ પૈસા સંઘરીને ઘરે રાખે છે, એમ દિન પ્રત્યે તેને દાનનો ભાવ આવ્યા વિના રહે નહિ.

**અર્થ :– ભૂતકાલમેંભી બડે બડે રાજા પુત્રોંકો રાજ્યદેકર તથા યાચકજનોંકો ધનદેકર ઔર સમસ્ત પ્રાણિયોંકો અભયદાન દેકર અનશન આદિ ઉત્તમ તપોંકો**

**આચરણકર અવિનાશી સુખકે સ્થાન મોક્ષકો પ્રાપ્ત હુવે હૈં ઇસલિયે મોક્ષકા સબસે પ્રથમ કારણ યહ એક દાનહી હૈ અર્થાત્ દાનસે હી મોક્ષ કી પ્રાપ્તિ હોતી હૈ અતઃ વિદ્વાનોં કો ચાહિયે કિ ધન તથા જીવન કો જલકે બબૂલે કે સમાન અત્યન્ત વિનાશીક સમઝકર સર્વદાશક્તિ કે અનુસાર ઉત્તમ આદિ પાત્રોંમેં દાન દિયા કરૈં. ૧૬.**

આહા..હા..! અરે..! આત્મા ! એ લક્ષ્મી ચપળ છે અને જીવતર પણ ચપળ છે. આહા..હા..! ક્યારે જીવતર પૂરું થઈ જશે અને ક્યારે લક્ષ્મી ચાલી જશે. ખબર છે ? કહે છે કે, દ્રવ્ય અને લક્ષ્મીની ચપળતા છે, તો એ લક્ષ્મીનો ઉપયોગ જરી દાન, દયા, ધર્મમાં, પ્રભાવનામાં કર. નહિતર તો જીવન ને લક્ષ્મી બન્ને ચપળ છે.

'**ભૂતકાલમેં ભી બડે બડે રાજા પુત્રોંકો રાજ્ય દેકર...**' આહા..હા..! છ ખંડના રાજ, છન્નું હજાર સ્ત્રી અને મોટા રાજા (રાજ) છોડી દીધું. '**યાચકજનોંકો ધન દેકર...**' આ સ્વજન અહીં લેવું છે. એ વખતે કોઈ પણ યાચક આવો. લઈ જાવ... લઈ જાવ... લઈ જાવ... બાપુ ! આ લક્ષ્મી મારી નથી, આ રાજ પુત્રને સોપું છું, જેથી લક્ષ્મી યાચકો ... એવો એક દાન આવે છે. શું તમારે જોઈએ છે ? જે જોવે તે માંગો. એમ રાજા પુત્રને રાજ સોંપતા યાચકોને સંતુષ્ટ કરીને દાનમાં એ પોતે આવા ભાવ કરતા.

'**સમસ્ત પ્રાણિયોંકો અભયદાન દેકર...**' બધા પ્રાણીઓને અભયદાન–મારાથી કોઈને દુઃખ ન હશો. હું મારા સ્વરૂપના સાધન માટે હું મુનિ થવા માંગુ છું. આહા..હા..! હું અત્યાર સુધી રાજ્યમાં (હતો). મારાથી કોઈ જીવને દુઃખ થયું હોય, લક્ષ્મી લેવડ-દેવડમાં કોઈના પ્રાણ દુભાણા હોય તો હે ભાઈઓ ક્ષમા કરજો. મૃત્યુ કાળે જેમ ક્ષમા માંગે છે. અમારા મોહ હવે મરી ગયા છે. અમે અમારા સ્વરૂપની સાવધાની માટે મુનિ થવા માગીએ છીએ. આહા..હા..! તે ચક્રવર્તીના છ ખંડના રાજ, હોં ! આમ બળખો છોડે એમ છોડી દે. બળખો કહે છે ને ? ... આહા..હા..!

કહે છે, એ પણ યાચકજનોને ધન દેકર સમસ્ત પ્રાણીને અભય આપી અનશન આદિ ઉત્તમ તપોંકો આચરણ કર, મુનિપણું લઈને. જે '**અવિનાશી સુખકે સ્થાન...**' પૂર્ણ આનંદ એવા સુખના સ્થાનને પ્રાપ્ત થાય છે. એક તો એ શરત છે કે, ધર્મી જીવની પુણ્યમાં ને પુણ્યના ફળમાં સુખબુદ્ધિ હોતી નથી. સમજાય છે કાંઈ ? લક્ષ્મીમાં, ભોગમાં સુખબુદ્ધિ ધર્મીને હોતી નથી. એથી ધર્મીની બુદ્ધિ આત્મામાં આનંદ છે ત્યાં સુખબુદ્ધિ હોય છે. માટે તેને લક્ષ્મીમાં ઘટાડવાની તૃષ્ણા ઘટ્યા વિના તેને રહેતી નથી. સમજાણું કાંઈ આમાં ? બરાબર હશે આ ?

ધર્મીને લક્ષ્મીમાં સુખબુદ્ધિ નથી અને જેમાં સુખબુદ્ધિ હોય તે મૂળ તો મિથ્યાદષ્ટિ છે. એ જૈન શ્રાવક નથી અને ધર્મી છે નહિ. આહા..હા..! ભાઈ ! આ તો ભારે, ભાઈ ! પૈસામાં

સુખબુદ્ધિ હોય તો એની વધારવાની ભાવના હોય. વધી જાય ભલે કોઈ પૂર્વના પુણ્યને લઈને પણ એની બુદ્ધિ સુખબુદ્ધિ નથી. માટે લક્ષ્મી વધે તો મને ભોગમાં અનુકૂળ પડે એવો ભાવ સમ્યક્ ધર્મી જીવનો હોતો નથી. આહા..હા..!

એ કહે છે કે, એ છોડ. યાચકજનોને સંતોષ કર. ભાઈ ! મારે બધું છોડવું છે. યાચકજનો લઈ જાઓ, જે તમને ઠીક પડે. સમજાય છે ? કારણ કે, મારી બુદ્ધિ તો સુખમાં, આત્મામાં સુખબુદ્ધિ છે. મારા આનંદમાં મને સુખ છે. આ રાગના ભાવ થયા એમાં અમારી સુખબુદ્ધિ નથી, તો પુણ્યના ફળ તરીકે આ ધૂળ મળી એમાં સુખ છે એ વાત ધર્મીને, જ્ઞાનીને અંતર હૃદયમાંથી નીકળી ગયેલી હોય છે. એટલે તૃષ્ણા ઘટાડવા માટે એને સહેલું ને ઠીક પડે છે. સમજાણું કાંઈ ? શું કહ્યું ? રાજાનું કીધું ને ?

**'મોક્ષકો પ્રાપ્ત હુવે હૈં ઇસલિયે મોક્ષકા સબસે પ્રથમ કારણ યહ એક દાનહી હૈ...'** એ યાચકને આપે છે ને ? એ અપેક્ષાએ. **'અર્થાત્ દાનસે હી મોક્ષ કી પ્રાપ્તિ હોતી હૈ...'** વાત તો નિમિત્તથી છે. શુદ્ધભાવ પોતાનો થયો છે ને ? એનાથી મોક્ષ થયો. એમાં રાગની મંદતાનું નિમિત્ત છે, એ પણ મોક્ષનો માર્ગ અને મોક્ષ થાય, એમ વ્યવહારથી આરોપ કરીને કથન કર્યું છે. જેમ મોક્ષમાર્ગ બે પ્રકારે કહ્યા, એમ આ બે પ્રકારનું કથન છે. સમજાય છે કાંઈ ?

**'અતઃ વિદ્વાનોં કો ચાહિયે...'** વિદ્વાનોંકો ચાહિયે બુદ્ધિ, **'ધન તથા જીવન કો જલકે બબૂલે કે સમાન....'** લક્ષ્મી અને દેહનું જીવન. **'બબૂલે કે સમાન...'** બદબદ થાય છે ને ? પાણીમાં પરપોટો ફૂટતા વાર નહિ, એમ શરીરનું જીવન છૂટતાં વાર નહિ. ક્યા ક્ષણે શરીર પડશે એ અતિ ચપળ છે, એમ લક્ષ્મી પણ એક ક્ષણે ચાલી જશે. જેના પ્રમાણમાં મળેલું હોય એટલા પ્રમાણમાં વીર્યની, પુરુષાર્થની જાગૃતી કરી તેણે રાગ ઘટાડવો જોઈએ. તો એ દાનનું સફળપણું છે અને તો એ શ્રાવકના વ્રતની સ્થિતિની શોભા કહેવાય છે. **'અનુસાર ઉત્તમ આદિ પાત્રોંમેં દાન દિયા કરૈ.'** લ્યો ! ૧૬ (થઈ). ૧૭.

## શ્લોક-૧૭

**ये मोक्षं प्रति नोद्यताः सुनृभवे लब्धेऽपि दुर्बुद्धियः**
**ते तिष्ठन्ति गृहे न दानमिह चेत्तन्मोहपाशो दृढः।**
**मत्वेदं गृहिणा यथर्द्धि विविधं दानं सदा दीयतां**
**तत्संसारसरित्पतिप्रतरणे पोतायते निश्चितम्।।१७।।**

**અર્થ :– અત્યંતદુર્લભ ઇસ મનુષ્યભવકો પાકર ભી જો મનુષ્ય મોક્ષકેલિયે ઉદ્યમ નહીં કરતે હૈં તથા ઘર મેં હી પડે રહતે હૈં વે મનુષ્ય મૂઢબુદ્ધિ હૈં ઔર જિસઘરમેં દાન નહીં દિયા જાતા વહ ઘર અત્યન્તકઠિન મોહ કા જાલ હૈ, એસા ભલીભાંતિ સમઝકર અપને ધનકે અનુસાર ભવ્યજીવોંકો નાનાપ્રકારકા દાન અવશ્ય કરના ચાહિયે ક્યોંકિ યહ ઉત્તમઆદિપાત્રોમેં દિયાહુવા દાન હી સંસારરૂપીસમુદ્રસે પારકરનેમેં જહાજકે સમાન હૈ. ૧૭.**

અરે..! '**અત્યંત દુર્લભ ઇસ મનુષ્યભવકો પાકર...**' અનંતકાળે આવો મનુષ્ય ભવ મળ્યો. એની એક સમયની કિંમત અનંત અનંત રૂપિયા આપે તોપણ મળે નહિ. ક્યાં નિગોદમાંથી રખડતા ભવભ્રમણમાં પર્યટન કરતાં કરતાં ક્યાં અત્યંત દુર્લભ મનુષ્ય દેહ મળ્યો. એને પામીને '**જો મનુષ્ય મોક્ષકેલિયે ઉદ્યમ નહીં કરતે હૈં...**' એક વાત. સમજાણું ? '**मोक्षं प्रति नोद्यताः**' છે ને ? '**મોક્ષકે લિયે ઉદ્યમ નહીં કરતે હૈં તથા ઘર મેં હી પડે રહતે હૈં વે મનુષ્ય મૂઢબુદ્ધિ હૈં...**' આહા..હા..! મનુષ્યભવ પામી જન્મ-મરણના અંતની મોક્ષમાર્ગની ક્રિયા નથી કરતો, જેનો મોક્ષ પ્રત્યેનો ઉદ્યમ નથી કહે છે કે, એકલો ઘરમાં પડ્યો રહે છે (એ) મૂઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ ?

'**ઘર મેં હી પડે રહતે હૈં વે મનુષ્ય મૂઢબુદ્ધિ હૈં...**' શું કરવું ત્યારે આ બધાને ? ઘર છોડીને બેસવું ? ભાઈ ! આહા..હા..! અરે..! મનુષ્યના ટાણા આવ્યા અને કાઢ માલ એટલો આત્મામાંથી નીકળે, એવા તને ટાણા છે, ભાઈ ! અહો..! આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એકલો આનંદનો ખજાનો ભગવાન તારો ખજાનો છે. આચાર્ય આગળ સ્તુતિના અધિકારમાં કહેશે. ભગવાને આત્માની લક્ષ્મીના ખજાના જગત પાસે ખોલીને બતાવ્યા. અરે..! એ ખજાનો સાંભળીને કોણ એવો માણસ હશે કે, બહારના ખજાનાનો ત્યાગ કરીને એ ખજાનાની શોધમાં ન આવે. સમજાય છે કાંઈ ?

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ પરમાત્માએ આત્મા આનંદનો ખજાનો, આનંદનો ભંડાર,

શાંતિનો દરિયો એમાં અનંતી શાંતિ અને આનંદ પડ્યા છે. આહા..હા..! કહે છે કે, ભગવાને જ્યારે મનુષ્ય પાસે, રાજા, મહારાજા, રાજકુંવરો પાસે ખોલીને કહ્યું, ભાઈ ! તારો ખજાનો તો અંદર છે ને ! પ્રભુ ! આહા..હા..! આચાર્ય જરી અલંકાર કરે છે. અરે..! આવા ખજાના ભગવાને ખોલીને બતાવ્યા. એવો કોણ મૂર્ખ હોય કે, બહારના ખજાના માટે, ખજાનો અંદર શોધવા માટે અટકી જાય ? આહા..હા..! સમજાણું કાંઈ !

કહે છે, અરે..! ગૃહસ્થાશ્રમમાં રહેવું અને આવો મોક્ષનો માર્ગ જે તદ્દન એટલે નજીક ચારિત્ર ન અંગીકાર કરે તો એ અપેક્ષાએ તેને મૂઢ કહેવામાં આવે છે. પણ '**જિસ ઘરમેં દાન નહીં દિયા જાતા...**' હવે ઘરમાં રહીને પણ જો તૃષ્ણા ઘટાડીને દાન ન દે, '**વહ ઘર અત્યંત કઠિન મોહ કા જાલ હૈ...**' સમજાણું કાંઈ ? બાર મહિને પૈસા સંઘરવાની એની બુદ્ધિ. પાંચ લાખ હોય તો લાખ મળે તો છ થયા. છ થયા ને સાત થયા, સાત થયા ના આઠ થયા, આઠ થયાના પચ્ચીસ થયા, પચ્ચીસ થયા ને કરોડ થયા. ખાવાનું એને ન મળે. આ જે કાંઈ વધે એ પેલામાં સંખ્યામાં ભેળવે એટલે તૃષ્ણા રહ્યા જ કરે એને કે, આટલું તો છે હવે એને ઘટવું તો ન જોઈએ પણ બાર મહિને કાંઈક વધવું જોઈએ. પેલી મૂડી તો એટલી ને એટલી રહી પચ્ચીસ લાખ કે જે દસ લાખ ધૂળ મળી હોય એ પણ બાર મહિને કાંઈ વધારો એમાં ભેળવે ત્યારે હખ થાય. એમ અહીંયા આત્માની મૂડીની જેને દૃષ્ટિ છે. મૂડી એટલે પુંજી એને ક્ષણે ક્ષણે કાંઈ ધર્મની વૃદ્ધિ થાય અને રાગ ઘટાડવાનો એનો ભાવ થયા વિના રહે નહિ. પેલો એ વધારવાનું કરે છે. આ વધારો, થોડું વધારો, વધારો.

કહે છે જે ઘરમાં રહીને અરે..! દાન આદિની ક્રિયા નથી એ અત્યંત કઠિન મોહની જાળ છે. મોહની જાળમાં ફસાયેલો પ્રાણી છે. એને નીકળવાના આરા આવતા નથી. '**ઐસા ભલીભાંતિ સમઝકર અપને...**' જુઓ ! આવ્યું. ધનકે અનુસાર, હોં ! ... છે ને ? પાઠમાં છે, હોં ! પોતાના ધનને અનુસાર. પાછા આમાં હોડ કરે. કે, પેલો તો દસ લાખનો આસામી છે. એણે કેટલા ભર્યા ? ભાઈ ! કરે છે કે નહિ ? હા, દસ નામ મોઢા આગળના કરે. કે, એણે કેટલા ભર્યા ? કે, એણે ભર્યા દસ હજાર, કાંઈ મારાથી પાંચ હજાર, દસ હજાર ભરાય નહિ. પણ કો'કે ભર્યા કેટલા એમાં તારે શું કામ છે ? બધાનો સરખો લાભ લેવો જોઈએ એમ ? એ માટે ઓછા આપતો હશે, બીજાને લાભ દેવા માટે એમ છે ને ? અમારે દલાલ છે એ. કહે છે કે, એ આંકડા દેખે. પેલો કરોડપતિ છે એણે દસ લાખ ભર્યા પણ હું તો દસ લાખનો આસામી છું. બસ ! મારે ભાઈ ! હજાર બસ. પણ આ આંકડાનું શું કામ છે તારે ? થાય છે કે નહિ એમાં ? એમાં પછી એનો જે છેલ્લો આંકડો આવ્યો હોય, મને આંકડામાં હેઠો ગણ્યો માટે મારે વધારે દેવાય નહિ. આવી તૃષ્ણા ! પણ ધર્મમાં નંબર પહેલો પૂરાવા માટે ધનને ઘટાડીને રાખ. સમજાય છે ને ? ભલે એણે જે કર્યું. મારે ભાઈ ! આ વસ્તુ મારી પાસે આટલી છે એમાંથી હું દસમો ભાગ આપુ છું. રાગ

હું ઘટાડી દઉં છું, મારા માટે છે એમાં કાંઈ, એ જે કાંઈ આવે છે એ કષાયના મંદતાનું પુણ્ય મને છે. એ કાંઈ દુનિયા માટે નથી. જે ખર્ચાય છે ભોગ માટે એ તો પાપ થાય અને લક્ષ્મી જાય, પાપ થાય અને લક્ષ્મી જાય. સમજાણું ?

**'ઉત્તમ ધનકે અનુસાર, અપને ધનકે અનુસાર...'** ભાઈસાહેબ પણ લક્ષ્મીવાળા પણ (આટલા આપે છે). તારી પાસે બે હજાર છે કે નહિ ? અને આ સંસારના ભોગ માટે તું ખર્ચ કાઢે છે કે નહિ ? તો એમાંથી પણ દરરોજ અથવા બાર મહિને જે કાંઈ એના પ્રમાણમાં પચ્ચીસ, પચાસ, સો, બસ્સો, પાંચસો ઘટાડવા જોઈએ અને દાન કરવો જોઈએ. પેલા બધા દાન કરે, અમે નહિ. પણ તું છો કે નહિ તારી પાસે કાંઈ ? કાંઈ છે કે નહિ ? છોકરાને સારો દેખાડવા માટે દાગીના નથી કરતો ? સારો દેખાડવા માટે, હોં ! દાગીના પહેરે તો એમ લાગે કે સારો છોકરો થયો, હોશિયાર થયો. જોડા સારા પહેરાવે, જોડા. અઢાર રૂપિયાના જોડા. અઢારના આવે કે એથી વધારે ? એથી વધારે આવતા હશે, આપણને ક્યાં ખબર છે. અઢારના જોડા, જોડા પહેરાવે એને, ખા જોડા. એની જોડાની શોભા એને લાગે ને માથે આ.

મુમુક્ષુ :– પ્લાસ્ટીકના પગરખા હોય ને ?

ઉત્તર :– હા, એમ. પ્લાસ્ટીકના પગરખા, ઊંચા પ્લાસ્ટીકના. ત્યારે પેલો છોકરો શોભે. આમ ચાલતો હોય તો. સમજાય છે કાંઈ ? ઘરની વહુ પણ જો સારો સાડલો પહેરીને નીકળી હોય પાંચસોનો, હજારનો, બે હજારનો, બીજા નજરું કરતા હોય બીજા. વાંધો નહિ, મારો સાડલો તો બહાર આવે છે, મારી છોકરાની વહુ સાડલો પહેરીને નીકળી. લોકો તો એમ કહે કે, એના સાસરા તરફથી આ પાંચ હજારનો સાડલો. બાપા ! કોની વહુ છે ? ફલાણાની વહુ છે એ તો. ઓહો..! પાંચ હજારનો સાડલો ! એક બાજુ આખા છેડે સોનાના તાર. એક બાજુ આવે સોનાના તાર. એ પાછુ રાખે આમ. રાખે છે કે નહિ, પણ એમ ? એ કાંઈક વળી આ સંતાઈ જાય તો ! આ આખો આમ દેખાય. આહા..હા..! ભાઈ ! આ દુનિયાના દેખાવ માટે તું આ ખર્ચે છો અને તારા આત્માને કંઈ રાગ ઘટાડીને દાનમાં ખર્ચતો નથી (તો) કહે છે કે, તું મૂઢ પાશમાં–મોહના પાશમાં પડ્યો છે, એમ કીધું ને ? મોહની જાળમાં પડ્યો છો. આહા..હા..! સમજાણું કાંઈ ?

એક બાઈ હતી. એ બાઈ સોનાનો પેલો લાવી, આ ચુડલો ચુડલો, સોનાનો ચુડલો. ગરીબ માણસ પણ છતા સો બસ્સોનો લાવ્યા. હવે એના ઘરે જોવા કોણ આવે ? સમજાય છે ? ઘરે જોવા કોણ આવે ? કરવું શું ? બે પાંચ વર્ષ થઈ ગયા પણ કોઈ જોવા ન આવે ઘરે. પછી પેલું પોતાનું જે હતું ને ઘાસનું ઝુંપડુ ઇ સળગાવ્યું, સળગાવ્યું ને માણસ ભેગા થયા. અરે..! ભાઈ ! આ મારું ઝુંપડુ (બળી ગયું). પેલું બતાવવું છે પેલો (ચુડલો). આમ હાથ ઊંચો કરીને (બોલે), આ મારું ઝુંપડુ બળે અરે..! આ શું તારે બતાવવું છે ?

ભાઈ ! ચુડલો બતાવવો છે તારે, પણ આ સળગાવીને ? એમ જગતની શોભા તારા પાપ બાંધી પુણ્ય બાળીને જગતને બતાવવું છે. બરાબર છે ?

કહે છે, અહો ! **'અપને ધનકે અનુસાર ભવ્યજીવોંકો નાનાપ્રકારકા દાન અવશ્ય કરના ચાહિયે ક્યોંકિ યહ ઉત્તમ આદિ પાત્રોમેં દિયા હુવા દાન હી સંસારરૂપી સમુદ્રસે પાર કરનેમેં જહાજકે સમાન હૈ.'** પેલી તૃષ્ણા ઘટે છે ને ? એટલું નિમિત્ત છે, શુદ્ધતા તો પોતાને આશ્રયે થઈ છે પણ નિમિત્તથી પણ મોક્ષ થાય, એવું અહીં આરોપથી કથન કરવામાં આવ્યું છે. વ્યવહાર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષ એમ કહેવામાં આવે છે ને ? નિશ્ચય અને વ્યવહાર બે મોક્ષના માર્ગ એમ કહેવામાં આવે ત્યારે 'પુરુષાર્થસિદ્ધિ ઉપાય'માં કહ્યું કે, બન્ને મોક્ષમાર્ગથી મોક્ષ થાય. એનો અર્થ કે, એ શુદ્ધતાથી થાય ને નિમિત્તથી આરોપ કરીને થાય, એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? એ રીતે આ કથન છે. વ્યવહારથી ઉપદેશમાં તો એવા કથન આવે ને ! બીજા કેવા આવે ?

**'અત્યંત દુર્લભ ઇસ મનુષ્યભવકો પાકર તથા ઊંચા કુલ આદિ પાકર ભવ્યજીવોંકો...'** ઊંચુ કુળ મળ્યું, જાતિ મળી. **'મોક્ષકે લિયે પ્રયત્ન અવશ્ય કરના ચાહિયે;...'** આહા..હા..! એ વખતે તો કહે છે કે, ભાઈ ! આમ સ્વરૂપની સાવધાની કરીને મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઈએ.

મુમુક્ષુ :– બધું છોડવું જોઈએ ?

ઉત્તર :– હા, બધું છોડવું જોઈએ એમ કહે છે. નહિતર આટલું તો છોડ, એમ કહેવા માંગે છે. મોક્ષ તો છે નહિ ને અત્યારે ? વળી કો'ક એમ કહે. અરે..! મોક્ષ છે, સાંભળને ! હવે. રાગ અને દ્વેષની રુચિ છોડી અને રાગ-દ્વેષ ઘટાડવા માટે અંદર સ્વરૂપમાં સ્થિરતા કરે એને એક ન્યાયે મોક્ષ જ છે. કહે છે, એવો પ્રયત્ન મોક્ષને માટે જરૂર કરવો જોઈએ.

**'યદિ મોક્ષકે લિયે પ્રયત્ન ન હો સકે તો શક્તિ તથા ધનકે અનુસાર દાન તો અવશ્ય હી કરના ચાહિયે...'** જુઓ ! આ શ્રાવકને તૃષ્ણા મંદ કરવાના ઠેકાણા નહિ એને રાગ વિનાનો આત્મા અંદર રુચે, તેને આત્માના આનંદની દૃષ્ટિ થાય, એમ બની શકે નહિ. સમજાણું કાંઈ ? પૈસા કાઢતા કાઢતા આમ પાણી ઉતારી દે. લખાવ્યા હોય પાંચ હજાર.

મુમુક્ષુ :– પરસેવો છૂટે.

ઉત્તર :– હા, પરસેવો છૂટે. આહા..હા..! રૂપિયો હાથમાં આવ્યો ને પરસેવો (થયો). ભાઈસાહેબ પરસેવો થયો તને ? લાવ મૂકી દઉં. રૂપિયો રોતો હતો. પેલો પરસેવો ચડ્યો ને હાથમાં રાખ્યો એટલે. કંજુસની લક્ષ્મી ગતિ કરતી ફરતી નથી. એક ઠેકાણે રહે, એક ઠેકાણે પડી રહે છે એના જેલમાં. ધર્મી, ધર્માત્માની લક્ષ્મી એક ઠેકાણે રહેતી નથી. અહીંથી ગઈ ન્યાં ને ન્યાંથી જાય ન્યાં. રાગ મંદ કરે એટલે લક્ષ્મી એની પાસે રહેતી નથી. એની

પાસે સ્વરૂપ લક્ષ્મીની દૃષ્ટિ રહે છે. આ એની પાસે રહેતી નથી. આહા..હા..!

કહે છે કે, મનુષ્યપણું પામીને બધું જ છોડે છૂટકો છે મુક્તિ લેવી હોય તો. એને ઠેકાણે ગૃહસ્થમાં રહીને આવી દાનની તૃષ્ણા દાનમાંથી ન ઘટાડ તો એ ગૃહસ્થાશ્રમ મોહની જાળ પથ્થરની નાવ સમાન છે, એ પથ્થરની નાવ સમાન તારો ગૃહસ્થાશ્રમ છે. કેટલાકે તો કોઈ દિ' સામું જોયું ન હોય. દસ દસ લાખ, વીસ લાખ હોય. બસ્સો પાંચસો ખર્ચ્યા ન હોય ક્યાંય. અમારા ઘરની પાસ નથી. પાસ નથી એટલે સમજાય છે ? ઘરની રીત નથી. અમારા ઘરની એવી પટ્ટી નથી. અમે તો રાખીએ, ભેળવીને રાખીએ, જે આવે એ ભેળવીએ લક્ષ્મીમાં. અમારા ઘરમાં કોઈ બાપ-દાદાએ કાંઈ કર્યું નથી એટલે ક્યાંથી કરે. ભીખારા જેવી વૃત્તિ હોય. ભલે પાંચ, પચ્ચીસ લાખ મળ્યા હોય પણ રાંકા જેવા ભીખારી. એને રાગ ઘટાડવાનો ભાવ એ કરી શકે નહિ. સમજાણું કાંઈ ?

**'શકિત તથા ધનકે અનુસાર દાન તો અવશ્ય હી કરના ચાહિયે ક્યોંકિ યહ દાન હી સંસારસમુદ્રસે પાર કરનેવાલા હૈ. કિન્તુ દાનકે બિના જીવનકો તથા ધન કો કદાપિ વ્યર્થ નહીં ખોના ચાહિયે.' ૧૭.**

## શ્લોક-૧૮

**यैर्नित्यं न विलोक्यते जिनपतिर्न स्मर्यते नार्च्यते**
**न स्तूयेत न दीयते मुनिजने दानं च भक्त्या परम्।**
**सामर्थ्ये सति तद्गृहाश्रमपदं पाषाणनावा समं**
**तत्रस्था भवसागरे ऽतिविषमे मज्जन्ति नश्यन्ति च।।१८।।**

**અર્થ :– જો મનુષ્ય સમર્થહોનેપરભી નિરન્તર ન તો ભગવાનકા દર્શનહી કરતે હૈં તથા ન ઉનકા સ્મરણ હી કરતે હૈં ઔર ઉનકી પૂજા ભી નહીં કરતે હૈં તથા ન ઉનકા સ્તવન કરતે હૈં ઔર ન નિર્ગ્રન્થ મુનિયોંકો ભક્તિપૂર્વક દાનહી દેતે હૈં ઉન મનુષ્યોંકા વહ ગૃહસ્થાશ્રમરૂપસ્થાન પત્થરકી નાવકે સમાન હૈ તથા ઉસ ગૃહસ્થાશ્રમમેં રહનેવાલે ગૃહસ્થ ઇસભયંકર સંસારરૂપી સમુદ્રમેં નિયમસે ડૂબતે હૈં ઔર ડૂબકર નષ્ટ હોજાતે હૈં ઇસલિયે આચાર્ય ઉપદેશ દેતે હૈં કિ જો ભવ્યજીવ ગૃહસ્થાશ્રમકો તથા અપને જીવન ઔર ધનકો પવિત્ર કરના ચાહતે હૈં ઉનકો જિનેન્દ્રદેવકી પૂજા સ્તુતિ આદિકાર્ય તથા ઉત્તમાદિ પાત્રોંકેલિયે દાન અવશ્યહી દેના ચાહિયે. ૧૮.**

આહા..હા..! **'જો મનુષ્ય સમર્થ હોનેપર ભી...'** શક્તિ છે, શરીરમાં સામર્થ્ય છે, નિરોગતા છે વગેરે. **'નિરન્તર ન તો ભગવાનકા દર્શન હી કરતે હૈં...'** એ ભગવાનના દર્શન હંમેશા જિનપ્રતિમાના દર્શન સમકિતીને હંમેશા હોવા જોઈએ. શ્રાવકનું એ કર્તવ્ય છે. કેટલાકે તો પ્રતિમા જ ઉથાપી, ભગવાનનું દર્શન જ ઉથાપ્યું કે, એ તો પથ્થરની છે. અરે..! સાંભળને ! પથ્થરની કોણે ના પાડી ? પણ એ આકૃતિમાં નિક્ષેપ કરેલો છે કે, આ ભગવાન છે. 'જિન પ્રતિમા જિન સારખી' સમજાય છે કાંઈ ? 'ભાખી વાણી આગમમાંહી' અનાદિકાળથી એ પ્રથા વીતરાગ માર્ગમાં ચાલી આવે છે, નવી છે નહિ.

કહે છે કે, શક્તિ હોવા છતાં... નબળો હોય ને રોગ થઈને આમ પડ્યો રહે એ તો બિચારો દર્શન કરવા જઈ શકે નહિ, એમ કહે છે. શરીરમાં શક્તિ હોય, નીરોગતા હોને પર ભી નિરંતર, હોં ! જે **'यैर्नित्यं न विलोक्यते'** એમ છે. જિન પ્રતિમાના ભગવાનના દર્શન સાક્ષાત્ ભગવાન બિરાજતા હોય સમવસરણમાં એની તો બલિહારી છે, એ તો કાળ આ નથી. એના કાળને માટે આ વાત નથી. ગામમાં જિન મંદિર હોય, દેરાસર હોય, મહા પ્રતિમા ભગવાન બિરાજતા હોય અને દર્શન કરે નહિ. સમજાય છે ? એ ગૃહસ્થાશ્રમ પથ્થરની નાવ સમાન છે. એ પથ્થરની નાવ દરિયામાં બુડાડે એમ એનો આત્મા ચાર ગતિના જળમાં બુડી જાય છે.

ભગવાન ત્રણલોકના નાથ પરમાત્મા ! અહો..! જેના વિરહે કેવળજ્ઞાનીના વિરહ પડ્યાં, ભાવલીંગી સંતોના અત્યારે વિરહ પડ્યા ત્યાં તીર્થંકર ભગવાનની પ્રતિમા દેખવામાં આવે એને નિરંતર ધર્મી જીવ હંમેશા દર્શન કરે. મહિને બે મહિને સંભારે, એમ નહિ. સમજાણું કાંઈ ? **'यैर्नित्यं न विलोक्यते'** એવો પાઠ લીધો છે આચાર્યે. બાયડી ને છોકરાના મોઢા જોવાના મન થાય છે કે નહિ હંમેશા ? છોકરો સવારમાં દર્શન કરે તો આહા..હા..! કેવું તને શોભે છે, હોં ! ટોપી સારી શોભે છે, હોં ! દાગીનો સારો શોભે છે, ઘડિયાળ સારી શોભે છે. એનું મોઢુ જોવાનું મન થાય છે કે નહિ ? તને ત્રણલોકના નાથ વીતરાગના વિરહ પડ્યા, એના મૂર્તિને દેખવાના દર્શનનો ભાવ તને થતો નથી, પથ્થરની નાવ જેવો તારો ગૃહસ્થાશ્રમ છે. ભાઈ ! આહા..હા..!

(પ્રતિમા) ઉડાડી દીધી. સિંહ મારે નહિ ને ભગવાન તારે નહિ. પથ્થરનો સિંહ હોય એ કાંઈ મારે ? એમ ભગવાનના દર્શન ભગવાન કાંઈ તારે ? પણ તારેની ક્યાં વાત છે ? સાંભળને ! હવે. કોની વાત છે આ ? એને શુભભાવ, દયા-દાનના જેમ ભાવ થાય, એમ ભગવાનના દર્શનના શુભભાવનો પ્રહ્લાદ આવ્યા વિના રહે નહિ.

જેને શક્તિ (છે), છતાં ભગવાનના દર્શન નથી કરતો. **'તથા ન ઉનકા સ્મરણ હી કરતે હૈં...'** શક્તિ છતાં કરવો ને પછી સ્મરણ પણ (કરે), અહો..! ભગવાન વીતરાગ ત્રિલોકનાથ કેવા હતા ? અત્યારે ક્યાં છે ? એ શું કહે છે ? એનું સ્મરણ પણ કરતો

નથી. એનો બાપ કહી ગયો હોય એને યાદ કરે છે કે નહિ ? અમારા બાપ આમ કહેતા હતા, અમારા બાપ આમ કહેતા હતા, પણ આ તારો ધર્મબાપ શું કહેતો હતો, એને કોઈ દિ' યાદ કર્યું છે ? સમજાણું કાંઈ ?

કહે છે, **'ન ઉનકા સ્મરણ હી કરતે હૈં ઔર ઉનકી પૂજા ભી નહીં કરતે હૈં...'** એ ભગવાનની પૂજા કરતો નથી. જય નારાયણ કરીને ચાલ્યો જાય. ભાઈ ! વ્યવહાર પણ ચોખ્ખો આવ્યો. ભાઈ ! જેને વીતરાગ દર્શનની પ્રતીતિ થઈ છે એને વીતરાગ ભાવ પ્રગટેલાના ચારે નિક્ષેપો એને વંદનીય અને આદરણીય હોય છે. ભગવાનનું નામ પણ એને સ્મરણ થતા એને પુણ્ય બંધાય છે. સમજાય છે કાંઈ ? 'લોગસ્સ'માં નથી બોલતા ? ' ષભઅજીત..' શું નામ છે ? નામ છે. ન્યાં વિકલ્પ ઉઠ્યો છે ને નામ છે એ નિક્ષેપ છે. સમજાય છે કાંઈ ?

એમ ભગવાનની મૂર્તિ જિન પ્રતિમા, મંદિરો એના દર્શન, એનું સ્મરણ નથી કરતો, પૂજા નથી કરતો **'ન ઉનકા સ્તવન કરતે હૈં...'** સ્તુતિ વીતરાગ દેવ આવા, 'સમંતભદ્રાચાર્ય' તો કહે છે કે, મને સ્તુતિનું વ્યસન પડી ગયું છે. આવે છે ને ? 'સમંતભદ્ર', હોં ! જેને કથામાં કહે છે કે, તીર્થંકર થવાના છે. એ ભગવાનની સ્તુતિનું મને તો વ્યસન પડી ગયું છે. ભગવાન ત્રણલોકના નાથ આવા હતા. મને વ્યસન (થઈ પડ્યું છે). વ્યસન. આ બીડીનું વ્યસન પડે છે ને ? તમાકૂનું વ્યસન હોય છે ને ? આ કહે, મને ભગવાનની સ્તુતિનું વ્યસન થઈ ગયું છે. મહામુનિ, હોં ! મુનિ સંત હતા, એ પણ એવા શુભભાવની સ્તુતિનો એને ભાવ આવ્યા વિના રહેતો નથી.

એમ કહે છે કે, **'ન સ્તવન કરતે હૈં ઔર ન નિર્ગ્રન્થ મુનિયોંકો ભક્તિપૂર્વક દાન હી દેતે હૈં...'** સંતોને ભક્તિપૂર્વક, હોં ! અનુકંપાપૂર્વક નહિ, અનુકંપા તો બીજા જીવોની હોય. ધર્માત્માને તો ભક્તિપૂર્વક દાન કરતો નથી, **'ઉન મનુષ્યોંકા વહ ગૃહસ્થાશ્રમરૂપ સ્થાન પત્થરકી નાવકે સમાન હૈ...'** પથ્થરની નાવ છે, એ બુડશે, એમાં બેઠા એ બીજા પણ બુડશે. એનો આશ્રય રાખશે કે, એ આ અમારા બાપા નહોતા કરતા અમારે પણ ન કરવું. સમજાણું કાંઈ ? આવા એના કર્તવ્યો, હંમેશા ભગવાનના દર્શન સ્મરણ આદિના હોય છે એવો ધર્મીનો વ્યવહાર અહીંયા પ્રસિદ્ધ તરીકે જેવો છે એવો બતાવ્યો છે. વિશેષ કહેશું...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

# શ્લોક–૧૮ થી ૨૩
# પ્રવચન નં. ૪૦
## (વિક્રમ સંવત ૨૦૨૧, ભાદરવા સુદ ૨, શનિવાર)
## તા. ૨૮-૦૮-૧૯૬૫

આ 'પદ્મનંદિ પંચવિંશતિઃ'નો સાતમો અધિકાર. શ્રાવકના વ્રતનું પ્રકાશન. શ્રાવકને વ્રત કેવા હોય અને શ્રાવકને દાન આદિની ક્રિયા કેવી હોય, એનું આ વર્ણન કરવામાં આવે છે. પહેલી શરત તો એ કે, એને પ્રથમ સમ્યગ્દર્શન હોવું જોઈએ એની વાત છે અહીંયા. એ વિના કરે તો શુભભાવથી એને પુણ્ય બંધાય પણ એની દૃષ્ટિ પુણ્ય અને રાગ ઉપર હોવાથી મિથ્યાત્વનું મહાન પાપનું બંધન એને થાય, એથી એને જન્મ-મરણનો નાશ ન થાય. તેમ ધર્મી જીવ આત્માનો શુદ્ધ સ્વભાવ, એની દૃષ્ટિને લઈને સ્વરૂપમાં કદાચ એ સ્થિર થઈ શકતો નથી એથી પાપથી બચવા માટે આવા વ્રતાદિ, દાનાદિના ભાવ સમ્યગ્દૃષ્ટિને આવ્યા વિના રહેતા નથી. સમજાય છે કાંઈ ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કરે છે, એમ કહેવાય. વ્યવહારનયે કરે છે, કરવું જોઈએ એમ વ્યવહારનયથી કહેવાય. પણ એને ખરેખર એવો ભાવ આવે છે. વ્યવહારનયની કથની અને એનો પરમાર્થ શું છે એ જરી સમજ્યા વિના એમ ને એમ વ્યવહારથી (કરે તો સંસાર ફળે). વ્યવહારનયનું કથન એવું આવે, શ્રાવકે હંમેશા દેવદર્શન કરવા, પૂજા કરવી, આવ્યું કે નહિ અહીંયા ?

અઢારમી (ગાથા). **'જો મનુષ્ય સમર્થ હોનેપર ભી નિરંતર ન તો ભગવાનકા દર્શન હી કરતે હૈં...'** ભાષા શું આવે ? **'न विलोक्यते'** પોતાનો ભગવાન આત્મા જેને દૃષ્ટિમાં આવ્યો છે તેની પૂર્ણતાની પ્રાપ્તિ નથી, એથી જેને પૂર્ણ પ્રાપ્તિ થયેલી છે એની હાજરીમાં એની ભક્તિ આદિ હોય. એની હાજરી ન હોય તો ભગવાનના પ્રતિમા, ભગવાનનું મંદિર એના દર્શન સમકિતી જીવ શ્રાવકમાં વ્રતમાં રહેલો એણે હંમેશા કરવા જોઈએ. સમજાય છે કાંઈ ? એટલે કે એનો અર્થ એ કે, એને એવો શુભભાવ આવ્યા વિના રહે નહિ. સંસારના પાપ કરે છે એટલે બચવા માટે આવા શુભભાવ એને હોય છે. નહિતર એને શ્રાવકપણું રહી શકે નહિ.

**'ન ભગવાનકા દર્શન હી કરતે હૈં તથા ન ઉનકા સ્મરણ હી કરતે હૈં...'** ભાષા તો એમ જ આવે ને ? ખરેખર ધર્મી જીવને એવો ભાવ શુભભાવ નિમિત્તના લક્ષે ઉત્પન્ન થાય છે. એ કરવાની બુદ્ધિ નથી, કરવા જેવું (છે) એવી બુદ્ધિ નથી પણ પરિણતિમાં એવો શુભભાવ થયા વિના રહેતો નથી. ભારે વાત, ભાઈ ! સમજાણું કાંઈ ?

કહે છે કે, **'ઉનકી પૂજા ભી નહીં કરતે હૈં...'** ભગવાન ત્રિલોકનાથ પરમાત્માની પૂજા કરતા નથી. સંસારમાં પણ જુઓને ! ગૃહસ્થાશ્રમમાં હંમેશા માતા-પિતાને સજ્જન જીવો જઈને પગે લાગે. છે કે નહિ એને ? અમારે તો 'પાલેજ'માં તો એવા ન્યાં એક પેલા હતા 'વડોદરાવાળા'. અમે જોતા કે, એના છોકરાઓ, છોડીઓ સવારમાં ઉઠી એના બાપ પાસે એના બાપના મોટા ભાઈ પાસે જાય, પછી પગે લાગે ત્યારે એનો બાપ ચુંબન કરે હાથમાં. અમે ન્યાં જોતા 'પાલેજ'માં. જોડે દુકાન હતી ને આપણે ? પેલો કાપડવાળો, એનો મોટો ભાઈ. એ બધા છોકરાઓ સવારમાં ઉઠી પહેલાં પગે લાગે સૌને મા-બાપને મોટાને ત્યારે પેલો ચુંબન કરે હાથમાં. એવી વિધિ લૌકિકની રીતિમાં છે. સમજાય છે કાંઈ ? તો આ તો સર્વોત્કૃષ્ટ પરમાત્માના માર્ગની અંદર ત્રિલોકના નાથની મુખાકૃતિ જિનબિંબ જે છે એના દર્શન, સ્મરણ આદિ ધર્માત્માએ હંમેશા કરવા જોઈએ. સમજાણું કાંઈ ?

**'પૂજા ભી નહીં કરતે હૈં તથા ન ઉનકા સ્તવન કરતે હૈં ઔર ન નિર્ગ્રન્થ મુનિયોંકો ભક્તિપૂર્વક દાન હી દેતે હૈ...'** મહા સંત મુનિ ધર્માત્મા આનંદકંદમાં ઝુલવાવાળા, ઝુલવાવાળા એને દેખીને એને ભક્તિપૂર્વક જે આહાર આદિ ન દે, **'ઉન મનુષ્યોંકા વહ ગૃહસ્થાશ્રમરૂપ સ્થાન પત્થરકી નાવકે સમાન હૈ...'** એ પથ્થરની નાવ સમાન છે. **'તથા ઉસ ગૃહસ્થાશ્રમમેં રહનેવાલે ગૃહસ્થ ઇસ ભયંકર સંસારરૂપી સમુદ્રમેં નિયમસે ડૂબતે હૈં...'** ઉપદેશના વાક્ય છે ને ? સમ્યગ્દષ્ટિ ધર્મીને તો આવું હોય એ તો ડુબે નહિ, પણ સાધારણ જ્યાં ઉપદેશ ચાલે એમાં એને આ જાતનો ભાવ ન હોય અને એકલા પાપ ભાવ જ કરે તો એ ચાર ગતિમાં ઊંડા જ ડુબે. કહો, સમજાણું કાંઈ ?

**'ડૂબકર નષ્ટ હો જાતે હૈં...'** મનુષ્ય ભવનો નાશ કરી નાખે છે. ચાર ગતિમાં જાય રખડવા. **'ઇસલિયે આચાર્ય ઉપદેશ દેતે હૈં કિ જો ભવ્યજીવ ગૃહસ્થાશ્રમકો તથા અપને જીવન ઔર ધનકો પવિત્ર કરના ચાહતે હૈં...'** એટલે શુભભાવ કરવા માંગે છે. **'ઉનકો જિનેન્દ્રદેવકી પૂજા સ્તુતિ આદિ કાર્ય તથા ઉત્તમાદિ પાત્રોંકે લિયે દાન અવશ્ય હી દેના ચાહિયે.'** પાત્ર. આ પેટમાં આટલું નાખું છું તો કોઈ ધર્માત્મા, શ્રાવક, મુનિ આદિ મળે તો હું આ દાન આપુ. સમ્યગ્દષ્ટિ અવિરતી પણ જઘન્યપાત્ર છે. શ્રાવક જે ધર્માત્મા હોય એ મધ્યમપાત્ર છે અને મુનિ હોય એ ઉત્કૃષ્ટપાત્ર છે. સમજાણું કાંઈ ?

# શ્લોક–૧૯

आचार्य दाताकी महिमाका वर्णन करते हैं।

**चिन्तारत्नसुरद्रुकामसुरभिस्पर्शोपलाद्या भुवि**
**ख्याता एव परोपकारकरणे दृष्टा न ते केनचित्।**
**तैरत्रोपकृतं न केषुचिदपि प्रायो न संभाव्यते**
**तत्कार्याणि पुनः सदैव विदधद्दाता परं दृश्यते।।१९।।**

**અર્થ :– ચિન્તામણિરત્ન, કલ્પવૃક્ષ, કામધેનુ, પારસપત્થર આદિક પદાર્થ સંસારમેં પરોપકારી હૈ યહ બાત આજ તક સુનીહી હૈ કિન્તુ કિસીને અભીતક યે સાક્ષાત્ ઉપકાર કરતે હુવે દેખે નહીં હૈં તથા ઉન્હોંને કિસીમેં ઉપકાર કિયા હૈ ઇસબાતકીભી સંભાવના નહીં કીજાતી પરન્તુ ચિન્તામણિરત્ન આદિકે કાર્યકો કરનેવાલા દાતા (મનોવાંછિત દાનદેનેવાલા) અવશ્ય દેખનેમેં આતા હૈ ઇસલિયે ચિંતામણિરત્ન, કલ્પવૃક્ષ આદિ ઉત્કૃષ્ટ પદાર્થ દાતાહી હૈં કિન્તુ ઇનસે ભિન્ન ચિંતામણિ આદિક કોઈ પદાર્થ નહીં હૈં. ૧૯.**

શું આચાર્ય કહે છે ? અહો..! જગતની કરુણા માટે આચાર્યને એક વિકલ્પ આવ્યો ને આ અધિકાર શ્રાવકના વ્રતો, આ પાંચ અણુવ્રતના પાલન સહિતના આવા દાન આદિના ભાવ એને હોય છે. શું કહે છે ? મુનિ છે, હોં ! પંચ મહાવ્રતધારી જંગલમાં વસનારા આચાર્ય કહે છે, આ '**ચિન્તામણિ રત્ન,...**' સાંભળીએ છીએ પણ કોઈએ નજરે જોયું નથી. ચિન્તામણિ રત્ન દેવ અધિષ્ઠિત થાય છે ને ? જેના હાથમાં એ ચિન્તામણિ રત્ન આવે એ ઇચ્છા કરે એ પ્રમાણે એને મળે. કહે છે '**યહ બાત આજતક સુની હી હૈ...**' કે, જગતમાં '**ચિન્તામણિરત્ન (હૈ), કલ્પવૃક્ષ (હૈ),...**' એમ આજ સુધી વાત છે, એ કલ્પવૃક્ષ તો અહીંયા જુગલીયામાં છે. અને '**કામધેનુ,...**' ગાય. એ માગે ત્યારે દૂધ મળે, એવી ગાય પણ .... એ હોય પણ છે. ત્યાં હતી 'વઢવાણમાં' કામધેનુ ગાય હતી. 'વઢવાણ', 'વઢવાણ'. .... ઘરે ખબર છે ને ? એ માગે ત્યારે દૂધ આપતી, માગે ત્યારે દૂધ તૈયાર, જ્યારે (માગે) ત્યારે તૈયાર.

મુમુક્ષુ :– .....

ઉત્તર :– હા, એ હતી ખરી પણ એની બાયડી મરીને (ગાય) થઈ હતી, એમ કહે

છે. એ કહે છે એ બધી ખબર છે. ખબર છે ખરી એ કહે છે એના બૈરા મરી... દૂધ આપતી હશે સાધારણ

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા, હતી ને ખબર છે ને. કહો, સમજાય છે ? એ ગાય હતી, હોં ! એમ કહે બાઈ હતી, મરીને થઈ ગાય અને એ ગાયને પછી કાંઈ આપતી હશે સાધારણ દૂધ પણ એને પછી એના ઉપર બહુ પ્રેમ થઈ ગયો કે, આ મારી સ્ત્રી મરીને થઈ... આપે દૂધ... આને તો ... જોકે આ ગાયને તો એણે દાટી છે ને એના ઉપર મોટું અઢાર હજારનું મંદિર કરાવ્યું છે. પછી એના ઉપર બધું લખ્યું છે, હે માતા ! મેં તને ઓળખી નહિ, ફલાણું... આવે છે ને 'શ્રીમદ્'માં ? હે પ્રભુ ! આવે છે ને ? ક્ષમાપનાનો પાઠ. એવું માથે લખ્યું છે અંદર. બધી ભ્રમણાઓ. પણ કોઈ ઠેકાણે કામધેનુ ગાય હોય છે.

ચોથામાં **'પારસપથ્થર...'** પારસમણિ પથ્થર હોય છે કે, જે લોઢાને અડવાથી કાટ વિનાનું લોઢુ હોય તો સોનું થાય. કાટ વિનાનું હોય તો. **'આદિક પદાર્થ સંસારમેં પરોપકારી હૈ યહ બાત આજતક સુની હી હૈ...'** આજ તક સાંભળી છે. **'કિન્તુ કિસીને અભીતક યે સાક્ષાત્ ઉપકાર કરતે હુવે દેખે નહીં હૈં તથા ઉન્હોંને કિસીને ઉપકાર કિયા હૈ ઇસબાતકી ભી સંભાવના નહીં કી જાતી...'** ખરો ઉપકાર એણે કર્યો નથી. **'પરન્તુ ચિન્તામણિ રત્ન આદિકે કાર્યકો કરનેવાલા દાતા (મનોવાંછિત દાન દેનેવાલા)...'** દાતા. જ્ઞાન માટે, ભક્તિ માટે, મંદિર માટે જે માગે એને માટે તૈયાર એવા દાતા જગતમાં કહે છે કે, મળવા દુર્લભ છે અને એ ચિન્તામણિ રત્ન છે મારે તો, એમ કહે છે. સમજાય છે કાંઈ ? એ ચિન્તામણિ રત્ન દાતા છે.

એક દાતા એવો હતો કે બધા માણસો જ્યાં પૈસા લેવા ગયા. .... જોતા હશે પણ ગયા ત્યાં પેલો બીડી પીતો હતો. એમાં એક બીડી પી અને દિવાસળી હોય ને ? કટકો દિવાસળીનો એ નાખ્યો પાછો બાકસમાં અને પેલા લેવા આવેલા કાંઈક લખાવે પાંચ, સાત હજાર. આ દિવાસળીનો અડધો ભાગ પાછો બાકસમાં નાખે એ તે શું આપશે ? એટલે કહે, સાહેબ ! અમે આશાથી આવ્યા છીએ આપની પાસે. શું છે આશા ? ભાઈ ! શું આશા છે ? કે, આપ કાંઈ પાંચસો, હજાર નોંધાવશો. રૂપિયા ... વધારે ? પેલા તો ... આ બીડીને અડધી દિવાસળીને પીને નાખે પાછી, એ તે કેટલું આપશે ? કેટલી જરૂર છે તમારે ? સાહેબ જુઓને ! જરૂર તો પચ્ચીસ હજાર રૂપિયાની છે. 'એક પચ્ચીસ હજારનો ચેક આપી દેજો એને.' આ ભારે ભાઈ. ભાઈ ! તમને શંકા પડી હોય તો કે, આ દિવાસળી મારે અહીં ક્યાં નાખવી ? એટલે આમાં નાખી હતી. આડીઅવળી ન ફેંકતા એમાં નાખી હતી. એના ઉપરથી તમે મારું માપ કાઢ્યું હોય તો મને .... પણ બાપા એ નાખી કારણસર નાખી છે, સમજાય ને ? બહાર આડીઅવળી ફરી જાય, આગળ નાખવી, (તેના કરતાં)

આમાં નાખી પછી બાકસ આખું નાખી દેશું. પણ એથી તમે માપ કરીને માંગવામાં ભૂલ્યા હતા તે મને ખ્યાલ આવે છે. તમે કહેવામાં બોલ્યા હતા કે, આ શું કરશે ? કેટલી જરૂર છે ? કે, સાહેબ ! પચ્ચીસ હજારની. ચેક ફાડી દયો પચ્ચીસ હજારનો. પેલા શરમાઈ ગયા બિચારા.

એમ અહીંયા કહે છે, ચિન્તામણિ રત્ન તો દુનિયામાં કહે છે પહેલામાં આવ્યું છે પણ આ **'ચિન્તામણિરત્ન આદિકે કાર્યકો કરનેવાલા દાતા...'** પારસમણિ જેવા દાતા, કામધેનુ જેવા બધી ઉપમા આપી એને. આહા..હા..! શાસ્ત્રમાં એવી મોટી પૂજા ને ભક્તિ ચાલી છે. અબજો રૂપિયા ખર્ચે, અબજો રૂપિયા ! ઇન્દ્રની પૂજા છે, ચક્રવર્તીની પૂજા છે, સાધારણ ગૃહસ્થની પૂજા છે ચાર પ્રકારની પૂજા ચાલી છે. એમાં સૌથી પહેલું. કહે છે કે, **'દાતા અવશ્ય દેખનેમેં આતા હૈ...'** આવા દાતાઓ ધર્મની શોભા, ધર્મની પ્રભાવના કરનારાઓ, એ દાતાઓ જોવામાં આવે એને અમે ચિન્તામણિ રત્ન ને કામધેનુ કહીએ છીએ.

જ્યારે જોઈએ ત્યારે આપે એ કામધેનુ ગાય, જ્યારે જેમાં જોઈતું હોય એમાં પૈસા દાનના, દયાના, પ્રભાવનાના, ભક્તિના ખર્ચે એને અમે કામધેનુ અને ચિન્તામણિ રત્ન કહીએ છીએ. **'ઇસલિયે ચિન્તામણિરત્ન, કલ્પવૃક્ષ આદિ ઉત્કૃષ્ટ પદાર્થ દાતા હી હૈં...'** લ્યો ! અહીં તો આચાર્ય પોતે કહે છે, જુઓ! **'કિન્તુ ઇનસે ભિન્ન ચિન્તામણિ આદિક કોઈ પદાર્થ નહીં હૈં.'** આ તો આ મહાદાતા ધર્માત્મા. આહા..હા..! અબજોપતિ હો કે સાધારણ હો એને જે જોઈતું હોય એ આપે મનોવાંછિત, પછી એ જ ચિન્તામણિ રત્નનો દાતાર બધી શોભાના કરનાર છે. હવે જરીક શ્રાવકને મંદિર હોય એવી વાત કરે છે.

## શ્લોક–૨૦

**यत्र श्रावकलोक एष वसति स्यात्तत्र चैत्यालयो**
**यस्मिन्सोऽस्ति च तत्र सन्ति यतयो धर्मश्च तैर्वतते।**
**धर्मे सत्यघसंचयो विघटते स्वर्गापवर्गाश्रयं**
**सौख्यं भावि नृणां ततो गुणवतां स्युः श्रावकाः संमताः।।२०।।**

**અર્થ :– જિસ નગર તથા દેશમેં શ્રાવકલોગ રહતે હૈં વહાંપર જિનમંદિર હોતા હૈ ઔર જહાંપર જિનમંદિર હોતા હૈ વહાંપર યતીશ્વર નિવાસ કરતે હૈં ઔર જહાંપર યતીશ્વરોંકા નિવાસ હોતા હૈ વહાંપર ધર્મકી પ્રવૃત્તિ રહતી હૈ તથા જહાંપર ધર્મકી પ્રવૃત્તિ રહતી હૈ વહાંપર અનાદિકાલસે સંચયકિયે હુએ**

**પ્રાણિયોંકે પાપોંકા નાશ હોતા હૈ તથા ભાવિકાલમેં સ્વર્ગ તથા મોક્ષકે સુખોંકી પ્રાપ્તિ હોતી હૈ ઇસલિયે ગુણવાન મનુષ્યોંકો ધર્માત્મા શ્રાવકોંકા અવશ્ય આદર કરના ચાહિયે. ૨૦.**

જુઓ ! અહીં આચાર્ય મહારાજ મહામુનિ છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન આચાર્ય છે. એ પણ કહે છે કે, શ્રાવક પણ, શ્રાવકો અવશ્ય આદર કરવા લાયક છે. પણ કેવા શ્રાવક ? **'જિસ નગર તથા દેશમેં શ્રાવક લોગ રહતે હૈં વહાંપર જિનમંદિર હોતા હૈ...'** સમજાય છે કાંઈ ? પોતાની શક્તિ પ્રમાણે ત્યાં હંમેશા દેવદર્શન કરવા હોય, જિન મંદિર હોય ત્યાં. ભાઈ ! આ અનાદિની વાત છે, હોં ! આ જિન મંદિરની. કોઈએ કાઢી નાખી છે વાત એણે મહા તત્ત્વનો વિરોધ કરીને અનંત જ્ઞાનીની અશાતના કરીને અનંત સંસાર વધાર્યો છે. સમજાણું કાંઈ ? અનાદિથી આ માર્ગ ચાલ્યો આવે છે. મુનિ પોતે આ તો પંચ મહાવ્રત ધારી આચાર્ય જંગલમાં વસનારા સંત કહે છે. સમજાણું કાંઈ ?

**'જિસ નગર તથા દેશમેં શ્રાવક લોગ રહતે હૈં વહાંપર જિનમંદિર હોતા હૈ...'** સમજાણું કાંઈ ? હંમેશા દેવદર્શન કરવા માટે એનો ભાવ થયા વિના રહે નહિ. **'જહાંપર જિનમંદિર હોતા હૈ વહાંપર યતીશ્વર નિવાસ કરતે હૈં...'** જિન મંદિર હોય ત્યાં ધર્માત્મા આવે કે, ભાઈ ! અહીં મંદિર છે ગામમાં ? ચાલો આપણે. મુનિ હોય કે શ્રાવક હોય કે ધર્માત્મા હોય તો દર્શન કરવા આવે. ત્યાં બે ઘડી બેસે તોપણ ધર્મોપદેશનો લાભ મળે. ભાઈ ! ઘરનું મકાન કેવું બનાવે છે ? શું કહેવાય આ ? ચિરોડી, એ ચિરોડીના મસાલાનો રંગ આમ ચડાવે મકાનમાં, પાકો રંગ. થાંભલા ચિરોડીના પાકા રંગના. આ પોરબંદરીયા હોય છે ને ? તમારા કામ કરનારા નથી ? એના બધા એ આ કામમાં આવ્યા છે ને બધા ? ઊંચામાં ઊંચા કરે, આરસપહાણ જેવા દેખાવ થાય એવું કરે.

અહીં કહે છે, ગૃહસ્થાશ્રમ માટે તું આ જાતના પાપ કરે છો તો ભગવાનનું મંદિર આદિ તારે દર્શન (કરવા હોય અને એમ કહે કે), અમે બે ઘર છીએ તો શું કરીએ ? પણ બે ઘરનું મંદિર તો જોઈએ એમ અહીં કહે છે. એ..ઇ..! સમજાણું કાંઈ ? ભાઈ ! છોડીના લગન કરવા હોય તો દસ હજાર ખર્ચી નાખે ત્યાં. ભાઈ' કહેતા હતા, ક્યાં ગયા ? એ ભાઈ કહે કે, છોડીના લગન માટે કાંઈ ખરડો કરવા જાઈએ છીએ ? શું કહેતા હતા ? છોડીના લગન હોય તો ખરડો કરવા જઈએ છીએ ? એમ મંદિર કરવું હોય તો ખરડો કરવા કો'કને ઘરે જાવું કે ઘરમાં વાપરવું, એમ કહેતા હતા એક ફેરી, લ્યો ! છોડીના લગન કરીએ છીએ ત્યારે આઠ-દસ હજાર (માટે) ખરડો કરવા જઈએ છીએ ? એમ ઘરે જિન મંદિર, જિન શોભા એવા કરવા માટે કો'ક નો ખરડો કરવો ? ખરડો સમજાય છે ? ચંદા, ચંદા. એમ એક ફેરી કહેતા હતા, હોં ! બરાબર છે કે નહિ ? ચંદા કરવા જાય ? કે, મારી દીકરાના લગન કરવા મોટા કરોડપતિના દીકરા આવવાના છે. માટે જરીક ખરડો

કરી દ્યો. બે ત્રણ હજાર, દસ હજાર. એ પચાસ હજાર ખર્ચે ન્યાં સાધારણ હોય તો, હોં ! લાખ લાખ ખર્ચે, બબ્બે લાખ ખર્ચે. ભાઈ !

આ લાખ રૂપિયા હમણાં ખર્ચ્યા નહોતા ? ધૂળ માટે દુનિયાની આબરુ માટે નાક માટે છે ને ? તો કહે છે કે, દુનિયા માટે કરે અને ભગવાનનું મંદિર જેમાં ત્રણલોકના નાથનો વાસ પ્રતિમા જેમાં બિરાજે એવું શ્રાવક હોય ત્યાં મંદિર હોવું જોઈએ, હંમેશા દર્શન કરવા જોઈએ. સમજાણું કે નહિ ? ક્યાં ગયા ? અહીં આવ્યું છે ને આ ?

**'જહાંપર જિનમંદિર હોતા હૈ વહાંપર (ધર્માત્મા) યતીશ્વર નિવાસ કરતે હૈં...'** કોઈ શ્રાવક નીકળ્યો હોય, કાંઈ વેપાર ધંધો હોય કે, ચાલો ભાઈ ! જિનંમદિરના દર્શન કરીએ તો ત્યાં સાધર્મી ભેગા થઈને વાંચન થાય, શાસ્ત્રની ચર્ચા-વાર્તા થાય. એવું મંદિરનું સ્થાન હોય તો થાય, મંદિર ન હોય તો શું થાય ? દુકાને ભેગા થાય પાપના વેપાર માટે ત્યાં.

**'ઔર જહાંપર યતીશ્વરોંકા નિવાસ (ધર્માત્મા આદિકા) હોતા હૈ વહાંપર ધર્મકી પ્રવૃત્તિ રહતી હૈ...'** વાંચન કરે. પેલો (સાધર્મી) આવે તો પુસ્તક આ છે કે નહિ ? ફલાણું છે કે નહિ ? જુઓ ! આ પ્રમાણે શાસ્ત્રના સ્વાધ્યાય, નિશ્ચય શું, વ્યવહાર શું, એની ચર્ચાઓ ચાલે તો ત્યાં જ્ઞાનની વૃદ્ધિ થાય. **'જહાંપર ધર્મકી પ્રવૃત્તિ રહતી હૈ વહાંપર અનાદિકાલસે સંચય કિયે હુએ...'** લ્યો ! જ્યાં ધર્મની આવી પ્રવૃત્તિ જિન મંદિરમાં થાય, સ્વાધ્યાય થાય, વાંચન થાય, પ્રશ્ન-ઉત્તર આદિ થાય ત્યાં અનાદિકાળના સંચય કરેલા પ્રાણીઓના **'પાપોંકા નાશ હોતા હૈ...'** ભગવાન પરમાત્માની શ્રદ્ધા. આ તો મૂળમાંથી ઉડાડી દીધું. ભગવાનને પથ્થર પથ્થર કરીને. સમજ્યા ને ? 'પેલો જીવતો સિંહ મારે નહિ ને ભગવાન તારે નહિ' પણ સાંભળ ! ભગવાન કોણ તારતા હતા ? સાંભળ તો ખરો!

મુમુક્ષુ :– જીવતો મારે.

ઉત્તર :– જીવતો સિંહ મારે છે ક્યાં ? એ તો આત્માને પ્રમોદ જ્યારે આવે તો ભગવાનની આકૃતિના દર્શન કરવાનો ભાવ આવે. એવો ભાવ ન આવે તો એને શ્રાવકપણું રહેતું નથી. કહો, સમજાણું કાંઈ ? આહા..હા...! જિંદગી ક્ષણમાં ચાલી જાય છે. ક્યારે પરપોટો ફૂટી જશે. પાણીના પરપોટા ઉપર આમ ક્યારે ફૂટીને પાણીમાં સમાય જાશે. એમ આ અનિત્ય જીવન, ચપળ જીવન, ચપળ લક્ષ્મી. એમાં કહે છે કે, આવું જો કાંઈ ન કર્યું તો એનો સંસાર ચાર ગતિમાં એ બુડશે.

**'ભાવિકાલમેં સ્વર્ગ તથા મોક્ષકે સુખોંકી પ્રાપ્તિ હોતી હૈ...'** ધર્માત્મા છે એની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે અને સાથે આવા પુણ્ય વ્રતો જ્ઞાન દાનના કરે છે તો એ સ્વર્ગમાં જ જાય અને સ્વર્ગમાંથી નીકળીને ઉત્તમ કુળમાં જેનો અવતાર થાય અને ઉત્તમ કુળમાં પછી ત્યાગ કરીને મુનિપણું લઈને કેવળજ્ઞાનને પામે.

'ઇસલિયે ગુણવાન મનુષ્યોંકો ધર્માત્મા શ્રાવકોંકા અવશ્ય આદર કરના ચાહિયે.' જુઓ ! **'श्रावकाः सम्मताः'** શ્રાવકો માન્ય છે, એમ નહિ કે ગૃહસ્થાશ્રમમાં બાયડી-છોકરા પણ ધર્મી છે ને ? દૃષ્ટિ સત્ય છે, વ્રત પાળે છે, દાન આદિના કામમાં જોડાય છે એવા શ્રાવકો ગૃહસ્થાશ્રમમાં પણ માન્ય અને સંમત કરવામાં આવે છે. એમ આચાર્ય મહારાજ પોતે કહે છે અહીંયા. સમજાણું કાંઈ ?

'ધર્માત્મા શ્રાવક હી અપને ધનસે જિનમન્દિરકો બનવાતે હૈં તથા જિનમન્દિરોંમેં યતીશ્વર નિવાસ કરતે હૈં ઔર યતીશ્વરોંસે ધર્મકી પ્રવૃત્તિ હોતી હૈ તથા ધર્મસે પાપોંકા નાશ તથા ઉત્તમ સ્વર્ગ મોક્ષ આદિકે સુખોંકી પ્રાપ્તિ હોતી હૈ ઇત્યાદિ યે સમસ્ત બાતેં શ્રાવકોંકે દ્વારા હી હોતી હૈ. યદિ શ્રાવક ન હોવે તો યે બાતેં કદાપિ નહીં હો સકતી...' કહો, સમજાણું કાંઈ ? 'ઇસલિયે એસે ઉત્તમશ્રાવકોંકા ભવ્યજીવોંકોં અવશ્ય આદર સત્કાર કરના ચાહિયે.' ધર્મી ધર્માત્મા છે ... અણુવ્રત આદિના પરિણામ છે એવાને ધન્ય કહ્યું છે.

## શ્લોક-૨૧

**काले दु:खमसंज्ञके जिनपतेर्धर्मे गते क्षीणतां**
**तुच्छे सामयिके जने बहुतरे मिथ्यान्धकारे सति।**
**चैत्ये चैत्यगृहे च भक्तिसहितो यः सोऽपि नो दृश्यते**
**यस्तत्कारयते यथाविधि पुनर्भव्यः स बन्द्यः सताम्।।२१।।**

**અર્થ :– ઇસ દુ:ખમ નામ કાલમેં જિનેન્દ્રભગવાનકે ધર્મકે ક્ષીણ હોનેસે તથા આત્માકે ધ્યાનકરનેવાલે મુનિજનોંકી વિરલાયતસે ઔર ગાઢ મિથ્યાત્વરૂપી અંધકારકે ફૈલજાનેસે જો જિનેન્દ્રભગવાનકી પ્રતિમામેં તથા જિનમંદિરોંમેં ભક્તિસહિત થે તથા ઉનકો ભક્તિપૂર્વક બનવાતે થે વે મનુષ્ય ઇસસમય દેખનેમેં નહીં આતે હૈં કિન્તુ જો ભવ્યજીવ ઇસસમય ભી વિધિકે અનુસાર ઉન જિનમંદિર આદિ કાર્યોંકો કરતા હૈ વહ સજ્જનોંકા વંદ્ય હી હૈ અર્થાત્ સમસ્ત ઉત્તમપુરુષ ઉસકી નિર્મલ હૃદયસે સ્તુતિ કરતે હૈં. ૨૧.**

શું કહે છે ? **'ઇસ દુ:ખમ નામ કાલમેં જિનેન્દ્રભગવાનકે ધર્મકે ક્ષીણ હોનેસે...'** વીતરાગ માર્ગનો ધર્મ ક્ષીણ થઈ ગયો, ઘણો ઘટી ગયો. ઓહો..હો..! થોડા અનાર્ય જન્મે, જૈન આર્યમાં થોડા, તેમાં પણ ધર્મના સમજનારા થોડા, સમય અલ્પ બહુ ... એમાં સાધુ

તો કોઈ વિરલ હોય ક્યારેક. સમજાય છે કાંઈ ? થોડા આર્ય, અનાર્યજનથી, આર્ય જૈનમાં થોડા અને આર્યમાં પણ જૈન થોડા અને એમાં પણ સમ્યગ્દષ્ટિ આદિ પામેલા થોડા અને એમાં પણ એમાં કોઈ મુનિ આદિ ધર્માત્મા એ તો કોઈ મહા વિરલ. સારે કાળે વિરલ હોય એવા કાળમાં અત્યારે તો કહે છે, ભગવાનનો ધર્મ ક્ષીણ થઈ જાય છે. **'આત્માકે ધ્યાન કરનેવાલે મુનિજનોંકી વિરલાયતસે...'** જે આત્મધ્યાન અંદર અમૃતના કુંડમાં પડતા હતા. અમૃતના દરિયા અંદરમાં ધ્યાનમાં ઉછાળતા એવા મુનિની વિરલતા થઈ. સમજાણું કાંઈ ?

**'ગાઢ મિથ્યાત્વરૂપી અંધકારકે ફૈલ જાનેસે...'** જ્યાં જુઓ ત્યાં મિથ્યાદષ્ટિપણે મિથ્યાત્વના ભાવો વિસ્તાર પામી ગયા. એના અર્થો ને એના પુસ્તક ને બધા માણસ નીકળ્યા. **'જિનેન્દ્ર ભગવાનકી પ્રતિમામેં...'** આવા કાળમાં. **'જિનેન્દ્ર ભગવાનકી પ્રતિમામેં તથા જિનમંદિરોંમેં ભક્તિસહિત થે તથા ઉનકો ભક્તિપૂર્વક બનવાતે થે... '** ભક્તિપૂર્વક બનાવતા હતા. કો'કના દબાણથી (નહિ). સમજાણું કાંઈ ? કે, અહીંયા બધે થાય તો આપણે કરવું પડશે એમ નહિ. સમજાણું કાંઈ ? ભક્તિપૂર્વક કરતા હતા, એમ કહે છે. આહા..હા..! જિનેન્દ્ર ભગવાનની પ્રતિમા તથા જિન મંદિરમાં ભક્તિ સહિત છે. એ જિનમંદિર પણ એક દેવ છે, પ્રતિમા પણ એક દેવ છે, વીતરાગની વાણી પણ દેવ છે અને પંચ પરમેષ્ઠી દેવ છે. સમજાણું કાંઈ ? એવી દેવની ભક્તિ, ભક્તિથી કરતા હતા.

**'ભક્તિપૂર્વક બનવાતે થે વે મનુષ્ય ઇસ સમય દેખનેમેં નહીં આતે હૈં...'** એવા ભક્તિપૂર્વક ઉલ્લાસથી કરતા હતા. કહે છે કે, એવા જીવો આ કાળમાં (દેખાતા નથી). જુઓ ! એ વખતે આચાર્ય નવસો વર્ષ પહેલા થઈ ગયા. આ કાળમાં એવા જીવ દેખાતા નથી. **'કિન્તુ જો ભવ્યજીવ ઇસસમય ભી વિધિકે અનુસાર ઉન જિનમંદિર...'** વિધિના અનુસાર, હોં ! વીતરાગ જિનબિંબ **'આદિ કાર્યોંકો કરતા હૈ...'** કહો, સમજાણું ? **'વહ સજ્જનોંકા વંદ્ય હી હૈ...'** શું કહ્યું ? એ સજ્જનોને વંદ્ય છે, એ સજ્જન જીવોને આદરણીય કરવા લાયક છે. એ સજ્જનને ગુણ-ગાન કરવાવાળા છે.

**'સજ્જનોંકા વંદ્ય હી હૈ અર્થાત્ સમસ્ત ઉત્તમપુરુષ ઉસકી નિર્મલ હૃદયસે સ્તુતિ કરતે હૈં.'** એવા પુરુષો ધર્માત્મા સમ્યગ્દૃષ્ટિ ને એમાં આવા મંદિરો ભગવાનની પ્રતિમા, એની પૂજા-સ્તુતિ કરનારા, દાન એને માટે દેનારા, એવા તો જગતને વંદ્ય છે, જોયું ? વંદ્ય એટલે સ્તુતિ કરવા લાયક. સમજાય છે કાંઈ ? એની પ્રશંસા કરવા લાયક એવા જીવો છે. **'સમસ્ત ઉત્તમપુરુષ ઉસકી નિર્મલ હૃદયસે સ્તુતિ કરતે હૈં.'** લ્યો !

હવે શ્લોક આવ્યો ૨૨મો. ભક્તિપૂર્વક, અહીં કીધું હતું ને ? ભક્તિપૂર્વક. ભક્તિપૂર્વક કરતા હતા, પ્રેમથી કરતા હતા, દેખાદેખી નહિ એમ મેં પહેલું કહ્યું. અહીં કર્યું માટે આપણે

કરવું પડે એમ નહિ. એક ફેરી એક જણાનું લખાણ આવ્યું હતું, આ બધે થાય માટે હવે અમારે પણ ગામમાં કરવું પડશે માટે બધા મદદ કરો તો કરીએ. ઘણા વર્ષની વાત છે. નામ, ઠામ, ગામ બધી ખબર છે. કહો, સમજાણું કાંઈ ? એમ કહે બધે થાય છે તો હવે આપણે પણ કરવું પડશે અમારે માટે બધા મદદ કરો, બીજાઓ મદદ કરો તો અમારા ગામમાં થાય. ભાઈ !

એક તો જાણે પ્રતિમાને માનતા નહોતા એમાં પાછી માંડ માંડ આવ્યા. એમાં પણ હવે પછી કહે બધે આપણે ... એમાં અને હવે ન્યાં બધે ઘણે ઠેકાણે મંદિર થાય તો આપણે પણ કરવું પડશે. બીજા સાધનસંપન્ન જીવો અમને મદદ કરો તો અમે ગામમાં બનાવીએ. પણ તારા ગામમાં તારી શક્તિ પ્રમાણે મકાન તું બનાવે છે ને ઘરના ? ઘરના મકાન વિનાનો રહે છે ? મકાન બનાવે છે કે નહિ દસ-દસ હજાર, વીસ-વીસ હજાર, પચાસ હજાર, લાખ, લાખના ? વીતરાગનું મંદિર, પ્રતિમા અહો..! હંમેશાના દર્શન, કાયમની પૂજા-ભક્તિ ચાલે, સમજ્યા ? સ્તુતિ ચાલે, શ્રવણ ચાલે, ચર્ચા, વાર્તા (ચાલે). વીતરાગ આદિ શું છે. ઇન્દ્રો જેની સેવા કરવા આવે છે.

'અષ્ટાહ્નિકા'માં ભગવાનની પ્રતિમાઓ બહાર નંદિશ્વર દ્વિપમાં બિરાજે છે. ઇન્દ્રો ત્યાંથી આઠ આઠ દિ' ઇન્દ્રો (સ્વર્ગમાંથી) નીકળીને ત્યાં સ્તુતિ કરવા ને ભક્તિ કરવા જાય છે. એવા પાઠો શાસ્ત્રમાં છે, હોં ! આહા..હા..! ૩૨ સૂત્રમાં પણ છે. નંદિશ્વર દ્વિપમાં પ્રતિમાઓ છે એકસો ને આઠ આઠ, મણિરત્નની છે, શાશ્વત પ્રતિમાઓ છે, એવું લખાણ છે પણ અર્થ ફેરવી નાખ્યા. એ જક્ષની હતી, એ ફલાણાની હતી.

એક વખત મેં (સંવત) ૧૯૭૩ માં ખાનગી પૂછ્યું. ખાનગી (સંવત) ૧૯૭૩ ની સાલની વાત છે. કીધું આ શાશ્વત પ્રતિમા ને લખાણમાં .... પ્રમાણે આવે છે. શાશ્વત પ્રતિમામાં લખાણ.... સૂત્ર છે. .... એટલે જિનના ઊંચા પ્રમાણમાં. જુઓ ! આ જક્ષની મૂર્તિ હોય તો જિનના ઊંચા પ્રમાણની ઉપમા આપે નહિ. (સંવત) ૧૯૭૩ની સાલની વાત છે. માટે આ મૂર્તિઓ નથી માનનારા, જક્ષની મૂર્તિ દેવમાં છે, એમ કહેનારા જૂઠા બોલે છે બધા. શાસ્ત્રનો વિરોધ કરે ને તત્ત્વનો વિરોધ કરે છે. ખાનગી કહ્યું, જેને પૂછ્યું એને ખાનગી પૂછ્યું એને (કહ્યું). 'છે તો તીર્થંકરની મૂર્તિ.' અરે..! શાશ્વત તીર્થંકરની પ્રતિમાઓને તમે પુસ્તકમાં જક્ષની ઠરાવો છે. બહારમાં જક્ષની કહો, બીજા પૂછે એને દેવની કહો, આ ખાનગી પૂછે તો તીર્થંકરની કહો. સમજાણું કાંઈ ? (સંવત) ૧૯૭૩માં આમ કહ્યું. આ તો બધા આત્માની દરકાર વિનાના માણસ છે. જેણે ભગવાનના એક પણ વચનને તોડીને આવો માર્ગ કાઢ્યો, તીર્થંકરની એને દરકાર નથી. ખાનગી કહ્યું, હોં ! એ શાશ્વત તીર્થંકરની પ્રતિમા એને તમે બહારમાં જક્ષની ઠરાવો, ગજબ કરી આ તો. ભાઈ ! પણ કોઈને ત્યાં દરકાર ન મળે. એ તો જે વાડામાં પડ્યા ત્યાં પડ્યાં.

અહીં કહે છે, સજ્જન જીવોએ, સત્યના શોધક જીવોએ ધર્મની દૃષ્ટિ કરીને જ્યાં પોતાના મંદિર હોય નહિ, તો એણે મંદિર કરવા જોઈએ. કહો, સમજાણું કે નહિ ? ભાઈ ! હવે એને કરવું છે ન્યાં. હા, પણ કેટલો વખત થયો છે ? હજી જુઓને ! ઇ ચાલે ત્યારે થાય.

હવે જરી આચાર્ય એ પ્રતિમાની વાત કરે છે. આનો દાખલો આપે છે સામાવાળા, જુઓ ! આવા કરીને પણ પુણ્ય બાંધીને મોક્ષ જશે. અરે..! મોક્ષની વાત નથી. કહે છે કે, આ તો સમ્યગ્દૃષ્ટિ જીવને, જ્યાં આગળ ભગવાન ન હોય ત્યાં નાના-નાનાની પણ પ્રતિમા બનાવે અને નાના-નાનાનું દેરું બનાવે તો એના પુણ્યની સરસ્વતી પણ વાત કરી શકે નહિ. લોકો પણ ... આહા..હા..! સમજાય છે કાંઈ ? જુઓ ! આચાર્ય મહારાજ પંચ મહાવ્રતધારી, દિગંબર મુનિ ધર્મના થાંભલા ! એ જગતના 'દેશોવ્રતશ્રાવક' કેવા હોય, દેશ વ્રતના પાળનારા શ્રાવક કેવા હોય અને કેવું એના ઘરમાં મંદિર આદિ (હોય તે કહે છે).

## શ્લોક–૨૨

**बिम्बादलोन्नतियवोन्नतिमेव भक्त्या ये**
**कारयन्ति जिनसद्म जिनाकृतिं च।**
**पुण्यं तदीयमिह वागपि नैव शक्ता स्तोतुं**
**परस्य किमु कारयितुर्द्वयस्य।।२२।।**

**અર્થ :– આચાર્ય કહતે હૈં જો ભવ્યજીવ ઇસસંસારમેં ભક્તિપૂર્વક યદિ છોટેસે છોટે બિમ્બા (કુન્દુક) પત્તેકે સમાન જિનમન્દિર તથા યવ (જૌ) કે સમાન જિનપ્રતિમાકો ભી બનાવે તો ઉસમનુષ્યકો ભી ઇતને પુણ્યકી પ્રાપ્તિ હોતી હૈ કિ જિસકો ઔરકી તો ક્યા બાત ? સાક્ષાત્ સરસ્વતી ભી વર્ણન નહીં કરસ તી કિન્તુ જો મનુષ્ય ઊંચે ઊંચે જિનમંદિર તથા જિનપ્રતિમાઓંકા બનાનેવાલા હૈ ઉસકો તો ફિર અગમ્યપુણ્યકી હી પ્રાપ્તિ હોતી હૈ. ૨૨.**

'**આચાર્ય કહતે હૈં જો ભવ્યજીવ ઇસ સંસારમેં ભક્તિપૂર્વક...**' પ્રેમપૂર્વક, ભક્તિપૂર્વક આરાધ્ય. ઘરમાં આઠ છોકરા હોય તો આઠ મકાન બનાવે છે કે નહિ ? આઠ એના ઓરડા, આઠ એના ખોરડા, આઠ એના નાવાના... શું કહેવાય તમારે ? બાથરૂમ, બધું આઠ હોય તો બનાવે, બનાવે છે કે નહિ ? બધે ઘણા જોયા છે. આઠ હોય તો આ કરો. બાર છોકરા એકને તો બાર બનાવે, આ દસ છોકરા... બનાવ્યું હશે કે નહિ ? જુઓ ! આ દસ રહ્યા. સમજાણું કાંઈ ? કરે છે કે નહિ ? તમારે છોકરા કાંઈ નથી

એટલે શું ? પણ જેને છોકરા હોય એને બનાવે છે કે નહિ ? એક મોટો ઓરડો, એક મહેમાનને બેસવાનો, એક ખાનગી સુવાનો, એક રસોડુ, એક બાથરૂમ, બાથરૂમ એટલે નાવાનું ને ? શું કીધું ? એક હોય દિશાએ જાવાનું, બધું કરે છે કે નહિ ? અને પાછી ન્યાં એવા સરખાઈના અહીં સુધી ટાઈલ્સ લગાડે ધોળી, લીલી અહીં સુધી ઉપર વળી અમુક લગાડે જ્યાં દિશાએ જાવું હોય ત્યાં પણ ઊંચી ... બનાવે એ પથ્થરા ખડકે.

અહીં ત્રણલોકના નાથ પરમાત્મા જેને ઇન્દ્રો આદર કરે. જે એકાવતારી સમકિતી શક્રેન્દ્ર ભગવાનની મૂર્તિ દેખીને આમ. આહા..હા..! ધન્ય ધન્ય પ્રભુ આમ સાક્ષાત્ જાણે બોલશે હમણાં એવી શાશ્વત પ્રતિમાઓનો આદર કરે છે. ઘૂઘરા બાંધીને નાચે ! એકાવતારી અર્ધલોકનો સ્વામી, અસંખ્ય દેવનો લાડો, અર્ધ લોકનો ... સ્વામી. એક ભવે મોક્ષ જાવું નક્કી છે એને. ભગવાને કહેલું અને એને પણ ખબર છે કે, અમે એક જ દેહ હવે મનુષ્યનો કરીને કેવળજ્ઞાન પામીને મોક્ષ જવાના છીએ. એની સ્ત્રી પણ એવી છે. શક્રેન્દ્રની શચી રાણી, દેવી પણ એકાવતારી છે. એને પણ એક જ મનુષ્યનો દેહ કરીને મોક્ષ જવાના છે. બન્ને જણા ભગવાનના દર્શન માટે જાય. ત્યાં મંદિર હોય છે, દર્શન હંમેશા કરે. સમજાય છે કાંઈ ? ભક્તિ ને ઉલ્લાસથી, હોં ! વેઠથી નહિ કે, આ હંમેશા આપણે જાવું પડે તો ચાલો ભાઈ ! જઈએ.

અહીં કહે છે, **'ભવ્યજીવ ઇસ સંસારમેં ભક્તિપૂર્વક યદિ...'** ભક્તિપૂર્વક આ વજન અહીં છે, હોં ! એમ ને એમ કરવું, દેખાદેખીથી કરવું, બીજા કરતા હોય માટે કરવું અથવા શરમના માર્યા કરવું. ભાઈ ! એ તો પહેલા દાન અધિકારમાં આવી ગયું છે. વિવાહ આદિમાં ઓછા પૈસા ખર્ચે તો લોકો બોલશે. દાન અધિકારમાં આવ્યું છે ને ? પેલા દાન અધિકારમાં, પહેલો દાન અધિકાર છે ને ? પણ ધર્મના અધિકારમાં ચાલતા જો સંકોચ કર્યો તો માયાવી ઠરીશ. એક તો ધર્માત્મા નામ ધરાવે ને ધર્મને માટેના પ્રસંગ હોય ત્યાં લક્ષ્મીનો સદ્ઉપયોગ કરવામાં રાગની મંદતા નહિ કર અને વિવાહ આદિમાં દીકરી-દીકરાના લગનમાં ઓછું ખર્ચે, બે લાખના આસામી પણ બહુ થોડુ આપ્યું એણે. દસ હજાર જ આપ્યા ને ફલાણું ખર્ચે તો લોકો બોલશે બે દિ'. પણ ધર્માત્મા નામ ધરાવીને પૈસા, દાન, દયા, ધર્મ, ભગવાન, ભક્તિ આદિમાં જો ન ખર્ચ્યા, માયાવી છો. ધર્માત્માનું નામ આપે ને કપટી. આચાર્ય એમ કહે છે. સમજાણું કાંઈ ?

કહે છે **'ભક્તિપૂર્વક...'** ભક્તિપૂર્વક, પ્રેમપૂર્વક **'છોટેસે છોટે બિમ્બા...'** એનું કુન્દુકનું પત્તુ નાનું પાંદડું થાતું હશે, આ તો એક દાખલો આપ્યો છે. બહુ આટલું નાનું પાંદડું. એના સમાન જિન મંદિર. પછી આ જુઓને ! સમજ્યા વિના ઠેકાણે ન રહ્યું તો બધા કરવા મંડ્યા પાછા. જ્યાં હોય ત્યાં પછી પચાસ-પચાસ, સો-સો, બસ્સો-બસ્સો. એ અતિરેક થઈ ગયો. હવે જ્યાં દર્શન ન હોય, મંદિર ન હોય ત્યાં તો એને જરૂર છે. પણ હોય ત્યાં

પણ માનના માર્યા પૈસા ખર્ચે લાખો, બે લાખ. જુઓને ! અત્યારે હમણાં પપોરામાં તો ઓહો..હો..! કેટલા મંદિર ! ઘર દિગંબર. ૭૩ તો મંદિર, ત્રણ તો માનસ્થંભ. એમાં નવું મંદિર હમણાં કર્યું, મોટું પંચકલ્યાણક કર્યું. આવા અધિકાર સાંભળી પૈસાના ખર્ચે લાખોના પાણી કરે, જેની જરૂરિયાત ત્યાં હોય નહિ. ભાઈ ! અહીં તો બન્ને વાત છે. જ્યાં જરૂર નથી ત્યાં એક છે ત્યાં વળી બીજાનું શું કામ છે પણ ત્યાં ? ઘર હોય પચાસ, સો એમાં એક મંદિર હોય તો બધા ધમધમ કરે છે ત્યાં. હવે ન્યાં પાંચ પાંચ મંદિરો, ગજરથ મોટા કાઢી કાઢીને, હાથીના રથ ને લાખોના પાણી (કરે).

અહીં તો આચાર્ય કહે છે જે ઠેકાણે શ્રાવક વસે છે એ ગામમાં મંદિર ન હોય તો એ દર્શન માટે નાનામાં નાનું મંદિર બનાવે તોપણ તેના પુણ્ય ઘણા છે. એના પુણ્ય સરસ્વતી પણ કહી શકે નહિ. સમજાય છે ? **'बिम्बाद'** એટલે બિમ્બાના દળ જેવું અને જિન મંદિર ને યવ સમાન. છે ને ? જવ જવ. એ જવ સમાન નાની પ્રતિમા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– વજન ભક્તિનું છે. અત્યારે તો મેળ ચાંય રહ્યો નહિ. બસ્સો પાંચસો રૂપિયા ખર્ચે ને પંચ કલ્યાણક કરે તો મારી મૂર્તિ રાખજો, મારી મૂર્તિ (રાખજો). પણ મૂર્તિ ક્યાં (કરવી છે) ? બધી જ છે ને, હવે કેટલી તારે કરવી છે ? પાછા સમજ્યા વિનાનું એવું થઈ ગયું ખાતુ કે એમાં ન્યાં ધર્મ માનીને ન્યાં લાગ્યા. આ શાસ્ત્રમાં આવું લખ્યું છે, બહુ પુણ્ય થાય, બહુ પુણ્ય. પણ કોને ? જ્યાં જરૂરિયાત હોય એની વાત (છે). ભક્તિપૂર્વક (ની વાત છે). તારે તો માન માટે (કરવું છે). દુનિયા મને વખાણશે, અમારા નામ લેશે. કોણે ખર્ચ્યા ? પચાસ હજાર કોણે ખર્ચ્યા ? અમારી લખો.. તકતી. શું કહે ? પથ્થરની તકતી લખે. એમાં તો તારા પુણ્યના પણ ઠેકાણાં નથી.

અહીંયા તો ધર્માત્મા પોતાને દૃષ્ટિના નિર્ણયની ખબર છે અને જ્યાં આગળ મંદિર આદિ નથી ત્યાં આગળ દર્શન માટે નાનામાં નાનું બિમ્બા જેટલું મંદિર અને નાના નાનામાં જવ જેવી પ્રતિમા (બિરાજમાન કરે). ભાઈ ! આ બધું (સ્થાનકવાસી) સંપ્રદાયથી વિરુદ્ધ છે. ભાઈ ! ઇ તો ખબર છે, બાપાને ! ઇ કાંઈ વાંધો નથી. આ તો... આહા..હા..!

**'જિનપ્રતિમાકો ભી બનાવે તો ઉસ મનુષ્યકો ભી ઇતને પુણ્યકી પ્રાપ્તિ હોતી હૈ...'** ભાવ છે ને એનો ? ઓ..હો..! જગતના પ્રાણીના મોઢા બાયડી-છોકરાના હંમેશા જોવાનું મન થાય છે કે નહિ ? અને પાછો બોલે, જો મોઢુ આજ ન દેખું ને તો મને હખ ન થાય, એમ એ બોલે. માણસ બોલે છે કે નહિ ? આ છોકરાનું જો મોઢુ ન દેખું ચોવીસ કલાકમાં તો મને હખ ન આવે. અહીંયા ભગવાનના મોઢા ન દેખવામાં હખ ન આવે એવું થયું તને કોઈ દિ' ? ભાઈ ! એમ કહે છે કે નહિ ? લખુ બાપા ! તું ક્યાં ગયો હતો ? પણ તારું મોઢુ નથી દેખતો તો મને હખ નથી આવતું.

ત્રણલોકના નાથ પરમાત્માના વિરહમાં એની પ્રતિમાના દર્શન વિના તને હખ આવે ! દાનમાં તો એવું લીધું છે. જેને મંદિર નથી, પૂજા નથી, ભક્તિ નથી અને જેને ઘરે ધર્માત્મા આદિને દાન આદિ નથી એવા ઘરને ઊંડા પાણીમાં નાખીને બોળી દે. એવા ઘર ચાર ગતિમાં રખડવા (જશે) એ ઘરને કરવું છે શું ? એમ કહે છે દાન અધિકારમાં. ભાઈ ! આહા..હા..! એવા ઘરને ઊંડા પાણીમાં અંજલી આપ. સ્વાહા ! એવા ઘરને શું કરવું છે તારે ? જેમાં આત્માનો કાંઈ ઉદ્ધાર ન મળે, પુણ્યના પરિણામના ઠેકાણા ન મળે, એ ઘરને શું હોળી કરવી છે ? કહે છે. તારા પાંચ દસ લાખ રૂપિયા ત્યાં સળગીને બળી જશે. પૂર્વના પુણ્યે આવ્યા હતા, આવ્યા, નવા પાપ બાંધ્યા ત્યારે મળ્યા છે. પૂર્વના પુણ્ય હતા ને મળ્યા છે. સમજાણું કાંઈ ?

કહે છે, થોડી (નાની) પણ પ્રતિમાને બનાવીને જે આ પ્રમાણે પુણ્યની પ્રાપ્તિ કરે **'જિસકો ઔરકી તો ક્યા બાત ? સાક્ષાત્ સરસ્વતી ભી વર્ણન નહીં કર સ તી...'** એનો અર્થ છે કે, જ્યાં ભક્તિપૂર્વક, ભાનપૂર્વક જ્યાં એટલું પણ કરવાનો ભાવ થયો એના સાતિશય પુણ્યની શું વાત ! એમ વાત કહે છે. આહા..હા..! એ પુણ્યને અનંતકાળમાં કોઈ દિ' બાંધ્યું નહોતું આમ ભક્તિ... આહા..હા..! સમજાણું ?

શાસ્ત્રમાં બહુ આવે ચક્રવર્તીની વાણી ને નથી આવતું ? ચક્રવર્તીની માતા. આવે છે ને ? મહારાજ ! ભગવાનનો પહેલો રથ ચાલશે. બીજી બાઈ હતી કો'ક રાણી, આવે છે ને ? હરિષેણ ચક્રવર્તી. પેલો કહે, મારા ભગવાનનો પહેલો રથ ચાલશે, આ કહે કે, મારા ભગવાનનો પહેલો રથ ચાલશે. જિનેશ્વરદેવની જાત્રાનો પહેલો રથ નીકળશે. ઉપાય ન મળે. એનો દીકરો ચક્રવર્તી થવાનો હતો, .. મારી માને પહેલું ... બહાર ગયો, ચક્રવર્તી થઈને આવ્યો. મારી માને પહેલો રથ ધર્મનો નીકળે, બીજાનો નહિ નીકળે. જુઓ ! ધર્મના રથ. કરે છે ને ? એમાં એ જાતના પુણ્યના ભાવ, ચક્રવર્તીની માતા અને ચક્રવર્તીને આવ્યું હતું ને ? આપણે નાટક ચાલ્યું હતું. હરિષેણ ચક્રવર્તી. એવા ભાવ હતા એ લોકોને.

પંચમકાળમાં જીવને સાચી દૃષ્ટિપૂર્વક આવી ભક્તિથી આટલી નાની પણ પ્રતિમા કરે તો એના પુણ્ય સરસ્વતી પણ કહી શકે નહિ. વચનાતીત જ્યાં દૃષ્ટિ છે અને એવા ભગવાન પ્રત્યેના પ્રેમથી આવી આવા મંદિર આદિ કર્યા એના પુણ્યની શું વાત કરવી ? સમજાણું કાંઈ ? **'કિન્તુ જો મનુષ્ય ઊંચે ઊંચે જિનમંદિર...'** જે કોઈ મોટા ઊંચા જિનમંદિર, **'જિનપ્રતિમાઓંકા બનાનેવાલા હૈ...'** દ્રય છે ને ? દ્રય. **'ઉસકો તો ફિર અગમ્યપુણ્યકી હી પ્રાપ્તિ હોતી હૈ.'** એની નવાઈ શું ? એના તો મોટા ઉત્તમ પુણ્ય બંધાય છે. સમજાણું ?

**'બિમ્બાકે પત્રકી ઉચાઈ બહુત થોડી હોતી હૈ ઔર યવકી ભી ઉચાઈ બહુત થોડી હોતી હૈ કિન્તુ આચાર્ય ઇસ બાતકા ઉપદેશ દેતે હૈં કિ ઇસ કલિકાલ**

**પંચમકાલમેં યદિ કોઈ મનુષ્ય બિમ્બાકે પત્તેકી...**' જુઓ ! કલિકાલ છે ને ? આવા કાળમાં કોઈ નાના પત્તાની સમાન '**ઉચાઈકે સમાન જિનમંદિરકો તથા યવકી ઉચાઈકે સમાન ઊંચી જિનપ્રતિમાકો...**' આ અનાદિના સંતો મુનિઓ આ પ્રમાણે કહેતા આવ્યા છે. વચમાં આ ફેરફાર પડી ગયો કે આ ધર્મની વાત આખી છૂટી ગઈ. સમજાણું કાંઈ ? એકમાંથી બીજા નીકળ્યા, બીજામાંથી ત્રીજા નીકળ્યા. તૂટી ગયો આખો માર્ગ. અનાદિ સનાતન દિગંબર સંતો, મુનિઓ આ રીતે માર્ગ કહેતા ને પ્રરૂપતા આવ્યા છે. કહો, સમજાણું આમાં ?

'**ઊંચી જિનપ્રતિમાકો ભી બનાવે તો ઉસકે પુણ્યકી સ્તુતિ કરનેકે લિયે સાક્ષાત્ સરસ્વતી ભી હાર માનતી હૈ. કિન્તુ જો મનુષ્ય ઊંચે ઊંચે જિનમંદિરોંકા બનાનેવાલા હૈ તથા ઊંચી ઊંચી જિનપ્રતિમાઓંકા નિર્માણ કરનેવાલા હૈ ઉસકા તો પુણ્ય ફિર અગમ્ય હી સમઝના ચાહિયે...**' પુણ્યમાં તો કોઈ તીર્થંકર થાય, કોઈ બળદેવ થાય, કોઈ ઇન્દ્ર આદિ થાય. '**ઇસલિયે ભવ્યજીવોંકો ચાહિયે કિ વે ઊંચી ઊંચી જિનપ્રતિમાઓંકા તથા જિનમંદિરોંકા ઉત્સાહપૂર્વક...**' ભક્તિપૂર્વકનો અર્થ કર્યો. '**ઉત્સાહપૂર્વક ઇસ પંચમ કાલમેં અવશ્ય નિર્માણ કરાવેં.**' સમજાય છે ? આવું લખાણ હોય ત્યાં પછી બધા મંડી પડે. કાંઈ પૈસાવાળા હોય તો બસ્સો રૂપિયાની એક મૂર્તિ, પાંચસોની એક મૂર્તિ.. ઢગલા ઢગલા કેટલેક ઠેકાણે. છે ને ? કોઈ પ્રક્ષાલન કરનાર ન મળે. ભાઈ ! છે ને ? પ્રતિમાના ઢગલા. પણ આ તે કાંઈ માર્ગ છે ? પછી આંધળુ ખાતુ ચાલ્યું તે એમાં જ બધું ચાલ્યું. અતિરેક થઈ ગયો. કેટલાક જુઓને ! આ શેત્રુંજય ઉપર શ્વેતાંબરની કેટલી પ્રતિમાઓ ! ઓહો..હો..! સાડા ત્રણ હજાર કાંઈ કેટલી પ્રતિમાઓ છે ? અઢીસો રૂપિયા આપે તો પ્રતિમા (મળે). પણ શું છે ? કેટલા કર્યા હવે ? ક્યાં સુધી પથ્થરમાં નાખવા એને ? અહીં તો જ્યાં નથી, દેવદર્શન ન મળે, ભલે એક જ ઘર હોય પણ દેવદર્શન નથી ત્યાં આગળ નાનામાં નાની પ્રતિમા આટલી કરી દેવદર્શન હંમેશા કરે. તો કહે છે કે, એના પુણ્યની શું વાત ! પણ એને અતિરેક થઈને સમજ્યા વિના ખડકે જ જાય.... સમજાય છે કાંઈ ? એ પણ ભાન વિનાના, વિવેક વિનાના કહેવામાં આવે છે. આહા..હા..!

એ આગળ કહેશે. દાનના અધિકારમાં પાછળથી ગાથા આવી છે, દાનના અધિકારમાં. આ દાનનો આવો ઉપદેશ અમે કરીએ છીએ એ જેમ ઉલ્લુને સૂરજ ઠીક નહિ લાગે... સમજાણું કાંઈ ? ઘુવડને સ્વર્ગનો પ્રકાશ સ્વર્ગ સિદ્ધ નહિ લાગે, આચાર્ય કહે છે. એમ અમારા તૃષ્ણાના ઘટાડવાના ભાવ, જિનમંદિર આદિના ભાવની વાત એ ઉલ્લુ જેવા હશે, એ ઘુવડ જેવા હશે એને આ સૂર્યનો પ્રકાશ ઠીક પડશે નહિ. પછી શું કહે છે ?

આચાર્ય પોતાના શબ્દોથી જ્યારે આ વાત આટલી કરે છે. અને છેવટે તો ત્યાં સુધી

કહ્યું કે, અમારા દાનનો આ ગુંજારવ, અમે જે આ દાન ને ઉપદેશની વ્યાખ્યા તૃષ્ણા ઘટાડવા માટે અનેક વિધિથી વાત કરી, એ વાત સાંભળીને ભમરો ગુંજારવો કરતો જાય એ પથ્થરની આરસ પહાણની ને લાકડાની કળી જો હોય, એ નહિ ખીલે. જેમ ભમરો ગુંજારવ કરતો જાય તો વનસ્પતિની કળી હશે, જ્યાં મુકશે ત્યાં ખીલી જશે. સમજાણું કાંઈ ?

એમ આચાર્ય મહારાજ કહે છે અમે જે આ દાન આદિ પ્રતિમા, ભગવાનની પૂજા આદિનો અધિકાર કહીએ છીએ એ લાકડા ને પથરા જેવા જેના કાળજા હશે એ નહિ ખીલે. સમજાણું કાંઈ ? પછી શું કહે છે ? પથરાની કળી ને લાકડાની... આવે છે ને ? આ વનસ્પતિ નથી આવતી ? તમારા 'આગ્રા'માં છે કે ક્યાં ? 'આગ્રા'માં. પેલું નહિ ? બહાર. દયાળ કેવું ? દયાળબાગ ઓહો..હો..! કેટલા કરોડ ખર્ચી નાખ્યા. હજી તો કામ ચાલતું હતું, હોં ! તે દિ' જોયું તો સાડા ત્રણ કરોડ નાખ્યા હતા. આરસ પહાણની કળીયું ને આરસ પહાણની દ્રાક્ષ અને આરસ પહાણના ચીભડા ને આરસ પહાણના... આબેહુબ જાણે દેખાય એવા થાંભલામાં, હોં ! પણ ન્યાં ભમરો ગુંજારવ કરીને જાય, ખીલતો હશે ઇ ?

એમ કહે છે કે, અમારા દાનનો ઉપદેશ મુનિઓ પોતે સંતો જંગલવાસી કહે છે, હોં ! આહા..હા..! અમારો જે આશય દુનિયાને લોભ ઘટાડવાનો અને પુણ્ય બંધાવાના શુભભાવનો ધર્મની દૃષ્ટિ સહિતના વ્રતધારીઓને આવું હોય, એવો ઉપદેશ અમે કરીએ છીએ. એ ઉપદેશ જેના કાળજા લાકડા ને પથ્થર જેવા આરસ પહાણ જેવા હશે, એ નહિ ખીલે. પણ હરિકાયના વનસ્પતિની જો કળી હશે તો ભમરો ગુંજારવ કરતો જશે ને કળી ખીલી જશે. સમજાણું કાંઈ ? આચાર્યોને આવું બધું કહેવું પડતું હશે ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કરુણાબુદ્ધિ છે. અરે..! ભાઈ ! ક્ષણમાં દેહના બિંદુ ખલાસ થઈ જશે, બાપુ ! આહા..હા..! સમજાણું કાંઈ ?

જુઓને ! હમણા સાંભળ્યું આ ભાઈ ગુજરી ગયા બિચારા, દબાઈને મરી ગયા. ન્યાં છે ને તમારે ? 'અમરેલી' આપણે નહોતા આવતા ? એ કામ ચાલતું હતું જોવા ગયા, બન્ને મરી ગયા. મરી ગયા, ખલાસ થઈ ગયા. ઓહો..હો..! જિંદગી પાણીના પરપોટા જેવી ક્યારે પૂરી થાય, ભાઈ ! હજી બિચારા જોવા ગયા, ચાલો શું થાય છે ? જોવા તો જઈએ કેવું કરે છે. .... લાકડા કાંઈક ઢીલા પડ્યા હશે, ખુલ્લા ટેકા એમાં નમ્યું, ખલાસ ! ત્યાં ને ત્યાં મૃત્યુ. કેમ ? ભાઈ ! કાલ ને ? કે દિ' ? કાલ સવારે. લ્યો ! ઠીક. આજે ભાઈએ વાત કરી. ઓહો..હો..! આવા પ્રસંગ. ક્ષણમાં દેહ છોડી ચાલ્યા જવું. એને શું આત્મા ? અને શું એનું કાર્ય ? અને શું એની ફરજ ? પરલોકમાં જવાના માટે કાંઈ તત્ત્વની દરકાર નથી. આહા..હા..! આ પૈસા-બૈસા કાંઈ મળ્યા હોય, કંઈ આબરૂ (થઈ તો) પછી થઈ રહ્યું.

'હું પહોળો ને શેરી સાંકડી.' ભાઈ ! તું એમાં નથી, હોં ! એ જ્યાં છે, ત્યાં તેં એની સંભાળ કરી નથી.

આ તો પોતાની સંભાળ કરનારો જીવ વીતરાગની મંદિરની આદિ પ્રતિમા ઉત્સાહપૂર્વક પુણ્ય બાંધે અને ભવિષ્યમાં એવા સંજોગો પ્રાપ્ત થાય, જિનવાણીની પ્રાપ્તિ થાય. કાં તીર્થંકરના સમવસરણ એને મળે કાં ગણધર ઉચ્ચપદની પ્રાપ્તિ થાય. એવા એ પુણ્ય બાંધે, એમ કહે છે આ. સમજાય છે કાંઈ ? આ તો પુણ્યાનુબંધી પુણ્ય છે. ભાન સહિતના શુભભાવના પુણ્ય મળશે. ભવિષ્યમાં એને સુગતિના સાધનો બધા અનુકૂળ છે. કહો, સમજાય છે ?

હવે અહીંયા કહે છે, જે ગામમાં મંદિર હોય ત્યાં આગળ ઘણા પ્રકારના .... પ્રસંગ બને એથી એની ભક્તિનો વધારો થાય. જુઓ ! આ શ્રાવકના પ્રકાશમાં આ વાત મુકી છે.

## શ્લોક-૨૩

**शार्दूलविक्रीड़ित।**

**यात्राभिःस्नपनैर्महोत्सवशतैः पूजाभिरुल्लोचकैः**
**नैवेद्यैर्बलिभिर्ध्वजैश्च कलशैस्तूर्यत्रिकैर्जागरैः।**
**घण्टाचामरदर्पणादिभिरपि प्रस्तार्य शोभां परां**
**भव्यःपुण्यमुपार्जयन्ति सततं सत्यत्र चैत्यालये।।२३।।**

**અર્થ :-** **ઇસસંસારમેં ચૈત્યાલયકે હોનેપર ભવ્યજીવ યાત્રાસે, કલશાભિષેકોંસે તથા ઔર સૈકડે બડે ઉત્સવોં સે ઔર પૂજા તથા ચાંદનિયોંસે ઔર નૈવેદ્યસે, બલિસે તથા ધ્વજાઓંકે આરોપણસે, કલશારોપણસે ઔર અત્યંત શબ્દોં કે કરનેવાલે બાજોંસે તથા ઘંટા ચામર દર્પણ આદિકસે ઉન ચૈત્યાલયોંકી ઉત્કૃષ્ટ શોભાકો બઢાકર પુણ્યકા સંચય કર લેતે હૈં ઇસલિયે ભવ્યજીવોંકો ચૈત્યાલયકા નિર્માણ અવશ્યહી કરાના ચાહિયે. ૨૩.**

આહા..હા..! શું કહે છે ? '**ઇસસંસારમેં ચૈત્યાલયકે હોનેપર...**' જે ગામમાં ભગવાનનું મંદિર હોય, મંદિર, પ્રતિષ્ઠા કરેલી પ્રતિમા હોય એવા હોય તો ભવ્યજીવ યાત્રા... સમજાય છે ? એનું સ્નાન આદિથી જળયાત્રા આદિ કાઢે. ... અર્થ કર્યો છે ને ? ... સમજાણું કાંઈ ? એ '**યાત્રાસે, કલશાભિષેકોંસે...**' અને અભિષેક આદિનો પ્રસંગ હોય ત્યાં ભગવાનની પ્રતિમા ને મંદિર હોય તો. '**સૈકડે બડે ઉત્સવોં...**' .... સૈંકડો મોટા ઉત્સવ (થાય). પૈસાવાળા માણસ હોય, ધનાઢય હોય. ઘરે કેમ હંમેશા ક્યાંક ક્યાંક એનો જન્મગાંઠ

હોય તો પૂજા, છોડીની જન્મગાંઠ સંભારે છે કે નહિ વારંવાર ? ઘરના દસ માણસ બધાની જન્મગાંઠ આવે ત્યારે (કહે), આ કરો દૂધપાક. હવે છોડી થઈ, છોકરાની છોડી એની જન્મગાંઠ છે, કરો દૂધપાક, એમ કરીને સંભારી સંભારીને ઘરના જેટલા હોય એની વર્ષગાંઠુ ઉજવે. ભાઈ ! એમ અમારા ભગવાન ત્રણલોકના નાથના મંદિરની આજ વર્ષગાંઠ છે. સમજાય છે ? એમ કરીને પણ એનો મહોત્સવ કરે. વર્ષગાંઠ તો હતી પણ પછી આ પ્રતિમા ભાઈ ! અમુક વખતે પધરાવી ત્યારે બીજું મંદિર... ત્યારે પ્રતિમા, પહેલા કલ્યાણક રહી ગયા હતા, એમ કરીને બહાના કાઢી કાઢીને ધર્મને માટે ધર્માત્મા એવા સેંકડો ઉત્સવને ઉત્પન્ન કરે, એમ કહે છે. સમજાય છે કાંઈ ? વ્યવહારમાં કરે છે કે નહિ ? કેટલાક દિવાળી આવે તો નોકરો ને આપે શું કહેવાય એ ? બોનસ. હા, પૈસા આપે, એને પાઘડી આપે, એને પૈસા આપે, એને દાગીનો આપે. કેટલી ધૂળો આપે છે કેટલાકને.

અહીં કહે છે કે, જ્યારે ઘરે ભગવાનના ચૈત્યાલય હોય, મંદિર ઘરે હોય તો એને માટે સેંકડો ઉત્સવ. **'પૂજા...'** ભગવાનની પૂજાનો મહોત્સવ. **'ચાંદની...'** આચાર્યે બધા નામ નાખ્યા છે. માથે ચાંદની બાંધે. ચંદરવા. આચાર્યે યાદ કરી કરીને નાખ્યું છે બધું. ભાઈ ! તારા ઘરમાં કેમ સારા શોભા કરે છે ? ઘરમાં જે સારો ઓરડો હોય દિવાનખાનું, માથે આમ શણગાર્યું હોય ને ભીંતે આમ લટકાડ્યું હોય ને બધું કરે છે કે નહિ અત્યારે ? શું કહેવાય ? બધા પેલા હરણના પેલા નાખે છે ને મોઢા ને કપાટ, કપાટ ઉપર વળી ફૂલ-ઝાડ. બધી મમતાની સામગ્રીઓ જુદી કરી છે. ઘરની શોભા. કહે છે, ન્યાં ભા છે ન્યાં તો બધા પાપના. ભગવાનના જ્યાં મંદિર હોય ને જ્યાં શોભા ... ઉત્સવ કરે. અરે..!

**'નૈવેદ્યસે,...'** છે ભગવાનની પૂજામાં. પૂજા કરે. **'ધ્વજાઓંકે આરોપણસે,...'** માથે ધ્વજા એનો પણ મહિમા કરે. જુઓ ! બધા નામ આપ્યા છે. **'કલશારોપણસે...'** વળી કળશ હોય ને માથે ? કળશ, કળશ ચઢાવ્યો હોયને માથે ? તૂટી ગયો, ફૂટી ગયો હોય તો ફરીને કરે, મોટો મહોત્સવ કરો. ઘરનું મકાન કેમ સુધરાવે છે ફરીને, ઘરનું મકાન તૂટ્યું હોય તો સુધરાવે છે કે નહિ ? લાખો રૂપિયા નાખીને સુધરાવે. પાછો એવો ને એવો આકાર .... લાદી, આરસપહાણની ફલાણાની નાખે ને પંચરંગી કેટલી .. જોયું ?

અહીં કહે છે કે, એવા **'કલશારોપણસે ઔર અત્યંત શબ્દોં કે કરનેવાલે બાજોંસે...'** વાજાબાજાથી ભગવાનની શોભા કરે. કહો, છોકરાના લગન હોય તો બેન્ડબાજા મગાવે છે કે નહિ ? કરવા જ પડે ત્યાં, આબરૂ પ્રમાણે ન કરે તો છોકરો વરે નહિ. બેન્ડબાજા સારા લાવજો, હોં ! ફલાણે ગામથી, 'ભાવનગર'થી, ફલાણું મીઠું.. શું કહેવાય એ ? મીઠું કહે છે ને કાંઈ એ ? મીઠું બેન્ડ, મીઠું બેન્ડ લાવજો. ભલે પચાસ, સો રૂપિયા લે એક દિ'ના. એકમાં તો એમ કહે છે આમાં એકમાં તો પોતાને માટે કરે. આ તો 'પદ્મનંદી'માં એ અધિકાર છે. જે દેહ, જે મનુષ્ય, જે ગામ પોતાને ધર્મ અનુકૂળ ન હોય એને છોડી

દે, છોડી દે. શું કહે છે ? આ બાયડી ન અનુકૂળ હોય તો એને છોડી દે. ધર્મને નામે જો વિઘન આદિ કરતી હોય તો છોડી દે. દેશ એવો પ્રતિકૂળ હોય જ્યાં સમકિતને આવા હરકત આવે એવા દેશને છોડી દે. એવો 'પદ્મનંદિ આચાર્ય'માં અધિકાર છે. ભાઈ ! અરે..! પણ .. શાસ્ત્રમાં બધી વાતું છે.

**'ઘંટા...'** ઘંટા મોટા વગાડે. જોયું ? **'ચામર...'** ભગવાનને ચામર. **'દર્પણ આદિક સે ઉન ચૈત્યાલયોંકી ઉત્કૃષ્ટ શોભાકો બઢાકર પુણ્યકા સંચય કર લેતે હૈં. ઇસલિયે ભવ્યજીવોંકો ચૈત્યાલયકા નિર્માણ અવશ્ય હી કરાના ચાહિયે.'** શ્રાવક વ્રતમાં આ અધિકાર ખુબ નાખ્યો. દાનના અધિકારમાં આ વાત નાખી, છેલ્લામાં છેલ્લી ગાથા ચાર રહી ગઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ !)

# શ્લોક-૨૩ થી ૨૭

## પ્રવચન નં. ૪૧

## (વિક્રમ સંવત ૨૦૨૧, ભાદરવા સુદ ૩, રવિવાર)

## તા. ૨૯-૦૮-૧૯૬૫

'પદ્મનંદિ આચાર્ય' દિગંબર મુનિ સંત હતા, જંગલમાં રહેતા હતા. શ્રાવકનો અધિકાર. શ્રાવકનું સ્વરૂપ કેવું હોય એનું વર્ણન મુનિ આચાર્ય પોતે આમાં કરે છે. 'શ્રીમદ્ રાજચંદ્ર' આ પુસ્તકને વનશાસ્ત્ર કહે છે. શું ? વનશાસ્ત્ર. આ શાસ્ત્રને વનશાસ્ત્ર કહે છે. કેમ કે વનમાં રહેલા સંતોએ આત્મધ્યાનની ભૂમિકામાં હતા એમાંથી જરી વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્ર રચાઈ ગયા એટલે આ શાસ્ત્રને વનશાસ્ત્ર કહેવામાં આવે છે. અથવા દિગંબર મુનિઓ પ્રાયઃ ઘણું તો વનમાં જ રહેતા હોય છે. તેથી આ પદ્મનંદિને 'શ્રીમદ્ રાજચંદ્ર' આ (શાસ્ત્ર) એમણે વાંચ્યું તો એને વનશાસ્ત્ર કહ્યું. આમાં અધિકાર છવ્વીસ છે પણ નામ એનું 'પદ્મનંદિ પંચવિંશતિઃ' છે. અહીંયા ત્રેવીસ ગાથા પૂરી થઈ. દાન પૂરો થયો, દાન શ્રાવકને દાન હોય છે. એ અધિકાર તો ઘણો કહ્યો, અહીં પૂરો થઈ ગયો.

ગૃહસ્થાશ્રમમાં રહેલા સમ્યગ્દર્શનપૂર્વક એની વાત છે. એ પહેલા આવી ગયું પાછળ, માથે આવ્યું હતું ને ? સમ્યગ્દર્શન. ત્રીજી ગાથા જુઓ ! ન્યાંથી આવી ગયું છે. **'दङ्मूलव्रतमष्टधा'** એ પાંચમી ગાથા છે. **'दङ्मूलव्रतमष्टधा'** પાંચમી ગાથા. પહેલો તો આત્મા અખંડ જ્ઞાયક સ્વરૂપ છે એવું એને વિકાર ને સંયોગથી રહિત સ્વભાવના આનંદનો અનુભવ પ્રથમ તો થવો ને હોવો જોઈએ. સમજાય છે કાંઈ ? એવી લબ્ધિ આત્માની, શાંતિની, સ્વભાવના સાગરમાંથી એકાગ્ર થઈને શાંતિ ને આનંદનો જ્યાં સ્વાદ આવ્યો છે એથી એની દૃષ્ટિ વારંવાર સમ્યક્ ચૈતન્ય ઉપર વળે છે. પણ એક એ દશામાં ઉપયોગરૂપે સમ્યગ્દૃષ્ટિ કાયમ રહી શકતો નથી. અને એને જ્યારે શાંતિની દશાનો અંશ વિશેષ વધે છે, અંતરના દ્રવ્યને અવલંબે, શાંતિનો આનંદનો વિશેષ અંશ પંચમ ગુણસ્થાનને યોગ્ય જે વિશેષ વધે છે એ ભૂમિકામાં આવા આઠ મૂળગુણ અને અણુવ્રત અને આ દાનમાં અધિકારનું વર્ણન ચાલે છે. સમજાય છે કાંઈ ?

હવે અહીંથી છેલ્લું તો ત્યાં કહ્યું કે, ગામમાં જિન મંદિર હોવા જોઈએ, એમ સિદ્ધ કર્યું છે. જુઓ ! આચાર્ય મહાવ્રતધારી મુનિ જંગલવાસી હતા. જેને જિનદર્શન હંમેશા જોઈએ. જ્યાં જિનદર્શન એટલે પ્રતિમા ને વીતરાગના મંદિર ન હોય એણે ત્યાં જિન મંદિર કરવા એમ આલેખ છે. એવા શ્રાવકને પોતાના આત્મામાં વીતરાગ દર્શન થયા છે અને વીતરાગની

પરિપૂર્ણતા પ્રાપ્તના વર્તમાનમાં ગેરહાજરીમાં એની સ્થાપના નિક્ષેપ કરીને જિન મંદિર અનાદિથી બનતા આવે છે. સમજાય છે કાંઈ ? એમ આચાર્ય મહારાજ મહા એકાવતારી ! લગભગ એ દશા છે. છેલ્લામાં આગળ કહેતા કહેતા છેલ્લે એમ કહેશે કે, અમે અમારા સ્વભાવમાં છીએ, હવે અહીંયા સ્વર્ગમાં કદાચિત જવું પડે તો અમે પુણ્ય ને પુણ્યના ફળનો નિષેધ કરતા જાશું. સમજાય છે કાંઈ ?

અમે આત્મા આનંદમૂર્તિ છીએ એમાં જ્યાં સુધી નિશ્ચયના સ્વરૂપના ઉપયોગમાં રહી શકતા નથી, તો મુનિઓને પણ વ્યવહારનો આશ્રય આવ્યા વિના રહેતો નથી. પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ આદિ આવે અને શ્રાવકને બાર વ્રત, અણુવ્રત એની અંદર પાંચ ભેગા છે. આઠ મૂળગુણ અને દાન આદિની ક્રિયા એને હંમેશા હોવી જોઈએ. છેલ્લી વાત ઇ કરી છે. જેને ઘરે જો ચૈત્યાલય હોય તો ભવ્યજીવોને હંમેશા યાત્રા કરે, દર્શન કરે, પૂજા કરે એવું એનું કર્તવ્ય પાંચમા ગુણસ્થાનનું એની ભૂમિકાને યોગ્ય દિન દિન પ્રત્યે તે કર્તવ્ય ગણવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ?

પછી દાનમાં ત્યાં સુધી કીધું કે, તારી શકિત પ્રમાણે તું દાન (કર). યથાર્થ એ પહેલો શબ્દ પડ્યો હતો. શકિત પ્રમાણે પૈસાની લક્ષ્મીનો રાગ ઘટાડી દાન કરવું જોઈએ અને જેના ઘરમાં દાન નથી અથવા મુનિ ધર્માત્મા આદિનો પ્રવેશ નથી એવા ઘરને તો કહે છે અંજલી દઈ દેજે, ઊંડા પાણીમાં નાખીને. એવા ગૃહસ્થાશ્રમનું કામ શું છે ? ભાઈ ! જેને ઘરે દાન નથી, જેને ઘરે સંતો ધર્માત્માના ચરણ પગલાં નથી અને જેને દાનનો આવો અધિકાર જેના ગૃહસ્થાશ્રમમાં નથી, આચાર્યે તો બહુ જરી કડક થઈને કહી દીધું, એવા ગૃહસ્થાશ્રમને ઊંડા પાણીમાં અંજલી દઈને બોળી દેજે. એવા ગૃહસ્થાશ્રમથી કાંઈ કામ નથી. ભાઈ ! કરુણાબુદ્ધિ છે.

ભાઈ ! જ્યારે તને દૃષ્ટિ આત્માની થઈ ત્યારે દૃષ્ટિમાં તો સર્વ મુકાણું છે. શું કીધું ? દૃષ્ટિમાં તો સર્વ મુકાઈ ગયું છે. રાગ, પુણ્ય, જ્ઞેય, વાણી, મન, કર્મ બધું લક્ષ્મી આદિ બધું છૂટી ગયું છે. હવે તારે મુ તિ જોઈતી હોય તો અસ્થિરતાથી છૂટવું છે, એ પણ પૂર્ણ અસ્થિરતાથી છૂટે ત્યારે મુ તિ થાય છે. ત્યારે જેની દૃષ્ટિમાં પૂર્ણ મુ ત દ્રવ્ય છે અને જેને પર્યાયમાં પૂર્ણ મુ ત થવું છે, જેને બધું છોડવું છે, રાગમાત્ર છોડવો છે... સમજાય છે કાંઈ ? એવા શ્રાવકને રાગની મંદતાનો તીવ્ર રાગ છોડીને એવો ભાવ હોયા વિના રહે નહિ અને એવો રાગની મંદતાનો પંચ અણુવ્રત આદિ, દાન આદિનો અધિકાર એ પ્રમાણે ન હોય તો એને ગૃહસ્થાશ્રમ પણ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ ?

દાનનો અધિકાર તો ત્યાં સુધી લીધો હતો, કાલ થોડી વાત કરી હતી કે, હે જીવો ! અમે આ રાગ મંદ કરવાની વાત જગતને દાનનો અધિકાર કહેશું, એમ મુનિએ કહ્યું. અને એ દાનનો અધિકાર કોને ન રુચે ? કે, ઉલ્લુને સૂર્યનો પ્રકાશ ન રુચે, ઘુવડને સૂર્યનો પ્રકાશ નહિ રુચે. એમ જેને લક્ષ્મીનો મોહ અને પ્રેમ ગાંઠ બાંધી છે એને આ દાનમાં રાગની

મંદતાનો અધિકાર નહિ રુચે. ભાઈ ! સમજાણું કાંઈ ? અને ત્યાં સુધી કહ્યું કે, આ ભમરાનો ગુંજારવ પથ્થરની કળી ઉપર જાય તે પથ્થરની કળી નહિ ખીલે. પણ ભમરાનો ગુંજારવ વનસ્પતિની કળી ઉપર જશે તો પરાગ મુકીને એને પરાગ આપે એવી એની કળી ખીલી જશે.

એમ આચાર્ય મહારાજ જંગલમાં વનવાસી જેને કાંઈ પડી નથી, શાસ્ત્ર રચ્યા ત્યાં પડ્યા રહ્યાં પાના, ક્યાં પડ્યા રહ્યા એની (ખબર નથી). જેને ગરજ હોય એ લઈ જાય. ન્યાં ક્યાં એને પરિગ્રહ કાંઈ હતો. લખ્યા, મુક્યાં, ગૃહસ્થ કોઈ આવીને લઈ જાય ને એકઠા કરીને બનાવવું હોય તો (બનાવે). એટલો જેને અંતરમાં રાગનો ત્યાગ વર્તે છે, એ ગૃહસ્થાશ્રમને માટે કહે છે, તારી ભાવના તો સર્વથા રાગના અભાવની, મોક્ષની છે કે નહિ ? બધું છોડવાની છે કે નહિ ? તો પાંચમા ગુણસ્થાનને યોગ્ય રાગની તીવ્રતા છૂટીને દાન આદિમાં મંદરાગ જો ન હોય તો એ પંચમ ગુણસ્થાનની લાયકાત એને રહેતી નથી. સમજાણું કાંઈ ? ભાઈ !

દાનમાં તો ત્યાં પણ કહ્યું છે કે, ચંદ્રકાંત મણિ થાય છે ને ? શું કહે છે ? શશીકાંત. આ 'શશીભાઈ'નું નામ યાદ આવ્યું. એ ચંદ્રકાંત કહો, શશીકાંત કહો. એ શશીકાંત મણિ થાય છે, આચાર્યે દૃષ્ટાંત દીધો છે. એ શશીકાંત મણિની શોભા ત્યારે કે ચંદ્રના કિરણો અડે ત્યારે. ભાઈ ! કહો, સમજાણું આમાં ? ચંદ્રકાંત મણિની શોભા ત્યારે કે ચંદ્રના કિરણો અડે ત્યારે કે, જેના ચંદ્રના કિરણો અડવાથી ત્યાં પાણી ઝરે ત્યારે. સમજાણું કાંઈ ? એમ લક્ષ્મીની કિંમત ત્યારે કે, જ્યારે દાનમાં રાગ મંદ કરીને દેવામાં આવે ત્યારે. આ આચાર્યે દૃષ્ટાંત દીધો છે.

પૈસા પૈસા સંઘરીને બેઠો છે પણ એની શોભા ક્યારે ? ધર્મની પ્રભાવના, જ્ઞાનની પ્રભાવના. નિશ્ચયની પ્રભાવના તો સંપ્રદાન દાન પોતાનું પોતામાં છે. પણ વ્યવહાર પણ હોય છે ને ભેગો ? તે હેયબુદ્ધિએ એવો વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. નિશ્ચયથી તો પોતાનો સહજાનંદ સ્વભાવ, એની એકાગ્રતાથી કર્તા થઈને આનંદની, શાંતિની દશા જે પ્રગટ થઈને પોતે પોતાને રાખે અને પોતે પોતાને દે, એનું નામ નિશ્ચય યથાર્થ સ્વભાવિક દાન કહેવામાં આવે છે. એવી દાનની દશામાં જેને હજી પૂર્ણ વીતરાગતા નથી થઈ એને પુણ્યભાવ, રાગની મંદતાનો ભાવ, દાનનો (ભાવ) હેયબુદ્ધિએ આવ્યા વિના રહેતો નથી, કર્તૃત્વબુદ્ધિ નહિ. આહા..હા..!

વ્યવહારનયથી એમ કથન કરાય કે, શ્રાવક છ કર્મ કરે, દાન કરે, આમ કરે, એમ કહેવાય. સમજાણું કાંઈ ? પણ એનો અર્થ એ કે, બાહ્યની ક્રિયા તો ક્રિયાને કાળે થાય, અંતરમાં એ જાતના રાગની મંદતાનો ભાવ તેના સ્વકાળે આવ્યા વિના ન રહે. એને કરે એમ વ્યવહારનયથી કહેવામાં આવે. કહો, શેઠ ! કહે છે, જે લક્ષ્મીમાં સંતો, મુનિઓનો જ્યાં પ્રવેશ નથી અને એને માટે સદ્ઉપયોગ લક્ષ્મીનો થતો નથી એ લક્ષ્મીની શોભા નથી, એમ કહે છે લ્યો ! આચાર્ય એમ કહે છે. હવે અહીંયા ૨૪મી, ૨૩ પુરી થઈ ત્યાં.

# શ્લોક–૨૪

ते चाणुव्रतधारिणोऽपि नियतं यान्त्येव देवालयं
तिष्ठन्त्येव महर्द्धिकामरपदं तत्रैव लब्ध्वा चिरम्।
अत्रागत्य पुनः कुले ऽति महति प्राप्य प्रकृष्टं शुभा
न्मानुष्यं च विरागतां च सकलत्यागं च मुक्तास्ततः।।२४।।

**અર્થ :–જો ષટ્આવશ્યક પૂર્વક અણુવ્રતકે ધારણકરનેવાલે શ્રાવક હૈં વે નિયમસે સ્વર્ગકો જાતે હૈં તથા વહાં પર મહાન દ્ધિકે ધારી દેવ હોકર ચિરકાલતક નિવાસ કરતે હૈં ઔર પીછે વે ઇસમર્ત્યલોકમેં આકર શુભકર્મકે યોગ સે અત્યંત ઉત્તમ કુલમેં મનુષ્યજન્મકો પાકર તથા વૈરાગ્યકો ધારણકર ઔર સમસ્ત બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહકા નાશકર સીધે સિદ્ધાલયકો પધારતે હૈં તથા વહાંપર અનન્તસુખકે ભોગનેવાલે હોતે હૈં ઇસપ્રકાર જબ અણુવ્રત આદિભી મુક્તિકે કારણ હૈં તો ભવ્યોંકો ચાહિયે કિ વે ષટ્ આવશ્યક પૂર્વક અણુવ્રતોંકો પ્રયત્નસે ધારણ કરૈ. ૨૪.**

આહા..હા..! અરે..! શ્રાવકને **'ષટ્આવશ્યક પૂર્વક...'** ષટ્આવશ્યક ક્યા ? હંમેશા ભગવાનની પૂજા, હંમેશા ગુરુની સેવા, હંમેશા કંઈક પણ ઇચ્છા ઘટાડવાનો તપ, હંમેશા સંયમ ઇન્દ્રિય દમન કંઈક અને હંમેશા દાન અને હંમેશા શાસ્ત્રનો સ્વાધ્યાય, એવા શુભ પરિણામરૂપી ષટ્આવશ્યકો શ્રાવકને દિન દિન પ્રત્યે હોય છે. એને શાસ્ત્રકાર વ્યવહારનયથી શ્રાવક ષટ્ આવશ્યક હંમેશા કરે, એમ કહેવામાં આવે છે.

**'જો ષટ્આવશ્યક પૂર્વક અણુવ્રતકે ધારણ કરનેવાલે...'** પાંચ અણુવ્રત. દેશથી હિંસાનો ત્યાગ, દેશથી અસત્યનો ત્યાગ, દેશથી ચોરીનો, દેશથી વિષયનો, દેશથી પરિગ્રહની મમતાનો ત્યાગ. એવા પાંચ અણુવ્રત, એવા **'ધારણકરનેવાલે શ્રાવક હૈં 'नियतं' વે નિયમસે સ્વર્ગકો જાતે હૈં...'** સમજાય છે કાંઈ ? અહીંયા રાગ મંદ કર્યો અને અહીંયા રાગ ઘટાડ્યો અને વળી રાગના ફળમાં નિયમથી સ્વર્ગ મળે, આ કેવી વાત ? ભાઈ ! જેને આત્માના દર્શન થયા, આત્માનું ભાન થયું અને પૂર્ણ દશા થઈ નથી તો એ કઈ ગતિમાં જાય ? કાં નરકમાં જાય, પશુમાં જાય, મનુષ્ય મરીને સમકિતી, મનુષ્ય ન થાય. સમ્યગ્દષ્ટિ મનુષ્ય મરીને મનુષ્ય ન થાય. કેમકે તેને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો પ્રહ્લાદ અને આહ્લાદ ખુબ આવ્યો એવા શુભભાવમાં પુણ્યબંધન થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ ? કહે

છે 'વે નિયમસે સ્વર્ગકો જાતે હૈં...'

એક ફેરી કહ્યું હતું, નહિ ? એક પંડિતે પૂછ્યું કે, આ શાસ્ત્રમાં આવું શું છે ? (સંવત) ૧૯૯૨ની સાલમાં કે, અહીં બ્રહ્મચર્ય પાળે અને મરીને ઇન્દ્રાણી પાસે જાય ન્યાં. પંડિતજી ! એક પંડિતે પૂછ્યું, શ્વેતાંબરનો પંડિત હતો. (સંવત) ૧૯૯૨ની સાલમાં આ 'હીરાભાઈ'ના મકાનમાં આવ્યા હતા, પૂછ્યું હતું. આ શું ? અરે...! ભાઈ ! શાસ્ત્ર શું કહે છે એને મધ્યસ્થતાથી જુઓ ! એ ઇન્દ્રાણી તમે કહો છો એ બ્રહ્મચર્યનું ફળ નથી. બ્રહ્મ નામ આત્માના આનંદનું ફળ તો અંતરમાં શાંતિ છે. પણ જ્યારે સ્ર્વગમાં એને જવાની યોગ્યતાનો રાગ આવ્યો છે, વીતરાગ થયા નથી અને અશુભભાવ તો ઘણો ઘટી ગયો છે. અને એના શુભભાવના વિકલ્પમાં આયુષ્ય બંધાઈ જાય તો એ આયુષ્ય ક્યાં બાંધે ? સ્વર્ગમાં જ જાય. સમ્યગ્દષ્ટિ શ્રાવક અને મુનિ મરીને સ્વર્ગમાં જ જાય. એ પુણ્યના રાગનું ફળ છે. એ કાંઈ શાંતિનું ને ધર્મનું ફળ નથી.

એ અહીં કહે છે, હોં ! જુઓ ! આ પોતે મુનિ આચાર્ય મહારાજ. ભાઈ ! જેને આત્માની દૃષ્ટિ થઈ છે, જેને દૃષ્ટિમાં રાગ આદિ બધાનો અભાવ, ત્યાગ સ્વભાવ વર્તે છે. અસ્થિરતાના કારણે જેને રાગની મંદતાના આવા અણુવ્રત આદિના ભાવ આવે છે એના ફળ તરીકે શ્રાવક તો નિશ્ચયથી સ્વર્ગ, દેવમાં જ જાય. તે પણ વૈમાનિક દેવમાં જાય. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી ન જાય. જ્યાં આગળ વૈમાનિક દેવ છે એમાં જ એનો અવતાર હોય. છતાં એને એ સ્વર્ગ અને સ્વર્ગના કારણનો દૃષ્ટિમાં નિષેધ છે. આહા..હા..! ઉપાદેયભાવ, શુભભાવ ને પણ એ ઉપાદેય માનતો નથી. આસ્રવને તે હેય જાણે છે. સંવર-નિર્જરાની નિર્મળ પર્યાયને તે ઉપાદેય અને હિતકર જાણે છે. મોક્ષને પરમ હિતકર જાણે છે. આહા..હા..! બંધને તો અહિતકર જાણે છે. પણ શ્રાવકને એવો ભાવ આવ્યા વિના રહેતો નથી. ભાઈ ! જુઓ ! આ શ્રાવકપણું આવ્યું. ઇ પહેલું આવ્યું હતું, હોં ! પાણીને ગળીને પીવું ને બધું આવ્યું હતું. એ આવ્યું છે ને ? ભાઈ ! પહેલા નહિ ? આ જ અધિકારમાં આવ્યું હતું પહેલા. આ એને હોય, એને હોય એમ આવ્યું હતું. કેટલામી આવી ? પાંચમીમાં છે ને ? જુઓ ! આઠ મૂળગુણનું પાલન. અહિંસા આદિ પાંચ અણુવ્રત, આદિ બીજા દેશાવગાશિક ચાર વ્રત અને સ્વચ્છ કપડાથી ગાળેલું પાણી પીવું. એવો ભાવ આવે ને આવે. એ ક્રિયા થાય એ સ્વતંત્ર જડની. આહા..હા..! ભારે વાત.

મુમુક્ષુ : એનો મેળ હોય ?

ઉત્તર : મેળ જ હોય. શુભભાવ એવો હોય ત્યારે એવી ક્રિયા ત્યાં હોય. છતાં એ ક્રિયાનો કર્તા સમ્યગ્દષ્ટિ નથી. ઇ કપડુ ઊંચું કરવું ને પાણી ગળવું ને એ ક્રિયાનો કર્તા આત્મા નથી. પણ જ્યારે એને ગળ્યું પાણી પીવાનો ભાવ હોય, ગળ્યું સમજ્યા ને? ગળેલું. છના હુઆ. તો એ વખતે એને શુભભાવ હોય તો એવી ક્રિયા બહાર સહજ જડની બની જાય.

જુઓ ! એ આવ્યું છે. શકિતને અનુકૂળ મૌન આદિ ધારણ કરના. છે ને ? એ પાછો પાઠ પણ એ લીધો, જુઓ ! એ **'पुण्याय भव्यात्मनाम'** પુણ્ય છે, એને પુણ્ય થાય છે. આચાર્ય ચોખ્ખું કહે છે પણ પુણ્ય ફળ આવ્યા વિના રહેતું નથી. છે પુણ્ય ફળ, છે હેય. આહા..હા..! પણ જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી દૃષ્ટિમાં ભલે વીતરાગતા વર્તે, પણ સ્થિરતામાં વીતરાગ ન થાય ત્યાં અસ્થિરતામાં આવો ભાવ આવ્યા વિના રહે નહિ. એથી એ કરે, દાન કરે, પૂજા કરે, ભકિત કરે, એમ ત્યાં શાસ્ત્રો પણ અને દિવ્યધ્વનિમાં પણ એવો જ ઉપદેશ આવે. સમજાણું કાંઈ ?

**'તથા વહાં પર મહાન ઋદ્ધિકે ધારી...'** જુઓ ! આ શબ્દ વાપર્યો છે. **'अत्येव देवालयं तिष्ठन्त्येव महर्द्धिकामरपदं'** એમ કેમ લીધું ? સમ્યગ્દૃષ્ટિ શ્રાવક એ હલકો દેવ ન થાય, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષમાં ન જાય. વૈમાનિકનો મહાર્ધિક દેવ થાય. શું આ લોભ આપતા હશે ? ભાઈ ! શું થાય ? પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિના પ્રયત્નને પંથે પડેલો, તે પંથ પૂરો ન થયો ત્યાં આવા રાગના ફળમાં ધર્મશાળામાં–દેવલોકમાં વસવું પડે છે. એ ધર્મશાળા (છે). ત્યાંથી પાછો બહાર નીકળશે, કહેશે અહીંયા. **'મહાન ઋદ્ધિકે ધારી દેવ હોકર ચિરકાલ તક નિવાસ કરતે હૈં...'** ઘણો કાળ ત્યાં સ્વર્ગમાં રહે. ત્યાં પણ શાશ્વત જિન પ્રતિમા ને જિન મંદિર છે. શાશ્વત જિન પ્રતિમા ને જિન મંદિર શાશ્વત છે. એ સમ્યગ્દૃષ્ટિ દેવ એના દેવ દર્શન, પૂજા, ભકિત ત્યાં પણ કરે અને આખું જીવન એ બાજુમાં ગાળે છે. અને શકિત હોય ત્યારે સાક્ષાત્ તીર્થંકરો મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે એના દર્શન કરવા માટે પણ સ્વર્ગના દેવ જાય છે.

હમણા આવ્યું હતું ને ? નાટકમાં નહોતું આવ્યું ? પેલો ઇન્દ્ર ઉતર્યો, પછી તરત પેલાએ કહ્યું કે, ચાલો આપણે પૂજા કરવા જઈએ. એ બધી શાસ્ત્રની રીત છે, હોં ! એ કલ્પિત વાતું નથી. એવા પુણ્યના ફળમાં દેવ એકદમ ઉપજે. આસપાસના દેવો કહે, અન્નદાતા ! આપે આત્મધર્મ સહિત એવા પુણ્ય ઉપાર્જ્યા, અમારા સ્વર્ગના સ્વામી થયા છો. આ સ્વર્ગ છે, આ દેવલોક છે, અહીં ભગવાનની પ્રતિમા બિરાજે છે, જિન મંદિર અહીં છે, પધારો ચાલો પહેલા વંદન કરીએ. પહેલા વંદન કરવા જાય છે. પછી દેવલોકની ને બધી વ્યવસ્થા (જોવે). બત્રીસ લાખ વિમાન હોય તો ....

અહીં કહે છે, ઘણો કાળ ત્યાં રહે. કેટલો કાળ ? એક સાગર લે તો કેટલો કાળ ? આહા..હા..! એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ ચાલ્યા જાય અને એક પલ્યોપમમાં એના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. શેઠ ! એક સાગરની સ્થિતિએ પણ જો જાય, અરે..! બે પલ્યોપમે જાય, લ્યોને ! કોઈ શ્રાવક ... એક પલ્યોપમમાં એના અસંખ્યમાં ભાગમાં અસંખ્ય અબજ વર્ષ જાય. એવા શુભભાવના ફળ તરીકે સ્વર્ગ એને મળે છે.

મહાન પાપ કરે છે, બ્રહ્મદત ચકવર્તી સાતસો વર્ષ. એ સાતસો વર્ષ. અમુક (વર્ષ)

પછી પરણ્યા ને ભોગ ને વિષય, છે ને ? સાતસો વર્ષમાં સમય કેટલા થાય ? અસંખ્ય. અને મીનીટું કેટલી થાય ? સંખ્યાતી. તેત્રીસ સાગરે ગયો. એક એક મીનીટના અસંખ્ય અબજ વર્ષનું દુઃખ. સમજાણું કાંઈ ? પંડિતજી ! એ સાતસો વર્ષની મિનિટ તો સંખ્યાતી હોય છે. સાતસો વર્ષના પાપ અને તેત્રીસ સાગરમાં અવતાર, સાતમી નરક. એક સાગરોપમમાં તો ક્રોડાક્રોડી પલ્યોપમ, એક પલ્યમાં અસંખ્યાત અબજ (વર્ષ). એની એક મીનીટે અનેક અબજો વર્ષનું પાપ આવ્યું. આહા..હા...! આ શું હશે ? ભાઈ ! પરિણામની તીવ્રતા (હોય ત્યાં) એના ફળ તરીકે એવું આવે.

આ પુણ્યની ઉગ્રતા એવી. અંતર્મુહૂર્તના શ્રાવકના વ્રતના પરિણામ સમ્યગ્દર્શન સહિત આવ્યા હોય તોપણ તે પલ્ય ને બે પલ્યના આયુષ્યમાં ચાલ્યો જાય. શું કીધું ? ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થઈને પંચમ ગુણસ્થાન શ્રાવકનું એક અંતર્મુહૂર્ત રહ્યું હોય. અને એના જે વ્રત આદિના, દાન આદિના શુભભાવ થયા એ મરીને ઓછામાં ઓછી એક પલ્યોપમેં સ્વર્ગમાં જાય તો એના એક અંતર્મુહૂર્તના સમય અસંખ્ય. એક એક સમયમાં અસંખ્ય વર્ષ સ્વર્ગના આવ્યા. એક સમયમાં અસંખ્ય વર્ષ, બીજામાં અસંખ્ય વર્ષ. ભાઈ ! એના શુભ પરિણામની શું વાત ? અને શુદ્ધની તો શું વાત ? આહા..હા..!

જેના અસંખ્ય સમયમાં શુદ્ધ પરિણામ રહેવાથી સાદિઅનંત મુ ક્તિ. શું કહ્યું ? ભાઈ ! ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છું એવું ભાન થયું તો એને કેવળ લેવામાં અસંખ્ય સમય જ જોઈએ, અનંત સમય ન હોય. ત્યારે અસંખ્ય સમય એના (ફળમાં) સાદિઅનંત મુ ક્તિ. એક એક સમયમાં અનંત વર્ષ, અનંત વર્ષનું અને અનંતું સુખ એક એક સમયના ફળમાં આવ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ ? અરે..! પ્રભુ તારી તો (શું વાત થાય) !

અરે..! અહીં તો બીજી વાત. મુનિ થાય ને મુનિ ? એક અંતર્મુહૂર્ત જો મુનિ રહે અને શુભ પરિણામ એવા આવે કે અંતર્મુહૂર્તે નવમી ગ્રૈવેયક ચાલ્યો જાય. આ તો શ્રાવકની વાત કરી પહેલી. છઠ્ઠે ગુણસ્થાને અંતર્મુહૂર્ત સાતમું આવ્યું, અંતર્મુહૂર્ત રહ્યો અને આયુષ્ય બંધાય ગયું તો નવમી ગ્રૈવેયકનું બાંધે. અંતર્મુહૂર્તના છઠ્ઠા ગુણસ્થાનની દશા અને સાતમાની, એમાં જે શુભભાવ આવી જાય, આવે જ એને. એમાં (એવા) પુણ્ય બંધાય, જ્યાં નવમી ગ્રૈવેયકના એકત્રીસ સાગરના મહર્ધિક દેવ થાય. સમજાણું કાંઈ ? એના પરિણામની ઉગ્રતા ને મંદતા ને શુદ્ધતા. ઉગ્રતા, મંદતા ને શુદ્ધતા–આ ત્રણે પરિણામના ફળની વ્યાખ્યા થઈ. આહા..હા..!

કહે છે કે, **'ઔર પીછે વે ઇસ મર્ત્યલોકમેં આકર...'** દેખો ! આચાર્ય મહારાજ કહે છે કે, જ્યાં દૃષ્ટિ પડી છે આત્મા ઉપર, એને પુણ્ય તો આવા શ્રાવકના થયા વિના રહેશે નહિ. સ્વર્ગમાં ગયો મહાન ૠદ્ધિનો ધણી (થાય). એકદમ જ્યાં જુવાન ૩૨ વર્ષનો હોય ને ઉત્પન્ન થાય અને અસંખ્ય અબજો વર્ષ સુધી ત્યાં રહે અને ન્યાંથી નીકળે ત્યારે મનુષ્યમાં જ એ આવે. સમ્યગ્દૃષ્ટિ ઢોરમાં ન જાય, દેવ મરીને નરકમાં ન જાય, દેવ મરીને

દેવ ન થાય. દેવ મરીને દેવ ન થાય, દેવ મરીને નરકે ન જાય એવા પરિણામ હોય જ નહિ એને. દેવ મરીને ઢોર પણ ન થાય. કોણ ? સમકિતી. મિથ્યાદૃષ્ટિ થાય. દૃષ્ટિ જેની મિથ્યાત્વ છે ને પુણ્ય બાંધ્યા હોય ને સ્વર્ગમાં જાય, મરીને ઢોરમાં જાય, પશુમાં જાય. પણ જેને સમ્યગ્દર્શનનું દોરડું હાથમાં છે એને શુભ પરિણામની જાતમાં એને સ્વર્ગનો વૈમાનિકનો ભવ મળે. એમાંથી મનુષ્ય થાય.

એ **'શુભકર્મકે યોગ સે અત્યંત ઉત્તમ કુલમેં મનુષ્યજન્મકો પાકર...'** પાછા સાધારણ કુળમાં જન્મ નહિ. અથવા એને અનંતકાળમાં જે દેહ નહોતો મળ્યો, એવો દેહ ત્યાં પ્રાપ્ત થાય. કારણ કે, સમ્યગ્દર્શનની ભૂમિકામાં જે શુભભાવ હતો એવો શુભભાવ કોઈ દિ' અનંતકાળમાં કર્યો નહોતો. એ સત્‌ની ભૂમિકાના બાંધેલા પુણ્ય પણ પરમાણુંને ફેરવી નાખે છે, ... એના ફળમાં. આહા..હા..!

'શ્રીમદ્દે' કહ્યું છે, એક વખતે એક કાગળમાં કહ્યું છે. આ દેહ આવો જો પૂર્વે ન મળ્યો હોય તો ફરીને આવો દેહ તો હવે મળવાનો નથી. ભાઈ ! એમ કહીને એમ કહેવા માંગે છે કે, આ શુભભાવના ફળ આ ભૂમિકામાં અનંતકાળમાં એવા બન્યા નથી. હવેનો દેહ આવશે એ બીજી જાતનો આવશે. એ રજકણોની પર્યાય અનંતકાળમાં નહોતી બની એવા રજકણની પર્યાય ત્યાં આવશે. આહા..હા..! સમજાણું કાંઈ ?

કહે છે, ઉત્તમ કુળમાં... અત્યંત ઉત્તમ કુળ ભાષા વાપરી છે ને ? **'अत्रागत्य पुनः कुलेऽति महति प्राप्य'** છે ને ? **'અત્યંત ઉત્તમ કુલમેં મનુષ્યજન્મકો પાકર તથા વૈરાગ્યકો ધારણકર...'** ઓહો..હો..! વૈરાગ્ય... કારણ કે, સાધન કરતાં કરતાં પુણ્ય બંધાઈ ગયા ને સ્વર્ગમાં ગયા છે. એ ત્યાંથી જ્યાં અહીં આવ્યા એ કામ શરૂ કરી દીધું. સ્વરૂપમાં સ્થિર, સ્વરૂપમાં સ્થિર, આનંદમાં સ્થિર. એવો વૈરાગ્ય રાગ ઘટાડીને, જગતથી ઉદાસ... **'ઔર સમસ્ત બાહ્ય તથા અભ્યંતર પરિગ્રહકા નાશકર...'** બાહ્ય ને અભ્યંતર બન્ને પરિગ્રહનો નાશ. અભ્યંતરમાં પણ ચૌદ પ્રકારનો ને બાહ્યમાં દસ પ્રકારનો, ચોવીસ પ્રકારનો પરિગ્રહ છે.

**'સીધે સિદ્ધાલયકો પધારતે હૈં...'** ભાષા જુઓ ! આચાર્ય મહારાજ કહે છે, શ્રાવક **'સિદ્ધાલયકો પધારતે હૈં...'** સમજાણું કાંઈ ? **'સિદ્ધાલયકો પધારતે હૈં...'** આહા..હા..! **'વહાંપર અનંતસુખકે ભોગનેવાલે હોતે હૈં...'** સિદ્ધમાં તો શું કહેવું ! એના અનંત આનંદને અમૃતના આનંદને જે દ્રવ્યનો સ્વભાવ જ છે એવો પ્રગટ્યો, તેના આનંદને શું કહેવું ! **'ઇસપ્રકાર જબ અણુવ્રત આદિભી મુક્તિકે કારણ હૈં...'** વ્યવહાર. મોક્ષનો માર્ગ .... આવે છે ને ? કે, આ પણ અણુવ્રતથી મુક્તિ છે એમ નિમિત્તથી કથન કરવામાં આવ્યું છે. **'તો ભવ્યોંકો ચાહિયે કિ વે ષટ્ આવશ્યક પૂર્વક અણુવ્રતોંકો પ્રયત્નસે ધારણ કરૈ.'** હવે કહે છે.

# શ્લોક-૨૫

**पुन्सो ऽर्थेषु चतुर्षु निश्चलतरो मोक्षः परं सत्सुखः**
**शेषास्तद्विपरीतधर्मकलिता हेया मुमुक्षोरतः।**
**तस्मात्तत्पदसाधनत्वधरणो धर्मोऽपि नो संमतो**
**यो भोगादिनिमित्तमेव स पुनः पापं बुधैर्मन्यते।।२५।।**

**અર્થ :– ચારો પુરુષાર્થોમેં મનુષ્યકે લિયે અવિનાશી તથા ઉત્તમસુખકા ભંડાર કેવલ મોક્ષ હી પુરુષાર્થ હૈ કિન્તુ મોક્ષસે અતિરિ ત અર્થ કામ આદિ પુરુષાર્થ વિપરીતધર્મકે ભજનેવાલે હૈ ઇસલિયે વે મોક્ષાભિલાષી કો સર્વથા ત્યાગને યોગ્ય હૈ તથા ધર્મ નામક પુરુષાર્થ યદિ મોક્ષકા કારણ હોવે તો વહ અવશ્ય ગ્રહણ કરને યોગ્ય હૈ કિન્તુ યદિ વહી પુરુષાર્થ નાનાપ્રકારકે ભોગવિલાસોંકા કારણ હોવે તો વહ ભી સર્વથા નહીં માનને યોગ્ય હૈં તથા એસે ભોગવિલાસકે કારણ ધર્મપુરુષાર્થકો જ્ઞાનીજન પાપ હી કહતે હૈં. ૨૫.**

શું કહે છે ? ચાર પ્રકાના પુરુષાર્થ છે. '**ચારો પુરુષાર્થોમેં મનુષ્યકે લિયે અવિનાશી તથા ઉત્તમસુખકા ભંડાર કેવલ મોક્ષ હી પુરુષાર્થ હૈ...**' લક્ષ્મીનો પાપ પુરુષાર્થ, ભોગ પુરુષાર્થ પાપનો, ભોગ માટે પાપનો પુરુષાર્થ, રળવાનો પુરુષાર્થ પાપનો અને રાગની મંદતાનો પુણ્યનો પુરુષાર્થ, એને અત્યારે વ્યવહાર ધર્મ કહેવાય અને રાગ રહિત સર્વથા મોક્ષનો પુરુષાર્થ. એ ચાર પ્રકારના પુરુષાર્થમાં મોક્ષનો પુરુષાર્થ ઉત્તમ છે. છે ? '**ઉત્તમસુખકા ભંડાર કેવલ મોક્ષ હી પુરુષાર્થ હૈ...**' લક્ષ્મીનો પુરુષાર્થ, ભોગનો પુરુષાર્થ એ તો કેવળ હેય છે પણ પુણ્યનો પુરુષાર્થ, એ પણ મોક્ષના પુરુષાર્થ આગળ હલકો છે.

'**કેવલ મોક્ષ હી પુરુષાર્થ હૈ કિન્તુ મોક્ષસે અતિરિ ત અર્થ (નામ લક્ષ્મી), કામ (નામ ભોગ) આદિ પુરુષાર્થ વિપરીત ધર્મકે ભજનેવાલે હૈ...**' આત્માના સ્વભાવથી ઉલટા પાપને ભજવાવાળા છે. '**ઇસલિયે વે મોક્ષાભિલાષી કો સર્વથા ત્યાગને યોગ્ય હૈ...**' કોણ ? અર્થ ને કામ. એ ભોગ અને લક્ષ્મી. કહો, આ લક્ષ્મી રળવાનું કેવું થાતું હશે એમાં ? ભાઈ ! પુણ્ય થતું હશે કે પાપ ? શેઠ ! આ રળવું એટલે કમાવું. પાપ, એટલું એટલું બધા કરે એ પાપ ? છોકરા કરે તો ? દાન નહિ એટલું દાન ? છોકરાને આપે ને ! દાન. દાન એટલે દેવું. પાપ છે એકલું. લક્ષ્મી રળવાનો પુરુષાર્થ એકલો પાપ, ભોગનો પુરુષાર્થ એકલો પાપ. એ વિપરીત ધર્મને ભજવાવાળો છે. પાપ કર્મ પાપ એટલે

**'વે મોક્ષાભિલાષી કો સર્વથા ત્યાગને...'** હવે એક રહ્યો ધર્મ. ધર્મ એટલે પુણ્ય. રાગની મંદતા વ્યવહાર ધર્મ. નિશ્ચય ધર્મ તો વીતરાગ. એ તો મોક્ષનો પુરુષાર્થ, એ તો પહેલો કહ્યો.

હવે આ ત્રણમાં **'ધર્મ નામક પુરુષાર્થ યદિ મોક્ષકા કારણ હોવે...'** મોક્ષનું કારણ એટલે નિમિત્ત. સમજાણું કાંઈ ? જેના રાગની મંદતા થઈ અને સહચર નિમિત્ત મોક્ષને માટે બને તો તો તે પુણ્યનો પુરુષાર્થ પણ વ્યવહારે ઠીક કહેવામાં આવે. **'વહ અવશ્ય ગ્રહણ કરને યોગ્ય હૈ...'** શું કીધું ? અણુવ્રત, મહાવ્રત, દાન, દયા એવા પરિણામ (થાય), સ્વભાવની દૃષ્ટિ છે એથી તેને મુ ્તિના માર્ગમાં, નિશ્ચયના માર્ગમાં નિમિત્તરૂપી ભાવ છે એથી તે ધર્મ પુરુષાર્થ જરૂર ગ્રહણ કરવા યોગ્ય છે. મોક્ષ પુરુષાર્થની સાથે આવો પુણ્ય પુરુષાર્થ પણ જરૂર ગ્રહણ કરવા લાયક છે. શ્રાવકના વ્રત, મહાવ્રત આદિ પુણ્ય કીધા છે કે નહિ ? પાપને ટાળવા, ભોગ ને લક્ષ્મી એવા પાપને ટાળવા... જરૂર કરવો, એવો પાઠ છે જુઓ ! છે કે નહિ ?

**'કિન્તુ યદિ વહી પુરુષાર્થ નાનાપ્રકારકે ભોગવિલાસોંકા કારણ હોવે...'** એની દૃષ્ટિ જ પુણ્યમાં હોય, ભોગમાં હોય કે, આ પુણ્ય કરશું ને એનું ફળ મળશે ભોગ, તો એ ધર્મ પુરુષાર્થ કાંઈ કામનો નથી. જેની દૃષ્ટિ સ્વભાવની પ્રાપ્તિમાં નિમિત્ત થાય એવો કષાયના મંદનો વ્યવહાર ધર્મ નથી અને એકલો ધર્મ જેમાં ભોગનું જ પરિણામ આવે, એ પુરુષાર્થ કરવા લાયક છે નહિ. સમજાણું કાંઈ ? રાગની એકતા તુટી ત્યાં રાગ થાય, એને નિમિત્ત તરીકે મોક્ષના પુરુષાર્થમાં ગણવામાં આવ્યો. પણ રાગની એકતાની દૃષ્ટિમાં જે પુણ્યના ફળ થાય (એ) એકલા ભોગ માટે છે, એકલા પાપ માટે છે. માટે એ ધર્મ ગણવામાં આવતો નથી. એ ધર્મ પુરુષાર્થ જ ગણવામાં આવતો નથી.

**'વહ ભી સર્વથા નહીં માનને યોગ્ય હૈં તથા ઐસે ભોગવિલાસકે કારણ ધર્મપુરુષાર્થકો જ્ઞાનીજન પાપ હી કહતે હૈં.'** દેખો ! જેમાં શુભભાવમાં અણુવ્રત, મહાવ્રત આદિના ભાવ (થાય) એ તો ધર્મ પુરુષાર્થ, વ્યવહાર મોક્ષના પુરુષાર્થની સાથે છે. એને દુર્ગતિનું કારણ એ થાય નહિ અને એના મોક્ષને અટકાવશે નહિ. પણ જે પુરુષાર્થ એકલો રાગની મંદતા ખાતર મંદતા છે, પુણ્ય ખાતર પુણ્ય છે. બીજી રીતે કહીએ તો એ અનુભવ ખાતર નથી, ભોગના વિલાસ માટે પુણ્યના પરિણામ જે છે, એ છોડવા લાયક છે. સમજાણું કાંઈ ? આ તો નિશ્ચય વ્યવહારની સંધિ કરે છે ને ? હોય છે ને ? વ્યવહાર આવે છે. નથી આવતો એમ નથી. વ્યવહાર નથી એમ નહિ.

વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, આશ્રય કરવા લાયક નથી. સમજાણું કાંઈ ? એને નિશ્ચયથી ઉપાદેય આદરણીય કરવા લાયક નથી. પણ વ્યવહાર નથી જ (એમ નથી). કહે છે ને કે, એ વ્યવહાર ન માને તો એનો તીર્થનો નાશ થાય, નિશ્ચય ન માને તો

એને તત્ત્વનો નાશ થાય. એનો અર્થ ઊંધો કરે. વ્યવહાર ન માને એટલે કે વ્યવહાર આદરણીય ન માને ને વ્યવહાર કરવા જેવો ન માને તો એને એનાથી ધર્મ થાય. એમ નથી. વ્યવહાર ન માને એટલે ? ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન ભેદ છે, એમાં રાગની મંદતાનો ભાવ (હોય છે) એવો વ્યવહારનો વિષય ન માને તો એ તીર્થનો નાશ થાય છે. અને એકાકાર ચિદાનંદ ભગવાન અખંડાનંદનો કંદ ભરેલો એનો આશ્રય નિશ્ચય ન માને તો ભેદમાં વ્યવહાર સમકિત પણ એને પ્રગટ થતું નથી. આહા..હા..! ભાઈ !

વ્યવહાર આવે છે, હોય છે, જાણેલો પ્રયોજનવાન છે, વ્યવહારે ઉપાદેય કહેવામાં આવે છે. ભગવાન ત્રણલોકના નાથનો આદર કરવો એ વ્યવહાર છે, લ્યોને ! ભગવાન પરમાત્મા સાક્ષાત્ બિરાજે છે, એનું નામ સ્મરણ કે વંદન કરીએ એ વ્યવહાર છે. સમજાણું કાંઈ ? વ્યવહારનયે વ્યવહાર પૂજ્ય છે. નિશ્ચયથી હેય છે. નહિતર તો ભગવાન સાક્ષાત્ હોય એ પૂજ્ય નહિ કહી શકે. સમજાણું ?

'દીપચંદજીએ' એક ઠેકાણે તો કહ્યું છે કે, જો બહુ કરવા જાશું ને ભગવાન પરમાત્મા એ હેય છે, એકાંત હેય છે એમ નિંદા કરવા જાય તો વ્યવહાર ઉડી જશે. વસ્તુ છે, હોય છે, દેવ દર્શન, ગુરુ સેવા, ભકિત, પુણ્યભાવ... સમજાય છે ? ગુણસ્થાનને યોગ્ય છે. ન માને તો નિશ્ચયાભાસી મિથ્યાદષ્ટિ છે અને એ વ્યવહારથી એકલો નિશ્ચયના ભાન વિના મુક્તિ માને એ વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. ભાઈ ! અરે..! પણ ખેંચાતાણ એવી કરે ને. સમજે નહિ. નિશ્ચય-વ્યવહાર, બાપા ! બન્ને છે સાંભળને ! નય છે તો નયનો વિષય નથી ? નય છે તે વિષયી છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નય બીજાને હોય નહિ. એ તો ઘણા વર્ષ પહેલા કહ્યું હતું. એક જણાએ બહુ ચર્ચા કરવા માંડી કે, આ મૂર્તિ સમ્યગ્દષ્ટિને હોય નહિ, મિથ્યાદષ્ટિને હોય. મોટી ચર્ચા ચાલવા માંડી (સંવત) ૧૯૮૩ ને ૧૯૭૬ની વચમાં, (સંવત) ૧૯૭૬ ને ૧૯૮૩ની વચમાં. ભગવાનની મૂર્તિ જડ છે. એ મિથ્યાદષ્ટિ હોય ત્યાં સુધી એને પૂજનિક માને, સમ્યગ્દષ્ટિ પછી ન માને. કીધું, સમ્યગ્દષ્ટિ પછી જ નિક્ષેપ હોય, સાંભળ !

કેમ કે જ્યારે સમ્યગ્જ્ઞાન થયું, શુદ્ધ ચૈતન્યનું ભાન થયું ત્યારે સમ્યક્ શ્રુતજ્ઞાન થયું, સમ્યક્ શ્રુતજ્ઞાન થયું ત્યારે એના નય બે અવયવ પડી ગયા. નય પડ્યાં, નિશ્ચય ને વ્યવહાર તે વિષયી થયો, વિષયી થયો ત્યારે નિક્ષેપ એને વિષય થયો. સમ્યગ્દષ્ટિને જ વિષય નિક્ષેપ હોય છે. સમજાય છે કાંઈ ? આ તો (સંવત) ૧૯૭૬ ને ૧૯૮૩ માં બહુ ચર્ચા ચાલતી ને ! બધા વાડાવાળા ન માને ને ! ભાઈ ! એમ રહેવા દે, ખેંચાતાણ રહેવા દે. ચૈતન્યને અવલંબે સમ્યક્ શ્રુતજ્ઞાનનું ભાન થયું, ભાવશ્રુત થયું, ભાવશ્રુત. શ્રુત થયું પ્રમાણ ત્યારે બે નય પડી ગઈ, બે એના અવયવો પડી ગયા. એક નિશ્ચય અને એક વ્યવહાર. અને

બે નયો પડી ત્યારે નયો તે વિષયી છે તો એનો વિષય પણ હોવો જોઈએ. તો ભગવાનની મૂર્તિ ને પૂજા ને બધું નિક્ષેપ વ્યવહાર નયના વિષયમાં જાય છે. ખરેખર સમ્યગ્દષ્ટિને જ એવો વ્યવહાર હોય છે, મિથ્યાદષ્ટિને એ વ્યવહાર હોતો નથી. ભાઈ ! એવા તત્ત્વોને સમજ્યો નહિ અને ખેંચાતાણ કરી કરીને રાગથી તત્ત્વને તોડી નાખે.

બાપુ ! નિક્ષેપ તો જ્ઞેયના ભાગ છે અને નય જ્ઞાનનો ભાગ છે. તો જ્ઞેયના ભાગનું વાસ્તવિક જ્ઞાન, નયનું જ્ઞાન થાય એને હોય છે. સમજાણું કાંઈ ? ભાઈ ! આડું-અવળું કાંઈ કરવા જાય તો એના ઘરનું બધું ખોશે. જેના સ્થાનમાં જ્યાં વ્યવહાર હોય તે બરાબર હોય છે. મુનિને પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીસ મૂળગુણના પરિણામ, વસ્ત્રનો વિકલ્પ મુનિને હોય નહિ. સમજાય છે ? મુનિની દશા થઈ, છઠ્ઠે ગુણસ્થાને વસ્ત્ર ને એને માટે કરેલા આહારનો વિકલ્પ હોય નહિ પણ એને અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ હોય. એવી જ ભૂમિકાની દશા છે, એ વ્યવહાર વ્યવહાર તરીકે એને ન માને તો નિશ્ચયાભાસી છે. સમજાણું કાંઈ ? અને એવા એકલા વ્યવહારથી કલ્યાણ માને એ તો અનાદિનો વ્યવહારાભાસી મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! ભારે વાત, ભાઈ !

અહીં કહે છે, ઓ..હો..! એ ભોગ વિલાસનું કારણ, એ પુણ્ય બંધાય છે એના ફળમાં ભલે ભોગ છે પણ એને ભોગ માટે પુણ્ય નથી. વચમાં કષાયની મંદતા નિમિત્ત આવી ગઈ છે પણ એનું લક્ષ તો સ્વભાવ તરફ જવાનું છે. દૃષ્ટિમાં અંદર જાવું છે. એમાં આવો વિકલ્પ, ગુણ-ગુણીનો ભેદ પણ વિકલ્પ આવે, એનું પુણ્ય બંધાઈ જાય છે, હોય છે, થાય છે. ન્યાં કરે છે કીધુંને એ તો પહેલું ? વ્યવહારનયનું કથન જ એવું છે કે કરે છે, એમ કહેવાય. એનો અર્થ કે થાય છે તેને કરે છે, એમ કહેવામાં આવે છે. ભાઈ ! આહા..હા..!

**'એસે ભોગવિલાસકે કારણ ધર્મપુરુષાર્થકો જ્ઞાનીજન પાપ હી કહતે હૈ.'** સમજાય છે કાંઈ ? આવ્યું ને ? **'धर्मोऽपि नो सम्मतो'** છે ને એ ? **'ધર્મ અર્થ કામ તથા મોક્ષ ઇસપ્રકાર ચાર પ્રકારકે પુરુષાર્થ હૈં ઉન સબમેં અવિનાશી તથા અનંતસુખકા ભંડાર...'** મોક્ષ હી ઉત્તમ પુરુષાર્થ (હૈ). અનંત સુખનો ભંડાર. અતીન્દ્રિય આનંદનો પુરુષાર્થ એ મોક્ષનો પુરુષાર્થ છે, એ સર્વોત્કૃષ્ટ છે. **'ઇસલિયે વિદ્વાનોંકો વહી ગ્રહણ કરને યોગ્ય હૈ...'** વિદ્વાન, સમ્યગ્જ્ઞાનીને તે જ પુરુષાર્થ કરવા લાયક છે. **'પરંતુ ઇસસે વિપરીત અર્થ આદિ પુરુષાર્થ હૈં વે વિનાશીક તથા દુઃખકે કારણ હૈં...'** આ લક્ષ્મીનો પુરુષાર્થ અને ભોગનો પુરુષાર્થ એ વિનાશીક ને દુઃખનું કારણ છે.

**'સર્વથા ત્યાગને યોગ્ય હૈં ઔર યદિ ધર્મનામક પુરુષાર્થ...'** ધર્મ એટલે પુણ્ય, કષાયની મંદતા, વ્યવહારે ધર્મ, નિશ્ચયે અધર્મ. ત્યારે વ્યવહાર કહેવાય. વ્યવહાર, નથી તેને કહે એનું નામ વ્યવહાર. છે તેને જાણે એનું નામ નિશ્ચય. શું થાય ? ખેંચાતાણ, ખેંચાતાણ. પેલો તો એકલો શુભભાવથી મોક્ષ, શુભભાવથી મોક્ષ (થાય). ધૂળમાં પણ નથી, સાંભળને

! મરી જા ને મરીને ચૂરો થઈ જાય ને કેમ નહોતું આવ્યું ? મરીને ચૂરો, ભુકો શરીરનો થઈ જાય તો ત્રણકાળમાં તારા શુભભાવથી કલ્યાણ નથી, લે ! સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પોતાના પંથે પડ્યો પણ એ પંથમાં સ્થિર રહી શકે નહિ ત્યારે આવા ભાવ શુભના એને નિમિત્તરૂપે ગણવામાં આવે છે.

એટલે એને કહ્યું કે, **'ધર્મનામક પુરુષાર્થ મોક્ષકા કારણ હોવે...'** કારણનો અર્થ નિમિત્ત. સહચર, સહચર–સાથે આવે એવો, સાથે રહે એવો. સાથે રહે એવો એટલે ? અહીં નિશ્ચય છે ત્યાં એવો ભાવ હોય છે એને સહચર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એકલો પછી ભગવાનની પૂજા, દાન ને દયા ને ભગવાન ને એના મંદિરો કરો તો એમાંથી તમારું કલ્યાણ થઈ જશે. એ મૂઢ છે. સમજાણું કાંઈ ? જાવ બે, પાંચ, દસ લાખ ખર્ચે અને મોટો ગજરથ કાઢે, કાં એ મંદિર બનાવે ત્રણ-ચાર લાખનું... ધૂળમાં પણ નથી, સાંભળને ! એ તો જડની ક્રિયા છે. એ તો પુદ્ગલ પરાવર્તનની ક્રિયા છે. એમાં તારો ભાવ રાગ મંદ થયો હોય તો તો પુણ્ય છે, એનાથી ધર્મ છે નહિ. જન્મ-મરણના અંત કેવા ? જન્મ-મરણના અંતની રીત તો ભગવાન જ્ઞાયકમૂર્તિને પકડવાથી થાય છે. રાગને પકડવાથી ને રાગને થવાથી નહિ.

અહીં કહે છે પુરુષાર્થ ધર્મનો મોક્ષકારણ નિમિત્ત હોય તો **'વિદ્વાનોંકો સદા ગ્રહણ કરને યોગ્ય હૈ...'** સદા ગ્રહણ કરને યોગ્ય, એમ લીધું ને ? ષટ્ આવશ્યક છે ને. દરરોજના છે ને ? **'કિન્તુ યદિ વહી પુરુષાર્થ નાનાપ્રકારકે ભોગોંકા કારણ હોવે...'** લ્યો ! હેયબુદ્ધિએ ન હોય, ઉપાદેયબુદ્ધિએ હોય તો એ પાપ છે. તો એને નિમિત્તનો વ્યવહાર ધર્મનો આરોપ પણ કહેવામાં આવતો નથી. **'ઇસલિયે સર્વથા વહ ત્યાગ કરને યોગ્ય હી હૈ...'** કોણ ? એકલું પુણ્ય, એકલું પુણ્ય–ધર્મની દૃષ્ટિ વિનાનું. **'ઇસલિયે ભવ્યજીવોંકો ચાહિયે કિ વે મોક્ષપુરુષાર્થકે લિયે તો સર્વથા હી પ્રયત્ન કરૈં તથા યદિ ધર્મ નામક પુરુષાર્થ મોક્ષકા સાધન હોવે તો...'** નિમિત્ત વ્યવહાર સાધન હોવે.. સાધન આવે ત્યાં કહે કે, એ સાધનથી સાધ્ય થાય. **'તો ઉસકે લિયે ભી ભલીભાંતિ પ્રયત્ન કરૈં...'** અશુભ ટાળીને આવે છે તો એના ક્રમમાં એને આવે એટલી વાર છે, જેમ છે એમ કથનમાં એની રીતિ પુરુષાર્થની કેવી હોય ? ઉપદેશ કેવો હોય ? સમજાણું ? ધર્મીને એના ચારિત્ર ગુણનો જે શુભનો સ્વકાળ છે ત્યારે જ આવે અને એ કાળે જ આવે, આડોઅવળો ન હોય. આહા..હા..! પણ વ્યવહારના ઉપદેશમાં એમ કહેવામાં આવે.

**'ભવ્યજીવોંકો ચાહિયે કિ વે મોક્ષપુરુષાર્થકે લિયે તો સર્વથા હી પ્રયત્ન કરૈં તથા યદિ ધર્મનામક પુરુષાર્થ મોક્ષકા સાધન હોવે તો ઉસકે લિયે ભી ભલીભાંતિ પ્રયત્ન કરૈં કિન્તુ ઇનસે અતિરિ ત પુરુષાર્થોંકો પાપકે કારણ સમઝકર ઉનકે લિયે કદાપિ પ્રયત્ન ન કરૈ.'** જુઓ ! રળવાનો ને ભોગનો પ્રયત્ન ન કરવો,

એમ કહે છે. ભાઈ ! છોકરાની ...

મુમુક્ષુ :– ...

ઉત્તર :– રળવાનું, પછી દાન એમ કોણે કીધું ? હોય એમાંથી (આપવાની વાત છે). એક કોળીયો ખા તો પા કોળીયો આપજે, એમ એમાં કહ્યું હતું. એમ કાંઈ નથી કે, ન્યાં પાંચ પચ્ચીસ લાખ ન દીધા ને આણે દીધા. એક રૂપિયો હોય તારી પાસે તો બે પૈસા દેજે, એક પૈસો દેજે. લોભ ઘટાડ... લોભ ઘટાડ... લોભ ઘટાડ. એ વસ્તુને મેળવીને પછી આપીએ તો ગાય મારીને .... ધરવા જેવું છે.

એ 'ઇષ્ટોપદેશ'માં કહ્યું છે, 'ઇષ્ટોપદેશ'નો ઉપદેશ, 'ઇષ્ટોપદેશ' કોને કહીએ ? કે, 'ઇષ્ટોપદેશ' માં વાત છે. આ પ્રશ્ન એમાં ઉઠાવ્યો છે કે, ઝાઝું રળીએ પછી આપણે દાન કરશું. પહેલા પાપ કરીને, કૂવો ખોદાવીને પાણી કાઢશું ને નહાશું, એ કરતાં પાપ જ કરવું છોડી દેને. પાપ કરીને રળીએ ને પછી આપણે પુણ્ય કરશું. કોને ખબર છે મરી ગયો એમાં તો ? સમજાણું કાંઈ ? કહો, શું છે આમાં ? ભાઈ ! આડાઅવળા હોય, પૈસાવાળા નજરમાં લક્ષમાં આવે. એ કદાપિ અર્થ અને ભોગ માટે પુરુષાર્થ ન કરે. એને આવવું હોય એમ આવી જાય સાધારણ, એમ કહે છે.

## શ્લોક–૨૬

**भव्यानामणुभिर्व्रतैरनणुभिः साध्योऽत्र मोक्षः परं**
**नान्यत्किञ्चिदिहैव निश्चयनयाज्जीवः सुखी जायते।**
**सर्वंतु व्रतजातमीदृशधिया साफल्यमेत्यन्यथा**
**संसाराश्रयकारणं भवति यत्तद्दुःखमेव स्फुटम्।।२६।।**

**અર્થ :– ભવ્યજીવ અણુવ્રત તથા મહાવ્રતકો મોક્ષકી પ્રાપ્તિકે લિયે હી ધારણ કરતે હૈં. કિન્તુ ઉનકે ધારણ કરનેસે ઉનકો અન્ય કોઈ ભી વસ્તુ સાધ્ય નહીં હૈ, ક્યોંકિ નિશ્ચયનયસે જીવકો સુખકી પ્રાપ્તિ મોક્ષમેં હી હોતી હૈ તથા મોક્ષકી પ્રાપ્તિકે લિયે જો અણુવ્રત મહાવ્રત આદિ વ્રત આચરણ કિયે જાતે હૈં વે સફલ સમઝે જાતે હૈં. કિન્તુ જો વ્રત મોક્ષકી પ્રાપ્તિકે લિયે નહીં હૈ, સંસારકે હી કારણ હૈં વે દુઃખસ્વરૂપ હી હૈં યહ ભલિભાંતિ સ્પષ્ટ હૈ. ઇસલિયે ભવ્યજીવોંકો મોક્ષકે લિયે હી વ્રતોંકો ધારણ કરના ચાહિયે. ૨૬.**

**'ભવ્યજીવ અણુવ્રત તથા મહાવ્રતકો મોક્ષકી પ્રાપ્તિકે લિયે હી ધારણ કરતે હૈં...'** એકલા રાગ ને પુણ્ય ખાતર અને ભોગ ખાતર હોતા નથી. સમજાય છે કાંઈ ? નિમિત્ત તરીકે **'અણુવ્રત તથા મહાવ્રતકો મોક્ષકી પ્રાપ્તિ...'** જુઓ ! એના અર્થ એવા ઊંધા મારે કે, આ એકલા અણુવ્રત ને મહાવ્રતથી મોક્ષ થાય. એમ નથી. એને માટે સ્વભાવની દૃષ્ટિ છે એમાં ખર્ચતો નથી એટલે આવા અણુવ્રત ને મહાવ્રતના પરિણામ નિમિત્ત તરીકે, સાધન તરીકે, વ્યવહાર તરીકે, કારણ તરીકે, વ્યવહાર કારણ તરીકે આવ્યા વિના રહેતા નથી.

**'ધારણ કરતે હૈં કિન્તુ ઉનકે ધારણ કરનેસે ઉનકો અન્ય કોઈ ભી વસ્તુ સાધ્ય નહીં હૈ...'** જુઓ ! એનું કરતાં કરતાં રાગ છોડીને સ્થિર થવાનું સાધ્ય છે. રાગ મંદ પડ્યો છે પણ એ છોડીને સ્થિર થવાનું સાધ્ય છે, એ રાગને રાખવાનું સાધ્ય નથી. **'ક્યોંકિ નિશ્ચયનયસે જીવકો સુખકી પ્રાપ્તિ મોક્ષમેં હી હોતી હૈ...'** ખરેખર તો એ પુણ્યના ફળ તરીકે સ્વર્ગમાં પણ સુખ છે નહિ. દુઃખ, દુઃખ અને દુઃખ, દુઃખનો ભંડાર છે. **'મોક્ષકી પ્રાપ્તિ...'** જુઓને ! શાસ્ત્રમાં ન કહ્યું ? ત્યાં 'પંચાસ્તિકાય'માં કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને પુણ્ય (બંધાતા) સ્વર્ગમાં જાય, અંગારાથી શેકાશે. અંગારા, અંગારા ! સમ્યગ્દૃષ્ટિ પણ ત્યાં વિષયના ભોગમાં અગ્નિથી શેકાશે. આહા..હા..! ભાઈ ! રાગ આવ્યો ને પુણ્ય થયું છે એ સ્વર્ગમાં લેશ ભોગવશે, એમ કહ્યું છે. સમ્યગ્દૃષ્ટિને પણ એટલો લેશ ત્યાં છે. 'પંચાસ્તિકાય' છેલ્લી ગાથા છે. ૧૭૦, ૧૭૧. સમજાણું કાંઈ ?

**'નિશ્ચયનયસે જીવકો સુખકી પ્રાપ્તિ મોક્ષમેં હી હોતી હૈ તથા મોક્ષકી પ્રાપ્તિકે લિયે જો અણુવ્રત મહાવ્રત આદિ વ્રત આચરણ કિયે જાતે હૈં વે સફલ સમઝે જાતે હૈં કિન્તુ જો વ્રત મોક્ષકી પ્રાપ્તિકે લિયે નહીં હૈ, સંસારકે હી કારણ હૈં...'** હેયબુદ્ધિ નથી અને ઉપાદેય બુદ્ધિ છે એ **'દુઃખસ્વરૂપહી હૈં...'** પેલા સુખમાં નિમિત્ત હતું, આ એકલું દુઃખ છે, એમ કહે છે. **'યહ ભલિભાંતિ સ્પષ્ટ હૈ. ઇસલિયે ભવ્યજીવોંકો મોક્ષકે લિયે હી વ્રતોંકો ધારણ કરના ચાહિયે.'** એક છેલ્લો શ્લોક. સાત, સાત વ્યાખ્યાન થયા. આજ સાતમાં પૂરું થાય છે. કાલ તો બીજું છે ને ? બપોરના આલોચના.

## શ્લોક-૨૭

**यत्कल्याणपरंपरार्पणपरं भव्यात्मनां संसृतौ**
**पर्यन्ते यदनन्तसौख्यसदनं मोक्षं ददाति ध्रुवम्।**

**तज्जीयादतिदुर्लभं सुनरतामुख्यैर्गुणैः प्रापितं**
**श्रीमत्पङ्कजनन्दिभिर्विरचितं देशव्रतोद्योतनम् ।।२७।।**

**અર્થ :– જો દેશવ્રતોદ્યોતન સંસારમેં ભવ્યજીવોંકો ઇન્દ્ર ચક્રવર્તી આદિ સમસ્તકલ્યાણોંકા દેનેવાલા હૈ ઔર સબસે અંતમેં અનન્ત સુખોંકા ભંડાર જો મોક્ષ ઉસકા દેનેવાલા હૈ તથા જિસકી પ્રાપ્તિ અત્યંત દુર્લભ જો મનુષ્યપના આદિ અનેકગુણ ઉનસે હોતી હૈ ઔર જિસકી રચના શ્રીપદ્મનન્દિનામક આચાર્યને કી હૈ એસા વહ વ્રતોદ્યોતન ચિરકાલ તક ઇસસંસાર મેં જયવંત રહો. ૨૭.**

**ઇસપ્રકાર ઇસપદ્મનંદિપંચવિંશતિકામેં દેશવ્રતોદ્યોતનનામક અધિકાર સમાપ્ત હુઆ.**

જુઓ ! કરુણાબુદ્ધિથી વિકલ્પ આવતા મહામુનિ પોતે તો પંથે પડ્યા છે છતાં આવો વિકલ્પ આવ્યો અરે..! દેશવ્રત શ્રાવકોએ તો આવું કરવું જોઈએ. એની ભૂમિકા ને શોભા છે નહિતર એ ભૂમિકાની શોભા આવતી નથી.

આ '**દેશવ્રતોદ્યોતન સંસારમેં ભવ્યજીવોંકો ઇન્દ્ર ચક્રવર્તી આદિ સમસ્ત કલ્યાણોંકા દેનેવાલા હૈ...**' શુભભાવ છે ને ? શુભ. એનાથી ઇન્દ્ર, મહેન્દ્ર આદિ મોટા થાય. મહાઇન્દ્ર એટલે મોટા ઇન્દ્ર. '**ઔર સબસે અંતમેં અનન્ત સુખોંકા ભંડાર...**' એ પુણ્ય અણુવ્રત, મહાવ્રતના પરિણામ છોડીને પછી સ્થિર થશે ત્યારે એને મુક્તિનું કારણ આ નિમિત્ત તરીકે કહેવામાં આવશે.

'**અનંત સુખોંકા ભંડાર જો મોક્ષ ઉસકા દેનેવાલા હૈ...**' દેખો ! આ 'દેશવ્રતોદ્યોતન', હોં ! પેલા નિશ્ચયસુખ ને વ્યવહારસુખ. '**જિસકી પ્રાપ્તિ અત્યંત દુર્લભ હૈ ઐસા મનુષ્યપના આદિ અનેકગુણ ઉનસે હોતી હૈ...**' 'દેશવ્રતોદ્યોતન'થી સ્વર્ગ મળે, ન્યાંથી મનુષ્યપણું પણ મળે છે. ન્યાંથી પાછો મનુષ્ય થશે ને ? ધર્મી જીવ મનુષ્ય જ થશે. અધુરું રહ્યું. આહા..હા..! વીસ ગાઉ બળદે ચાલવા માંડ્યું, બેલ, બેલ, સોળ ગાઉ થયા ત્યાં રાત પડી ગઈ. ત્યાં બહાર ધર્મશાળામાં પડાવ નાખ્યો. શેનો પડાવ છે ? સવાર પડે એટલે ચાલવા માંડવું છે. સમજાય છે ? જેટલા ચાર ગાઉ બાકી રહ્યા એ કાપવાના છે.

એમ ધર્મીને આત્માની દૃષ્ટિ ને સ્થિરતા જેટલી પ્રગટી એટલો પોતાનો માર્ગ કાપ્યો. પણ જ્યાં અંદર રાત પડી–આયુષ્ય પૂરું થઈ ગયું. એમાં આવા વ્રત આદિના પરિણામ રહી ગયા, એના ફળ તરીકે સ્વર્ગમાં ધર્મશાળા છે. સ્વર્ગમાં ધર્મશાળા. એ સ્વર્ગ એટલે ધર્મશાળા. એ જ્યાં પૂરું થયું ન્યાંથી નીકળ્યો મનુષ્યમાં ગયો, એ પૂરું કરવા ગયો છે ત્યાં. આહા..હા..! ભાઈ ! કહો, આ સમજાય છે કે નહિ ?

'**અનંત સુખોંકા ભંડાર જો મોક્ષ ઉસકા દેનેવાલા હૈ તથા જિસકી પ્રાપ્તિ**

**અત્યંત દુર્લભ જો મનુષ્યપના...**' શું કહે છે ? આવા વ્રતના પરિણામ સમ્યગ્દષ્ટિ સહિત (હોય) એને ઉત્તમ મનુષ્યપણું પણ મળે, ઉત્તમ સ્વર્ગ પણ મળે ને બહારના ઉત્તમ સાધનો–એવા પુણ્યને કારણે જિન વાણી મળે, સમવસરણ મળે, સંતો મળે. સમજાય છે કાંઈ ? આદિ શબ્દ છે ને ? મનુષ્યપણા આદિ અનેક ગુણ. ભવિષ્યમાં એના પુણ્ય એવા હોય છે... ઓહો ! જ્યાં જન્મે ત્યાં, ધર્માત્મા જન્મે ત્યાં પથ્થરની શીલાઓ નિલમણી થઈ જાય. જ્યાં જેના અવતાર એ સત્ પુણ્ય બાંધ્યા છે, ભવિષ્યને માટે, હોં ! જ્યાં જાય ત્યાં પથ્થરની શીલાઓ નિલમણી થઈ જાય. આસપાસના દરિયામાં માછલા મોતી પકવે, એવા માછલા થાય. કરોડો, અબજો રૂપિયા પાકે. દુનિયા કહેતી આવે આ પુરુષ કોઈ બીજા પુણ્યવાળો છે.

દુનિયાના પુણ્ય, આ ચુલા વેરો ને હુંડા વેરો ને પૂછડા વેરો ને હશે ને આ બધા તમારે, આ વારસાવેરો ને કેટલા બધા. એનાથી લક્ષ્મી ભેગી કરે, એવો એ રાજા ન હોય. ધર્મી જે પુણ્ય બાંધીને ગયો એ આવો રાજા ન થાય, એમ કહે છે. ક્યાં આ તો ધૂળ પણ નથી, કેટલી હોળી સળગી છે ત્યારે..

અહીં કહે છે આ અનેક .... સે હોતી હે બહારના ત્યાં જ્યાં વીતરાગ પરમાત્મા ત્યાં તો તૈયાર છે. ત્યાં સંતો પાકી ગયા હોય તૈયાર (હોય), જ્યાં જન્મે ત્યાં એને સાંભળવાનું મળે. સમજાય છે કાંઈ ? આહા..હા..! '**જિસકી રચના શ્રીપદ્મનંદિનામક આચાર્યને કી હૈ એસા વહ વ્રતોદ્યોતન ચિરકાલ તક ઇસ સંસાર મેં જયવંત રહો.**' લ્યો ! આ છેલ્લું પૂરું કર્યું, લ્યો !

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

# આલોચના શ્લોક–૧ થી ૩૩
# પ્રવચન નં. ૪૨
## (વિક્રમ સંવત ૨૦૨૧, ભાદરવા સુદ ૪, સોમવાર)
## તા. ૩૦-૦૮-૧૯૬૫

આ એક 'પદ્મનંદિ આચાર્ય' લગભગ નવસો વર્ષ પહેલાં દિગંબર મુનિ થયા છે. એણે જંગલમાં આલોચનાનો અધિકાર (લખ્યો છે). બહુ અધ્યાત્મ આલોચના છે. જાણે ભગવાનની સમીપે બેસીને પોતાના પરિણામને પરખતા હોય અને પોતાના કેવા પરિણામ છે તેને જોતા હોય એવી રીતે આલોચના કરી છે. આલોચવું એટલે જોવું. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમાં રાગાદિ કેટલો થયો, કેટલો ટળ્યો અને એમાં એ ભૂમિકાને યોગ્ય રાગ કેમ ન થયો અથવા કેટલો થયો એનું જ્ઞાન કરવું અને વિચારીને વસ્તુમાં સ્થિર થવું એને આલોચના કહે છે.

'**ૐ શ્રી પદ્મનંદિ આચાર્ય વિરચિતા પદ્મનંદિ પંચવિંશતિઃકામાંથી,...** ' છે છવ્વીસ અધિકાર. આલોચના નવમો અધિકાર છે. છવ્વીસ અધિકારમાં નવમો અધિકાર. '**હિન્દી પરથી ગુજરાતી અનુવાદ.**'

**શ્રી પદ્મનંદિ આચાર્યદેવ આદિમંગળથી...**' પહેલી માંગળીક શરૂ કરે છે. '**આલોચના અધિકારની શરૂઆત કરે છે.** '

'**અર્થ :– હે દેવ ! હે પ્રભુ ! જો સજ્જનોનું મન, આંતર અને બાહ્ય મનથી રહિત થઈને તત્ત્વસ્વરૂપ તથા વાસ્તવિક આનંદના નિધાન એવા આપનો આશ્રય કરે,...**' આ તો અલૌકિક આલોચના છે, હોં ! અધ્યાત્મ આલોચના છે. આલોચનાનો બધો અર્થ તો એકવાર થઈ ગયો હતો. આ તો એક કલાકમાં બધું ઉકેલવાનું છે ને ! '**જો તેમના ચિત્તમાં આપના નામના સ્મરણરૂપ...**' સર્વજ્ઞ સ્વરૂપી આત્મા એવો પરમાત્મા થયા એનું જેને સ્મરણરૂપ. '**અનંત પ્રભાવશાળી મહામંત્ર મોજુદ હોય અને આપ દ્વારા પ્રગટ થયેલ...**' આપ દ્વારા–જિનેશ્વરે કહ્યું એવું '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં જો તેમનું આચરણ હોય તો તે સજ્જનોને...** ' સત્ જનને '**ઇચ્છીત વિષયની પ્રાપ્તિમાં વિધન શાનું હોય ?**' મંગળીક કર્યું. ભગવાન ! આપના માર્ગમાં ચડ્યા ને આપનો માર્ગ લીધો, એને વિધન કોઈ દિ' હોઈ શકે નહિ. એ માર્ગે–પંથે પડ્યા એ પંથના પ્રયાણ પુરા અમારા થવાના, એમ કરીને મંગળીક પહેલું કર્યું છે.

**'ભાવાર્થ :– જો સજ્જનોના મનમાં આપનું ધ્યાન હોય...'** વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા આવા આત્મા વ્ય તરૂપે પરમાત્મા થયા એનું ધ્યાન હોય **'આપના નામ સ્મરણરૂપ મહામંત્ર મોજુદ હોય અને તેઓ મોક્ષમાર્ગમાં ગમન કરવાવાળા હોય તો તેમને અભિષ્ટની...'** નામ પોતાની ઇચ્છિત પ્રાપ્તિમાં **'કોઈ પ્રકારનું વિઘન આવી શકતું નથી.'**

## 'હવે આચાર્ય દેવ સ્તુતિ દ્વારા દેવ કોણ હોઈ શકે ? કેવળજ્ઞાન પ્રાપ્તિનો ક્રમ કેવો હોય ? તે વર્ણવે છે.'

**'૨. અર્થ :– હે જિનેન્દ્ર દેવ ! સંસારના...'** જુઓ ! આ કેવળજ્ઞાન પ્રાપ્તિ કેમ થાય એનો ઉપાય કેવો (હોય) એમ આલોચના કરનાર જાણે છે. **'હે જિનેન્દ્રદેવ ! સંસારના ત્યાગ અર્થે પરિગ્રહરહિતપણું...'** બાહ્યથી વાત કરી, અભ્યંતરમાં **'રાગરહિતપણું, સમતા...'** નામ વીતરાગતા. **'સર્વથા કર્મોનો નાશ...'** એ નાસ્તિથી વાત કરી. અને રાગરહિતપણું અસ્તિથી કરી છે, વીતરાગ અસ્તિથી કરી. હવે કર્મના નાશથી શું થયું પ્રભુ આપને ?

**'અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય સહિત સમસ્ત લોકાલોકને પ્રકાશનારું કેવળજ્ઞાન એવો ક્રમ આપને જ પ્રાપ્ત થયો હતો.'** જુઓ ! દેવને ઓળખનારા દેવ કેમ થયા તેનું જ્ઞાન તેને હોય છે. એ સિવાય કુદેવનું જ્ઞાન એને છૂટી ગયું હોય છે. આ દેવનું પ્રાયશ્ચિત કરે કે, આવા દેવ હોય એ સિવાય કોઈ દેવ હોઈ શકે નહિ. **'પરંતુ આપથી અન્ય કોઈ...'** જુઓ ! નાસ્તિ અનેકાન્ત કરે છે. **'આપથી અન્ય કોઈ દેવને એ ક્રમ પ્રાપ્ત થયો નથી.'** બીજા ગમે તેટલા વાતું કરનારા હોય પણ હે નાથ ! કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાનો આ ક્રમ આપને જ પ્રાપ્ત થયો છે, બીજાને એ હોઈ શકે નહિ. કેમ ? કે **'આપ જ શુદ્ધ છો અને આપના ચરણોની સેવા...'** એટલે કે આપે કહેલા દર્શન-જ્ઞાન, શાંતિની સેવા **'સજ્જન પુરુષોએ કરવી યોગ્ય છે.'** આ પ્રાયશ્ચિત લે છે કે, આ સિવાય કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર માન્યા હોય એ અમારું નિષ્ફળ જાવ. આવા દેવોને અમે માનનારા છીએ, જેની દિવ્ય શકિત ક્રમે કરીને પ્રાપ્ત થઈ ગઈ છે.

**'ભાવાર્થ :– હે ભગવન્ ! આપે જ સંસારથી મુ ત થવા અર્થે સમસ્ત પરિગ્રહનો ત્યાગ કર્યો છે.'** જોયું ? વસ્ત્ર, પાત્ર આદિ સર્વજ્ઞને મુનિ થતા વખતે જ ન હોય. **'તથા રાગભાવને છોડ્યો છે અને સમતા...'**ને વીતરાગપણાને ધારણ કરી છે. **'અનંત વિજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય આપને જ પ્રગટ**

**થયા છે એથી આપ જ શુદ્ધ અને સ્વજનોની સેવાને પાત્ર છો.'** બીજા કોઈ પાત્ર છે નહિ.

## સેવાનો દઢ નિશ્ચય અને પ્રભુ સેવાનું માહાત્મ્ય :–

૩. **'અર્થ :– હે ત્રૈલોક્યપતે ! આપની સેવામાં જો મારો દઢ નિશ્ચય છે તો મને અત્યંત બળવાન સંસારૂપ વૈરીને જીતવો કાંઈ મુશ્કેલ નથી. કેમકે જે મનુષ્યને જળવૃષ્ટિથી હર્ષજનક,...'** જળવૃષ્ટિથી હર્ષજનક **'ઉત્તમ ફુવારાસહિત ઘર પ્રાપ્ત થાય તો તે પુરુષને જેઠ માસનો પ્રખર મધ્યાહ્ન–તાપ શું કરી શકે તેમ છે અર્થાત્ કાંઈ કરી શકે નહિ.'** આપના સ્વભાવનો નિર્ણય કર્યો કે, આપ વીતરાગ છો, સર્વજ્ઞ છો એવો આપના ભાવનો મેં નિર્ણય કર્યો તો હવે અમને આ કર્મના ઉદયનો આતાપ અમને શું કરી શકે ? કોઈ અમને પાછા હઠાવી શકતા નથી.

**'ભાવાર્થ :– હે ત્રણલોકના ઈશ ! જેમ શીતળ જળ વડે  ડતા ફુવારાથી સુશોભિત ઉત્તમ ઘરમાં બેઠેલા પુરુષને જેઠ માસની બપોરની અત્યંત ગરમી પણ કાંઈ કરી શકે નહિ તેમ હું નિશ્ચયપૂર્વક આપની સેવામાં દઢપણે સ્થિત છું તો મને બળવાન સંસારરૂપી વૈરી પણ જરાય ત્રાસ આપી શકે નહિ.'**

## ભેદજ્ઞાન દ્વારા સાધક દશા :–

જુઓ ! ધર્મીની સાધક દશા કેવી હોય એવું આલોચના કરનારને ભાન હોય છે. એનાથી વિરૂદ્ધ ભાવ એને નાશ થઈ ગયેલો હોય છે. ભગવાન !

૪. **અર્થ :– આ પદાર્થ સારરૂપ છે અને આ પદાર્થ અસારરૂપ છે એ પ્રકારે સારાસારની પરીક્ષામાં એકચિત્ત થઈ જે કોઈ બુદ્ધિમાન મનુષ્ય ત્રણે લોકના સમસ્ત પદાર્થોનો,...'** જુઓ ! અનંત પદાર્થ છે, બુદ્ધિમાન એની પરીક્ષા કરનાર છે એમ બધું સિદ્ધ કરે છે. **'અબાધિત ગંભીર દષ્ટિથી વિચાર કરે,...' 'અબાધિત ગંભીર દષ્ટિથી વિચાર કરે છે તો તે પુરુષની દષ્ટિમાં હે ભગવાન ! આપ જ એક સારરૂપ પદાર્થ છો...'** વીતરાગ વિજ્ઞાનઘન આત્મા જ સાર દેખાય છે, એ સિવાય કોઈ સાર દેખાતું નથી. **'આપથી ભિન્ન સમસ્ત પદાર્થો અસારભૂત જ છે. અતઃ આપના આશ્રયથી જ મને પરમ સંતોષ થયો છે.'**

## હવે આચાર્યદેવ 'પૂર્ણ સાધ્ય' વર્ણવે છે :–

સાધક કહ્યો, હવે પૂર્ણ સાધ્ય–સાધકનું ફળ (વર્ણવે છે).

**૫. અર્થ :– હે જિનેશ્વર ! સમસ્ત લોકાલોકને એક સાથે જાણનારું આપનું જ્ઞાન છે,...'** જુઓ ! આલોચના કરનારને આવું ભાન હોય છે. આ સર્વજ્ઞ સ્વભાવ ને એના એક સમયનું જ્ઞાન ત્રણકાળ, ત્રણલોકને, સામાન્ય વિશેષને એક સમયમાં જાણનારું હોય છે. આપનું જ્ઞાન છે. **'સમસ્ત લોકાલોકને એક સાથે દેખનારું આપનું દર્શન છે, આપને અનંત સુખ અને અનંત બળ છે તથા આપની પ્રભુતા પણ નિર્મળતર છે. વળી આપનું શરીર...'** જુઓ ! શરીર **'દેદીપ્યમાન છે;...'** આપનો આત્મા તો પવિત્ર છે પણ શરીર પરમ ઔદારિક થઈ ગયું છે. જુઓ ! સ્ફટિક જેવું શરીર ભગવાનને હોય છે. એને રોગ થાય કે સાધારણ શરીર હોય એવું બને નહિ. (જો એવું હોય) તો એની પુણ્યની કચાશ છે. પવિત્રતા પૂરી, ત્યાં પુણ્ય પણ પુરા હોય છે. તેનું પરમઔદારિક શરીર સ્ફટિક જેવું થઈ જાય છે. એટલે નિશ્ચય ને વ્યવહાર – પુણ્ય ને પવિત્રતા – બન્નેની વ્યાખ્યા કરે છે.

**'તેથી જો યોગીશ્વરોએ સમ્યક્ યોગરૂપ નેત્ર દ્વારા...'** જુઓ ! નીચે કહ્યું છે. તીર્થંકર પ્રભુનું શરીર પરમ ઔદારિક અને સ્ફટિક રત્ન જેવું નિર્મળ હોઈને દેદીપ્યમાન હોય છે. જે યોગીશ્વરો નામ અંતરની દૃષ્ટિ કરનાર, જોડનાર. યોગમાં ઈશ્વર એટલે આત્માના સ્વભાવમાં જોડાણ કરવામાં પણ ઈશ્વર. એવા સમ્યક્ યોગરૂપ–સાચા શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના સંબંધવાળા યોગથી **'આપને પ્રાપ્ત કરી લીધા તો તેઓએ શું ન જાણી લીધું ? શું ન દેખી લીધું ? તથા તેઓએ શું ન પ્રાપ્ત કરી લીધું ? અર્થાત્ સર્વ કરી લીધું.'**આહા..હા..! સર્વજ્ઞને જાણ્યા, અરિહંતને જાણ્યા એવો જ મારો આત્મા છે એનું જ્ઞાન થયા વિના રહે નહિ. મહારાજ ! આપને જાણનાર બધું જાણી લે છે.

**'ભાવાર્થ :— જે યોગીશ્વરોએ પોતાની ઉત્કૃષ્ટ...'** આવી આલોચના આ દિગંબર સંતો કહી શકે ને કરી શકે એવી આલોચના બીજે ક્યાંય નથી. એવા જંગલમાં વસનારા સંતોએ આલોચના કરી પણ આવી અલૌકિક કરી છે ! **'યોગીશ્વરોએ પોતાની ઉત્કૃષ્ટ યોગદૃષ્ટિથી અનંત ગુણસંપન્ન આપને જોઈ લીધા...'** જુઓ ! અનંત ગુણસંપન્ન. **'તો તેઓએ સર્વ દેખી લીધું, સર્વ જાણી લીધું અને સર્વ પ્રાપ્ત કરી લીધું.'**

## પૂર્ણની પ્રાપ્તિનું પ્રયોજન :–

આત્મા સર્વજ્ઞપણાને પ્રાપ્ત થાય એનું પ્રયોજન.

**૬. અર્થ :– હે જિનેન્દ્ર ! આપને જ હું ત્રણલોકના સ્વામી માનું છું,...'**

જાણનાર એમ. **'આપને જ જિન અર્થાત્ અષ્ટ કર્મોના વિજેતા અને મારા સ્વામી માનું છું, માત્ર આપને જ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું, સદા આપનું જ ધ્યાન કરું છું, આપની જ સેવા અને સ્તુતિ કરું છું...'** બીજાની નહિ, એમ આમાં નકાર લઈ લેવો. **'અને કેવળ આપને જ મારું શરણ માનું છું. અધિક શું કહેવું ? જો કાંઈ સંસારમાં પ્રાપ્ત થાઓ તો એ થાઓ કે આપના સિવાય અન્ય કોઈ પણ સાથે મારે પ્રયોજન ન રહે.'** વીતરાગભાવ સિવાય મારે કોઈ પ્રયોજન ન રહે, એ સાધકની આલોચનની પ્રાર્થના છે.

**'ભાવાર્થ :– હે ભગવન્ ! આપ સાથે જ મારે પ્રયોજન રહે...'** એટલે કે વીતરાગભાવ સાથે જ પ્રયોજન રહે **'અને આપથી ભિન્ન...'** રાગાદિ **'અન્યથી મારે કોઈ પ્રકારનું પ્રયોજન ન રહે એટલી વિનયપૂર્વક પ્રાર્થના છે.'**

## હવે આચાર્યદેવ આલોચનાનો આરંભ કરે છે :–

છ ગાથા તો ભક્તિપૂર્વક પરમાત્માને દૃષ્ટિમાં સિદ્ધ કરી અને હવે પાપ અને પુણ્યની આલોચના કરે છે.

**'૭. અર્થ :– હે જિનેશ્વર ! મેં ભ્રાંતિથી મન, વચન અને કાયા દ્વારા ભૂતકાળમાં અન્ય પાસે પાપ કરાવ્યા છે, સ્વયં કર્યા છે અને પાપ કરનારા અન્યોને અનુમોદ્યા છે તથા...'** આ બધું અસ્તિપણે સ્થાપે છે. પૂર્વ કાળે આ બધું મારે હતું. **'તથા તેમાં મારી સંમતિ આપી છે...'** અનુમોદન. **'વળી વર્તમાનમાં હું મન, વચન ને કાયા દ્વારા અન્ય પાસે પાપ કરાવું છું, સ્વયં પાપ કરું છું અને પાપ કરનારાને અનુમોદું છું.'** એ જેટલો રાગાદિ હોય એ અપેક્ષાએ જાણવું. **'તેમજ ભવિષ્યકાળમાં હું મન, વચન અને કાયા દ્વારા અન્ય પાસે પાપ કરાવીશ...'** એટલે જેટલો પણ શુભરાગ આદિ, પુણ્ય આદિ ભાવ થાય એ બધો પરમાર્થે તો અંતરને (ખરેખર) પાપ છે. **'સ્વયં પાપ કરીશ અને પાપ કરનારા અન્યોને અનુમોદીશ– તે સમસ્ત પાપની આપની પાસે બેસી...'** જ્ઞાતા, દૃષ્ટાના સ્વભાવના લક્ષમાં રહી **'જાતે નિંદા-ગર્હા કરનાર એવો હું તેના સર્વ પાપ સર્વથા મિથ્યા થાઓ.'** સમજાણું કાંઈ ?

**'ભાવાર્થ :– હે જિનેશ્વર ! ભૂત, વર્તમાન, ભવિષ્યત્–ત્રણે કાળમાં જે પાપો મેં મન, વચન, કાયા દ્વારા કારિત, કૃત અને અનુમોદનથી ઉપાર્જન કર્યા છે, હું કરું છું અને કરીશ–એ સમસ્ત પાપોનો અનુભવ કરી હું આપની સમક્ષ સ્વનિંદા કરું છું. માટે મારા તે સમસ્ત પાપો સર્વથા મિથ્યા થાઓ.'** એટલે પર્યાયમાં

રહો નહિ.

## આચાર્યદેવ પ્રભુની અનંત જ્ઞાન, દર્શન શકિત વર્ણવતા આત્મ-શુદ્ધિ અર્થે આત્મનિંદા કરે છે :–

**'૮. અર્થ :– હે જિનેન્દ્ર ! જો આપ ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રિકાળગોચર અનંત પર્યાયોયુ ત લોકાલોકને સર્વત્ર એક સાથે જાણો છો તથા દેખો છો, તો હે સ્વામિન્ ! મારા એક જન્મના પાપોને શું આપ નથી જાણતા ? અર્થાત્ અવશ્યમેવ આપ જાણો છો. તેથી હું આત્મનિંદા કરતો કરતો આપની પાસે સ્વ દોષોનું કથન (આલોચન) કરું છું અને તે કેવળ શુદ્ધિ અર્થે જ કરું છું.'** જુઓ ! આલોચના પણ નિષ્કપટપણે, સરળપણે બાળક જેમ માતા પાસે પોતાના દોષ કહે એમ ભગવાન પાસે કે ગુરુ પાસે પોતે સરળપણે, બાળકપણે કહે એનું નામ આલોચના કહેવામાં આવે છે.

**'ભાવાર્થ :– હે ભગવન્ ! જો આપ અનંત ભેદસહિત લોક અને અલોકને એકસાથે જાણો છો, દેખો છો તો આપ મારા સમસ્ત દોષોને પણ સારી રીતે જાણતા જ હો.'** એટલે (જાણો જ) છો એમ. **'વળી હું આપની સામે નિજ દોષોનું કથન (આલોચન) કરું છું તે કેવળ આપને સંભળાવવા માટે નહિ, કિન્તુ શુદ્ધિ અર્થે...'** મારા શુદ્ધ સ્વભાવના લક્ષે આલોચના કરું છું.

## હવે આચાર્યદેવ ભવ્ય જીવોને તેમના આત્માને ત્રણ શલ્યરહિત રાખવાનો બોધ આપે છે :–

માયા, નિદાન, મિથ્યાત્વ શલ્ય હોય ત્યાં સુધી એને વ્રત આદિ હોઈ શકે નહિ. નિઃશલ્યો વૃત્તિ. મિથ્યાદર્શન, મિથ્યાશલ્ય હોય ત્યાં સુધી સમકિત નહિ અને નિદાન આદિના બે શલ્ય હોય ત્યાં સુધી વ્રત નહિ. સમજાય છે કાંઈ ?

**'૯. અર્થ :– હે પ્રભો !'** જુઓ ! કેવી સ્તુતિ કરે છે ! **'વ્યવહાર નયનો આશ્રય કરનાર...'** અને મહાવ્રત આદિ અમારે વ્યવહાર નયનો આશ્રય છે. પંચ મહાવ્રત આદિ હોય ઇ. **'મૂળગુણ તથા ઉત્તરગુણોને ધારણ કરનાર મારા જેવા મુનિને જે દૂષણોનું સંપૂર્ણ રીતે સ્મરણ છે...'** જ્ઞાનમાં ખ્યાલ છે, ક્યાં, કેમ દોષ થયો એ બધો જ્ઞાનમાં ખ્યાલ છે.

**'તે દુષણની શુદ્ધિ અર્થે આલોચના કરવાને આપની સામે સાવધાનીપૂર્વક બેઠો છું. કેમકે જ્ઞાનવાન ભવ્ય જીવોએ સદા પોતાના હ્દય માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાત્વશલ્ય–એ ત્રણ શલ્ય રહિત જ રાખવા જોઈએ.'** એ શલ્ય સહિત હોય એને જેમ લોઢાના બાણ અંદર સડે અને કાળજા સડી જાય એમ ત્રણ શલ્યમાં એવું કંઈ પણ એક શલ્ય અંદર રહે (તો) એનો આત્મા સડીને બગડી જાય. સમજાય છે ?

## સ્વભાવની સાવધાની :–

**'૧૦. અર્થ :– હે ભગવન્ ! આ સંસારમાં સર્વ જીવ વારંવાર અસંખ્યાત લોકપ્રમાણ પ્રગટ તથા અપ્રગટ નાનાપ્રકારના વિકલ્પો સહિત છે.'** શુભ અને અશુભ પરિણામ બન્ને, શુભ અને અશુભ બન્ને કહ્યા ને ? અસંખ્યાત લોકપ્રમાણ પ્રગટ તથા અપ્રગટ નાનાપ્રકારના વિકલ્પ સહિત હોય છે. જુઓ ! નીચે (ફૂટનોટમાં) શુભ-અશુભભાવો કહ્યા. **'એ જીવ જેટલા પ્રકારના વિકલ્પો સહિત છે તેટલા જ વિવિધ પ્રકારના દુ:ખો સહિત પણ છે.'** જેટલા પ્રકારના શુભ-અશુભ વિકલ્પો છે, રાગના શુભ-અશુભ ભાવ છે એ બધા દુ:ખરૂપ છે. **'પરંતુ જેટલા વિકલ્પો છે તેટલા પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં નથી;...'** એટલા શાસ્ત્રમાં ક્યાંથી કહે ? અસંખ્ય પ્રકારના શુભ-અશુભ પરિણામ (તેને કહેવા) અસંખ્ય શબ્દો હોય શકે નહિ, શબ્દો તો સંખ્યાતા હોય. **'તેથી તે સમસ્ત અસંખ્યાત લોક પ્રમાણ વિકલ્પોની વૃદ્ધિ આપની સમીપે જ થાય છે.'** એટલે કે ભગવાન આત્માના સમીપે જ એ વિકલ્પનો ભૂક્કો ઉડી જાય છે.

**'ભાવાર્થ :– યદપિ દુષણોની શુદ્ધિ પ્રાયશ્ચિત કરવાથી થાય છે, કિન્તુ હે જિનપતે ! જેટલાં દુષણો છે તેટલાં પ્રાયશ્ચિતો શાસ્ત્રમાં કહ્યાં નથી; તેથી સમસ્ત દૂષણોની શુદ્ધિ આપની સમીપે જ થાય છે.'**

## પરથી પરાઙ્ગમુખ થઈ સ્વની પ્રાપ્તિ :–

**'૧૧. અર્થ :– હે દેવ ! સર્વ પ્રકારના પરિગ્રહ રહિત, સમસ્ત શાસ્ત્રોનો જ્ઞાતા, ક્રોધાદિ કષાયોરહિત, શાંત, એકાંતવાસી ભવ્ય જીવ, બધા બાહ્ય પદાર્થોથી મન તથા ઇન્દ્રિયોને પાછા હઠાવી અને અખંડ નિર્મળ સમ્યગ્જ્ઞાનની મૂર્તિરૂપ આપમાં સ્થિર થઈ, આપને જ દેખે છે તે મનુષ્ય આપના સાન્નિધ્ય (સમીપતા) ને પ્રાપ્ત કરે છે.'**

## સ્વભાવની એકાગ્રતાથી ઉત્તમપદ–મોક્ષની પ્રાપ્તિ :–

'૧૨. અર્થ :– હે અર્હત્ પ્રભુ ! પૂર્વ ભવમાં કષ્ટથી સંચય કરેલ મહા પુણ્યથી જે મનુષ્ય, ત્રણલોકના પૂજાર્હ (પૂજાને યોગ્ય) આપને પામ્યો છે તે મનુષ્યને બ્રહ્મા, વિષ્ણુ આદિને પણ નિશ્ચયપૂર્વક અલભ્ય એવું ઉત્તમ પદ પ્રાપ્ત થાય છે. હે નાથ ! હું શું કરું ? આપનામાં એક ચિત્ત કર્યા છતાં...' જુઓ ! અહીં મનનું પ્રાયશ્ચિત કરે છે, જરી મન અસ્થિર થઈ જાય એનું. 'મારું મન પ્રબળપણે બાહ્ય પદાર્થો પ્રત્યે દોડે છે એ મોટો ખેદ છે.' શુભાશુભ વિકલ્પ ઉઠે એ જ મોટો ખેદ છે. આહા..હા..!

## મોક્ષાર્થે વીર્યનો વેગ :–

'૧૩. અર્થ :– હે જિનેશ ! આ સંસાર નાના પ્રકારના દુઃખો દેનાર છે. જ્યારે વાસ્તવિક સુખનો આપનાર તો મોક્ષ છે.' એટલે આત્માની સંપૂર્ણ નિર્મળ દશા. 'તેથી તે મોક્ષની પ્રાપ્તિ અર્થે અમે સમસ્ત ધન, ધાન્ય આદિ પરિગ્રહોનો ત્યાગ કર્યો,...' મુનિ પોતે એની વાત કરે છે. 'તપોવન (તપથી પવિત્ર ભૂમિ) માં વાસ કર્યો...' જંગલમાં રહ્યા છીએ. 'સર્વ પ્રકારના સંશય પણ છોડ્યા અને અત્યંત કઠિન વ્રત પણ ધારણ કર્યા, હજી સુધી તેવા દુષ્કર વ્રતો ધારણ કર્યા છતાં પણ સિદ્ધિ (મોક્ષ) ની પ્રાપ્તિ ન થઈ.' પોતાની અપૂર્ણતાની આલોચના, ખેદ કરે છે. 'કેમકે પ્રબળ પવનથી કંપાયેલા પાંદડાની માફક...' ઓહો..! મન અમારું અસ્થિર થાય, પ્રભુ ! કેમ સિદ્ધિ થાય ? આહા..હા..! 'અમારું મન રાત્રિ-દિવસ બાહ્ય પદાર્થોમાં ભ્રમણ કરતું રહે છે.' તેને મનરહિત થઈને કેવળજ્ઞાન ક્યારે થાય ?

## મનને સંસારનું કારણ જાણી પશ્ચાતાપ :—

'૧૪. અર્થ :– હે ભગવન્ ! જે મન બાહ્ય પદાર્થોને મનોહર માની તેમની પ્રાપ્તિ માટે જ્યાં ત્યાં ભટક્યા કરે છે, જે જ્ઞાનસ્વરૂપી આત્માને વિના પ્રયોજને સદા અત્યંત વ્યાકુલ કર્યા કરે છે, જે ઇન્દ્રિયરૂપ ગામને વસાવે છે.' મન હોય તો ઇન્દ્રિયનું લક્ષ જાય છે. મન વિના ઇન્દ્રિયનું લક્ષ જાય નહિ. '(અર્થાત્ આ મનની કૃપાથી જ ઇન્દ્રિયોની વિષયોમાં સ્થિતિ થાય છે), અને જે સંસાર ઉત્પાદક કર્મોનો પરમ મિત્ર મન છે,...' આહા..હા..! '(અર્થાત્ મન આત્મારૂપ ગૃહમાં કર્મોને

સદા લાવે છે). તે મન જ્યાં સુધી જીવિત રહે છે ત્યાં સુધી મુનિઓને ક્યાંથી કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે ? અર્થાત્ કલ્યાણની પ્રાપ્તિ હોઈ શકે નહિ.' ઓહો..હો..! મનમાં અસ્થિરતાનો પણ ખેદ છે. પ્રભુ આખો વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવથી પરિણમતું તત્ત્વ. એમાં આ શું ? એમ કરીને એને પણ આલોચનામાં એમાંથી હટીને સ્વભાવ તરફ આવવા માગે છે.

## મોહના નાશ માટે પ્રાર્થના :–

'૧૫. અર્થ :– મારું મન, નિર્મળ તથા શુદ્ધ અખંડ જ્ઞાનસ્વરૂપ આપમાં લગાવ્યા છતાં પણ મૃત્યુ તો આવવાનું જ છે એવા વિકલ્પ વડે, આપથી અન્ય બાહ્ય સમસ્ત પદાર્થો તરફ નિરંતર ઘૂમ્યા કરે છે.' મનને એમ થાય છે કે, જો આ અંદર ગયો, આ જાશે તો મને મારી નાખશે, માટે બહાર ફરું તો જીવતો તો રહું. વિકલ્પ વિકલ્પ. 'હે સ્વામીન ! તો શું કરવું ? કેમકે આ જગતમાં, મોહવશાત્ કોને મૃત્યુનો ભય નથી ? સર્વને છે. માટે સવિનય પ્રાર્થના છે કે સમસ્ત પ્રકારના અનર્થો કરનાર તથા અહિત કરનાર મારા મોહને નષ્ટ કરો.'

'ભાવાર્થ :– જ્યાં સુધી મોહનો સંબંધ આત્માની સાથે રહેશે ત્યાં સુધી મારું ચિત્ત, બાહ્ય પદાર્થમાં ઘૂમ્યા કરશે અને જ્યાં સુધી ચિત્ત ઘૂમતું રહેશે ત્યાં સુધી આત્મામાં સદા કર્મોનું આવાગમન પણ રહ્યા કરશે. આ પ્રકારે તો આત્મા સદા વ્યાકુળ રહ્યા કરશે. માટે હે ભગવન્ ! આ પ્રકારના અનર્થો કરનાર મારા મોહને સર્વથા નષ્ટ કરો કે જેથી મારા આત્માને શાંતિ થાય.'

## સર્વ કર્મોમાં મોહ જ બળવાન છે એમ આચાર્ય દર્શાવે છે :–

'૧૬. અર્થ :– જ્ઞાનવરણ આદિ સમસ્ત કર્મોમાં મોહકર્મ જ અત્યંત બળવાન કર્મ છે.' નિમિત્તની વાત છે. ભાવકર્મ છે ઇ બળવાન છે. 'એ મોહના પ્રભાવથી આ મન જ્યાં ત્યાં ચંચળ બની ભ્રમણ કરે અને મરણથી ડરે છે.' જુઓ ! મન મરણથી ડરે છે. 'જો આ મોહ ન હોય તો નિશ્ચયનય પ્રમાણે ન તો કોઈ જીવે યા ન તો કોઈ મરે. કેમ કે આપે આ જગતને જે અનેક પ્રકારે દેખ્યું છે એ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ દેખ્યું છે. વિવિધ પ્રકાની અવસ્થાને જોઈ એ તો પર્યાયાર્થિકનયની અપેક્ષાએ દેખ્યું છે.' વિવિધ પ્રકારની અવસ્થાને જોઈ એ તો પર્યાયનયથી છે. 'દ્રવ્યાર્થિકનયની અપેક્ષાએ નહિ.' દ્રવ્યથી તો વસ્તુ એવી ને એવી

ધ્રુવ છે. **'તેથી હે જિનેન્દ્ર ! આ મારા મોહને જ સર્વથા નષ્ટ કરો.'**

## પર સંયોગ અધ્રુવ જાણી તેનાથી ખસી, એક ધ્રુવ આત્મસ્વભાવમાં સ્થિત થવાની ભાવના :–

**'૧૭. અર્થ :– વાયુથી વ્યાપ્ત સમુદ્રની ક્ષણિક જળલહરીઓના સમૂહ સમાન, સર્વ કાળે તથા સર્વ ક્ષેત્રે આ જગત ક્ષણમાત્રમાં વિનાશી છે.'** પર્યાય ક્ષણમાં બદલી જાય છે, **'એવો સમ્યક્ પ્રકારે વિચાર કરી, આ મારું મન સમસ્ત સંસારને ઉત્પન્ન કરનાર વ્યાપાર (પ્રવૃત્તિ) થી રહિત થઈ, હે જિનેન્દ્ર ! આપના નિર્વિકાર પરમાનન્દમય પરમબ્રહ્મસ્વરૂપમાં સ્થિત થવાને ઇચ્છા કરે છે.'** ધ્રુવમાં સ્થિર થવાની જ ભાવના કરે છે.

## શુભ-અશુભ ઉપયોગથી ખસી શુદ્ધ ઉપયોગમાં નિવાસની ભાવના :–

જુઓ ! વર્તમાન મુનિની વાત છે, હોં ! શુદ્ધઉપયોગ અત્યારે ન હોય એમ નહિ, એમ કહે છે જુઓ !

**'૧૮. અર્થ :– જે સમયે અશુભ ઉપયોગ વર્તે છે તે સમયે તો પાપની ઉત્પત્તિ થાય છે અને તે પાપથી જીવ નાના પ્રકારના દુઃખોને અનુભવે છે. જે સમયે શુભ ઉપયોગ વર્તે છે તે સમયે પુણ્યની ઉત્પત્તિ થાય છે.'** સંવર-નિર્જરા શુભમાં નથી. **'અને તે પુણ્યથી જીવને સુખ પ્રાપ્ત થાય છે.'** આજે લખાણ તો ઘણું આવ્યું છે. અરે..! વિચારો રે વિચારો ! પોપટની જેમ તોતાની જેમ રટ્યા કરે છે. એવો દાખલો આપ્યો છે, એક પોપટ બેઠો હતો એને કહે, ઉડી જા, ઉડી જા. તો ઉડી જા, ઉડી જા શીખ્યો. મારવા આવ્યો હોય તો પણ ઉડે નહિ. એમ તમે પોપટની જેમ બોલ્યા કરો છો, પુણ્ય વિષ્ટા, પુણ્ય વિષ્ટા, પુણ્ય વિષ્ટા. અને પાછું કર્યા કરો. એમ કહે છે. ભક્તિ, પૂજાનો ભાવ હોયા વિના હોય નહિ. સાંભળ તો ખરો. દૃષ્ટિમાં એનો આદર ન હોય. અસ્થિરતાના પાપ છોડીને પુણ્યભાવ આવ્યા વિના રહે નહિ. (એને) દૃષ્ટિ ને વસ્તુની ખબર નથી.

**'અને તે પુણ્યથી જીવને સુખ પ્રાપ્ત થાય છે.'** સુખ એટલે અનુકૂળ સંયોગ,

હોં ! **'એ બંને પાપ-પુણ્યરૂપ દ્વંદ સંસારનું જ કારણ છે. અર્થાત્ એ બંનેથી સદા સંસાર જ ઉત્પન્ન થાય છે. કિન્તુ શુદ્ધોપયોગથી અવિનાશી અને આનંદસ્વરૂપ પદની પ્રાપ્તિ થાય છે.'** આ શ્લોકોના અર્થ છે, હોં ! ઘરના નથી. 'પદ્મનંદિ પંચવિંશતિઃ' નો આ નવમો અધિકાર, એના શ્લોકના જ આ અર્થ છે. આ અમારે કહે છે ને ! આમાં લખ્યું નથી ને ઘરનું ? 'હિંમતભાઈ'એ કે કો'કે નાખેલું ? **'હે અર્હંત પ્રભો ! આપ તો તે પદમાં નિવાસ કરી રહ્યા છો, પણ હું એ શુદ્ધોપયોગરૂપ પદમાં નિવાસ કરવાને ઇચ્છુ છું.'**

## આત્મસ્વરૂપનું નાસ્તિથી ને અસ્તિથી વર્ણન :–

**'૧૯. અર્થ :– જે આત્મસ્વરૂપ-જ્યોતિ,...'** ભગવાન ચૈતન્ય-જ્યોતિ **'નથી તો સ્થિત અંદર કે નથી સ્થિત બાહ્ય, તથા નથી તો સ્થિત દિશામાં કે નથી સ્થિત વિદિશામાં, તેમ નથી સ્થૂલ કે નથી સૂક્ષ્મ; તે આત્મજ્યોતિ નથી તો પુલિંગ, (પુરુષ લિંગે), નથી સ્ત્રીલિંગ કે નથી નપુસંક લિંગ પણ. વળી તે નથી ભારે કે નથી હલકી, તે જ્યોતિ કર્મ, સ્પર્શ, શરીર, ગંધ, સંખ્યા, વચન, વર્ણથી રહિત છે. નિર્મળ છે અને સમ્યગ્જ્ઞાનદર્શનસ્વરૂપ મૂર્તિ છે; તે ઉત્કૃષ્ટ જ્યોતિસ્વરૂપ હું છું.'** રાગાદિ હું નથી, હું તો ઉત્કૃષ્ટ ચૈતન્ય જ્યોતિસ્વરૂપ છું. **'કિન્તુ તે ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ-જ્યોતિથી હું ભિન્ન નથી.'** એ ઉત્કૃષ્ટ આત્મસ્વરૂપ-જ્યોતિ સ્વભાવ, એનાથી હું જુદો નથી.

## ત્રિકાળી આત્માની શક્તિ :–

**'૨૦. અર્થ :– હે ભગવન્ ! ચૈતન્યની ઉન્નતિનો નાશ કરનાર અને વિના કારણે સદા વૈરી એવા દુષ્ટ કર્મે આપમાં અને મારામાં ભેદ પાડ્યો છે.'** પ્રભુ ! **'પરંતુ કર્મશૂન્ય અવસ્થામાં જેવો આપનો આત્મા છે તેવો જ મારો આત્મા છે. આ સમયે તે કર્મ અને હું આપની સામે ખડા છીએ. તેથી તે દુષ્ટ કર્મને હઠાવી દૂર કરો;'** એટલે કે આ જ્ઞાતા છું અને આ રાગાદિ છે એવો વિવેક વર્તે છે એથી તેનો નાશ કરું છું. તમે નાશ કરો એમ કહેવામાં આવે છે. **'આપની સામે ખડા છીએ. તેથી તે દુષ્ટ કર્મને હઠાવી દૂર કરો; કેમકે નીતિમાન પ્રભુઓનો તો એ ધર્મ છે કે તે સજ્જનોની રક્ષા કરે ને દુષ્ટોનો નાશ કરે.'** આવે છે ને પેલું 'ગીતા'માં ? કે ભ તોની ભીડ તોડવા ભગવાન અવતાર ધારણ કરે, રાક્ષસોનો નાશ કરે.

એ નહિ, આ. ભાઈ ! એ સત્ જન નામ સત્સ્વરૂપ ભગવાન આત્મા એનો તો એવો નીતિમાન લોકોત્તર ચૈતન્યનો નીતિનો ધર્મ એવો છે કે સજ્જનોની રક્ષા કરે, સ્વભાવની શાંતિની રક્ષા કરે અને વિભાવરૂપી રાક્ષસોનો નાશ કરે.

## આત્માનું અવિકારી સ્વરૂપ :–

**'૨૧. અર્થ :– હે ભગવન્ ! વિવિધ પ્રકારના આકાર અને વિકાર કરનાર વાદળા આકાશમાં હોવા છતાં પણ, જેમ આકાશના સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકતાં નથી, તેમ આધિ (નામ સંકલ્પ-વિકલ્પ), વ્યાધિ (નામ રોગ), જરા (વૃદ્ધાવસ્થા), મરણ આદિ પણ મારા સ્વરૂપનો કાંઈ પણ ફેરફાર કરી શકે તેમ નથી.'** કરી શકે તેમ નથી. **'કેમકે એ સર્વ શરીરના વિકાર છે,...'** દેખો ! એ સંકલ્પ-વિકલ્પ, શરીરનો રોગ ને બાહ્ય જનમ-મરણ એ બધા શરીરના ફદફદાટ છે, જડ છે, એ મારામાં છે નહિ.

## સ્વમાં સુખ અને પરમાં દુઃખ :–

**'૨૨. અર્થ :– જેમ માછલી પાણી વિનાની ભૂમિપર પડતાં તરફડી દુઃખી થાય છે, તેમ હું પણ (આપની શીતલ છાયા વિના), નાનાપ્રકારના દુઃખોથી ભરપૂર સંસારમાં સદા બળીઝળી રહું છું. જેમ તે માછલી જ્યારે જળમાં રહે છે ત્યારે સુખી રહે છે. તેમ જ્યાં સુધી મારું મન આપના કરુણારસપૂર્ણ, (આનંદરસપૂર્ણ) અત્યંત શીતલ ચરણોમાં પ્રવિષ્ટ (પ્રવેશેલું) રહે છે ત્યાં સુધી હું પણ સુખી રહું છું. તેથી હે નાથ ! મારું મન આપના ચરણ કમળો છોડી અન્ય સ્થળ કે જ્યાં હું દુઃખી થાઉં ત્યાં પ્રવેશ ન કરે એ પ્રાર્થના છે.'** કેટલી આલોચના ! કેવી આલોચના ! અનાકુળ આનંદમૂર્તિ, તેમાંથી ખસી ન જાઉં અને ખસે તો દુઃખરૂપ દશા થઈ જાય છે. માટે તે દુઃખમાં ન આવું અને આપના સમીપમાં રહું એટલે સ્વભાવ સમીપમાં રહું.

## આત્મા ને કર્મની ભિન્નતા :–

**'૨૩. અર્થ :– હે ભગવન્ ! મારું મન, ઇન્દ્રિયોના સમૂહ દ્વારા બાહ્ય પદાર્થો સાથે સંબંધ કરે છે તેથી નાનાપ્રકારના કર્મો આવી મારા આત્મા સાથે બંધાય છે; પરંતુ વાસ્તવિકપણે હું તે કર્મોથી સદાકાલ સર્વ ક્ષેત્રે જુદો જ છું. તથા**

**તે કર્મો આપના ચૈતન્યથી પણ જુદા જ છે અથવા તો ચૈતન્યથી આ કર્મોને ભિન્ન પાડવામાં આપ જ કારણ છો;...'** સ્વભાવ જ કારણ છે. **'તેથી હે શુદ્ધાત્મન્ ! હે જિનેન્દ્ર ! મારી સ્થિતિ નિશ્ચયપૂર્વક આપમાં જ છે.'** નિશ્ચયપૂર્વક હું વીતરાગ પરિણામમાં જ છું, હું રાગ-બાગમાં છું નહિ.

## ધર્મીની અંતર ભાવના :–

**'૨૪. અર્થ :– હે આત્મન ! તારે નથી તો લોકથી કામ, નથી તો અન્યના આશ્રયથી કામ; તારે નથી તો દ્રવ્યથી (લક્ષ્મીથી) પ્રયોજન, નથી તો શરીરથી પ્રયોજન, તારે વચન તથા ઇન્દ્રિયોથી પણ કાંઈ કામ નથી. તેમજ (દશ) પ્રાણોથી પણ પ્રયોજન નથી.'** લ્યો ! પાંચ ઇન્દ્રિયનું કામ નથી, ત્રણ બળ, શ્વાસ અને આયુષ્ય. **'અનેક પ્રકારના વિકલ્પોથી પણ કાંઈ કામ નથી. કેમકે તે સર્વ પુદ્ગલ દ્રવ્યના જ પર્યાયો છે.'** લ્યો ! પુણ્ય-પાપના પરિણામ બધા પુદ્ગલના પરિણામ છે. મારા નથી, પ્રભુ ! મારામાં હોય તો નીકળી કેમ જાય ? **'વળી તારાથી ભિન્ન છે તોપણ, બહુ જ ખેદની વાત છે કે તું તેમને પોતાના માની તેમનો આશ્રય કરે છે તેથી શું તું દ્રવ્ય બંધનથી બંધાઈશ નહિ ?'** એનો આશ્રય કરીશ તો બંધાઈશ, માટે આશ્રય કરવો નહિ.

## ભેદવિજ્ઞાન દ્વારા આત્મામાંથી વિકારનો નાશ :–

**'૨૫. અર્થ :– ધર્મદ્રવ્ય,...'** ધર્માસ્તિ એક પદાર્થ છે. **'અધર્મદ્રવ્ય, આકાશદ્રવ્ય,** કાળદ્રવ્ય–એ ચારે દ્રવ્યો કોઈ પણ પ્રકારે મારું અહિત કરતા નથી; **કિન્તુ એ ચારે દ્રવ્યો** ગતિ, **સ્થિતિ આદિ કાર્યોમાં મને સહકારી છે, તેથી મારા સહાયક થઈને જ રહે છે;...'** પણ એક આ પુદ્ગલદ્રવ્ય **'નોકર્મ, (ત્રણ શરીર, છ પર્યાપ્તિ) અને કર્મ જેનું સ્વરૂપ છે એવું આ સમીપે રહેનાર અને બંધને કરનાર એક પુદ્ગલદ્રવ્ય જ મારું વૈરી છે, તેથી આ સમયે મેં તેના ભેદવિજ્ઞાનરૂપ તલવારથી** ખંડ ખંડ ઉડાવી દીધા છે. (ખરો વેરી તો પોતાનો **અશુદ્ધભાવ છે).'** એ તો આપણે સુધાર્યું છે. ઇ અશુદ્ધભાવ છે એ વેરી છે, ઇ કર્મ છે એમ કહેવામાં આવે છે.

## રાગ-દ્વેષનો ત્યાગ :–

**'૨૬. અર્થ :– જીવોના નાના પ્રકારના રાગ-દ્વેષ કરનારા પરિણામોથી જે**

પ્રમાણે પુદ્‌ગલ દ્રવ્ય પરિણમે છે તે પ્રમાણે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ– ચાર અમૂર્ત દ્રવ્યો રાગ-દ્વેષ કરનારા પરિણામોથી પરિણમતા નથી, તે રાગ-દ્વેષ દ્વારા પ્રબળ કર્મોની ઉત્પત્તિ થાય છે અને તે કર્મોથી સંસાર ભો થાય છે. તેથી સંસારમાં અનેક પ્રકારના દુઃખો ભોગવવા પડે છે. માટે કલ્યાણની ઇચ્છા રાખનાર સજ્જનોએ તે રાગ અને દ્વેષ સર્વથા છોડવા જોઈએ.' કલ્યાણની ઇચ્છા હોય તો છોડવા એમ કહે છે.

## આનંદ સ્વરૂપ શુદ્ધાત્માનું ધ્યાન અને મનન :–

'૨૭. અર્થ :– હે મન ! બાહ્ય તથા તારાથી ભિન્ન જે સ્ત્રી, પુત્ર આદિ પદાર્થો છે તેમનામાં રાગ-દ્વેષસ્વરૂપ અનેક પ્રકારના વિકલ્પો કરી તું શા માટે દુઃખદ અશુભ કર્મો ફોગટ બાંધે છે ? જો તું આનંદરૂપ જળના સમુદ્રમાં શુદ્ધાત્માને પામી તેમાં નિવાસ કરીશ તો તું નિર્વાણરૂપ વિસ્તીર્ણ સુખને અવશ્ય પ્રાપ્ત કરીશ. એટલા માટે, તારે આનંદ સ્વરૂપ શુદ્ધ આત્મામાં જ નિવાસ કરવો જોઈએ અને તેનું જ ધ્યાન અને મનન કરવું જોઈએ.'

## આત્મા મધ્યસ્થ સાક્ષી છે :–

'૨૮. અર્થ :– હે જિનેન્દ્ર ! આપના ચરણકમળની કૃપાથી પૂર્વો ત વાતોને સમ્યક્પ્રકારે મનમાં વિચારી જે સમયે આ જીવ શુદ્ધિ માટે અધ્યાત્મરૂપ ત્રાજવામાં પગ મૂકે છે,...' શુદ્ધ આત્મામાં જ્યાં અંદર જવા માગે છે 'તે જ સમયે, તેને દોષિત બનાવવાનો ભયંકર વૈરી સામા પલ્લામાં હાજર છે. હે ભગવન ! તેવા પ્રસંગે આપ જ મધ્યસ્થ સાક્ષી છો.' આ રાગ છે ને આ સ્વભાવ છે એનો સાક્ષી જ્ઞાતા-આત્મા છે. એને જાણનાર ભગવાન આત્મા પોતે છે.

## હવે વિકલ્પરૂપ ધ્યાન તો સંસાર સ્વરૂપ છે અને નિર્વિકલ્પ ધ્યાન મોક્ષસ્વરૂપ છે એમ આચાર્ય દર્શાવે છે :–

'૨૯. અર્થ :– દ્વૈત (સવિકલ્પ ધ્યાન) તો વાસ્તવિક રીતે સંસારસ્વરૂપ છે.' કહે છે કે, આ સવિકલ્પ ગુણી-ગુણના ભેદરૂપ વિકલ્પ પણ સંસારસ્વરૂપ છે. આહા..હા..! ભગવાન આ ગુણી અને એમાં રહેલા આ ગુણ, એવો ભેદ વિકલ્પ પણ ઉદયભાવ સંસાર

છે. વાસ્તવિક રીતે સંસાર સ્વરૂપ જ છે ઇ. **'અને અદ્વૈત (નિર્વિકલ્પ ધ્યાન) મોક્ષસ્વરૂપ છે.'** એકલો ભગવાન જ્ઞાયક સ્વભાવ એનું નિર્વિકલ્પપણે એકાગ્રપણું એ જ મોક્ષ સ્વરૂપ છે. આ બન્ને વ્યાખ્યા (કરી). **'સંસાર ને મોક્ષમાં પ્રાપ્ત થતી અંત (ઉત્કૃષ્ટ) દશાનું આ સંક્ષેપથી કથન છે.'** લ્યો ! સંસાર અને મોક્ષમાં પ્રાપ્ત થતી ઉત્કૃષ્ટ દશાનું આ સંક્ષિપ્ત કથન છે. શુભાશુભ પરિણામ તે સંસાર અને ભગવાનનું નિર્વિકલ્પ ધ્યાન તે મોક્ષસ્વરૂપ. અત્યારે તો આના જ મોટા ઝઘડા ચાલે છે ને ?

**'જે મનુષ્ય, પૂર્વો ત બે માંથી પ્રથમ દ્વૈતપદથી ધીરે ધીરે પાછો હઠી અદ્વૈતપદનું આલંબન...'** અદ્વૈત એટલે આત્મા, હોં ! અદ્વૈત એટલે બધા થઈને એક આત્મા, એમ નહિ. રાગ-દ્વેષથી યુ ત, વિકાર યુ ત તે વિકલ્પ અને નિર્વિકારી આત્માનું એકત્વ છે. સમજાણું ? **'અદ્વૈતપદનું આલંબન સ્વીકારે છે તે પુરુષ નિશ્ચયનયથી નામરહિત થઈ જાય છે અને તે પુરુષ વ્યવહારનયથી...'** એને એવા ભગવાન આત્માને **'બ્રહ્મા, વિધાતા આદિ નામોથી સંબોધાય છે.'** બ્રહ્મા, વિષ્ણુ બીજી કોઈ ચીજ નથી. ભગવાન આત્માની પૂર્ણ શુદ્ધતાને બ્રહ્મા, વિષ્ણુ આદિ કહેવામાં આવે છે.

## દૃઢ શ્રદ્ધાની મહિમા :–

**'૩૦. અર્થ :– હે કેવળજ્ઞાનરૂપ નેત્રોના ધારક જિનેશ્વર ! મોક્ષ પ્રાપ્ત કરવા અર્થે આપે જે ચારિત્રનું વર્ણન કર્યું છે એ ચારિત્ર તો આ વિષમ કલિકાલમાં, (દુષમ પંચમકાળમાં) મારા જેવા મનુષ્ય ઘણી કઠિનતાથી ધારણ કરી શકે તેમ છે. પરંતુ પૂર્વોપાર્જિત પુણ્યોથી આપમાં મારી જે દૃઢ ભક્તિ છે...'** પુણ્યથી જ ભક્તિ છે એમ નહિ, હોં ! એ તો મારા પુરુષાર્થના સંસ્કારથી મારામાં જે દૃઢતા છે **'તે ભક્તિ જ, હે જિન ! મને સંસારરૂપ સમુદ્રથી પાર ઉતારવામાં નૌકા સમાન થાઓ.'** મને સંસારસમુદ્રથી આ ભક્તિ જ પાર ઉતારી શકશે. એમ કહીને કહે છે કે, ચારિત્રની જે નિર્મળતા જોઈએ એટલી નથી, પણ અમારા ધ્યાનમાં આત્મા પૂર્ણાનંદ છે એવી અમને પ્રતીતિ ને ભક્તિ નિશ્ચય વર્તે છે, તે જ અમને પૂર્ણાનંદની પ્રાપ્તિનો ઉપાય છે. નૌકા છે, ઇ નૌકા સંસારના સમુદ્રને પાર કરી લેશે.

**'ભાવાર્થ :– કર્મોનો નાશ કર્યા વિના મોક્ષ-પ્રાપ્તિ થઈ શકતી નથી અને કર્મોનો નાશ તો આપ દ્વારા વર્ણિત ચારિત્ર (તપ) થી થાય છે.'** ચારિત્ર એટલે મુનિપણું. **'હે ભગવન્ ! શક્તિના અભાવથી આ પંચમકાળમાં મારા જેવો મનુષ્ય...'** જુઓ ! આચાર્ય મહાસમર્થ છઠ્ઠે ગુણસ્થાને મુનિ છે. **'તે તપ કરી શકતો નથી.'** આહા..હા..! **'તેથી હે પરમાત્મા ! મારી એ પ્રાર્થના છે કે સદ્‌ભાગ્યે આપમાં મારી જે દૃઢ ભક્તિ છે તેનાથી મારા કર્મ નષ્ટ થઈ જાઓ અને મને મોક્ષની**

પ્રાપ્તિ થાઓ.'

## મોક્ષ પદની પ્રાપ્તિ અર્થે પ્રાર્થના :–

'૩૧. અર્થ :– **આ સંસારમાં ભ્રમણ કરી મેં ઇન્દ્રપણું,...'** ઇન્દ્રપણું એટલે આ અહમિન્દ્ર આદિ. મૂળ ઇન્દ્રપણું જે છે ઇ તો અનાદિમાં ન મળે. **'નિગોદપણું અને બન્ને વચ્ચેની અન્ય સમસ્ત પ્રકારની યોનિઓ પણ અનંતવાર પ્રાપ્ત કરી છે. તેથી એ પદવીઓમાંથી કોઈ પણ પદવી મારા માટે અપૂર્વ નથી.'** નવી નથી, અનંતવાર બધી મળી ચુકી છે. **'કિન્તુ મોક્ષપદને આપનાર સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રના ઐક્યની પદવી જે અપૂર્વ છે, તે હજી સુધી મળી નથી. તેથી હે દેવ ! મારી સવિનય પ્રાર્થના છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની પદવી જ પૂર્ણ કરો.'** બસ ! ત્રણ તો છે (હવે) પૂર્ણ કરો. એ અપૂર્વ છે બાકી તો અનંતવાર દેવ-દેવીઓ, ઈન્દ્ર મોટો, નવમી ગ્રૈવેયક અહમિન્દ્ર અનંતવાર થયો. એમાં કાંઈ નવીન ને અપૂર્વતા નથી. અબજોપતિ અનંતવાર થયો એ કાંઈ નવીન અપૂર્વતા નથી. બરાબર હશે ?

મુમુક્ષુ :– શેનું નવીન ? શું મળ્યું ? ધૂળ. અબજોપતિ થયો એ કાંઈ નવીન છે ? અનંતવાર થયો છે.

મુમુક્ષુ : નવીન મળ્યું ....

ઉત્તર : શું નવીન મળ્યું ? કાંઈ નવીન મળ્યું નથી, ઇ નું ઇ છે. આત્મા મળે ઇ નવીન છે. આત્માના આનંદની પ્રાપ્તિ અને પૂર્ણાનંદની પ્રાપ્તિ અપૂર્વ અનંતકાળમાં નથી મળી. અપૂર્વ લબ્ધિ એ છે, આ તો બધી ધૂળ છે. અનંતવાર મળી એમ કહે છે. ભવ અનંતવાર થયા. એમાં કાંઈ મારે માટે નવીન નથી.

## મુમુક્ષુની મોક્ષપ્રાપ્તિ માટે દઢતા :–

'૩૨. અર્થ :– **બાહ્ય (અતિશય આદિ) તથા અભ્યંતર (કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ) લક્ષ્મીથી શોભિત વીરનાથ ભગવાને...'** એમના ગુરુ પણ એ છે ને વીરનાથ ભગવાન. **'પોતાના પ્રસન્નચિત્તથી સર્વોચ્ચ પદવીની પ્રાપ્તિ અર્થે મારા ચિત્તમાં ઉપદેશની જે જમાવટ કરી છે...'** આહા..હા..! તું શુદ્ધાત્મા છો એમ મારા ગુરુએ અને તીર્થંકરોએ જે અનાદિનું મને કહ્યું છે **'તે ઉપદેશ પાસે ક્ષણમાત્રમાં વિનાશી એવું પૃથ્વીનું રાજ્ય મને પ્રિય નથી.'** શું કહે છે ? કેમકે અમે પંચમ આરાના મુનિ છીએ, ખ્યાલ છે કે અહીંયાથી રાગથી પુણ્ય બંધાઈને સ્વર્ગમાં જાશું. એનો નિષેધ કરતા જાય

છે. છેલ્લી ગાથાઓ છે ને ! પૃથ્વીનું રાજ મને પ્રિય નથી તો પછી સ્વર્ગનો દેવ થાઈશ, ફલાણું થાય એ અમને પ્રિય છે નહિ.

**'તે વાત તો દૂર રહી, પરંતુ પ્રભો ! હે જિનેશ ! તે ઉપદેશ પાસે ત્રણલોકનું રાજ્ય પણ મને પ્રિય નથી.'** સમજાણું કાંઈ ? ત્રણલોકના પૂજનિક તીર્થંકરની બહારની પદવી મળે એ નહિ, મારે તો કેવળજ્ઞાન ઘન થવું છે. બહારમાં લોકો પૂજે ને માને એવી પુણ્યના ફળની સ્થિતિ હોય એનું મારે કાંઈ કામ નથી. આહા..હા..! મૃત્યુના કાળે છેલ્લે આ રીતે ઝંખના, ઝંખના કરતા ચાલ્યા જાય સ્વર્ગમાં. નકાર, નકાર. પુણ્ય પરિણામનો નકાર, એના ફળનો નકાર, સ્વર્ગનો નકાર (કરે છે).

**'ભાવાર્થ :– યદ્યપિ સંસારમાં પૃથ્વીનું રાજ્ય અને ત્રણે લોકના રાજ્યની પ્રાપ્તિ એક ઉત્તમ વાત ગણાય છે. પરંતુ હે પ્રભો !'** અર્ધલોકના સ્વામી થાય છે ને દેવ. **'વીરનાથ ભગવાને (—વીરનંદી ગુરુએ) પ્રસન્નચિત્તે મને જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ પ્રત્યેના પ્રેમ પાસે...'** દેખો ! ઉપદેશમાં કહેલા ભાવના પ્રેમ પાસે. **'આ બંને વાતો મને ઇષ્ટ લાગતી નથી, તેથી હું આવા ઉપદેશનો જ પ્રેમી છું.'**

છેલ્લી તેત્રીસ ગાથા. ભાષા તો જુઓ ! એક તો નવમો અધિકાર ને ગાથા તેત્રીસ. એકલી વીતરાગતાનું વર્ણન. આંકડો નવનો અફર અને તેત્રીસ ગાથા. કહે છે કે, આવા સ્વભાવનું લક્ષ કરીને પરમાત્માના સમીપે આવી આલોચના જે કોઈ કરે છે.

**'૩૩. અર્થ :– શ્રદ્ધાથી જેનું શરીર નમ્રીભૂત (નમેલું) છે...'** આહા..હા..! અક્કડ-ફક્કડ નથી આમ કાંઈ. આહા..હા..! પ્રભુ ! એમ વિનય છે, પરમાત્મા પાસે નમી ગયો છે. **'એવો જે મનુષ્ય, શ્રી પદ્મનંદિ આચાર્યરચિત આલોચના નામની કૃતિને ત્રણે (પ્રાતઃ મધ્યાહ્ન સાયંકાલ) શ્રી અર્હંત પ્રભુ સામે ભણે...'** એના જ્ઞાનનો સાક્ષી અંદરમાં રાખીને કહે, જાણે **'તે બુદ્ધિમાન એવા ઉચ્ચ પદને પ્રાપ્ત થાય છે કે જે પદ મોટા મોટા મુનિઓ ચિરકાલપર્યંત...'** બાહ્ય વ્યવહાર લિંગ આદિ. **'તપદ્વારા ઘોર પ્રયત્ને પામી શકે છે.'** એવો પદાર્થ જ્ઞાતા-દૃષ્ટાના ભાવથી પામી શકે છે.

**'ભાવાર્થ :– જે મનુષ્ય (સ્વભાવના ભાન સહિત)...'** જુઓ ! સ્વભાવના ભાન સહિત. **'પ્રાતઃકાલ, મધ્યાહ્નકાલ અને સાયંકાલ – ત્રણે કાળ એ અરિહંત દેવ સામે આલોચનાનો પાઠ કરે છે તે શીઘ્ર મોક્ષ પ્રાપ્ત કરે છે.'** ભગવાન ! પણ પંચમકાળે મોક્ષ નથી ને જ્યાં ત્યાં મોક્ષ મોક્ષની વાતું ! સાંભળને ! આત્મા પરથી છૂટો પડ્યો એ મોક્ષ જ છે એને. હે નાથ ! **'ત્રણે કાલ શ્રી અરહંતદેવ સામે આલોચનાનો પાઠ કરે છે તે શીઘ્ર મોક્ષને પ્રાપ્ત કરે છે. તેથી મોક્ષાભિલાષીઓએ...'** છૂટવાના કામીઓએ, બંધાવાના કામીને અમારો આ ઉપદેશ નથી. છૂટવાના કામીએ **'શ્રી અરહંતદેવ**

**સામે શ્રી પદ્મનંદિ આચાર્ય દ્વારા રચાયેલી આલોચના નામની કૃતિનો પાઠ ત્રણે કાલ અવશ્યમેવ કરવો જોઈએ.**' એટલે કે સવાર, સાંજ આત્મા પરથી ભિન્ન છે એનું ભાન વારંવાર રાખવું, એના ભાન દ્વારા જ એની આલોચના થાય અને એ ભાન દ્વારા જ એની મુક્તિ થાય, બીજો કોઈ એનો ઉપાય નથી.

આ આલોચના–અધ્યાત્મ આલોચના છે. આ અલૌકિક આલોચના સભામાં બત્રીસમી વાર વંચાણી છે. એક વાર સંપ્રદાયમાં વંચાણી, એકત્રીસ વર્ષ આ થયા. આ બત્રીસમી વાર. ભાઈ ! સાંભળી હતી કોઈ દિ' ? વાંચી નથી ? આ અધ્યાત્મ આલોચના, અધ્યાત્મ શબ્દે સર્વજ્ઞ પરમાત્માનો સ્વભાવ (છે) એવો મારો સ્વભાવ (છે) એમ દૃષ્ટિમાં રાખી, સરળપણે નિઃશલ્ય થઈને આવા વિકાર આદિ પરિણામને જોવે, જોવે તેને ટળ્યા વિના રહે નહિ. એનું નામ આલોચના ને પ્રાયશ્ચિત. એનું નામ મિચ્છામી દુક્કડ્મ કહેવામાં આવે છે. પેલા કહે, છે ને કે મિચ્છામી દુક્કડ્મ. એ મિચ્છામી દુક્કડ્મ એમ હાથ જોડીને નહિ. આ મારો સ્વભાવ ને આ વિપરીત ભાવ, એનો વિવેક કરીને મિથ્યા એને કરવો, સ્વભાવની એકતા કરવી એનું નામ આલોચના ને પ્રાયશ્ચિત કહેવામાં આવે છે. ૩૩ ગાથા પૂરી થઈ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ !)

**શ્રાવણ સુદ ૧, ગુરુવાર તા. ૧૭-૮-૧૯૬૬**
**ઋષભજિન સ્તોત્ર, ગાથા-૧, ૨ પ્રવચન-૪૩**

યહ એક પદ્મનંદી પંચવિંશતિ શાસ્ત્ર હૈ. દિગંબર મુનિ પદ્મનંદી આચાર્ય આજ પહલે ૯૦૦-૧૦૦૦ વર્ષ પહલે હુએ. ૩૪૯ પન્ના. ઉસમેં ૨૦૧. સમજમેં આયા? મુંબઈમેં (સંવત) ૨૦૨૦મેં લિયા થા. (સંવત) ૨૦૧૩ ઔર ૨૦૨૦મેં દોપહરકો લિયા થા.

યહાં ઋષભદેવ સ્તોત્ર. મુનિ આદિનાથકી ભક્તિ-સ્તોત્ર કરતે હૈં. પદ્મનંદી આચાર્ય મહાસંત ભાવલિંગી હૈં. વહી ૧૩વાં અધિકાર હૈ. દૂસરા અભી છપા હૈ. સમજમેં આયા? દેખો! ભક્તિવાનકો ભગવાનકે પ્રતિ ભક્તિ ઉત્પન્ન હોતી હૈ. જિસકો આત્માકા કેવલજ્ઞાનકી પ્રતીત અપનેમેં હુઈ હૈ કિ ઈસ જગતમેં એક સમયમેં તીન કાલ, તીન લોક જાનનેવાલે પરમાત્મા હૈં. ઈસ જગતમેં, નૌ તત્ત્વમેં-સાત તત્ત્વમેં મોક્ષ શ્રદ્ધા આતી હૈ ન? મોક્ષતત્ત્વકી શ્રદ્ધા. મોક્ષતત્ત્વકી શ્રદ્ધાકા અર્થ-ઈસ જગતમેં કેવલજ્ઞાન પ્રાપ્ત આત્મા હૈ. તો યહાં ઋષભદેવ ભગવાનકા લક્ષ્ય કરકે બાત કરતે હૈં. ઋષભદેવ ભગવાન માનો સમવસરણમેં બિરાજતે હો ઐસે લક્ષ્ય કરકે કરતે હૈં. મોક્ષ ગયે ઐસે નહીં, મોક્ષ ગયે ઐસે નહીં. વર્તમાનમેં સમવસરણમેં બિરાજતે હો. મુનિ સમીપમેં લાકર માનો સમવસરણમેં બિરાજતે હો ઔર સમવસરણમેં સ્તુતિ કરતે હો, ઐસી સ્થિતિસે યહ રચના કી હૈ. સમજમેં આયા?

સમંતભદ્ર આચાર્યને સ્વયંભૂ સ્તોત્ર રચા હૈ. દેખો! વે તો સ્વયંભૂ સ્તોત્રમેં કહતે હૈં કિ પ્રભુ! હમેં તો આપકી ભક્તિકા વિષય હો ગયા હૈ. ઐસા ઉસમેં હૈ. વ્યસન હો ગયા, વ્યસન. સમજમેં આયા?

અપને સ્વરૂપમેં સર્વજ્ઞપદકી જહાં પ્રતીતિ હુઈ, તો સર્વજ્ઞપદકી પ્રતીતિ અપને જ્ઞાયક સ્વભાવકે આશ્રયસે હોતી હૈ. સમજમેં આયા? મોક્ષતત્ત્વકી પ્રતીતિ, કેવલજ્ઞાનકી પ્રતીતિ કહો કિ મોક્ષતત્ત્વકી પ્રતીતિ કહો (એકાર્થ હૈ). પર્યાયકી, એક જ્ઞાનગુણકી એક સમયકી ઐસી પૂર્ણ અવસ્થા હૈ કિ જો એક સમયમેં તીન કાલ તીન લોક દેખતી હૈ. ઐસી જબ સમ્યગ્દૃષ્ટિકો મોક્ષતત્ત્વકી પ્રતીતિ હોતી હૈ તો ઉસ પર્યાયકી પ્રતીતિ પર્યાયકે કારણસે નહીં હોતી હૈ. પર્યાયકી પ્રતીતિ દ્રવ્યકી પ્રતીતિ કરનેસે પર્યાયકી પ્રતીતિ હોતી હૈ. સમજમેં આયા?

આત્મા સર્વજ્ઞ સ્વભાવી-જ્ઞ સ્વભાવી હૈ. જ્ઞ-સ્વભાવી હૈ. સર્વજ્ઞ સ્વભાવી, વસ્તુ આત્મા સર્વજ્ઞ સ્વભાવી હૈ. ઐસી અપની પર્યાયમેં અંતર્મુખ હોકર સમ્યગ્દર્શનમેં પ્રતીત હુઈ તો સર્વજ્ઞપર્યાય જિસકો પ્રગટ હૈ, ઉસ પર ભક્તિ આયે બિના રહતી નહીં. સમજમેં આયા? બહુમાન આતા હૈ. ઓહો..! યે સર્વજ્ઞ પરમાત્મા! મુનિ ભી સ્તોત્રમેં ઐસી સ્તુતિ કરતે હૈં. દેખો! મુનિ હૈ, હાં! છઠ્ઠે-સાતવેં ગુણસ્થાનવાલે ભાવલિંગી સંત હૈં. અંતર અતીન્દ્રિય આનંદકે અનુભવમેં સ્વાદમેં પડા હૈ. ફિર ભી જબ સ્વરૂપમેં સ્થિરતા નહીં હૈ, શુદ્ધઉપયોગરૂપ રમણતા નહીં હૈ તબ ઐસી ભક્તિકા મુનિકો ભી ભાવ આયે બિના રહતા નહીં. સમજતે હૈં કિ વહ શુભભાવ હૈ. અશુભસે બચનેકો આતા હૈ. અપને શુદ્ધ સ્વરૂપમેં ઐસી ભક્તિકે ભાવકો નિમિત્ત ગિનનેમેં આતા હૈ. નિમિત્ત ગિનનેમેં આતા હૈ. ઉપાદાન તો અપને શુદ્ધ સ્વરૂપકી પરિણતિ શ્રદ્ધા-જ્ઞાન હૈ, વહી હમારા ઉપાદાન મોક્ષકા કારણ હૈ. ઉસમેં ઐસી ભક્તિકા ભાવ નિમિત્ત કારણ વ્યવહારકો કહનેમેં આતા હૈ. ઐસી ભક્તિ હોતી હૈ.

અધિકાર તો ૨૬ હૈ, લેકિન નામ દિયા હૈ ૨૫. પદ્મનંદી પંચવિંશતિ નામ દિયા હૈ. હૈ તો અધિકાર ૨૬. ક્યોંકિ આખિરકા અધિકાર હૈ ન, વહ બ્રહ્મચર્યકા અધિકાર હૈ. તો કોઈ કહતા હૈ કિ બ્રહ્મચર્યકા અધિકાર ઉન્હેં બહુત પ્રીતિ થી તો લે લિયા હૈ. અલગસે. ઉસમેં કિસી ઈતિહાસકારને જોડ દિયા હૈ, ઐસા કહતે હૈં. લેકિન હૈ અધિકાર ૨૬. બ્રહ્મચર્યકા ઐસા પ્રેમ થા મુનિકો, અંતરમેં આનંદ સહિતકા, કિ જબ યુવતિ સંગપરિત્યાગકી વ્યાખ્યા કરતે-કરતે ઐસા કહા કિ, અરે..! યુવકો! તુમકો મેરી બ્રહ્મચર્યકી બાત કદાચિત્ ન રુચે, હમ તો મુનિ હૈં, હમ મુનિ હૈં તો હમ આનંદમેં રહનેકી બ્રહ્મચર્યકી વ્યાખ્યા કરતે હૈં. જિસકો વિષયકી રુચિ હો, યુવકોંકો ન રુચે, મૈં મુનિ હું ઐસા સમજકર મુજકો ક્ષમા કરના. પંડિતજી! આખિરકા શ્લોક હૈ, વહાંસે લિયા હૈ, દેખો! આખિરકા શ્લોક હૈ. અંતિમ નૌંવી ગાથા. આખિરકી.

**युवति-संगति-वर्जनमष्टकं ;**

**प्रति मुमुक्षुजन भणितं मया।**

**सुरत-राग-समुद्र-गता जना,**

**कुरुत मा क्रुधमत्र मुनौ मयि।।९।।**

હૈ? આખિરકી ગાથા હૈ. અંતિમ, નૌંવી આખિરકી. હૈ ઉસમેં? જો

**અર્થ :-** '**જો મનુષ્ય, મુમુક્ષુ અર્થાત્ મોક્ષપ્રાપ્તિકે અભિલાષી હૈ, ઉન મનુષ્યોંકે લિયે મૈંને યુવતિ સ્ત્રિયોંકે સંગકો નિષેધ કરનેવાલે ઈસ અષ્ટકકા અર્થાત્ બ્રહ્મચર્યાષ્ટકકા વર્ણન કિયા હૈ;...**' અપને બ્રહ્મચર્યકા અંદર બહુત રંગ

હૈ ન, તો આખિરકા (અધિકાર) વહ બનાયા. કહતે હૈં, **'કિંતુ જો મનુષ્ય, ભોગરૂપી રાગ-સમુદ્રમેં ડુબે હુએ હૈં, વે ઈસ અષ્ટકકો અચ્છા નહીં સમજતે, અતઃ વે મુઝે મુનિ સમજકર ક્ષમા કરેં.'** આહાહા..! સમજમેં આયા? મેરે પાસ ક્યા આશા રખતે હો તુમ? હમારા સ્વરૂપ આનંદમય હૈ, ઉસે (ભોગને હેતુ) તુમકો આમંત્રિત કિયા હૈ. હમકો જો પ્રિય હૈ, ઉસકે લિયે તુમ્હે આમંત્રિત કિયા હૈ. મુજે ક્ષમા કરના, (મૈં તો) મુનિ હૂં. સમજમેં આયા? ઐસે પદ્મનંદી આચાર્ય ભગવાનકી સ્તુતિ કરતે હૈં. પ્રથમ શ્લોક.

મુમુક્ષુ :- બારહવાં ..

ઉત્તર :- વહ દૂસરા હૈ, યહ દૂસરા હૈ.

**जय उसह णाहिणंदण तिहुवणिलएक्कदीव तित्थयर।**
**जय सयलजीववच्छल णिम्मलगुणरयणणिहि णाह।।१।।**

દેખો! એક શબ્દમેં, એક ગાથામેં કિતના ભર દિયા હૈ! જય હો, ઋષભદેવ ભગવાન! આપ નાભિનંદન. બાહરસે બતાયા. આપને ઐસે હી જન્મ લિયા હૈ, ઐસા નહીં હૈ. આપ નાભિરાજાકે નંદન હો. ઐસી આદિમેં આપ ઉસ સમય ઉત્પન્ન હુએ હૈં. તો શરીરકો નિમિત્ત નાભિનંદન થે, વહાંસે લિયા હૈ. નિરાધાર, કોઈ અપૌરુષ અવતાર લે લિયા, ઈશ્વરકા અવતાર હૈ, ઐસા કોઈ હૈ નહીં. જય હો! **'उसह णाहिणंदण'**. નાભિરાજાકે આપ નંદન હો. યે બાહરસે પહચાન કી.

**'तिहुवणिलएक्कदीव'** હે નાથ! આપ તીન ભુવનકે નિલય નામ ઘરમેં એક દીપક હો. દીપક. તીન લોક-અધો લોક, મધ્ય લોક ઔર ઊર્ધ્વ લોક. ભગવાન! આપ દીપક હો. તીન લોકમેં આપહી એક દીપક હો. ઓહોહો..! દેખો! નાભિનંદનકી બાત કી કિ આપ ઉસકે પુત્ર હો. લેકિન આપ હૈં કૌન? એક સેકંડકે અસંખ્યવે ભાગમેં હે નાથ! દેખો! જિસકી પ્રતીતિમેં, અનુભવમેં આયા હૈ તો ભગવાનકી પહચાન કરકે ભગવાનકી સ્તુતિ કરતે હૈં. સમજમેં આયા?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- યે કહતે હૈં, હમ સર્વજ્ઞકો પહચાનતે હૈં. સમજમેં આયા? પ્રવચનસારમેં ભી પહલે લિયા હૈ ન, ભાઈ! 'પ્રવચનસાર'મેં 'કુંદકુંદચાર્ય' (કહતે હૈં), મૈં સ્તુતિ કરનેવાલા કૌન? કિ મૈં યહ હૂં, જ્ઞાન-દર્શન સ્વસંવેદનસ્વરૂપ મૈં આત્મા. 'કુંદકુંદાચાર્ય'ને 'પ્રવચનસાર'મેં પહલી ગાથામેં લિયા. સમજમેં આયા? મૈં કૌન? મૈં જ્ઞાન-દર્શનસ્વરૂપ સ્વસંવેદન, ઉસકા પ્રત્યક્ષ અપના વેદન કરનેવાલા મૈં. ઔર આપ કૌન? બાદમેં લિયા.

મુમુક્ષુ :- .. અપનેકો માલૂમ હોતે હૈં?

ઉત્તર :- વહ બાત તો સબેરે આ ગઈ.

મુમુક્ષુ :- દોપહરકો નહીં આયી.

ઉત્તર :- ઠીક હૈ. વકીલ તો બરાબર સ્પષ્ટ કરાવેને. ક્યા કહા? દેખોન! પ્રવચનસારમેં ક્યા હૈ? દેખો! વે ભી સ્તુતિ કરતે હૈં, દેખો! પ્રવચનસારમેં દેખો. અર્થ ક્યા હૈ? '**एष स्वसंवेदनप्रत्यक्षदर्शनज्ञानसामान्यात्माहं**'. યે પ્રથમ સંસ્કૃતમેં હૈ. યે સ્વસંવેદનપ્રત્યક્ષ સ્વાનુભવસે પ્રત્યક્ષ. દર્શન-જ્ઞાન સામાન્ય સ્વાનુભવસે પ્રત્યક્ષ હૈ. અપના સ્વરૂપ દૃષ્ટા-જ્ઞાતા ત્રિકાલ સ્વભાવ હૈ, સામાન્ય ત્રિકાલ સ્વભાવ, હાં! વહ સ્વાનુભવસે પ્રત્યક્ષ હૈ. સ્વાનુભવ પ્રત્યક્ષ પર્યાય હો ગઈ. સમજમેં આયા?

મૈં, મૈં કૌન? મુનિ કહતે હૈં, મૈં કૌન? મૈં પના કહાં લગતા હૈ? વાણીમેં મૈં પના લગતા હૈ? વિકલ્પમેં મૈં પના લગતા હૈ? મૈં કૌન? '**एष**' ઐસે પ્રત્યક્ષ દેખતે હૈં, હાં! યે. '**एष**' '**स्वसंवेदनप्रत्यक्ष**'. દેખો! '**स्वसंवेदनप्रत्यक्षदर्शनज्ञानसामान्यात्माहं**'. ભગવાન આત્મા મૈં તો દૃષ્ટા-જ્ઞાતાકે સ્વભાવસે પૂરા ભરા હુઆ મૈં હૂં. લેકિન કૈસા હૂં? સ્વસંવેદનપ્રત્યક્ષ (હૂં). મેરે અંતરમેં જ્ઞાનકા, આનંદકા પ્રત્યક્ષ વેદન હૈ, વહ મૈં હૂં. સામાન્ય દર્શન, જ્ઞાન યાની દ્રવ્ય આ ગયા, સામાન્ય દર્શન, જ્ઞાન સ્વભાવ આ ગયા ઔર અપના વેદન આ ગયા-પર્યાય આયી. તીનોં મિલકર મૈં હૂં. સમજમેં આયા? ઐસા મૈં, કિસકો વંદન કરતા હૂં? દેખો! પાઠ ઐસા હૈ ન પહલે? '**एस सुरासुरमणुसिंदवंदिदं धोदघाइकम्ममलं। पणमामि**' મૈં ઉનકો પ્રણામ કરતા હૂં, જિનકો ચાર ઘાતિ કર્મકા નાશ હુઆ હૈ ઔર જિસકો કેવલજ્ઞાનકી પર્યાય પ્રગટ હુઈ હૈ, ઐસે સુરેન્દ્રોં આદિસે (વંદિત હૈં). વહી બાત યહાં લી હૈ. '**જો તીર્થતાકે કારણ યોગિયોંકો તારનેમેં સમર્થ હૈં,...**' યહાં ભી વહ શબ્દ લેંગે. આચાર્યોંકી શૈલી અલગ હૈ.

હે નાથ! મૈં આત્મા, આપ નાભિરાજાકે નંદન. નિમિત્તસે પહચાન બતાયી. ઔર '**ઊર્દ્ધલોક-મધ્યલોક-અધોલોકરૂપી ઘરકે દીપક...**' હૈં. ચૈતન્યસૂર્ય આપકા પ્રગટ હો ગયા હૈ. તીન કાલ, તીન લોક આપ જ્ઞાનમેં જાનતે હો. ઐસે પહલે કેવલજ્ઞાનસે સ્તુતિકા પ્રારંભ કિયા હૈ. સમજમેં આયા? ભક્ત સમકિતીકો કેવલજ્ઞાન પ્રિય હૈ. ક્યોંકિ ઉસકો મોક્ષ લેના હૈ. મોક્ષ કહો યા કેવલજ્ઞાન કહો. તો મોક્ષ જિસકો પ્રાપ્ત (હૈ), ભાવમોક્ષ હૈ, અરિહંત ભાવમોક્ષ હૈ. ચાર કર્મ છૂટ જાયે તો દ્રવ્યમોક્ષ હોતા હૈ. યહાં તો ભાવમોક્ષકી સ્તુતિકી બાત હૈ. હે નાથ! તીન ભુવનમેં નિલય-ઘર-સ્થાન-એક દીપક હો. ઓહોહો..! એક સમયકા આપકા જ્ઞાન તીન લોકમેં સૂર્ય સમાન, દીપક સમાન હૈ.

મુમુક્ષુ :- દીપકકા પ્રકાશ તીન લોકમેં કૈસે જાયે?

ઉત્તર :- જાતા કહાં હૈ? અપની પર્યાયમેં અપની પ્રસિદ્ધિ, અપને જ્ઞાનકી પૂર્ણ દશા પ્રગટ હઈ, ઉસમેં તીન કાલ તીન લોક (ઝલક ગયે). જલકો દેખનેપર, જલકો દેખનેપર, ઐસી નજર જલમેં ગિરનેપર ઉપરકે ૬૬૯૭૫ ક્રોડા ક્રોડી તારે, ચંદ્ર ઔર સૂર્યકે સાથ પરિવાર હૈ. એક ચંદ્ર ઔર એક સૂર્યકે સાથ ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ, ૬૬૯૭૫ ક્રોડા ક્રોડી તારે ઐસે જલમેં દિખતે હૈં. ઉપરકી ચીજ ઉસમેં આકારરૂપ પ્રતિબિંબત હુઈ. જલકો દેખનેસે સબ દિખનેમેં આ જાતા હૈ. ઐસી અપની જ્ઞાનપર્યાય દિખનેમેં લોકાલોક ઉસમેં આ જાતા હૈ. સમજમેં આયા? દેખો! યે સ્તુતિ. આચાર્ય મહારાજ પદ્મનંદી સંત (કરતે હૈં). ભગવાનકા વિરહ હુઆ. ફિર ઈસપ્રકાર સમીપ લાતે હૈં. સમજમેં આયા? પ્રભુ! મેરે ઔર આપકે બીચ વિરહ નહીં હૈ. આપ સમવસરણમેં બિરાજતે હોં ઔર મૈં સ્તુતિ કરતા હૂં, ઐસી સંધિ કી હૈ. નહીં તો ઈનકો તો એક ક્રોડા ક્રોડી સાગરોપમ હો ગયા. એક ક્રોડા ક્રોડી સાગરોપમ. કિતના કાલ!

ભગવાન નાભિનંદન તીન લોકમેં એક દીપક સમાન (હો). દો બોલ હૈ. અંતર અભ્યંતરકી બાત કહી. અભી તો ઉસકી પ્રતીતિ નહીં હૈ. ભગવાનકા કેવલજ્ઞાન ઈતના હૈ? કોઈ-કોઈ ઐસા કહતે હૈં, અરે..! એક કેવલજ્ઞાનકી પર્યાયમેં લોકાલોક ઔર અનંત કેવલી જાનનેમેં આયે! કિતની બૈલગાડી ભરી એક પર્યાયમેં. ગાડા સમજે? ગાડી. ગાડીકા કિતના માલ ભરા હૈ અંદર? ભગવાન! તુજે માલૂમ નહીં હૈ, પ્રભુ! આકાશકા ભી જિસકા માપ નહીં, ઉસકા એક સમયમેં જિસકો જ્ઞાન હો ગયા હૈ. સમજમેં આયા? આકાશમેં લોક પરમાણુ તુલ્ય હૈ. ક્યા (કહા)? પૂરે આકાશમેં યહ લોક પરમાણુ તુલ્ય હૈ. ઔર કેવલજ્ઞાનકી પર્યાયમેં સમસ્ત લોકાલોક પરમાણુ તુલ્ય હૈ. આહાહા..! પીછે હૈ ઉસમેં. સમજમેં આયા?

અરે..! ભાઈ! આત્માકી સ્તુતિ, જિસકા સ્તવન ઉનકા ગુણગ્રામ કરના હૈ. તો ગુણકી જિતની કિમત હૈ, ઉતની ખ્યાલમેં હો તો ઉસકી સ્તુતિ ઔર ગુણગ્રામ કર સકતે હૈં. સમજે બિના ગુણગ્રામ-સ્તુતિ કિસકી? સમજમેં આયા? આકાશ અમાપ-અમાપમેં ચૌદ બ્રહ્માંડ એક પરમાણુ તુલ્ય પડા હૈ. કહાં પડા હૈ એક પરમાણુ? ઔર વહ અમાપ આકાશ, ભગવાનકે કેવલજ્ઞાનકી એક પર્યાયમેં કહાં પડા હૈ પરમાણુ તુલ્ય! આહાહા..! સમજમેં આયા? પહલે કેવલજ્ઞાનકી શ્રદ્ધામેં પૂરા ફર્ક હૈ. એક કેવલજ્ઞાનકી શ્રદ્ધા હો જાયે તો ઉસકે સ્વરૂપકી દૃષ્ટિ હોકર, મૈં જ્ઞાતા-દૃષ્ટા હૂં (ઐસી પ્રતીતિ ભી હો જાયે). ઔર વ્યવહાર પહલે, નિશ્ચય બાદમેં વહ બાત રહતી નહીં. સમજે?

ભગવાન જ્ઞાયક એક સમયમેં તીન કાલ, તીન લોકકો જાનતે હૈં. ઉસસે અનંતગુની

શક્તિ એક પર્યાયમેં હૈ. સમજમેં આયા? પરમાત્મ પ્રકાશમેં કહા હૈ, બેલ ચલતી હૈ, બેલ-બેલ હોતી હૈ ન? લકડીકા મંડપ હોતા હૈ ન? મંડપ. બેલ ચલતી હૈ તો લકડીકા જહાં તક મંડપ હૈ, વહાં તક બેલ-લતા ચલતી હૈ. બાદમેં અંદર-અંદર જુડ જાતી હૈ. આગે નહીં હૈ. લેકિન ઉસકા ઐસા અર્થ નહીં હૈ કિ મંડપ જિતની હી લતાકી જાનેકી શક્તિ હૈ. ઉસસે ભી અનંતગુની શક્તિ હૈ ચલનેકી. વૈસે લોકાલોક ઔર તીન કાલ મંડપકો એક સમયમેં ભગવાનકા જ્ઞાન જાનતા હૈ તો ઉતના હી જ્ઞાન હૈ ઐસા નહીં હૈ. ઓહોહો..! એક જ્ઞાનગુણકી એક સમયકી અવસ્થા. સમજમેં આયા? ઐસી પ્રતીત કહાંસે, કૈસે કરે? વિકલ્પકો તોડકર સ્વભાવકી જ્ઞાયક દૃષ્ટિ હો તબ વહ પ્રતીતિ સાથમેં હોતી હૈ. સમજમેં આયા? આહાહા..! કહાં ભગવાનકા જ્ઞાન! પ્રભુ! યે લોકાલોકકા મંડપ તો બહુત થોડા હૈ. ઉતના જ્ઞેયપ્રમાણ (હૈ). ભલે 'પ્રવચનસાર'મેં આયા ન? આત્મા જ્ઞાનપ્રમાણ, જ્ઞાન જ્ઞેયપ્રમાણ, જ્ઞેય લોકાલોક પ્રમાણ. આતા હૈ કિ નહીં? આત્મા જ્ઞાનપ્રમાણ, જ્ઞાન જ્ઞેયપ્રમાણ, જ્ઞેય લોકાલોક પ્રમાણ. લેકિન યહાં તો કહતે હૈં, ઉસસે ભી અનંતગુની તાકત હૈ. સમજમેં આયા?

કુછ લોગ ઐસા કહતે હૈં, અનંતી તાકત હૈ. લેકિન નિમિત્ત નહીં હૈ તો કહાંસે જાને? ઈસલિયે નિમિત્ત પ્રધાન હો ગયા. દલીલ ભી કૈસી કરતે હૈં. આતા હૈ ન? એક સમયમેં તીન લોક. યહાં તો તીન લોકકે નામ દિયે હૈં. લેકિન તીન લોક ક્યા, લોક્યંતિ ઔર અલોક, સબકા જ્ઞાન એક સમયમેં હોતા હૈ. ઐસા ભાન કરકે ભગવાનકી સ્તુતિ કરના ઉસ વિકલ્પકો શુભભાવ કહતે હૈં. અંતરમેં જ્ઞાયકકે નિશ્ચયસે યથાર્થ સ્તુતિ હુઈ, ઉસકા નામ નિશ્ચય કહતે હૈં. સમજમેં આયા? અભી તો વ્યવહારકી સ્તુતિ માલૂમ નહીં.

**'तित्थयर'**. ભાઈ! એસા કહા. ઓહો..! હે નાથ! આપ ધર્મતીર્થકી પ્રવૃત્તિ કરનેવાલે હો. કહતે હૈં, આપકો કેવલજ્ઞાન તો હૈ. આપ ધર્મતીર્થકી પ્રવૃત્તિ કરતે હો. વાણીમેં ઐસા આતા હૈ કિ સાધુજન, સંતજન અપના તીર્થ નામ તિરનેકા ઉપાય અંદરસે નિકાલતે હૈં. આપ આપકી વાણીમેં તિરનેકા ઉપાય બતાતે હૈં તો સંતજન અથવા સાધકજન અપના તિરનેકા ઉપાય અંદરસે નિકાલતે હૈં. ઐસે ધર્મતીર્થકિ કરનેવાલે હે ભગવાન! આપકી જય હો! સમજમેં આયા?

**'હે ઋષભદેવ ભગવાન!'** પહલી પંક્તિકા (અર્થ) કહા. પ્રથમ પંક્તિકા હૈ ન. દૂસરેકી જય. દોમેં જય (આતા) હૈ. દો જય હૈ ન? પંડિતજી! પહલા જય – **'जय उसह णाहिणंदण, तिहुवणणिलएक्कदीव तित्थयर'** અબ, **'जय सयलजीववच्छल, णिम्मलगुणरयणणिहि णाह।'** હે નાથ! અહો..! **'સમસ્ત જીવોં પર વાત્સલ્યકો**

ધારણ કરનેવાલે...' હો. ભાષા દેખો! કેવલીકો સમસ્ત જીવોં પર વાત્સલ્ય કરનેવાલે (કહા). આદિપુરાણમેં ભી લિયા હૈ કિ ભગવાન તો કરુણાવંત હૈ. સમજમેં આયા? વીતરાગી કરુણા હૈ. એક સમયમેં અકષાય પરિણામ પૂર્ણ હો ગયા, ઉસકા નામ વીતરાગી કરુણા હૈ. આદિ પુરાણમેં જિનસેનસ્વામી ભગવાનકી સ્તુતિ કરતે હૈં, પ્રભુ! આપ તો કરુણાવંત હૈં. કરુણા કરનેવાલે હો. કરુણા ક્યા વિકલ્પ હૈ? સર્વજ્ઞ દશા જિસકી ખ્યાલમેં આયી ઉસકો અંદરમેં 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી'. શ્રીમદ્ રાજચંદ્ર કહતે હૈં, ભાઈ! 'કરુણા હમ પાવત હૈ,..' ભગવાનકો કહતે હૈં, હાં! 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુ ગમકી.' ક્યા અર્થ? કરુણાકા અર્થ. હે નાથ! આપકે જ્ઞાનમેં મૈં વર્તમાનમેં ધર્મ સમજા ઔર પાયા ઐસા જ્ઞાનમેં વર્તતા હૈ, વહી આપકી મેરે ઉપર કરુણા હૈ. આહાહા..! ક્યા કહા સમજમેં આયા? સર્વજ્ઞોંકો કહતે હૈં, 'કરુણા હમ પાવત હૈ તુમકી' ક્યા કરુણાકા રાગ હૈ ઉનકે પાસ? આદિ પુરાણમેં ઉન્હોંને કહા ઔર ૧૦૦૮ નામ હૈ ન, ભાઈ! ૧૦૦૮ ભગવાનકે નામ. કરુણાવંત કહા, દયાવંત કહા, ભગવાનકો દયાસિંધુ કહા. ઐસે ૧૦૦૮ નામ હૈં.

યહાં કહતે હૈં, વાત્સલ્ય ધારણ કરનેવાલે. નાથ! આપકો હમારે પ્રતિ પ્રીતિ હૈ, હાં! રાગ હૈ ઉનકો? ભગવાન! આપકે કેવલજ્ઞાનકી હમેં પ્રતીત હુઈ ઔર હમકો ભાન હુઆ કિ હમ જ્ઞાન આત્મા, ધર્માત્મા હૈ, ઐસી હમારી દશા આપકે જ્ઞાનમેં વર્તમાનમેં ઐસી વર્તતી હૈ કિ યે ધર્માત્મા હૈ. વહી આપકી કરુણા હમારે ઉપર હૈ. આહા..! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. યે તો સંતોંકી સ્તુતિ હૈ. દિગંબર મુનિઓ...

'**जय सयलजीववच्छल**' ભાઈ! યહાં '**सयलजीव**' લિયા, હાં! સકલ જીવ પર વાત્સલ્યતા હૈ. હમારે પર વાત્સલ્ય હુઆ તો હમ જાનતે હૈં કિ સભી જીવ પર આપકા વાત્સલ્યતા હૈ. ક્યા સકલ જીવકી દયા પાલને જાતે હૈં? સમજમેં આયા? વિશ્વપ્રેમ ઉસકો કહતે હૈ, વિશ્વપ્રેમ ઉસકો કહતે હૈં કિ અપને જ્ઞાનકી દશામેં સબ જ્ઞેયે જૈસે હૈં વૈસા જાનના, ઉસકા નામ યથાર્થ વિશ્વપ્રેમ હૈ. વહ કહતે હૈં. સમજમેં આયા? બાહરમેં ઐસા કહતે હૈં, વિશ્વપ્રેમ કરો. વહ વિશ્વકા પ્રેમ હી નહીં હૈ. વહ તો રાગ હૈ. એક સમયમેં ભગવાન તીન કાલ, તીન લોક દેખતે હૈં તો જ્ઞેયકે દો વિભાગ નહીં કરતે હૈ કિ યહ ઠીક હૈ ઔર યહ અઠીક હૈ. બસ, સબકો સમભાવસે અપને જ્ઞાનમેં જાના ઉસકા નામ વિશ્વપ્રેમ કહનેમેં આતા હૈ.

યહાં ભી કહતે હૈં, પ્રભુ! હમારે પ્રતિ આપકા વાત્સલ્ય હૈ. હમારે પ્રતિ નહીં, સકલ જીવ પ્રતિ (વાત્સલ્ય હૈ). '**सयलजीववच्छल**'. ભગવાન! લેકિન નિગોદકે જીવ

પર ભી? પરંતુ હમ કહતે હૈં કિ હમારે ઉપર વાત્સલ્ય હૈ. આપકે જ્ઞાનમેં ઐસા ભાસિત હુઆ કિ હમારી દશા ઐસી હૈ, વહી આપકા હમારે પ્રતિ વાત્સલ્ય હૈ. તો હમ તો જાનતે હૈં. એગં જાણહી સવ્વં જાણહિ. હમારે ઉપર વાત્સલ્ય હૈ, તો સર્વ જીવ પર વાત્સલ્ય હૈ. સમજમેં આયા? યે તો મુનિઓંકી સ્તુતિ હૈ. ઐસે એક-એક શબ્દ નિકાલ દે તો નહીં ચલતા. એક-એક શબ્દમેં અંદર રસ ભરા હૈ.

'**सयलजीववच्छल णिम्मलगुणरयणणिहि**'. હે નાથ! ગુણ શબ્દસે પર્યાયકી બાત હૈ, હાં! ગુણ યાની યહાં ત્રિકાલ દ્રવ્ય-ગુણકી બાત નહીં હૈ. આપ તો નિર્મલ ગુણ કા રત્ન, ઉસકા ખજાના. '**णिम्मलगुणरयणणिहि**' નિધિ. ઓહોહો..! ભક્તોંકો પ્રતીતમેં આયા હૈ. પરમાત્માકી એક સમયકી પર્યાય, ઉસમેં અનંત ગુણ નિધિ પડી હૈ. અનંત ગુણ નિધિ યાની પર્યાય. કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંત આનંદ, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા, અનંત જીવંતતા, અનંત આધાર, ઐસે-ઐસે એક પર્યાયમેં અનંત ગુણ પડે હૈં. વહ આપકી નિધિ હૈ. વહ નિધિ-ખજાના હૈ. પોપટભાઈ! યે આપકે પૈસે ખજાના નહીં હૈ. ધૂલમેં ભી ખજાના નહીં હૈ ઉસકા. મમતા કરતા હૈ કિ મેરા હૈ. ખજાના તેરા હો તો તેરી ચીજ કહાં વહાં હૈ.

ભગવાન! આહા..! ઈતની સત્તાકા સ્વીકાર, એક સમયકી પર્યાયમેં અનંત ગુણકી નિર્મલતાકી સંખ્યાકે બિના ગુણ, અનંત, અનંત અલોક આકાશકે પ્રદેશસે ભી અનંત ગુણકી પર્યાય એક સમયમેં હૈ. અલોક અમાપ આકાશકે પ્રદેશ હૈં, ઉસસે ભી અનંતગુના એક દ્રવ્યમેં ગુણ હૈ.તો જિતને ગુણ હૈ, ઉતની એક સમયમેં પર્યાય હૈ. સમજમેં આયા? આપને ઈસ પર્યાયમેં અનંત ગુણકા ખજાના ખોલ દિયા હૈ, પર્યાયમેં પ્રગટ કિયા હૈ. પ્રગટ કિયા હૈ ઉત્પાદપને, ઐસા કહતે હૈં. સમજમેં આયા? ભગવાન આત્મા અનંત ગુણકા ખજાના, ઉસકા આપ ધ્યાન કરકે પર્યાયમેં અનંત નિધિ પ્રગટ હુઈ હૈ. ઐસે પ્રભુ! આપ નાથ હો. હમારે ભગવાન ઐસે હૈં, ઐસા કહતે હૈં. ઐસે ભગવાનકી હમ સ્તુતિ કરતે હૈં.

'**णाह**' હે નાથ! જય હો! ઐસા લે લેના. હે નાથ! જય હો. દૂસરેમેં લે લેના. પહલી પંક્તિમેં આ ગયા, દૂસરી પંક્તિમેં યે લિયા.

અબ, દૂસરા શ્લોક કહતે હૈં. પ્રભુ! આપ ઐસે હૈં, ઉસકો જો દેખતે હૈં, સ્તવન કરતે હૈં, જપતે હૈં ઔર ધ્યાન કરતે હૈં, ધન્ય હૈ ઉસકો, ઐસા કહતે હૈં.

**सयलसुरसुरमणिउडकिरणकब्बुरियपाटपीढ तुमं।**
**धण्णा पेच्छंति थुणंति जवंति झायंति जिणणाह।।२।।**

આહાહા..! '**सयलसुरसुरमणिउडकिरण**' સબ દેવ લિયે, સબ દેવલોક. સમજમેં

આયા? સમસ્ત સુર ઔર અસુર દેવ. વૈમાનિક ઔર ભવનપતિ ઈત્યાદિ. ઉનકે '**ચિત્ર-વિચિત્ર મણિયોંસે યુક્ત મુકટ...**' ઐસે દેવકો આપ પૂજનીય હૈં. સમજમેં આયા? જિસકે પાસ ઈતની સમૃદ્ધિ ઋદ્ધિ કિ મુકટમેં મણિ રત્ન ભરે હૈં, ઉનકી '**કિરણોંસે કુર્વરિત ચિત્ર-વિચિત્ર હૈ સિંહાસન જિનકા ઐસે હે જિનનાથ!**' સિંહાસનમેં રત્ન હૈ વહ દિખતે હૈં, બહુત પ્રકાશ હૈ તો ઉસમેં દિખતે હૈં, ઐસા કહતે હૈં.

'**જો મનુષ્ય આપકો દેખતે હૈં...**' પહલે સિંહાસનકી બાહ્યકી બાત લી હૈ. પુણ્યકી બાત લી હૈ. ઐસા ભગવાન! આપકા પુણ્ય હી ઈતના હૈ. આપકી પવિત્રતા તો ઈતની હૈ. ઉત્કૃષ્ટ પવિત્રતા ઔર ઉત્કૃષ્ટ પુણ્ય, દોનોં ભગવાનકે પાસ હૈ. દોનોંકા યહાં જ્ઞાન કરવાતે હૈં. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરકે અતિરિક્ત ઐસે પુણ્ય ભી દૂસરેમેં હોતા નહીં. હે નાથ! સ્વર્ગકિ દેવ, અર્ધલોકકે સ્વામી આકર મુકટમેં જિનકે મણિ રત્ન લગે હૈં, વે નમન કરતે હૈં. ઉસકે કિરણ માનોં આપકે સિંહાસનકે પ્રકાશમેં પડા હૈ. '**હે જિનનાથ! જો મનુષ્ય આપકો દેખતે હૈં.**' ઐસા ભગવાન આત્મા અંતર સ્વરૂપકો આપકો જો દેખતે હૈં ઔર '**આપકી સ્તુતિ કરતે હૈં...**' ઉસકા-ગુણકા ગુણગ્રામ.

'**આપકા જપ...**' કરતે હૈં. વિકલ્પસે જપ શુભભાવ હૈ. સ્વરૂપકી એકાગ્રતા નિશ્ચય જપ હૈ. '**ઔર ધ્યાન કરતે હૈં;...**' ભગવાન! આપ કેવલજ્ઞાનમયી પરમાત્મા, ઉસકા અંતર્મુખ ધ્યાન કરતે હૈં, '**વે મનુષ્ય ધન્ય હૈં.**' સમજમેં આયા? ઐસે પરમેશ્વર હૈં, ઉનકી સ્તુતિ, ભક્તિ કરતે હૈં વે ધન્ય હૈં, ઐસા કહતે હૈં. દૂસરા પરમેશ્વર કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર લેકર માન લેતે હૈં કિ કર્તા હૈ ઔર ફર્તા હૈ, ઐસા હૈ નહીં. સમજમેં આયા?

મુમુક્ષુ :- સમજે .. લાભ હોગા ન?

ઉત્તર :- ધૂલમેં લાભ હોગા. ક્યા હોગા? દેવકા ક્યા સ્વરૂપ હૈ, સમજે બિના ક્યા લાભ? સાધારણ શુભ હો તો પુણ્ય બંધ જાયેગા.

... વ્યવહારસે કથન હૈ. નિશ્ચયસે તો વહાં પ્રવચનસારમેં કહા, ભગવાન! અનિષ્ટ તો વિકાર હૈ, ઈષ્ટ તો અપના સ્વભાવ હૈ. 'પ્રવચનસાર'મેં આયા હૈ. આપને અનિષ્ટકા નાશ કિયા હૈ, ઈષ્ટકી પ્રાપ્તિ કી હૈ. પ્રવચનસારમેં શ્લોક ઐસા હૈ. ઈષ્ટ-અનિષ્ટ કોઈ બાહ્ય ચીજ નહીં હૈ. મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષકે પરિણામકો અનિષ્ટ કહતે હૈં ઔર અપના આનંદ સ્વભાવ આદિ અનંત ગુણકો ઈષ્ટ કહતે હૈં. હે નાથ! આપને અનિષ્ટકા તો નાશ કર દિયા હૈ, ઈષ્ટકી પર્યાયમેં પૂર્ણતા પ્રાપ્ત કી હૈ. આહાહા..! તો સાથમેં પીછાન હૈ કિ ઈષ્ટ કિસકો કહના ઔર અનિષ્ટ કિસકો કહના. યે તો પદાર્થ અનિષ્ટ

(માનતા હૈ), તો ઐસા હૈ હી નહીં. આહાહા..! સમજમેં આયા?

કહતે હૈં, હે નાથ! **'ધણ્ણા'** વહ ધન્ય પુરુષ હૈ. આહાહા..! અંતર આપકો પહચાનકર આપકો દેખતે હૈં, ધ્યાન કરતે હૈં, ઉસકી નિર્મલ ધારા તો બહતી હૈ પરંતુ ઉસકે વિકલ્પસે ભી ઐસા પુણ્ય બંધ જાતા હૈ કિ લોકોત્તર પુણ્ય (બંધતા હૈ). અર્થાત્ જો અજ્ઞાન ભૂમિકામેં અનંત કાલમેં કભી પુણ્ય-શુભભાવ ઐસા નહીં આયા, ઐસી જ્ઞાન ભૂમિકામેં સત્ પુણ્ય બંધ જાતા હૈ, ઐસા કહતે હૈં. સત્ પુણ્ય, સત્ પુણ્ય. પુણ્ય ભી સત્. આત્માકે ભાન બિના જો શુભ હૈ, ઉસકો અસત્ પુણ્ય કહતે હૈં. ઔર અપને આત્માકા જ્ઞાયક સ્વભાવકા ભાનપૂર્વકકા જો શુભ વિકલ્પ ઉઠા હૈ, ઉસકો સત્ પુણ્ય કહતે હૈં. સ્વભાવકે સાધન ભૂમિકામેં શુભ આયા ઐસા અનંત કાલમેં નહીં આયા થા. આહાહા..! સમજમેં આયા? ઔર ઉસ પુણ્યમેં ભી ઉસકો જો ફલ આયેગા, શરીરાદિ મિલેગા, ઉસ શરીરકે રજકણકી પર્યાય અનંત કાલમેં નહીં હુઈ થી ઐસી આયેગી. સમજમેં આયા? ક્યા કહા સમજે? સ્વરૂપકા સાધનકી ભૂમિકામેં જો શુભરાગ આયા, વહ ઐસા લોકોત્તર પુણ્ય બાંધેગા કિ ભવિષ્યમેં અનંત કાલમેં કોઈ શરીર નહીં મિલા હો, ઐસી શરીરકી પર્યાય ઐસી હો જાયેગી. આહાહા..! સમજમેં આયા?

'શ્રીમદ્ રાજચંદ્ર'ને પત્રમેં એકબાર લિખા હૈ કિ યે શરીર પૂર્વમેં નહીં મિલા હો, કદાચિત્ કોઈ આરાધક હો, તો ભવિષ્યમેં તો ઐસા મિલેગા હી નહીં. ભવિષ્યમેં તો દૂસરી ચીજ મિલેગી. ઐસા કહકર અપની સાધકદશામેં વિકલ્પ અનંત કાલમેં નહીં હુઆ, ઐસી ભૂમિકામેં આયા હૈ તો ઉસકા ફલ, યહ શરીર મિલા ઐસા નહીં (મિલેગા), દૂસરા શરીર હો જાયેગા. શરીર ભી અપૂર્વ હો જાયેગા. પરમ ઔદારિક કહતે હૈં ન. અથવા પરમ ઔદારિક તો કેવલજ્ઞાન હોતા હૈ તબ હોતા હૈ. તીર્થંકરકો પરમ ઔદારિક શુરૂસે હોતા હૈ. લેકિન યહાં તો કહતે હૈં, સાધક જીવ પહલે યહાં હુઆ, ભવિષ્યમેં એક-દો ભવ કરના પડે તો ઉસકી શરીરકી પર્યાય ભી (અપૂર્વ હોગી). ક્યોંકિ ઉસકી સાધક ભૂમિકામેં જો શુભ રાગ આયા, ઉસકા ફલ-સાધક ભૂમિકામેં જો પુણ્ય બંધા ઉસકા ઉત્કૃષ્ટ ફલ, ઐસી જાતિકા શુભભાવ હૈ કિ જિસકો સત્ પુણ્ય કહતે હૈં. દેહાદિકી સ્થિતિ... કહા ન? રત્નકરંડ શ્રાવકાચારમેં, નહીં? છઃ બોલ. કીર્તિ, યશ.. ક્યા શબ્દ હૈ? સબ બોલા હૈ. યશ મિલતા હૈ, ઐસે છઃ બોલ હૈં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હાં, વહ. યશ આદિ શબ્દ હૈ. છઃ બોલ હૈ. શ્વેતાંબરમેં દસ બોલ હૈં. દસાંગી કહતે હૈં, દસાંગી કહતે હૈં. સમ્યગ્દૃષ્ટિકો શુભભાવમેં ભવિષ્યમેં દસાંગી .. મિલતા હૈ. ઐસા આતા હૈ. રત્નકરંડ શ્રાવકાચારમેં છઃ બોલ લિયે હૈં. સબ શ્લોક

હૈ. સમંતભદ્રાચાર્ય. સમ્યગ્દૃષ્ટિ સાધકજીવ શુભભાવમેં ઐસે ઉત્પન્ન હોગા કિ દુનિયામેં કીર્તિ, પ્રધાન પુરુષ, સુંદર રૂપ, કુટુંબ, કુલ, ઓજસ, તૈજસ ઐસે છઃ બોલ હૈં. કથનકી પદ્ધતિ ઐસી હૈ. ઐસા મિલેગા ઉસકો, ઓજસ શરીરકા ભિન્ન મિલેગા, તેજ દૂસરા હોગા. ઐસે છઃ બોલ હૈ ન? વિદ્યા. વિદ્યા ભી દૂસરી હોગી. ઐસી ચીજ (હૈ). સ્વભાવકા નિમિત્ત સાધન કૈસા મિલતા હૈ, ઉસકી બાત કી હૈ. સમજમેં આયા? યશ મિલેગા. ઓજસ મિલા, તપ મિલા, વિદ્યા ઐસી મિલી. સુંદરતા. ... યશો, યશ ઐસા હોગા. દુનિયાકો મૌજ કરાકર યશ લેતા હૈ ઐસા જશ ઉસકા નહીં હોગા. સેઠ! ક્યા કહતે હૈં, સમજમેં આયા? મૌજ કરાકર યશ લેતે હૈં ન. પાંચ-દસ હજારકા ખર્ચ કરો. મિત્રકો કહે કિ માન પત્ર દો. યહાં તો ભગવાન 'રત્નકરંડ શ્રાવકાચાર'મેં 'સમંતભદ્રાચાર્ય' કહતે હૈં, આરાધક જીવકા પુણ્ય બંધા વહ ઐસી ચીજમેં જાયેગા કિ દુનિયા યશ દેને આયેગી. યશ પ્રાપ્ત કરનેકો ઉસે મંડલમેં કોઈ પ્રેરણા કરની પડે ઐસા હૈ નહીં. આહાહા..!

સમ્યગ્દર્શનકા પ્રભાવ તો જૈસા મનુષ્ય હૈ, .. સૂત્ર કહતે હૈં. ઓજસ, તેજો, વિદ્યા, વીર્ય, યશો વૃદ્ધિ, વિજય વિભવ સનાથા. મહાકુલ, ... યહ સિદ્ધાંત લિયા હૈ. ન્યાય જો વસ્તુકી સ્થિતિ હૈ ઐસા વર્ણન કરતે હૈં. સમજમેં આયા? સમ્યગ્દર્શન કરી પવિત્ર પુરુષ હૈ... જિસને ભગવાન આત્માકી પ્રતીતિ, અનુભવ કિયા ઔર ભગવાનકી સ્તુતિમેં વિકલ્પ ઉઠાયા, ઐસા પુણ્ય બંધ જાયેગા કિ મનુષ્યનીકા તિલક કહિયે, સમસ્ત મનુષ્યકા મંડન કરનેવાલા, સમસ્ત મનુષ્યકો મસ્તક ઉપર ધારણ કરનેયોગ્ય, ઐસા મનુષ્ય હોગા. સમજમેં આયા? મનુષ્યનીકા તિલક હોય. કૈસા હોય? ઓજ, પરાક્રમ, તેજ, પ્રતાપ ઔર વિદ્યા. સમસ્ત લોકમેં અતિશય રૂપ જ્ઞાન ઔર અતિશય રૂપ વીર્ય કહિયે. વીર્યકી સ્ફુરણા દૂસરી હોગી. સમજમેં આયા? સત્ય ઔર ઉજ્જ્વલ યશ વૃદ્ધિ, દિન-દિન પ્રતિ ગુણકી સુખકી વૃદ્ધિ, વિજયકે સમસ્ત પ્રકારકે જિતને રૂપ, ... ઔર તેજ, વિદ્યા, વીર્ય, ... સમસ્ત ગુણનીકા સ્વામી હોય. આહાહા..! સમજમેં આયા?

ભગવાન આત્માકો અનુભવમેં લિયા ઔર બાદમેં ભગવાનકી સ્તુતિ કી તો કહતે હૈં કિ જહાં જન્મ હોગા, વહાં દુનિયાસે લક્ષ્મી નહીં લેની પડેગી. જહાં જન્મ હોગા વહાં આસપાસકે પત્થરમેં નીલમણિ હો જાયેગા. સમજમેં આયા? પત્થર હોતા હૈ ન? પત્થર. ખાનિ. પત્થરમેં આપ પુણ્યવંત પ્રાણી આત્મ આરાધકવાલા પુણ્ય અનંત કાલમેં નહીં બંધા થા. વહ જહાં જન્મ લેગા, વહાં પત્થર સાધારણ હો ઉસમેં નિલમણિ હોગા. લોગ કહેંગે કિ, દેખો! યે મહાપુરુષ કોઈ પુણ્યવંત હૈ કિ જિસને હમારે પાસસે તો લિયા નહીં, કુદરતને ઉસકો લક્ષ્મી પ્રાપ્ત કરવાઈ. સમજમેં આયા?

યા તો આસાપાસમેં દરિયા હો દરિયા, સમુદ્ર, મછલી ઐસી લાખોં, ક્રોડો હો કિ જિસમેં મોતી હો. ધર્માત્માને અપના આરાધન કિયા ઔર ભગવાનકી સ્તુતિસે પુણ્ય બાંધા હૈ તો જહાં જન્મ હોગા વહાં સમીપમેં કોઈ સમુદ્ર હોગા તો લાખોં, ક્રોડો મછલી હોગી કિ ઉસમેં મોતી નિકલેગા. રૈયતકે પાસ ઉસે લેના નહીં પડેગા. ધન્યકુમારજી! યે મુંદિયા વેરા ને ઘર વેરા ને શું કહે છે? ઈન્કમ ટેક્સ ને ઘર વેરા ને પૂંછડા વેરા... વહ સબ પરાધીન પુણ્યવાલા હૈ. ધર્માત્મા, અપના સ્વરૂપ સ્વતંત્ર શુદ્ધકી શ્રદ્ધા-જ્ઞાનકી આરાધના કી હૈ ઔર ભગવાનકી ભક્તિસે પુણ્ય બંધા હૈ તો ઐસે કુલમેં જન્મેગા કિ તિલક કુલમેં (જન્મેગા) ઔર યશ દુનિયા દેગી. ઓહો..! જબસે યે રાજકુમાર આયે હૈં, ધર્માત્મા હોકર આતે હૈં, ઉસ ભવમેં સમકિત પ્રાપ્ત કરે તો ગરીબ ભી હો, ઉસ ભવકી બાત નહીં હૈ. ઐસે તો નારકી ભી સમકિત પ્રાપ્ત કરતા હૈ. વહ નહીં. લેકિન યે તો પ્રાપ્ત કરનેકે બાદ જન્મ હોતા હૈ, ઉસકી બાત હૈ ન. લોગ ઐસા કહે કિ, ઓહો..! હમસે તો લક્ષ્મી લી નહીં, ચંદા કિયા નહીં, રાજકા પુત્ર યા સેઠકા પુત્ર હૈ તો આસપાસમેં જમીન ઐસી હુઈ કિ નીલમણિ હુઆ, નીલમણિ હુઆ. મછલીમેં મોતી હુઆ. ઐસી ચીજ ઔર ઉસકે ઘરમેં આસપાસમેં ઈતના અનાજ પકતા હૈ કિ દુનિયા ઉસકો કહે કિ યે કોઈ પુણ્યવંત પ્રાણી હૈ.

મુમુક્ષુ :- લીંબુમેંસે રત્ન નિકલે.

ઉત્તર :- હાં. લીંબુમેં માણેક હોતા હૈ. પ્રવચનસારમેં હૈ. લાઓ, સબ બતા દેતે હૈં. દેખો! વહી પૃષ્ઠ આયા. ૪૭ નય હૈ ન, ઉસમેં ૩૩વીં નયમેં આયેગા. સબેરે લિયા હૈ ન? ૪૭ નયમેં ૩૩વીં નય. '**આત્મદ્રવ્ય દૈવનયસે...**' દેખો, ૩૩વીં નય હૈ. '**આત્મદ્રવ્ય દૈવનયસે જિસકી સિદ્ધિ અયત્નસાધ્ય હૈ...**' યત્ન બિના સાધ્ય હૈ '**ઐસા હૈ; પુરુષકારવાદી દ્વારા પ્રદત્ત નીંબૂકે વૃક્ષકે ભીતરસે જિસે (બિના યત્નકે, દૈવસે) માણિક પ્રાપ્ત હો જાતા હૈ, ઐસે દૈવવાદીકી ભાંતિ.**' નીંબૂકે વૃક્ષમેં નીબૂમેં માણિક પકતા હૈ. હૈ ન? દેખો! '**दैवनयेन पुरुषकारवादीदत्तमधुकुक्कुटीगर्भलब्धमाणिक्यदैववादिवदयत्न**' દેખો! હૈ ન? સંસ્કૃતમેં હૈ, હાં! ૩૩વીં નય. દેખો! '**लब्धमाणिक्यदैव**'. ભાઈ! વિરજીભાઈ કહતે થે. વિરજીભાઈ અભી ચલ બસે, ૯૩ સાલ. વિરજીભાઈ વકીલ થે તો ચારોં ઓર ગયે થે. એક જગહ ઉન્હોંને નીબૂમેં માણિક થા ઐસા દેખા. બીસ હજારકી કિમતકા. દેખા, ઐસા વિરજીભાઈ કહતે થે. અભી ચલ બસે. ૯૩ સાલ. વકાલતકે લિયે કલકત્તા જાતે થે. વે હમારે પાસ બાત કહતે થે. બીસ હજારકી કિમતકા ઠળિયા પકતા હૈ ન? ઠળિયાકો ક્યા કહતે હૈં? બીજ. બીજકી જગહ માણિક પકા.

યહાં અમૃતચંદ્રાચાર્ય કહતે હૈં, દૈવનયસે પુરુષાર્થસે જૈસે યત્ન કિયે બિના નીબૂમેં માણિક પકતા હૈ. માણિક હોતા હૈ ન અંદર. ઐસે આત્મામેં અપના પુરુષાર્થ અંતરમેં સહજ ચલા તો વહાં દૈવનયસે આત્માકો પુરુષાર્થસે મુક્તિ કહી, ઐસા કહનેમેં આતા હૈ. આહાહા..! સમજમેં આયા? ઉસકા અર્થ બહુત લિખા હૈ. યહાં તો થોડા (લિયા). ૪૭ નયમેં ચલા હૈ.

મુમુક્ષુ :-

ઉત્તર :- હાં, '**મધુકુક્કુટી**'. ઉસકા અર્થ માણિક શબ્દકોષમેં હૈ. ઔર પીછે માણિક હૈ. માણિક હૈ ન મૂલ પાઠમેં? માણિક હૈ ન? હૈ. નીંબૂ હોતા હૈ. ઉસને દૂસરા અર્થ કિયા હૈ. પહલેસે દૂસરા અર્થ કિયા હૈ. શબ્દકોષમેં માણિક અર્થ હૈ. નીંબૂકા વૃક્ષ. નીંબૂકે વૃક્ષમેં વહ હોતા હૈ. યે તો હમારે વિરજીભાઈને પ્રત્યક્ષ દેખા થા. અભી ચલ બસે, ૯૩ સાલકી ઉમ્ર. વિરજીભાઈકો બહુત અભ્યાસ થા. પૂરે કાઠિયાવાડમેં દિગંબર શાસ્ત્રકા સબસે પહલે અભ્યાસ ઉનકા થા. અભી કહા થા ન? ગયે થે. યહાં ઉસકો ડેઢ બજે યાદ કિયા, ડેઢ બજે યાદ કિયા. મહારાજ! બહુત મનન. આત્માકા મનન ઈતના થા, વાંચન-મનન બહુત થા. .. લોગ સમજે નહીં. ઢાઈ બજે કહા, ગુરુદેવ! તબ લોગ સમજે. યહાં તીન બજે મુજે સપના આયા. ઉસી રાત, ઉસી રાતકો. ઢાઈ બજે યાદ કિયા ઔર તીન બજે, આધે ઘંટેકે બાદ યહાં સપના આયા. ઔર મૈંને સુબહ જીવરાજજીકો બાત કી. વિરજીભાઈકા સ્વપ્ન આયા. સબેરે ચાર બજે કહા, યે સપના આયા. નક્કી વિરજીભાઈકી સ્થિતિ અબ અલ્પ હોગી. લંબી નહીં હોગી. મૈંને સ્વપ્નમેં કહા, અરે..! વિરજીભાઈ! તુમ તો સૌધર્મ દેવલોકમેં જાનેવાલે હો. હાં, મૈં સૌધર્મ દેવલોકમેં જો સ્થાન હૈ વહ દેખતા હૂં. ઐસા મુજે સ્વપ્નમેં કહા. હમારા તો બહુત પરિચય થા ન. દૂસરે દિન યહાં સમાચાર આયા કિ વહાં શરીરકી સ્થિતિ બરાબર નહીં થી. તો ઉસકા પૌત્ર રાજકોટ હૈ, વહાં ટેલિફોનસે... ક્યા કહતે હૈં? ટેલિગ્રામસે બુલાયા થા. ઉસ રાતકી બાત હૈ. ફિર તો યહાં ... ઉસકા આયા. મુજે ભી જાનેકા ભાવ હુઆ. જૈસા સ્વપ્ન આયા, નક્કી થોડી સ્થિતિ હૈ. ગયે થે, એક મહિનેમેં દેહ છૂટ ગયા. એક મહિનેકે બાદ દેહ છૂટ ગયા. ઔર સ્વર્ગમેં (ચલે ગયે). બહુત ઊંચી સ્થિતિ. અંદર દૃષ્ટિ ભી બહુત (ઊંચી). સમજમેં આયા?

યહાં કહતે હૈં, હે નાથ! લોકોત્તર ભગવાનકી ભક્તિમેં લૌકિકમેં ભી ઉત્કૃષ્ટતા હોતી હૈ. તીર્થંકર ગોત્રકા ભાવ કિસકો હોતા હૈ? મિથ્યાદૃષ્ટિકો હોતા હૈ? કભી નહીં. વહ દ્રવ્ય હી ઐસા હોતા હૈ. તીર્થંકર દ્રવ્ય, હાં! જબરજસ્તી ખીંચકર લે-લે, તીર્થંકર ગોત્ર બાંધે ઐસા હોતા હી નહીં. ક્યા કહા? ખીંચકર સમજે? ઉસકો ચારિત્ર મોહનીયકે

ઉદયમેં ઐસા ભાવ ઉસકો હી આતા હૈ. દૂસરેકો ઐસા આતા નહીં. વહ દ્રવ્ય હી ઐસા હૈ. અનાદિસે, હાં! ઉસકે ક્રમમેં ચારિત્રગુણ જો હૈ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉસકો આતા હૈ, દૂસરેકો નહીં.

મુમુક્ષુ :- ...કો નહીં.

ઉત્તર :- નહીં. ફિર ભી ઉસકો હેય માનતે હૈં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉસકો હોતા હૈ. બસ, વહ કહના હૈ. ઐસા કોઈ કહે કિ, સોલહ કારણભાવના બનાઓ, ઐસા નહીં હોતા. વસ્તુકી સ્થિતિ હૈ. જો ચારિત્રગુણ હૈ, ચારિત્રગુણકી જો પર્યાય વહ આનેવાલી હૈ, વહ ઉસે-સમ્યગ્દૃષ્ટિકો આતી હૈ. દૂસરા ઐસી પર્યાય ખીચંકર બનાવે ઐસા હોતા હી નહીં. સહજ સ્વરૂપ ઐસા હૈ. ઉસકે ક્રમમેં.. થોડી સૂક્ષ્મ બાત હૈ. દ્રવ્યકા સ્વભાવ હી અનાદિસે હૈ. (ચારિત્ર) ગુણકી પર્યાયમેં ઉસકો હી આતા હૈ. સમજમેં આયા? આહાહા..!

કહતે હૈં, હે નાથ! આપકો જો માનતે હૈં, સ્તુતિ કરતે હૈં, દેખતે હૈં ઉસકો હમ ધન્ય કહતે હૈં. '**धण्णा**' શબ્દ પડા હૈ ન. પોપટભાઈ! યે પૈસેવાલે કો ધન્ય નહીં (કહા). એ.. ધન્યકુમારજી!

મુમુક્ષુ :- આપ તો કહતે હો, કોઈ પૈસેવાલા હૈ હી નહીં.

ઉત્તર :- માનતે હૈં ન, માનતે હૈં. મૈં પૈસેવાલા, વહ નિર્ધન હૈ, વહ ગરીબ, હમ તવંગર હૈ. ધૂલમેં ભી નહીં હૈ, સુન ન! તવંગર કહાંસે આયા? તેરે આત્મામેં ક્યા ચીજ ઘુસ ગઈ હૈ કિ તેરી હો ગઈ? સમજમેં આયા? બહુત તો તેરા પરિણામ હુઆ, વહ તેરા ભાવ હૈ. ઔર વસ્તુમેં તો મમત્વ પરિણામ હૈ હી નહીં.

ઐસા આત્મા જબ ભગવાનકી સ્તુતિ, ભક્તિ, ધ્યાન કરતા હૈ તો કહતે હૈં, '**धण्णा**'. ઐસા કહા ન? દેખો! મુનિરાજ સ્વયં આચાર્ય કહતે હૈં કિ, '**धण्णा**'. ઐસા કહા ન ઉસમેં? દૂસરે પદમેં હૈ. '**धण्णा पेच्छंति**', '**धण्णा थुणंति**', '**धण्णा जवंति**' '**धण्णा झायंति जिणणाह**' ઐસે લે લેના. હે વીતરાગપ્રભુ! આપકા સ્તવન, જપ આદિ કરતા હૈ વહ પુરુષ ધન્ય હૈ. લેકિન ઐસી દૃષ્ટિપૂર્વક જો રાગ આયા, ઉસે ઐસા હો જાતા હૈ. ફિર તો તીસરા શ્લોક હૈ, ઉસમેં નહીં હૈ. આધાર દિયા હૈ. ... ઉસમેં નહીં હૈ. કહાંકા શ્લોક હૈ? લિખા હૈ. યહાંકા નહીં હૈ.

જો મનુષ્ય જિનેન્દ્ર ભગવાનકી ફૂલોંસે પૂજન કરતા હૈ, યહ શ્લોક હૈ, દૂસરેકા હૈ, યહાંકા નહીં હૈ. વહ મનુષ્ય પરભવમેં મંદ હાસ્ય સહિત ઐસી જો દેવાંગના ઉસકે

નેત્રોંસે પૂજિત હોતા હૈ. ભગવાનકા ભાન કરકે જો પૂજા કરતે હૈં, ભક્તિ કરતે હૈં, ઉસકે શુભભાવમેં ક્યા હોતા હૈ? કિ પરભવમેં મંદ હાસ્ય સહિત ઐસી દેવાંગનાકે નેત્રોંસે પૂજિત હોતા હૈ. શુભભાવસે ભગવાનકી પૂજા કી, ઉસકે શુભભાવમેં દેવાંગના મંદ હાસ્ય ઉસકી પૂજા, માન કરતી હૈ. ઐસા ઉસકા ફલ બતાયા હૈ. પુણ્યકા ફલ. સમ્યગ્દૃષ્ટિકા ઐસા પુણ્ય હૈ તો દેવાંગના ભી ઉસકા આદર કરતી હૈ. ઔર મનુષ્ય એક બાર જિનેન્દ્રકો વંદે તો મનુષ્ય રાત-દિન તીનોં લોકમેં વંદનીય હોતા હૈ. બાહ્યકી બાત કરતે હૈં. 'એક બાર વંદે જો કોઈ...'

મુમુક્ષુ :- નરક, પશુ ન હોઈ.

ઉત્તર :- યે આત્મા. સમેદશીખરકો તબ માના હૈ. અનંત બાર જન્મ લિયા હૈ. એક બાર જો વંદે કોઈ, આત્માકે ભાન સહિત શુદ્ધ ચૈતન્યકી દૃષ્ટિ સહિત પરમેશ્વર અનંત બિરાજતે હૈં ઔર વહ તો દૂસરી બાત હૈ, વાસ્તવિક તો ઐસી બાત હૈ કિ અપને સ્વરૂપકી ભાન ઔર દૃષ્ટિ હૈ તો વહાં જાતા હૈ તો ક્યા હોતા હૈ? ઉસ સમય ભગવાન ઉપર બિરાજતે હૈં. જબસે મોક્ષ ગયે હૈં તબસે ઉપર હી હૈ. ઉસ સ્થાન પર હૈ. વહ સ્થાન આગે-પીછે હોતા હી નહીં. જહાંસે દેહ છૂટતા હૈ વહીંસે ભગવાન મોક્ષ પધારતે હૈં. જહાંસે પધારે વહીં બિરાજતે હૈં. ઐસી સ્મૃતિમેં વહ નિમિત્ત હૈ, બસ. વહાં જાતે હૈં તો ઓહો..! જૈસે નેમિનાથ યહાંસે મોક્ષ પધારે તો ઉસી ક્ષેત્રમેં ઉપર હૈ, ઉસી ક્ષેત્રમેં ઉપર હૈ. સમેદશીખર ગયે તો જહાંસે પાર્શ્વનાથ આદિ ગયે, વહીં ઉપર હૈં. સાદિઅનંત વહાં રહેંગે. સમજમેં આયા? ઐસી સ્મૃતિકે લિયે હૈ.

એક પ્રશ્ન હુઆ થા. પહલી બાર સમેદશીખર નિકલે થે ન. વંદન કરનેકો. સર્વપ્રથમ વંદન (કરને ગયે થે), (સંવત) ૨૦૧૩કી સાલ. એક સ્થાનકવાસી થા ઉસને પ્રશ્ન પૂછા કિ, મહારાજ! યે ક્યા? પહલે તો સ્થાનકવાસીમેં થે. પ્રેમ થા, ફિર.. યે ક્યા? ભાઈ! પરમેશ્વર જહાંસે મુક્તિ પધારે ઉસ ક્ષેત્રમેં ઉપર બિરાજતે હૈં. ઉપર પ્રભુ બિરાજતે હૈં. તો વહાં જાકર પરમાત્મા યહાંસે (મોક્ષ ગયે), ઉસકે સ્મરણકે લિયે યહ હૈ. સમજમેં આયા? યાત્રામેં વહ હૈ.

જૈસે પાંડવ યહાંસે મોક્ષ પધારે હૈં, તો ઉસ ક્ષેત્રમેં વહીં (ઉપર) બિરાજતે હૈં. સાદિઅનંત (વહીં કાલ) રહેંગે. સમજમેં આયા? ધન્યકુમારજી! યે શેત્રુંજય. તીન (પાંડવ વહાંસે) મોક્ષ પધારે હૈં. શ્વેતાંબરમેં પાંચ કહતે હૈં, અપનેમેં તીન કહતે હૈં. દોકો થોડા વિકલ્પ આ ગયા ન. વહાં ઉપર હૈ. લોહેકે ગહને પહનાયે. તીનકી તો મુક્તિ હો ગઈ. લેકિન દોકો ઐસા વિકલ્પ ઉત્પન્ન હુઆ કિ અરે..! મુનિકો ક્યા હુઆ? ઐસા વિકલ્પ આયા (ઔર) બંધ પડ ગયા. લેકિન યહાં તો દૂસરા કહના હૈ કિ તીન વહાંસે

મોક્ષ ગયે હૈં, વહાં ઉપર ક્ષેત્રમેં બિરાજતે હૈં. સીધે (ઉપર) બિરાજતે હૈં. (દો પાંડવ) સર્વાર્થસિદ્ધિમેં ચલે ગયે. યે સર્વ અર્થ સિદ્ધ કરકે મોક્ષમેં ચલે ગયે. યે રાગ ઇતના બાકી રહા તો સર્વાર્થસિદ્ધિમેં ગયે. સમજમેં આયા?

કહતે હૈં, હે નાથ! આપકો એક બાર વંદે તો મનુષ્ય રાત-દિન તીનોં લોકમેં વંદનીય હોતા હૈ. એક બાર જિનેન્દ્ર ભગવાનકી સ્તુતિ કરતા હૈ તો પરલોકમેં બડે-બડે ઇન્દ્ર ઉસકી સ્તુતિ કરતે હૈં. પુણ્યકા ઇતના ફલ હૈ. સહજ ઐસા હોતા હૈ. મનુષ્ય એક બાર જિનેન્દ્ર ભગવાનકા ધ્યાન કરતા હૈ, વહ સમસ્ત કર્મોંસે રહિત હો જાતા હૈ. ધ્યાન કરતા હૈ. ભગવાન કેવલજ્ઞાનમયી હૈ, ઐસા મૈં હૂં. '**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं**'

**जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।**

ભગવાન પ્રવચનસારકી ગાથા(મેં કહતે હૈં). (જિસને) એક બાર ભી અરિહંતકે દ્રવ્ય, ગુણ, પર્યાયકો જાના, ઉસને અપને સાથ મિલાયા તો ઉસકા દર્શનમોહ નાશ હો જાતા હૈ. સમજમેં આયા? ઔર બાદમેં દૂસરી ગાથામેં લિયા, જો રાગ-દ્વેષકા નાશ કરતા હૈ વહ વીતરાગ હો જાતા હૈ. ફિર તીસરી ગાથામેં લિયા,

**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा।**
**किच्चा तधोवदेसं णिव्वादा ते णमो तेसिं।।८२।।**

બડી ગાથા હૈ, હાં! ૮૨મેં હૈ. '**सव्वे वि य अरहंता तेण विधाणेण खविदकम्मंसा**' યે એક વિધિ હૈ. ક્યા વિધિ હૈ? જો અરિહંતકા કેવલજ્ઞાન હૈ, અનંતદર્શન પર્યાયમેં હૈ, દ્રવ્ય-ગુણ પડે હૈં, પર્યાય પ્રગટ હુઈ, ઐસા આત્માકે સાથ મિલાન કિયા, અપને આત્મામેં પર્યાયકો ગૌણ કરકે, ગુણકો ગૌણ કરકે, દ્રવ્ય સ્વભાવકી પ્રતીત કી તો કહતે હૈં કિ અરિહંતકો જાનનેસે અપના આત્મા જાનનેમેં લેતા હૈ (તો) '**मोहो खलु जादि तस्स लयं**'. બાદમેં લિયા,

**जीवो ववगदमोहो उवलद्धो तच्चमप्पणो सम्मं।**
**जहदि जदि रागदोसे सो अप्पाणं लहदि सुद्धं।।८१।।**

બાદમેં રાગ-દ્વેષ છોડકર વીતરાગ પર્યાય પ્રગટ હુઈ તો કેવલજ્ઞાન હુઆ. '**सव्वे वि य अरहंता**' ભૂતકાલમેં અરિહંત હુએ, વર્તમાનમેં બિરાજતે હૈં, ભવિષ્યમેં હોંગે '**तेण विधाणेण खविदकम्मंसा**' ઇસ વિધિસે કર્મકા નાશ કિયા હૈ. '**किच्चा तधोवदेसं**' ઐસા ઉપદેશ કિયા. વાણી ઐસી નિકલી. સમજમેં આયા? યે તો (સંવત) ૧૯૭૨કી સાલમેં વિરોધ હુઆ થા. ઐસી વાણી? ભગવાનને દેખા તબ ભવકા નાશ હોગા,

ઐસી વાણી ભગવાનકી હૈ નહીં, કહાંસે લાતે હૈં? ૧૯૭૨કી સાલ, પચાસ વર્ષ હુએ. ભગવાનકી વાણીમેં સર્વજ્ઞ ઔર વીતરાગતા પ્રાપ્ત કરનેકે વાણી હૈ. અલ્પજ્ઞ ઔર રાગકા નાશ કરનેકી વાણી હૈ. સમજમેં આયા?

યહાં ક્યા કહતે હૈં? '**किच्चा तधोवदेसं**'. જૈસા અપના સ્વરૂપ, પરસે હટકર સ્વરૂપકા ભાન કિયા, અરિહંતકી જૈસી પર્યાયકા, ઐસા હી ઉપદેશ દિયા. સમજમેં આયા? ક્યોં? ઉસ વક્ત ભી મૈં તો કહતા થા, જો ભગવાન હૈ, પહલે ભગવાન નહીં થે, વિકલ્પ આયા કિ મૈં પૂર્ણ હૂં, પૂર્ણ હો જાઉં, પૂર્ણ હો જાઉં. વિકલ્પમેં ઐસા બંધ હો જાતા હૈ કિ પૂર્ણ હો જાઉં, ઐસી વાણી સહજ નિકલ જાતી હૈ. સમજમેં આયા? આત્મા અપના અનુભવ દૃષ્ટિમેં સાધકપના પ્રગટ હુઆ. બાદમેં વિકલ્પ આતા હૈ કિ મૈં પૂર્ણ હો જાઉં. કેવલજ્ઞાન. ઉસ વિકલ્પમેં ઐસા બંધ પડ ગયા કિ વાણીમેં ઐસા આતા હૈ કિ આત્મા પૂર્ણ પ્રગટ કરો. અપૂર્ણતા ઔર રાગકા નાશ કરો, ઐસી વાણી નિકલતી હૈ. વાણીકા કર્તા-બર્તા નહીં હૈ. સમજમેં આયા? ઐસા ભગવાનને કહા, '**तधोवदेसं**' ઐસા ઉપદેશ કિયા હૈ. સર્વજ્ઞ પરમાત્મા અનંત તીન કાલમેં હુએ, હોંગે... આચાર્ય કહતે હૈં, '**णिव्वादा**' નિર્વાણ હોગા. ભગવાન આપને જૈસા કહા, ઐસી બાત હમકો જચ ગઈ હૈ. સ્તુતિ કરતે હૈં, (વિશેષ) આયેગા...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



**શ્રાવણ સુદ ૧, ગુરુવાર તા. ૧૮-૮-૧૯૬૬**
**ઋષભજિન સ્તોત્ર, ગાથા-૩ થી ૧૧, પ્રવચન-૪૪**

પદ્મનંદી પંચવિંશતિ. એમાં પદ્મનંદી આચાર્ય ઋષભદેવ ભગવાનની વર્તમાન ભરતક્ષેત્રમાં હયાતીને લક્ષમાં લઈને જાણે ભગવાન સમવસરણમાં બિરાજમાન છે એ રીતે સ્તુતિ કરે છે. સમજાય છે? ભગવાન તો મોક્ષ પધાર્યા છે અત્યારે, પણ વર્તમાન જાણે ભરતક્ષેત્રમાં ભગવાન બિરાજતા હોય સમવસરણ ધર્મ સભામાં એ રીતે એને વિનંતી કરે છે. બે ગાથા સ્તુતિની ગઈ. ત્રીજી ગાથા.

**चम्मच्छिणा वि दिट्ठे तइ तइ लोए ण माइ महहरिसो।**
**णाणच्छिणा उणो जिण ण-याणिमो किं परिप्फुरइ।।३।।**

'**હે ભગવંત! હે જિનેન્દ્ર! યદિ હમ આપ કો ચામ કી આંખ સે ભી...**' ચામડાની આંખથી દેખીએ. પ્રભુ! આપ સર્વજ્ઞ પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન અને અનંત આનંદરૂપનો અનુભવ કરનારા પ્રભુ. કહે છે કે અમે આ વિકલ્પથી આપને દેખીએ તોપણ અમે '**ઈતના ભારી...**' એટલો અમને હરખ થાય છે કે જેના પુણ્ય ત્રણ લોકમાં ન સમાય. આત્માના ભાનસહિતની વાત છે હોં! અહીંયાં. હું આત્મા અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ છું. હું શુદ્ધ આનંદકંદ છું એવી અનુભવ દૃષ્ટિ થઈ છે તે ભગવાનની ભક્તિ પોતે કરે છે. એમાં વિકલ્પ રાગ ઉઠ્યો છે કે હે પરમાત્મા! અમે વિકલ્પથી એટલે ચામડાની આંખથી એ વિકલ્પથી કહેવાય છે, આમ અમે જોઈએ તોપણ અમને શુભરાગમાં એટલું પુણ્ય બંધાય કે એ પુણ્ય ત્રણલોકમાં ન સમાય. લોકોત્તર પુણ્ય કહેવા માગે છે. અજ્ઞાનીને એવું પુણ્ય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

'**णाणच्छिणा उणो जिण ण-याणिमो किं परिप्फुरइ**' પણ આ જ્ઞાન નેત્રથી આપની વીતરાગતા અને આપનું કેવળજ્ઞાન અમે અંતરમાં જોઈએ એટલે પોતાના આત્માને દેખવો જ્ઞાનથી એ જ ભગવાનને દેખ્યું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં જ છે એ. '**णाणच्छिणा**' શું કીધું? જ્ઞાનથી દેખવું એટલે ભગવાનને દેખવા એનો અર્થ એ છે. એ તો આપણે ઘણીવાર કહેવાણું છે. સમયસાર... સમયસારમાં ૩૧ ગાથામાં પૂછ્યું ને શિષ્યે કે મહારાજ! પ્રભુ! કેવળજ્ઞાનીની સ્તુતિ જ્યારે આપ

બહારથી નથી કહેતા તો કેવળજ્ઞાનીની સ્તુતિ કહેવાય કોને? એમ શિષ્યે પ્રશ્ન કર્યો. ૩૦ ગાથા સમયસારની પૂરી થઈને. આપ કેવળજ્ઞાની પરમેશ્વરની સ્તુતિ કોને કહો છો? ત્યારે ભગવાન 'કુંદકુંદાચાર્ય' એનો જવાબ આપતા એમ કહે છે કે ભાઈ! '**जो इंदिये जिणित्ता**' જે કોઈ આ ખંડ ઇન્દ્રિય, ભાવઇન્દ્રિયનો એક સમયનો ખંડ ભાગ છે, આ દ્રવ્યઇન્દ્રિય જડ છે અને વિષયો એના પર છે, એ ત્રણેની રુચિ છોડીને અતીન્દ્રિય જ્ઞાનમય, આનંદમય આત્માને જે અંતર અનુભવે, એને જે અંતરમાં દૃષ્ટિથી શ્રદ્ધા કરીને જ્ઞાનમાં સ્વસંવેદનપણે જાણે એ જીવને અમે કેવળીની સ્તુતિ કરનાર છે એમ કહીએ છીએ. આહાહા..! કહો, સમજાણું આમાં?

સર્વજ્ઞ પરમેશ્વર... પ્રશ્ન એમ કર્યો... સમજાય છે? છે ને સમયસારમાં? કેવળીની સ્તુતિ કોને કહેવી? ત્યારે એનો જવાબ એમ આપ્યો, લ્યો. સમજાણું? '**(તીર્થંકર-કેવળીની) નિશ્ચય સ્તુતિ કહે છે. તેમાં પહેલા જ્ઞેય-જ્ઞાયકના સંકરદોષનો પરિહાર કરી (નિશ્ચય) સ્તુતિ કહે છે :-**' ભગવાનની સ્તુતિ કહે છે ૩૧મી ગાથામાં. પાઠ એવો લીધો.

जो इंदिये जिणित्ता णाणसहावाधियं मुणदि आदं।
तं खलु जिदिंदियं ते भणंति जे णिच्छिदा साहु।।३१।।

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કેવળી કહો કે તીર્થંકર કહો, બધું એક જ છે ને. અહીં ના પાડીને પહેલે માથે. આ સ્તુતિ કીધી ને?

नित्यमविकारसुस्थितसर्वाङ्गमपूर्वसहजलावण्यम्।
अक्षोभमिव समुद्रं जिनेन्द्ररूपं परं जयति।।२६।।

એમ નહિ, એ સ્તુતિ નહિ. સાચી સ્તુતિ બીજી છે. સમજાણું કાંઈ? સાચી સ્તુતિ સર્વજ્ઞ પરમેશ્વરની એમ કહેવામાં આવે છે (કે) ભગવાન આત્મા અતીન્દ્રિય પ્રભુ છે. પછી કહેશે તરત જ કેવળજ્ઞાન લેશે, જુઓ! ચોથી ગાથામાં. ભગવાન અતીન્દ્રિય કેવળજ્ઞાનની મૂર્તિ પરમેશ્વર છે. એને જે અંતરમાં અતીન્દ્રિય આત્માના સ્વભાવની દૃષ્ટિ કરીને અનુભવે એ જ કેવળજ્ઞાનીની સ્તુતિ કરે છે. સ્તુતિ શબ્દે અનંતા ગુણનો પિંડ એને રાગથી અધિકપણે જાણવો અનુભવવો એ જ કેવળજ્ઞાનીની સ્તુતિ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

પ્રભુ! અમે જો આપને જ્ઞાનચક્ષુથી અંદર જોઈ લઈએ તો શું કહીએ? '**ण-याणिमो किं परिप्फुरइ**' ન જાણે ક્યાં અંદરમાં કેટલો આનંદ આવશે. એમ કહે છે. આહાહા..! ચર્મ આંખથી દેખું તો પુણ્ય બંધાય છે. પુણ્ય પણ કેવું? અનંત કાળમાં ન બંધાણું

એવું. કારણ કે આત્માના ભાનના સ્વભાવ સાધકની ભૂમિકામાં જે શુભભાવ ભગવાનની સ્તુતિનો છે એવો ભાવ અનંત કાળમાં આત્મભાનપૂર્વક કોઈ દિ' ન હતો. સમજાણું કાંઈ? તેથી કહ્યું હતું ને કાલે રત્નકંડશ્રાવકાચારમાં, નહિ? ૩૬મી ગાથા. એ સમ્યગ્દૃષ્ટિના પુણ્ય એવા હોય છે કે જ્યાં ઓજ, તેજ, યશ, વૃદ્ધિ બોલ છે ને? કાલે કાઢી હતી ગાથા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ. એ સમ્યગ્દૃષ્ટિના આત્માના ભાનસહિતની ભગવાનની ભક્તિ આદિના શુભભાવ, એનું ફળ ભવિષ્યમાં આવું આવશે. એમ રત્નકરંડ શ્રાવકાચારમાં સાધકનું સત્‌પુણ્ય છે. અજ્ઞાનીનું અસત્‌પુણ્ય છે. એટલે કે એ પુણ્યની પાછળ પવિત્રતાનું એને ભાન છે. તેથી તેને વ્યવહારે, આ નિશ્ચય સત્ છે તેને સત્ કહી દીધું, અને એ પુણ્યના ફળમાં એને સામગ્રી બહારમાં એવી મળશે કે એ નિમિત્તના લક્ષે આત્મજ્ઞાન પામશે એમ નહિ... સમજાય છે કાંઈ? પણ એને સામગ્રી એવી મળશે, ત્રણ લોકના નાથની સમવસરણની જ્યાં હાજરી, જ્યાં વાણીની હાજરી એવી સ્થિતિમાં એનો અવતાર થશે. સમજાણું કાંઈ?

કહે છે, નાથ! અમે આપને જ્ઞાનરૂપથી જો જોઈ લઈએ ચૈતન્યને, એના સ્તુતિના સ્તવનના ફળની શું વાત કહેવી? **'યહ તો હમ કહ નહિ સકતે કી હમકો કિતના આનંદ હોગા?'** કહો, સમજાય છે કાંઈ? એ ત્રીજી ગાથા થઈ.

ચોથી.

**तं जिण णाणमणंतं वसईकयसयलवत्थुवित्थारं।**
**जो थुणइ सो पयासइ समुद्दकहमवडसालूरो।।४।।**

દેખો જુઓ! આવ્યું. તરત જ એ વાત લીધી.

**'હે જિનેન્દ્ર!'** હે પરમેશ્વર! **'જે પુરુષ જેનો અંત નથી એવા સમસ્ત વસ્તુને વિસ્તારના વિષય કરવાવાળા કેવળજ્ઞાનસ્વરૂપ આપની સ્તુતિ કરે છે.'** ભગવાન આપનું જ્ઞાન તો એટલું છે કે જે જ્ઞાનની એક સમયની દશામાં વિસ્તારવાળું જ્ઞાન લોકાલોક જેનો અલોકનો અંત નથી એનું જ્ઞાન પણ આપના જ્ઞાનનો વિષય છે. શું કહ્યું? જે અલોકનો અંત નથી. જીવની આદિ નથી, ભવિષ્યમાં અંત નથી એ બધાનો હે ભગવાન! આપના જ્ઞાને વિષય કર્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનની સ્તુતિ ચાલે છે આ. હે નાથ! આપના જ્ઞાનની એક સમયની, એક સમયની દશા. જેને લોકાલોક અનંત દ્રવ્ય, અનંત ક્ષેત્ર, અનંત કાળ અને અનંત ભાવ જેને એક સમયની જ્ઞાનની સત્તામાં વિષય કરે છે એવું પ્રભુ! આપનું જ્ઞાન છે. એવા

જ્ઞાનની સ્તુતિ પ્રભુ! અમે શું કરીએ? એમ કહે છે. આહાહા..! એટલે કે અમારા વિકલ્પથી કેટલી અમે સ્તુતિ કરી શકીએ? એમ કહે છે. સમજાણું કાંઈ?

સર્વાર્થસિદ્ધિના દેવો ૩૩ સાગર સુધી સ્વાધ્યાય કરે છે. ૩૩ સાગર, હોં! કેટલાક ચૌદ પૂર્વધર છે ત્યાં. આહાહા..! બાર-બાર અંગ ભણીને ચૌદ પૂર્વ (પાઠી) મુનિઓ ગયા છે ને ત્યાં? ત્યાં આગળ ૩૩ સાગર સ્વાધ્યાય કરે છે. છેલ્લે કહે છે કે પ્રભુ! ૩૩ સાગરના વિકલ્પે પાર પડે એવું નથી. એ ૩૩ સાગરના વિકલ્પના સ્વાધ્યાયથી પ્રભુ પાર પડે એવું નથી. અંદર નિર્વિકલ્પપણે સમાઈ જઈશું ત્યારે કેવળજ્ઞાન પામશું. આહાહા..! સમજાણું કાંઈ? એકાવતારી એકભવતારી જીવો છે એને એક જ (કામ) છે. એને ખાવા-પીવાનું કાંઈ (નથી), ૩૩ સાગરે જરી ઈચ્છા થાય તો અમૃત ઝરે. એને બાયડી-છોકરા નથી, રાંધવાનું નથી કાંઈ, વેપાર નથી.

મુમુક્ષુ :- રળવાનું નથી.

ઉત્તર :- રળવાનું નથી.

મુમુક્ષુ :- નભાવીએ તો રળવું પડે ને.

ઉત્તર :- એ એનો રાગ છે. એને તો એ જાતનો રાગ નથી. મહારાગ મંદ કરીને ગયા છે, જુઓને! જ્યાં સ્ત્રીનો સંયોગ જ નથી. એટલો રાગ મંદ કરીને ગયા છે. સ્વરૂપનો અનુભવ તો કર્યો છે, પણ જ્યાં સ્ત્રીનો બાહ્ય સંયોગ જ નથી. મનમાં વિકલ્પ સ્ફુરતો નથી વિષયનો. એ વિષયનો સ્થૂળ (વિકલ્પ). સમજાય છે? અતીન્દ્રિય આનંદના ઓલામાં છે. ભલે વિષય છૂટ્યા નથી એથી એના એ જાતના વિકલ્પ આ સ્ત્રીના, એવો વિકલ્પ એને હોઈ શકતો નથી. એવા પ્રભુ! આપ એક સમયમાં જાણનાર ત્રણ કાળ ત્રણ લોકને. ઓહોહો..! આ તે સ્વીકાર કેટલો?

એક આત્મા, એનો એક જ્ઞાનગુણ, એની એક સમયની પર્યાય. એક સમયની. અનંતને અનંતને અનંતપણે આપે જ્ઞાનમાં વિષય કરી લીધો. સમજાણું કાંઈ? જુઓ! **'सयलवत्थुवित्थारं'** એમ શબ્દ પડ્યો છે. સકળ વસ્તુનો વિસ્તાર. ઓહોહો...! અનંત આત્માઓ સિદ્ધ સંખ્યાથી અનંત આત્માઓ સંસારમાં. એથી અનંત ગુણા પરમાણુઓ. એથી ત્રણ કાળના સમય અનંતગુણા, એનાથી અલોકાકાશના પ્રદેશ ત્રણ કાળના સમય કરતા અનંતગુણા. સમજાય છે કાંઈ? એનાથી અનંતગુણા એક એક દ્રવ્યના ભાવ શક્તિ-ગુણ. એટલી જ એક સમયની અનંતા ગુણની એટલી પર્યાયો. આહાહા..! **'सयलवत्थुवित्थारं'** એ શબ્દ પડ્યો છે. આ તો આચાર્યની સ્તુતિ છે. દિગંબર સંત મુનિ ભાવલિંગી છે. છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલે છે. સમજાય છે કાંઈ? આચાર્ય મહા ભાવલિંગી આનંદ-આનંદના કંદના ઉભરા (આવે છે). જેમ દરિયામાં અંદરના

મધ્યબિંદુમાંથી બાઢ આવે કાંઠે, એમ અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનની (ભરતી આવે છે). કહ્યું હતું ને સવારમાં?

કુંદકુંદાચાર્ય કહે છે કે અમને પ્રચુર સ્વસંવેદન પ્રગટ્યો છે અમારો વૈભવ. મુનિ કોને કહે! આહાહા..! સમજાય છે કાંઈ? એવા પ્રચુર સ્વસંવેદનના આનંદના ભૂમિકામાં પડ્યા મુનિ ભગવાનની સ્તુતિ કરે છે. આહા..! પંચમકાળમાં ભગવાનના વિરહ અને હેઠે ઉતારે છે. હેઠે આવો પ્રભુ! મુક્તિ ગયા એને હેઠે ઉતારે છે. વર્તમાન જેમ ભગવાન આમ બિરાજતા હોય ને એમ પ્રસિદ્ધ વિકલ્પથી કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? વિરહ પડ્યો ભગવાનનો. નથી આવ્યું? કુંદકુંદાચાર્યમાં આવ્યું છે ને? સ્તુતિ. 'રે રે સીમંધર નાથના વિરહ પડ્યા આ..' જગતમાં છે ને? આ ભરતમાં. 'રે રે સીમંધર નાથના વિરહ પડ્યા આ ભરતમાં.' આહાહા..!

કુંદકુંદાચાર્ય જ્યારે એ પોન્નુર હિલ ત્યાં ધ્યાન કરતા હતા. મદ્રાસથી ૮૦ માઈલ પોન્નુર હિલ ટેકરી છે. સોનાની ટેકરી કહે છે એને અંગ્રેજીમાં. પોન્નુર એટલે સોનું. વંદેવાસથી પાંચ માઈલ. સમજાણું? અહીં ગામનું નામ સોનું આવી ગયું કુદરતી. સોનગઢ આવી ગયું નામ. એ ટેકરીમાં ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯ આસપાસમાં ધ્યાન કરતા હતા. ધ્યાનમાં એ યાદ આવ્યા. અરે..! પ્રભુ! તારા વિરહ (છે) અમને. અંદર ચૈતન્યના ભાન છે, આનંદમાં મશગુલ છે. છતાં હજી પૂર્ણાનંદની દશા પ્રાપ્ત નથી (થઈ) તેથી આમ કહે છે, હે નાથ! અમને ભરત ક્ષેત્રમાં, વર્તમાન તીર્થંકરો ભરત ક્ષેત્રમાં તો વિરહ પડ્યા, પણ અમારા અવતાર મહાવિદેહમાં ભગવાન સાક્ષાત્ આમ બિરાજો અને અમારા અવતાર અહીં થઈ ગયા. સમજાય છે? એ ભરતક્ષેત્રના માનવીએ, એ ભરતક્ષેત્રના સંતોએ પવિત્રતાના પિંડમાં પડ્યા, એની પુણ્યની પણ એટલી એકાગ્રતા કે ભરતક્ષેત્રના મનુષ્યને મહાવિદેહની જાત્રા આ દેહે થઈ. આહાહા..! દેહ એ કાંઈ આહારક શરીર નહોતું. એને કાંઈ આહારાક શરીર ને એ કાંઈ નહોતું. ચૌદ પૂર્વવાળાને આહારક હોય, એ લબ્ધિ નહોતી. કેટલાક કહે છે કે ત્યાં ભગવાન પાસે ગયા હતા તો કેવું શરીર હતું? અરે..! શરીર તો આ નું આ હતું સાંભળને હવે. આહારક શરીર ક્યાં હતું, એ તો વિચ્છેદ થઈ ગયું. પણ એટલી પવિત્રતામાં ભગવાનના વિરહમાં એટલો ભાવ અંદર જાગ્યો ધ્યાન કરતાં. સમવસરણને ચિંતવતા હતા મધ્યમાં બિરાજમાન તીર્થંકર પ્રભુ આવા. અરે..! પ્રભુ! તારા વિરહ અમને છે. એવો વિકલ્પ આવ્યો. પ્રભુને વંદન કર્યું અંદર. ભગવાનની વાણી (છૂટી) સત્ધર્મ વૃદ્ધિ અસ્તુ. સમજાણું કાંઈ?

ત્રણ લોકના નાથ અત્યારે બિરાજે છે. તે વખતે હતા એના એ છે. બે હજાર

વર્ષ થયા. ભગવાનનું તો કરોડ પૂર્વનું આયુષ્ય છે. કરોડ પૂર્વ, હોં! શ્વેતાંબરમાં ચોર્યાશી લાખ પૂર્વ કહે છે. આપણે કરોડ પૂર્વ કહે છે. ઋષભદેવ ભગવાનનું ચોર્યાશી લાખ હતું ને એટલે એમ ચોર્યાશી લાખ (કહે છે). પણ કરોડ પૂર્વનું આયુષ્ય છે. પાંચસો ધનુષનો દેહ છે ભગવાનનો. અત્યારે બિરાજમાન (છે), મહાવિદેહક્ષેત્રમાં અત્યારે બિરાજે છે. જ્યાં અંદર વિકલ્પ આવ્યો  વાણી (છૂટી) સત્‌ધર્મ વૃદ્ધિ અસ્તુ. આહાહા..! શું થયું આ સમવસરણમાં? કોણ છે અહીંયાં કે આ સત્‌ધર્મ અવાજ (આવ્યો)? ઇચ્છા વિનાનો અવાજ આવે. ભગવાનને ક્યાં ઇચ્છા છે? ત્યાં તો મુનિ આવે છે. નગ્ન મુનિ અધ્યાત્મની મૂર્તિ! આમ હાજર થાય છે. આહાહા..! આ મુનિ... સત્‌ધર્મ વૃદ્ધિ અસ્તુ (નીકળ્યું). નાનું શરીર. (ત્યાં) પાંચસો ધનુષનો દેહ, અહીં ચાર હાથનું. ચક્રવર્તી પૂછે છે, પ્રભુ! આ કોણ છે?

મુમુક્ષુ :- કૌન સા..

ઉત્તર :- કૌન સા કીડા? વાત સાચી. પતંગ જેવા લાગે. પતંગ જેવા લાગે. આપણે લખ્યું છે આમાં. ઓલામાં નહિ? માનસ્તંભમાં નીચે આમ હાથ કરે છે ચક્રવર્તી. કોણ છે આ? ત્યારે ભગવાનની વાણી ઇચ્છા વિના ૐ ધ્વનિ નીકળે છે. ભગવાનને પૂછનાર કોઈ ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, ઇન્દ્ર જ હોય. સામાન્ય માણસ પૂછી શકે નહિ. કારણ કે એના પુણ્યના ઉદય વિના એવો અવાજ આવે નહિ. પ્રભુ! આ કોણ છે? એ ભરતક્ષેત્રમાં સત્‌ધર્મ વૃદ્ધિ કરનારા આચાર્ય છે. એલાચાર્ય-નાના આચાર્ય. સમજાણું? જેની ભક્તિનો ભાવ હતો ત્યાં પહોંચી ગયા. જુઓને! પુણ્ય કેટલા!

અહીં કહે છે કે નાથ! અહીં પ્રભુ ઋષભદેવના શાસનમાં છે ને પરંપરામાં. કહે છે, પ્રભુ! તારું જ્ઞાન એવું છે (કે) એ સ્તુતિ શું કરીએ અમે? એ કૂવાનો દેડકો એમાં રહે એ સમુદ્રની વાત કરે પેટ ફાડીને. આવડો હશે તારો દરિયો? અરે..! બાપા! તારા પેટ ફૂલે દરિયાના માપ ન આવે. સમજાણું કાંઈ? દરિયાનો એક દેડકો આવ્યો ને ત્યાં ગયો. ઓલો દેડકો એને મળ્યો. ક્યાં રહે છો? ઓલાને કહે. દરિયામાં. દરિયો કેવડો તારો? આમ કહે આટલો? બાપુ! તારા પેટના પહોળાઈએ દરિયાના માપ ન આવે ભાઈ! પછી કૂદ્યો. પેઢલી હોય ને? કૂવાની પેઢલી અંદર. પેઢલી સમજ્યા? પત્થરની. અહીંથી કૂદીને ત્યાં ગયો. એટલો? નહિ. કેટલો તારો દરિયો? શાંત થા. તારા કૂદ્યે એના માપ ન આવે. સમજાણું કાંઈ?

એમ અહીંયાં કેવળજ્ઞાનનો એક સમયનો પર્યાય.. આહાહા..! ત્રણ કાળ ત્રણ લોક એક સમયમાં જાણે. ત્યાં થાશે ત્યારે જાણે એમ નહિ. કેટલાક એમ કહે છે ને કે ભવિષ્યમાં ત્યાં થાય, એવું નિમિત્ત આવે અને કઈ પર્યાય થાય ત્યારે ભગવાન જાણે.

અરે..! અનિશ્ચિત ભગવાનના જ્ઞાનમાં હોય નહિ ત્રણ કાળમાં. આહાહા..! એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક વ્યવસ્થિત બિંબ જેમ પડ્યું છે, જેમ ત્રણ કાળના તીર્થંકરો એક સ્તંભમાં ચીતર્યા હોય અને આમ નજર પડે અને એક સમયમાં છદ્મસ્થ પણ જાણે, એમ ભગવાનના જ્ઞાનમાં ત્રણ કાળ એક સમયમાં ચીતરાઈ ગયા. પોતાની પર્યાયે, હોં! એ ક્યાં આવે છે ત્યાં. એની કાંઈ ઝળક આવતી નથી જડની. આહાહા..! કહો, પોપટભાઈ!

એવી સમુદ્રની મેંઢક કથા વર્ણન કરે એવું છે પ્રભુ. હું તો સ્તુતિ કરું પણ આ દેડકાના ઓલા જેવું થાશે. એમ કરીને નિર્માનતા બતાવે છે. પ્રભુ! દેડકો જેમ કહે... દેડકો કહે? એવી હું સ્તુતિ કરું છું. એટલી નિર્માનતા મુનિ ભગવાનની સ્તુતિ કરવામાં કહે છે.

.. હવે પછી લે છે..

**अम्हारिसाण तुह गोत्तकित्तणेण वि जिणेस संचरइ।**
**आएसं मग्गंती पुरओ हियइच्छिया लच्छी।।५।।**

હે પ્રભુ! '**હે જિનેન્દ્ર! આપના નામના કીર્તનમાત્રથી...**' આપનું નામ તો ઋષભદેવ. ઋષતિ ગચ્છતિ ઈતિ પરમપદં ઈતિ ઋષભ. સમજાય છે કાંઈ? પ્રભુ! આમ ઋષભ જ્યાં શબ્દ આવે છે ને અમને. 'ઋષભતિ ગચ્છતિ ઈતિ પરમપદમ ઈતિ ઋષભઃ' એવું જ્યાં નામ યાદ કરીએ ત્યાં તમારી પૂર્ણાનંદની પર્યાય અમને યાદ આવે છે. એવા આપના નામના વિકલ્પમાત્રથી પણ અમે જ્યાં આપને યાદ કરીએ છીએ. '**गोत्तकित्तणेण वि जिणेस संचरइ**' '**હમ જૈસે મનુષ્યોં સે આજ્ઞા કો માગતી મનોવાંછિત લક્ષ્મી ગમન કરતી હૈ.**' જ્યાં અમે જન્મશું ત્યાં આજ્ઞા માગશે. શું જોઈએ છે? કેમ જોઈએ છે? એટલી લક્ષ્મી અમને જ્યાં તૈયાર થાય. સમજાણું કાંઈ?

ધર્માત્મા આત્માના ભાનવાળા ભગવાનની ભક્તિના વિકલ્પથી એવું પુણ્ય બાંધશે (કે) જ્યાં જશે ત્યાં લક્ષ્મી સામી આવશે, મિત્રો સામા આવશે. જ્યાં જન્મશે તે ગામના પથરા નીલમણિપણે પરિણમશે. આહાહા..! એ ધર્મી જીવ ભગવાનની સ્તુતિ કરતા જ્યાં જન્મશે ત્યાંના દરિયાના માછલામાં લાખો કરોડો મોતી પાકશે. આમ મોઢા આગળ થશે. લક્ષ્મી એ તો ધૂળ આમ મોઢા આગળ થશે. શું જોઈએ? આહાહા..! પ્રભુ! તારા આદર કર્યા છે. અમારા સ્વભાવના આદર કર્યા અને અમે તારા આદર કર્યા. એ આદર અમને કરશે લક્ષ્મી, શું જોવે છે? સમજાણું?

હમણાં કહ્યું હતું ને એકવાર? આ રાજાઓને અત્યારે પૂછડા વેરો ને શું કહે છે

બધા? ઈન્કમ ટેક્સ ને ખોસે છે ને પૈસા લે એવું ન હોય એને. ધર્મી જીવના પુણ્ય એવા હોય કે જ્યાં જન્મે ત્યાં દુનિયા પાસેથી લક્ષ્મી એને લેવી ન પડે. કુદરત જ એવા પાકે ચોસલા નીલમણિના મોતી પાકે, હીરા પાકે કોલસાની ખાણમાં. એ રાજકુમાર આદિ થાય સમકિતી. જ્યાં પૂર્વના પુણ્યને કારણે પુણ્યથી ત્યાં જાય. તો ત્યાં કોલસામાં હીરા પાકે કરોડો. કોલસાની ખાણ જોડે હોય તો હીરા પાકે, પથરાની ખાણ હોય તો ત્યાં નીલમ પાકે. આ દરિયો હોય માછલા કરોડ પાકે મોતીના. આહાહા..! દેખો તો ખરા, પ્રભુ! તારા નામ માત્રમાં આટલું છે અમારે. તારા સ્વભાવનું શું કહેવું? સમજાણું કાંઈ? કહો, નેમિદાસભાઈ! આ પરાણે જલસા ને કરે છે ને? અમારું નામ રાખજો ભાઈ હોં! મિત્રોને બે ભેગા કરે બે-પાંચ હજાર ખર્ચીને. લ્યો, આ અમારા નામની તમે કાંઈ જન્મજયંતિ કરો, જન્મોત્સવ કરો. મૂઢ છો, તારા પુણ્ય જ સારા નથી. એ શેઠી! અમને શેઠાઈ આપો, અમને આચાર્યપદ મળો. મોટા આચાર્યપદ આપો, પદવી ઓઢાડો, પદવી કરો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાં હોળી છે. ઓલો નાનો સાધુ આચાર્ય થઈ જાય તો મોટો કહે કે મને પહેલું આચાર્યપદ દઈ દયો. નહિતર પછી ઓલા નાનાને આચાર્યપદ મળશે તો મારે વંદન કરવું પડશે. આ બધું બને છે. બન્યું છે. ખબર છે કે નહિ?

મુમુક્ષુ :- દિગંબરમાં તો પણ વગર શિષ્યે આચાર્ય થઈ જાય.

ઉત્તર :- અત્યારે દિગંબરમાં તો બધું સમજવા જેવું થઈ ગયું છે. આહાહા..!

અરે..! એ આચાર્યપદ કાંઈ દીધું આવે છે? એ લઈને જ એવી દશા લઈને આવે છે. તેથી આવે છે ને ભાઈ, નહિ? ક્ષયોપશમમાં આવે છે. શ્વેતાંબરમાં આવે છે. ક્ષયોપશમભાવના બોલ આવે છે ને? ત્યાં આચાર્ય પદવી ક્ષયોપશમભાવ એવો લઈને આવે છે. એ જાતની યોગ્યતા લઈને આવે છે. દુનિયા એમ કહે કે ઓહો..! આ અધિક પુરુષ છે. આપણા સમાજમાં અધિક છે. માટે તેને જ આચાર્યપદ દેવું જોઈએ. એવી કુદરતી એની ક્ષયોપશમ દશા અને પુણ્ય જ દુનિયા પાસે પોકારે છે. એ આ ભગવાનની ભક્તિ-સ્તુતિ કરી છે આત્માના ભાનસહિત માટે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

પ્રભુ! અમારા સરખા એમ ભાષા (છે). '**अम्हारिसाण**' અમારા જેવા તો પ્રભુ! આપના નામ યાદ કરેને ત્યાં નામમાં નમવું અને આત્માનું સ્વરૂપ શું છે આપનું એ પણ અમને ધ્વનિ આવી જાય છે. ઋષભ ઋષતિ ઈતિ ગચ્છતિ ઈતિ પરમપદ. આહાહા..! જેણે પોતાના નિર્મળ પદની પ્રાપ્તિ કરી લીધી છે. એવા ભગવાનનું જ્યાં

નામ અમને યાદ આવે છે ને, ત્યાં અમારું હૃદય રોમાંચ થઈ જાય છે. રોમાંચ થઈ જાય છે શરીરના. '**आएसं मग्गंती पुरओ**' જ્યાં જશું ત્યાં અમારે લક્ષ્મી અને પુણ્યનું ફળ સામી આજ્ઞા માગશે. શું જોવે છે? કેટલું જોવે છે? કેમ છે? સમજાણું કાંઈ? એ ભક્તિમાં એટલી શક્તિ છે એમ કહે છે. '**तो साक्षात् आपको प्राप्त कर लेगा.**' એમ અર્થમાં નાખ્યું વિશેષ. સાક્ષાત્ આત્માને અંદર પ્રાપ્ત કેવળજ્ઞાનીની દશાનો અનુભવ થાય એને શું કહેવું? એ પાંચ ગાથાથી સ્તુતિ કરી. હવે ઈતિહાસથી ઉપાડે છે.

હવે ભગવાન સર્વાર્થસિદ્ધિમાં હતા ત્યાંથી ઉપાડે છે વાત. તે ઠેઠ કેવળજ્ઞાન સુધી લઈ જશે. ઋષભદેવ ભગવાન સર્વાર્થસિદ્ધિમાં હતા ત્યાંથી તે લઈને પૃથ્વી ઉપર લાવશે. ભગવાન જન્મશે અને ત્યાંથી પર્વત ઉપર લઈ જશે ત્યાંથી પછી.. ઘણી ગાથાઓ છે. એમ ક્રમે કરીને છેક કેવળજ્ઞાન પામશે, કેવળજ્ઞાનની ધ્વનિ નીકળશે એમાં અન્યમતિઓનું ખંડન થશે. વગેરે વગેરે. ઠેઠ ત્યાંથી ઉપાડીને સ્તુતિ કરે છે હવે. આ પાંચ ગાથામાં સ્તુતિ સામાન્ય રીતે કરી. હવે છઠ્ઠી ગાથામાં.

**जासि सिरी तइ संते तुव अवइण्णम्मि तीए णट्ठाए।**
**संके जणियाणिट्ठा दिट्ठा सव्वट्ठसिद्धी वि।।६।।**

'**હે સર્વજ્ઞ! હે જિનેશ! જે સમયે આપ સર્વાર્થસિદ્ધિમાં બિરાજમાન હતા ત્યારે સર્વાર્થસિદ્ધિની શોભા અતિ શોભિત હતી.**' સધવા જેમ હોય અને શોભે, એમ આપને કારણે સર્વાર્થસિદ્ધિ એ સધવા દશા હતી. આહાહા..! પ્રભુ! એ આપ.. એમાં ભાઈએ લખ્યું છે. ભાવિ તીર્થંકર જ્યાં થયા... એના અર્થમાં. છઠ્ઠી ગાથામાં લખ્યું છે. આમાં લખ્યું છે. છે ને? એ એમ કહે છે, હે નાથ! આપ ભવિષ્યમાં તીર્થંકર થવાવાળા છો. આપ ત્યાં બિરાજમાન સર્વાર્થસિદ્ધમાં જ્યારે હતા ત્યારે આપને લઈને એની શોભા હતી. પણ હે નાથ! આપ નીચે જ્યાં ઉતર્યા (તો) એ વિધવા દશા થઈ ગઈ એની. સમજાણું કાંઈ?

અહીં પણ ભાઈ કહેવાય છે એવું, હોં! બહુ લક્ષ્મીવાળો, આબરૂવાળો શેઠ હોય ને. પાંચ-દસ લાખની આબરૂ હોય .. બાળીને આવે, મરી જાય. ઉજ્જડ લાગે. ઘર ઉજ્જડ. અરે..! આ શિરછત્ર વિના, પૈસા પડ્યા, લક્ષ્મી બધું છે પણ આ જે શોભા અમને એમની હયાતીમાં દેખાતી હતી, પિતાજીની હયાતીમાં દેખાતી હતી. અરે..! આ સુનું લાગે છે. એ ન્યાલભાઈ! અમારે રાયચંદ ગાંધીમાં એમ થયું હતું. રાયચંદ ગાંધી પુણ્યવાળા બહુ હતા, પુણ્યશાળી. બોટાદ. તે દિ' તો પાંચ લાખ ઘણા કહેવાતા ને. હવે તમે બધા ૨૫-૨૫, ૩૦, ૪૦ લાખ થઈ ગયા. આ તો બધા આંકડાવાળા

થઈ ગયા. પણ તે દિ' તો પાંચ લાખ પણ ઘણું કહેવાતું. અને પચાસ હજારની પેદાશ એટલે મોટો શેઠીયો. રાયચંદ શેઠ એના અગિયાર ઓલામાં (કહેવાય). એ જ્યાં ગુજરી ગયા, ત્યારે બાળીને આવ્યા છોકરાઓ. મકાન તો એના એ હતા મેડીઓ. પણ શોભા ન દેખાય. અરે..! અમારા પિતાજીની હયાતી હતી અને આ શોભા (ચાલી ગઈ). પુણ્યશાળીને લઈને એમ લાગે. સમજાણું કાંઈ?

એક તો મોટા ગૃહસ્થ. ગુજરી ગયા પછી બાયું રોવે ને? રોવામાં મૂક્યું હતું. નામ-બામ નથી આપતા, બધું ખ્યાલમાં છે. એક બીજે ઠેકાણે. હે પિતાજી! આપના વિરહ પડ્યા. આ મેડીયું સુની કાળી મશ જેવી લાગે છે. બાયું રોવે, એવી રોવે. ઘણા ઢોંગ હોય ને રોવાના. એ.. ન્યાલભાઈ! આ જે મેડી આપની હયાતીમાં દેખાતા એવા દેખાતા નથી. પુણ્યશાળી પુરુષ હોય ને. એમ અહીંયાં કહે છે કે હે નાથ! આપ જ્યારે ત્યાં બિરાજતા હતા ત્યારે..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઉઘાડ જ્ઞાની વધારે હોય. પણ આ તો અત્યારે પુણ્યની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

**'જિસ સમય આપ સર્વાર્થસિદ્ધિ વિમાનમાં થે, ઉસ સમય ઉસ વિમાનકી જૈસી શોભા થી, વહ આપ કે ઈસ પૃથ્વીતલ પર ઉતરનેકે બાદ આપકે વિયોગ સે ઉત્પન્ન હુએ દુઃખ સે નષ્ટ હો ગઈ. મૈં ગ્રંથકાર ઐસા અનુમાન કરતા હૂં.'** શંકા કરું છું. અલંકાર કરે છે. પ્રભુ! આપને લઈને ત્યાં શોભા હતી. એ વસ્તુની શોભા નહિ. આપ સાધક હતા. ભાવિ તીર્થંકર થવાના હતા. આપને લઈને સર્વાર્થસિદ્ધિની શોભા (હતી). ગુણગ્રામનું લક્ષ છે એનું. સમજાણું કાંઈ? આહાહા..! આગળ તો સ્તુતિ કરશે હજી.

પ્રભુ! આ ચંદ્રમામાં જે આ હરણ દેખાય છે ને. પ્રભુ! એ હરણ શું છે? કે એ ત્યાંના ઈન્દ્ર અને ઈન્દ્રાણી સ્વર્ગમાં સુધર્મ દેવલોકમાં ઈન્દ્ર-ઈન્દ્રાણી આપના ગુણગાન કરે છે એ હરણીયા ઉડીને ત્યાં નજીક સાંભળવા ગયા છે. હરણ સમજ્યાને? મૃગ-મૃગ. એ તો ભક્તોને જ્યાં હોય ત્યાં ભગવાન જ ભાળે છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? આ યાદ કરવાની...

હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખું, મારું જીવ્યું સફળ તવ લેખું.
હરતા ફરતા પ્રભુ પ્રગટ દેખું.

જ્યાં હોય ત્યાં પ્રભુ યાદ કરે. આ ઠેકાણે પ્રભુ હતા... આ ઠેકાણે પ્રભુ હતા... આ ઠેકાણે પ્રભુ હતા. એય..! આ રોવે ત્યારે નથી રોતા? અરે..! આ દીકરો અહીં

બેઠો હતો, અહીં બેસતા હતા. દાંતણ અહીં કરતા હતા. કહેતા ને ભાઈ, ચંદુભાઈ. અધિકારી. એના બાપ સાધારણ હતા. આ તો મોટા અધિકારી હતા. પણ પિતાજીનું એટલું માન એને. ગોંડલના આખા કેળવણી અધિકારી. બંગલા મોટા ઘણા. ત્યારે એમ યાદ કરતા. અમારા પિતાજી અહીં માળા ગણતા. અહીં દાંતણ કરતા. એમ કરીને યાદ કરે. સમજાણું કાંઈ?

એમ સર્વજ્ઞ પરમેશ્વરના પ્રેમવાળા પ્રેમવાળા ભક્તો.. સર્વાર્થસિદ્ધિની યાદ આવે કે ભગવાન ત્યાંથી આવે છે (તો કહે છે), પણ પ્રભુ! આપને લઈને ત્યાં શોભા હતી. આહાહા..! આપના ધર્મના સાધકની દશાને લઈને એ શોભા હતી. એની શોભા ક્યાં હતી. જુઓ! **'संके जणियाणिट्ठा दिट्ठा'** આપ જ્યારે ઉપરથી નીચે આવ્યા, ત્યાંથી ઉપાડી છે વાત. **'जणियाणिट्ठा दिट्ठा'** ભગવાન! એ સર્વાર્થસિદ્ધિની શોભા ગઈ. શોભા તો આત્માના સાધકપણાના આનંદની આપ બિરાજતા હતા ત્યારે શોભા લાગતી હતી. સમજાણું કાંઈ? એ નિશ્ચય સ્વભાવનું સાધકપણું (હોય) ત્યાં રાગની વ્યવહારતા શોભે, નહિતર શોભે નહિ. એમ કહે છે. આહાહા..!

એણે ઘણું લખ્યું. **'ઉસ સમય ઉસ વિમાન કી બડી શોભા થી. કિન્તુ જબ આપ ઈસ પૃથ્વીતલ પર ઉતર કર આ ગયે, તબ ઉસ વિમાનકી વૈસી શોભા નહીં રહી.'** ઓલામાં ભાઈએ સધવા ને વિધવા લખ્યું છે. લખ્યું છે કે નહિ એમાં કંઈ? છે, એમાં લખ્યું છે. સર્વાર્થસિદ્ધિની દશા વિધવા થઈ ગઈ, એમ લખ્યું છે. આહાહા..! પરમેશ્વર દશા આત્માની, એક સમયમાં અનંત આનંદનો અનુભવ, અનંત કેવળજ્ઞાન એ થવાના કાળે થશે પણ એ પહેલા જ્યાં જતા સર્વાર્થસિદ્ધિમાં પ્રભુ! એ તમારા દશાના સાધકપણાના ધર્મને લઈને એ શોભા હતી. ધર્મને લઈને એ શોભા હતી. સમજાણું કાંઈ? ધર્મની મહિમા છે, પુણ્યના ફળની મહિમા નથી. એમ કહે છે. જુઓ! આ સ્તુતિ. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ન આવ્યું?

**जासि सिरी तइ संते तुव अवइण्णम्मि तीए णट्ठाए।**
**संके जणियाणिट्ठा दिट्ठा सव्वट्ठसिद्धी वि।।६।।**

પોકાર કરે છે ને અંદરથી, જુઓને! આચાર્ય પોતે પોકાર કરે છે. છે ને **'सिरी'** ભાઈ, જુઓ! **'जासि सिरी तइ संते'** .. તમારી હયાતીમાં જે ત્યાં લક્ષ્મીની શોભા સર્વાર્થસિદ્ધિની હતી, **'संते तुव अवइण्णम्मि'** નીચે ઉતરતા એ બધી લક્ષ્મીની શોભા હે નાથ! નષ્ટ થઈ ગઈ છે. ત્યાંની દશા વિધવા થઈ ગઈ છે. આપ હતા માટે સધવા

હતી. આહાહા..! એ... ન્યાલભાઈ! નથી કહેતા? અમારા શિરછત્ર ગયા. છોકરા રોવે, હોં! એય..! અમારા પૂછવાના સ્થાન (ગયા). અમારા શિરછત્ર હતા અમારા પિતા. પૂછવાના સ્થાન હતા. ક્યાં પૂછશું અમે?

ઋષભદેવ ભગવાન જ્યારે મોક્ષ પધારે છે અષ્ટાપદ પર્વત ઉપર, ત્યારે એ ભરત આવે છે, ઈન્દ્ર આવે છે ઉપરથી. ભરત રોવે છે. સમકિતી છે. ખબર છે કે આ ભવમાં મારે કેવળજ્ઞાન છે. આમ દેખે છે ને આંસુની ધારા (વહે છે). ઈન્દ્ર કહે છે કે ભરત! ભાઈ! તારી તો મુક્તિ મારા પહેલા છે ને. ઈન્દ્ર કહે છે કે મારે તો હજી મનુષ્યનો એક અવતાર ધારણ કરવાનો બાકી છે. પ્રભુ કહી ગયા છે અને તમને ખબર છે. આ ભવમાં તમારે દેહ છેલ્લો અને કેવળજ્ઞાન છે. શું કરવા રોવો છો?

ઈન્દ્ર! મારા પ્રભુનો ભરતક્ષેત્રમાંથી સૂર્ય અસ્ત થઈ ગયો. મારા પ્રભુનો (સૂર્ય) ભરતક્ષેત્રમાં (અસ્ત થઈ ગયો). આ સૂર્ય તો ઊગે ને આથમે હરએક વખતે. મારા નાથ કેવળજ્ઞાનનો વિરહ પડ્યો. હું હવે ક્યારે પૂછીશ ક્યાં? આહાહા..! સમજાણું કાંઈ? ઈન્દ્ર! મને ખબર છે બધી. મારો દેહ છેલ્લો છે. હું કેવળ પામીને ચરમશરીરી છું, મને ખબર છે. પણ અત્યારે મારા પરમેશ્વર આ ભરતક્ષેત્રમાં બિરાજતા સૂર્ય કેવળજ્ઞાન સૂર્ય (હતા). પ્રભુ અમારા સૂર્ય અત્યારે અસ્ત થઈ ગયા. એનું અમને રુદન આવે છે. વિકલ્પ પ્રચુર રાગ ભક્તિ છે ને? સમજાણું કાંઈ? કેવળજ્ઞાન લેવાની એટલી ઉગ્રતા છે કે આ કેવળજ્ઞાનીના વિરહ પડ્યા ત્યાં રોવે છે અંદરથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં એ બધું ભર્યું છે. એય..! નેમિદાસભાઈ! થોડું લખ્યું ઘણું કરીને જાણજો. નથી લખતા તમે? આમાં થોડામાં બધું ભર્યું છે.

હવે કહે છે, હે નાથ! આપ જ્યારે નીચે ઉતર્યાને, આ પૃથ્વી ઉપર આવ્યાને, ત્યારે આ વસુમતિ થઈ. કારણ કે આપના જન્મ પહેલા અહીંયાં નવ મહિના સુધી રત્નની વૃષ્ટિ વરસી. ભગવાન! આપ અહીંયાં આવ્યા તો આની શોભા થઈ. જુઓ! હવે ઉપરથી હેઠે ઉતાર્યા. આહાહા..! લોકો પણ નથી કહેતા લગન આદિ એવું હોય તો? આપને આવ્યેથી મંડપની શોભા વધશે. લખો છો કે નહિ? એય..! જમાઈ હોય કે એવો આવતો હોય પરદેશથી. ન આવી શકે, પંદર વર્ષથી બહાર આફ્રિકામાં હોય અને છેલ્લા પહેલા લગન હોય સાળાના. તમારે આવ્યે શોભા વધશે. અમારે છેલ્લું પહેલું આ જ છે. માટે તમે મંડપની શોભામાં વધારો કરશો. એય..! ચંદુભાઈ! લખે છે કે નહિ? એ માયાવી આવું લખે છે.

આ તો પ્રભુ! તારા વિરહ અમને પડ્યા. એ સર્વાર્થસિદ્ધિને વિરહ પડ્યા. અહીંયાં

જ્યારે આવ્યા ત્યારે પૃથ્વીની શોભા ભગવાન અહીં અવતર્યા તો એને લઈને વસુમતિ કહેવાણી. નહિતર પૃથ્વી કહેવાતી હતી.

**णाहिधरे वसुहारावडणं जं सुइरमिहं तुहोयरणा।**
**आसि णहाहि जिणेसर तेण धरा वसुमई जाया।।७।।**

આહાહા..! '**હે જિનેશ્વર! જે સમયે આપ પૃથ્વી ઉપર ઉતર્યા હતા.**' એ સમયે અમે તો આપની દશા આમ જોઈએ છીએ, હોં! '**તે સમયે નાભિ રાજાના ઘરમાં ઘણા કાળ સુધી વર્ષા થઈ.**' આકાશના રજકણો રતન થઈને પડે. સમજાણું કાંઈ? મહા ભાવિ તીર્થંકરને આ જ ભવમાં કેવળજ્ઞાન લેવાનું છે. એટલે ત્યાં જન્મે છે એના પહેલા આકાશના સ્કંધો હોય, ત્યાં પરમાણુઓ રતનની પર્યાય થઈને ઢગલા પડે હેઠે. એ કાંઈ ઈન્દ્રો બહારથી નથી લાવતા. કો'કની ખાણમાંથી નથી ઉપાડીને લાવતા. સમજાણું કાંઈ? એ તો ત્યાં જ આમ કરે ત્યાં ઢગલા રતનના. ત્યાં ક્યાં હતું એની પાસે. સમજાણું કાંઈ?

અરે..! આખી દુનિયા ત્યાં પ્રસન્ન થઈ. ભગવાનનો અવતાર! આહા..! રતનના રજકણો. રજકણો જે હોય તે રતનરૂપે થઈને ઢગલા પડે. એક બે ઘડી તો આખા દુનિયામાં નારકીને પણ જરીક સુખ થાય. સમજાણું કાંઈ? આહા..! કહે છે કે '**નાભિ રાજા કે ઘરમેં બહુત કાલ તક આકાશસે ધનવર્ષા હુઈ થી...**' નવ મહિના આવે છે ને? '**આકાશસે હુઈ થી.**' દેખો! ત્યાં છે ને? દાનના અધિકારમાં એ છે વાત. પાનું ૧૭૨ ત્યાં પણ લીધું. ગાથા-૩ દાન અધિકારમાં છે. સમજાણું? પાનું-૧૧૨. ૧૧૨ છે ને? ૧૧૨માં ત્યાં ક્યાંક છે. લખ્યું છે. ગાથા-૩ જુઓ! ત્રીજી ગાથા લીધી છે ને? ત્રીજી હોં. ત્રીજી-ત્રીજી. ત્યાં પણ આવ્યું છે.

**श्रेयान् नृपो जयति यस्य गृहे तदा खादेकाद्यमुनिपुंगवपारणायाम्।**
**सा रत्नवृष्टिरभवज्जगदेकचित्रहेतुर्यया वसुमतीत्वमिता धरित्री।।३।।**

શ્રેયાંસ ભગવાનને ઘરે ભગવાન જ્યારે આહાર લેવા આવે છે ત્યારે કહે છે કે રાજા! સદા જયવંત રહો. શ્રેયાંસ રાજાના ઘરમાં ત્રણ લોકના નાથ વંદનિક પારણા સમયે ત્યાં પધારે છે. આકાશમાં રત્નોની વર્ષા થાય છે. દેખો! '**કિ જિસ વર્ષા સે યહ પૃથ્વી સાક્ષાત્ વસુમતિ નામ કો ધારણ કરે.**' સમજાણું કાંઈ? લોકોત્તર આત્માના ભાનની ભૂમિકામાં બંધાયેલા પુણ્યના ફળની ભક્તિની વ્યાખ્યા કરે છે. આહાહા..!

અનંત કાળમાં જે કાંઈ શુભભાવ થયા એ તો લૌકિક શુભ હતું. આ તો લોકોત્તર. આત્માના બહુમાનમાં અંતર આનંદના કંદની એકાગ્ર દૃષ્ટિમાં અપૂર્ણતા છે ને જ્યાં

ભક્તિનો વિકલ્પ અને સ્તુતિ આવે છે (તો) કહે છે કે અમારી દશા પણ જેમ અપૂર્વ છે, એ પુણ્યના ફળ પણ બીજા અનંત કાળમાં નહિ થયેલા અપૂર્વ છે. આહાહા..! એનો નિશ્ચય અપૂર્વ છે તો એનો વ્યવહાર પણ અપૂર્વ છે. સમજાણું કાંઈ? આ દાનની વાત હતી.

વસુમતિ ત્યારે કહેવાણી, પ્રભુ! નહિતર કોણ વસુમતિ એને કહે. પંદર માસ સુધી રત્નોની વૃષ્ટિ થઈ. આહાહા..! છ મહિના તો ભગવાન આવ્યા પહેલાં અને નવ મહિના પછી. જુઓ! યાદ કરે છે. આ ઈતિહાસ યાદ કરે છે ગુણની સ્મૃતિનો. સર્વાર્થસિદ્ધિથી ઉપાડ્યું છે. સમજાણું કાંઈ? **'કિંતુ પહલે ઉસકા નામ વસુમતિ નહીં થા.'** હે નાથ! આપની શોભાને લઈને આ પૃથ્વી શોભે છે, હોં!

હવે એની માતાનું કહે છે.

**स च्चिय सुरणवियपया मरुएवी पहु ठिओ सि जंगब्भे।**
**पुरओ पट्ठो बज्झइ पज्झे से पुत्तवंतीणं।।८।।**

**'હે ભગવાન્! આપ મરુદેવી માતા કે ગર્ભ મેં સ્થિત હુએ થે...'** જ્યારે મરુદેવી માતાના ગર્ભમાં હતા. ત્રણ જ્ઞાનના ધણી હતા, ક્ષાયિક સમકિતી હતા. **'મરૂદેવી માતા ઈન્દ્રાણી તથા દેવોંસે નમસ્કાર યોગ્ય હુઈ થી.'** આહાહા..! સમજાણું? એ માતાની શોભા ભગવાન, આપ આવ્યા એટલે વધી ગઈ. ... પહેલા તો એવું આવે છે. ઈન્દ્ર આવે છે ને. 'પુત્ર તમારો ધણી અમારો.' પુત્ર તમારો ધણી હમારો. નમસ્કાર હો. તીર્થંકરને રતનને ઉદરમાં રાખનારી એ રતનકુખ ધરનારી, રતનને કુંખમાં રાખનારી માતા તને પહેલો નમસ્કાર. આહાહા..! રતનકુખ ધારિણી. પહેલો નમસ્કાર. અને આ પુત્ર થશે. 'પુત્ર તમારો ધણી હમારો.' પછી શું શબ્દ છે ભૂલી ગયા.

તરણતારણ જહાજ રે. માતા જતન કરીને રાખજો એને,
તુજ પુત્ર અમ આધાર રે.

ઈન્દ્ર આવીને કહે છે, હે માતા! રતનકુંખની ધરનારી જનેતા! તારો પુત્ર છે પણ અમારો તો ધણી છે, હોં! અમારો તો ગુરુ છે. જુઓ! સમજાણું કાંઈ? 'માતા જતન કરીને રાખજો એને, તમ પુત્ર અમ આધાર રે.' હે જનેતા! રતનકુખની ધરનારી, એનું ધ્યાન રાખજો, હોં! પછી તો દેવો મૂકે છે. દેવો પણ મૂકે છે એની સંભાળ માટે. દેવો લાવે છે ને ઉપરથી. વસ્ત્ર, ભોજન ઉપરથી લાવે છે. એ બધા અલૌકિક આત્મસાધનની ભૂમિકામાં બાંધેલા પુણ્યના ફળ છે એમ અહીંયાં બતાવે છે. સમજાણું કાંઈ?

હે નાથ! જ્યારે એ મરૂદેવી માતાને ઈન્દ્રાણી અને દેવો નમસ્કાર કરતા હતા

એવી થતી થકી. જેના ચરણમાં ઈન્દ્રો નમે. એ આપને પ્રતાપે છે. સ્ત્રીનો જીવ એવો હોય છે ને. બે છીપનું મોતી. ભગવાન જે જન્મે એ તો બે છીપ એવા હોય કે બેય મોક્ષગામી હોય. આ સ્ત્રી છે એટલે એકાદ-બે ભવ કરવા પડે પણ મોક્ષગામી હોય. અભવિ ન હોય અને ભવિ અનંત સંસારવાળો એની માતાનો જીવ ન હોય. આહાહા..! એ આને લઈને નહિ, હોં! એવી એની યોગ્યતા માતાની છે. માતાની એવી યોગ્યતા છે અને પિતાની એવી લાયકાત છે કે ત્યાં ઓલો જીવ આવે, એમ કહે છે. મોતી પાકે ત્યાં બેય છીપ એવા ઉંચે અને નીચેના છીપ હોય ને બે? મોતી પાકેને લાખનું, ઉપલું ને હેઠલું બેય ઊંચા હોય છે. એમ આવા ત્રણ લોકના નાથ જે મોતીએ પાકે એની મા અને બાપ બે છીપના મોતી, બે છીપું બહુ ઊંચી હોય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કહે છે.

આપને તો પટ મળ્યો, પ્રભુ! કહે છે. સમજાય છે? પુત્રને પેદા કરનારી સ્ત્રી તો ઘણી હતી પણ આણે પ્રસવ ભગવાનને આપ્યો એ માતાને પટ બંધ થઈ ગયો. હવે અલ્પ કાળમાં એ મુક્તિ પામશે. એ તો એની યોગ્યાતથી, હોં! ભગવાન આવ્યા માટે નહિ. અહીં તો નિમિત્ત નૈમિત્તિક સંબંધની વાત છે. ત્યાં કહ્યું ને? ભક્તામરમાં નથી કહ્યું?

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रा-
न्नान्या सुतं त्वदुपमं जननी प्रसूता।
सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं
प्राच्येव दिग्जनवति स्कुरदंशुजालम्।।२२।।

બીજી દિશાઓ છે પણ સૂર્યનો જન્મ આપનારી પૂર્વ દિશા તે શોભાને પામે છે. એમ ઘણા પુત્રને જન્મનારી સ્ત્રીઓ છે, પણ નાથ! તારો જન્મ જેણે આપ્યો એ માતાને પણ ધન્ય છે. સમજાણું કાંઈ? ઓલા સ્વભાવના ભાનને લઈને બધું ધન્ય છે, હોં! એમ કહે છે. આત્માના આરાધકપણા લઈને આવ્યા છે અને એ ભવમાં કેવળ પામવાના છે. ભાવિ તીર્થંકર છે. ત્યાંથી ઉપાડ્યું સર્વાર્થસિદ્ધિથી. સમજાણું કાંઈ? હવે માતા આવ્યા અને પછી થયો જન્મ. માતાને ઉદર આવ્યા, હવે થયો જન્મ. હવે આવે છે ઈન્દ્ર જોવા. એને ઉપાડે છે. નીચે આવે છે ને.

अंकत्थे तइ दिट्ठे जंतेण सुरायलं सुरिंदेण।
अणिमेसत्तबहुत्तं सयलं णयणाण पडिवण्णं।।९।।

'**હે જિનેન્દ્ર!**' હે પ્રભુ! '**જિસ સમય ઈન્દ્ર આપકો લેકર મેરુ પર્વતકી ઓર ચલા થા...**' જ્યારે આપને ગોદમાં લઈને મેરુ પર્વત ઉપર ઈન્દ્ર જાય છે

ત્યારે '**ગોદમેં બૈઠે હુએ દેખા થા; ઉસ સમય ઉસકે નેત્રોંકા..**' હજાર નેત્ર કરવા પડ્યા જોવામાં. જુઓ! એના પુણ્યનું ફળ શરીર પણ એવું હોય. તત્કાલિક જન્મ્યા ને માથે હજાર હજાર પાણી મોટા ઘડા નાખે તો મરી જાય બીજું તો. પંડિતજી! તરત જન્મેલા બાળકને મેરુ પર્વત ઉપર (લઈ જાય). પાણીનો કેટલો મોટો કળશ હોય છે. સાત ગજનો લાંબો, બે ગજનો પહોળો બધું લાંબુ હોય છે મોટું માપ. એવા ૧૦૦૮. મરી જાય બીજો. કહે છે, આ તો અમરપણું લઈને આવ્યા છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૧૦૦૮. ક્ષીર સમુદ્રમાંથી આમ દેવ-દેવીની હાર થાય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પાણી તો જેમ છે એમ છે. પણ આમાં પવિત્રતાના આરાધકમાં બંધાયેલા પુણ્ય, એવું શરીર જેની યોગ્યતાવાળું છે. એટલા એટલા ૧૦૦૮ ઘડા પડે તો કાંઈ છે નહિ. આમ બેઠા હોય. ઈન્દ્ર ગોદમાં લે. લઈને પછી ત્યાં બેસાડે હેઠે.

પ્રભુ! જ્યારે ઈન્દ્રે ગોદમાં લીધેલા. ત્યારે એના નેત્રના પલકરહિતપણા. મનુષ્યોને આમ આમ થાય પલક. ઈન્દ્રોને ન થાય. કેમ? કે એ તો આપની એવી દેખવાની સ્થિતિ હતી ને તો પલક મારતી નથી આંખ. એ દેવને આવી દશા હોય છે, કહે છે. આપને દેખવાની આંખ એ આંખમાં હજાર નેત્રથી આમ ને આમ દેખે. એનું સફળપણું આપને દેખવાથી થયું છે. સમજાણું કાંઈ? અહીં દુનિયામાં નથી કહેતા? અમારા હૈયાનો હાર, મારો દીકરો આમ, નથી કહેતા? વાતું કરે છે. આહાહા..! રાગના માર્યા. અહીં તો વીતરાગની દૃષ્ટિ ને શ્રદ્ધાને જ્ઞાનથી ભક્તિ કરે છે. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! એનું નિમેષ પલકરહિતપણું તો સફળ થઈ ગયું. દેવોની આંખ આમ મટકુ મારતા નથી એનું સફળપણું આપને દેખવાને લઈને થયું. ..લાલજી! નહિતર એને આંખ આમ ન હોય. એ આપનું સુંદર રૂપ... અંદરની દૃષ્ટિનું ભાન છે એને અને આપના સુંદર શરીર કે છેલ્લું ચરમશરીર છે, એના રૂપની સુંદરતા નમણાઈ, એક એક અવયવોની નમણાઈ એવી હોય છે. હજાર આંખે તૃપ્તિ પામતો નથી. પ્રભુ! એ તમારા આરાધક સ્વભાવના ભાવમાં બાંધેલા પુણ્યના ફળમાં શરીર આવું મળ્યું. છેલ્લું શરીર હવે આ શરીર સિવાય બીજું શરીર ધારણ કરવું નથી. એ હજાર નેત્રોનું ધારણ કરવું એને સફળ છે. '**આપ કે સમાન રૂપવાન સંસારમેં દૂસરા કોઈ નહીં.**' સમજાણું કાંઈ?

હવે કહે છે કે પ્રભુ! આ મેરુ પર્વત તીર્થપણાને કેમ પામ્યો? ત્યાં લઈ ગયાને હવે? ત્યાં કરી. પ્રભુ! ત્યાં પણ એ તીર્થપણું પામ્યો એ આપના સ્નાન થયા માટે

તીર્થપણું પામ્યો. સમજાણું કાંઈ?

**तित्थत्तणमावण्णो मेरू तुह जम्मण्हाणजलजोए।**
**तं तस्स सूरपमुहा पयाहिणं जिण कुणंति सया।।१०।।**

પ્રભુ! હું તો ત્યાં દેખું છું ને. આપને ત્યાં લઈ ગયા ને અને આપના સ્નાન કરાવ્યાને. જુઓ! **'જિસ સમય આપકા જન્મ સ્નાન (જન્માભિષેક) મેરુ પર્વત પર હુઆ થા, ઉસ સમય ઉસ સ્નાન-જલકે સંબંધસે...'** પાઠ છે ને? **'जम्मण्हाणजलजोए'** એ આપના જન્મ-સ્નાન પાણીના યોગે મેરુ પર્વત તીર્થ થઈ ગયો છે. આહાહા..! **'મેરુ તીર્થપને કો પ્રાપ્ત હુઆ. તીર્થ બના.'** હે જિનેન્દ્ર! મેરુ પર્વતની ચંદ્ર અને સૂર્ય પ્રદક્ષિણા કરે છે એનો હેતુ મને તો આ લાગે છે. અનાદિ છે. ચંદ્ર સૂર્ય ફરે છે ને? જ્યોતિષ આસપાસ. પણ પ્રભુ! એ તીર્થ થઈ ગયો. એ આપના સ્નાનના જળના યોગે સંબંધે. મેરુ પર્વત એકલો સાધારણ પથરો હતો. ભક્તિવાનને તો ત્યારે શોભા દેખાય છે એમ કહે છે. અમને તો મેરુ પર્વતની એ શોભા છે કહે છે. એને લઈને ચંદ્ર-સૂર્ય ચારે કોર ફરે છે. એ તીર્થપણાને લઈને ફરે છે. એય..! પોપટભાઈ! આહાહા..!

**'મેરુ પર્વત સૂર્ય-ચંદ્રાદિ શોભા કરતે હૈ.'** એ ઉત્પ્રેક્ષા અલંકાર કર્યો છે. **'ઉસકી લોક ભક્તિ પ્રતિક્રમા કરતે હૈં વહ મેરુ કો પવિત્ર માનકર કરતે હૈં.'** કહો, સમજાણું આમાં? હવે શું કહે છે જરી? ભગવાન! આપની ભક્તિ ત્યાં ઇન્દ્રો કરતા હતા ને જ્યારે, એટલું પાણી પડ્યું...

**मेरुसिरे पडणुच्छलियणीरताडणपणट्ठदेवाणं।**
**तं वित्तं तुह ण्हाणं तह जह णहमासि संकिण्णं।।११।।**

**'હે નાથ!'** મેરુ પર્વતના મસ્તક ઉપર આપના સ્નાન કરવાથી પાણી પડતા ઉછળ્યું પાણી. એને લઈને જળના તાડનથી અત્યંત (દુઃખી) **'ઉન દેવોં કી દશા ઐસી હુઈ, માનોં ઉનકી આવાજ કે કારણ ચારોં ઓર સે આકાશ હી વ્યાપ્ત હો ગયા હો.'** દેવોનું એટલું સ્થાન... એટલું પાણી પડ્યું ને દેવો જુદા જુદા થયા. આકાશ વ્યાપ્ત થઈ ગયું. એ આપની ભક્તિના પ્રસંગમાં દેવો આવેલા એનું પાણી અહીં પડ્યું ને ઓલું સ્નાનનું? દેવો ફાટ ફાટ જુદા જુદા થયા. એટલા આકાશમાં વ્યાપ્ત (થઈ ગયા). સર્વ ઠેકાણે દેવો વ્યાપ્ત થઈ ગયા. એ આપના જન્મ મહોત્સવની પરિક્રમા અને સ્નાન કરવાનો યોગ એમ ભક્તિ બતાવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રાવણ સુદ ૩, શુક્રવાર તા. ૧૯-૮-૧૯૬૬**
**ઋષભજિન સ્તોત્ર, ગાથા-૧૨ થી ૧૯, પ્રવચન-૪૫**

આ પદ્મનંદી શાસ્ત્ર છે. પદ્મનંદી આચાર્ય ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરે છે. ભક્તિ, ભક્તિ. ભક્તિ બે પ્રકારની હોય છે. એક આત્માની ભક્તિ અને એક પરની ભક્તિ. પોતાની ભક્તિ એટલે આત્મા શુદ્ધ અખંડ આનંદના અંતર અનુભવની દૃષ્ટિ, સમ્યગ્દર્શન એ આત્માની ભક્તિ છે. સમજાણું? આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ આનંદ, વિકલ્પાતીત પૂર્ણાનંદ પ્રભુ, એનો અંતરમાં સ્વભાવનો આશ્રય કરી શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની પ્રાપ્તિ થવી, એને નિશ્ચય ભક્તિ-આત્માની ભક્તિ કહેવામાં આવે છે. એ મોક્ષનું કારણ છે. પણ જ્યાં સુધી પૂર્ણ દશા પ્રગટ ન થાય ત્યાં સુધી પૂર્ણ પરમાત્મપદને પામેલાની પણ ભક્તિ હોય છે. એને શુભભાવ કહે છે. સમજાણું કાંઈ? ઈ આ શુભભાવની ભક્તિ ચાલે છે. પણ ભાનસહિત ચાલે છે, હોં! મુનિ છે ને. જુઓ! ૧૧ ગાથા થઈ ગઈ.

મૂળ તો ઉપાડ્યું છે, પાંચ ગાથામાં સ્તુતિ કરી. પછી ઋષભદેવ ભગવાન સર્વાર્થસિદ્ધ દેવપદમાં હતા. ત્યાંથી ઉપાડ્યું છે. પ્રભુ! આપનો ભાવિ તીર્થંકર આપનો સાધકભાવ ત્યાં હતો, એને લઈને એ સર્વાર્થસિદ્ધિની શોભા અમને તો દેખાય છે. ત્યાંથી આપ નષ્ટ થયા અને અહીં આવ્યા, ત્યારે એ સર્વાર્થસિદ્ધિની શોભા વિધવાની જેમ એની શોભા નષ્ટ થઈ ગઈ. સમજાણું કાંઈ?

ભગવાન! આપ પરમાનંદ સ્વરૂપના સાધકપણે અને ભાવિ તીર્થંકરપણે આપનો જન્મ થવાનો, એ સર્વાર્થસિદ્ધિની શોભા આપને લઈને (હતી). દેવ ને આ ને આ, આવે છે ને એમાં? મોટા આવા મોતીઓ હોય ને પછી વા આવે ને ઝણઝણાટ થાય ને.. એની ઋદ્ધિ. ઈ બધી એને ખબર છે ન્યાં. એવું ન્યાં આવે છે. ચોસઠ મણનું એક મોતી અને એક .. એવું બધું શ્વેતાંબરમાં આવે છે. એવા બધા મોતી હોય ને સર્વાર્થસિદ્ધિના દેવ ઝણઝણાટ થાય ને એના સુખમાં મજા કરતા હશે, નહિ? ધૂળમાંય સુખ નથી, એમ ઈ માને છે ત્યાં. પણ બહારની પુણ્યની શોભાથી જે કંઈ શોભા માને છે, પ્રભુ! એ શોભા નહિ, આપને કારણે ન્યાં શોભા હતી. એ જ્યારે ત્યાંથી આવ્યા ત્યારે ત્યાંની શોભા નષ્ટ થઈ અને અહીંની શોભા વધી ગઈ. આ પૃથ્વીને વસુમતિ નહોતા કહેતા કોઈ દિ’, પણ આપના જન્મ પહેલાં છ મહિના અને

પછી નવ મહિના, એવી જે રત્નની વૃષ્ટિ થઈ ને, ત્યારે આ પૃથ્વીને વસુમતિ કહેવામાં આવી. આહા..! એમ કરીને ઘણાં બોલો લીધા.

હવે અત્યારે તો જ્યારે પછી ભગવાનને જન્માભિષેક માટે મેરુ પર્વત લઈ જાય છે, એનું લક્ષ કરીને એની સ્તુતિ કરવામાં આવે છે. હવે ત્યાં કહે છે, જુઓ! બારમી ગાથા.

**णाह तुह जम्मण्हाणे, हरिणो मेरुम्मि पणच्चमाणस्स।**
**वेल्लिरभुवाहिभग्गा, तह अज्जवि भंगुरा मेहा।।१२।।**

આહાહા..! પ્રભુ! આપને સ્નાન કરવા ત્યાં લઈ જાય છે ને, ત્યારે દેવ પોતે શક્રેન્દ્ર આમ હજાર આંખથી જોવે છે. એનું આંખનું ટમકારાનું નહિ થવું એ આપને દેખવાને લઈને સફળ થયું છે. મનુષ્યોની તો આમ આંખ પડે ને? એને એમ ન હોય. ટગ.. ટગ.. ટગ. એ જોવામાં સફળતા એની છે. એમ ભગવાન આત્માને જ્ઞાનનેત્રથી જોવામાં આત્માની સફળતા છે, એમ કહે છે. સમજાણું કાંઈ? રાગ ને વિકલ્પથી આત્મા ન જણાય. ચૈતન્યના નેત્ર સમ્યગ્જ્ઞાન ત્યારે સફળ થયા કહેવાય કે જેમાં આત્મા જ્ઞાતાપણે ચૈતન્યબિંબ જેમાં જ્ઞાનમાં જણાય. એ જ્ઞાનનેત્ર મળ્યા તેની સફળતા છે. આમ કહે છે કે, પ્રભુ! ઈન્દ્રો તમને આમ દેખે છે ને, એ ઈન્દ્રોની આંખનું નહિ મટકવું એની સફળતા આપને દેખવાને લઈને થઈ છે. સમજાણું કાંઈ?

પછી ત્યાંથી લઈને, સ્નાન ત્યાં થાય છે ને, મેરુ પર્વતને તીર્થપણું નહોતું. પણ આપ એ ભવમાં મોક્ષ જનારા તીર્થંકર, એને સ્નાન કરાવ્યા એ પાણીને લઈને એ તીર્થ થયું. પાણીનો યોગ બન્યો એને લઈને તીર્થ થયું. કે જેને લઈને ચંદ્ર, સૂર્ય એને ફરતા આંટા મારે છે. પ્રદક્ષિણા કરે છે. એમ કરીને પણ વસ્તુનું, વસ્તુના સ્વભાવનું સાધકપણું છે એની પોતે અનુમોદના અને એની શોભાનું પોતે પરિણમન થાય છે. હવે જુઓ, આવશે ગાથા.

'**હે પ્રભો! આપકે જન્મ-સ્નાનકે સમય...**' જન્મ સ્થાનમાં '**हरिणो**' દેવ '**मेरुम्मि पणच्चमाणस्स**' મેરુમાં જ્યારે ઈન્દ્ર આપની ભક્તિ વખતે નાચતા હતા, જુઓ! કેટલી વાત કરે છે! ત્રણ જ્ઞાનના ધણી એકાવતારી ક્ષાયિક સમકિતી શક્રેન્દ્ર, એ પણ ભગવાનના સ્નાન વખતે નાચી ઊઠે છે. સમજાણું કાંઈ? શાશ્વત છે ને નંદીશ્વર દ્વીપ? પ્રતિમા. ત્યાં પણ જ્યારે ચૌમાસે અષ્ટાહ્નિકા હોય છે ને? જાય છે. પગે ઘુઘરા બાંધીને નાચે, હોં!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ ક્યા કહે છે? ઈ તો ન્યાં થવાની ક્રિયા થાય છે. શુભભાવ એને

એવો આવે છે. કથનની પદ્ધતિ શું કરે? એ નાચવાની ક્રિયા આત્મા કરે છે એમ નથી. એ તો જડની ક્રિયાના પર્યાય કાળે ઉત્પાદ તે પ્રકારનો થાય છે. પણ ભગવાનની ભક્તિમાં પોતાના નિજ સ્વરૂપના બહુમાનપૂર્વક જ્યાં પરમાત્માનું બહુમાન આવ્યું છે, એવો ભાવ તેને વ્યવહાર ભક્તિ કહે છે. અહીં તો નાચવામાં એની કેટલી નમ્રતા છે એટલું બતાવવું છે. નાચવાની ક્રિયા આત્મા કરી શકે છે એમ નથી. આહાહા..! ભારે કામ આકરું. આ સત્ પથ પ્રદર્શની પુસ્તક છે, એમાં કેટલું ઊંધું લખ્યું છે. અજીતકુમારે. એ નાચે, જીવને બચાવી શકે. તમે કહો છો કે, જડનું ન કરી શકે. બધાનું કરી શકે. અરે..! ભગવાન! ભારે પણ..

ભાઈ! આત્મા પોતાની પર્યાયને ઉત્પાદ કરે અને જડના ઉત્પાદના કાળે જડમાં ઉત્પાદ થાય. એ ઉત્પાદ વિનાનું દ્રવ્ય ન હોય, પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. '**पज्जं विजत्तं दव्वं**' પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય. તો એનું કાર્ય ઈ કરે, એમાં બીજો કરવા ક્યાં જાય? આહાહા..! સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :- વ્યવહારે તો કરે ને.

ઉત્તર :- વ્યવહારે કરે શું? બોલાય. વ્યવહારે કરે અને નિશ્ચયે ન કરે, એનો અર્થ શું? કોઈ નિર્ધાર ખરો કે નહિ કાંઈ? એક રજકણની પર્યાયને-અવસ્થાને પણ આત્મા ત્રણ કાળ ત્રણ લોકમાં કરી શકે નહિ. સમજાણું કાંઈ? પણ ભક્તિ વખતના ભાવને બતાવવા એ નાચે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! શું થાય પણ ઈ? આ લવો વળવો ભાષાનો એ આત્માના અધિકારની વાત છે? ભાઈ! જડની પર્યાયના એ જ પરિણમનનો એનો સ્વકાળ છે. ત્યારે આ ઈચ્છાને નિમિત્ત કહેવાય છે. ઈચ્છા છે માટે વાણી નીકળે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? તત્ત્વની વાત એવી છે, બાપુ! ગંભીર છે અને સત્ય છે. એવું સ્વરૂપ જ છે.

અહીં કહે છે, પ્રભુ! આપની જ્યારે એ ભક્તિ કરતા હતા ને, ત્યારે ઈન્દ્રના આમ હાથ લાંબા થઈ ગયા. થઈ ગયા, કર્યા એ ભાષા એમ બોલાય. આમ થયા, ત્યારે પ્રભુ! વાદળા હતા ને એ ત્યાં સુધી તો અખંડ હતા. પણ આપની જ્યારે ભક્તિ કરી અને આમ થયું ને, તો વાદળાના થઈ ગયા કટકા. ભગવાન! આ કટકા જે ભળાય છે ને, ઈ એ વખતના હું દેખું છે, એમ કહે છે. આહાહા..! જુઓ! અધ્યાત્મ એમાં પછી ઉતારશે. અહીંયાં તો કહે છે, '**णाह तुह जम्मण्हाणे, हरिणो मेरुम्मि पणच्चमाणस्स**' આપની પાસે ઈન્દ્ર નાચતા હતા ને, આમ થઈ ગયા હાથ. જે અખંડ એકરૂપ વાદળા હતા એ તૂટી ગયા, કટકા કટકા થઈ ગયા. આ કટકા દેખાય છે, પ્રભુ! મને એમ લાગે છે કે તે દિ'ના કટકા થયેલા વાદળા દેખાય છે.

સમજાણું કાંઈ?

**'वेल्लिरभुवाहिभग्गा, तह अज्जवि भंगुरा मेहा'** દેખો! આજ પણ એ કટકા દેખાય છે એ ત્યારની ભક્તિના કારણે એ કટકા થઈ ગયા છે. બીજી રીતે કહીએ તો ભગવાન અમે અખંડ આત્મા છીએ એવું અમને ભાન નહોતું ત્યાં સુધી કર્મ અભેદ અખંડ હતા. બેય અખંડ હતા, ક્યાંય તૂટ નહોતી પડી અનાદિથી. પણ અમે જ્યાં આત્મા આપે કહેલા તત્ત્વની અમે અંતરમાં ભક્તિ કરી, અખંડાનંદ પ્રભુ શુદ્ધ, એ કટકા થઈ ગયા છે, હવે એ કટકા ભેગા થાય એવું નથી. સમજાણું કાંઈ? ..લાલજી! આ તો સંતોની ભક્તિ છે, મહામુનિ વીતરાગી મુનિ છે. અંદર ઘણો મર્મ ભર્યો છે. પ્રભુ! અમારા કર્મ અત્યારે કટકા કટકા ભળાય છે અમને, હોં! એકરૂપ રહ્યા નથી. સમજાણું કાંઈ? અમે તમારી ભક્તિ અને તમારા કહેલા તત્ત્વોની અમે અંદરમાં ભક્તિ કરી ત્યાં અનાદિકાળનું કર્મનું એકરૂપ અખંડ ક્યાંય તૂટ્યું નહોતું, એ વસ્તુની દૃષ્ટિ થતાં કટકા થઈ ગયા છે હવે. મંદ મંદ મંદ કર્મ દશા રહી ગઈ છે. સમજાણું કાંઈ? એ **'अज्जवि'** કહે છે. જુઓ! **'अज्जवि भंगुरा मेहा'**. આજ પણ, અત્યારે પણ આ સમયમાં ક્ષણભંગુર વાદળા દેખાય છે તે તે (છે). સમજાણું કાંઈ? **'ભુજાઓંસે જો મેઘ ભગ્ન હુએ થે, વે મેઘ ઈસ સમય ભી ક્ષણભંગુર હી હૈં.'** એનો ખુલાસો કર્યો છે.

હવે ન્યાંથી ઉપાડીને કલ્પવૃક્ષ સુધી લાવ્યા છે. પ્રભુ! આપ જ્યારે અહીંયાં આવ્યા ને, એ પહેલાં કલ્પવૃક્ષથી બધાને આજીવિકા ચાલતી. પણ કલ્પવૃક્ષ થઈ ગયા બંધ. ત્યારે આપે એકલાએ કલ્પવૃક્ષનું કામ પૂરું કર્યું છે. સમજાણું કાંઈ? દસ પ્રકારના કલ્પવૃક્ષથી જે તેની આજીવિકા ચાલતી હતી એ પણ બંધ થઈ ગયા. ભગવાન આવ્યા ઈ પહેલા તો. પણ આપે એકલાએ કલ્પવૃક્ષના સ્થાનમાં કલ્પવૃક્ષનું કામ પૂરું કર્યું છે. આ પહેલી બહારથી વાત કરે છે, હોં!

**जाण बहुएहिं वित्ती, जाया कप्पहुमेहिं तेहिं विणा।**
**एक्केण वि ताण तए, पयाण परिकप्पिया णाह।।१३।।**

હે નાથ! **'હે પ્રભુ! પૂર્વમેં પ્રજાજનોંકી આજીવિકા,** બહુતસે કલ્પવૃક્ષોંકે **માધ્યમસે હોતી થી,...'** ઘણાં કલ્પવૃક્ષથી જેની આજીવિકા ચાલતી હતી, **'ઉન કલ્પવૃક્ષોંકે અભાવમેં, ઉન પ્રજાજનોંકી આજીવિકા આપ અકેલેને હી કી.'** સમજાણું કાંઈ? એવી અંતરમાં ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિતની દશાને અનુમોદન આપતા કહે છે કે આપને એવો વિકલ્પ આવ્યો કે આ દુઃખી પ્રાણી છે તો લાવ એને (શીખવું). ભગવાને એની બહારની આજીવિકા કરી, એમ કહીને અંતરના ગુણનું

અનુમોદન કરીને ભક્તિ કરે છે. સમજાણું કાંઈ?

અધ્યાત્મમાં લઈએ તો અનેક પ્રકારના અંદર પુણ્ય અને પાપને કારણે અનાદિથી જીવીને ટકી રહ્યો હતો, એકલો ભગવાન આત્મા અખંડાનંદ કલ્પવૃક્ષવાન પૂર્ણાનંદનો નાથ, એની એકાગ્રતા થવાથી એમાં આનંદના ફળ પાક્યા, એ એકલા આત્માએ પકાવ્યા છે. એમાં બીજાની કોઈની વિકલ્પ અને નિમિત્તની જરૂર પડે એવું નથી. એવો ભગવાન આત્મા એકલો કલ્પવૃક્ષ છે. સમજાણું કાંઈ? આહા..! શું કહેવું? શું ઉપમા આપવી? કલ્પવૃક્ષ કહેવું? કામકુંભ કહેવો? કે શું કહેવું એને? શું કહીએ? પ્રભુ! એને પારસમણિનો પત્થર કહેવો? શું પારસમણિનો સંગ કરે તો લોઢાનું સોનું થાય. પણ એને કારણે કાંઈ પારસ થાય? પણ પ્રભુ! આત્મા આનંદકંદનો જો સંગ કરે, પ્રભુ! તારા જેવો થઈ જાય. સમજાણું કાંઈ? પરમાત્માની જે દશા છે એ દશાનો ખ્યાલ રાખીને ભક્તિ કરે છે, તો અમે પણ પ્રભુ પૂર્ણાનંદ સ્વરૂપી છીએ, અમે અમારો સંગ કરીને અમે તમારા જેવા થઈ જવાના છીએ. આત્મા કલ્પવૃક્ષ એકલો છે. એને પુણ્યના પરિણામ ને સંહનન ને સંહનનના હાડકા ને ફલાણાની મદદથી મોક્ષમાર્ગ થાય એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? પછી લાંબુ લખાણ છે. પછી કહે છે, પ્રભુ! જુઓ! '**હે જિનેન્દ્ર! આપ કલ્પવૃક્ષોંસે ભી ઉત્તમ કલ્પવૃક્ષ હૈં.**' એ કહ્યું. હવે ૧૪ (ગાથા).

पहुणा तए सहाणा, धरा सी तीए कहं णहो वूढो।
णवघणसमयसमुल्लसिय, -सासछम्मेण रोमंचो।।१४।।

પ્રભુ! મારી નજર આમ પૃથ્વી ઉપર જાય છે ને, ત્યારે પૃથ્વીમાં ચોમાસામાં અંકુરા દેખાય છે. એમ આખી પૃથ્વીમાં અંકુરા થઈ ગયા છે. અંકુરા સમજો છો? એ કહે છે.

'**હે જિનેશ પ્રભુ! આપને હી યહ પૃથ્વી સનાથ કી...**' હે નાથ! આત્માના આનંદના સાધક! આ ભવમાં આપે પૂર્ણ આનંદ સાધ્યો, એવા સમવસરણમાં બિરાજમાનનું લક્ષ કરીને આ ભક્તિ કરે છે. પ્રભુ! આ જમીનને સનાથ કરી. કેમ? '**યહિ એસા ન હોતા તો નવીન મેઘકે સમય હોને વાલે શ્વાસોચ્છ્વાસકે બહાને ઈસમેં રોમાંચ કૈસે હુએ હોતે?**' શું કહે છે? જે નવપરિણીત સ્ત્રી છે, નવપરિણીત સ્ત્રી, એ પરણ્યા વિનાના શરીરમાં એના રોમાંચ અને શરીરની પુષ્ટિ ન હોય. એમાં લખ્યું છે, હોં!

'**જો સ્ત્રી, વિવાહકી અત્યંત અભિલાષિણી હૈ, યદિ ઉસકા વિવાહ હો જાયે અર્થાત્ વહ સનાથ હો જાયે તો જિસ પ્રકાર ઉસકે શરીરમેં રોમાંચ**

**ઉદ્ગત હો જાતે હૈં...**' એ દૃષ્ટાંત છે. '**રોમાંચકે ઉદ્ગમસે ઉસકી સનાથતાકા અનુમાન કર લિયા જાતા હૈ,...**' કે, ઠીક આણે લગ્ન કર્યા લાગે છે, સનાથ થઈ લાગે છે.

'**ઉસી પ્રકાર એ પ્રભો! જિસ સમય આપ ઈસ પૃથ્વી પર અવતીર્ણ હુએ, ઉસ સમય પૃથ્વીમેં ભી રોમાંચ હુએ,...**' આ અંકુર શું છે? પૃથ્વીમાં અંકુર ફાટ્યા છે. એ સનાથ થઈ માટે અંકુર ફાટ્યા છે. ભક્તિમાં આ તો અંલકાર છે ને. પ્રભુ! અમે તો ત્યાં તમને દેખીએ છીએ, હોં! આ અંકુરા ફાટ્યા, આખી પૃથ્વી લીલીછમ જેવી થઈ ગઈ, લીલી સાડી પૃથ્વીએ ઓઢી છે. એનું કારણ એ સનાથ થઈ છે. એ પરણી નહોતી, સનાથ થઈ હવે. અંકુરા ફાટ્યા છે અંદરથી.

એમ અમને હે નાથ! આપની અંતરની ભક્તિથી અમારા અસંખ્ય પ્રદેશે આનંદના અંકુરા ફુટ્યા છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને આનંદના અંકુર હોય છે, એમ કહે છે ભેગુ. મુનિ પોતે કહે છે. આહાહા..! પ્રભુ! એ પૃથ્વી સનાથ થઈ, હોં! આપ નહોતા ત્યારે તો કુંવારી હતી. અને એનું લક્ષણ શું થયું? કુંવારીને રોમાંચ ન હોય. લગ્ન થયા પછી આમ શરીરની પુષ્ટિ દેખાય. શરીરમાં રોમાંચ આદિ (દેખાય). એમ આ પૃથ્વીના અંકુરા જે દેખાય છે, પ્રભુ! આપ અહીં પધાર્યા ને, સનાથ થઈ માટે એમ થયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ઈસલિયે ઉન રોમાંચોસે યહ બાત જાન લી ગઈ કિ આપને હી ઈસ પૃથ્વીકો સનાથ અર્થાત્ નાથ સહિત કર દિયા હૈ.**' અમે તો જ્યાં હોય ત્યાં તમને ભાળીએ છીએ, એમ કહે છે. આપના સર્વજ્ઞપદને અને આપના સર્વજ્ઞપણાના સાધકભાવને અમે જ્યાં હોય ત્યાં દેખીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ? પોપટભાઈ! આ ભક્તિ સમજીને ભક્તિ છે, હોં! પહેલે દિ' કહ્યું હતું. કુંદકુંદાચાર્ય પ્રવચનસારમાં જ્યારે વંદન કરે છે ત્યારે એમ કહે છે, પ્રભુ! હું વંદન કરનાર કોણ છું? હું આ જ્ઞાન દર્શન સ્વભાવવાળો આત્મા સ્વસંવેદન પ્રત્યક્ષ એ હું આત્મા છું. એ હું આત્મા આપની ભક્તિ કરું છું. હું રાગવાળો છું ને શરીરવાળો છું, એમ નહિ. હું તો સામાન્ય ત્રિકાળ જ્ઞાન અને દર્શન સ્વભાવવાળો આત્મા અને તે પણ પ્રત્યક્ષ સ્વસંવેદનથી જણાય એવો આત્મા તે હું. એ હું ભગવાનની ભક્તિ કરું છું. આપ કેવા છો? પછી એમ કરીને (કહે છે), ચાર કર્મ નાશ કર્યા છે. વગેરે ઘણી વાત કરી છે ને. પ્રવચનસારની પહેલી પાંચ ગાથા શરૂઆતમાં. સમજાણું કાંઈ?

એમ અહીંયાં ભાન સહિત કહે છે. પ્રભુ! આ સનાથ થઈ, હોં! હું પણ હવે સનાથ થયો. આપના કહેલા તત્ત્વોનો અંતરમાં અનુભવ કરી મારો આત્મા શુદ્ધ આનંદકંદ

જ્ઞાતા-દૃષ્ટા રાગ રહિત, એનું ભાન થયું, હવે હું સનાથ થઈ ગયો. મેં મારી રક્ષા કરી. મેં મારી મળેલી ચીજને રાખી, નહિ મળેલીને ભાવનાથી પ્રાપ્ત કરી. એને સનાથ કહેવામાં આવે છે. જોગ ક્ષેમના કરનાર. પંડિતજી! નાથને એમ કહે છે ને? જોગ ક્ષેમના કરનાર. એને નાથ કહે છે. પતિને પણ નાથ કહે છે. એ મળેલી ચીજનું રક્ષણ કરે, નહિ મળેલીને આપે. એમ ભગવાન પણ જોગક્ષેમના કરનાર છે. નિમિત્તથી વાત કરે છે. અને આ આત્મા જોગક્ષેમનો કરનાર પોતે છે. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધના શ્રદ્ધા-જ્ઞાન જેટલા પ્રગટ્યા છે, એને તો એમ ને એમ રાખવાના, પાછા પડવાના નહિ, નહિ મળેલી ચારિત્ર અને આનંદની પૂર્ણ દશાને ભાવનાથી પ્રાપ્ત કરીશ. એને અહીંયાં જોગ ક્ષેમનો કરનાર આત્મા કહેવામાં આવે છે. આમ નિમિત્તથી ભગવાનને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! આ પૈસા-બૈસાનું કાંઈ આમાં નથી આવતું.

મુમુક્ષુ :- એ તો મુનિને તો ન જ હોય ને.

ઉત્તર :- આત્માને કે દિ' પૈસો હતો? મુનિનો હોય કે કોઈનો હોય. આત્માને શરીર નથી, આત્માને રાગ નથી.

મુમુક્ષુ :- જ્યારે સિદ્ધ થાય ત્યારે.

ઉત્તર :- અત્યારે. આત્મા કોને કહેવો? આત્મા કોને કહેવો અહીં? આ શરીર, કર્મ તો અજીવ છે, એ આત્મા છે? પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે ઈ આત્મા છે? સાત તત્ત્વમાં સાત તત્ત્વ જુદા પાડશો કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો છે નહિ ત્રણ કાળમાં. માન્યું છે એણે. આત્મા કોને કહેવો? કહ્યું હતું ને એકવાર, નહિ?

પ્રભુ તુમ જાણગ રીતિ સહુ જગ દેખતા હો લાલ,
પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ..
નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ...

નિજ સત્તાએ હે પ્રભુ! આત્માને તો આપે એવો જોયો છે કે પુણ્ય-પાપના આસ્રવતત્ત્વથી રહિત, કર્મ અને શરીર રહિત, એવી નિજ સત્તાને આપે આત્મા કહ્યો છે. એવા આત્માને આપ જુઓ છો. બીજાના આત્માને એમ જોવે છે, એમ કહે છે. સમજાણું કાંઈ આમાં? આત્મા ભગવાને આમાં કોને જોયો? આ આત્મા. શરીરને આત્મા જોયો? એણે જોયો એની વાત છે. એમને તો ભલે પ્રગટ્યો, પણ એમના જ્ઞાનમાં લોકાલોકમાં આત્મા ખ્યાલમાં આવ્યો એ કેવો આત્મા? કે નિજ સત્તાએ શુદ્ધ

સૌને પેખતા. એ તો શુદ્ધ ચિદાનંદની મૂર્તિ. જે કર્મ ને શરીર એ તો અજીવ છે. પુણ્ય-પાપ તો આસ્રવ છે. આત્મા તો જ્ઞાયકતત્ત્વ છે. સમજાય છે કાંઈ? તો ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યો છે, જ્ઞાયકતત્ત્વ છે. જેમ ભગવાને જોયું એમ જો દૃષ્ટિ કરીને જોવે તો તેને જ્ઞાયકપણું ભાસે. આહાહા..! સમજાણું કાંઈ? એને આત્મા કહેવામાં આવે છે. ભગવાને એવો જાયો અને માને બીજો તો એની માન્યતામાં ફેર છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, સનાથ થઈ, હોં! પ્રભુ! રોમાંચ ખડા થઈ ગયા છે ને જમીનમાં ચારે કોર. એથી અમને એમ લાગે છે કે જેમ સનાથ સ્ત્રી હોય, એમ આ જમીન સનાથ આપને લઈને થઈ છે, હોં! એમ અસંખ્ય પ્રદેશમાં ભગવાન આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપનો જ્યાં આદર કરીને, સત્કાર કરીને સેવા કરે છે, પોતાની, હોં! ત્યારે અસંખ્ય પ્રદેશે શાંતિના અંકુરા ફૂટે છે. એથી એમ નક્કી થયું કે હવે આત્મા સનાથ થઈ ગયો. હવે એને કેવળજ્ઞાન પામવાની તૈયારી થઈ ગઈ. સમજાણું કાંઈ?

એ મતિજ્ઞાન થયું, શ્રુતજ્ઞાન થયું એ કેવળજ્ઞાનને બોલાવે છે, એમ કહે છે. ધવલમાં એવો પાઠ છે. મતિ અને શ્રુતજ્ઞાન થયું એ કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે સમજાણું? લાવો, લાવો, લાવો. અમારો અવયવ પ્રગટ્યો, પ્રભુ! અવયવી પ્રગટ થાઓ. એવી અંદરમાં ધર્મીને સર્વજ્ઞપદની પ્રાપ્તિની ભાવના હોય છે. સમજાય છે કાંઈ? એને પોતાને અલ્પ નિર્મળ પર્યાય પ્રગટી છે એનું અભિમાન નથી. ઓહો..! ક્યાં પરમાત્મદશા, ક્યાં વીતરાગ, ક્યાં કેવળજ્ઞાનની દશાની પર્યાય! અરે..! અનંતાનુબંધીનો અભાવ થઈ, સ્વામી કાર્તિકેય કહે છે, એને તો આત્માની પર્યાય તુચ્છ લાગે છે. તુચ્છ લાગે છે. સમ્યગ્દર્શન, જ્ઞાનની દશા થવા છતાં એને તુચ્છ લાગે. ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં આ! એ કેવળજ્ઞાનને બોલાવે છે. સમજાય છે કાંઈ? રાગને બોલાવતા નથી, સર્વાર્થસિદ્ધિમાં જાવું છે, એમ બોલાવતા નથી. તીર્થંકર પદ પામું એને બોલાવતા નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? રોમાંચ થઈ ગયા છે. અસંખ્ય પ્રદેશે ભગવાન બિરાજમાન અનંત ગુણનો પિંડ પ્રભુ આખો. એનું જ્યાં ભાન થયું ત્યાં રોમાંચ ખડા થઈ ગયા. નવી પર્યાય શ્રદ્ધા-જ્ઞાન ને શાંતિની પ્રગટી, તે આત્મા સનાથ થયો એમ અમને નક્કી થઈ ગયું છે. સમજાણું કાંઈ?

પછી લાવ્યા, ભગવાન બેઠા હતા ને સિંહાસન ઉપર? નીલાંજના દેવી આવી. ત્યાં લાવ્યા વાત.

अज्जवि विज्जुव्व घणे रंगे, दिट्ठपणट्ठा पणच्चिरी अमरी।
जइया तइया वि तए, रायसिरी तारिसी दिट्ठा।।१५।।

હે વીતરાગ! '**જિસ પ્રકાર મેઘમેં બિજલી પ્રકટ હોતે હી નષ્ટ હો જાતી હૈ,...**' મેઘ-વાદળામાં વિજળીનો ઝબકાર આવીને જેમ ચાલ્યો જાય છે, એમ '**આપને નૃત્ય કરતી હુઈ નીલાંજના...**' ભગવાન સિંહાસનમાં બેઠા હતા. ઈન્દ્રે એકવાર નિમિત્ત એવું કર્યું કે બધી દેવીઓને નાચવા લાવ્યો એમાં એક દેવી લાવ્યો કે તે ક્ષણે સ્થિતિ પૂરી થવાની. નાચતા નાચતા એની સ્થિતિ પૂરી થવાની એવી એક દેવી મૂકી. સમજાય છે કાંઈ? ૮૩ લાખ પૂર્વ સુધી ભગવાન સંસારમાં રહ્યા. અરે..! આ ભગવાનનો અવતાર તો મુનિપણું લઈ કેવળજ્ઞાન પામીને જગતને તારવામાં નિમિત્ત થાય એવો છે. આ કેમ નીકળતા નથી? સમજાણું કાંઈ? એટલે ઈન્દ્ર ઉપરથી આવીને.. ઈન્દ્ર તો એમના દાસ છે. આવીને એક નીલાંજના નામની દેવી કે જેની સ્થિતિ તે ક્ષણે નાચતા પૂરી થવાની હતી. ઉતારી એમાં.

'**દેવાંગનાકો પહલે દેખા, પશ્ચાત નષ્ટ હોતે હુએ ભી દેખા...**' આમ દેખ્યું ત્યાં તો ખલાસ થઈ ગઈ. નાચતી હતી ત્યાં. પણ વચ્ચે ભંગ ન પડે માટે ઈન્દ્રે બીજી દેવી ત્યાં મૂકી. એનું આયુષ્ય પૂરું થઈ ગયું એટલે બીજી વચ્ચે મૂકી. ભગવાનના ખ્યાલમાં આવી ગઈ વાત. ઓહ! આ દેવીની સ્થિતિ પૂરી થઈ ગઈ. આવું ક્ષણભંગુર. ભાન તો ક્ષાયિક સમકિત છે. પણ એવો અનાદિનો નિયમ છે કે જેટલા તીર્થંકરો જ્યારે વૈરાગ્ય પામે ત્યારે તે ક્ષણે તેને પહેલું જાતિસ્મરણજ્ઞાન થાય. સમજાય છે? એ વાત શ્વેતાંબરમાં નથી. આ વાત અહીં છે, ભાઈ! અને એમાં હેતુ છે. હેતુ છે. એ આમ જ્યાં દેખ્યું, આહા..! પૂરી થઈ ગઈ સ્થિતિ. ઓહો..! ક્ષણભંગુર. અનિત્યતાનો એકદમ વૈરાગ્ય વધ્યો. જ્યાં વધ્યો ત્યાં જાતિસ્મરણ થયું.

ખરેખર મિથ્યાદષ્ટિને જે જાતિસ્મરણ આવે છે, એને ફક્ત ધારણામાં કંઈક ખ્યાલ આવે, એટલું છે. પણ ખરો તો તત્ત્વનો સિદ્ધાંતિક નિયમ એવો છે કે સમ્યગ્દષ્ટિ અને જ્ઞાની આત્માનો અનુભવ હોય, એને જો જાતિસ્મરણ થાય તો એને વૈરાગ્ય વધી જાય. કારણ કે ત્રણ જ્ઞાનના ધણી છતાં, અવધિજ્ઞાન હોવા છતાં ઉપયોગ મૂકે ત્યારે આમ ખ્યાલ આવે. આ જાતિસ્મરણ તો જેમ કાલની વાત (યાદ) આવે એમ ફટ યાદ આવી જાય. એટલે અનાદિનો આ નિયમ છે. દિગંબર શાસ્ત્રમાં એ વાત છે, બીજે હોઈ શકે નહિ. શ્વેતાંબરમાં તો ના પાડી છે. એમાં જાતિસ્મરણની વાત નથી. વસ્તુની સ્થિતિ એવી છે.

આમ જ્યારે જોયું, અરે..! એકદમ અંદર વિચારમાં ચડી ગયા. જાતિસ્મરણ થયું. પંડિતજી! જાતિસ્મરણ થયું. આહા..! પહેલેથી અવધિજ્ઞાન હોય. અવધિજ્ઞાન તો જેટલા તીર્થંકર હોય એ લઈને જ આવે છે. પણ ખુબી એવી છે કે જ્યાં આમ ભવને

ભાળે છે ને એકદમ વૈરાગ્ય આવી જાય છે. આહાહા..! ક્ષાયિક સમકિત છે, ત્રણ જ્ઞાન છે. આમ ગયા ભવો એકદમ ભાસી જાય છે. જેમ કાલની વાત યાદ આવે એમ યાદ આવે. ફટ.. ફટ.. ફટ.. ફટ આ.. આ.. આ.. ભવ યાદ આવે. એમાં વચ્ચે અસંજ્ઞી ભવ ન આવે, મન વિનાનો ભવ ન આવે, ત્યાં સુધીના મનવાળા ભવો કેટલાક અંદર ભાળે. સમજાણું કાંઈ?

અહીં ભગવાન જ્યાં સિંહાસનમાં બેઠા છે, મુગટ હતો, બધા રાજા હતા. આમ જ્યાં દેખ્યું, અરે..! આ સંસાર. કેટલો કાળ મેં આમાં ગાળ્યો. આ અનિત્ય, આ ક્ષણભંગુર સ્થિતિ, રાજ વૈભવ, શરીરની બધી ક્ષણભંગુર સ્થિતિ. ભાન તો હતું, પણ વૈરાગ્ય વધી ગયો. એકદમ વૈરાગ્ય. ત્યારે ઉપરથી દેવો આવ્યા. મહારાજ! આપનો કાળ હવે ત્યાગનો છે. એ તો કંઈ એને લઈને નથી થતું. પણ એવો એનો નિયોગ હોય છે. બ્રહ્મલોકમાં બ્રહ્મચારી દેવો હોય છે ને? એ આવે છે. પ્રભુ! આપનો ત્યાગનો કાળ છે, હોં! ચારિત્રનો કાળ (છે), દીક્ષા ગ્રહણ કરો. પ્રભુ! જગતના પ્રાણીનો ઉદ્ધાર કરવાનું આપનું નિમિત્ત છે. માટે આપ દીક્ષિત થાઓ. દીક્ષિત ઈ કહે છે માટે થાય છે એમ નથી. પણ આમ જ્ઞાન છે ને, મૂળ જાતિસ્મરણ થઈ ગયું છે ને (એટલે) વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય.. આમ નજર જ્યાં જ્યાં કરે છે, એકદમ ખ્યાલ (આવે છે), આ ભવ, આ ભવ, આ ભવ, આ ભવ. સમ્યગ્દર્શનપૂર્વકનું જાતિસ્મરણ હોય એને વૈરાગ્ય વૃદ્ધિનું કારણ હોય છે. અજ્ઞાનીને એકલું જાતિસ્મરણ હોય.. સમજાય છે? એ તો ભાળે છે એટલું કે અહીં હતો ને આ હતો. એને કોઈ વૈરાગ્યની વૃદ્ધિનું કારણ હોતું નથી. એટલે અહીંયાં એ વખતે.. કેમ સેઠી નથી આવ્યા? સમજાણું કાંઈ?

એ ઉદ્દેશીને ભગવાનની ભક્તિ (કરે છે). પ્રભુ! આપ સિંહાસન પર બેઠા હતા. અપ્સરા લીન થઈ ગઈ. '**ઈસ દશ્યકો દેખકર ભગવાનકો શીઘ્ર હી ઈસ બાતકા વિચાર હુઆ...**' અરે..! યે ક્યા હુઆ? '**ઉસી પ્રકાર ઈસ રાજ્યલક્ષ્મીકા સ્વભાવ હૈ...**' બધી લક્ષ્મીનો સ્વભાવ નાશવાન છે, ક્ષણમાં પલટી જશે બધું. એવો સ્વભાવ છે. વૈરાગ્ય.. વૈરાગ્ય. તરબોળ અસંખ્ય પ્રદેશે ઉદાસ.. ઉદાસ. પછી દેવ આવીને સંબોધે છે. એવો અનાદિનો નિયોગ અને એવું અનાદિનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? જે જે તીર્થંકર જ્યારે વૈરાગ્ય પામે ત્યારે એને પહેલું જાતિસ્મરણ થાય છે. પછી એને ભવનું થયું, ભાવ જાતિનું તો ભાન છે. ભાવજાતિનું ભાન છે, આ દ્રવ્યભવની જાતિનું ભાન થઈને વૈરાગ્ય વધી ગયો એકદમ. અવધિજ્ઞાનમાં તો ઉપયોગ મૂકે ત્યારે (જણાય). આ તો ભાળ્યા જ કરે અંદરથી. (અવધિજ્ઞાનમાં) અંદરથી ઉપયોગ મૂકે. આ તો અંદરથી ખ્યાલમાં આવે કે ઓહો..! આ ભવ પહેલા.. આ ભવ પહેલા.. આ ભવ

પહેલા આ હતું. આ બધું નાશવાન છે. બધા શરીરો ખલાસ થઈ ગયા. અહીં આવીને હું રહ્યો. એકદમ વૈરાગ્ય થઈ જાય. એ વખતની વાત કરીને પ્રભુને કહે છે, '**ભગવાનકો વૈરાગ્ય હો ગયા. ઉસી અવસ્થાકો ધ્યાનમેં રખકર ગ્રંથકારને શ્લોકમેં ભગવાનકી સ્તુતિ કી હૈ.**' સમજાણું કાંઈ?

ભાવજાતિ સાથે દ્રવ્યજાતિનો સંબંધ છે, ભાઈ! દિગંબર શાસ્ત્રોમાં લેખ છે. એને જાતિસ્મરણ થાય. એ વસ્તુની સ્થિતિ બતાવે છે. વસ્તુની સ્થિતિ બતાવે છે. સમજાણું કાંઈ? એ વાત શ્વેતાંબરમાં છે જ નહિ. એકદમ જ્યાં અંદરમાં ત્રણ જ્ઞાન તો હતા અને આમ જોવે છે, ફાટી જાય પ્યાલો. વૈરાગ્ય.. વૈરાગ્ય.

શાંતિનાથ ભગવાન જેવા, ૯૬ હજાર સ્ત્રી હતી. પણ જ્યારે જાતિસ્મરણ થયું ત્યારે બહુ વૈરાગ્ય થઈ ગયો. ૯૬ હજાર સ્ત્રીઓ પછી જંટિયા તોડે છે. અમે તમારી લાલચને લઈને રહ્યા નહોતા. અમે અમારા રાગના ભાવને લઈને રહ્યા હતા. સ્ત્રીઓ! એ અમારો રાગ હવે મરી ગયો છે. એ રાગ મરી ગયો, હવે જીવતો નહિ થાય. અમને તમે લાલચમાં નાખીને અહીંયાં રાખ્યા છે અને અનુકૂળતા બતાવો માટે અમે અહીંયાં રહ્યા હતા, હે સ્ત્રીઓ! એ છોડી દો. અમને આસક્તિનો ભાવ હતો ત્યાં સુધી અમે લલચાઈને ઊભા હતા. અમારી એ વૃત્તિનો છેદ થયો છે. મરી ગયા પ્રાણીને જીવતો કરી શકાય નહિ. સમજાય છે કાંઈ? એમ અમારો રાગ તમારા પ્રત્યેનો મરી ગયો છે. એ હવે જીવતો ન થાય. રજા આપો! અમે ત્યાગી મુનિ થઈશું. સમજાણું કાંઈ?

ભાવનામાં તો એકદમ આવ્યું. ઋષભદેવ ભગવાનનું. તત્ત્વાર્થસારમાં 'અમૃતચંદ્રાચાર્ય' બાર ભાવના વર્ણવતા લખે છે, અનિત્ય ભાવનાનું લખાણ લખે છે. પ્રભુ પણ અનિત્યની વિચારણા કરે છે, ઓહો..! આવો ક્ષણભંગુર. ત્યાં કહે છે, અનિત્ય એટલે? માતાએ બાળકને જન્મ આપ્યો. એ જન્મ આપ્યો એ હજી ગોદમાં નહિ લે ત્યાં અનિત્યે ગોદમાં લઈ લીધો છે એને. આહાહા..! તત્ત્વાર્થસાર. એ તો આચાર્યોની કથનપદ્ધતિ જ કોઈ અલૌકિક વાત છે. તત્ત્વાર્થસારમાં આમ અનિત્ય ભાવનાનો એક શ્લોક મૂક્યો. પ્રભુ! એની માતાએ બાળકને જન્મ આપ્યો. એ જન્મ આપ્યો પણ આમ નજર તો પછી જશે કે આને લઉં આમ. કોણ છે આ? કન્યા છે કે બાળક છે? એ તો (નજર) પડ્યા પહેલા પ્રભુ! એના શરીરને અનિત્યે તો ગોદમાં લઈ લીધો છે. ક્યારે નાશ થશે એનો મેળ નથી. આહાહા..! મરી જાય. તરત મરી પણ જાય. હજી આમ લેવા પહેલાં પણ મરી જાય. આહાહા..! સમજાણું કાંઈ?

એમ ભગવાનને જ્યાં નીલાંજનાનો ખ્યાલ આવે છે, એકદમ અનિત્યતા (ભાસે

છે). ભગવાન નિત્યાનંદ. અનિત્ય ભાવના, અનિત્ય ભાવના ભાવે છે. સમજાય છે? અજ્ઞાનીને એ નિત્યના ભાન વિના એવી અનિત્યની ભાવના હોય નહિ. એને અનિત્ય જાગરિકા હોય. એકલું ક્ષણભંગુર (લાગે). બૌદ્ધને વૈરાગ્ય હતો, વસ્તુની સ્થિતિ નહોતી. અહીં તો વસ્તુના ભાન સહિત અનિત્યની ભાવના જાગૃત થઈ એને આવો વૈરાગ્ય હોય છે. એ ઉદ્દેશીને આ વાત કરી છે.

પછી કહે છે, પ્રભુ! આપ જ્યારે આ પૃથ્વી છોડીને ચાલી નીકળ્યા ને, નાથ! આપને વૈરાગ્ય થયો. પોતે આપ જ્યારે વનમાં ચાલી નીકળ્યા ને, ત્યારે તો મને એવું લાગે છે,

**वेरग्गदिणे सहसा, वसुहा जुण्णं तिणं व जं मुक्का।**
**देव! तए सा अज्ज वि, विलवइ सरिजलरवा वराई।।१६।।**

જૂના તૃણની પેઠે પૃથ્વીને છોડી દીધી. આમ નદીને કલકલ કરતી દેખે છે ને, નદીને. છે ને? '**सरिजलरवा वराई**'. વરાઈ એટલે નદી આપના વિરહથી, નદીમાં કલકલ થઈ રહ્યો છે, પ્રભુ! આપના વિરહે નદી રોવે છે. આહાહા..! '**देव!**' જ્યારે વૈરાગ્યથી '**सहसा, वसुहा जुण्णं तिणं व जं मुक्का**' જીર્ણ તૃણની જેમ છોડી દીધી. ત્યારે પૃથ્વી ઉપરની જે નદી છે ને, એ કલરવ કલરવ આમ ખખડાટ થાય છે ને? પ્રભુ! એ આપના વિરહથી રોવે છે. કલરવ. રવ-અવાજ કરે છે. એ અવાજ કરે છે, એ રોવે છે. આહાહા..! જુઓ! પોતાના પૂર્ણાનંદના વિરહમાં આત્માને શું લાગે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રભુ! આપના વિરહ અમને આ ભરતક્ષેત્રમાં પડ્યા, સર્વજ્ઞ પરમાત્માની હાજરી-ઉપસ્થિતિ પ્રભુ! અમને નહિ, હોં! આહાહા..! સમજાણું કાંઈ?

ઈ અહીંયાં પોકારે છે, પ્રભુ! આ નદીને જોઉં છું ને, ત્યારે કલરવ અવાજ જે થાય છે, પ્રભુ! આપના વિરહનું એને રૂદન છે. અમને પ્રભુ! તમારા વિરહ પડ્યા, અમને એનો ખેદ છે. સમજાણું કાંઈ? દેવચંદજીએ એકવાર એમ કહ્યું,

ભરતક્ષેત્ર માનવપણું જી લાધ્યો દુષમકાળ,
આ ભરતક્ષેત્ર માનવપણું જી લાધ્યો દુષમકાળ,
જિન પૂરવધર વિરહથી આ દુલ્હો સાધન જાય રે
ચંદ્રાનન જિન સાંભળીએ અરદાસ

હે નાથ! આ ભરતક્ષેત્રમાં અમારા અવતાર. અમને આ મનુષ્યદેહ અહીં મળ્યો, નાથ! ભરતક્ષેત્રમાં માનવપણું. દુલ્હો દુષમકાળ. કાળની દુષમતા જોઈએ તો એવું દેખાય, પ્રભુ! તારા અમને વિરહ થઈ ગયા. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્યમાં આવે છે ને?

એક સ્તુતિમાં આવે છે ને? કંઈ બધું યાદ હોય છે અત્યારે. નથી? ભાઈએ ગોઠવ્યું ને? તમે ગોઠવ્યું ને. અમારા પંડિતજીએ (ગોઠવ્યું છે). શું શબ્દ છે ઈ? વિરહ.

રેરે..! સીમંધરજિનના વિરહા પડ્યા આ ભરતમાં.

કુંદકુંદાચાર્ય પણ કહે છે, અરેરે..! સીમંધર જિનના.. અરે..! પ્રભુ! તારા અમને વિરહ ભરતક્ષેત્રમાં. સમજાય છે કાંઈ? અરેરે..! સીમંધર જિનના વિરહા પડ્યા આ ભરતમાં. પ્રભુ! અહીં તો ભગવાન તો મોક્ષ પધાર્યા, પણ પ્રભુ! તારું જમીન ઉપર રહેવું અને ત્યાં આગળની હાજરી, પ્રભુ! અમને વિરહ પડે છે. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરની ભાવનામાં એટલી ઝંખના છે. એવી આ ભક્તિ કરે છે. આહાહા..!

**'सरिजलरवा वराई'** **'वराई'** છે ને? **'वराई'** દીન થઈ ગઈ, દીન બિચારી. **'वराई'** દીન થઈ ગઈ. આપ હતા ત્યારે તો બહુ શોભા હતી, હોં! અને નદી દીન થઈ ગઈ. દીન થઈને રોવે. પ્રભુ! અમને તમારા વિરહ છે, શું કરીએ? ક્યાં જઈએ? કોને કહીએ? અમારા ઘટની વાતું કોને કહીએ? કોને પૂછીએ? પ્રભુ! આપના અમને વિરહ પડ્યા. એમ અહીંયાં પંચમઆરાના ભક્તો ભગવાનને યાદ કરીને પોકાર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ તો ભક્તિ તે ભક્તિ છે. આ કાંઈ વાતું નથી. આહા..! સંતોની મુનિઓની સમકિતીની ભક્તિ ઉછળી જાય છે અંદરથી. આ તો આજે ..

પ્રભુ! તારા અમને વિરહ. આહાહા..! એક પતિનો વિરહ થોડો થાય, મનુષ્યના પુતળાનો, તોય ઈ રોવે છે. પ્રભુ ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ એક સમયમાં ત્રણ કાળના ભાવ જાણનારા, પ્રભુ! અમને વિરહ છે, હોં! અમારા મતિજ્ઞાનના જ્ઞાનમાં પ્રભુ! કેવળજ્ઞાનના અમને વિરહ વર્તે છે. આહા..! એમ કરીને કેવળજ્ઞાન પર્યાયની પણ બહુમાન અને ભક્તિ કરી છે. સમજાણું કાંઈ?

હવે એનાથી લઈને જ્યારે પ્રભુ આમ ધ્યાનમાં ઊભા હતા ને, એ વાત લીધી. પ્રભુ જ્યારે ધ્યાનમાં ઊભા હતા, એનું લક્ષ કરીને ભક્તિ કરે છે.

**अइसोइओ सि तइया, काउस्सग्गट्ठिओ तुमं णाह।**
**धम्मिक्कधरारंभे, उज्झीकय मूलखंभो व्व।।१७।।**

**'હે ભગવાન!'** હે પ્રભુ! **'જિસ સમય આપ કાયોત્સર્ગ સહિત બિરાજમાન થે,...'** કાયોત્સર્ગ સહિત આમ ઊભા હતા ને, પ્રભુ. જ્યારે આપ અંદરમાં કાયોત્સર્ગ–કાયા, શરીર, વાણી અને વિકલ્પ એ બધો, એનો ઉત્સર્ગ–વિત્સર્ગ. છોડવું. છોડીને આમ ધ્યાનમાં ઊભા હતા. નાથ! **'ઉસ સમય ધર્મરૂપી ઘરકે નિર્માણમેં...'** ધર્મરૂપી

ઘર. જેમ મોટું ઘર હોય અને એક થાંભલો વચમાં હોય, માથે શું કહેવાય? મોભ. મોભ હોય છે ને? મોભ.. મોભ. મોટું લાકડું. આડસડા અમારે કહે છે. મોભ હોય ને મોટું લાકડું. અત્યારે તો બધું ફરી ગયું તમારું. હવે ક્યાં હતું? મોટું અંદર મોભ (હોય) કે જેમાં બધી વળીયું... મોટું લાકડું ઊભું એક જ. એમ આ ધર્મરૂપી ઘરમાં પ્રભુ! તમે એક થાંભલા છો. ધર્મરૂપી ઘરમાં. જુઓ! શું કહે છે?

'**કાયોત્સર્ગ સહિત બિરાજમાન થે, ઉસ સમય ધર્મરૂપી ઘરકે નિર્માણમેં...**' ધર્મરૂપી રચનામાં '**મૂલસ્તંભકે સમાન...**' મૂળ થાંભલો હોય, મૂળ વચમાં. '**આપ અત્યંત સુશોભિત હોતે થે.**' આહાહા..! જુઓ! મુનિ ક્યાંથી લ્યે છે? કેવળજ્ઞાન પામવા પહેલા જ્યારે મુનિ ચાર જ્ઞાનના ધણી હતા. આમ ધ્યાનમાં હતા. પ્રભુ! હું તો એમ જાણું છું... પહેલું શરૂઆતમાં લીધું છે, ભાઈ! આપે આમ હાથ લાંબા કર્યા છે ને. હાથથી કરવાનું કાંઈ રહ્યું નથી. માટે આપના હાથ લાંબા થઈ ગયા છે. પહેલા ધર્મોપદેશામૃતમાં શરૂઆતમાં કહ્યું છે. કૃત્યકૃત્ય પ્રભુ આત્મા, એના અંતર ધ્યાનમાં ચડી ગયા છો. એના આનંદની લહેરની નિસરણીએ ચડી ગયા અંદરમાં. પ્રભુ! એ વખતની આપની શોભા, જાણે નવા મકાનમાં એક થાંભલો આધાર હોય, એમ ધર્મના થાંભલા આપ એક જ છે. આહાહા..! આ કેવલી પણત્તો ધમ્મો શરણં. ભગવાને કહેલો ધર્મ, એના સ્તંભ ભગવાન પોતે છે. પ્રભુ! પૂર્ણાનંદની શક્તિ, એની પ્રગટતા અને ઈ ધર્મ કેમ પ્રગટે, એનો આધાર તો પ્રભુ! એક તમે છો. સમજાણું કાંઈ? વનમાં કાયોત્સર્ગમાં હતા તેને લક્ષમાં રાખીને ભક્તિ કરે છે. પોપટભાઈ! આ સંસારમાં પણ નથી બાયડી મરી જાય પછી એને યાદ કર્યા કરે, વારંવાર. અરે..! એ હતી ને.. એક જણાએ તો એનું ઓલું કર્યું હતું. એક બાઈ જૂની મરી ગઈ. સમજ્યાને? પછી એના ઘરે થઈ છે ગાય. એમ માને છે. કેવી? કામધેનુ ગાય. કામધેનુ મરી ગઈ પછી એને દાટી ઘરમાં. અને માથે મંદિર બનાવ્યું છે. શ્રીમદ્દે કહ્યું છે ને? હે ભગવાન! હું ભૂલી ગયો. એમાં એમ લખ્યું છે, હે માતા! હું તને ન સમજી શક્યો. જૂની માતા! એની વહુ હતી. મરીને ઘરમાં કામધેનુ ગાય અત્યારે થઈ એ વાત, આપણે નામ-ઠામ નથી આપતા. સમજાણું કાંઈ? એ કામધેનુ ગાય થઈ હતી. જ્યારે જુઓ ત્યારે દૂધ આપતી. એના ખ્યાલમાં આવ્યું કે આ મારી જૂની સ્ત્રી આ ગાય (થઈને આવી) છે. પછી મરી ગઈ. એને દાટી માથે મંદિર કર્યું મોટુ. ઘણાં વર્ષ પહેલાં અઢાર હજાર રૂપિયાનું મંદિર. ન્યાં પછી એમ લખ્યું છે, હે ભગવાન! હું ભૂલી ગયો, એ કીધું છે ને? (એમ) હે માતા! હું તને ભૂલી ગયો છું. મેં તને ઓળખી નહિ. તું મારી સ્ત્રી હતી અને અહીં (ગાય) થઈને આવી પણ મેં તને ઓળખી

નહિ. પ્રેમના માર્યા શું કરે છે. અત્યારે છે, મંદિર છે, બધું છે. સમજાણું કાંઈ? એ.. પોપટભાઈ!

અહીં પરમાત્માને કહે છે, નાથ! તુ એક સર્વજ્ઞ પરમેશ્વર જ્યારે કાયોત્સર્ગમાં ધ્યાનમાં કેવળજ્ઞાન લેવાને હતા, એવા ધર્મના થાંભલા પ્રભુ તમે એક હતા. પૂર્ણાનંદનો નાથ એ ધર્મની દશાનો આધાર એ આત્મા છે. એમ આપ એક ધર્મના થાંભલા (છો). મહામકાનમાં એક જ .. છે. વિકલ્પ-ફિકલ્પોનો કોઈ આધાર એને ધર્મને છે નહિ. સમજાણું કાંઈ? પછી.

**हिययत्थझाणसिहिओज्झमाण सहसा सरीरधूमो व्व।**
**सोहइ जिण तुह सीसे, महुयरकुलसंणिहो केसभरो।।१८।।**

હે ભગવાન! આપ જ્યારે આત્માના ધ્યાનમાં મસ્ત હતા ને, ત્યારે આ કાળા વાળ જે તમારા દેખાય છે ને, એ વાળ નથી પ્રભુ! ત્યારે (શું છે)? આપ અંદર આનંદના ધ્યાનમાં હતા ત્યાં શરીર બળીને રાખ થયું ને એને ધૂમાડો ન્યાં લાગે છે. ધુમાડો સમજો છો? ધુંઆ.. ધુંઆ. આ કાળ વાળ દેખાય છે ને? ઈ શું છે? જુઓ! ન્યાં આવ્યા, હવે વાળ ઉપર આવ્યા. આપ અંદર આત્માના આનંદમાં મશગુલ છો ને. એથી શરીર-કાર્મણશરીર બળી જાય છે અંદર. બળીને આ ધુમાડો નીકળ્યો છે માથે. સમજાણું કાંઈ?

હરતા ફરતા પ્રગટ પ્રભુ દેખુ, મારું જીવવું રે સફળ તવ લેખું.
મુક્તાનંદનો નાથ વિહારી, ઓધા જીવનદોરી હમારી.

હે પરમાત્મા! તું અમારા મુક્તાનંદનો નાથ. અમારા જીવનની તું દોરી છો. સમજાય છે કાંઈ? એને ભક્તિ આવડી નથી કોઈ દિ'. પોપટભાઈ! આહાહા..!

કહે છે, હે નાથ! '**આપકે મસ્તક પર ભૌંરોકે સમૂહ સમાન કાલા, જો કેશસમૂહ હૈ, વહ હૃદયમેં સ્થિત ધ્યાનરૂપી અગ્નિસે શીઘ્ર જલાયા હુઆ...**' આત્માના ધ્યાનથી જ કર્મ બળે છે, એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! આપની વાણીથી કે વિકલ્પથી કર્મ બળે છે એમ નહિ. આ વાંધા મોટા. પેલો કહે, ધર્મોપદેશ વાણીથી કરે એનાથી નિર્જરા થાય. અરે..! ભગવાન! ભાઈ! નિર્જરાનું સ્થાન અશુદ્ધતાનું ટળવું, શુદ્ધતાનું વધવું અને કર્મનું ગળવું, ત્રણને નિર્જરા કહેવામાં આવે છે. એ ત્રણ, આત્માની અંદર જ્યાં શુદ્ધતાની સ્થિરતા થઈ, અશુદ્ધતા ગઈ એને નિર્જરા કહી, શુદ્ધતા વધી એને નિર્જરા (કહી). મૂળ નિર્જરા એને કીધી. અને કર્મના રજકણો એને કારણે ગળી ગયા અસદ્ભુત વ્યવહારે એને નિર્જરા કીધી. આહાહા..! સમજાણું કાંઈ? એ વ્યાખ્યા કરે છે.

પ્રભુ! આપ 'यत्थ' અંદરમાં જ્યારે ધ્યાનમાં હતા, ચિદાનંદ પ્રભુને પકડીને આપ જ્યારે અનુભવના આનંદની ધારાની શ્રેણીમાં રમતા હતા, ત્યારે પેલું કાર્મણશરીર અને ઔદારિક પણ બળીને રાખ થઈ જશે હવે. બળીને પ્રભુ! માથે આ ધુમાડો આવ્યો છે. કાળા વાળને દેખીને ધુમાડો (થયો છે, એમ કહે છે). સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** '**ધુંઆ ભી કાલા હોતા હૈ ઔર ભગવાનકે મસ્તક પર વિરાજમાન કેશોંકા સમૂહ ભી કાલા હૈ;...**' સમજાણું? એ બેયને ઉપમા આપીને (કહે છે). પ્રભુ! અમે તો ત્યાં એ રાગ-દ્વેષ બળી જાય છે ને, કર્મ બળે છે, એનો ધુમાડો દેખીએ છીએ. વાળ નહિ. એઈ..! ભગવાન! તમે કોણ? ભગવાન એટલે નિર્મળાનંદની દશા તે ભગવાન. મુનિ તે કોણ? વાણી બોલે ઈ મુનિ? શાસ્ત્ર લખે ઈ મુનિ? એમ છે? ના, ના. અંતર સ્વરૂપમાં દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા તે મુનિ છે. મુનિપણું નિર્દોષ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં મુનિપણું સમાઈ જાય છે. મુનિપણું રાગમાં ને કર્મમાં ને બાહ્ય ક્રિયામાં આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે, પ્રભુ! એ વખતનો એ ધુમાડો મને તો દેખાય છે. એ બીજું નહિ, હોં! પ્રભુ! વાળ નહિ. બળેલી રાખ છે. એ ઊડી જવાની. આહાહા..! પછી? હવે કેવળજ્ઞાનની વાત લ્યે છે. ન્યાંથી ધ્યાનમાં આવ્યા ને પછી ન્યાં આવ્યું.

**कम्मकलंकचउक्के, णट्ठे णिम्मलसमाहिभूईए।**
**तुह णाणदप्पणेच्चिय, लोयालोयं पडिप्फलियं।।१९।।**

હે જિનેશ! હે પ્રભુ! '**નિર્મલ સમાધિકે પ્રભાવસે...**' જુઓ! ન્યાં એ કહ્યું. કેવળ કેમ થયું? પ્રભુ! આપને ચાર ઘાતિ (કર્મ) કેમ બળ્યા? નિર્મળ સમાધિ. આત્માના આનંદમાં શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિ.. શાંતિમાં એટલા સ્થિર થઈ ગયા (કે) ચાર કર્મ બળીને રાખ થઈ ગયા. સમજાણું કાંઈ? પાછું કેમ કેવળ પામ્યા ઈ અમને ખબર છે, કહે છે. અમને ભાન છે કે આપ નિર્મળ સમાધિના બળથી. પાછી નિર્મળ સમાધિ લીધી છે ને? '**णिम्मलसमाहिभूईए**' '**निर्मलसमाधिभूत्या तवज्ञानदर्पणे**' આહાહા..! પ્રભુ! આપના ચાર કર્મના નાશ થયા છે ને, એ આપના આનંદ સ્વરૂપમાં શાંતમાં શાંતિમાં રહેતાં રહેતાં, ઠરતાં એ કર્મ બળી ગયા છે, હોં! કષ્ટ કર્યા ને રાગ કર્યો ને પુણ્યક્રિયા ને વ્રતના વિકલ્પથી ચાર કર્મ ટળ્યા, એમ છે નહિ. કહો, હવે અહીંયા આચાર્ય આમ પોકારે છે. પેલા કહે, નહિ. બાહ્ય વ્રત ને નિયમો બધા વિકલ્પો સંવર, નિર્જરા છે. હે ભગવાન! ભાઈ! સોનગઢવાળાને તો ડગાવી દે જાણે. જૂઠું છે, જૂઠું છે એવું લખાણ કરે. આજે પુસ્તક આવ્યું, થોડું વાંચ્યું હતું. આવ્યું છે. આવડું મોટું. સત્ પથ દર્શન. તમને બહુ સંભાર્યા છે અંદર-સોનગઢને. જે રીત છે તે રીત હાથમાં

ન આવે ને, એટલે એ શું કરે ત્યાં? સમજાણું? આ વાત, આખો ભગવાન... પહેલો એમ કહે છે કે વ્યવહાર રત્નત્રય ચોથે, પાંચમે, છઠ્ઠે, સાતમે, આઠમે, બારમે થાય, પછી તેરમે નિશ્ચય રત્નત્રય થાય. આહાહા..! અરે..! ભગવાન! પરાશ્રય ભાવ, પહેલો પરાશ્રય ભાવ થઈને એના ફળ તરીકે સ્વઆશ્રયભાવ થાય?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તેરમે આવ્યું હતું. ત્યાં સુધી હજી વ્યવહાર મોક્ષમાર્ગ છે. ચોથેથી. અરે..! આવી વાત નહોતી, હોં! આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! આપે જે કેવળજ્ઞાન લીધું એ કર્મકલંક છે. કર્મનું કલંક જે હતું તેને આપે નાશ કર્યો. અને '**तुह णाणदप्पणे**' આપના જ્ઞાનરૂપી દર્પણમાં. જુઓ! ભાષા લીધી. '**लोयालोयं पडिप्फलियं**'. '**લોકાલોક પ્રતિબિંબત હો રહા હૈ.**' જુઓ! ત્યાં સુધી પ્રતીત, ભાનમાં કેવળજ્ઞાનની વ્યાખ્યા કરી. પ્રભુ! આપે આત્માના જ્ઞાનમાં એટલી સ્થિરતા કરી, શાંતિ ને વેદન, કે એકદમ ચાર કર્મ નાશ થયા. આપના જ્ઞાનની એક સમયની દશામાં લોકાલોક એક સમયમાં જણાઈ ગયા. કહો, સમજાણું કાંઈ? કે આગળ પાછળ જણાતું હશે? એક સમયમાં.

મુમુક્ષુ :- શ્વેતાંબરમાં એમ કહે છે,..

ઉત્તર :- એ બીજી વાત કહે છે. એ તો એક સમયમાં દર્શનઉપયોગ અને બીજે સમયે જ્ઞાનઉપયોગ.

મુમુક્ષુ :- ઈ જાણે ત્યારે બધું જાણે.

ઉત્તર :- ઈ જાણે ત્યારે બધું જાણે, એમ કહે. પહેલા સામાન્ય પછી વિશેષ, પછી સામાન્ય એમ આવે. પણ એ તો એ વખતે એમ હોય નહિ. કર્તા આત્મા, એના જ્ઞાન, દર્શન બે ગુણ પોતાના. કર્તા આત્મા. ગુણનો પર્યાય ઉપયોગ બેનો બે હોય. કર્તા એક, ગુણ બે અને ઉપયોગ બે હોય, બે ઉપયોગ એક ક્યાંથી હોય? અને એક ઉપયોગ જ્ઞાનનો અને એક (ઉપયોગ) દર્શનનો એમ વસ્તુના સ્વભાવમાં નથી.

અહીં તો કહે છે,.. કેવળજ્ઞાનના વાંધા આવ્યા છે ને અત્યારે તો મોટા. કેવળજ્ઞાન આમ દેખે. જો કેવળજ્ઞાનમાં આ વાત આવી ગઈ હોય તો તે પ્રમાણે થાય. પણ ન આવી હોય ઈ કઈ ન આવી હોય? કેવળજ્ઞાનમાં શું નથી આવ્યું? ઈ આગળ કહેશે, પ્રભુ! પક્ષીણી, કોઈ મતિની પક્ષીણી ગમે તે ઊડીને જાય, આકાશનો અંત લાવશે? એમ આપના જ્ઞાનની મતિની પર્યાયમાં કોણ ઊડીને પ્રમાણ લાવશે? બેહદ શક્તિ છે. એક તો એ બોલ લીધો છે એમાં, નાથ! સમજાણું? ઈ લીધો છે ક્યાંક.

શબ્દમાં છે ને? બીજો એક શબ્દ છે આમાં. મતિનો, મતિનો છે. સમજાણું કાંઈ? શું મતિ?

પ્રભુ! આપ કેવળજ્ઞાની પરમાત્મા અને આંધળા સાધારણ મતિના અજ્ઞાનીઓ આપની સાથે હોડ કરે એ કેવો છે? કે આંધળો દેખતા સાથે હોડ કરે છે. આમાં પણ છે. મતિ અને શ્રુતની વ્યાખ્યા. ક્યાંક છે ખરું. ૩૪. લ્યો, ૩૪ છે, જુઓ! છે આમાં.

**लोयाविप्पडिवज्जइ जो तुह गिराए मइसुइयबलेण केवलिणो।**

**वरदिट्ठिदिट्ठणहजंत,-लोयं पडिप्फलियं पक्खिगणणेवि सो अंधो।।३४।।**

'હે ભગવાન!' આમાં જ છે. '**જો મનુષ્ય, મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનકે બલસે આપ કેવલીકે વચનોંમેં વિવાદ કરતા હૈ; વહ મનુષ્ય, અચ્છી દષ્ટિવાલે મનુષ્ય દ્વારા આકાશમેં કી ગઈ પક્ષિયોંકી ગણનામેં અંધે વ્યક્તિકે સમાન સંશય કરતા હૈ.**' કેટલું મેળવ્યું છે! એક તો આંધળો (છે) અને આકાશમાં જાય છે બગલા. પંખી. આકાશમાં પણ સ્થિર નહિ, ચાલતા, ઊડતા. આમ ઊડતા દેખનાર જોવે, એની સાથે આંધળો દોડ કરે કે તું કહે છે કે સો, હું કહું છું કે ના. એઈ..! પણ તને બગલા દેખાય નહિ, હેઠે હોય તો તો વળી આમ હાથ ફેરવીને ગણે. આકાશમાં તે પણ હાલતા, સ્થિર હોય તો તો વળી કાંઈક અનુમાન કરીને આમ કરે. એને તું... સમજ્યાને? દેખતા સાથે તું આંધળો હોડ કરે છે.

એમ કેવળજ્ઞાની પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણનારા, એને તારા મતિ અને શ્રુત દ્વારા વાદ કરીને એનો તું નિષેધ કરવા માંગે છો, એ આંધળો દેખતા સાથે હોડ કરવા જેવું છે. સમજાણું કાંઈ? એમ કરીને કેવળજ્ઞાનની પર્યાયને સ્થાપીને પ્રતીતમાં, અનુભવમાં કેવળજ્ઞાન આવું હોય એવા ભાન સહિતની ભક્તિ કરે છે. એનું નામ સાચી નિશ્ચય ભક્તિ કહેવાય છે. (વિશેષ કહેશે...)

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**નોંધ :- પ્રવચન નં. ૪૬માં અવાજ ખરાબ હોવાને કારણે લેવામાં આવેલ નથી.**

## ઉપાસક સંસ્કાર અધિકાર ગાથા-૧૭
## પ્રવચન-૪૭ (૧૬ મિનિટ)

... પુણ્ય અને દયાના વિકલ્પ ઉઠે. સાચા સર્વજ્ઞની પ્રતીતનો વિકલ્પ પણ એ પારિણામિકનું રૂપ નથી. અહીં તો એને વિકારનું રૂપ કહે છે. અત્યારે અધ્યાત્મદષ્ટિએ પર્યાયને અભેદ કરીને વર્ણવે છે. એ શુદ્ધ પારિણામિકભાવે ઉસ રૂપ હૈ. એ તો એ રૂપ થઈ ગઈ. પોતાનું રૂપ પ્રકાશ્યું. પોતાનું પોત પ્રકાશ્યું. પોત પ્રકાશ્યું નથી કહેતા માણસ? એમ ચિદાનંદ પુણ્ય-પાપના વિકલ્પ રહિત થઈને, અખંડ આત્માના અવલંબે લઈને જે નિર્વિકલ્પ અને રાગ રહિત સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય થઈ એ પારિણામિકનું રૂપ છે. એ સ્વભાવનું રૂપ છે. એ ધ્રુવની દશાનું રૂપ છે. રાગ અને પુણ્ય એ કંઈ એનું રૂપ નથી. કહો, સમજાણું કાંઈ?

શુદ્ધ પારિણામકભાવ હૈ ઉસ રૂપ હૈ. વહી ધ્યાનભાવસ્વરૂપ હૈ. વહી ધ્યાનભાવસ્વરૂપ હૈ. એ નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે ધ્યાનભાવસ્વરૂપ કહો. ધર્મધ્યાન અને શુક્લધ્યાન કહો કે નિશ્ચય મોક્ષમાર્ગ કહો કે ધ્યાનભાવસ્વરૂપ કહો. ઓહોહો..! સમજાણું? વહી ધ્યાનભાવસ્વરૂપ હૈ. છે? ધ્યાનભાવનાસ્વરૂપ છે. ધ્યાનભાવના. ધ્યાનરૂપી ભાવના કહો કે ધ્યાનરૂપભાવ કહો. એ તો વર્તમાન પર્યાય થઈ. વર્તમાન ધ્યાન.. જુઓ! આ ધર્મધ્યાન. માણસ કહે છે ને, ધર્મધ્યાન કરો છો? ભાઈ! કયુ ધર્મધ્યાન હશે? ક્યાં રહેતું હશે ધર્મધ્યાન? ધર્મધ્યાન ભાવ કહો કે ધર્મધ્યાન ભાવના કહો. એ આત્માના પર્યાયમાં રાગ રહિત વીતરાગી સમકિત, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્રનો અંશ, એને ધર્મધ્યાન કહે છે. એ સિવાય ધર્મધ્યાન હોઈ શકે નહિ. કહો, ...ભાઈ! આ બધું ચલાવે છે, ધર્મધ્યાન, ધર્મધ્યાન. ઘણા કહે છે, બધા કહે છે, આ ધર્મધ્યાન, ધર્મધ્યાન. બહારમાં. બહારમાં મનાવી બેઠા છે સહુ. સામાયિક ને પોષા ને પડિકમણા કરે ને. દાન ને પૂજા ને ભક્તિ ને જાત્રા કરે તો બહુ ધર્મધ્યાન કરે છે, બાપા! અરે..! ધર્મધ્યાનની તને ખબરેય નથી.

ધર્મધ્યાન કહેનારા કેવા હોય? ધર્મધ્યાનને કહેનારા શાસ્ત્રો કેવા હોય? અને ધર્મધ્યાનને કહેનારા સર્વજ્ઞ કેવા હોય? એને પણ જ્યાં ઓળખતા ન આવડે, એને ધર્મધ્યાન ક્યાંથી પ્રગટે? એ ઓળખતા આવડે નહિ. એ ૧૭મો બોલ થયો. વહી ધ્યાનભાવસ્વરૂપ હૈ અથવા ધ્યાનભાવનાસ્વરૂપ છે. ધ્યાન એ ભાવના છે ને. પોતાનો ત્રિકાળ સ્વભાવ

છે. સમ્યગ્દર્શન એ ધ્યાન છે, સમ્યગ્જ્ઞાન પણ ધ્યાન છે. ધ્યાન એટલે એકાગ્રતા. ધ્યાન એટલે (એકાગ્રતા). પેલી જે રાગ અને પુણ્યમાં એકાગ્રતા હતી એ સંસાર હતો, એ ધ્રુવ સ્વભાવમાં એકાગ્રતારૂપ ધ્યાનની ભાવના રૂપ ભાવ, એને મોક્ષમાર્ગ કહે છે. ભારે વાત, ભાઈ! આ તો બધું વર્તમાન કહે છે એનાથી ઊંધું પડે છે. ઘણાં માણસો (કહે છે), બહારમાં કરતા કરતા આવે ને? પણ કરતાં-કરતાં, ઝેર ખાતા ખાતા અમૃત આવતું હશે? કે ઝેરને ઓગાળીને વમન કરે તો આવતું હશે? એમ આ આત્મા..

અહીં તો એક જ વાત લીધી છે કે જે સમયે, જે ક્ષણે, જે કાળે આ વ્યવહાર ને નિમિત્તનું લક્ષ છોડીને ચિદાનંદ જ્ઞાયક ચૈતન્યના સ્વભાવવાનનો આશ્રય લીધો અને પ્રતીત, જ્ઞાન ને રમણતા પ્રગટી, એને અમે ધ્યાન કહીએ છીએ, એને મોક્ષમાર્ગ કહીએ છીએ, એને સંવર ને નિર્જરા કહીએ છીએ. બાકી સંવર, નિર્જરા-ફિર્જરા હોતી નથી. માણસો તો એમ કહે, સંસારને વિચાર કરવો એ તો ભલે ભુંડા ધ્યાન (હો), પણ અમે અહીં નવકાર ગણીએ, પાંચ નવકારનું સ્મરણ કરીએ, ભગવાનની ભક્તિમાં ઊભા રહીએ, ભગવાનની સામું આમ ત્રાટક માંડીએ. ન્યાં કાંઈ ધર્મધ્યાન નહિ હોય? ઈ પણ ધર્મધ્યાન નથી. એ તો રાગ છે. ત્યારે રાગ કરવો નહિ? વળી એમ કહે. તમે તો એમ કહો છો કે રાગ કરવો નહિ. અરે..! પણ રાગ કરવો, નહિ કરવાનો પ્રશ્ન જ ક્યાં છે? એ તો સાધક છે અને અધૂરો છે તો થયા વિના રહે નહિ. અને રાગ જે જાતનો થાય તેવું તેનું બહુમાન બહાર ઉપર લક્ષમાં ગયા વિના રહે નહિ. છતાં તે મોક્ષમાર્ગ નથી. રાગ વચ્ચે આવે તે મોક્ષમાર્ગ નથી. ઈ રાગની એકાગ્રતા એ ધ્યાન નથી. આત્માની ચિદાનંદની અંતર સ્વભાવની ઓળખાણ કરી અને અંતરમાં એકાગ્રતા (થાય) તેને ધ્યાનસ્વરૂપ કહે છે.

પેલા આવે છે ને? ૧૬ બોલ નથી આવતા? ધર્મધ્યાનનો કાઉસગ્ગ કરાવે છે ને? આણાવિજય, વિવાગવિજય, અવાયવિજય, સંઠાણવિજય.. એવા આવે છે ને? ચાર એના આલંબન ને ચાર એના પાયા, એમ કરીને આવે છે. પણ એ બધુંય કહે છે કે તું કહે એમ એનો અર્થ નથી. એ જાણે કે સોળ વિચાર કરે એટલે ધર્મધ્યાન થઈ જાય. દલીચંદભાઈ! આવે છે ને ધર્મધ્યાનનો કાઉસગ્ગ? બહુ કરાવે છે પેલા પડિકમણા વખતે. આ પ્રમાણે છે ને આ પ્રમાણે છે. આ અહીં બિરાજે છે ને અઢી દ્વીપમાં ફલાણું છે. સિદ્ધ બિરાજે એને મારી વંદના હોજો. એમ આવે છે. અનંત વાર સમકિત વિના કરણી કરીને ચોર્યાશી લાખ અનંત વાર ફરી ચૂક્યો, પણ ક્યાંય ભવનો અંત આવ્યો નહિ. એવું ધર્મધ્યાનના કાઉસગ્ગમાં આવે છે. કાઉસગ્ગ કરાવે છે. આવે છે ને? એણે તો બધું કર્યું હોય. લખ્યું છે ને એણે તો. પડિકમણામાં

બધું લખ્યું છે એણે. કહો, સમજાણું કાંઈ? કહે છે કે એ નહિ.

આત્મા જે સમયે, જે ક્ષણે, જે કાળે, જે પળે વ્યવહાર નિમિત્તનું અવલંબન છોડીને, આમ ગયો. ચિદાનંદ ચૈતન્યસ્વભાવનો ધરનાર ચેતન, એને અવલંબે શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાનો અંશ આવ્યો, એને અમે પરમધ્યાન ભાવના કહીએ છીએ. એ સિવાય આમ ધ્યાન કર્યું હતું ને આમ ધ્યાન કર્યું હતું, ગારુડી ને બધું આવે છે ને? ધ્યાનમાં આવે છે. આમ કરવું, એક કમળ વિચારવો, એમાં ચોવીસ પાંખડી વિચારવી. એક એક પાંખડીએ એક એક તીર્થંકરને મૂકવા. એ બધો શુભરાગ છે. આત્માના અવલંબે જે નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટે તેને ધ્યાન ભાવના કહેવાય છે. એ સિવાય સાચી ધ્યાન ભાવના હોતી નથી.

એની રીત ને એની વિધિ છે એને સત્યતાની હા તો પાડે. એની વિધિ, એની રીત, એની પ્રણાલિકા, એના પંથ જે છે, એ સત્યને હા પાડે ને અસત્યનો નકાર કરે, તો અંદર હળવે હળવે માર્ગ થાય. આ તો કહે, નહિ, નહિ. એમ નહિ, એમ નહિ, એમ નહિ. એમાં તો બધું નિશ્ચય થઈ જાય, નિશ્ચય થઈ જાય, વ્યવહારનો લોપ થઈ જશે, ઢીકણું થઈ જશે. લોપ થાય તો તારે વાંધો શું છે? સંસારમાંથી લોપ થઈને તારે અંદર સમાવું છે કે નહિ? લોપ થાય તો થવા દે. પણ આ સમજણ ને આ શ્રદ્ધા ને આ રમણતા વિના સાચું ધ્યાન અને સંવર, નિર્જરા હોય નહિ. એ સત્તરમો બોલ (થયો).

વહી શુદ્ધ ચારિત્ર હૈ. લ્યો, દર્શન આવ્યું હતું, જ્ઞાન આવ્યું હતું. ત્રણ ત્રણ બોલને એક એક બોલે સમાડી દે છે. જે નિશ્ચય મોક્ષમાર્ગ છે એને જ અહીંયાં શુદ્ધ ચારિત્ર કહીએ છીએ. કારણ કે મોક્ષમાર્ગ છે એ ચારિત્ર જ છે અને ચારિત્ર હોય ત્યાં દર્શન, જ્ઞાન હોય છે. ત્રણની એકતા તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ. અને ત્રણની એકતા. મોક્ષમાર્ગ ત્રણ નથી. મોક્ષમાર્ગ તો એક જ છે, એ ત્રણની એકતા ઈ. એથી અહીં કહે છે કે, આત્માની શુદ્ધની પ્રતીત, જ્ઞાન ને રમણતા, તેને અમે શુદ્ધ ચારિત્ર કહીએ છીએ. કહો, સમજાણું?

વહી શુદ્ધ ચારિત્ર. અને પંચ મહાવ્રત ને નિર્ગ્રંથ સંતો, મુનિઓ છઠ્ઠે ગુણસ્થાને હોય, એને અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પો અચેલ, એકવાર આહાર, ઊભા ઊભા આહાર, એવી વૃત્તિ સાચા સંત મુનિઓને છઠ્ઠે ગુણસ્થાને ઊઠે, પણ એ ચારિત્ર નથી. સમજાય છે કાંઈ? એ વ્યવહાર ચારિત્રને એનો આરોપ આપ્યો છે. પણ આ નિશ્ચય ચારિત્ર આવું હોય તો પેલાને વ્યવહાર ચારિત્રનો આરોપ છે. નહિતર તો વ્યવહાર અને નિશ્ચય એકેય હોતા નથી.

વહી શુદ્ધ ચારિત્ર હૈ. વહી એટલે કોને લાગુ પડે છે આ? માસ્તર! મોક્ષમાર્ગને. નિશ્ચય એક વિશેષણ રહી ગયું. નિશ્ચય સાચો સત્ય સમ્યક્ મોક્ષમાર્ગ, એને આ બધા વિશેષણ અને પર્યાય નામ લાગુ પડે છે. બીજાને લાગુ પડતા નથી. જુઓ! અહીં તો કહે છે, મોક્ષમાર્ગ તે શુદ્ધ ચારિત્ર છે. મોક્ષનો માર્ગ એ શુદ્ધ ચારિત્ર છે. શુદ્ધ રમણતા, રાગ રહિત દ્રવ્ય સ્વભાવને અવલંબે વીતરાગી અંશ શાંતિ ને સમાધિ પ્રગટી, એને અમે શુદ્ધ ચારિત્ર કહીએ છીએ. લ્યો, લુગડાં છોડ્યા એને ચારિત્ર નહિ, લુગડાં હોય એને તો ચારિત્ર હોય જ નહિ, પણ લુગડાં છૂટ્યા એ ચારિત્ર નહિ, લુગડાં છોડવાનો વિકલ્પ ઉઠ્યો એ ચારિત્ર નહિ. ફક્ત એ રાગ રહિત દ્રવ્યને અવલંબે જે શાંતિ ને અકષાય દશા છઠ્ઠે પ્રગટી, એવા માર્ગની પર્યાયને અહીંયાં શુદ્ધ ચારિત્ર કહે છે.

વહી અંતરંગકા તપ હૈ. અહીં પર્યાયથી લીધું છે ને. અંતરંગકા તત્ત્વ હૈ. પેલું પરમ અંતરંગ તત્ત્વ તો ત્રિકાળ છે. જે નિયમસારમાં બહિરંગ તત્ત્વ અને અંતરંગ તત્ત્વ આવ્યા, એમાં અંતરંગ તત્ત્વ તો ત્રિકાળ પરમપારિણામિકભાવ પર્યાય વિનાના તત્ત્વને પરમ અંતરતત્ત્વ કહ્યું છે. અહીં એ પરમસ્વભાવ જે જ્ઞાયક એકરૂપ રહેનાર, એને અવલંબે, જે મોક્ષની પર્યાય માર્ગની પ્રગટી, એને અંતરંગનું તત્ત્વ કહે છે. વ્યવહાર વિકલ્પને બહિરંગ તત્ત્વ કહે છે. અહીં એ અપેક્ષા છે. સમજાય છે? ભાઈ! નિયમસારમાં જ્યાં શુદ્ધભાવ અધિકાર લીધો, ત્યાં અંતરંગ અને બહિરંગ તત્ત્વની વ્યાખ્યા બીજી કરી છે. ત્યાં અંતરંગ તો પરમ સ્વભાવ ધ્રુવ એકરૂપ તે અંતરંગ તત્ત્વ છે. અને ત્યાં તો સંવર, નિર્જરા અને મોક્ષ પણ બહિરતત્ત્વ છે. એક સમયનો પર્યાય તે બહિરતત્ત્વ. ત્રિકાળ પરમસ્વભાવ તે અંતરંગ તત્ત્વ. અહીંયાં બીજી ઢબની વાત છે. અહીંયાં સંવર અને નિર્જરા પર્યાયરૂપ થઈ તેને અંતરંગ તત્ત્વ કહ્યું છે. આસ્રવ અને પુણ્ય-પાપને અહીંયાં બહિરંગ તત્ત્વ કહ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. કીધું ને. પુણ્ય વિકલ્પ. રજકણની વાત ક્યાં છે? પરિણામ-પુણ્ય-પાપના પરિણામ જે થાય, વ્યવહાર રત્નત્રય જે થયો, મુનિને પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠ્યો, એ વિકલ્પને અહીંયાં બહિરંગ તત્ત્વ કહ્યું. અને આત્મા શુદ્ધ જ્ઞાયકને અવલંબે નિશ્ચય મોક્ષમાર્ગ જે પ્રગટ્યો એને અંતરંગનું તત્ત્વ કહ્યું છે. કે જેને નિયમસારમાં સંવર, નિર્જરા ને મોક્ષમાર્ગની પર્યાયને પણ બહિરંગ તત્ત્વ કહ્યું છે. સમજાય છે? જે નિશ્ચય મોક્ષમાર્ગ જે નિર્વિકલ્પ તત્ત્વ ચૈતન્યની પર્યાયમાં થયું એને દ્રવ્યદષ્ટિની મુખ્યતાના જોરે એને પણ બહિરંગ તત્ત્વ ગણી નાખ્યું છે. વિરજીભાઈ! એક ઠેકાણે

કાંઈ, બીજે ઠેકાણે કાંઈ. પણ બધી વાતનો મેળ કરવો જોઈએ કે નહિ? ભાવ સમજવો જોઈએ.

ત્યાં એક વસ્તુને પરમ અંતરંગ તત્ત્વ લઈ અને જે સાત પર્યાયો છે, પુણ્ય-પાપ આસ્રવમાં જાય, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ બધાને બહિરંગ તત્ત્વ કહ્યું છે. કારણ કે અંતરમાં તેનો પ્રવેશ નથી. વસ્તુના સ્વભાવમાં એનો પ્રવેશ નથી. અને અહીં કહે છે કે મોક્ષમાર્ગની પર્યાય તે અંતરંગ તત્ત્વ છે. એમાં પુણ્ય-પાપના આસ્રવનો પ્રવેશ નથી. સમજાય છે કાંઈ? વસ્તુ જે નિત્ય જ્ઞાયકસ્વરૂપ, એને અવલંબે પ્રગટેલી સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રની દશા, એને અંતંગનું તત્ત્વ કહ્યું. કેમ? કે એમાં વ્યવહાર રત્નત્રયનો પ્રવેશ નથી. વ્યવહાર રત્નત્રય બહાર ઝુલે છે. બહાર છે, બહાર. વિકલ્પ જે ઉઠે છે એ બાહ્ય છે અને આ નિર્વિકલ્પ શ્રદ્ધા, જ્ઞાન અને રમણતાનો અંશ પ્રગટ્યો, એને અંતરંગ તત્ત્વ કહ્યું છે. જે ત્રિકાળી અંતરંગ તત્ત્વને આશ્રયે પ્રગટેલી પર્યાય, એને અંતરંગ તત્ત્વ લઈને નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો છે. કહો, સમજાણું કાંઈ?

વહી અંતરંગકા તત્ત્વ હૈ. લ્યો, તો આ તત્ત્વ ક્યાં ગયા? શરીર ને વાણી ને દેવ-ગુરુ ક્યાં ગયા? બહિરંગ. દેવ-ગુરુ-શાસ્ત્ર બહિરંગ તત્ત્વ. પણ દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ ઉઠ્યો એ બહિરંગ તત્ત્વ. અંતરંગ તત્ત્વ તો એ મોક્ષમાર્ગની જે દશા પ્રગટી, સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા, જેમાં રાગનો લેપ અને અંશનું અવલંબન નથી, એવી દશા નામ ભાવને અહીંયાં અંતરંગનું તત્ત્વ કહે છે. અને એ જ મોક્ષનું કારણ છે, બીજું કોઈ મોક્ષનું કારણ છે નહિ. લ્યો, ૧૯ (બોલ) થયા.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)



## દાનોપદેશ અધિકાર
## ગાથા-૧૩ થી ૧૫, પ્રવચન-૪૮

(દાન અધિકાર) ચાલે છે અત્યારે. દાન એટલે ખરેખર તો આચાર્ય પહેલી ગાથામાં કહી ગયા. જગતના પ્રાણી લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાયેલાને પાપના ઉદ્ધાર માટે જરી દાનનો અધિકાર કહીશ. શાંતિભાઈ! કૂવામાં જેમ પાણી અને હેઠે એક પેઢલી હોય છે. પેઢલીની હેઠે ભેખડ હોય છે. એમ અનાદિ કાળમાં આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ આત્મા છે એને ભૂલીને પરવસ્તુ આત્મા સિવાયની જુદી છે એને પોતાની માનીને તે મારા અને હું એનો એવી જે મમત્વ દશા છે એ અનાદિ કાળની દુઃખદશાના કારણરૂપ છે. એ ઉપરાંત ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ શુદ્ધ શાશ્વત જ્ઞાન અને આનંદનો પિંડ છે. એની પ્રીતિ, પ્રેમ, રુચિ અને અવલંબન છોડી અને પુણ્ય ને પાપના શુભ અને અશુભભાવ જે વિકાર છે તેનો જેને લોભ છે.. ભગવાનજીભાઈ! ઝીણી વાત આવી હોં પહેલી.

આત્મા સત્... સત્... સત્... શાશ્વત ચિદાનંદ એટલે જ્ઞાન અને આનંદ એનું સ્વરૂપ અને રૂપ છે. અંતરમાં એનું સ્વરૂપ એ છે. એને એનલાર્જ, નાનો ફોટો હોય છે ને પછી એનલાર્જ મોટો કરે છે, એમ આત્મામાં, આ દેહ, વાણી ને મનના પરમાણુ આ તો માટી જડ અજીવ તત્ત્વ છે એનાથી પાર અને અંદર આઠ કર્મના રજકણો જેને નસીબ કહે છે, પ્રારબ્ધ કહે છે એ પણ એક ઝીણી રજકણ છે એનાથી પાર અને એનામાં જે પુણ્ય અને પાપના શુભ અને અશુભ જે દયા, દાન, ભક્તિના પુણ્યભાવ, કામ, ક્રોધ, હિંસા, જૂઠા, ચોરીના, જે રળવાના, વિષયને ભોગવવાના પાપભાવ એ દુઃખભાવ કૃત્રિમ અનિત્ય વિકાર ઉપાધિ છે. એ ઉપાધિ રહિત અંતર જ્ઞાનાનંદ સ્વરૂપ શાશ્વત પ્રભુ ચૈતન્યમૂર્તિ (છે) એનો સ્વતઃ સ્વયંસિદ્ધ સ્વભાવ છે. શેઠી! એની પ્રીતિ છોડીને જેને પુણ્ય અને પાપની પ્રીતિ છે, એ કહે છે કે લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાઈ ગયા છે. ઝીણી વાત છે, દરબાર! કોઈ દિ' સાંભળી નહિ હોય આવી વાત જ ક્યાંય. આ બધા .. કર્યા હોય. ધીરૂભાઈ! આ બીજી વાત છે. અમારે ધીરૂભાઈ .. .. સાંભળ્યું હતું.

આ આત્મા અનાદિકાળનો આદિ જેની નથી. છે છે ને છે. જે વસ્તુ હોય તે કદી ભૂતકાળમાં ન હોય એમ બને નહિ અને જે છે તેનો ભવિષ્યમાં કોઈ દિ' નાશ

થાય એમ બને નહિ. ફક્ત એ આત્મા અનાદિ વસ્તુ છે એનામાં રૂપાંતર થયા કરે છે. સમજાણું કાંઈ? રૂપાંતર રૂપાંતર થાય છે, અવસ્થાંતર પર્યાય ... કહો, શેઠી! કોણ આવ્યું? સમજાય છે કાંઈ? મહેમાન ઘણા ઘણી ઘણી જાતના આવ્યા છે હોં હમણાં.

શું કહેવાય છે? ધ્યાન રાખજો. આ વાર્તા કથા નથી. આ વાર્તા ધર્મકથા અને આત્માની વાત છે. અનંત અનંત કાળમાં અનંત અનંત વાર પશુ યોનિમાં અવતર્યો, મનુષ્ય યોનિમાં જનમ્યો, નરક યોનિમાં અનંત વાર ગયો અને અનંત વાર સ્વર્ગના દેવો જેને પુણ્યના ફળ તરીકે ઘણી સંપદા, જેવી અહીં ધૂળની સંપદા કહેવાય છે પાંચ, પચાસ કરોડ, લાખ કે ધૂળ, એના કરતાં તો એની સંપદા અપાર ઘણી છે. એવા જીવોએ ઘણા પુણ્ય કરેલા. રાગની મંદતાના, લોભની કમીના શુભભાવ થયેલા, એના ફળ તરીકે પુણ્યબંધન થયેલું અને તે પુણ્યબંધનના ફળ તરીકે સ્વર્ગની સંપદા પણ આ આત્મા અનંત અનંત વાર મેળવીને પામી ચૂક્યો છે. પણ એક .. ચિદાનંદ પ્રભુ આત્મા જ્ઞાન અને આનંદનો સ્વભાવમાં ભંડાર પડ્યો છે. ખબર નથી એને શું છે એ.

'અપનેકો આપ ભૂલકે હૈરાન હો ગયા.' ભગવાન આત્મા શાશ્વત આનંદ અને શુદ્ધ ચૈતન્યના સ્વભાવના સ્વરૂપ રૂપ ભંડાર છે, એને ભૂલી અને શુભ અને અશુભ જે પુણ્ય-પાપના ભાવ થાય એનો લોભ રાખે કે આ પણ મને ઠીક છે, એ પણ વિકારના કૂવામાં ઊંડો ઉતરી ગયો છે. શાંતિભાઈ! વાત તો બાપુ ઝીણી છે કાંઈક બીજી. આ જગત અનાદિ કાળથી થોથા કરી રહ્યા છે પણ જન્મ-મરણના અંત કેમ આવે એની એને ખબર નથી. કેમ આત્માનું ભાન થાય અને જન્મ-મરણ ચોર્યાશીના અવતાર કેમ છૂટે, એ વાત એને અનંત કાળમાં અંતર્મુખ થઈને કોઈ દિ' સાંભળી નથી. બહિર્મુખ થઈને એમ ને એમ ધર્મ કરીએ... ધર્મ કરીએ... ધર્મ કરીએ... એમ કરી રહ્યો છે. પણ ધર્મ કર્યો નથી, પણ ધર્મ કરીએ છીએ તેમ અજ્ઞાન કર્યું છે. શાંતિભાઈ! સાચું હશે આ?

કહે છે, હે આત્મા! તારી અંતર લક્ષ્મી અપરિમિત બેહદ આત્મા પરમાત્મા થવાને લાયક છે. સમજાણું કાંઈ? મહેંદીના પાનમાં લાલપ અંદર રહેલી છે બહાર લીલપ દેખાય છે. પણ મહેંદીના પાનમાં શક્તિનું સત્ત્વ... મહેંદી સમજો છો? શેઠી! સમજો છો? મહેંદી એટલે શું? એ મહેંદીના પાનમાં બહાર લીલપ છે, અંદર લાલપ છે. એમ ભગવાન આત્મામાં બાહ્યમાં એની દશામાં એ અનાદિ કાળથી પુણ્ય અને પાપના ભાવ કરે તે લીલપ છે. એના અંતર સ્વભાવમાં લાલપ એટલે આનંદ અને જ્ઞાનસ્વભાવ ભરેલો છે. ભગવાન જાણે શું હશે આ? આખો દિ' માથાફોડ. ધીરૂભાઈ! આ વાત

બીજી જાતની. ઓલા પૈસા-બૈસા ભણવામાં આવે ને જરી. ધૂળ લાખ ને બે લાખ ને પાંચ લાખ ને...

અરે..! ભગવાન! તારી લક્ષ્મી અને સંપદા પ્રભુ! તેં કોઈ દિ' સાંભળી નથી, તેં કોઈ દિ' રુચિ કરી નથી. તારી સચ્ચિદાનંદ સ્વભાવની લક્ષ્મી, એ પાનમાં જેમ લીલપ અને અંદર લાલપ છે, એમ ભગવાન આત્મામાં અંતર સ્વભાવમાં અંતર્મુખના ધ્યેયમાં આનંદ અતીન્દ્રિય રસથી ભરેલું એ આત્મતત્ત્વ છે. એને ભૂલી અને પુણ્ય અને પાપના વિકલ્પો ઉઠે છે, શુભ અને અશુભ રાગની વૃત્તિઓનું ઉત્થાન થાય છે. આચાર્ય મહારાજ સર્વજ્ઞદેવ આદિ કહે છે કે અરે..! આત્મા! એ વિકૃતભાવની આડમાં, તેના પ્રેમમાં, એ વિકૃતના, વિકારના કૂવામાં પડીને .. ધૂમાડો થાય છે ને? આપણે ધૂમાડો કહે છે ને? ... અંતરમાં જે વિકાર પુણ્ય અને પાપ, શુભ અને અશુભના થાય એના વિકૃતભાવના તું પ્રેમાળ અને લાલપમાં પડ્યો અને વિકારરહિત અંદર જ્ઞાનાનંદ સ્વભાવ સત્ત્વમાં પડ્યો છે, એનો તને પ્રેમ અને પ્રીતિ અનંત કાળમાં સમયમાત્ર પણ આવી નથી. વાત તો ભાઈ બીજી છે, હોં! અહીં કાંઈ બીજી કાંઈ લાલાપેઠાની વાતું નથી. આ બહારમાં કેમ પૈસા મળે અને કેમ આ મળે. એ બધા ધૂળધાણી પૂર્વના પુણ્ય હોય તો મળે, પુણ્ય ન હોય તો ન મળે. એ વાત જ આજ સવારમાં થઈ હતી. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આ તો સવારે વાત થઈ હતી. જયપુરના છે. અમે આવ્યા હતા ને જ્યારે જયપુર, એ દીવાનના બંગલામાં ઉતર્યા હતા ને. પછી અમે નીચે વ્યાખ્યાન કરવા બહાર જતા હતા. અમે જ્યારે બેઠા તો એક માગણ નીકળ્યો. માગવા માટે. ... અમે નીચે ઉતર્યા ત્યાં.. આ ખાહડાને શું કહે છે તમારે? જુતા. કોરા, એ કોરા હલકા ... મોરબીવાળા ત્રિકમલાલ ઝવેરીનો પુત્ર. માવજી ભાવસારનો દીકરો. વાંકાનેર. જયપુરમાં ઝવેરાતની દુકાન હતી. ઝવેરાતની દુકાન. એનો દીકરો ૭૫ વર્ષનો. અમે નીચે ઉતર્યા. એ માગતો હતો. પણ મારી નજર ગઈ ત્યાં, એનું આ ટાલકુ જરી સુંવાળુ લાગ્યું. ભોગીભાઈ! કીધું, ભિખારી નથી આ માણસ. આ માણસ મૂળ ભિખારી નથી. આમ નજર પડતાં (લાગ્યું). ત્યાં મહેન્દ્રભાઈ બેઠા હતા. તમારા પુત્ર. મેં કીધું, આ છે કોણ? નેમચંદભાઈ! .. શરીર ઉપરથી પણ ખબર પડે ને? કે આ માણસ મૂળ ભિખારી નથી લાગતો. આ છે કોણ? કીધું. માગણ. અરે..! મા-બાપ.. એની ભાષામાં, હોં! હિન્દી ભાષામાં. પૈસો આપો-પૈસો આપો. છે કોણ આ? ત્યારે એનો મોટરનો ડ્રાઈવર હતો એ એને ઓળખે. કહે, સાહેબ! આ તો માવજીભાઈ ઝવેરીનો

દીકરો. .. દીકરો છે? કહે હા. ઓહો..! આ તો ફલાણો. આ શું? પુણ્ય ફર્યા, પુણ્ય ફર્યા. ઝવેરાતની દુકાન જયપુરમાં, હોં! શાંતિભાઈ! .. મોટા .. બધું વ્યવસ્થિત છે. ધૂળમાંય નથી હવે, સાંભળને! બુદ્ધિના બારદાન જોયા છે. ખાલી ખોખા. બારદાન સમજાણું? બુદ્ધિના બારદાન. અને પચાસ-પચાસ લાખ પેદા કરે એવા જોયા છે. ધૂળમાંય બુદ્ધો શું કરતો હતો ન્યાં? અને બુદ્ધિના ખાં. ઓલો બારદાન તો આ ખાં. મહિને પાંચસે પેદા કરવા હોય તો ટેં.. ટેં.. થઈ જાય. એ તો પૂર્વના પુણ્ય, બાપુ! તને ખબર નથી. પૂર્વના જેવા શુભ અને અશુભભાવ થયેલા એના ફળ તરીકે પુણ્ય-પાપ બંધાય અને એના પાક કાળે તે સામગ્રીનો સંયોગ આવે. એમાં તારા પ્રયત્નને લઈને મળે (એમ નથી). ..ચંદજી! બરાબર હશે આ વાત? .. હા પાડવી પડશે, ના પાડે એવું નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે .. આ તો અમારે માવજીભાઈ ઝવેરીનો દીકરો. તમે નહિ ઓળખતા હો. એને ખબર નહોતી ને. થોડી સ્થિતિ હતી તો કાંઈ મદદ પણ કરી નહિ. મહેન્દ્રભાઈ કહેતા હતા. પણ ક્યાં સુધી? પુણ્ય ન મળે. માગે ભિખારી. ઝવેરાતની દુકાન જયપુરમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. થાય ભિખારી. એ તો જોયો છે મેં ત્યાં (સંવત) ૨૦૧૩મી સાલની વાત છે. આમ ટાલકુ જોયું ને, કીધું, આ માણસ મૂળ ભિખારી નહિ હોય. (ડ્રાઈવર) કહે, ના. એ તો ઝવેરીનો દીકરો હતો. મેં કીધું, બરાબર લાગે છે, હવે બરાબર લાગે છે. કારણ કે મૂળ ભિખારીની ચેષ્ટા અને એની લાઈન બીજી. ભિખારી સમજો છો ને? ભીક્ષા માંગે. એ ચડતી ફરતી છાયા. તડકો અને છાયો. પુણ્ય હોય તો છાયો દેખાય, વળી પુણ્ય ફરે ત્યાં ભિખારી. એ કાંઈ આત્માના વર્તમાન પ્રયત્નનું ફળ નથી. વર્તમાન રળવાનો ભાવ કરે એ તો રાગ છે. કાંઈ રાગના ફળમાં લક્ષ્મી આવતી હશે? બોકડા કાપે ને લક્ષ્મી મળે. આ કસાઈખાનામાં થાય છે કે નહિ? બોકડા કાપે. આ વાંદરાના સ્ટેશનવાળા નહિ? રૂપાની ખુરશી ઘરે. એ કાપે એના ફળ હશે? શાંતિભાઈ! કેટલા રૂપિયા અને કરોડો. એક અમેરિકામાં તો દોઢ માઈલમાં જેની કસાઈની દુકાનો છે. દોઢ માઈલમાં. એવો મોટો અબજોપતિ છે. અબજોપતિ. દોઢ માઈલમાં તો કસાઈની દુકાનો કાપવાની. અને અબજોપતિ. શું આ અબજ રૂપિયા આ કતલમાંથી આવ્યા? તો કતલના ભાવ તો પાપ છે. પાપમાં સગવડતા હોય? ત્રણ કાળમાં નહિ. પણ વર્તમાન પાપ કર્યા અને પૂર્વના પુણ્ય હતા એ ફળ્યા. કેટલા ... એટલે એને એમ લાગે કે આહા..! આપણે આ કર્યું માટે (પૈસા મળ્યા). ભાઈ! એમ મળ્યું નથી, બાપા! તને ખબર નથી, ભાઈ! પૂર્વના પુણ્યના રજકણનો પાક

જે દળ પડ્યું છે, આ સુખડી નાખે છે ને સુખડી? તમારે .. સુખડી થાય મહાજનમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુ ખબર છે ને. અમે તો ત્યાં રહ્યા છીએ ને, મહિનો-મહિનો રહ્યા છીએ. .. ને બધું જોયું છે ને. એટલે થર જેવા નાખ્યા પૂર્વના શુભ અને અશુભભાવ કરીને એવા કર્મના ફળ નાખ્યા. એમાં કાંઈ વર્તમાનમાં તારા ડહાપણને લઈને આ મળે ને કરે, એવું કાંઈ છે નહિ. એમ એણે પહેલું નક્કી કરવું જોઈએ. પછી શુભ અને અશુભના ભાવ જે વિકાર થાય, એ વિકારની લાગણીની રુચિ કરે છે અને ત્રિકાળ ચિદાનંદ ભગવાન જ્ઞાનાનંદ મૂર્તિ છે એમાં શક્તિનું સત્ત્વ આનંદ પડ્યું છે એની પ્રીતિ કરતો નથી અને પ્રેમ પુણ્ય-પાપમાં કરે છે, કહે છે કે અનંત સંસારના લોભના ઊંડે કૂવે ઉતરેલો છે. સમજાણું કાંઈ? ..ચંદજી! એવો લોભ.

અહીં તો બીજી વાત એ ઉપરાંત કરે છે. શું કરે છે? કે ભાઈ! આ જેને પુણ્ય-પાપના પરિણામના ભાવની પણ રુચિ ગઈ અને આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની રુચિ થઈ, એને પણ હજી રાગ જે સંસારનો છે, એવા લોભરૂપી કૂવાની ભેખડમાં ભરાયેલાને ઉદ્ધારવા માટે હું કાંઈક કહીશ. ફૂલચંદભાઈ! બે વાત કરી. પહેલો તો લોભરૂપી કૂવો બહારનો કહ્યો. ત્યાં વળી અંદરનો કાઢ્યો. સમજાય છે કાંઈ? ...લાલજી! આહાહા..! અરે..! એને ખબરું નહિ હોં! હું ક્યાં છું? હું શું કરી રહ્યો છું એની ખબરું નથી. અને ખબર વિનાનો બેખબરો. બેખબરો એટલે બે ખબરું હશે? ખબર વિનાનો. બેખબરો એટલે ભાન વિનાનો બેભાન. 'અપને કો આપ ભૂલ કે હૈરાન હો ગયા.'

ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ અરે..! તને પ્રેમ પણ નહિ અંતર સ્વભાવનો? અને સ્વભાવથી વિરૂદ્ધ ભાવ જે વિકાર પુણ્ય અને પાપના ભાવ થાય એના પ્રેમની પ્રીતિની જંજાળમાં ચોંટ્યો, કહે છે કે અનંત સંસારમાં લોભના કૂવામાં પડ્યો છો, હોં! એ તને રાગરહિત ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્યમૂર્તિ છે, એની તને પ્રીતિ ને રુચિ ને દૃષ્ટિ છે નહિ. હવે દૃષ્ટિ થયા પછી અંતર દૃષ્ટિ ધર્મીની એ પરની રુચિ ન હોય અને પુણ્ય-પાપના ભાવમાં રુચિ ન હોય, રુચિ એટલે પોસાણ ન હોય. પોસાણ તો હું જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છું ને. મારી ખાણમાં આનંદ પડ્યો છે. એ આનંદ મારે કાઢવો છે. આનંદ ... એવી અંતર દૃષ્ટિ થઈ અને હજી રાગના ભાવ તો જ્ઞાનીને પણ રહી જાય છે. એવા રાગના-વ્યવહાર રાગના લોભના કૂવામાંથી બચાવવા આ દાનનો અધિકાર આચાર્ય મહારાજ કહે છે કે હું કહું છું. સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા, કુટુંબ એને સાચવવામાં એ લોભ, એ લોભમાંથી બચવા ધર્મદાન અને દાનનો

અધિકાર કહીને તૃષ્ણા મંદ કરવાને લોભની કંજુસાઈમાંથી લોભ ઘટાડવાને હું દાનનો અધિકાર કહીશ. એમ કરીને અધિકાર ઉપાડેલો છે.

હવે આપણે અહીં ગાથા ૧૪મી એ આવી છે. દૃષ્ટાંત આપ્યો છે. એક પહાડ હોય. નદી આ મોટી નીકળે છે ને? નર્મદા આદિ. જ્યાંથી નીકળે ત્યાંથી તો એનો થોડો ભાગ હોય પાણીનો. અરે..! આ ભાદર નથી આ? આ મૂળ ભાદર ને શું .. ભાદર કહે છે ને? એના મૂળ અમે જોયા છે. મૂળમાં તો .. પછી પાણી જરી .. પછી ..પુર આવીને મોટી ભાદર જબરી થઈ ગઈ. એકકોર ભાદર ઓલી રાણપર જઈને મોટી થઈ. એના પડખા નીકળ્યા છે એમાં તો કાંઈ ન મળે. આમ દડતું હોય એટલું છે. એમ અહીંયાં.. દડતું અમારી ભાષા છે, હિન્દી તો (નથી આવડતું). દડતું એટલે ઢળતું.

એમ આચાર્ય મહારાજ કહે છે કે નદીની શરૂઆત જ્યાંથી થાય પહાડમાંથી એ તો બહુ નાનો પ્રવાહ હોય. ઘણો નાનો પ્રવાહ હોય. પછી નદીના બીજા ..માં નદીના પાણી ભળતા જાય એમ પાણી વધતું જાય અને દરિયામાં જ્યાં ભળે ત્યાં તો પાણી પહોળું થઈ જાય. એક દૃષ્ટાંત. આ દૃષ્ટાંત આપ્યો છે.

‘**ઈસ પહાડ સે નદી નીકલતી હૈ. વહાં યદ્યપિ નદી કા ઘાટ...**’ ઘાટ નામ પહોળાઈ ‘**થોડા હોતા હૈ. પરંતુ સમુદ્ર મેં જિસ પ્રકાર ..**’ પાણી બહુ ચાલે ને? ફીણ પણ થાય. બહુ પાણી હોય ત્યારે ફીણ-ફીણ (થાય). ‘**વહ ઉત્તરોત્તર બઢતી ચલી જાતી હૈ. ઉસપ્રકાર સમ્યગ્દૃષ્ટિ લક્ષ્મી પડી હોતી હૈ.**’ શું કહે છે? અરે..! હું તો ચૈતન્ય છું ને. મારો સ્વભાવ જ જ્ઞાતા અને દૃષ્ટા છે. રાગ મને થાય છે પણ એ મારો અપરાધ છે, હોં! એ પરવસ્તુ તો મારી નથી. ભલે ગૃહસ્થાશ્રમમાં હોય. ઈ કહેશે આગળ. પણ જેને ધર્મ દૃષ્ટિ થાય છે, આ ધર્મ નામ આત્માનો સ્વભાવ, વસ્તુ સ્વભાવ, વસ્તુ સ્વભાવ. અરે..! હું સચ્ચિદાનંદ ચૈતન્ય ચમત્કાર જ્યોતિ આત્મા છું. વિકાર જે વર્તમાન દશામાં થાય એ મારી વર્તમાન દશાની કૃત્રિમતાની ભૂલ છે. મારા સ્વભાવમાં ભૂલ નથી. એમ ભાન થયું, પછી કહે છે, એમાં જે પુણ્યબંધન થઈ જાય, સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર એની ભક્તિ, એની પૂજા, એની પ્રભાવના, એના પ્રત્યે બહુમાન, વિનય, એનાથી જે પુણ્ય બંધાય, એ પુણ્યથી લક્ષ્મી પહેલી થોડી એને હોય છે. પણ જેમ આગળ વધતો જાય એમ એના પુણ્યના ફાટ વધતા જાય છે. પુણ્ય ઘણું વધતું જાય છે. કેવું?

‘**ક્યોંકિ ઈસ પ્રવાહ સે કીર્તિ કે સાથ.. ઈન્દ્ર...**’ ઈન્દ્ર થાય છે. સમ્યગ્દૃષ્ટિ. આ વાત કાંઈ જુદી જાતની છે. આત્માનું ભાન થઈને, અખંડ આનંદ છું, શુદ્ધ છું,

એવી દૃષ્ટિ થાય જેને સમ્યગ્દર્શન કહે છે. છતાં હજી સ્વરૂપમાં લીનતાનું ચારિત્ર ન હોય તો એને પુણ્યભાવ થાય. દેવ, ગુરુ, શાસ્ત્ર (પ્રત્યે) ભક્તિ (આવે). ઈન્દ્રો પણ ભગવાનની ભક્તિ કરે છે. ઈન્દ્ર એકાવતારી હોય છે. એક જ ભવે મોક્ષ જનારા. માથે ઈન્દ્ર છે. સુધર્મ, ઈશાન એવા બાર સ્વર્ગો છે. એના ઉપર નવ ગ્રૈવેયક, એના ઉપર પાંચ અનુત્તર વિમાન આદિ સ્વર્ગો છે. એ સ્વર્ગોમાં દેવોના વાસ છે. એમાં ઈન્દ્ર જે છે એ તો આત્મજ્ઞાન મનુષ્યપણે પામી, આત્માનું ભાન પામી, અધૂરી દશા પૂર્ણાનંદની પ્રાપ્તિ રહી ગઈ અને વચમાં પુણ્ય બંધાણું, એ પુણ્યને લઈને સ્વર્ગમાં ઈન્દ્ર થાય છે. સમજાય છે કાંઈ? એ ઈન્દ્રની રિદ્ધિ એટલી હોય છે કે અત્યારના રાજા ને મહારાજાની સાથે એની તુલના થઈ શકે નહિ. શેઠી!

આ અત્યારે શું હોય? કરોડ, બે કરોડ, પાંચ કરોડ, દસ કરોડની ધૂળ ક્યાંક હોય. એમાંય પાછા સખ ન હોય. કાં બાયડી મરી ગઈ હોય ને કાં આ હોય, કાં શરીરમાં રોગ હોય. ક્યાંય સખ ન મળે. એક સાંધે ત્યાં તેર તૂટતા હોય. ધૂળ હોય તો છોકરા ન હોય અને છોકરા હોય તો પૈસા ન હોય. એવા. આ તો પૈસા આદિના સાધન ઘણા હોય છતાં એના કરતા ઈન્દ્રની જે ઋદ્ધિ છે એ આત્માના ભાનમાં કૃષિકાર-ખેડુ અનાજ વાવે છે એનો હેતુ એકલા ખડનો સારા ખેડુનો હોતો નથી. સારા ખેડુ કહેવાનો આશય છે કે સાધારણ ખેડુ અનાજ પાકતું હોય ત્યારે એકલા દાંતા માટે પણ વાવે છે. પણ સારો ખેડુ હોય એ દાણા વાવે એની નજરું ખડ ઉપર ન હોય. એ દાણામાં લોથા કેટલા પાકે છે દાણાના એ ઉપર હોય. દરબાર! બરાબર છે?

હમણાં એક વાત થઈ હતી સરકાર તરફથી, હોં! સરકાર તરફથી ઈનામ નીકળ્યું હતું. સારામાં સારો કોઈ માણસ ડુંડા પકવે તો એને ઈનામ મળશે. તો એક માણસે એક બાજરાના દાણામાં એવું કોઈ રીતે કર્યું ને કે, એમાં એક છોડ પાક્યો. એ છોડમાં છન્નું કોર પાક્યા અને છન્નું કોરે છન્નું ડુંડા. શેઠી! ડુંડા સમજો છો કે નહિ? દાણા હોય છે, લોથા. દાણા લાંબા લાંબા હોય છે ને. એક દાણામાં એક છોડ અને એક છોડમાંથી.. વચમાંથી ફાટે. બહુ પાણી એને મળ્યું હોય તો વચમાં ફણગા ફાટે. ફણગા-ફણગા. એ એક ફણગામાંથી છન્નું ફણગા. ...ચંદજી! છન્નુંએ સાઠા અને એક એક સાઠામાં એક એક ડુંડું. સરકાર પાસે હાજર થયો કે .. એને ઈનામ મળ્યું હતું. એ તો ઠીક હવે ઈનામની-ફીનામની. અહીં તો બીજી વાત કરવી છે.

આ આત્મા જ્ઞાન સ્વરૂપનું ભાન થઈને દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને પ્રભાવનાના પ્રમોદમાં રાગની મંદતા કરે, એનું પુણ્ય પહેલું બંધાય. એ પુણ્યનો પ્રવાહ પહેલો થોડો હોય. આગળ વધતાં એટલી પુણ્યની સ્થિતિ થાય (કે) ઈન્દ્ર થાય. આત્માના ભાનમાં..

એ કણસલાવાળાને દૃષ્ટિ ખડ ઉપર ન હોય. સો કળશી અનાજ થાય ત્યાં સો ભરોટા ખડ થાય ખરું. બરાબર છે? ખડ થાય અને અનાજ ન થાય એ જુદી વાત છે. પણ અનાજ થાય ને ખડ ન થાય એમ હોઈ શકે નહિ. સો કળશી અનાજ પાકે ત્યાં સો ભરોટા ખડ હોય. ભરોટા સમજો છો? પંડિતજી! ગાડા-ગાડા. ભાષા તો હિન્દી ને ગુજરાતીમાં ફેર છે ને? શું કહે છે? સમજાય છે? ભરોટા. સો કળશી અનાજ પાકે તો ઘાસના પણ ગાડા ઘણા થાય. ગાડું ગાડું. શું કહે છે? ગાડી.. ગાડી. ખડ બહુ થાય છે.

એમ આ આત્મા રાગ અને પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શુદ્ધ ચૈતન્ય છું, એવી દૃષ્ટિના અંદરમાં મૂળમાં પહોંચ્યો, ધર્મદૃષ્ટિ (થઈ), એની દૃષ્ટિ શુદ્ધતા અને અરાગતાની વીતરાગતા અને નિર્મળતા કેમ પાકે? એના ઉપર એની નજર હોય છે. પણ વચમાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, બહુમાન, વિનય અને પૈસા દાનાદિના ખરચવાના ભાવ એવો ધર્મીને આવ્યા વિના રહેતો નથી. એમાં ... ખડ પાકે, હોં! એ ખડ. શેઠી! બરાબર છે? પન્નાલાલજી! સારા કૃષિકારની દૃષ્ટિ ખડ ઉપર.. ખડ સમજ્યા ને? તમારે શું કહે ખડને? ઘાસ.. ઘાસ. ઠુઠાં. રાડા. એવા નીકળે ને મોટા મોટા બાજરીના, જુવારના. કડબ કહે છે. અમારે પણ કડબ કહે છે. કડબ પાકે એમાં સારા કિસાનની દૃષ્ટિ ન હોય. અત્યારે હવે ખૂટ્યા. પહેલા તો સારા કિસાનના ઘરે વખારુંની વખારું ખડની ભરી હોય. એની એના ઉપર દૃષ્ટિ (નથી). દાણો કેટલો પાકે છે? એમ ધર્મી જીવની દૃષ્ટિ શરીર-વાણી કેમ પાકશે એમ નહિ. આ પુણ્ય-પાપના મને ભાવ થાય છે પુણ્યના, એનું શું ફળ થશે એના ઉપર એની દૃષ્ટિ હોતી નથી. એની દૃષ્ટિ તો વિકારરહિત ભગવાન સચ્ચિદાનંદ નિર્મળાનંદ પ્રભુ આત્મા છું, એવી દૃષ્ટિમાં એની દૃષ્ટિ પડી છે. એના પાકમાં તો શુદ્ધતા પાકશે, નિર્મળતા થશે એવી એની દૃષ્ટિ છે. પણ વચમાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગ અને અવિકારી દશા આત્મા પ્રાપ્ત ન કરે ત્યારે વચ્ચે દાન, દયા, ભક્તિ, પૂજા એવો ભાવ આવ્યા વિના રહે નહિ. એમાં ખડ બંધાય પુણ્યના, એનાથી ઈન્દ્ર થાય. સમજાણું કાંઈ?

એકવાર ડુંડું જોયું હતું. ડુંડું આવું. (સંવત) ૧૯૯૧માં જામનગર અમે જ્યારે આવ્યા હતા, ૯૧માં. વિરજીભાઈ! ખબર છે? અલિયાદારા. આ અલિયાદારા છે ચાર ગાઉ. ..આવ્યા હતા. એટલે અહીંથી પંદર સો માણસની સ્પેશ્યલ આવી હતી. અમારે આવવાનું હતું બીજે દિ' પણ અહીંનું .. સામે દર્શન કરવા આવે ને એવું હતું ને. આ ૯૧ની સાલની વાત છે. ૯૧. ૨૬ વર્ષ થયા. રાજકોટ ચોમાસું હતું. પછી અહીં આવવું હતું. ત્યાં પંદરસો માણસ લઈને આવ્યા. ચાર માઈલ છે. માણસ ઘણું. ગામડું

નાનું. માણસ બહુ આવ્યા. પછી એક બાવો કે કો'ક માણસ લઈને આવ્યો ડુંડું મોટું. એવું કે અઢી હાથ તો એ ડુંડાનું. ડુંડા એટલે દાણાની જમવટ એનું ડુંડું અઢી હાથનું. વિરજીભાઈ! અઢી હાથનું ડુંડું બાજરાનું. આટલા આટલા થાય એમ નહિ. પણ એ બાજરો વિલાયતી હતો, હોં! આ અલિયાદારા છે ને. .. .. ૯૧ની સાલમાં. ત્યાં એક લાવ્યો અંદર. એનો સરીયો હોય ને સરીયો? એ સરીયો નાનો અને ડુંડું મોટું. એવા .. બાજરો. આ ક્યાંનો? કહે, વિલાયતી બાજરો છે. એણે કહ્યું વિલાયતી બાજરો. પણ બાજરો મોટો હોં! એ બાજરામાં જે કસ પાકે છે, અંદરનો વચલો કસ, એ મૂળ બાજરાનો વચલો કસ છે એનું એ ફળ છે અને ઉપર ફોતરી જે ડુંડા પાકે, રાડા, એ દાણાની ઉપરની થુલ હોય ને થુલ. એ ઉપલી થુલનું રાડું હોય. વિરજીભાઈ! સમજાય છે આમાં કાંઈ? શું કહે છે? ક્યાં ...ભાઈ! ક્યાં બેઠા છે? જુઓ! આ.. આ બધા તમારા પૈસાના ઢગલાવાળા ... સમજાણું કાંઈ? એ બાજરાનો કસ છે ને અંદર કસ? જેનો ... એમાંથી ઓલા બાજરામાં કસ પાસે એમાંથી. અને ઉપલી ફોતરી હોય ને બાજરાની, એને છિલકા કહે છે તમારે, છિલકા, એ છિલકાનું રાડુ પાકે.

એમ ભગવાન આત્મા જ્ઞાનાનંદ, પુણ્ય-પાપના વિકલ્પનો રાગ પણ મને કૃત્રિમ છે, હું તો અકૃત્રિમ સચ્ચિદાનંદ નિર્મળાનંદ આત્મા છું. એવી ધર્મીની દૃષ્ટિ થઈ છે એમાંથી તો શુદ્ધતા જ વધતી જાય. પણ સાથે પુણ્યના પરિણામ પણ એવા થતાં જાય જેમાં ખડ થાય. બીજો શબ્દ છે. આ અહમિન્દ્ર જરી ઝીણી વાત છે. ઈન્દ્રો .. અમુક સ્વર્ગ સુધી ઈન્દ્ર હોય છે અને સ્વર્ગ ઉપરાંત બીજા નવ ગ્રૈવેયક ઉપર સ્વર્ગના પાસડા હોય છે એમાં અહમિન્દ્ર. બધી ઋદ્ધિવાળા સરખા. નાના-મોટા નહિ. નીચલી દશામાં સ્વર્ગ હોય છે ત્યાં તો નાના મોટા બધા હોય. નાચનારા, ઢોલક વગાડનારા, કોઈ દેવ હોય ઈ હાથી થનારા, દેવને હુકમ કરે કે હાથી થાવ. .. ભગવાનને લઈ જવા. એ ભગવાન જ્યારે જન્મે તીર્થંકર થવાના હોય અને એ ભવમાં જ્યારે એને કેવળજ્ઞાન લેવું છે, ત્રણ જ્ઞાન તો સ્વર્ગમાંથી લઈને આવે, એ જન્મે ત્યારે ઈન્દ્રો ઐરાવત એક હાથી બનાવે. હોય તો દેવ. પણ હલકા દેવને હુકમ કરે કે હાથી થા. એ હાથીના રૂપમાં એટલું રૂપ કરે અને વાત જરી લાંબી છે ને પચવવી કઠણ પડે છે. પુણ્ય ભાળ્યા નથી અને પુણ્ય જોયા નથી. કાંતિભાઈ! પુણ્ય જોયા નથી જગતે. સાધારણ અત્યારે રાજા અને મહારાજા. ઓલા તો પુણ્ય એવું આત્માનું ભાન કરીને એ પુણ્ય બાંધીને આવે. કહ્યું હતું એકવાર. એવા રાજકુમાર અને શેઠિયાને ઘરે અવતાર ધારણ કરે કે જેની આસપાસના પત્થરમાં.. જન્મ્યા પછી ફળે. પત્થરના ..

નિલમણી હીરા પાકે. રૈયત એટલી આવે કે અન્નદાતા! આ રાજકુમાર કોઈ પૂર્વના પુણ્ય લઈને આવ્યો છે, હોં! અમારા માથા વેરા ને.. શું કહેવાય તમારા? વાસડા વેડા ને.. એ દીધા વિના એ લક્ષ્મી લઈને જ આવ્યા છે. સમજાય છે કાંઈ? જેને ત્યાં જન્મે ત્યાં આસપાસના દરિયામાં માછલા એવા પાકે કે જ્યાં પાણી પડે ત્યાં .. મોતી સાચા પાકે. એ મોતી દસ-દસ હજાર, વીસ-વીસ હજાર એવા પાકે.

આત્માના ભાન ભૂમિકામાં દયા, દાન, કામ, ક્રોધને ઘટાડી અને ભક્તિ, પ્રભાવના આદિ ભાવ કર્યા છે. એના ફળમાં એ અવતરે ત્યાં કુદરતે એ માછલામાં .. પુણ્ય લઈને એવી જાત આવે કે કોઈના ભાગમાંથી અથવા જલસા કરાવીને અમે મોટા છીએ એમ કહેવાનો અવસર એને હોય નહિ. શાંતિભાઈ! સમજાય છે આમાં? આ બે પાંચ હજાર અને દસ હજાર ખર્ચીને પછી ઉભા કરે બે-પાંચ જણા. મોટપ લેવા માટે. પોતે ન કહે. મારા મિત્ર છે, આમ છે, તેમ છે. આમાં પાંચ લાખ ખર્ચ્યા છે. માટે એને કાંઈક અભિનંદન આપે છે કે નહિ? અભિનંદનનું પૂંછડું મોટું આપે ને પછી આ? ધીરુભાઈ! આ તો વાત છે. ... બાપા! અને કાં એની તક્તી નાખે પત્થરની ત્યાં કે ભાઈ, આણે દસ લાખ આપ્યા હતા. એની તક્તી.. અમે જોયું છે, હોં! .. પાછા હોં! ફલાણાના સ્મરણાર્થે અને ફલાણાએ આપ્યા અને એની તક્તી આ. અરે..! તારા પચાસ.. .. સમજાય છે? એવી જેને જિજ્ઞાસા છે એને તો ધર્મદૃષ્ટિ નથી. ધર્મીની દૃષ્ટિ પુણ્યમાં લક્ષ્મી આપે, દાન કરે, રાગ ઘટાડે. દેવ-ગુરુ-શાસ્ત્ર માટે પ્રાણ આપે. પ્રાણ આપે છતાં એનું એને અભિમાન કે અભિલાષા હોય નહિ. એવા જીવને જે પુણ્ય બંધાય એ અહમિન્દ્ર થાય છે. સાધારણ ઈન્દ્ર થાય. અહમિન્દ્ર એટલે બધી ઋદ્ધિ સરખી હોય છે. ઝીણી વાત છે. સોળ સ્વર્ગ છે. સોળ સ્વર્ગ ઉપર આમ ઉપર ઉપર આ ચંદ્ર-સૂર્ય, નક્ષત્ર જે દેખાય છે એ તો સ્ફટિક મણિના પત્થરના તળીયા દેખાય છે. આ હેઠે. એમાં દેવો છે. એ ઉપરાંત આ તો જ્યોતિષના દેવ છે. પછી વૈમાનિક દેવ છે. એની અંદરમાં આગળ જતાં બહુ ઉપર જતાં એવા નવ પાસડા મોટા સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે જોયા છે કે જેમાં બધા ઈન્દ્રો સરખી ઋદ્ધિવાળા હોય. એમાં આ આત્મા જેણે આત્માનું ભાન કર્યું છે અને આવી પ્રભાવના દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિમાં પુણ્ય કર્યું છે એ મરીને અહમિન્દ્ર થાય. સમજાણું કાંઈ? આગળ જતાં ચક્રવર્તી થાય છે. એટલે? એટલા પુણ્ય એના હોય કે રાડા પાકે રાડા. શાંતિભાઈ! અરે..! આ વાત પણ જગતથી ભારે ઊંધી. અભિલાષા નથી એને.

સારા ખેડુને અનાજની કિંમત છે, ખડની નહિ. એમ ધર્મી જીવને પુણ્યભાવ આવે પણ તેની કિંમત નથી. એની એને અભિલાષા નથી. અભિલાષા તો હું જ્ઞાનાનંદ

છું ને. મારી શાંતિ મારા સ્વભાવમાં આનંદ પડ્યો છે. એવી દૃષ્ટિમાં રાગથી અધિકપણે પોતાની દૃષ્ટિને આત્મામાં સ્થાપી છે. એવા ધર્મીજીવને એવા પુણ્ય વધતા જાય, પહેલું પાણીનું થર થોડું પછી વધતાં... વધતાં... વધતાં... ચક્રવર્તી (થાય). ઓહો..! એક મનુષ્ય ચક્રવર્તી થાય છે. આ તો રાજા, .. રંક.. ખબર નથી. રામજીભાઈ કહે, આ રાજા .. પહેલા. એ મને અંગ્રેજીની ખબર નથી, એ કહેતા. આપણે રામજીભાઈ વકીલ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એમ કહેતા ને, રામજીભાઈ કહેતા. વકીલ મોટા ખરાને. આપણે રામજીભાઈ નહોતા? ભાઈ તો ઓળખે. બસ્સો રૂપિયાની .. વીસ વર્ષ પહેલા. બસ્સે રૂપિયા હોં! એક કેસના. કોર્ટમાં. પછી છોડી દઈને હવે ત્યાં સોનગઢના પ્રમુખ તરીકે રહે છે ને. અહીં ન આવ્યા. એનો દીકરો કલકત્તા છે ત્યાં ગયા. એ કહેતા હતા, રાજા અને .. રાજા થતા જ નહિ. એનું નામ તમે કીધું એવું કાંઈક કહેતા. મુખી.. મુખી. એવું કાંઈક લખ્યું. હવે તો .. હવે તો બધું સરખું થઈ ગયું. સાલિયાણા સરખા.

આ તો એવા ચક્રવર્તી હોય, જેને સોળ હજાર તો દેવ સેવા કરતા હોય છે. માણસની સેવા દેવ કરે. ઓહોહો..! એ કેવું પુણ્ય! એ આત્માની જ્ઞાન ભૂમિકાને ભાળી અને મહિમા સ્વભાવની થઈ છે અને રાગની મહિમા જેની દૃષ્ટિમાંથી ઉડી ગઈ છે, પુણ્યની મહિમા જેની દૃષ્ટિમાંથી નીકળી ગઈ છે, છતાં એ પુણ્ય એવા બાંધે કે ચક્રવર્તી થાય. સમજાણું કાંઈ? એવો શુભભાવ પુણ્યનો, દાનનો, ભક્તિનો, પ્રભાવનાનો ઈન્દ્રોને પણ આવે છે. અને એ પુણ્યના ફળમાં પાછા નીચે ચક્રવર્તી પુણ્ય થોડા .. ચક્રવર્તીપણે થાય છે. જેને ઘરે સોળ હજાર તો દેવ સેવા કરતા હોય છે. પણ .. ક્યાં હોય છે? અરે..! આ પુણ્ય અને પુણ્યના ફળ એમાં અમે નહિ, હોં! સમજાણું કાંઈ? અમે તો આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છીએ ને. અમારી ઋદ્ધિ તો અમારી પાસે છે ને. 'ચેતન રૂપ અનુપ અમૂરત...' ચેતન રૂપ અનૂપ હું છું એમ ધર્મીને ભાન હોય છે. 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.' હું તો પરમાત્માનો સ્વભાવ જે પૂર્ણાનંદનો પ્રગટ થયો છે, એવો મારો અંતર સ્વભાવ છે. 'ચેતન રૂપ અનૂપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.' ધીરૂભાઈ! નમો સિદ્ધાણં આવે છે કે નહિ? નમો સિદ્ધાણં. એ તો ઘડિયા બોલે, અર્થનો બહુ કઠણ ભાવાર્થ છે. એવા સિદ્ધ અશરીરી પરમાત્મા, એવો હું આત્મા અંતરમાં સ્વભાવમાં છું. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.'

મોહ મહાતમ આતમ અંગ કિયો પર સંગ ...

જ્ઞાનકલા ઊપજી અબ મોકૂ, કહું ગુણ નાટક આગમ કેરો,
તાસુ પ્રસાદ સધે શિવમારગ, વેગે મિટે ઘટવાસ વસેરો.

બનારસીદાસ એક મહા શ્રૃંગારી કવિ હતા. શ્રૃંગારી કવિ હતા. ઘણાં શ્રૃંગારી. એ પુસ્તકો ઘણા બનાવ્યા. એમાં થયો સત્સમાગમ અને થયું આત્માનું ભાન. એ તો શ્રૃંગારી હોય, પાપી પહેલો હોય, એથી કરીને કાંઈ પાપી ફરી ન શકે એવું કાંઈ નથી. દુનિયા એમ કહે છે કે લ્યો, સો ઉંદર .. શું કહે છે? સો ઉંદર મારીને મીંદડી પાટે બેઠી. ધીરૂભાઈ! ગયા કાળમાં તો આ આવા પાપ કરતો. પાપ કરતો હતો, પણ ફરી શકે છે કે નહિ? આ ફરી શકે .. છે. સમજાય છે કાંઈ? દાખલો આપ્યો નહોતો પાણીનો? પાણીની શીતળતા એવી હોય છે કે અગ્નિના નિમિત્તે પાણી ઊનું થાય. ફદફદિયા પડે એવું ઊનું. પણ એ પાણીનો બોઘડો જો ઊંધો વાળે એવા ને એવા.. તો એ પાણીમાં એવી ઠંડક છે અને શક્તિ છે કે ઉછળતા વખતે પણ એ શક્તિનો નાશ થયો નથી. એવું પાણી ઊનું ધગધગતું હોય, અગ્નિના નિમિત્તે ઉષ્ણ થયું, ગુલાંટ મારે તો અગ્નિનો ગારો કરે. કાંતિભાઈ!

એમ ભગવાન આત્મા દેહદેવળમાં બિરાજતો પ્રભુ ચૈતન્ય આનંદ શીતળતાનો ભંડાર ભર્યો છે. એની દશામાં-હાલતમાં-પર્યાયમાં-અવસ્થામાં-ભલે વિકાર હોય. એ વિકારથી ખદબદ, ખદબત ઉના દેખાય. સમજાય છે કાંઈ? પણ એ વિકારને ટાળવાની તાકાત રાખીને તત્ત્વ પડ્યું છે. એ દૃષ્ટિ આપીને સ્થિરતા થાય તો વિકાર ક્ષણમાં નાશ થાય. પન્નાલાલજી! પણ ભરોસો માણસને નથી. અરે..! પણ હું આવો? બીડી વિના ચાલે નહિ, .. ચાલે નહિ. એક અડદની દાળ સરખી સદડી છાશ ને દાળ સરખી ન થઈ હોય તો ઢીંચણિયા છૂટે. ... ધાનના ધૂળ કરી નાખો છો. તમે કહો ત્યારે લાવીને આપીએ છીએ.. એમ બોલે, દરબાર! તમે કહો ત્યારે આપીએ છીએ, તુરની દાળ આવી, ચોખા આવ્યા.. અત્યારે તો શું કહેવાય તમારે વાસાવડના? પહેલા ઉકા ચોખા આવતા. .. પહેલા આવતા ભાઈ! કુલથાના ચોખા. પહેલા પચાસ વર્ષ કુલથાના બહુ ઊંચા ચોખા. ઝીણા હતા બહુ ઝીણા. અમારે તો ત્યાં દુકાન ઉપર લાવતા ને. ખાતા ઈ. આ પચાસ વર્ષ પહેલાની વાત છે. કુલથાના બહુ ઝીણા થતા.

કહે છે કે એ કુલથાના ચોખા અને વાસાવડના ચોખા, એની મીઠાશ જગતને લાગે. આહાહા..! અરે..! ભાઈ! એ ચીજમાં સ્વાદ નથી અને તેમાં થતા રાગમાં પણ સ્વાદ નથી. સ્વાદ તો તારા સ્વભાવમાં છે. એવા સ્વભાવની જેને ખબર છે, એની દૃષ્ટિ થઈ છે એને પુણ્ય અને પાપની પ્રીતિ, રુચિ છૂટે. છતાં પુણ્ય થયા વિના રહે નહિ. ભક્તિને કાળે ભક્તિ ઈન્દ્રો આવીને, ભગવાન સર્વજ્ઞ પરમાત્મા જન્મે ત્યારે

ઈન્દ્રો આવીને ઘુઘરા બાંધીને નાચે. ભગવાનજીભાઈ! શરમ નહિ આવતી હોય? સમજાણું? જુઓ! .. મૂળચંદજી. આ મૂળચંદજી ભક્તિ કરાવશે. છે ચાંદીના વેપારી. .. શું થાશે? કહો, ઘુઘરા બાંધશે ને .. હાર-બાર પહેરેશે ને.. રસ્તામાં હાથીનો.. નીકળશે ને ત્યારે ખટારામાં બરાબર .. લગાવશે. એ ભાવ પૂર્ણાનંદની પ્રાપ્તિ જે સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકર આદિ સર્વજ્ઞોને થઈ, એની ભક્તિનો ઉલ્લાસ પણ જ્ઞાનીને હોય છે. અરે..! .. અજ્ઞાનીને પણ આવ્યા વિના રહે નહિ.

અહો..! આ મનુષ્યદેહ પામી અને આત્મા પોતાના સ્વભાવને સમજે નહિ અને સ્વભાવને સમજવા પહેલા પણ રાગની મંદતાના કષાયની મંદતાના લોભની કમીના ભાવ ન કરે તો એણે મનુષ્યપણું પામીને શું કર્યું? આમ તો કૂતરા ય પેટ ભરે છે. રાજા પણ પેટ ભરે અને કૂતરા પણ પેટ ભરે. અહીં તો કહે છે કે ચક્રવર્તી એ થાય છે. એવા પુણ્યના ફળ એના .. હોય. સમજાણું? ચક્રવર્તી.. શું કહે છે? ધર્મી જીવની દૃષ્ટિ આત્મા ઉપર હોવા છતાં એને પુણ્યના ભાવો આવા દાનમાં મુનિને.. વગેરે થાય. એના ફળ તરીકે ઈન્દ્ર, અહમિન્દ્ર થઈને ચક્રવર્તી થાય. પછી તો છેલ્લે તીર્થંકર આદિ થાય એમ કહ્યું.

ત્રણ લોકના નાથ તીર્થંકર કહેવાય છે, જેને સો ઈન્દ્રો આવીને વંદન અને પૂજન કરે. એવા પુણ્યના ફળ તરીકે એને પદમાં મળે. આત્મા અમે તો આનંદ છીએ ને. આ ઋદ્ધિ પૂર્વના પુણ્યને લઈને મળી એમાં અમે નહિ, હોં! અને અમે જ્યાં છીએ ત્યાં પુણ્ય અને પુણ્યના ફળ અંતરમાં નથી. એવું ભાન રાખીને એને એવા ફળ મળે કે લક્ષ્મી વધતી વધતી તીર્થંકર સુધી વધે. પછી પૂર્ણ થઈને મોક્ષ પામે. પછી તો રાગ ... નાશ કરી આત્મા .... સર્વજ્ઞ રૂપી સરીતા સ્વભાવમાં એકાકાર થઈ, સર્વજ્ઞ દશામાં સમાઈ જાય એનું નામ મોક્ષ કહેવાય છે. સમજાણું કાંઈ?

બીજી વાત.

प्रायः कुतो गृहगते परमात्मबोधः
शुद्धात्मनो भुवि यतः पुरुषार्थसिद्धिः।
दानात्पुनर्ननु चतुर्विधतः करस्था
सा लीलयैव कृतपात्रजनानुषंगात्।।१५।।

જરી શું વાત કરે છે આચાર્ય? જંગલમાં સંતો હતા. દિગંબર મુનિઓ, જેને એક વસ્ત્રનો તાણો નહિ અને કમંડળ, મોરપીંછી. જંગલમાં વસતા આત્માના આનંદને ખોલતા હતા. અંતરના આનંદ અતીન્દ્રિય રસને ખોલતા હતા એકાકાર થઈને. એટલી દશા જેને આનંદની હતી. એ આનંદમાં ઝુલતા જરી વિકલ્પ આવ્યો, જગતના ઉદ્ધાર

માટે થોડી વાત તો કરું દાનની. અહીં આચાર્ય કહે છે એ આચાર્ય જંગલમાં વસનારા હતા.

કહે છે કે '**ઈસ પરમાત્મા કો જ્ઞાન સે ધર્મ, અર્થ, કામ, મોક્ષરૂપ ચાર પુરુષાર્થોંકી સિદ્ધિ હોતી હૈ. ઉસ પરમાત્મા કા જ્ઞાન સમ્યગ્દષ્ટિકો ઘર મેં રહકર કદાપિ નહીં હો સકતા.**' શું કહે છે? ગૃહસ્થાશ્રમમાં રહીને કેવળજ્ઞાન ન થઈ શકે. સમજાય છે કાંઈ? શું કહે છે? ગૃહસ્થાશ્રમમાં આત્માનું ભાન નથી થઈ શકતું. અને એમાં રાગની મંદતાથી ભક્તિ આદિથી પુણ્ય બંધાય છે. પણ પૂર્ણ પદ... ગૃહસ્થાશ્રમમાં રાગ હોય છે. હજી સ્ત્રી, કુટુંબ પ્રત્યે રાગ થાય છે. તો કહે છે કે એમાં પરમાત્માપદ પ્રાપ્ત થઈ શકતું નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે '**સમ્યગ્દષ્ટિ કો ઘરમેં રહકર કદાપિ પરમાત્મપદ કી પૂર્ણ પ્રાપ્તિ નહીં હો સકતી. પરંતુ ઈન પુરુષાર્થોંકી સિદ્ધિ ઉત્તમ આદિ પાત્રોં કો..**' ધર્મીજીવ, ધર્માત્મા, આત્મજ્ઞાન, સમ્યગ્દષ્ટિ .. સ્વરૂપની રમણતા કરનાર ચારિત્રવંત હોય એવા પુરુષોને .. આહાર, ઔષધ, અભય અને શાસ્ત્ર-ચાર પ્રકારના દાન ધર્મી કરે તો તેને ... પુણ્ય ઉપાર્જન કરે છે. સમજાય છે કાંઈ? આહાર. ક્ષુધાવંતને, મુનિઓ ધર્માત્મા આદિને આહાર આપે છે. બહુ .. ભક્તિ.. કરુણાથી નહિ. જેની ભક્તિ હોય એની કરુણા ન હોય. જેની દયા ખાવા જેવી હોય એની કરુણા હોય. આહાહા..!

ધર્માત્મા પુરુષને દેખીને બહુમાન (આવે), ધન્ય અવતાર! આજ મારે ઘરે કલ્પવૃક્ષ આવ્યું. મહા આત્મજ્ઞાન ધર્મને પામેલા જીવો સ્વરૂપના સાધક. સાધુ એટલે સ્વરૂપના સાધક. સહજાનંદ પ્રભુ આત્મા, એને સાધતા... સાધતા... સાધતા.. જે અખંડ દશા હોય એવા ધર્માત્માને દેખીને કહે છે કે ધર્માત્મપદ ગૃહસ્થાશ્રમમાં ન થઈ શકે પણ આહારદાનનો ભાવ તો એને હોઈ શકે. ઔષધ. ઔષધ.. ઔષધ. રોગાદિ હોય તો ઔષધ (આપે). અભય-પ્રાણીને કોઈને ન મારો.. ન મારો. અભય. અને શાસ્ત્ર. એ ચાર દાન. શાસ્ત્રદાન.

આહાર દાનમાં એક ટંકની ક્ષુધા કરે, ઔષધમાં રોગનો ત્યાગ થાય, અભયમાં એક ભવના જીવન પ્રાણનો નાશ ન થાય અને શાસ્ત્રદાન અનંતા અનંત જીવનનો અભાવ કરીને આત્મજ્ઞાન પમાડે એવું શાસ્ત્રજ્ઞાન. ... એવા શાસ્ત્રરૂપ '**શાસ્ત્રકાર કે દાનકે દેનેસે પલભર મેં હો જાતી હૈ.**' પુણ્ય પણ થાય, પુણ્યને લઈને લક્ષ્મી મળે, લક્ષ્મીને લઈને વિષયોની સામગ્રી પણ મળે અને મોક્ષ થવાના નિમિત્તો મનુષ્યદેહ,.. આ હાડકા-હાડકા. આપની ભાષામાં વજ્ર. તમારી ભાષામાં વજ્રકાય કહે. વજ્રઋષભનારાચ. હાડકા એવા મજબૂત મળે હોય તો .. ઉપર ફરે તો હાડકું તૂટે નહિ. એવા જીવને..

પુણ્યને લઈને...

જુઓ! બાહુબલજી. ઋષભદેવ ભગવાનના પુત્ર. છે ને? શ્રવણબેલગોલા. દસ આશ્ચર્યમાંનું એક નવમું આશ્ચર્ય છે. ૫૭ ફૂટની પ્રતિમા. નગ્ન દિગંબર. શ્રવણબેલગોલા. મોટા હિન્દુસ્તાનના નેતાઓ અને બહાર દેશના નેતાઓ જેને જોવા આવે છે. જવાહરલાલજી પણ ગયા હતા. જવાહરલાલ. આમ જોતા જોતા એવી કોઈ પ્રતિમા... હજાર વર્ષ પહેલાની ડુંગર ઉપર ૫૭ ફૂટની ઊંચી. ... સરકારે હાથ કરી લીધી. કેમ? કે કોઈ આને નુકસાન ન કરે. એવી ઐતિહાસિક ચીજ. ... મોટા રાજા પુણ્યના પુતળા હતા. મણિરત્નથી ઘડ્યા જાણે શરીર હોય એવા તો શરીર હતા. અને અંતર પવિત્રતા, એટલી એટલી પવિત્રતા.. એકવાર ... મોટા મોટા .. ઓહોહો..! આનામાં કાંઈ વીતરાગતા દેખાય છે! શેઠી! ૫૭ ફૂટ. એક પત્થરની હોં! એક પત્થરની. .. મોટો ડુંગર છે. ડુંગર ઉપર પહેલા તીર્થંકરના બીજા પુત્ર. પહેલા ભરત ચક્રવર્તી બીજા બાહુબલી. પંડિતજી! જોઈ છે? નથી જોઈ. અમે તો ત્રણ દિવસ રહ્યા હતા. બે કલાક જોઈ.

પછી મને કોઈએ પૂછ્યું કે મહારાજ! શું જોયું તમે ત્રણ દિ'માં? આ જોયું મેં.. ... .. પણ શ્રવણબેલગોલા ગામ છે. મૂડબિદ્રી નહિ. મૂડબિદ્રીમાં તો નાની નાની પ્રતિમાઓ છે. મૂડબિદ્રીમાં તો પહેલી નાની પ્રતિમાઓ છે. હીરા-માણેકની કરોડોની પ્રતિમાઓ છે. નાની નાની હીરાની, માણેકની. એ તો મૂડબિદ્રી. આ તો શ્રવણબેલગોલા. .. અમે ગયા છીએ. ત્રણ દિ' રહ્યા છીએ ત્યાં. .. બધે ચારે કોર ફર્યા છીએ, હિન્દુસ્તાનમાં ..

અહીં તો બીજું કહેવું હતું, એ બાહુબલીજી ધ્યાનમાં ઊભા છે આમ. એ તો મોટા શરીર હતા. પહેલા તો પાંચશે ધનુષનું શરીર હતું. લોકોને બેસવું કઠણ પડે. ધીરૂભાઈ! સાંભળ્યુ છે પાંચસો ધનુષ? એક ધનુષ ચાર હાથનો. દસ હજાર હાથવાળું. .. પાંચ પાંચ લાખ.. ઈતિહાસમાં.. ધ્યાનમાં મસ્ત. ઉપરથી વીજળી પડે તો પણ ચળે નહિ. એવી સ્થિતિમાં એટલું .. કર્યું પણ જરી એક રહી ગયું મગજમાં કે આ પૃથ્વી ભરતની છે.

બે ભાઈને લડાઈ થઈ હતી. ... રાગ છે ને સંસારનો. લડાઈ થઈ હતી એમાં ભરત ચક્રવર્તી હતા એ હારી ગયા હતા. નહિતર તો મોટા ચક્રવર્તી છે, ન હારે. પણ આનું જબરું પુણ્ય ને.. હારી ગયા પછી પોતે દીક્ષા લીધી. મોટા ભાઈની હાર થઈ, આ સંસાર? છોડ સંસાર. ... ધ્યાનમાં મસ્ત. અંતરની નિધિને ખોજવા.

અહીં શું કહેવું છે? એવું .. લીનતા ક્યારે થાય? એવા શરીર મજબૂત છે એ વખતે એમ કહેવું છે અહીં તો. હાડકા એટલા મજબૂત કે બાર મહિના આમ ઉભા

રહ્યા. અહીં તો બે ઘડી આમ બેસવું હોય તો કહે કડ દુઃખે છે. બાર મહિના સુધી આમ. હાથમાં વેલડિયું વીંટાણી. પ્રત્યક્ષ દેખાય એવું છે. મૂર્તિ તે મૂર્તિ છે.

કોઈએ પૂછ્યું મને કે શું મહારાજ તમે જોયું? બે જોયું. એની આકૃતિમાં પુણ્યની અથાગતા અને અંતરની એકાગ્રતામાં પવિત્રતાની અથાગતા. વિરજીભાઈ! અંતરમાં એના અથાગ ભાનની પવિત્રતાની અથાગતા અને શરીરની આકૃતિમાં પુણ્યની અથાગતા. કેમ કે રાજકુમાર હતા ને. એ રાજકુમાર તો મોટા .. આ તો સાધારણ.. એકલા પુણ્યના પુતળા. બીજું મારે તો કહેવું છે. એને કેવળજ્ઞાન લેવા ટાણે દેહમાં હાડકા મજબૂત હોય છે. એને વજ્રનારાચ સંહનન કહે છે. વજ્ર એટલે હીરા. સમજાય છે? હીરાના એ .. અંદર નાખ્યા હોય. હોય તો હાડકા. પણ હાડકાની મજબૂતાઈ એવી કે ઉપર ગાડા ફરે તો ટૂકડા થાય નહિ. એવા સંહનન મળે ક્યારે? કે પૂર્વના પુણ્ય હોય ત્યારે. અને .. ફળમાં .. ઉતરે છે અંદરથી. એક ક્ષણમાં એકાકાર થઈને સર્વજ્ઞ પરમાત્મા અસંખ્ય પ્રદેશે દીવડા થઈ જાય. ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન અને પૂર્ણાનંદની પ્રાપ્તિ. એને મુક્તિ કહે છે. એ મુક્તિ કાળે એને શરીરની હાડકાની મજબૂતાઈ પૂર્વના પુણ્યને લઈને હોયા વિના હોય નહિ. હાડકાની .. મજબૂતાઈ ન હોય તો એને કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની પણ યોગ્યતા ન હોય. સમજાણું કાંઈ?

એની વાત કરે છે. એવી દશા.... શાસ્ત્ર દાન, અભય દાન, ઔષધ દાન, આહાર દાન. એને જેવા .. પુણ્ય બંધાય એને ભવિષ્યમાં આવા મજબૂત સંહનન આદિ મળે અને પોતાનું ધ્યાન પોતામાં .. થઈને કરે. હાડકાની વાત શું કરવા કરી? કે આ પુણ્ય એવું બાંધે છે. .. છે તો પોતાથી. સમજાય છે? એક મોર હોય ને મોર? એ મગનો ઢગલો હોય અને બેઠો હોય. એ પાંખોથી ઉડવા જાય તો ન ઉડી શકે. કેમ કે હેઠે એને કઠણ નિમિત્ત નથી. આમ કરવા જાય તો .. પણ જ્યાં પત્થર કે લાકડી હોય અને .. ઉડવા જાય, ... થઈને ઊડી જશે. એમ છે તો તાકાત એની. એમ આત્મામાં કેવળજ્ઞાનની તાકાત એ આત્મામાં છે. પણ એના હાડકા એવા મજબૂત હોય કે બે પાંખોથી ઉડે અંદર સમ્યગ્દર્શન અને ચારિત્ર. સ્વરૂપની રમણતા કરતાં અંદર ઉડે, એને આવું સંહનન નિમિત્ત તરીકે હોય છે. પંડિતજી! છતાં એ સંહનનને લઈને .. .. એમ નથી. પણ એવા પૂર્વના પુણ્ય એવા બાંધેલા ધર્મી જીવને હોય તો એવા સહજ શરીર સુંદર, હાડકા મજબૂત અને બધી સામગ્રી અનુકૂળ હોય, છતાં તેનો રુચિ અને પ્રેમ છોડી અને આત્માના અનુભવને વારંવાર કરતા હોય છે. એ જીવો મોક્ષ અલ્પકાળમાં પામે છે.

તો કહે છે કે '.. **પુરુષાર્થો કે અભિલાષી સમ્યગ્દષ્ટિ કો ઉત્તમ આદિ**

**પાત્ર મેં અવશ્ય દાન દેના ચાહિયે.**' જરૂર ધર્માત્માને, ધર્મી જીવોને એ ... દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી અને આ દાન આ પ્રકારનું કરે તો એના પુણ્યના ફળમાં આ પદવી મળે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)